
ignou
THE PEOPLE'S
UNIVERSITY

ઈન્દિરા ગાધી નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

BLIS-03
ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત



ગ્રંથાલય વર્ગીકરણના તત્ત્વો

1

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

BLIS-03

ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત

વિભાગ

1

ગ્રંથાલય વર્ગીકરણના તત્ત્વો
(ELEMENTS OF LIBRARY CLASSIFICATION)

એકમ-1

મૂળભૂત પરિભાષા અને ઐતિહાસિક પ્રરિપ્રેક્ષ્ય (Basic Terminology And Historical Perspective) 1

એકમ-2

ગ્રંથાલય વર્ગીકરણની જરૂરિયાત અને હેતુ (Need and Purpose of Library Classification) 26

Programme Design Committee (1987-88)

Prof. G. Ram Reddy
Vice-Chancellor
IGNOU

Prof. P.B. Mangla
Dean Arts and Head
Dept. of Library and
Information Science
University of Delhi
Delhi

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor
IGNOU

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC
New Delhi

Shri S.P. Aggarwal
Director (Retd.)
NASSDOC, New Delhi

Shri P. Satyanarayana
Regional Director
IGNOU

Shri B.P. Shenoy
Special Officer, IGNOU

Course Preparation Team

Prof. A.A. N. Raju
Osmania University
Hyderabad

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Dr. S. Seetharama
DRTC, Bangalore

Mrs. R. Shalini
University of Mysore
Mysore

Shri V.K. Rangra
DESIDOC
Delhi

Shri M.R. Rishwadkar
Poona University, Pune

Prof. G.S. Rao
Editor
IGNOU

Shri B.P. Shenoy
Special Officer
IGNOU

Programme (Curriculum) Revision Committee (1995)

Prof. M.A. Gopinath
Director
DRTC, Bangalore

Prof. S.R. Gunjal (Retd.)
Dept. of Lib. & Inf. Sc.
Gulbarga University
Gulbarga

Prof. S.G. Mahajan (Retd.)
Dept. of Lib. & Inf. Sc.
University of Poona, Pune

Dr. S.S. Murthy
Director
DESIDOC, Delhi

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Prof. A.P. Srivastava
Librarian (Retd.)
University of Delhi
Delhi

Internal Faculty

Prof. R. Satyanarayana
Dr. Uma Kanjilal
Ms. Neena Talwar Kanungo
Dr. Shailendra Kumar
(Presently in Delhi University)
Dr. Pravakar Rath

Programme Coordinators

Prof. R. Satyanarayana and Prof. S.B. Ghosh

Course Coordinator

Dr. Neena Talwar Kanungo

Course Revision Team

Prof. S.B. Ghosh
Prof. R. Satyanarayana
Dr. Uma Kanjilal
Dr. Neena Talwar Kanungo
Dr. Pravakar Rath

Course Editor

Prof. S. Seetharama

Block Preparation Team

Unit	Contributor	Language Editor
1	Dr. M.P. Satija, Revised by Prof. S. Seetharama	Prof. A.K. Verma
2	Dr. M.P. Satija (Revised by)	

Material Production

Mr. B. Natarajan *DR(P)*
Mr. Jitender Sethi *AR(P)*
Mr. Ajit Kumar *SO(P)*

Secterial Assistance

Mr. S. Swaminathan
Mr. Rajiv Kumar

January 2009 (Reprint)

© Indira Gandhi National Open University, 2003
ISBN-81-7605-616-9
All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from the Indira Gandhi National Open University.

Further information behalf of the Indira Gandhi National Open University courses may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110068.

Printed and published on behalf of the Indira Gandhi National Open University, New Delhi-110068 by Registrar, MPDD.

Lasertypeset by Mctronics Printographics. 1092/1, Mehrauli, New Delhi-110 030. Ph. : 26641130

આ પુસ્તકમાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - (અમદાવાદ)એ તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

અનુવાદક :

કિરીટભાઈ ભાવસાર
પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ,
ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય,
આશ્રમ રોડ, અમદાવાદ-380014

પરામર્શન (વિષય) :

શ્રી નિલેશ સોની
ઈ/ચા ગ્રંથપાલ,
સોરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય,
રાજકોટ

પરામર્શન (ભાષા) :

ડૉ. અજય રાવલ
વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ,
ઉમિયા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ફોર ગર્લ્સ,
એસ. જી. હાઈવે, સોલા, અમદાવાદ.

સંયોજન સહાય :

શ્રી એસ. સી. શાહ ઈ/ચા. કુલસચિવ, નિયામક	ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રીમતી ચેતના એન. શાહ ગ્રંથપાલ,	ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રી નવલસિંહ કે. વાઘેલા પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ,	ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, આશ્રમ રોડ, અમદાવાદ.

મુદ્રક : કલ્પતરૂ ઓફસેટ, મો. : ૯૮૨૫૦ ૪૨૬૫૧

: પ્રકાશક :

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-61
ટોલ ફ્રી ટે. નં. 18002331020

© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

વિભાગ-1 ગ્રંથાલય વર્ગીકરણના તત્ત્વો

પ્રસ્તાવના

આ વિભાગ ગ્રંથાલય વર્ગીકરણ સંબંધી પાયાની વિભાવનાઓ અને તત્ત્વો રજૂ કરે છે. તેમાં બે એકમોનો સમાવેશ કરેલ છે. પ્રથમ એકમમાં પ્રાથમિક પરિભાષા અને તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યની ચર્ચા છે.

કોઈપણ પ્રાવિધિક વિષયના અભ્યાસ અને શિક્ષણમાં પરિભાષાની ઘણી જ મહત્ત્વની ભૂમિકા રહેલી છે અને આ નિયમ વર્ગીકરણને માટે અપવાદ નથી. તેથી, ગ્રંથાલય વર્ગીકરણની પરિભાષા અભ્યાસમાં ઉપયોગમાં લેવા વિષેની ચર્ચા અને સમજ પહેલાં એકમમાં કરવામાં આવી છે. પહેલા એકમમાં ગ્રંથાલય વર્ગીકરણના અભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલી પરિભાષા વિષેની ચર્ચા અને સમજૂતી સમાયેલી છે. આનો મૂળ ઉદ્દેશ્ય વર્ગીકરણની વિભાવના અને તેના જરૂરી અંગો વિષે તમને સહેલાઈથી સમજુતી આપવાનો છે.

બીજા એકમમાં ગ્રંથાલય વર્ગીકરણની જરૂરિયાત અને હેતુથી પરિચય કરાવવાનો પ્રયત્ન કર્યો છે. અહીં પુનઃ તમને એવું કહ્યું છે કે ગ્રંથાલયોમાં પ્રલેખોની ગોઠવણી સારી રીતે પદ્ધતિસરની રીતે કરેલી હોય તો વાચકો દ્વારા મહત્તમ ઉપયોગની સુવિધા તમને મળે છે, અને જેથી પ્રલેખોની પદ્ધતિસરની ગોઠવણી ગ્રંથાલય વર્ગીકરણ દ્વારા સફળ રીતે પાર પડે છે. બીજા શબ્દોમાં, વર્ગીકરણ એ ગ્રંથપાલો દ્વારા પ્રલેખોને તેના વિષયવસ્તુને આધારે ગોઠવણી કરવાની પ્રવિધિ/પ્રક્રિયા છે.

બીએલઆઈએસ અભ્યાસક્રમમાં જોડાનારાઓને માટે આ એકમો ગ્રંથાલય વર્ગીકરણનું જટીલ સ્વરૂપ સમજવામાં સમજણ પૂરી પાડે છે.

એકમ-1 મૂળભૂત પરિભાષા અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

રૂપરેખા

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 વર્ગીકરણ પરિભાષા : ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

1.2.1 ગ્રંથાલય વિજ્ઞાન સંબંધિત અન્ય પરિભાષાઓ

1.2.2 પદોનું સ્વરૂપ

1.3 વર્ગીકરણ પરિભાષા : ભારતીય વિચારધારા

1.4 વર્ગીકરણ પરિભાષાનાં સ્રોતો

1.5 વ્યાખ્યાઓ

1.5.1 'વર્ગીકરણ'નો અર્થ

1.5.2 વિશ્વ અને ભાગ

1.5.3 સમૂહ અને વર્ગ

1.5.4 લાક્ષણિકતા અને ગુણધર્મો

1.5.5 ગ્રંથાલય વર્ગીકરણના પ્રકારો

1.5.6 વિદ્યાશાખાઓ અને વિષયો

1.5.7 શ્રેણીઓ મુખકો અને પૃથકો

1.5.8 પંક્તિઓ અને શૃંખલાઓ

1.5.9 વર્ગીકરણની અનુસૂચિઓ

1.5.10 વર્ગીકરણના પ્રકારો

1.5.11 સંજ્ઞા

1.6 સારાંશ

1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

1.8 સંદર્ભો અને વિશેષ વાંચન

1.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમ વર્ગીકરણ જેવા વૈજ્ઞાનિક વિષય માટેની પરિભાષાનું મહત્ત્વ સમજાવે છે. તે તમને વર્ગીકરણ વિદ્યાની સાથે સંકળાયેલા મૂળભૂત વિભાવનાઓ/પદોથી પરિચિત કરાવે છે. આ એકમના અધ્યયન પછી તમે આ બાબતથી સક્ષમ બનશો.

વૈજ્ઞાનિક વિષયમાં પ્રાવિધિક પરિભાષાનું મહત્ત્વ સમજવામાં અને ગ્રંથાલયના વર્ગીકરણ સિદ્ધાંત અને પ્રયોગમાં પદોના અર્થ સમજવામાં અને તેનો ઉપયોગ કરવામાં સક્ષમ થશો.

1.1 પ્રસ્તાવના (INTRODUCTION)

દર્શાવેલ પદાર્થ અથવા વિભાવનાને વિષેનું ચોક્કસ પ્રમાણભૂત નામ એ પદની વ્યાખ્યા દ્વારા આપી શકાય. વર્ગીકરણ પદ્ધતિમાં વર્ગો અથવા પૃથકોના ક્રમ દર્શાવવા માટે પદોના ઉપયોગને પરિભાષાને વ્યાખ્યાયિત કરવામાં આવે છે. વિભાવનનાઓ અને પદો વચ્ચે તેઓમાં એક ને માત્ર એક જ સમજૂતી રહેલી હોય છે. એનો અર્થ દરેક વિભાવના એક જ શબ્દ અથવા વાક્યના ખંડ દ્વારા દર્શાવશે છે અને વિપરિતરૂપે શબ્દ/વાક્ય એક જ વિભાવના દર્શાવશે.

વૈજ્ઞાનિક/શૈક્ષણિક/કાયદાના પ્રત્યાયનમાં, નિશ્ચિત પરિભાષા માત્ર મહત્ત્વની છે એવું નથી, અત્યંત અનિવાર્ય પણ છે. વિભાવનાઓ અને પદોનું પ્રતિનિધિત્વ ચોક્કસ નિશ્ચિત પદોમાં રજૂ કરવા સિવાય અસરકારક પ્રત્યાયન શક્ય ન થાય. પૂર્વ નિર્ધારિત શબ્દો પ્રૌદ્યોગિક પરિભાષા તરીકે જાણીતી છે. સામાન્ય માણસો ઊંચી કે નબળી કક્ષાની ભાષામાં બોલચાલ કરે છે એ વિરોધાભાસ છે. તે ભાષામાં ઘણા બધા સમાનાર્થી શબ્દો હોય છે. દા.ત. એક જ પદ માટે ઘણીવાર એક પદના બેથી વધારે અર્થો થાય છે. બ્રીજ (bridge) અને ક્રિકેટ (Cricket) થાય છે. એ દરેકના બે અર્થો છે. 'Order' શબ્દ ઑક્સફર્ડ ઇંગ્લીશ ડિક્ષનેરી (Oxford English Dictionary) માં ૨૦૦ શબ્દો આપેલા છે. ઉપરાંત શબ્દના જુદા-જુદા અર્થો જુદા-જુદા સંદર્ભમાં સૂચિત થતા હોય છે. કવિતાની પંક્તિ માટે જુદા જુદા લોકો જુદો જુદો અર્થ આપે છે. ભાષામાં પર્યાયવાચક શબ્દો ખૂબ હોય છે. એક જ વિભાવના એક જ ભાષામાં એક કરતા વધારે શબ્દોમાં દર્શાવાય છે. દા.ત. રોજી (Wages), વેતન (Salary) પગાર (Pay) એ એક જ વિભાવના દર્શાવે છે. સામાન્ય ભાષા એ પ્રત્યાયન માટેનું પૂર્ણ સાધન નથી વૈજ્ઞાનિક વિદ્યાઓમાં સુધારા-વધારા કર્યા વિના એનો ઉપયોગ કરવામાં આવે તો પ્રત્યાયનમાં ઘણી બધી સમસ્યાઓ ઊભી થશે. અને છેવટે વિદ્યાકીય વિકાસમાં બેબેલનગરના ટાવરની જેમ સમજણ અને પ્રગતિને બદલે અંધાધૂંધી અને ગૂંચવાડા તરફ દોરી જાય છે. આનો ઉકેલ નિશ્ચિત પરિભાષાને વ્યાખ્યાંકિત કરવાનો છે. પ્રૌદ્યોગિક પરિભાષા વિના કોઈપણ વિદ્યાનો વિકાસ થાય નહિ.

બીજા શબ્દોમાં તે માટે સુવ્યવસ્થિત પ્રયત્નો કરવા પડશે, જેથી

(1) શબ્દોની અસ્પષ્ટતા અને સંદિગ્ધતા દૂર થાય.

(2) દરેક વિષય ક્ષેત્રમાં સમાનાર્થી અને પર્યાયવાચી શબ્દો માટે અધિકૃત પરિભાષાનો નિર્ણય પ્રસ્થાપિત થાય;

(3) જ્યારે નવા વિચારો અસ્તિત્વમાં આવે અથવા જુના શબ્દોને સ્થાને નવા વિચારો અસ્તિત્વમાં આવે ત્યારે નવા પદો શોધવા માટે કાર્ય પદ્ધતિ નક્કી કરવી. જુના પદો માટે બદલાવ આવે ત્યારે નવાં પદોને શોધવા માટેની કાર્યપદ્ધતિ નિર્ધારિત કરવી. એસ.આર. રંગનાથન (1892-1972)ના મતે ગ્રંથપાલો માટે વૈજ્ઞાનિક પરિભાષાનું બેવડું મહત્ત્વ રહેલું છે. પહેલું તો ગ્રંથપાલો અને માહિતીવિદોએ પ્રાદ્યોગિક પરિભાષા શીખવી જોઈએ, જેથી અન્ય વિદ્યાઓની સાથે પ્રત્યાયન થઈ શકે અને ગ્રંથાલય ઉપભોક્તાઓ સાથે અસરકારક સેવા બજાવી શકાય. જો આપણે પરિભાષા સમજ્યા હોઈ તો આપણાં વિદ્યાક્ષેત્રના સાથીદારો સાથે પ્રાદ્યોગિક અને આપણા વિદ્યાક્ષેત્રના વ્યવસાયમાં થયેલા વિકાસ અને સંશોધન બાબતે ચર્ચા કરી શકીએ છીએ.

1.2 વર્ગીકરણની ભાષા : ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય (CLASSIFICATION TERMINOLOGY : HISTORICAL PERSPECTIVE)

ગ્રંથાલય વર્ગીકરણ એ 125 વર્ષ જૂની શૈક્ષણિક વિદ્યાશાખા છે. તુલનાત્મક રીતે જોઈએ તો શિક્ષણ અને સંશોધનનું મહત્ત્વ હજુ હમણાં જ પ્રાપ્ત થયું છે. તેમ છતાં, આપણે એ સ્વીકારવું જોઈએ કે તેની પરિભાષા હજુ સારી રીતે પ્રસ્થાપિત થઈ નથી.

પ્રો. એસ. આર. રંગનાથન (1892-1972) ગ્રંથાલય વર્ગીકરણમાં પ્રમુખ પ્રદાન કરનારાઓમાંના એક છે. તેમણે વિચારોની અભિવ્યક્તિ માટે તાર્કિક અને બૌદ્ધિક પરિભાષા આપી છે. ભારતમાં ગ્રંથાલય વર્ગીકરણ પરિભાષાનો વિકાસ વર્ગીકરણના સિદ્ધાંતો અને વ્યવહારુ વિકાસ સાથે અસ્તિત્વમાં આવ્યો છે. સાંઈઠ અને એંસીના દાયકાની વચ્ચે ઝડપથી વિકસ્યો છે. આ ક્ષેત્રમાં વિકાસનાં પરિણામે ગહન સંશોધન શકય બન્યું છે.

વર્ગીકરણમાં અસંદિગ્ધ ભાષાને આંતરરાષ્ટ્રીય વર્તુળમાં સી. આર. જી. (ક્લાસીફીક્શન રિસર્ચ ગ્રુપ) લંડન દ્વારા સારી રીતે સંભાળ લેવામાં આવી છે. સી.આર.જી.ના સભ્યો રંગનાથન સાથે ઘણાં ગાઢ સંપર્કમાં રહ્યા હતા. અને તેઓએ તેમના દરેક પદોનું વિશ્લેષણાત્મક રીતે પૃથ્થકરણ કર્યું. તેમાનાં કેટલાક પદો પુનઃપ્રચલિત કર્યા અને ઘણા બધા ને તેમજ રાખીને એ પદો વિશેની સમજૂતિવાળી નોંધોના વ્યાખ્યાયિત કરી બ્રિટન અને અન્ય દેશોની ગ્રંથાલય શાળાઓમાં ફેલાવો કર્યો. પાઠ્યપુસ્તકોમાં આ વિભાવનાઓનો ઉપયોગ દૃષ્ટિગોચર થયો કે જે રંગનાથને ચર્ચા વિચારણા કરી રજૂ કર્યા હતા.

સી.આર.જી.ના સહકાર દ્વારા ડોરકીંગ ખાતે પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદમાં સી.આર.જી. એ આંતરરાષ્ટ્રીય ઉપયોગ માટે પદોને વિકસાવ્યા અને વ્યાપક સ્તરની પરિભાષા વિકસાવી. બી.સી. વિકરીએ નવા લાભાર્થીઓ માટે આ પરિભાષા સંપાદિત કરી. આ ચળવળને એફ.આઈ.ડી. એ પ્રોત્સાહન આપ્યું. એફ.આઈ.ડીસી.એ (કમિટી ઓન ક્લાસિફિકેશન થિયરી)ની સમિતિમાં રંગનાથન હોવાથી આ વિચારોને પ્રસારિત કરવામાં ઘણી બધી રીતે રંગનાથન પોતે જે સંકળાયેલા રહ્યા હતા. બીજી, ત્રીજી અને ચોથી અભ્યાસ પરિષદમાં આ પદોમાં વૃદ્ધિ થઈ, એ વર્ગીકરણ સંશોધનમાં સુધારાઓ સ્થિર થયાનું સૂચિત કરે છે.

આજે, કોઈપણ વર્ગીકરણના સંશોધન, અધ્યાપન, અધ્યયન અથવા લેખનમાં વર્ગીકરણની પરિભાષામાં રંગનાથનનું પ્રદાન એક સંપૂર્ણ આવશ્યક અંગ બની ગયું છે.

1.2.1 ગ્રંથાલય વિજ્ઞાન સંબંધિત અન્ય પરિભાષાઓ (Relation to other terminologies in Libtary Science)

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં વર્ગીકરણ એ અગત્યની વિદ્યાશાખા હોઈ અને ગ્રંથાલય વિજ્ઞાનનાં અન્ય પેટાક્ષેત્રમાં વ્યાપક રીતે ફેલાયેલી છે. આમ, ગ્રંથાલય વર્ગીકરણની પરિભાષા એ આંતરક્રિયાની/પરિભાષા છે. વર્ગીકરણ અને સૂચિકરણ પ્રતિકાત્મક સ્વરૂપના હોવાથી સાંકેતિક સ્વરૂપના વિષયનિર્દેશીકરણના પદો વચ્ચે સમાન કડી રૂપ સંબંધ છે. વર્ગીકરણ પરિભાષાના વૈચારિક સ્તરના ઘણા બધા નિયમો એ સૂચિકરણની પરિભાષાના નિયમો સાથે કામ કરે છે.

અસરકારક સેવાના સંદર્ભમાં સંદર્ભકાર્ય અને સંદર્ભ સેવાને અસરકારક રીતે હાથ ધરવા વર્ગીકરણ પૃથક્કરણીય અને સંયોજનાત્મક માળખું પૂરું પાડે છે. વર્ગીકરણના ઘણા બધા પદોનો ઉપયોગ સંદર્ભ અને માહિતીકાર્યમાં વધુ અથવા ઓછાં પ્રમાણમાં થયો છે. ગ્રંથાલય વિજ્ઞાનના બે પેટાક્ષેત્રો વચ્ચે પાતળી સજીવતા જોઈ શકાય છે. ચોક્કસ મર્યાદામાં ગ્રંથાલય સંચાલનનાં પાસાને વર્ગીકૃત પરિભાષાનો ઉપયોગ સમજાવી શકાય છે. નિષ્કર્ષરૂપે ગ્રંથાલયશાસ્ત્રની વિદ્યાશાખામાં વર્ગીકૃત પરિભાષાનો વિકાસ કસોટીરૂપ રહ્યો છે, એમ વિચારી શકાય છે. જો કહેવું હોય તો ગ્રંથાલયશાસ્ત્રનાં બૌદ્ધિક માળખામાં વર્ગીકૃત પરિભાષા રહેલી છે.

1.2.2 પદોનું સ્વરૂપ (Nature of Terms)

શ્રી પ્રસાદે 1986માં વર્ગીકરણ પરિભાષાનું પૃથક્કરણ ત્રણ પદોમાં ઓળખી બતાવ્યું છે. આદર્શ, મૂળભૂત અને સંબંધિત. આદર્શ પદો અમલ સ્વરૂપનાં અને પ્રક્રિયા સૂચિત કરનારા છે, અમલ કરવા માટેની અપેક્ષિત ગુણવત્તા ઓળખવામાં મદદરૂપ બને છે. પરિણામો પ્રાપ્ત થાય છે. દા.ત. ભેદકતાનું ઉપસૂત્ર. બીજી બાજુ મૂળભૂત પદો પાયાનાં વિચારોને સ્પષ્ટ કરે છે કે જે વર્ગીકરણની પ્રક્રિયાના સ્વરૂપને અંકુશમાં રાખે છે. દા.ત. વિભાજન, ખાસિયતો.

સંબંધિત પદો મૂળભૂત પદોનો અર્થ વિસ્તારે છે. મૂળભૂત પદોનો અર્થ જુદાં-જુદાં સંદર્ભમાં વર્ગીકરણ સંશોધનની ચર્ચા અને કાર્યાત્મક ચર્ચાના સ્થાને છે. દા.ત. પંક્તિને ખુલ્લી રાખવી.

આ સારણી પદોની ગણતરી રજૂ કરે છે જેને સ્વરૂપ મુજબ જૂથોમાં વિભાજીત કર્યા છે.

ક્રમ	પદોનું સ્વરૂપ	પદોની સંખ્યા	કુલ પદોની ટકાવારી
1.	આદર્શ પદો	112	21.8
2.	મૂળભૂત પદો	110	21.4
3.	સંબંધિત પદો	292	56.8

આમ પ્રોલેગોમેનાની ત્રણેય આવૃત્તિઓમાં 514 પારિભાષિક પદોનો ઉપયોગ કર્યો છે. આ પદોને ત્રણ સ્તરના કાર્ય પ્રમાણે વહેંચી નાંખેલ છે. વૈચારિક સ્તર (298 પદો) શાબ્દિક સ્તર (35 પદો) અને સંજ્ઞાત્મક સ્તર (181 પદો) છે. આ પદોમાં વધારામાં ઘણાં નવાં પદો અને સૂચતિ જૂનાં પદોને ફરી દર્શાવવાનું કાર્ય ડી.આર.ટી.સી. (ડોક્યુમેન્ટેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ

સેન્ટર) ખાતે રંગનાથન અને તેના અનુયાયીઓ વચ્ચે થયેલી ચર્ચાના પરિણામના ભાગરૂપે છે.

વધારેમાં વર્ગીકરણનાં આંતરવિદ્યાકીય સ્વરૂપની દૃષ્ટિએ એને માટે જ્ઞાનમીમાંસામાં સમન્વિતવર્ગ, તાર્કિક મનોવૈજ્ઞાનિક, ગાણિતિક, ભાષાકીય અને સમાજશાસ્ત્રિય વિચારો અને પદો તૈયાર કરવા અને રજૂ થયેલા લેખોની ચર્ચા મુંબઈ ખાતેની વર્ગીકરણ સંશોધન પરની ત્રીજી આંતરરાષ્ટ્રીય પરિષદ બેઠક (Thrid International Study Conforance on Classification Recerch) (1975)માં થઈ વર્ગીકરણના વિભાવનાની સાર્વત્રિકતા તેઓની યોગ્યતા, આંતરજોડાણ અને ઘણા વિવિધ પ્રકારના અભિગમથી વર્ગીકરણ અને જ્ઞાનના ક્રમની ચર્ચા થઈ. ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન (હમણાં તેને 'નોલેજ ઓર્ગેનાઈઝેશન') નામના સામયિક (ફેન્કફર્ટ પશ્ચિમ જર્મની) દ્વારા વર્ગીકરણ સાહિત્યમાં પરિભાષા બનાવાની પ્રક્રિયા શરૂ થઈ. વર્ગીકરણના શબ્દકોશ સુધારવાની શરૂઆત વધારે અને વિશાળ બનાવવા સિસ્ટમ થિયરી, કોમ્પ્યૂટર વિજ્ઞાન કોમ્યુનિકશન થિયરી વગેરે વિભાવનાઓનો ઉપયોગ ગહન બનાવાયો. એફ.આઈ.ડી./સી.આર. (કમિટી ઑન ક્લાસીફીકેશન રિસર્ચ) એ ઘણાં બધાં દેશોના અહેવાલો સાથે જોડ્યા, અને બ્લિસના વર્ગીકરણ જૂથે પદ્ધતિની વિસ્તૃત આવૃત્તિ તૈયાર કરી છે.

1.3 વર્ગીકરણ પરિભાષા : ભારતીય વિચારધારા (CLASSIFICATION TERMINOLOGY : INDIAN SCHOOL OF THOUGHT)

છેલ્લા 100 વર્ષોમાં, વિશ્વમાં ગ્રંથાલય વર્ગીકરણની અનેક પદ્ધતિઓ રચવામાં આવેલી છે. 16 સપ્ટેમ્બર, 1955માં બ્રુસેલ્સ (Brussls) માં તેની સામાન્ય સભાની બેઠકમાં એફ.આઈ.ડી. એ વર્ગીકરણના પદોનો પારિભાષિક કોશ તૈયાર કરાવવો એ જરૂરી અને અસરકારકરૂપે ઠરાવનો સ્વીકાર કર્યો. આ દિશામાં પ્રથમ તબક્કે દરેક વિચારશાખાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા વર્ગીકરણ સિદ્ધાંતના પદોની પરિભાષા તૈયાર કરવી અને અંતે આ પરિભાષાઓ ઝીણવટથી સરખાવી વર્ગીકરણના પદોની વૈશ્વિક સ્તરની વ્યાપક પરિભાષા નક્કી કરવી.

વિશેષમાં દેશમાં સાક્ષરતામાં વૃદ્ધિ અને ગ્રંથાલયોની સંખ્યામાં અપૂર્વ ફેલાવો થયો છે. અધિકૃત અને સર્વગ્રાહી પરિભાષા તૈયાર કરવા ગ્રંથાલયના તકનીકી કર્મચારીઓને માર્ગદર્શન માટે સામેલ કરવાની આવશ્યકતા હતી.

ગ્રંથાલયની સર્વગ્રાહી સત્તા હેઠળ શબ્દકોશનાં માર્ગદર્શન માટે ગ્રંથાલયના તકનીકી (Technical) કર્મચારીને સામેલ કરવા ભારતીય માનક સંસ્થા (Indian Standard Institute અત્યારે Bureau of Indian Standards) વિભાગીય સમિતિ (Documentaltional Sectional Committee)એ વર્ગીકરણ પદોનો પરિભાષિક કોશ તૈયાર કરવાનું કાર્ય હાથ ઉપર લીધું.

વર્ગીકરણના પદોની પરિભાષા સાંપ્રત ભારતીય વિચારશાખામાં ત્રણ તબક્કામાં નિર્ણિત થઈ હતી. પ્રથમ ચરણમાં પદોનો ઉપયોગ ભારતીય શાખાઓ ઉપરાંત અન્ય અંગ્રેજી ભાષી દેશોની શાળાઓમાં થયો હતો. પ્રથમ મુસદ્દો એ.એલ.એ. પારિભાષિક કોશમાંની વ્યાખ્યાઓ ઉપરાંત હેનરી એવલીન બ્લિસ, ડૉક્ટર ડ્યુવીસ એસ.આર.રંગનાથન, ડબલ્યુ.સી. બર્વિક, સેયર્સ,

બી.સી. વિકરી અને ફ્રેન્ડ એ વેન્ગર (જુનિયર) વગેરેની રચનાઓમાંથી લેવામાં આવી. બીજા તબક્કામાં વિભાગીય સમિતિએ રાખવા યોગ્ય પદોને વિષે જ વિચારણા કરી હતી. કેટલાક વૈકલ્પિક પદો અને કેટલીક વૈકલ્પિક વ્યાખ્યાનો સમાવેશ કરતી હતી. ત્રીજા આખરી ચરણમાં બીજા મુસદ્દાના બહોળા પ્રસાર દ્વારા યોગ્ય સૂચનો મેળવ્યા અને વિચારણા બાદ અંતિમ ખરડો માનક તરીકે માન્ય કર્યો.

આઈ.એસ. 2550-1963 માનકમાં ત્રણ વિસ્તૃત મથાળાઓ હેઠળ 23 પ્રકરણો સમાવ્યાં છે : સામાન્ય વર્ગીકરણ ગ્રંથાલય વર્ગીકરણ, માટેનું વિશ્વ અને જ્ઞાન વર્ગીકરણનું વિશ્વ આ વર્ગીકરણના મુખ્ય પાયાગત વિભાવનાઓની યાદી નીચે મુજબ દર્શાવી કરી છે.

- વિશ્વ અને ભાગ (Universe and entitty)
- સમૂહ અને વર્ગ (Group and Class)
- લાક્ષણિતા અને ગુણધર્મો (Attribrutes and characteristics)
- ગ્રંથાલય વર્ગીકરણનાં પ્રકાર (Kinds of library classification)
- વિદ્યાઓ અને પાયાના વિષયો (Discipines and basic subjects)
- પ્રકાર, મુખકો અને પૃથકો (Calegories, facets and isolates)
- પંક્તિ અને શૃંખલા (Arrays and chains)
- વર્ગીકરણ માટેની અનુસૂચિઓ (Schedules for classification)
- વિષયો માટે વર્ગીકરણની પ્રજાતિ (Species of classification for Subjects)
- સંજ્ઞા (Notation)

આ પછીના વિભાગોમાં વર્ગીકરણના હાર્દ અથવા પાયાના વિચારો/પદોનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. વર્ગીકરણનાં અન્ય પદોને પાઠ્યક્રમ બીએલઆઈએસ 03 : ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત અને પાઠ્યક્રમ બીએલઆઈએસ : 03 ગ્રંથાલય વર્ગીકરણ પ્રાયોગિકના એકમોમાં ચાવીરૂપ શબ્દો દ્વારા સમજાવવામાં આવ્યા છે.

1.4 વર્ગીકરણ પરિભાષાનાં સ્રોતો (SOURCES OF CLASSIFICATION TREMINOLOGU)

વર્ગીકરણ પરિભાષાનાં સ્ત્રોતો નીચે મુજબ છે :

The following are sources for classification terminology

(a) ALA Glossary of Library Terms O 1956

(b) BLISS (H.E). Bibliographic classification 1-11.1952

(c) RANGANTHAN (SR)

(i) classification znd Communication 1951

(ii) The Series on Common Isolates

(Review of Documentation, 23-24;1956-57)

(iii) Prolegomena to Library classification Ed 2,1957

(iv) Classified Catalogue Code; Ed 5,1964

(v) Library classification Glossary

(Annals of Library Science, 5; 1958; 76-112)

(vi) Colon classification Ed 6, 1959 and Ed 7, 1987

(vii) Elements of Library classification Ed 3, 1961

(viii) Notati nal Plane : Interpolation and Extrapolation

(Annals of Library Science 10; 1963; 1-13).

(d) SAYERS (W C Berwick)

(i) Manual of classification Ed 3, 1955

(ii) Introduction to Library classification Ed 9, 1958

(e) VICKERY (B C). Facted classification

(f) WANGER (Frank S). Dictionary of Documentation Terms.

(American Documentation 11; 1960; 102-119).

1.5 વ્યાખ્યાઓ (DEFINATIONS)

પ્રોલેગોમેના ટુ લાઈબ્રેરી ક્લાસિફિકેશન (1937) (Prolegomena to Library Classitication) (1937) ની પહેલી આવૃત્તિમાં મોટા ભાગના પદો સાથેની વ્યાખ્યાઓનો પ્રથમવાર ઉપયોગ થયો હતો. આ વિભાગમાં વ્યાખ્યાઓનો રંગનાથનના Prolegomena to Library Clssification ની 3જી આવૃત્તિ ભાગ-1, 1967માંથી લેવામાં આવેલી છે.

1.5.1 'વર્ગીકરણ'નો અર્થ (Meaning of 'Classification')

"વર્ગીકરણ" પદોનો લોકપ્રિય ઉપયોગ બે અથવા વધારે અર્થમાં થાય છે. બીજા શબ્દોમાં 'વર્ગીકરણ' 'વિભિન્નાર્થી' પદ છે.

સાચા પ્રત્યાયન માટે આ વિભિન્નાર્થી પદોનું નિરાકરણ લાવવું જોઈશે.

વર્ગીકરણનો અર્થ 1

વિભાગ :

(1) વિશ્વમાંની વસ્તુઓને પસંદ કરેલી ખાસિયતોને આધારે કુલ જથ્થામાંથી અલગ પાડવાની પ્રક્રિયા અથવા સરખી ખાસિયત ધરાવતી વસ્તુઓને એક પેટા-જૂથમાં અને અસમાન વસ્તુઓને અલગ પેટા જૂથમાં મૂકવું.

(2) "વિભાગ પ્રથમના અર્થને પરિણામે પેટાજથ્થાનો ભાગ" "વિભાજનના પ્રથમ અર્થને પરિણામે-પેટા જથ્થાનો ભાગ" વિશ્વમાંની વસ્તુઓના પેટા જૂથો વિભાજનથી રચાય છે.

(3) વિભાજનો માટેના વૈકલ્પિક પદો વર્ગીકરણ અર્થ 1 અને નિર્ધારણ માટે છે.

'વર્ગીકરણ'નો અર્થ 2

વિભાજન

(1) વિશ્વનું જૂથોમાં વિભાજન કરવાની પ્રક્રિયા ઉપરાંત એ જૂથોને નિશ્ચિત તે ક્રમાંકઆપવો એટલે કે ક્રમ આપવાને લઈને જૂથ પરિણામે છે.

(2) અર્થ 1માં વિશ્વમાંની અનેક ચીજો જાતવાર જૂથીકરણનું પરિણામ છે.

વૈકલ્પિક પદ વર્ગીકરણ છે. (અર્થ 2 સામાન્ય ઉપયોગ) - વર્ગીકરણ અર્થ - 1 અને પસંદ કરેલ સમૂહોની ગોઠવણીનું પરિણામ છે.

'વર્ગીકરણ'નો અર્થ 3

વર્ગીકરણનો અર્થ 2 + ક્રમમૂલક સંખ્યાઓમાંથી લેવામાં આવેલ પદોએ દરેક વસ્તુનું ક્રમમૂલક પ્રતિનિધિત્વ કરે છે. જેથી ક્રમને યાંત્રિકરૂપે ગોઠવી શકાય છે.

(1) જ્યારે કોઈ પણ એક વસ્તુને તેના મૂળ સ્થાનેથી ખસેડી લેવામાં આવે ત્યારે તે વસ્તુને પુનઃ ગોઠવવામાં આવે,

(2) અથવા જ્યારે કોઈ નવી વસ્તુને આંતઃપ્રક્ષેપ અથવા બર્હીપ્રક્ષેપથી તેના સાચા ક્રમમાં મૂકવામાં આવે.

1.5.2 વિશ્વ અને ભાગ (Universe and Entity)

"વર્ગીકરણાત્મક સિદ્ધાંતો"માં પૂરતા પ્રમાણમાં પદો રહેલા છે." જે પદો ધારી લીધેલા પદો છે. તેમાંથી કેટલીકની સમજૂતી આપેલી હોય છે કેટલીક સમજૂતીને નિવેદન રૂપે જોડવામાં આવતી હોય છે.

વસ્તુ (Entity)

કોઈપણ અસ્તિત્વ ધરાવતી નક્કર અથવા વિભાવના એ વસ્તુ અથવા વિચાર છે. વસ્તુ એટલે દા.ત. છોકરો, પુસ્તક, મીઠાશ, તત્ત્વજ્ઞાનની પદ્ધતિ, અભ્યાસનો વિષય.

વિશ્વ (Universe)

"આપેલાં સંદર્ભની વિચારણા હેઠળ એકંદરે" એક પછી એક એવી વસ્તુઓનો સંગ્રહ છે. તેમાંની ગોઠવણી વિશેષ ખાસિયત વિનાની છે."

વિશ્વના ત્રણ પ્રકારો છે.

(1) મર્યાદિત વિશ્વ : મર્યાદિત સંખ્યા સાથેની વસ્તુઓનું વિશ્વ. દા.ત. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ

(2) અમર્યાદિત વિશ્વ : અમર્યાદિત સંખ્યા સાથેની વસ્તુઓનું વિશ્વ. દા.ત. અંકોનું વિશ્વ

(3) વિસ્તરતું વિશ્વ : સમયે સમયે તેમાંથી નવી ઉદ્‌ભવતી અથવા ઊભેરાતી નવી વસ્તુઓનું વિશ્વ દા.ત. અભ્યાસના વિષયો

1.5.3 સમૂહ અને વર્ગ (Group and Class)

જૂથ : (Group)

વિશ્વની વસ્તુઓનો સરેરાશ કુલ જથ્થો એ જૂથ છે. કોઈપણ પેટા - વસ્તુઓમાં સરેરાશ જથ્થામાં વિશ્વની વસ્તુઓનું વિભાજન થાય છે. વિશ્વની વસ્તુઓના વિભાજન દ્વારા કોઈપણ વસ્તુઓના સરેરાશ જથ્થો એ જૂથ બને છે. જૂથોના વારાફરતી બે પ્રકારો પડે છે.

(1) એકતંત્રી જૂથ : જૂથમાં રહેલ એક અને ફક્ત એક વસ્તુ

(2) બહુ જૂથ : જૂથમાં રહેલ બે કે તેથી વધુ વસ્તુ

વર્ગ (Class)

વર્ગ એ ક્રમજૂથ અને ક્રમિકતા છે. જે જૂથોને અનુક્રમ આપીને વિભાજન દ્વારા નિશ્ચિત ગોઠવણી કરે છે.

1.5.4 લાક્ષણિકતા અને ગુણધર્મો (Attributes and Characteristics)

લાક્ષણિકતા : (Attribute)

ગુણ એટલે કોઈ વિશિષ્ટ તત્ત્વ અથવા જથ્થાનું માપ, અથવા તેમાં રહેલી ગુણવત્તા, વસ્તુનું સત્વ છે. રંગનાથને Prolegomena માં નીચે મુજબના ઉદાહરણ આપેલ છે.

દા.ત. પુસ્તકને માટેના કેટલાક ગુણો નીચે પ્રમાણે છે.

વિષય વસ્તુ

સ્વરૂપની અભિવ્યક્તિ સ્વરૂપે, જેમ કે પ્રશ્નાવલી, નાટક, ગદ્ય, વર્ણનાત્મક સ્વરૂપ, ચિત્રો વગેરે

ભાષા

કર્તા

પ્રકાશન વર્ષ

બાંધણી

તત્ત્વજ્ઞાનની પદ્ધતિના કેટલાક ગુણધર્મો નીચે પ્રમાણે છે.

ગૃહિત કરેલ અનેક અંતિમ સિદ્ધાંતો જેવા કે દ્વૈતવાદ, અદ્વૈતવાદ અને અનેક મતવાદ, વાસ્તવિકતા પ્રત્યેનું વલણ જેમ કે, આદર્શવાદ અને વાસ્તુવાદ; મૂળનો ઉદ્‌ગમ દેશ.

ગુણધર્મ : (Characteristic)

અન્યથા લક્ષણ એ ગુણ અથવા કોઈ જટિલ ગુણ સંદર્ભ સાથેનું કોઈ સરખાપણું અથવા વિસંગત વસ્તુઓ નિશ્ચિત કરી શકાય જે લેશમાત્ર ભિન્ન હોય. રંગનાથને પ્રોલેગોમેનામાં નીચે મુજબ ઉદાહરણ તરીકે આપેલ છે.

ઉદાહરણ :

ઉંચાઈ એ બાળકોનું લક્ષણ છે. પણ મુખનું હોવું તે નથી. બધા જ છોકરાઓને મુખ હોવું એક સમાન ધોરણે વહેંચાયેલું લક્ષણ છે.

બીજી રીતે લક્ષણોના અલગ અલગ પ્રકારો હોઈ શકે.

કુદરતી લક્ષણો : વિશ્વમાં દરેક વસ્તુઓમાં સરખા લક્ષણો હોય એ વિચારવું, વસ્તુમાંથી મૂળગત રીતે અંદરના તત્વોથી અલગ પાડી ન શકાય. ઉદાહરણ રૂપે ઊંચાઈ અથવા વ્યક્તિની કાબેલિયત.

કૃત્રિમ લક્ષણ : વિશ્વમાં દરેક વસ્તુઓમાં સરખા લક્ષણો હોય એ વિચારવું પણ વિશ્વમાં એને સામેલ કરવું જરૂરી નથી. ઉદાહરણો : વ્યક્તિઓના ફાટેલા કપડાં, વાળની ઢબની પદ્ધતિ.

વિભાજીત લક્ષણ : વિશ્વમાંની દરેક વસ્તુઓના વિભાજન માટે પાયાના લક્ષણોનો ઉપયોગ થાય. ઉદાહરણ રૂપે વિશ્વના વર્ગખંડોમાં બાળકોનો સમૂહ (જથ્થો) ટૂકમાં તેઓની ઊંચાઈને આધારે ભાગ પડે છે. પછી ઊંચાઈ એ વિભાજનની ખાસિયત છે અને તેઓની ઊંચાઈને આધારે ભાગ પડે છે. વિભાજન છોકરાઓના સમૂહમાંથી સરખી ઊંચાઈવાળા છોકરાઓનું જૂથ મળે છે. (જુઓ 1.5.1 વિભાજન)

એકજાતની ખાસિયત : વિશ્વમાંની પસંદગીયુક્ત ખાસિયતોને આધારે અનેક જાતોને ભેગી કરવી.

1.5.5 ગ્રંથાલય વર્ગીકરણના પ્રકારો : (Kinds of Library Classification)

જ્યારે વસ્તુ, તરીકે પુસ્તકો અથવા માહિતીની બીજી બાબતો હોય તો તેઓનું વર્ગીકરણ એ ગ્રંથાલય વર્ગીકરણ છે. ગ્રંથાલય વર્ગીકરણને પુસ્તકોમાં અને અન્ય વાચનસામગ્રીમાં સમાવિષ્ટ જ્ઞાનનું વર્ગીકરણ પણ કરી શકાય. ગ્રંથાલય વર્ગીકરણ એ તથાકથિત ઉપયોગીતાવાદી અર્થમાં તત્કાલીન ઉદ્દેશ ધરાવે છે. ગ્રંથલય વર્ગીકરણનો ઉપયોગ ગ્રંથો અને અન્ય સૂક્ષ્મ પ્રલેખોને ગ્રંથાલય ફલક ઉપર ગોઠવવા માટે ઉપયોગમાં લેવાય છે. તેનો ઉપયોગ પ્રલેખોને માત્ર ગ્રંથાલયના કબાટમાં ગોઠવવા માટે જ નહીં. પરંતુ તેના અભિલેખન માટે પણ છે. દા.ત. સૂચિઓ અથવા વાડમયસૂચિઓ તેને વાડ્મયસૂચિય વર્ગીકરણ (બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન) પણ કહેવાય છે. ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (ડીડીસી)ની રચના ગ્રંથ વર્ગીકરણ રૂપે કરાવવામાં આવી હતી, જ્યારે યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (યુડીસી) તે બિબ્લિયોગ્રાફિક વર્ગીકરણ રૂપે રચવામાં આવી હતી. વાડમયસચિય વર્ગીકરણ પદોનો ઉપયોગ ગહન અથવા વિગતપૂર્ણ વર્ગીકરણ માટે ઉપયોગી છે. સૂક્ષ્મ પ્રલેખોનું વિગતપૂર્ણ વર્ગીકરણ ગહન વર્ગીકરણ તરીકે જાણીતું છે. એની સરખામણીમાં લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસિફિકેશન વિશાળકાય વર્ગીકરણ છે. વર્ગીકરણમાં ઊંડાણ નહિ પણ નાના ગ્રંથાલયની જરૂરિયાતને પહોંચી વળવા માટે ઉપયોગમાં લેવાતું વર્ગીકરણ વ્યાપક વર્ગીકરણ (broad classiffication) નામે ઓળખાય છે. રાઈડર ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન (1961) અને ડીડીસીની અગાઉની આવૃત્તિ વ્યાપક વર્ગીકરણો છે.

અર્થશાસ્ત્ર, ધંધાકીય સલામતી, પર્યાવરણ ઈજનેરી અથવા ચર્મ ઉદ્યોગ જેવા જ્ઞાનના નાનાં ક્ષેત્રનું વર્ગીકરણ એ વિશિષ્ટ વર્ગીકરણ નામે ઓળખાય છે. સંપૂર્ણ જ્ઞાન વિશ્વનું વર્ગીકરણ સામાન્ય વર્ગીકરણ તરીકે ઓળખાય છે. કેટલાક એને વૈશ્વિક વર્ગીકરણ (Universal Classification) તરીકે સંબોધે છે.

ગ્રંથાલય વર્ગીરણને ગમે તે પ્રકારો હોય, એને વ્યાપક અર્થમાં સમજી શકાય.

રીટા માર્સેલ અને રોબર્સ ન્યુટનના મતે "વિષયના પુસ્તકો અને અન્ય અધ્યયન સ્રોતોનો અને/અથવા સૂચિ સંલેખોમાં ગોઠવણી પદ્ધતિ જે કોઈ નિશ્ચિત ચોક્કસ માહિતીની ઈચ્છા ધરાવે છે અથવા તેઓની પસંદગીના વિષયની અસરકારક તપાસ માટેના વધુમાં વધુ પસંદગીનો સ્રોત પ્રદર્શિત કરે છે."

ગ્રંથાલય સ્ત્રોત સામગ્રીઓના મહત્તમ ઉપયોગ માટેની સુવિધા પુરી પાડવાનો ઉદ્દેશ છે. તે જાતે અથવા સ્વયં સંચાલન પદ્ધતિ દ્વારા માહિતી પુનઃપ્રાપ્ત કરવાનું સાધન છે.

તમારી પ્રગતિ ચકાસો :

1) ગ્રંથાલય વર્ગીકરણના વિવિધ પ્રકારનો નામ આપો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

1.5.6 નિયમાવલીઓ અને વિષયો : (Disciplines and Subjects)

આધુનિક ગ્રંથાલયમાં પ્રલેખોની ગોઠવણી વ્યવસ્થા સામાન્યપણે વિષયથી કરવામાં આવે છે. આમ પુસ્તકોની ગોઠવણી માટે વિષય એ વિભાજનની ખાસિયત છે. વિષય સુસંબંધ, સમાવિષ્ટ અને સંગત વિચારો અથવા જ્ઞાનનો એવો અંદાજ છે, કે જેની ગહનતા અને સીમાઓ કોઈપણ સામાન્ય બુદ્ધિશાળી વ્યક્તિની બૌદ્ધિક સજ્જતા અને વિશિષ્ટતાના ક્ષેત્રને સમજાય છે. પરંતુ ગ્રંથાલય વર્ગીકરણમાં જેને આપણે વિશિષ્ટ તરીકે જાણીએ છીએ તેની સાથે આપણો સંબંધ છે. પ્રલેખના લખાણનો સંદર્ભમાં હંમેશા વિશિષ્ટ વિષય હોય છે. પ્રલેખનો વિષય વિસ્તાર (ક્ષેત્ર-પહોળાઈ) અને ઉદ્દેશ (ગહનતા/વિશિષ્ટતા) એ પ્રલેખના વિચારવસ્તુ સાથે સમાન હોય છે. મુખ્ય ક્ષેત્રોમાં જ્ઞાનનું વિભાગીકરણ થાય છે તેને વિદ્યાશાખા તરીકે ઓળખવામાં આવે છે.

વિદ્યાશાખા એ જ્ઞાનનું સતત મુખ્ય ક્ષેત્ર છે. અભ્યાસના વસ્તુઓમાં ક્યાં તો (કુદરતી ઉદ્દેશ અથવા સામાજિક પ્રશ્નો) સરખાપણું હોય, અથવા જ્ઞાન પ્રાપ્ત કરવાની રીત અથવા અભ્યાસનો માર્ગ (જેમ કે કાલ્પનિક અથવા અનુભવજન્ય) એક સરખો હોય. વ્યાપકપણે કહીએ તો જ્ઞાન વિશ્વ ત્રણ મુખ્ય વિદ્યાશાખાઓ છે :

વિજ્ઞાનો (કુદરતી વસ્તુઓનો અભ્યાસ)

સામાજિક વિજ્ઞાનો (સમાજની સમસ્યાઓ)

માનવીય વિદ્યાઓ (કલ્પના/પ્રત્યક્ષીકરણની સમજ)

જોકે, સમયે સમયે વિદ્યા શાખાઓના સ્વરૂપ/અર્થ જુદાં જુદાં હોય છે. હાલમાં બધા જ વર્ગીકરણો વિદ્યાશાખા પ્રમાણે થાય છે. એનો આરંભ મેલ્વિલ ડ્યુઈ (1851-1931) દ્વારા થયો. વિષય વિવિધ વિદ્યાશાખાઓ હેઠળ મૂકાય.

વિદ્યાશાખાઓ આગળ ઉપર પાયાના વિષયો અથવા મુખ્ય વર્ગોમાં વિભાજિત કરવામાં આવે છે. મુખ્યવર્ગ એ પરંપરાગત હોય છે. પણ જ્ઞાનનું ક્ષેત્ર વધુ સંકુલ (cohesive) પ્રકારનું છે. ગ્રંથાલય વર્ગીકરણ વધુ અથવા ઓછા પ્રમાણમાં તેના પ્રથમ હરોળમાં જ્ઞાનવિશ્વનું વિભાજન છે. જૂના મુખ્યવર્ગોને પરંપરાગત પેટાવિભાગમાં વિભાજીત કરવામાં આવે છે તે રૂઢિગત

વર્ગ (canonical class) તરીકે ઓળખાય છે. ઉદાહરણ તરીકે, ઉષ્ણતા, પ્રકાશ, ચુંબકત્વ, વિદ્યુત એ મુખ્યવર્ગ ભૌતિકશાસ્ત્રના રૂઢિગત વર્ગો છે. એ જ રીતે algabra, geometry analisis વગેરે મુખ્ય વર્ગ Mathematicsના રૂઢિગત વર્ગો છે. રૂઢિગત વર્ગો સ્પષ્ટપણે, પ્રાચીન અથવા પરંપરાગત મુખ્ય વર્ગો છે. નવા મુખ્ય વર્ગો જેમ કે ગ્રંથાલય વિજ્ઞાન, પત્રકારત્વ, કોમ્પ્યુટર વિજ્ઞાનમાં આવા પરંપરાગત વર્ગો હોતા નથી. વિચારની શાખામાંથી મુખ્ય વર્ગો સ્પષ્ટ થાય છે, જેમકે માર્કસનું અર્થશાસ્ત્ર (માર્કસવાદ) અથવા ન્યૂટનનું ભૌતિકવિજ્ઞાન અથવા વૈદકમાં હોમિયોપેથી પદ્ધતિ મુખ્ય વર્ગો છે. મુખ્ય વર્ગોનો અભ્યાસ વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી કરવામાં આવ્યો હોય છે. વે અવકાશી વૈદક, બાળવૈદક, રમતવૈદક, અથવા લઘુ ઉદ્યોગનું અર્થશાસ્ત્ર જેવા વિશિષ્ટ મુખ્યવર્ગો તરીકે ઓળખાય છે. એ જ રીતે મુખ્ય વર્ગનો અભ્યાસ ભૌતિક અથવા સમાજના ઘટક અથવા પર્યાવરણનાં સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવે તો પર્યાવરણીય મુખ્ય વર્ગ તરીકે ઓળખાય છે. ઉદાહરણ રૂપે, યુદ્ધકીય અર્થશાસ્ત્ર, ઉચ્ચ સપાટીએ ઈજનેરી, ઉષ્ણકટીબંદ્ધ વૈદક આ બધા પર્યાવરણીય મુખ્ય વર્ગના ઉદાહરણો છે. રૂઢિગત, પદ્ધતિઓ, વિશિષ્ટ અને પર્યાવરણીય મુખ્યવર્ગો આ બધાને એક સાથે લઈએ તે પાયાગત વિષયો તરીકે ઓળખાય છે. રંગનાથન ધારણાથી વિષયોના ત્રણ પ્રકારો પાડે છે.

પાયાગત વિષયો (Basic Subjects)

સંયુક્ત વિષયો (Copound Subjects)

જટિલ વિષયો (Complex Subjects)

પાયાગત વિષયો (Basic Subjects) એને કહે છે :

(અ) જે પાયાગત વિષયોનો / અનુસૂચિઓમાં સમાવેશ કર્યો હોય છે.

(બ) જેની કોઈ પાયાગત વિષયોનો કોઈ અંશ સંયુક્ત વિષયના ભાગરૂપે અભિવ્યક્તિ થઈ શકતો નથી.

(ક) જેના વિકાસ દરમ્યાન ડૉ. રંગનાથન દ્વારા પ્રતિપાદિત વૈજ્ઞાનિક જટિલ વિષયની પદ્ધતિ પ્રમાણે વર્તુળ પૂર્ણ કરેલું હોય છે.

(ડ) અનુસૂચિઓમાં જેને માટે વિશિષ્ટ વ્યક્તિત્વ પૃથકો, વસ્તુપૃથકો અને વેગ પૃથકો આપ્યાં હોય છે.

ગ્રંથાલય વિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, બીજગણિત, આયુર્વેદ વૈદિક, માક્સવાદી અર્થશાસ્ત્ર, મનોવિશ્લેષણ વગેરે પાયાગત વિષયો છે. પાયાગત વિષયની વિભાવના સામાજિક છે. પાયાગત વિષયો કુલ સંખ્યામાં અને અર્થમાં સમયે સમયે અને સમાજે સમાજે બદલાતા રહે છે. ઉદાહરણરૂપે કોલન ક્લાસિફિકેશન (સી સી)ની 6ઠી આવૃત્તિમાં પાયાગત વિષયોની સંખ્યા 150 હતી પણ સાતમી આવૃત્તિમાં (1987)માં વધીને 750થી પણ વધારે થઈ છે.

સંયુક્ત વિષય (Compound subject) માં જ્યારે ઓછામાં ઓછું એક હાર્દ (Focus) અથવા ઓછામાં ઓછું એક પાસું હોય છે, એટલે કે તેને મુખ્ય પાસુ છે અને એક અથવા વધુ પૃથકો

હોય છે. કૃષિશાસ્ત્ર એ પાયાગત વિષય છે, પણ ઘઉંની ખેતી અથવા ઘઉંના છોડોમાં રોગો એ સંયુક્ત વિષયો છે. એ જ રીતે મનોવિજ્ઞાન એ પાયાગત વિષય પણ બાળમનોવિજ્ઞાન અથવા વ્યક્તિગત વિકૃતિ એ સંયુક્ત વિષયો છે. સંયુક્ત વિષયોની સંખ્યા જ્ઞાનવિશ્વમાં અસંખ્ય હોય છે.

જટિલ વિષયો (Complex Subjects) : જટિલ વિષયોને બે મુખકં હોય છે, જેને બીજી રીતે જોઈએ તો બે અથવા બેથી વધુ મૂળ પાયાગત અથવા સંયુક્ત વિષયોના જોડાણથી સર્જાતા (ઉદ્‌ભવતા) હોય છે અને તેઓની વચ્ચેનો સંબંધ રજૂ થયો હોય છે. ઉદાહરણ રૂપે : નર્સો માટેનું મનોવિજ્ઞાન, ભારતીય અને બ્રિટનના બંધારણનો તુલનાત્મક અભ્યાસ અથવા ઈતિહાસ ઉપર ભૂગોળની અસર અથવા શરીર રચના અને શરીરપ્રક્રિયા વિજ્ઞાન વચ્ચેનો સંબંધ. આ પ્રકારના વિષયો આંતરવિદ્યાકીય વિષયો છે. આ પ્રકરના ગહન વિષયોની પૃથક્કરણની પ્રક્રિયાને પાર્શ્વ સંબંધ (Phase Relation) કહે છે. (જુઓ BLIS-03 અભ્યાસમાં ભાગ-3 એકમ-8માં સંપૂર્ણ ચર્ચા અને સમજ રજૂ કરેલી છે.)

તમારી પ્રગતિ ચકાસો :

2) 'વિદ્યાશાખા' અને 'વિષયો' એ પદોની વ્યાખ્યા આપો.

3) રંગનાથનના મતે વિષયોના ત્રણ પ્રકારો ક્યા છે ?

નોંધ : i) નીચે આપેલ જગ્યામાં તમારા ઉત્તર લખો.

ii) એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

1.5.7 શ્રેણીઓ મુખકો અને પૃથકો : (Catagories, facets and Isolates)

એક માત્ર, સ્વતંત્ર વિચાર કે જેના આગળ ઉપર પેટાવિભાગો ન કરી શકાય તથા તે કોઈ વિષય ન બની શકે, એને પૃથક કહે છે. દાખલા તરીકે, 'ઘઉં', 'બાળક', 'ભારત' પદો એ પોતે જ પૃથકો છે કેમ કે એ અસ્પષ્ટ છે અને પોતે સ્વયં કોઈ વિષયને અભિવ્યક્તિ કરતા નથી. પૃથકો જ્યારે કોઈ મુખ્ય વિષય સાથે જોડાય ત્યારે જ આ (પૃથકો) સાર્થક બનતા હોય છે. ઉદાહરણ રૂપે 'ઘઉંના રોગો', 'બાળમનોવિજ્ઞાન' અથવા 'ભારતનો ઈતિહાસ'નો અર્થ છે. એક પૃથક એ જ્ઞાનનો પાયાનું વિભાજન છે. ડૉ. રંગનાથને સંયુક્ત વિષયની પરિભાષા કરતાં લખ્યું છે કે, કોઈ એક સંયુક્ત વિષયની સાથે એક અથવા એકથી વધુ પૃથકો હોય

છે. એટલે કે એક પાયાગત વિષયની સાથે તો એ માત્ર પાયાગત વિષય જ રહે છે. પૃથકો જોડાતા સંયુક્ત વિષય રચાય છે અને પાયાગત વિષય પૃથક વિચાર વિનાનો હોય.

મુખક (Facet) : સમાન ખાસિયતો (લક્ષણો)ના આધાર પર પૃથકોના સમૂહને મુખક તરીકે ઓળખવામાં આવે છે. વસ્તુની એક માત્ર સમાન ખાસિયતો ધરાવતી વસ્તુના સંપૂર્ણ પૃથકો મળીને મુખકો પ્રાપ્ત થાય છે. વાસ્તવમાં રંગનાથન મુખકોની પરિભાષા આપતા લખે છે કે, 'સામાન્ય પદ કોઈ ભાગ પછી પણ તે પાયાગત વિષય અથવા પૃથક હોય તથા એના સ્વરૂપે પદ અથવા સત્ય હોય - જે શ્રેણીબદ્ધ. સમાનપદો મુખકો તરીકે ઓળખાય છે. આપણે એને પાયાગત મુખક, પૃથક મુખક, ભૌગોલિકતા મુખક, ભાષામુખક, શૈક્ષણિક મુખક, ગુણધર્મ મુખક, ખેતપેદાશો મુખક વગેરે કહી શકીએ છીએ.'

સમાન લક્ષણો ધરાવતાં તમામ મુખકો શ્રેણી (catagory) બને છે. ઉદાહરણરૂપે ગ્રંથાલયશાસ્ત્રમાં ગ્રંથાલયના પ્રકારો સંબંધિત બધા જ મુખકો જેમ કે શૈક્ષણિક સાર્વજનિક વિશિષ્ટ ગ્રંથાલય એક જ શ્રેણીમાં આવે છે. જેને આપણે વ્યક્તિત્વ કક્ષા કહીએ છીએ. છતાં બીજી શ્રેણી ગ્રંથાલય પ્રક્રિયાની હોઈ શકે, જેમાં ગ્રંથપ્રાપ્તિ પ્રક્રિયાઓ, ગ્રંથાલયની શાસ્ત્રીય સેવાઓ, સંરક્ષણ વગેરેએ વેગકક્ષા (ઉર્જા કક્ષા) તરીકે ઓળખાય છે. શ્રેણી એ જ્ઞાનનું અતિસામાન્ય વિભાજન છે. રંગનાથ ધારણાની વિભાવના સમજાવતા કહે છે કે કોઈપણ વિષયમાં વધુમાં વધુ પાંચ પાયગત ખાસિયતો રહેલી હોય છે. વ્યક્તિત્વ, વસ્તુ, વેગ, સ્થળ અને કાળ (ટૂકમાં PMEST) (જુઓ પાઠ્યક્રમ03માં ખંડ 3 એકમ 7) બીજા શબ્દોમાં જ્ઞાનવિશ્વની વિભાવના પાંચ અને ફક્ત પાંચ ખાસિયતોની શ્રેણી રહેલી છે.

1.5.8 પંક્તિઓ અને શૃંખલાઓ (Arrays and Chains)

પૃથકોને પંક્તિઓ (Arrays) અને શૃંખલાઓ (chains) માં વ્યવસ્થિત ક્રમમાં ગોઠવવામાં આવે છે. પંક્તિઓ સમકક્ષ વર્ગોને કોઈ નિશ્ચિત ક્રમમાં ગોઠવવામાં આવે છે. રંગનાથન પંક્તિઓ વ્યાખ્યા આપે છે, જેમ કે પંક્તિઓ એ એવા વર્ગોનો સુવ્યવસ્થિત સમૂહ છે કે જેમાં પ્રત્યેક અસ્તિત્વ ધરાવતી વસ્તુને એક જ પ્રકારની ખાસિયતો તેના લક્ષણો દ્વારા પ્રાપ્ત થાય છે. ઉદાહરણ રૂપે, બી.એલ.આઈ.એસ. પાઠ્યક્રમના વિદ્યાર્થીઓનો ક્રમ તેમના નામના વર્ણાનુક્રમ અથવા તેમના ગુણોની યોગ્યતાને આધારે કોઈ એક ક્રમથી વ્યવસ્થિત ક્રમમાં ગોઠવીએ તો પંક્તિઓ રચાતી હોય છે. એક જ માતાપિતાનાં સંતાનો પુત્ર તથા પુત્રીઓ એ એક પંક્તિઓ છે. વિશ્વના બધા ખંડો એક પંક્તિની રચના કરે છે. વિશ્વના બધા જ દેશો જ્યારે કોઈ ક્રમમાં ગોઠવીએ ત્યારે એ પંક્તિઓ રૂપે ગોઠવાય છે. વર્ગોની એક પંક્તિના બહિર્પ્રક્ષેપ થઈ શકે માટે એને ખુલ્લી પંક્તિ કહે છે, અને બહિર્પ્રક્ષેપન ન કરવામાં આવે તો એને બંધ પંક્તિ કહે છે. એક પંક્તિના બધા ભાગો પદ્ધતિપૂર્વક અથવા ઉપયોગિતાથી ગોઠવાય તો એને સહાયક ક્રમ (Helpful Segaence) કહે છે. આ ગોઠવણીને એટલા માટે સહાયક કહે છે કે મોટાભાગના ઉપભોકતાઓને વર્ગીકરણ સહાયરૂપ નીવડતું હોય છે. પંક્તિઓના બહોળા જૂથોની ગોઠવણી આશ્રિત ક્રમ (Filiatory Segacnce) તરીકે ઓળખાય છે. એનો અર્થ એ છે કે સંબંધ ધરાવતા વર્ગોને એક સાથે મૂકવામાં આવે છે. જે. ડી. બ્રાઉનના સબ્જેક્ટ ક્લાસિફિકેશન (J. D. Brown's subject classification) (1906) ના મુખ્ય વર્ગો પદાર્થ - બળ - જીવન - મન - નોંધણી એ વિકાસક્રમને અનુસરે છે.

શૃંખલા (Chain) એટલે વિશ્વના વિષયના વર્ગોનો અનુક્રમ હોય છે કે જેમાં વર્ગ તથા એની

પછીની કડીઓનું જગત હોય છે. જેમાં બધા જ સભ્યો અસમાન ક્રમના હોય છે. અને તેની ગોઠવણીનો ક્રમ સતત ઘટતી જતી વ્યાપકતા અને વધતી જતી ગહનતાના ક્રમે ગોઠવી શકાય છે. આમ શૃંખલાનો ક્રમ સામાન્યથી વિશિષ્ટ અથવા ઉલટી રીતે વિશિષ્ટથી સામાન્ય તરફનો હોય છે. દાખલા તરીકે, વિશ્વ, એશિયા, ભારત, ગુજરાત, ગાંધીનગર આ ક્રમમાં અથવા એને ઉલ્ટાક્રમથી શૃંખલા રચી શકાય છે. એ જ રીતે સામાજિક વિજ્ઞાનો, અર્થશાસ્ત્ર, નાણાં, ચલણ, બેંક અથવા તેના ઉલ્ટાક્રમથી પણ વર્ગોની શૃંખલા બનતી હોય છે. આપના દાદા, પિતા અને તમે એ વર્ગોની એક શૃંખલા રચાય છે, પરંતુ આપના બધા જ ભાઈઓ અને બહેનો વર્ગોની પંક્તિ રચે છે. શૃંખલામાં વસ્તુઓની ગોઠવણી હંમેશા ક્રમિક હોદ્દાવાળી શ્રેણીની હોય છે.

1.5.9 વર્ગીકરણના અનુસૂચિઓ (Classification Schevles) :

ગ્રંથાલય વર્ગીકરણના વર્ગો તથા એના પેટાવિભાગો પદ્ધતિસર રીતે અનિવાર્યપણે લિખિત યાદી રૂપે હોવા જરૂરી છે, જેમાં વર્ગોનાં પદો ક્રમ બદ્ધ રીતે અને એને માટેના પ્રતિકો વ્યવસ્થિત ગોઠવેલા હોય છે. આ વર્ગોની પદ્ધતિસરની અને વિસ્તૃત યાદીને અનુસૂચિઓ તરીકે ઓળખાય છે. આ અનુસૂચિઓની સાથે બધા જ વર્ગોની વર્ણાનુક્રમ નિર્દેશીકા/સૂચિ સાથે / પ્રતિકો (સંજ્ઞા) અને એ સાથે સામાન્ય પેટાવિભાગોને દર્શાવતી કેટલીક વધારાની અનુસૂચિઓ હોય છે. તેને વર્ગીકરણ પદ્ધતિ (Classification System) તરીકે ઓળખાય છે. વર્ગીકરણની પદ્ધતિઓ વિવિધ છે. દા.ત. ડ્યૂઈની ડેસિમલ ક્લાસિફિકેશન, રંગનાથનની કોલન ક્લાસિફિકેશન અને લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસિફિકેશન ઓછામાં ઓછી અડધો ડઝન સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ પ્રયોજાય છે. સિચી (Index) એ પદ્ધતિસરની અનુસૂચિઓ માટે વર્ણાનુક્રમ અભિગમમાં ઉપયોગી રહે છે. અનુસૂચિમાં વિદ્યાશાખાઓના વિષયોના મુદ્દાઓ વેરવિખેર હોય છે. તેને સૂચિ ક્રમાનુસાર ગોઠવી આપે છે.

સૂચિ એ વર્ગીકરણ પદ્ધતિનું હાર્દ છે. એ ઉપરાંત કેટલાક સહાયક વધારાની અનુસૂચિઓ આપેલી હોય છે. અનુસૂચિઓમાં વિવિધ વિભાવનાઓ હોય છે. જેમ કે ભૌગોલિક પૃથક્કો, કાળપૃથકો, ભાષાપૃથકો, પ્રલેખના રજૂઆતના સ્વરૂપ (દા.ત. જેમ કે, શબ્દકોશ, પરિસંવાદોની કાર્યવાહી) અથવા ભૌતિક આકાર જેવા કે પુસ્તક, સામાયિક, ફ્લોપી, નકશા, સીડી-રોમ અથવા વિડીયોટેપ. આ પુનરાવર્તિત વિભાવનાઓ માટે તેનાં પ્રતિકો (સંજ્ઞા) આપ્યા હોય છે. આ વધારાની સહાયક વિભાવનાઓ ડીડીસીમાં પ્રમાણિત પેટાવિભાજનો (standard subdivisions), સીસીમાં સામાન્ય પૃથકો (common isolates) અને યુડીસીમાં સામાન્ય સહાયકો (common Auxiliaries) તરીકે ઓળખાય છે. એ સામાન્ય રીતે પ્રલેખના કોઈપણ વિષયેતર મુખકંને અથવા કેટલાક ગૌણ પુનરાવર્તિત વિષયના મુખકનું પ્રતિનિધિત્વ કરતાં હોય છે. અનુસૂચિઓ મુદ્રિત સ્વરૂપે હોય છે. અથવા વિજ્ઞાણુકીય સ્વરૂપે, જેમ કે ફ્લોપી અથવા સીડી-રોમ રૂપે હોય છે. ડીડીસીની 21મી આવૃત્તિ (1996) સીડી-રોમ સ્વરૂપે કે જે ડ્યુઈ ફોર વિન્ડોઝ (Decocy for Windows) તરીકે મળે છે.

વર્ગીકરણ પદ્ધતિના રચયિતાઓ વર્ગીકરણના પ્રણેતા તરીકે ઓળખાય છે. એસ.આર. રંગનાથન, મેલ્વિન ડ્યૂઈ, એચ.ઈ.બ્લિસ, સી.એ. કટર કેટલાક પ્રસિદ્ધ વર્ગીકરણ પ્રણેતાઓ છે. જે વ્યક્તિ આ પદ્ધતિઓનો ઉપયોગ કરીને વર્ગીકરણ કાર્ય કરે છે, તેને વર્ગીકરણ કરનાર (Classifier) કહે છે. બીએલઆઈએસ 03P ના પાઠ્યક્રમમાં તમે વર્ગીકરણ કરનાર તરીકે શીખો છો. મોટાભાગના ગ્રંથપાલો વર્ગીકરણ કરનાર પણ છે.

1.5.10 વર્ગીકરણના પ્રકારો : (Species of Classification)

વ્યાપક સ્તરે વર્ગીકરણ પદ્ધતિઓના બે પ્રકારો હોય છે - ગણનાક્ષમ અને મુખકીય.

ગણનાક્ષમ વર્ગીકરણ (Enumerative classification) એ છે કે જેમાં બધા જ વર્ગો અને તેને સંબંધિત પ્રતિકોને અનુસૂચિમાં યાદી રૂપે સમાવેલ હોય છે. એમાં એક જ અનુસૂચિમાં ભૂતકાળના, વર્તમાન અને ભવિષ્યના સંભવિત વિષયોની પરિગણના કરી દીધી હોય છે. બીજા શબ્દોમાં વિષયના પ્રતિકો અને પ્રતિકોની શ્રેણીઓ માટેની તૈયાર શૃંખલાઓ પ્રાપ્ત હોય છે તેથી વર્ગીકરણ અંકો કરનારને નિર્માણ માટે કોઈ અધિકૃત નાની આવશ્યકતા રહેતી નથી. લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ પદ્ધતિ, રાઈડર્સ ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન અને ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશનની પહેલાની આવૃત્તિઓ ગણનાક્ષમ વર્ગીકરણ પદ્ધતિના ઉદાહરણ છે. ગણનાક્ષમ વર્ગીકરણ પદ્ધતિઓને સામાન્યપણે માર્ક એન્ડ પાર્ક પદ્ધતિ (Mark and prk system) કહે છે.

વર્ગીકરણ માટેની લગભગ ગણનાક્ષમ પદ્ધતિ (Almost Enumarative scheme)માં ભૂતકાળના, વર્તમાનકાળના અને સંભવિત ભવિષ્યમાં આવનાર બધા જ વિષયોની બૃહદ અનુસૂચિઓ અને વધારામાં સામાન્ય પૃથકોની અનુસૂચિઓ કોઠા આપેલી હોય છે. બ્રાઉનનું સબ્જેક્ટ ક્લાસિફિકેશન અને ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન આના ઉત્તમ ઉદાહરણો છે.

મુખકીય વર્ગીકરણ (Faceted Classification) : વર્ગીકરણના પ્રકારોમાં બીજા પ્રકારે મુખકીય વર્ગીકરણ તરીકે ઓળખાય છે, જેમાં માત્ર પાયાના વર્ગોના અનુસૂચિઓ, સમાન્ય પૃથકો અને વિશિષ્ટ પૃથકોના અનુસૂચિઓનો સમાવેશ થતો હોય છે. અને જે બહુધા મુખકીય (Almost faceted) ચુસ્ત-મુખકીય (Regdly faceted) મુક્ત અને મુખકીય (Freely faceled) વર્ગીકરણ ત્રણ પેટાપ્રકારો છે. વ્યાખ્યાની રીતે વર્ગીકરણનો અંશતઃ મુખકીય પદ્ધતિમાં ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યના બધા જ વિષયો મોટા કોઠામાં પરિગણના રૂપે સમાવિષ્ટ કરેલ અને વધારાના કેટલાંક સામાન્ય પૃથકોના અનુસૂચિઓ અને વિશિષ્ટ પૃથકોનાં કેટલાક અનુસૂચિઓ પણ હોય છે. ઉદાહરણ રૂપે યુનિવર્સલ ડેસિયલ ક્લાસિફિકેશન અને બ્લિસની બિબ્લિયોગ્રાફિ ક્લાસિફિકેશન તે પછીના પ્રકાર વર્ગીકરણની ચુસ્તમુખકીય પદ્ધતિમાં પૃથકો અને તેમની શ્રેણીના પાયાના સંપૂર્ણ વિષયોમાંના મુખકોનો ક્રમ પૂર્વનિર્ધારિત હોય છે. કોલન ક્લાસિફિકેશનની પહેલીથી ત્રણ આવૃત્તિઓ ચુસ્ત મુખકીય યોજના હોઈને જેમાં દરેક પાયાના વર્ગો મુખકસૂત્ર આપેલા છે એ સારું ઉદાહરણ છે. પણ "વર્ગીકરણ માટેની મુક્ત મુખકીય પદ્ધતિમાં પાયાના વિષય સાથે જતાં સંયુક્ત વિષયો માટે કોઈ ચુસ્ત પૂર્વનિર્ધારિત મુખક સૂત્રો હોતા નથી." જે સ્વયંસિદ્ધ સત્યો અને સિદ્ધાંતોથી પૃથક્કરણીય સંયોજિત વર્ગીકરણ રચવાની દોરવણી મળે છે. જ્યારે સીસીની 4 થી 5મી અને 6ઠ્ઠી આવૃત્તિ એ વર્ગીકરણની ચુસ્ત મુખકીય પદ્ધતિ ગણાઈ છે. સી.સી.ની 7મી આવૃત્તિ વર્ગીકરણ માટેની સંપૂર્ણ એવી મુક્ત મુખકીય પદ્ધતિ છે.

તમારી પ્રગતિ ચકાસો :

4) વર્ગીકરણની વિવિધ પદ્ધતિઓના માટેના આપો. હહ

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) આ એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

1.5.11 સંજ્ઞા (Nation)

એ સર્વવિદિત છે કે વિષયોની ગોઠવણી ખાસિયતોને આધારે ક્રમાનુસાર વંશાનુબદ્ધ રીતે સહાયકમમાં હોવી જોઈએ. વળી, એની ગોઠવણી યંત્રવત્ કરવાની આવશ્યકતા રહે છે. યંત્રવત્ એટલે યાદ રાખવાની આવશ્યકતાથી મુક્ત કરવી, અથવા વર્ગોની વ્યાખ્યા તથા વ્યવસ્થા પરસ્પર સંબંધના આધારે કરવી. આ બે વધારાના નિમ્નલિખિત વિભાવના પર જરૂરી છે. 1. પરિભાષા અને 2. સંજ્ઞા. પરિભાષાનું મહત્ત્વપૂર્વે 1.1 માં દર્શાવી દીધેલ છે.

જ્યાં સુધી પસંદગી યુક્ત ક્રમમાં વિષયોની યંત્રવત ગોઠવણીનો પ્રશ્ન છે, વર્ણાનુક્રમ ગોઠવણીની સંભાવના માની શકીએ છે. પરંતુ વિષયોના નામો આધારે વર્ણાનુક્રમની ગોઠવણીને યંત્ર વત કરવા નીચે નાખેલ તથ્યો દ્વારા નકારી શકીએ છીએ.

- કેમ કે, ગોઠવણી જે ક્રમ આપે છે તે સહાયક નથી રહેતો.
- કેમ કે, વિષયોના નામો સ્થિર નથી રહેતા.
- કેમ કે, વિષયોના નામો અદ્વિતીય નથી હોતા.
- વિષયનું મૂળાક્ષરીય સ્થાન જે ભાષામાંથી વિષયનું નામ લીધેલ હોય તેમાં વિવિધતા રહેલી હોય છે.
- જે પદ દ્વારા વિષયોના નિર્દેશ થતો હોય છે તે અદ્વિતીય નથી હોતા.

આથી, પસંદગીયુક્ત સહાયક અનુક્રમ માટેની વિષયોની યંત્રવત ગોઠવણી માટે સંજ્ઞાત્મક પદ્ધતિની આવશ્યકતા હોય છે. સંજ્ઞાત્મક પ્રણાલી સંબંધી પાયાની/કેન્દ્ર સમી વિભાવનાઓ નીચે પ્રમાણે પ્રસ્તુત કરેલ છે.

(વ્યાખ્યાઓ માટે, સીસીની 7મી આવૃત્તિમાં પ્રકરણ CJ જુઓ)

સંખ્યાત્મક કક્ષા : પરિભાષા :

મૂળભૂત અંક
(Ordinal Number) : 'સંખ્યા' શબ્દ સાંભળતા જ આપણા મનમાં ભારતીય-અરબી દસ અંકોનો તથા ક્રમવાચક સંખ્યાનો જે મૂળઅંક સંખ્યાઓ જે ગણતરી કરવા અને માપવા માટે ઉપયોગ કરીએ છીએ તેનો ખ્યાલ આવે છે.

ક્રમવાચક અંક
(Ordinal Number) : 'ક્રમવાચક અંકનો ઉપયોગ કોઈ શ્રેણીમાં વસ્તુની સ્થિતિ નક્કી કરવા માટે થતો હોય છે.

ક્રમવાચક અંકમાં સ્વતંત્રતા
(Frcedom in Ordinal Number) : ભારતીય-અરબી અંકો સિવાયના અંકોનો ઉપયોગ ક્રમવાચક સંખ્યાના રૂપે કરવામાં આવતો હોય છે, પરંતુ એને માટે અન્ય અંકોને લઈને એને ક્રમવાચક અર્થ આરોપિત કરવાનો રહેશે. ઉદાહરણ રૂપે રોમન નાના કદના મૂળાક્ષરો, મોટા કદના અક્ષરો, વિરામ ચિહ્નો તથા કેટલાક સરળ ચિહ્ન કેટલાંક વિશિષ્ટ ચિહ્નો વગેરે.

કોલન ક્લાસિફિકેશનમાં ઉપયોગ
(Usein Colin Classification) : સીસીમાં ક્રમવાચક અંકનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સંજ્ઞાત્મક પદ્ધતિ
(Notational system) : કોઈ વર્ગીકરણ પદ્ધતિ દ્વારા અંકઓ અથવા અંકોની પદ્ધતિ એટલે સંજ્ઞાત્મક પદ્ધતિ

સંજ્ઞા (Nofation) : સંજ્ઞા પદ કોઈપણ સંજ્ઞાત્મક પદ્ધતિમાં ગમે તે સંખ્યાને માટે છે.

અંક (Digit) : 'અંક' પદ એક, અલગ પ્રાથમિક પ્રતિક કે જે ખાસિયત છે તે અલગ ચિહ્ન તરીકે વર્ગીકરણ માટેની પદ્ધતિમાં સંજ્ઞાત્મક પદ્ધતિમાં ઉપયોગ થાય છે.

સારગર્ભિત અંક
(substaintive Digit) : 'સારગર્ભિત અંક'નો અર્થ એટલે રોમન નાના કદના મૂળાક્ષરો, ભારતીય-અરબી અંકો, રોમન મોટા કદના મૂળાક્ષરો, ગ્રીક મૂળાક્ષરોએ અંકો સીસીમાં ગણતરીમાં લીધેલ છે.

સારગર્ભિત અંકોની સંખ્યા
(number of subjectaintive digit) : સીસીની અંક પદ્ધતિમાં 60 સારગર્ભિત અંકો ઉપયોગમાં લેવાયા છે.

સીસીમાં પ્રયોજેલ અંક :

રોમન નાના કદના અક્ષર : a, b, c, d, e, f, g, h, x, j, k, l, m, n, x, p, q, r, s, t, u, v, w, x, y, z રોમન નાના અક્ષરો

છે. અહીં ધ્યાન આપવા બાબત એ છે કે i, I અને O નાના કદના અક્ષરો આ યાદીમાંથી રદ કર્યા છે. કેમ કે લખવા, ટાઈપ તથા મુદ્રિત કરવામાં મુશ્કેલી ઊભી કરે છે.

ભારતીય અરબી અંકો (Indo-Arbic Numberal) : 0, 1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, એ ભારતીય અરબી અંકો છે.

રોમન મોટા (કેપીટલ) અક્ષર (Roman Capital) : A, B, C, D, E, F, G, H, I, J, K, L, M, N, O, P, Q, R, S, T, U, V, W, X, Y, Z એ રોમન મોટા કદના મૂળાક્ષર છે. આની યાદીમાંથી 'I' 'O' - એ બે મૂળાક્ષરો ક્રમશઃ 'વનસ્પતિ' અને 'સાહિત્ય' મુખ્ય વિષયને માટે પ્રયોજેલ છે.

ગ્રીક અક્ષર : કેવળ ડેલ્ટ (Δ) Greek Latter એ ગ્રીક અક્ષરનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સામાન્ય સંકેત અંક (Ordinary Indicator Digit) :
) (અંતનો કૌંસ)
& (એમ્પરસેન્ડ)
` (એક ઊલ્ટાવેલું અલ્પવિરામ)
. (પૂર્ણવિરામ)
: (વિસર્ગ ચિહ્ન : દ્વિ બિંદુ, કોલન
; (અર્ધવિરામ)
((આરંભનો કૌંસ)
, (અલ્પ વિરામ)
- (સંયોગચિહ્ન, હાઈફન)
= (બરાબર)
-> (સામું તીર)
<- (પાછું તીર)
+ (વત્તા)

અગ્રગામી અંક (Anterlorising Digit) : અગ્રગામી અંકોમાં < પાછું તીર, તથા "બેવડા ઉલટાવેલા અલ્પવિરામો આવે છે.

સૂચક અંકોની સંખ્યા (Number of Indicotor Digit) : સી.સી.ની સંજ્ઞાત્મક પદ્ધતિમાં 14 સૂચક અંકોનો ઉપયોગ થયેલ છે.

અંકોનો પ્રકારો (Species Digits) : સી.સી.ની સંજ્ઞાત્મક પદ્ધતિમાં વપરાયેલ અંકોને 'અંકોના પ્રકારો' તરીકે ઓળખાય છે.

અંકોના પ્રકારોની સંખ્યા (Number of species of digits) : સી.સી.ની સંજ્ઞાત્મક પદ્ધતિમાં અંકોના પ્રકારોની સંખ્યા કુલ 6ની છે.

સંજ્ઞાત્મક પદ્ધતિ પાયો (Base of the Notational system) : સી.સી.ની સંજ્ઞાત્મક પદ્ધતિનો આધાર 60 સાર ગર્ભિત અંકો છે.

મિશ્ર પાયો (Mixed Based) : સી.સી.ની સંજ્ઞાત્મક પદ્ધતિના પાયામાં એક કરતા વધુ પ્રકારના અંકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પાયાની ક્ષમતા (Capacity of the Base) : સી.સી.ની સંજ્ઞાત્મક પદ્ધતિમાં પાયાની ક્ષમતા 60ની છે.

મિશ્ર સંજ્ઞા (Mixed Notation) : સી.સી.ની સંજ્ઞાત્મક પદ્ધતિમાં મિશ્ર સંજ્ઞા પદ્ધતિનો ઉપયોગ થયો છે. તેનો પાયો મિશ્ર છે તે ઉપરાંત ચૌદ સૂચક અંકો સાથે બે ભિન્ન પ્રકારના અંકોનો ઉપયોગ થયેલ છે.

અંકોની કુલ સંખ્યા (Total Number of Digits) : સી.સી.ની અંક પદ્ધતિમાં ઉપયોગ કરેલાં અંકોની કુલ સંખ્યા ચુંમોતેર છે.

ક્રમમૂલક અંકો (Ordinal Value digits) : અંક પદ્ધતિમાં પ્રયોજેલ અંકોનો ક્રમ નીચે પ્રમાણે દર્શાવાયો છે.

(ક) સી.સી.માં પ્રયોજિત પહેલાં ત્રણ પ્રકારો, ના દરેક અંકમાં, પોત-પોતાના ભાગમાં, તેઓના ક્રમવાચક મૂલ્ય ચડતા ક્રમમાં પરંપરાગત ક્રમવાચક મુલ્ય મુજબ છે.

(ખ) તેઓનો ક્રમ મૂલક ક્રમ ચડતા ક્રમમાં ગોઠવાય છે, પહેલા ત્રણ પ્રકારોમાં ચડતા ક્રમ નીચે લખ્યા પ્રમાણે છે.

(ગ) રોમન નાના કદના અક્ષરો ભારતીય અરબી અંકો અને રોમન મોટા કદના અક્ષરો

(ઘ) ડેલ્ટા - અંકનો ક્રમ 'N' અને 'M' અંકોની મધ્યમાં રહેલ છે.

(ઙ) સામાન્ય સૂક્ષ્મ અંક ઉપજાતિના અંકો તેઓના ક્રમવાચક મહત્ત્વના ચડતા ક્રમમાં વ્યસ્થિત કરેલા હોય છે.

સ્પષ્ટપણે અંક ")" (તેને આવતું કૌંસનું ચિહ્ન)ના ક્રમમૂલ્ય બધા અંકોમાં સૌથી છેલ્લે તથા "(" (આરંભમાં આવતું કૌંસનું ચહ્ન) સૌથી પહેલાં હોય છે.

સામાન્ય સૂચક અંકોનો ક્રમવાચક વર્ગ પહેલાં (Class Number) ક્રમ ગોઠવવા માટે સહાયકના સ્વીકૃત સિદ્ધાંતને માનીને તેઓનો ઉપયોગ કરવો જોઈએ.

ક્રમબોધક અંકોને ચડતાક્રમમાં ગોઠવીને, ઉપરોક્ત બધા જ અંકો (સંજ્ઞાઓ) નીચે દર્શાવેલ ક્રમમાં વ્યવસ્થિત ગોઠવો :

) & ‘ . : ; , - = → + a b... y z 0 1 2 ... 8, 9, A, B ... M N Y Z C

અગ્રગામી મૂલ્ય ધરાવતો અંકો

* (એસ્ટરિસ્ક) + (વત્તાકાર) "બેવડા ઉલ્ટાવેલ અલ્પવિરામ ← (ભૂતકાળદર્શક તીર) એ અગ્રગામી મૂલ્ય ધરાવે છે. આ કારણે અન્ય અંકોની અન્ય ઉપજાતિની જેમ એનો ક્રમ નિશ્ચિત કરવાની આવશ્યકતા નથી રહેતી. આ અંકોનો ક્રમબોધક નીચે દર્શાવ્યા પ્રમાણે આરોહી ક્રમમાં ગોઠવાયેલ છે.

● + " ←

બેવડા ઉલટાવેલ અવતરણ ચિહ્નનું ઉદાહરણ :

B"a B Ba એ સાચો ક્રમ છે. કારણ "(બેવડા ઉલટાવેલા અલ્પવિરામો) એ અગ્રગામી મૂલ્ય ધરાવે છે. તેથી B"a એ B ની પૂર્વ આવે. હકીકતે કાંઈ યજમાનવર્ગ "(બેવડા અલ્પવિરામ) ધરાવતો હોય તો તે પહેલા મુકાશે. તેથી આ યજમાન અંક અગ્રગામી રહેશે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે "(બેવડા ઉલટાવેલ અલ્પવિરામ) અંક એ અગ્રગામી એક છે.

ભૂતકાળદર્શક તીરનું ઉદાહરણ

V,1; ‘N92 ભારતનો ઈ.સ. 1892 સુધીનો ઈતિહાસ

V,2;1 ‘M94 <--Mg2 ભારતનો 1882 થી 1894 સુધીનો ઈતિહાસ

V,2;1 ‘M94 ભારતનો ઈ.સ. 1994 સુધીનો ઈતિહાસ

આ સાચો અનુક્રમ છે કેમ કે ← (ભૂતકાળદર્શક તીર) ને અગ્રગામી અંક માનેલ છે.

અંકનું સ્થાન મૂલ્ય (Place Value of a Digit) જ્યાં સુધી કોઈ અંક બે અથવા બે થી વધારે પૂર્ણ સંખ્યાનો કોઈ ભાગ નથી હોતો, ત્યાં સુધી એક અંકનું સ્થાન કોઈપણ સંદર્ભમાં દશાંશથી ભિન્ન હોય છે. સી સીના પ્રત્યેક સંખ્યાની પૂર્વે દશાંશ બિંદુ હોય છે જ એમ ધારી લીધેલ છે.

દશાંશ સંજ્ઞાકનનો પહેલો લાભ - ક્ષેપક

દશાંશ અંકમાં કોઈપણ બે અંકોની વચ્ચે ગમે તેટલાં અંકો મૂકી શકીએ છીએ. ઉદાહરણ રૂપે જો 22 થી 23 ને પૂર્ણ સંખ્યાઓ વાંચીએ તો, તે બે વચ્ચે કોઈ પૂર્ણ સંખ્યાને વચ્ચે મૂકી શકતા નથી. પરંતુ જો એ સંખ્યા દશાંશ સંખ્યા રૂપે વાંચીએ તો 221, 222... 229 એ બે સંખ્યાની વચ્ચે મૂકી શકીએ. વળી, 2211, 2212, 2215 એ સંખ્યાઓને પણ વચ્ચે મૂકી શકીએ.

વાસ્તવમાં, સૈદ્ધાંતિક અનંત સંખ્યાઓ વચ્ચે મૂકી શકાય અને જ્યારે જરૂર પડે ત્યાં મુકી શકાય છે.

દશાંશ અપૂર્ણાંક સંજ્ઞાકનો બીજો લાભ : અવિચળ મૂલ્ય સ્થાન

દશાંશ અપૂર્ણાંક સંજ્ઞામાં અંકની જમણી બાજુએ અંકોના સ્થાન મૂલ્યમાં કોઈ અસર પડતી નથી. પરંતુ એનાથી ઉલટું એ પૂર્ણ સંખ્યામાં એવું કરવામાં આવે તો બધા જ અંકોના સ્થાન મૂલ્યમાં પરિવર્તન આવે છે. ઉદાહરણ રૂપે આપણે પૂર્ણ સંખ્યાના અંક 2, 25, અને 258ના સ્થાન મૂલ્યની સરખામણી કરીએ, પહેલી સંખ્યામાં એ 2નું સ્થાનમૂલક 2 છે અને 5નું મૂલ્ય સ્થાન 50 છે. ત્રીજી સંખ્યામાં 2નું સ્થાન મૂલ્ય 200, 5નું સ્થાન મૂલ્ય 50 છે અને 8નું સ્થાન મૂલ્ય 8 જ છે. બીજી રીતે 2, 25 અને 258 એ સંખ્યાને દશાંશ માનીએ તો 2નું સ્થાન મૂલ્ય 2/10 અને 5નું સ્થાન મૂલ્ય 5/100 તથા 8નું સ્થાન મૂલ્ય 8/1000

વૈચારિક સ્તરની પરિભાષામાં સમકક્ષ :

વૈચારિક કક્ષાએ પાયાગત વિષય (BS : Basic subject) અથવા પૃથક વિચાર (Isolate Idea) એ વૈચારિક કક્ષાએ પ્રયોજાય છે. સંજ્ઞા કક્ષાએ આ પદો પાયાગત મૂળવર્ગ અંક (BCN : Basic Class Number) અને પૃથક અંક (IN : Isolate Number) પ્રયોજાય છે. સંયુક્ત વર્ગ અંક ((CdCN : Compound Class Number) અને જટિલ વર્ગ અંક (CxCN : Complex Class Number) એ પરિભાષાઓ આપણે પ્રયોજીએ છીએ.

સંજ્ઞાકક્ષામાં પંક્તિ :

સંજ્ઞાકક્ષા એ પંક્તિ એ સમપંક્તિના એક માત્ર અંકના અથવા આભાસી અંકો છે. ક્રમવાચક અનુક્રમ પ્રદાન કરતાં અંકોનું જૂથ છે.

તમારી પ્રગતિ ચકાસો.

5) વિષયોની વર્ણાનુક્રમે ગોઠવણી વ્યવસ્થિત નથી કરી શકતા તેની કારણોના યાદી આપો.

6) સંજ્ઞા અને સંજ્ઞા પદ્ધતિની વ્યાખ્યા આપો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

1.6 સારાંશ (SUMMARY)

આ એકમમાં આપણે પરિભાષાનું મહત્ત્વ શું છે એ વિષે ચર્ચા કરી અને ભારતીય વિચાર મતનું મહત્ત્વ દર્શાવી ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પરિભાષાની શોધ કરી છે.

વર્ગીકરણની પાયાની આધારભૂત વિભાવનાઓની ચર્ચા કરેલી છે, જેમ કે વિશ્વ અને વસ્તુ, જૂથ અને વર્ગ, લાક્ષણિકતા અને ખાસિયતો, ગ્રંથાલય વર્ગીકરણના પ્રકારો, વિદ્યાશાખાઓ અને વિષયો, કક્ષાઓ, મુખકો અને પૃથકો પંક્તિઓ અને શૃંખલાઓ, વર્ગીકરણ માટેની અનુસૂચિઓ, વર્ગીકરણના પ્રકારો અને સંજ્ઞા, વધારામાં પાઠ્યક્રમના એકમોમાં ચાવીરૂપ બી.એલ.આઈ.ઓસ 03 ગ્રંથાલય વર્ગીકરણ સૈદ્ધાંતિક (BLIS-03 Library Classification) અને બી.એલ.આઈ.એસ. 03 P ગ્રંથાલય વર્ગીકરણ પ્રાયોગિક (BLIS-03P Library Classification Practice) એ પાઠ્યક્રમના ચાવીરૂપ શબ્દોના એકમોની વર્ગીકરણની કેટલીક પરિભાષાઓની સમજણ આપી છે.

1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો : (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) ગ્રંથાલય વર્ગીકરણના વિવિધ પ્રકારો છે : ગ્રંથવર્ગીકરણ, વાઙમયી / વર્ગીકરણ, ગહન વર્ગીકરણ, વિશિષ્ટ વર્ગીકરણ, સામાન્ય વર્ગીકરણ/વૈશ્વિક વર્ગીકરણ

2) વિદ્યાશાખા એ જ્ઞાનનું એક મુખ્ય ક્ષેત્ર છે જે સતત અધ્યયનના વિષયોની સમાનતાના આધાર પર બને છે પછી તે કુદરતી વિષય હોય અથવા સામાજિક વિષય અથવા અધ્યયનના કોઈ પ્રકારની રીત દ્વારા પ્રાપ્ત કર્યો હોય અથવા જ્ઞાનોપાર્જન (જ્ઞાનનું સાધન) ને કોઈ એક પદ્ધતિનો પ્રયોગ કરીને પ્રાપ્ત કર્યું હોવું જોઈએ. (એ કાલ્પનિક હોય અથવા અનુભવ આધારિત). વિષય એક સુનિયોજીત, સમવર્ગીય તથા સંયુક્ત વિચારોનો સમૂહ અથવા જ્ઞાનનો એક ભાગ છે, જેની ગહનતા અને સુગમતા એક સામાન્ય બુદ્ધિશાળી વ્યક્તિની યોગ્યતા તથા એની વિશેષજ્ઞાનના ક્ષેત્રની અંતર્ગત સમાવી શકે.

3) રંગનાથન અનુસાર વિષયોના ત્રણ પ્રકારો હોય છે. (1) પાયાગત વિષયો (2) સંયુક્ત વિષયો અને (3) ગહન વિષયો/સંકુલ વિષય

4) વર્ગીકરણની વિવિધ પદ્ધતિઓ નીચે પ્રમાણે છે :

   (1) કોઠાગત વર્ગીકરણ / ગણનાક્ષમ વર્ગીકરણ

   (2) સંપૂર્ણ ગણનાક્ષમ વર્ગીકરણની પદ્ધતિ

(3) મુખકીય વર્ગીકરણ

(4) સંપૂર્ણ મુખકીય વર્ગીકરણપદ્ધતિ

(5) ચુસ્ત મુખકીય વર્ગીકરણપદ્ધતિ

(6) મુક્ત મુખકીય વર્ગીકરણપદ્ધતિ

5) (1) સંબંધિત વિષયો વેરવિખેર હોય

(2) વિભિન્ન સમય દરમિયાન વિષય નામોમાં પરિવર્તન

(3) વિષયોનાં એક થી વધુ નામો હોય (સમાનાર્થી)

(4) નામોના એકથી વધુ અર્થો હોય (વિવિધાર્થી પદ)

(5) ભાષાઓની બહુવિધતા

6. સંજ્ઞાપદ્ધતિમાં કોઈપણ અંક સંજ્ઞા તરીકે નિર્દેશ કરે છે. સંજ્ઞા પદ્ધતિ અને વર્ગીકરણ પદ્ધતિમાં પ્રયોજેલ અંકો દર્શાવેલ છે.

1.8 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCE AND FURTHER READING)

Forkett, A.C. (1977). Subject Approch to Information. 3rd ed. London : Clive Bingley.

Mills, J. (1960). A Modern Outling of library Classification. Bombay : Asia Publishing House.

Prasad, ... (1986). Development of Classification Terminology : Contibutions of Prof. S.R. Ranganthan. In : Ranganathan, T.S. (ed). Ranganathan Philosohy : Assessement, Impact and Relevance. New Delhi : Vikas Publishing House. pp. 246-256.

Ranganathann, S.R. (1987). Colon Classification. 7th ed. Edited by M.A. Gopinath. Bangalore : Sarada Rangnathan Endowment for Library Science.

Ranganathan, S.R. (1967). Prolegomena to Library Classification. 3rd ed. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science.

એકમ-2 ગ્રંથાલય વર્ગીકરણની જરૂરિયાત અને હેતુ

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 પ્રલેખો

2.2.1 પ્રલેખોનું સ્વરૂપ

2.2.2 પ્રલેખોનો સંગ્રહ અને ભંડાર

2.2.3 પ્રલેખોની ગોઠવણી માટેના નિર્ધારક ઘટકો

2.2.4 ગ્રંથાલયોમાં પ્રલેખોની ગોઠવણી

2.2.5 પ્રલેખો પ્રત્યે વાચકોનો અભિગમ

2.3 વર્ગીકરણ

2.3.1 વર્ગીકરણનો અર્થ

2.3.2 ગ્રંથાલય વર્ગીકરણની વ્યાખ્યા

2.3.3 ક્રમ સ્થાનાંક

2.3.4 હેતુ અને કાર્ય

2.4 સારાંશ

2.5 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

2.6 ચાવીરૂપ શબ્દો

2.7 સંદર્ભો અને વિશેષ વાંચન

2.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમના અધ્યયન બાદ તમે આ બાબતથી સક્ષમ બનશો :

- ગ્રંથાલયો દ્વારા પ્રાપ્ત કરવામાં આવતાં વિવિધ પ્રકારના પ્રલેખો અને તેઓનું સ્વરૂપ અને ગોઠવણીનું વર્ણન કરવામાં;
- ગ્રંથાલયોના વિવિધ પ્રકારના સંગ્રહોની ગોઠવણી નિર્ધારિત કરતા ઘટકોને ઓળખી શકવામાં;
- પ્રલેખોની શોધ માટે વાચકોના વિવિધ પ્રકારના અભિગમોની જાણકારી મેળવવામાં;

- ગ્રંથાલય વર્ગીકરણનો અર્થ સ્પષ્ટ કરવામાં; અને
- ગ્રંથાલય વર્ગીકરણની આવશ્યકતા, હેતુ અને કાર્યોનું વર્ણન કરવામાં.

2.1 પ્રસ્તાવના (INTRODUCTION)

આ અભ્યાસક્રમમાં તમે ગ્રંથાલયના એક કર્મચારી છો અથવા ગ્રંથાલયમાં કર્મચારી બનાવા ઈચ્છો છો. આપને એની જાણકારી છે કે ગ્રંથાલયોમાં વિવિધ પ્રકારના પ્રલેખ હોય છે. આરંભમાં એ જાણવું જરૂરી છે કે ગ્રંથાલયોમાં અનેક પ્રકારના સંગ્રહ હોય છે, જેમ કે મુદ્રિત પુસ્તકો, સામયિકો, હસ્તલિખિત અને હસ્તપ્રતો, નકશા, ચાર્ટ, સૂક્ષ્મ પ્રલેખ (Micro-document), સીડી-રોમ તથા દશ્ય-શ્રાવ્ય કેસેટ વગેરેનો સંગ્રહ. આ બધા સંગ્રહોની સુવ્યવસ્થિત પદ્ધતિએ ગોઠવણી કરવી આવશ્યક છે.

વાચક ગ્રંથાલયની સામગ્રીની માંગ ત્રણ પ્રકારે કરતા હોય છે. વાચક કોઈ એક લેખકનું નામ જાણતો હોય તો તેની કૃતિ વાંચવાની ઈચ્છા રાખે અથવા પુસ્તકના નામથી માંગણી કરતો હોય છે. ત્રીજી પરિસ્થિતિમાં વાચક વિશેષ વિષયના પુસ્તકની અને આવશ્યકતા રહેતી હોય છે. આ છેલ્લી બાબત વિષય અભિગમ તરીકે જાણીતી છે. ટૂંકમાં વિષય અભિગમ દ્વારા ગ્રંથાલયના સંગ્રહમાંથી અજ્ઞાત વસ્તુ (વાચનસામગ્રી) પ્રાપ્ત કરવાનું એક સાધન છે. અને એ માટે વર્ગીકરણ મદદ કરવાનું સાધન છે. ગ્રંથાલય વર્ગીકરણ દ્વારા ગ્રંથાલયની સામગ્રી વિષયવાર વ્યવસ્થિત ગોઠવવામાં આવતી હોય છે અને દરેક વિષયના પ્રલેખો સંબંધિત વિષયોની સાથે સાથે ગોઠવાયેલ હોય છે. જેમ કે ગણિત પછી ભૌતિકવિજ્ઞાન વિષયના પુસ્તકો ગોઠવાય છે. આ પદ્ધતિસરની ગોઠવણી તરીકે ઓળખાય છે.

ગ્રંથાલયની અન્ય મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓ, જેવી કે ગ્રંથપસંદગી, ગ્રંથ આપ-લેની પ્રવૃત્તિઓ અને અપ્રત્યક્ષ રૂપે સંદર્ભસેવા કંઈક અંશે ગ્રંથાલય વર્ગીકરણ ઉપર આધારિત છે. આ રીતે વર્ગીકરણ વ્યાપક રીતે ગ્રંથાલયીત્વનો પાયો છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. વર્ગીકરણ ગ્રંથાલયની સામગ્રીનો ઉપયોગ સુનિશ્ચિત કરી આપે છે. અને ગ્રંથાલયમાં અન્ય સેવાઓને સશક્ત બનાવે છે. આધુનિક ગ્રંથાલયોમાં વર્ગીકરણની આવશ્યકતા વિશેષ રીતે રહેલી છે, કેમ કે ભિન્ન ભિન્ન પ્રકારની વાચનસામગ્રીના પ્રલેખોની ગોઠવણી અલગ અલગ ભંડાર માધ્યમમાં કરેલી હોય છે. બીજા શબ્દોમાં, એક જ વિષય/વિષયોના સંગ્રહો વિવિધ ભૌતિક સ્વરૂપોને લઈને સંપૂર્ણ ભંડારમાં અલગ પડી જતા હોય છે. આથી વર્ગીકરણ ગ્રંથભંડારના ફલકો ઉપર તથા એના સંલેખોને સૂચિમાં એક સ્થાન ઉપર લાવવાનું સાધન છે. આવો, આપણે જાતે વિવિધ પ્રકારના પ્રલેખોથી પરિચિત થઈએ કે જેની પ્રાપ્તિ અને સંગ્રહ આધુનિક ગ્રંથાલયો કરે છે.

2.2 પ્રલેખો (DOCUMENTS)

ગ્રંથાલયોમાં વિવિધ પ્રકારોના પ્રલેખો શોધી શકાય છે. એટલે કે હસ્તપ્રતો, મુદ્રિત પુસ્તકો, સામયિકો, ચોપાનિયા, અહેવાલો, ફોટો પુનઃનિર્માણ, ધ્વનિ અંક્તિ થાળી (ગ્રામોફોન), ચલચિત્રો સંગીત રચના, માઈક્રોફિલ્મ, નકશા અને નકશાપોથીઓ, આકૃતિ ચિત્રો અને વિજાણુકીય માધ્યમો જેવાં કે સીડી-રોમ, જેના થકી માનવીના વિચારોનું પ્રત્યાયન સુરક્ષિત

રહે છે. આજના ગ્રંથાલયો યોગ્ય સંગ્રહ ભંડાર અને મહત્તમ ઉપયોગ માટે અગત્યની વસ્તુઓ આગળથી તૈયાર કરે છે.

2.2.1 પ્રલેખોનું સ્વરૂપ (Nature of Documents)

પ્રલેખોના સંગ્રહ, ભંડાર અને પુનઃપ્રાપ્તિની સમસ્યા નીચેના કારણોસર જટિલ બની રહેલ છે :

- વિભિન્ન પ્રકારના પ્રલેખોના ઉત્પાદનોમાં સતત વૃદ્ધિ, જે જ્ઞાનવિસ્ફોટ (knowledge explosion), અથવા માહિતી વિસ્ફોટ (Information explosion) અથવા માહિતીનું ઘોડાપૂર (Information flood) અથવા 'માહિતી ધૂધવાટ' જેવા પ્રચલિત નામોથી ઓળખાય છે.

- વિશ્વની વિવિધ ભાષાઓમાં પ્રલેખો પ્રકાશિત થાય છે.

- પ્રલેખો વિવિધ ભૌતિક સ્વરૂપોમાં પ્રકાશિત થાય છે.

- વિભિન્ન પ્રકાર અને જટિલ વિષયવસ્તુ ધરાવતા પ્રલેખો ભિન્ન ભિન્ન સ્વરૂપે રજૂ થતા હોય છે.

- ગ્રંથાલયો અને પ્રલેખો પ્રત્યેનો વાચકોને અભિગમ જટિલતાભર્યો હોય છે.

પ્રત્યેક પ્રલેખ, વૈયક્તિક રીતે એ માત્ર અનન્ય નથી, પરંતુ અન્ય પ્રલેખોની સાથે પોતાના જટિલ સંબંધો પણ પ્રદર્શિત કરે છે. કુલ પ્રલેખોના બાહ્ય લક્ષણો જેવા કે, કદ, રંગ, સંપૂટ, બાંધણી, પ્રકાશન, વગેરે, અને આંતરિક લક્ષણો જેવાં કે; પ્રલેખોનું વિચારવસ્તુ અને પ્રલેખની અંદરની ગોઠવણી અથવા માહિતીનું સ્વરૂપ, જેમ કે; લખાણ, આંકડાકીય સંદર્ભસૂચિ અથવા રેખાંકિત સંગ્રહની સંકુલતા અધિકતમ ઉપયોગના ઉદ્દેશ્યને સિદ્ધ કરવામાં ગ્રંથાલયોની સમસ્યામાં વળી વધુ જટિલતા ઉમેરાય છે.

વિચારવસ્તુની જટિલતા અને વિવિધ પ્રકારોના પ્રલેખોની વચ્ચેના સંબંધોની આવશ્યક જાણકારી એના અધિકતમ ઉપયોગને માટે સ્પષ્ટ રીતે સ્થાપિત કરવી જોઈએ. પ્રલેખોનો અધિકતમ ઉપયોગ નીચે લખેલ રીતો દ્વારા નિશ્ચિત કરી શકીએ છીએ :

(i) વાચકોની વ્યક્તિગત મદદ

(ii) પદ્ધતિસરની ગોઠવણી અને....

(iii) ગ્રંથાલયમાંની સામગ્રીને યોગ્ય સ્વરૂપે પ્રદર્શિત કરીને.

જો ગ્રંથાલયનો સંગ્રહ સુનિશ્ચિત રીતે વ્યવસ્થિત હોય તો પ્રલેખોની સરળતાથી શોધ અને પુનઃપ્રાપ્તિ કરી શકીએ છીએ. ગ્રંથાલયમાં પુસ્તકોની વ્યવસ્થિત ગોઠવણીને માટે વર્ગીકરણ પદ્ધતિ એક યુક્તિ છે.

2.2.1 પ્રલેખોનો સંગ્રહ અને ભંડાર (Collection and Storage of Documents)

સંસ્કૃતિના આરંભકાળથી જ મનુષ્યના વિચારોના દસ્તાવેજનો સંગ્રહ અને જાળવણી માટેની આવશ્યકતાને માન્યતા આપી હતી. પુસ્તકો અને અન્ય રેખાંકિત સામગ્રી એ માનવ વિચારોના કાર્યો અને સિદ્ધિના દસ્તાવેજો ભવિષ્યની સિદ્ધિને માટેની આધાર સેવા આપી શકશે. તેનું સમાજને મૂલ્ય છે. આ બાબત અતિશયોક્તિભરી નથી.

આ અભિલેખોના સંગ્રહ અને ભંડાર ગ્રંથાલયમાં વર્તમાન અને ભાવિ પેઢીના હિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આ અભિલેખો સ્વરૂપ અને વિષયવસ્તુઓ વિવિધતાપૂર્ણ હોઈને તેને માટેનું સામૂહિક પદ 'પ્રલેખ' (Document) થી ઓળખાય છે.

2.2.3 પ્રલેખોની ગોઠવણી માટેના નિર્ધારિત ઘટકો (Factors Determining Arrangement of Document)

ગ્રંથલયમાંના પ્રલેખોને વિવિધ રીતોથી ગોઠવણી કરી શકાય છે. દા.ત. લેખક અથવા મથાળું અથવા વિષય અથવા કદ, ભાષા, રંગ, ગ્રંથબંધામણી અથવા અન્ય કંઈ માપદંડોના આધારે. વાચકોની જરૂરિયાતને આધાર પર પણ થઈ શકે છે. મિલ્સે પોતાના ગ્રંથ 'Modern Outline of Library Classification' માં પ્રલેખોની ગોઠવણી નિર્ધારિત કરવા માટેના સંભવિત લક્ષણોની યાદી આપી છે.

(i) **વાચકોની ઉંમર :** બાળકો માટેના પુસ્તકો, પ્રૌઢો માટેના પુસ્તકોથી અલગ પાડવામાં આવે છે.

(ii) **સામગ્રીના ઉપયોગ અંગેની શરતો :** દેય કરવામાં આવતાં પુસ્તકો ગ્રંથાલયના પરિસરમાં જ ઉપયોગ થઈ શકે છે તેવાં પુસ્તકો અલગથી ગોઠવવામાં આવે છે. સાધારણ રીતે સંદર્ભગ્રંથો આ શ્રેણીમાં આવે છે.

(iii) **અસામાન્ય કદનાં પુસ્તકો :** અસાધારણ કદનાં પુસ્તકો, જેવા કે મોટા કદના, નાના કદના પ્રલેખો અલગ અલગ ફલક પર ગોઠવવામાં આવે છે. ગ્રંથભંડાર ક્ષેત્રમાં એનું સ્થાન એ પ્રલેખોના સંરક્ષણ માટે કરવામાં આવતું હોય છે.

(iv) **અસામાન્ય સ્વરૂપ પ્રલેખો :** સૂક્ષ્મપત્રક (માઈક્રોકાર્ડ) ધ્વનિ અંકિત થાળી (ગ્રામોફોન રેકોર્ડ), ટેપ્સ, સ્લાઈડ્સ તથા અન્ય દશ્ય-શ્રાવ્ય સામગ્રી તથા ઈલેક્ટ્રોનિક પ્રલેખોને અલગ ફલક ઉપર રાખવામાં આવે છે.

(v) **પ્રલેખોના વિષયવસ્તુ :** હકીકતપૂર્ણ સાહિત્ય તેના વિષયથી ગોઠવવામાં આવે છે તથા કલ્પનાશીલ લલિતસાહિત્યની ગોઠવણી ભાષા અથવા લેખક અનુસાર ગોઠવવામાં આવે છે.

(vi) **પ્રલેખોની ભાષા :** વિદેશી ભાષાના પ્રલેખો અલગથી એની મૂળ ભાષાને આધારે ગોઠવણી કરવામાં આવે છે.

(vii) **પ્રલેખોની કિંમત :** હસ્તલિખિત ગ્રંથો, હસ્તપ્રતો, દુર્લભ તથા મૂલ્યવાન કિંમતી ગ્રંથોની અલગથી ગોઠવણી કરવામાં આવે છે.

(viii) **રજૂઆતની વિલક્ષણતાઓનું સ્વરૂપ :** ગ્રંથબાંધણી કરેલા સામયિક અલગ રાખવામાં આવે છે.

(ix) **પ્રકાશન વર્ષ :** આદિમુદ્રિત (Incunabula) ગ્રંથો અલગથી રાખવામાં આવે છે.

(x) **સ્થાનિક ઈતિહાસ સંગ્રહ :** કોઈ સ્થાન, જિલ્લો, રાજ્ય સંબંધિત સાહિત્યને અલગથી રાખવામાં આવે છે.

(xi) **ભેટ સંગ્રહ :** ઘણાં બધાં પુસ્તકો ભેટરૂપે એવી શરતોથી ગ્રંથાલયોને ભેટમાં મળે છે કે એને અલગ સ્થાને ગોઠવવામાં આવે છે.

ઉપરોક્ત ઘટકો ગ્રંથાલયોમાં પ્રલેખોની ગોઠવણીને પ્રભાવિત કરે છે. પરંતુ વિચારવસ્તુ અથવા વિષય ગોઠવણી (મિલ્સની યાદીમાંનું પાંચમું) પ્રલેખોનો ક્રમ નક્કી કરવા માટેનું મહત્ત્વનું અને પ્રભાવશાળી ઘટક છે. સંગ્રહના કેટલાક વિભાગોને ઉપર આપેલી યાદીમાંના ઘટકોના આધારે વિભાજીત કરવામાં આવે છે તેમ છતાં વિષયવસ્તુના આધાર પર પ્રત્યેક ભાગમાં પ્રલેખોની ગોઠવણી સહાયક રહેતી હોય છે. આથી ગ્રંથાલયોના વિવિધ સંગ્રહોમાં સમાંતર ક્રમ રચાયો હોય છે. આમ એક જ ગ્રંથાલયનો સંપૂર્ણ સંગ્રહ પુસ્તકો તથા સંદર્ભગ્રંથો, પાઠ્યપુસ્તકો વગેરે અલગ અલગ સંગ્રહોમાં વિભાજીત થતાં હોય છે. આ રીતે ગ્રંથાલયમાં એક જ વિષયના પુસ્તકોના ઘણા ક્રમ હોય છે. આ ક્રમને 'સમાંતરક્રમ' કહે છે.

2.2.4 ગ્રંથાલયોમાં પ્રલેખોની ગોઠવણી (Arrangment of Documents in Libraries)

19મી સદીના અંત ભાગ સુધી ગ્રંથાલયનો સંગ્રહ કદમા નાનો હતો. આટલા બધા વિષય-ક્ષેત્રો જે હાલમાં જોવા મળે છે તેવો વિકાસ નહોતો થયો તથા પ્રકાશન પ્રવૃત્તિ બહુ ફેલાયેલી નહોતી. વાચકો પણ બહુ નહોતા જેટલા આપણે વર્તમાન સમયમાં જોઈએ છીએ. પહેલાનાં ગ્રંથાલયો પોતાના સંગ્રહને નિશ્ચિત સ્થાનના આધાર પર ગોઠવણી કરવાનો પ્રયાસ કરતા હતા. આ પ્રથા દ્વારા ગ્રંથાલયકના ફલકો પર દરેક પ્રલેખ એક નિશ્ચિત સ્થાન આપવામાં આવે છે. દરેક નવો પ્રલેખ તેના વિષયવસ્તુ વિશે વિચાર કર્યા વગર એની પહેલા ગોઠવેલ પ્રલેખોની સાથે ગોઠવવામાં આવતો હતો.

નિશ્ચિત સ્થાનની પદ્ધતિ એક જ વિષયના પ્રલેખો એક સાથે લાવવામાં નિષ્ફળ પૂરવાર થઈ છે. નિશ્ચિત સ્થાનની રીતમાં બહોળી વિષય શ્રેણીની અંદર નિશ્ચિત સ્થાનમાં ક્રમ અનુસાર કાળક્રમાનુસાર ગોઠવણી કરવામાં આવે છે.

કેટલાંક જૂના ગ્રંથાલયોમાં પ્રલેખોના બાહ્ય લક્ષણો જેવા કે રંગ, આકાર, પ્રકાશન વર્ષ, ગ્રંથબાંધણીના પ્રકારના આધારે ગોઠવણીના પ્રયાસો કરવામાં આવ્યા હતાં. આ બધી જ ગોઠવણી અથવા ક્રમ વિષયવાર ગોઠવણી જેવી સહાયક નથી બનતી.

પ્રવૃત્તિઓ :

(1) સાર્વજનિક ગ્રંથાલયમાં, યુનિવર્સિટી ગ્રંથાલયમાં અને વિશિષ્ટ ગ્રંથાલયમાં જઈને આ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના પ્રલેખોની યાદી બનાવો.

(2) આપના વિસ્તારમાં આવેલ કેટલાંક ગ્રંથાલયમાં જઈને એના ફલકો ઉપર પ્રલેખોની વ્યવસ્થા ક્યા પ્રકારે કરવામાં આવી છે, એના ઉપર એક સંક્ષિપ્ત ટિપ્પણી તૈયાર કરો.

(3) કોઈ એક ગ્રંથાલયમાં જઈને જાણકારી મેળવો કે પ્રલેખોના કેટલાં સમાંતરક્રમ છે.

2.2.5 પ્રલેખો પ્રત્યે વાચકોનો અભિગમ (Approach of Readers for Documents)

અગાઉ જોયું એ પ્રમાણે, પ્રલેખો તેની બાંધણીના રંગ, કદ, ભાષા, પ્રકાશનવર્ષ, પરિગ્રહણ અનુક્રમ અને એ રીતે ગ્રંથાલયોમાં પ્રલેખો ગોઠવી શકાય, પરંતુ આ રીત જૂની પુરાણી અને બિનસહાયક હોઈને કેમ કે તેઓ પ્રલેખના લેખક, મથાળા અથવા વિષયવસ્તુ વિષેની બાબત વાચકોના ધ્યાન ઉપર લાવવામાં નહોતી આવતી. આજે શોધવા છતાં બહુ થોડા અથવા જવલ્લે જ કોઈ ગ્રંથાલય જોવા મળશે કે જેના સંગ્રહની વ્યવસ્થા રંગ, કદ, પ્રકાશન વર્ષ અથવા પ્રકાશકના નામથી ગોઠવવામાં આવી હોય. પુસ્તકોની ગોઠવણીના આ લક્ષણો જ્યારે ગ્રંથાલય તેના કદમાં નાનું હોય ત્યારે શક્ય હતાં.

કેટલાંક એવાં ગ્રંથાલયો પણ છે, કે જેના સંગ્રહોની ગોઠવણી પરિગ્રહણનંબર અથવા ક્રમાંકના આધારે જ કરવામાં આવે છે. અન્ય પદ્ધતિઓ દ્વારા પ્રલેખો તેના મથાળા, લેખક અથવા વિષયથી સામાન્યપણે ગોઠવાય છે. આનું કારણ એ છે કે વર્તમાન સમયનાં ગ્રંથાલયોમાં, વાચકોનો પુસ્તકોનો ઉપયોગ માટેના વિશિષ્ટ અભિગમ તેના મથાળા અથવા લેખક અથવા વિષય દ્વારા કરતાં હોય છે. સામાન્યપણે નવલકથાની ગોઠવણી લેખક પ્રમાણે, સામયિકો તેના મથાળા અને તથ્ય આધારિત સાહિત્ય વિષયથી ગોઠવવામાં આવે છે. કેટલાંક ગ્રંથાલયોમાં કલ્પનાશીલ લલિતસાહિત્યની ગોઠવણી પહેલાં ભાષાથી અને ભાષાની અંદર સ્વરૂપ (કવિતા, નાટક વગેરે) પછી લેખક વડે અને જો જરૂર પડે કૃતિના નંબર પ્રમાણે ગોઠવવામાં આવે છે.

આ વિષે અગાઉ વિભાગ 2.1 માં સમજાવી છે કે વાચક પ્રલેખની માંગ કોઈ ખાસ લેખક અથવા વિશિષ્ટ ગ્રંથનામથી અથવા ખાસ વિષયથી કરતાં હોય છે. આ પ્રમાણે કોઈ સંગ્રહ પ્રત્યે મુખ્યત્વે ત્રણ અભિગમો હોય છે : લેખક, મથાળું તથા વિષય. આ દરેક કઈ કક્ષાએ સહાયરૂપ છે એ નીચે સમજાવ્યું છે.

લેખક અભિગમ (Author Approach) : સામાન્યપણે વાચકો ગ્રંથાલયમાં જઈને શોધ કરે :

(i) કોઈ ખાસ પ્રલેખના લેખકનું નામ જાણતાં હોય; અથવા

(ii) કોઈ ખાસ લેખકના ક્યા ક્યા પ્રલેખો ગ્રંથાલયમાં પ્રાપ્ત છે.

પરંતુ લેખકના નામને આધારે કરેલ ગોઠવણી હંમેશાં સહાયરૂપ બનતી નથી. જો તમે કોઈ ખાસ પ્રલેખ અથવા વિશિષ્ટ વિષય પરના પ્રલેખો મેળવવાની ઈચ્છા રાખતાં હોય તો લેખકની ગોઠવણી એ વિશિષ્ટ વિષય તથા એને સંબંધિત વિષયોને એક સ્થાન ઉપર રજૂ કરવામાં અસફળ રહેતી હોય છે. અહીં એનું ઉદાહરણ પ્રસ્તુત છે :

Marstern, A.B.	:	Communication Technology
Marston, A.N.	:	Encyclopedia of Angling
Marston, E.H.	:	Dynamic Environment
Mastron, Elizabeth	:	Rain Forest
Marston, J.E.	:	Nature of Public Relations

Marston, John	:	Dutch Courtesan
Marston, P.B.	:	Collected Poems
Marston, Philip	:	Breedev of Democracy
Marst, R.M.	:	Electromic Projects
Martel, p	:	World Military Leader

આખ્યાનામનો અભિગમ (Title approach) : ક્યારેય તમે પ્રલેખ લેવા માટે કોઈ એક ગ્રંથાલયમાં જાઓ છો કે ત્યારે તમે પ્રલેખનું આખ્યા નામ જાણો છો. જો પુસ્તકોની ગોઠવણી ગ્રંથાલયમાં આખ્યાનામાંથી ગોઠવ્યા હોય તો, તમારી જરૂરિયાત પૂરી થશે, પરંતુ આખ્યાનામાંથી પ્રલેખોની ગોઠવણીની રીત બહુ સહાયરૂપ બનતી નથી. હંમેશાં કોઈ આખ્યાનામ ખોટું પડવાનો સંજોગ રહેતો હોય છે. ક્યારેક એક આવૃત્તિથી બીજી આવૃત્તિ થતાં આખ્યાનામ બદલાઈ જતું હોય છે. ક્યારેય એક જ પ્રલેખ જુદા જુદા દેશોમાંથી જુદા જુદા આખ્યાનામોથી પ્રકાશિત થતા હોય છે, ભલેને તેની ભાષા એ જ રહેતી હોય.

આખ્યાનામથી ગોઠવણી, લેખકનામથી ગોઠવણીની જેમ એક જ વિશિષ્ટ વિષયના પુસ્તકો /એક સ્થાને લાવવામાં નિષ્ફળ રહેતા હોય છે. આ ખામીઓને કારણે આખ્યાનામથી ગોઠવણી બહુ સહાયક બનતી નથી. અહીં એનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

Instant Astrology by Jact London

Instant Beauty Tricts by P. L. Brooks

Instant Book Keeping by D. C. Conaway

Instant Chicago by J. Graham

Instant Colledge by R. W. Graham

Instant Divorce by S. Rosen

Instant English Handbook by M. Semmelmeyer

Instant Medical Advisor by J. Smith

Instant Printings by N. Koni

Instant Quotation Dictionary by O.B. Bolander

વિષય અભિગમ : (Subject Approach) : શૈક્ષણિક, વિશિષ્ટ, પ્રૌદ્યોગિક અને સંશોધન ગ્રંથાલયો અને મહદ્‌અંશે સાર્વજનિક ગ્રંથાલયોમાં પણ મોટાભાગના વાચકોના પ્રલેખો પ્રત્યેનો અભિગમ વિષય આધારિત હોય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને લઈને વાચકોનો વિષય પ્રત્યેના અભિગમમાં વૃદ્ધિ જોવા મળે છે અને સામાજિક વિજ્ઞાનોમાં પ્રલેખો, લેખક અને આખ્યાનું મહત્ત્વ છે. પણ એ પૂરતું નથી. આ ક્ષેત્રો પ્રલેખોમાં પ્રચંડ વધારો જોવા મળે

છે. વિશિષ્ટ આખ્યા અથવા લેખકના નામથી પ્રલેખની પુનઃપ્રાપ્તિ ઘણીવાર મુશ્કેલીભરી હોય છે. સિવાય પ્રશિષ્ટ સાહિત્ય માટે સાચું છે.

આથી, સારાં, સુવ્યવસ્થિત ગ્રંથાલયોમાં પ્રલેખો વિષયવસ્તુને આધારે ગોઠવવામાં આવે છે. આ ગોઠવણી એક જ વિશિષ્ટ વિષયના પ્રલેખો સાથે સાથે લાવવામાં મદદરૂપ બને છે. અને સંબંધિત વિષયોના પ્રલેખો ફલક ઉપર એકબીજાના સાનિધ્યમાં રહે છે. આને પરિણામે ડૉ. રંગનાથને એને અપૂપા (APUPA) વ્યવસ્થા કહી છે. જે ગ્રંથાલયશાસ્ત્રના પાંચ સૂત્રોને પૂર્ણ રીતે સંતોષ આપે છે. આ વ્યવસ્થામાં પ્રચ્છાયા ક્ષેત્ર (UNBRAL REGION) કોઈની પણ અભિરૂચિનું લક્ષ્ય બિંદુ હોય છે. એની પૂર્વે અને પશ્ચાત ઉપચ્છાયા ક્ષેત્રો (PENUMBRAL REGION) હોય છે. તથા વિષયોના નિરૂપણ કરવા થકી બેઉ તરફની પરિસ્થિતિ અસંગત (ALIEN REGION) રચાય છે. વિશેષતઃ મુક્તપ્રવેશ પદ્ધતિવાળા ગ્રંથાલયોની વ્યવસ્થામાં સહાયરૂપ અને સાનુકૂળ છે. વાચકો સીધા જ (ગ્રંથ ભંડારના) ફલકો પાસે જઈ શકે છે. અને ગ્રંથ સંગ્રહને જોઈ તપાસી શકે છે. સામાન્ય રીતે, અપૂપા ગોઠવણી દ્વારા ગ્રંથાલયોનો ઉદ્દેશ્ય પ્રલેખોની ગોઠવણી વિષયવાર સુનિશ્ચિત કરવાનો હોય છે.

એક અને સરખા વિષયના પ્રલેખોને ફલક ઉપર સંબંધિત વિષયોના પ્રલેખોનો સાથે સાથે લાવવામાં ગોઠવણી મદદરૂપ રહે છે. તમે કોઈ વિશિષ્ટ પ્રલેખને જોવા ઈચ્છા રાખો છો. ધારો કે તમે ભૌતિકશાસ્ત્ર, જે ગ્રંથાલયમાં વિષય ગોઠવણી અસ્તિત્વ ધરાવે છે ત્યાં માત્ર ભૌતિકશાસ્ત્રના પ્રલેખો જ નહિ, પરંતુ તેની સાથે નિકટનો સંબંધ ધરાવતા જેમ કે રસાયણવિજ્ઞાનના પુસ્તકો પણ ગોઠવાયેલા હોય છે. એવું બની શકે કે વિશિષ્ટ આખ્યાનામવાળું પુસ્તક પ્રાપ્ત ન પણ થાય, તમે એજ વિષયના અન્ય આખ્યાનામવાળા પુસ્તકો તમારી જરૂરિયાત પૂરી પાડશે. કેટલાક વિદ્વાનોને પોતાના વિષયો ઉપર બધું જ જાણવાની આવશ્યકતા હોય છે. આપ જોઈ શકશો કે પદાર્થવિજ્ઞાનની પાસે એક તરફ ગણિત તથા ખગોળવિજ્ઞાનના પુસ્તકો હોય છે અને બીજી તરફ રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પુસ્તકો હોય છે.

પ્રલેખોની વિષય વ્યવસ્થાથી આપ જાણી શકો કે...

(i) પુસ્તકાલયમાં કોઈ એક વિશિષ્ટ વિષય ઉપર કરેલાં પ્રલેખો પ્રાપ્ય છે; અને

(ii) એ વિષય ઉપર સંગ્રહની ગુણવત્તા કટેલી છે ? અને એ સંગ્રહમાં કઈ ખામીઓ છે.

આ પ્રકારની ગોઠવણી 'સહસંબંધિત ક્રમ' તરીકે ઓળખાય છે, મોટા અને સમૃદ્ધ ગ્રંથાલયોમાં કેટલાક વિભાગ હોય છે, જેમ કે....

(i) પાઠ્યપુસ્તકો

(ii) સંદર્ભ ગ્રંથો

(iii) મહાનિબંધો અને શોધનિબંધો

(iv) ચોપાનિયાઓ

(v) સામયિકોના બાંધેલા સંપુટો

આપ જોઈ શકશો કે આ જુદા જુદા સંગ્રહો કોઈ એક ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિનો ઉપયોગ કરીને વિષયવાર વ્યવસ્થિત કર્યા હોય છે. વિષયનિષ્ણાતોના અભિપ્રાયને માન્ય કરીએ તો પ્રલેખોની ગોઠવણી વિષય સિવાયની અન્ય રીતે ગોઠવવાથી આધુનિક ગ્રંથાલયોના વાચકોની આવશ્યકતાની પૂર્તિ થતી નથી. વર્તમાનકાળમાં (આજકાલ) પુસ્તકો માટે વિષય અભિગમમાં મુખ્ય પ્રાધાન્યતા છે. મેલ્વિલ ડ્યૂઈ, જે.ડી. બ્રાઉન, ડબલ્યુ સી. સેયર્સ, એસ. આર. રંગનાથન, એમ. ઈ. બ્લિસ અને અન્ય વર્ગીકરણ પદ્ધતિના પ્રણેતાઓ પ્રલેખોની વિષયવાર ગોઠવણીની વકિલાત કરનારા છે. વિષયાનુસાર ગોઠવણીનો એ મતલબ નથી કે કર્તા અને આખ્યા અભિગમનો કોઈ અવકાશ જ રહેતો નથી. આ અભિગમ કરતા અને આખ્યાનામ સૂચિઓ દ્વારા દરકાર લેવામાં આવે છે. વિષય ગોઠવણી કાયમી છે અને એને માટેનો આધાર પ્રલેખોનું વિષયવસ્તુ છે. ગ્રંથાલય વર્ગીકરણ એ એક એવી પ્રવિધિ છે, જે પ્રલેખોના વિષયવસ્તુને યંત્રવત્ બનાવી દે છે. ગ્રંથાલયોને અધિક સહાયતા પ્રદાન કરનારી એક તકનીક છે.

તમારી પ્રગતિ ચકાસો :

1) પુસ્તકાલયોમાંથી પ્રલેખોની શોધ કરવા માટેના વાચકોના અભિગમો ઉપર સંક્ષિપ્ત ટિપ્પણી લખો :

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

2.3 વર્ગીકરણ (CLASIFICATION)

2.3.1 વર્ગીકરણનો અર્થ (Meaning of Claffication)

વસ્તુઓ (અમૂર્ત અને મૂર્ત બેઉ) પદ્ધતિસર જૂથ બનાવવું એ વર્ગીકરણ તરીકે ઓળખાય છે. મનુષ્યની બધી જ પ્રવૃત્તિઓના મૂળમાં વર્ગીકરણ રહેલું છે. આપણું રોજિંદા જીવનની ઘણી બધી પ્રવૃત્તિઓમાં વર્ગીકરણની પ્રક્રિયા ઉપર આધારિત છે. ગમે તેમ પણ આ પ્રક્રિયા પ્રારંભિક રૂપે જોઈ શકાશે. તમારી આસપાસ અસંખ્ય પ્રવૃત્તિઓમાં વર્ગીકરણની ભૂમિકા રહેલી છે એ તમે નિશ્ચિતપણે યાદ કરો. ઉદાહરણરૂપે, રેલવે સમસયસારણી, ગ્રોસરીની દુકાનમાં પ્રદર્શિત કરેલી વસ્તુઓ, ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં ચીજવસ્તુઓની ગોઠવણીથી ગ્રાહકોની ચીજવસ્તુઓ પસંદ કરવાની સુવિધાઓ આપે, થિયેટર અથવા સ્ટેડિયમમાંની બેઠક વ્યવસ્થા, રાજયના

વાહનવ્યવહાર ખાતા દ્વારા વાહનોના નંબરો આપવાની પદ્ધતિ અથવા ટપાલની ઝડપી પરવાનગી કરવા માટે ટપાલીઓ ટપાલો/પત્રોને પહેલાં શહેરથી પછી શેરીથી અને છેલ્લે ઘરનંબરથી છૂટા પાડતાં હોય છે. આપણી પ્રવૃત્તિઓમાં આપણે કેવી રીતે રોજિંદા પ્રશ્નમાં વર્ગીકરણનો ઉપયોગ કરીએ છીએ એના આ સરળ ઉદાહરણો છે.

લેટિન શબ્દ 'Classic' પરથી 'Classification' શબ્દ ઉતરી આવ્યો છે. જેનો અર્થ રોમન સમાજમાં જન્મ અને સંપત્તિના આધારે કુલીનવર્ગની પ્રજાની શ્રેણી દરજ્જો નક્કી થતો હતો. વર્ગીકરણની એ એક માનસિક પ્રક્રિયા છે, જે દ્વારા વસ્તુઓ તેનામાં રહેલી સમાન ખાસિયતોને આધારે જૂથમાં અલગ અલગ ભાગોમાં વહેંચી શકીએ છીએ. ઉદાહરણ રૂપે જેમ કે, લેખનસામગ્રીઓને સમાન ખાસિયતોને આધારે એક જૂથમાં વહેંચી શકાય છે. બીજા શબ્દોમાં વર્ગીકરણ એટલે સરખી વસ્તુઓ વર્ગ ઓળખવાનો સમાન પ્રયત્ન છે. વસ્તુઓની સમાન ખાસિયતો અને અસમાન ખાસિયતો ધરાવતી વસ્તુઓને અલગ પાડવાના આપણાં પ્રયત્નો સફળ થાય છે. સાર એ છે કે વર્ગીકરણનો અર્થ વિભાજન, જૂથીકરણ, અલગ કરવા, વ્યવસ્થાપન, ક્રમબદ્ધ કરવું, શ્રેણીબદ્ધ કરવું, એક વસ્તુને બીજી સંબંધિત વસ્તુઓની સાથે જોડવી.

એસ.આર.રંગનાથને તેમના 'પ્રોલેગોમેના ટુ લાઈબ્રેરી ક્લાસિફિકેશન' Prolegomena of Library Classification, (1967) ગ્રંથમાં વર્ગીકરણના અર્થની વિસ્તારપૂર્વક ચર્ચા કરેલ છે. ભૌતિક વસ્તુઓના સંદર્ભમાં વિભાગ અને વિભાજન એ બે વર્ગીકરણના પરિણામો છે. રંગનાથને મતે, જ્યારે વિભાગ પાડીએ છીએ ત્યારે વસ્તુઓને છૂટ પાડી તેને બે અથવા વધુ જૂથો પાડીએ છીએ. વિભાજન વધારામાં આ જૂથોનો પૂર્વનિર્ધારિત ક્રમ આપે છે. વિશેષતઃ ગ્રંથાલય વર્ગીકરણમાં વસ્તુઓનો ક્રમ દા.ત. પ્રલેખો, માટે સંજ્ઞાના ઉપયોગથી યાંત્રિક રીતે ક્રમમાં ગોઠવાય છે કે, પ્રલેખ બહિષ્કૃત અથવા ઉમેરવાથી સંજ્ઞામાં પ્રતિબિંબિત થતું હોય છે.

આમ, કોઈપણ જોઈ શકે છે કે 'વર્ગીકરણ' એ વિવિધાર્થી પદ છે. આથી કરીને રંગનાથને આ પદનો ઉપયોગ કર્યો છે એના વિવિધ રીતે આ પદના વિવિધાર્થી અર્થોની મુશ્કેલીનો ઉકેલ માટેનો તપાસ કરવાનો પ્રયત્ન કર્યો છે :

- વર્ગીકરણ એ વિભાગ છે 1 અર્થમાં.
- વર્ગીકરણ એટલે વિભાજન છે 2 અર્થમાં.
- વર્ગીકરણના અર્થ 3માં વર્ગીકરણ અર્થ 2 વત્તા ક્રમસૂચક સંખ્યા પદ્ધતિના ક્રમમૂલક સંખ્યાઓમાંથી લીધેલ દરેક વસ્તુઓની પ્રતિનિધિત્વ કરતી સંખ્યા પ્રદર્શિત કરે છે, જે ક્રમની યંત્રવત જાળવણીને માટે રચાયેલી હોય છે.

વર્ગીકરણનો ચોથો અર્થ વર્ગીકરણના અર્થ 3 અર્થની સાથે સાથે પરિવર્તિત વિશ્વનું પૂર્ણ વિભાજન છે. એટલે ઉત્તરોત્તર વિભાજનથી ઉદ્‌ભવેલ વસ્તુઓ તથા આભાસી વસ્તુઓ એક જ વંશાનુબદ્ધ ક્રમમાં વ્યવસ્થિત ગોઠવાય તો એ ચતુર્થ અર્થનું વર્ગીકરણ કહેવાય છે.

વર્ગીકરણ, પાંચમા, અર્થમાં, વર્ગીકરણનો ચતુર્થ અર્થ બતાવતી બધી વસ્તુઓ રદ કરીએ તો કેવળ આભાસી-વસ્તુઓનો અર્થ વર્ગો જ મેળવાય છે.

(1) અથવા તો વર્ગીકૃત વિશ્વ અસીમ છે.

(2) કેટલીક વસ્તુઓ અજ્ઞાત અને અજ્ઞેય હોય, પછી ભલેને વર્ગીકૃત વિશ્વ સીમિત હોય.

વર્ગીકરણનો આ પાંચમો અર્થ ગ્રંથાલય વ્યવસાયમાં પ્રયોજાય છે. ગ્રંથાલયોનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રલેખોને મહત્તમ સહાયકરૂપે ગોઠવણી કરીને સ્થિર કરવાનું છે. આથી કરીને પૂર્વનિર્ધારિત સંજ્ઞાના ઉપયોગ દ્વારા, વિષયોના નામો માટે ટૂંકા પ્રતીકો પ્રયોજાય છે. આ અને અન્ય એકમોમાં આ અર્થમાં વર્ગીકરણ શબ્દનો ઉપયોગ કરેલ છે.

2.3.2 ગ્રંથાલય વર્ગીકરણની વ્યાખ્યા (Definition of Library Classification)

ગ્રંથાલય વિજ્ઞાનમાં વર્ગીકરણના અર્થો સમજ્યા પછી હવે આપણે ગ્રંથાલય વર્ગીકરણની કેટલીક પ્રસિદ્ધ વ્યાખ્યા ઉપર વિચાર કરીશું.

ગ્રંથાલય વર્ગીકરણની વ્યાખ્યા વર્ગીકરણ પ્રણેતાઓ અને વિવેચકો બેઉ દ્વારા ચર્ચાયેલી છે. માર્ગરિટ માન (Margaret Mann) ના મતે વર્ગીકરણ એટલે "કેટલીક વસ્તુઓમાં રહેલી સમાનતા અને અસમાનતાને આધારે ગોઠવણી કરવી. આ વસ્તુઓને છૂટાં પાડીને અને જૂથોમાં વહેંચી, એથી વિશેષ પુસ્તકોનું વર્ગીકરણ એ જ્ઞાન વર્ગીકરણ છે, જેમાં પુસ્તકોના ભૌતિક સ્વરૂપ સાથે જરૂરી અનુકૂલન કરવું પડતું હોય છે."

બર્વિક સેયર્સ (W.C.Berwick Sayers) એની વ્યાખ્યા આપતાં લખ્યું છે કે, "ફલકો ઉપર પુસ્તકોની ગોઠવણી અથવા એનું વર્ણન એવું હોવું જોઈએ કે જેઓ વાંચે છે તેમને ઘણું જ મદદરૂપ બનતું હોય છે. આર્થર માલ્ટબી (Arthar Maltby) એ સેયર્સની વ્યાખ્યાને સંશોધિત કરીને લખે છે કે, ""પુસ્તકની અને અન્ય સામગ્રીઓની ફલક ઉપર પદ્ધતિસરની ગોઠવણી અથવા સૂચિ અને નિર્દેશિકાના સંલેખો દ્વારા જેઓ વાંચવા અથવા નિશ્ચિત માહિતી ઈચ્છે છે તેમને સૌથી વધુ ઉપયોગી લાભદાયક છે." રંગનાથનની વ્યાખ્યા વધુ વ્યાપક છે એટલે આપણે એનો વિસ્તારથી અભ્યાસ કરીશું.

રંગનાથના મતે "ગ્રંથાલય વર્ગીકરણ પુસ્તકના વિષયના નામનો કૃત્રિમ ભાષામાં અનુવાદ છે. આથી એક જ વિશિષ્ટ વિષય ધરાવતા પુસ્તકોની ક્રમબદ્ધ વાચક સંખ્યાના અંકો દ્વારા ગોઠવણી કરવાની છે, જો પુસ્તકના અંતર્ગત વિષયની અપેક્ષાએ પુસ્તકના અન્ય લક્ષણો નિરૂપિત કરે છે." આ વ્યાખ્યામાં, આપણે ત્રણ મહત્ત્વના પાસાં શોધી શકીએ છીએ.

(1) કૃત્રિમ ભાષા (artificial language)

(2) ક્રમવાચક સંખ્યા અને

(3) વિશિષ્ટ વિષય

આ ત્રણેય પાસાંઓ વિષે કેટલુંક સ્પષ્ટીકરણ આવશ્યક છે.

કૃત્રિમ ભાષા : ગ્રંથાલય વર્ગીકરણમાં આપણે વિષયોને ઓળખવા માટે પ્રતીકોનો ઉપયોગ કરીએ છીએ. વિષયોના નામ એક સામાન્ય માનવીની સમજમાં આવે એવી સામાન્ય ભાષામાં હોય છે. એટલે આપણે એને કુદરતી ભાષા કહીએ છીએ, જે સમાજમાં રહેતો માનવી સ્વાભાવિક રીતે સમજી શકે છે. એથી ભિન્ન, જે વિષયોને સૂચવવા માટે પ્રતીકો ગણિત

માટે B અથવા 510 અથવા QA નો ઉપયોગ કરીશું, તો આ કૃત્રિમ ભાષા છે અને વિશેષરૂપથી શિક્ષિત વ્યવસાયિક વર્ગને સમજાશે. એનું મૂલ્ય કેવળ ક્રમવાચક છે, જેનો અર્થ એ છે આ પ્રતીકોનું જથ્થાત્મક અથવા ગુણાત્મક મૂલ્ય હોતું નથી, એ માત્ર ફલકો ઉપરના ક્રમ/અનુક્રમ નિશ્ચિત કરે છે. આ પ્રતીકો ફલકો પરની પસંદગીના ક્રમની ગોઠવણી/જાળવણી રાખવા અથવા વાચકોએ આપેલા અથવા વાંચવા માટે લીધેલ પુસ્તકો પુનઃ યોગ્યક્રમ સિવાય કંઈ જ દર્શાવતું નથી.

ક્રમવાચક સંખ્યા : એનો ઉપયોગ ગણતરી કરવાના ઉદ્દેશ્યને માટે નથી કરાતો, પરંતુ વસ્તુઓની ક્રમબદ્ધ તથા યંત્રવત ગોઠવણી કરવાને માટે કરવામાં આવતો હોય છે. ઉદાહરણ રૂપે એક પરિસંવાદમાં ભાગ લેનારા પ્રતિનિધિઓની ઈચ્છિત અનુક્રમમાં યાદી યોગ્ય સિદ્ધાંતની સહાયતાથી યંત્રવત્ કરી શકાય છે.

મેલ્વિલ ડ્યૂઈ (Melvil Dewey) (1851-1931) ને આધુનિક ગ્રંથલાય વર્ગીકરણના જન્મદાતા માનવામાં આવે છે, જેમણે સર્વપ્રથમ હિંદી-અરબી અંકો (0-9)નો, વ્યાપક તેમજ ગહન વિષયોને માટે ક્રમવાચક સંખ્યાના રૂપમાં, 1876માં પ્રકાશિત ડેસિમલ ક્લાસિફિકેશનમાં ઉપયોગ કર્યો. ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશનની વધુ જાણકારીને માટે આ પાઠ્યક્રમના એકમ-4, 10 તથા 11 અને બી.એલ.આઈ.એસ. 03 ના ખંડ-1 અને 2માં જુઓ. ત્યારથી ક્રમવાચક સંખ્યા જેને ગ્રંથાલય વર્ગીકરણમાં સંજ્ઞા કહીએ છીએ. ગ્રંથાલય વર્ગીકરણની યોજનાઓમાં શૈલી અને ઉપયોગનું મુખ્યતત્ત્વ રહેલું છે.

વિશિષ્ટ વિષય (Specification Subject) : પ્રલેખના વિષયવસ્તુનો સંબંધ જ્ઞાનના કોઈ ક્ષેત્ર સાથે સંકળાયેલ હોય છે. એક વર્ગીકરણ માટે એ જાણવું અતિ આવશ્યક છે કે પ્રલેખનું વિષયવસ્તુ ક્યું છે. સાચો વિષય અથવા વિશિષ્ટ વિષય અંગ્રેની ચોક્કસ જાણકારી થયા પછી વર્ગકાર તે વિશિષ્ટ વિષયને કૃત્રિમ ભાષામાં અથવા વર્ગીકરણ પદ્ધતિનો ઉપયોગ કરીને એને ક્રમવાચક સંખ્યામાં અનુવાદ કરે છે.

પુસ્તકના વિશિષ્ટ વિષયને જાણવા માટે વર્ગકારે એની આખ્યા, અનુક્રમણિકા, પ્રસ્તાવના, ઉપોદ્ઘાત, કેટલાંક પ્રકરણો તપાસવા અને જો જરૂરી જણાય તો સંપૂર્ણ પુસ્તક તપાસવું પડે છે. એથી પણ ક્યારેક એવા પ્રસંગો બને છે કે વર્ગકારે કોઈ વિશિષ્ટ વિષયના પ્રલેખને માટે તજજ્ઞની સલાહ લેવા માટે સંપર્ક કરવો પડે છે.

રંગનાથને વિશિષ્ટ વિષયની વ્યાખ્યા આ રીતે આપી છે કે, "તે જ્ઞાનનો એવો વિભાગ છે કે જે વ્યાપક અને ગહન વિચાર વસ્તુની સમકક્ષ હોય છે. વ્યાપકતા એટલે વિષય માવજતનો ઉદ્દેશ અને ગહનતાનો અર્થ પ્રલેખમાં વર્ણવેલ વિષયની ગૂઢતા આપે છે.

પામર અને વેલ્સ (Parmer and Wells) એની વ્યાખ્યા કરતાં કહે છે કે, "આ જ્ઞાનનું એવું વિભાજન છે, જેમાં બધી મુખ્ય ઘટનાઓ પૂરેપૂરી વર્ણવેલ હોય, જે દ્વારા એનું નિર્માણ થતું હોય છે." હવે આપણે એક ઉદાહરણ દ્વારા પૃથક્કરણ કરીને વિશિષ્ટ વિષયને ચોક્કસપણે જાણીએ.

A.L. Srivastava : A Short History of Akbar the Great Agara.
Shivalal - Aggarwal, 1957

આ પુસ્તકના વિષયવસ્તુને 'ઈતિહાસ' અથવા 'ભારતનો ઈતિહાસ' અથવા 'મુઘલકાળનો

ભારતનો ઈતિહાસ' આ રીતે પુસ્તકના વિષયનું અર્થઘટના કરી શકાય છે. આ બધા સંભવિત વિષયો એ પૂરતાં વિશિષ્ટ છે અને પુસ્તકના સાચા વિષયવસ્તુને વ્યાપક દૃષ્ટિએ રજૂ કરે છે. આથી ઉપરના પૃથક્કરણને પૂર્ણ કરવા માટે એક વધુ પાસું ઉમેરવું પડે છે અને એ પાસું 'અકબરનો શાસનકાળ' છે. આ બધા પાસાંને વર્ગસંખ્યામાં પરિવર્તિત કરવાં પડે છે. આમાંથી કોઈ એક પાસું છોડી દેવામાં આવે તો એની વ્યાપકતા અને ગહનતા પુસ્તકના વિષયવસ્તુ સાથે સમાન રહેતી નથી.

આ પુસ્તકનો વિશિષ્ટ વિષય નીચે પ્રમાણે પ્રાપ્ત કરી શકાય છે :

History (ઈતિહાસ)

Indian History (ભારતીય ઈતિહાસ)

Mughal Period (મુઘલ કાળ)

Akbar (અકબર)

Reign (શાસન)

જ્યારે તમે પ્રલેખના વિચારવસ્તુનું પૃથક્કરણ ઉપર દર્શાવેલ રીતે કરો છો ત્યારે દરેક તબક્કે એક પછી એક વિભાજન કરવામાં વિસ્તરણ (વ્યાપ્ત) ઘટે છે. અને સંકીર્ણતા (ઉંડાણ/ગહનતા) વધતી જાય છે - એ તમે ઉપર જોયું. આ વિષયક્રમ આપવાની રીતે એ 'સામાન્યથી વિશિષ્ટ' તરીકે ઓળખાય છે.

રંગનાથન દ્વારા ઉપર પ્રસ્તુત કરેલ વ્યાખ્યા બે ઉદ્દેશ્યો તરફ નિર્દેશ કરે છે : વિષયનો ક્રમબોધક સંખ્યામાં અનુવાદ અને ગ્રંથાલયના કુલ પ્રલેખોના ક્રમમાં વિશિષ્ટ પ્રલેખનું વ્યક્તિકરણ થાય છે. પ્રલેખમાં વિષયનું સંજ્ઞાની મદદથી વર્ગ અંકમાં અનુવાદિત કરવામાં આવે છે, પરંતુ કેટલાંક પ્રલેખો એક સરખો વર્ગ અંક ધરાવતા હોવાથી વ્યક્તિકરણની સમસ્યા ઉત્પન્ન થાય છે. આથી માત્ર વર્ગ સંખ્યા (વર્ગાંક)થી કામ ચાલતું નથી. એને માટે એક વધારાનું તત્વ આવશ્યક હોય તો બે વધારાના પૂરક તત્ત્વોના ઉપયોગ કરવામાં આવે છે. આ વધારાના તત્વો (1) ગ્રંથાંક (Book Number) તથા (2) સંગ્રહાંક (સંગ્રહ સંખ્યા - Collection Number) ની રચનાથી પ્રલેખનો ક્રમિક સમંક (Call number) ની રચના થાય છે. આ પ્રલેખનો ક્રમિક સમંક (call Numner) છે, જે ગ્રંથાલયમાં એક વિશિષ્ટ પ્રલેખનું વ્યક્તિકરણ કરે છે. હવે આપણે ક્રમિક સમંક અથવા સ્થાનાંકની રચના કેવી રીતે થાય છે એ જોઈએ.

2.3.3. સ્થાનાંક

સ્થાનાંકમાં ત્રણ તત્ત્વો (ઘટકો) દર્શાવાય છે : વર્ગાંક, ગ્રંથાંક અને સંગ્રાહક. નીચે દર્શાવેલ ઉદાહરણમાં સ્થાનાંકમાં ત્રણે તત્ત્વોની હાજરી દર્શાવેલ છે.

Jawaaharlal Nehru : An Autobiography with Musing on Recent Events in India : Bombay, Allied, 1962.

ડ્યુઈ ડેસિમલ ક્લાસિફિકેશન અનુસાર આ પુસ્તકનો સ્થાનાંક આ પ્રમાણે છે :

923.254	વર્ગાંક	સ્થાનાંક
NEH	ગ્રંથાંક	
RR	સંગ્રહાંક	

ઉપરોક્ત ક્રમિક સમંકની સમજૂતી આ પ્રમાણે છે :

923.254 એક ભારતીય રાજનીતિજ્ઞનું જીવનચરિત (અર્થાત્ પુસ્તકનો વિષય અથવા વર્ગાંક)

NEH Nehru (લેખકની અટકના પ્રથમ અક્ષર, અર્થાત્ ગ્રંથસંખ્યા (ગ્રંથાંક)

RR વાચનાલય કક્ષ (Reading Room) સંગ્રહ (ગ્રંથાલયના સંગ્રહમાં) પુસ્તકનું સ્થાન દર્શાવે છે.

આ પ્રકારે ગ્રંથાંક તથા સંગ્રહાંકની મદદથી એક પ્રલેખનું સંપૂર્ણ રીતે વ્યક્તિકરણ થઈ શકે છે. એનો અર્થ એ છે કે સ્થાનાંક એ પ્રલેખને માટેની અદ્વિતીય સંખ્યા છે.

ગ્રંથાંક તથા સંગ્રહાંકની રચનાને માટે અલગ અલગ પદ્ધતિઓ ઉપયોગમાં લેવાય છે.

આ પદ્ધતિઓમાંથી કોઈ એક પદ્ધતિનો ઉપયોગ કરવો એ ગ્રંથાલયે જાતે પોતાનો નિર્ણય કરવાનો રહે છે, અથવા શક્ય હોય તો પોતાની પદ્ધતિ રચીને ઉપયોગ કરી શકે છે.

પ્રવૃત્તિઓ :

(1) તમારા ગ્રંથલાય અથવા અન્ય ગ્રંથાલયોમાં જ્યાં તમે મુલાકાત લીધેલ હોય તેના વિવિધ પ્રકારના સંગ્રહની યાદી બનાવો.

(2) કેટલાંક ગ્રંથાલયોની મુલાકાત લો અને ગ્રંથસંખ્યા અને સંગ્રહસંખ્યા આપવા માટેની વિવિધ પદ્ધતિઓ ઉપયોગમાં લેવાય છે તેનું નિરીક્ષણ કરો.

તમારી પ્રગતિ ચકાસો.

2) ક્રમિક સમંકના ઘટકો પર ટૂંકનોંધ લખો. સ્થાનાંકની રચના કેવી રીતે થાય છે.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

2.3.4 હેતુ અને કાર્ય (Purpose and Function)

અહીં સુધી આપણે વર્ગીકરણના અર્થનો અભ્યાસ કર્યો છે. આપણે ક્રમિક સમંકના મહત્ત્વ વિશે પણ અભ્યાસ કર્યો છે. હવે આપણે સારી રીતે સમજવા માગીએ છીએ કે, ગ્રંથાલયમાં પ્રલેખોનું વર્ગીકરણ કરી તથા ગ્રંથાલયમાં એને પદ્ધતિસર રીતની ગોઠવણી કરીને ચોક્કસ શું સિદ્ધ થઈ શકે છે.

માહિતી ક્રાંતિના આ યુગમાં વિવિધ પ્રકારના પ્રલેખોની પ્રાપ્તિ તથા વ્યવસ્થા વિશે ગ્રંથાલયની ભૂમિકા બાબતે કશું વિશેષ કહેવાની આવશ્યકતા નથી. ગ્રંથાલયો એ સેવા પ્રદાન કરતી સંસ્થા હોવાને કારણે ગ્રંથાલયો દ્વારા પ્રલેખોની પ્રાપ્તિ ઉપયોગ માટે કરવામાં આવે છે. ગ્રંથોને પદ્ધતિસર ગોઠવવાથી વાચકોની વધતી જતી જરૂરિયાતને નિશ્ચિતપણે, વ્યાપકપણે અને શીઘ્રતાપૂર્વક પૂરી કરી શકાય છે.

પેટા-વિભાગ 2.2.3 તથા 2.2.5માં આપણને કહેવાયું છે કે જો ગ્રંથાલયમાં પ્રલેખોની વ્યવસ્થા વિષય સિવાયની અન્ય બાબતોને આધારે ગોઠવણી કરવાથી વાચકોની જરૂરિયાતોને સહાયક નીવડશે નહીં. કારણ મોટાભાગના વાચકોનો અભિગમ ગ્રંથાલયમાં વિષયવસ્તુ સાથે સંકળાયેલ હોય છે. બીજા શબ્દોમાં પ્રલેખોનું વર્ગીકરણ અને ગોઠવણી વિષયવસ્તુને આધારે કરવામાં આવતી હોય છે.

આપણે માહિતી ક્રાંતિના સાક્ષી છીએ. પ્રલેખો વિધવિધ ભાષાઓમાં વિવિધ વિદ્યાશાખાઓમાં ભિન્ન સ્વરૂપે પ્રકાશિત થાય છે. ગ્રંથાલયો હંમેશાં પુસ્તકો પ્રાપ્ત કરીને તેમના સંગ્રહમાં ઉમેરો કરતા રહે છે. કાર્યશીલ ગ્રંથાલયોનો સંગ્રહ વરસોવરસ વૃદ્ધિ પામતો જ રહે છે. રંગનાથને કાર્યશીલ અને પ્રભાવી ગ્રંથાલયોની તુલના વિકસતા સજીવતંત્ર સાથે કરેલ છે. બિનવર્ગીકૃત ગ્રંથાલયમાં જ્યારે સંગ્રહમાં હજારો અને લાખો ગ્રંથોની સંખ્યામાં સતત વૃદ્ધિ થતી રહે છે, ત્યારે વાચકોને કોઈ વિશેષ ગ્રંથની જરૂર પડે ત્યારે ગ્રંથાલયના કર્મચારીઓને શોધવામાં મુશ્કેલી પડતી હોય છે. વાચકોમાં વિષય અભિગમને સંતોષવા માટે સંગ્રહ વર્ગીકૃત હોવો અનિવાર્ય બની રહે છે.

ગ્રંથાલયોમાં જ્યાં એના સંગ્રહની ગોઠવણી પરિગ્રહણ અંકથી અથવા કર્તા અથવા આખ્યાનામ ગોઠવણી તેના વિષયના વર્ણાનુક્રમે ગોઠવીએ તો પણ એથી પ્રાપ્ત થાતો ક્રમ સહાયક નીવડતો નથી, જેથી અસંબંધિત સામગ્રી સાથે આવે છે. નીચેનું ઉદાહરણ જુઓ :

Adult Education

Agricultrue

Algebra

Alloys

American History

Anthropology

Applied mechanics

Arithmetic

Astronomy

Atomic energy

Australian History

આ પ્રકારે વિષયોનો ક્રમ કંઈક અંશે ઓછો ઉપયોગી અને વાચકોની જરૂરિયાત પૂરી પાડવામાં નિષ્ફળ જશે. વિષયોને વર્ણાનુક્રમ વિષયોમાં જે સંબંધિત તાર્કિકતાને વેરવિખેર કરી મૂકે છે એ ઉપરના ઉદાહરણમાં જોવા મળે છે. પદ્ધતિસરની ગોઠવણી દ્વારા વંશાનુબદ્ધક્રમ અથવા સંગ્રહમાંના નજીકનો સંબંધ ધરાવતા વિષયોને સાથે રાખવાથી સિદ્ધ થાય છે. આ પ્રમાણે આપણને ગ્રંથાલય વર્ગીકરણની યોજના (પદ્ધતિ)ની આવશ્યકતા પડે છે. અહીં આ ઉદાહરણમાં દર્શાવ્યા પ્રમાણે પ્રલેખોની વર્ગીકૃત ગોઠવણી ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશનને આધારે અર્થશાસ્ત્રના વિવિધ પાસાં ધરાવતાં પ્રલેખોને સંગ્રહમાં એક જ સ્થાને એક પછી એક સાથે લાવી શકીએ છીએ.

330	Economics explained	By R. L. Hebroner
331	The economics of works and pay	by Albert Reas
332	Essential of Finance	by R.G. Jones
333	The economics of natural resources	by R. Leconber
334	Cooperative housing	by M. Digby
335	socialism without the state	by E. L. rd
336	The firscal system of Hong Kong	by H. C. Y. Ho
337	Building Europe : Britains's in EEC	by K. K. Twitchett
338	Production economics	by M. Fuss
339	Macroeconomics	by J. B. Beare

દરેક વર્ગમાની ગોઠવણી છેવટની અને ઝીણવટપૂર્વક કરવામાં આવતી હોય છે. દા.ત.

300 Social sciennces

330 Economics

332 Financial economics

332.1 Banks and Banking

332.11 Central Banks

332.110954 Reserve Bank of India

ગ્રંથાલયો વિવિધ પ્રકારના પ્રલેખો વિધવિધ ઉદ્દેશ્યથી સંગ્રહ કરે છે. વર્ગીકરણ વિવિધ પ્રકારોના પ્રલેખોને પદ્ધતિસરની ગોઠવણી સિદ્ધ કરી આપવામાં મદદ કરે છે.

મોટા ગ્રંથાલયોમાં સંગ્રહના ભાગો અથવા વિભાગમાં અલગ અલગ રાખવામાં આવતા હોય છે. ગ્રંથાલય સંગ્રહનો કાર્યક્ષમતાપૂર્વક અને અસરકારક રીતે ઉપયોગને માટે તથા ભિન્ન ભિન્ન પ્રકારના વાચકોને સુવિધા પૂરી પાડવાને માટે એમ કરવામાં આવે છે, પ્રત્યેક વિભાગમાંના સંગ્રહને માટે વર્ગીકૃત ગોઠવણીની આવશ્યકતા રહેતી હોય છે. બિનવર્ગીકૃત સંગ્રહથી કોઈ લાભ નથી થતો, એમાં ગમે તેટલા માર્ગદર્શક મૂક્યા હોય. કેમકે વાચક પોતાના ઈચ્છિત પ્રલેખને મેળવવામાં પોતાનો મૂલ્યવાન સમય વ્યય કરીને પોતે પુસ્તકોના મહાસાગરમાં ભૂલો પડ્યો હોય એવો અનુભવ કરે છે. એવું સાચે જ કહ્યું છે કે કે બીનવર્ગીકૃત ગ્રંથાલયમાંથી એક પુસ્તકને શોધવાનું કાર્ય ઘાસના ગંજમાંથી સોય શોધવા સમાન કઠિન છે. એથી વિપરીત, સુવ્યવસ્થિત ગોઠવણી સમય વેડફ્યા વિના વાચકોને મદદરૂપ બનતી હોય છે. આમ ગ્રંથાલયના કર્મચારીઓનો સમય બચે છે, જેનો ઉપયોગ વાચકોના લાભ માટે વ્યક્તિગત સંદર્ભસેવા પૂરી પાડવા માટે કરી શકાય છે. પ્રલેખોની પદ્ધતિસરની ગોઠવણી અસ્તવ્યસ્તતામાંથી ક્રમબદ્ધતા આપે છે. આમ, ગ્રંથાલયમાં સંગ્રહિત સમગ્ર વિષયોના પ્રલેખો સહિત સંબંધિત વિષયો અંગેનું સર્વગ્રાહી ચિત્ર પૂરું પાડે છે. વિષય વંશાનુસાર ક્રમ વાચકોને કેવળ પોતાના પ્રલેખ પ્રાપ્ત કરવાની સગવડતા જ પ્રદાન કરતી નથી, એથી વિશેષ, એના સંગ્રહની શક્તિ અને ત્રુટિઓ વિષેની જાણકારી આપે છે. ગ્રંથાલય વિજ્ઞાનના દ્વિતીય, તૃતીય અને ચતુર્થ સૂત્રો એટલે કે Every reader his/her document, (દરેક વાચકને તેનો પ્રલેખ મળો) Every documents has its reader (દરેક પ્રલેખને તે વાચક મળો) અને Save the time of the reader (વાચકોનો સમય બચાવો)ને ગ્રંથાલયના વ્યવહારમાં ચરિતાર્થ કરી શકાય છે. પ્રથમ અને પાંચમું સૂત્ર અર્થાત્ Books are for use (પુસ્તકો ઉપયોગ માટે છે) તથા A Library is a growing organism (ગ્રંથાલય વર્ધનશીલ તંત્ર છે) પણ ગ્રંથાલયોમાં સુનિયોજીત વર્ગીકરણની ભલામણ કરે છે.

પ્રલેખોની ફલક ઉપરની ગોઠવણી વર્ધનશીલ જટિલતાના ક્રમમાં થતી હોય છે. અર્થાત્ સામાન્યથી વિશિષ્ટ તરફની કોલન ક્લાસિફિકેશન અપૂપા (.....) ઢબની ગોઠવણી કરવામાં સક્ષમ છે. આ ગોઠવણી વિદ્યાશાખા ક્રમમાં હોય છે. એટલે એ સ્વયં-શિક્ષાપ્રદ છે તથા એ વિષયની પ્રગતિ એના વિકાસવાદી ક્રમને પ્રદર્શિત કરે છે.

આ પેટાભાગમાં કરેલ ચર્ચાને આધારે ગ્રંથાલય વર્ગીકરણના કામોનું સારાંશરૂપે વિવરણ નીચે મુજબ કરી શકાય છે.

(1) પ્રલેખોનું સુવ્યવસ્થિત ક્રમથી ગોઠવણી માટે ગ્રંથાલય વર્ગીકરણ મદદરૂપ નીવડે છે,

જે વાચકો અને કર્મચારીઓને માટે અધિક સાનુકૂળ નીવડે છે. સંબંધિત વિષયોને એકબીજાની નજીક લાવે છે, જેને હેનરી બ્લિસે (Henrey Bliss) સાપેક્ષસ્થાન (Collection) કહ્યું છે.

(2) પુસ્તકાલય સંગ્રહનું કદ ગમે તેટલું મોટું હોય, એ એક વાચક દ્વારા ઈચ્છિત કોઈપણ વિષયના કોઈપણ પ્રલેખનું સ્થાન અને ઓળખ આપવામાં મદદરૂપ બને છે. પ્રલેખોની પુનઃપ્રાપ્તિ ઝડપી બને છે. તથા પુનઃ એના મૂળ સ્થાન ઉપર પાછું ગોઠવી શકીએ છીએ. આ રીતે પ્રલેખોનું સ્થાન નિર્ધારણ, આપ-લે, પ્રતિસ્થાપનના કાર્યને સંપૂર્ણ રીતે યંત્રવત કરી શકાય છે.

(3) એ પ્રલેખોને વ્યવયવસ્થિત સમૂહોમાં વ્યવસ્થિત કરવામાં મદદ કરે છે, જેમ કે એને નિશ્ચિત ખાના રાખ્યા હોય અને જ્યારે કોઈ નવો પ્રલેખ ગ્રંથાલયના સંગ્રહમાં ઉમેરાતો હોય છે ત્યારે વર્ગીકરણ આ નવા ઉમેરાતા પ્રલેખોને એ જ વિષયના અન્ય પ્રલેખોની સાથે યોગ્ય સ્થાનમાં ગોઠવી શકીએ છીએ.

(4) જ્ઞાનવિશ્વ ગતિશીલ, સતત, અસીમ તથા સતત વર્ધનશીલ છે. માનવ જ્ઞાનમાં નવીન ક્ષેત્રો અથવા વિષયો સતત ઉમેરાતા રહે છે. જ્યારે ગ્રંથાલયના સંગ્રહમાં કોઈ નવા વિષયમાં પહેલો પ્રલેખ ઉમેરાય તો એને સંબંધિત વિષયના પૂર્વેના પ્રલેખોની વચ્ચે પોતાના માટેનું યોગ્ય સ્થાન અર્થાત્ પોતાના સગા-સંબંધીઓની વચ્ચે સંબંધના આધાર પર યોગ્ય સ્થાન પોતાની રીતે જ મેળવી લેતું હોય છે. ઉપરોક્ત (ii) (iii) અને (iv) અંતર્ગત વર્ણવેલ મુદ્દાઓને યંત્રવત્ ગોઠવણીનું કાર્ય કહેવાય છે.

(5) ગ્રંથાલય વર્ગીકરણ પુસ્તકો પ્રદર્શિત કરવા અને પ્રદર્શકોના આયોજનમાં સહાયક બને છે. કોઈ એક પ્રકરણ અથવા વિષય પર પુસ્તક ચર્ચા, ગોષ્ઠી, સંમેલન અને પ્રદર્શન આયોજિત કરવાના વિશેષ હેતુસર અને ગ્રંથાલય સંગ્રહમાંથી કેટલા પ્રલેખો બહિષ્કૃત કરવામાં સહાયતા મળે છે.

(6) આથી ગ્રંથ આપ-લે વિભાગ દ્વારા વિવિધ વિષયોના પ્રલેખોના રોજે રોજના આપ-લેના દફ્તર રાખવામાં સહાયક બને છે. આમ એક ગ્રંથાલય દ્વારા દેય કરવામાં આવતા પ્રલેખોની આંકડાકીય માહિતીનું સંકલન કરવામાં મદદરૂપ બને છે. જેથી વિવિધ વિષયોના પ્રલેખોની માંગ તથા એના ઉપયોગની કક્ષા દર્શાવી આપે છે. આ પ્રતિભાવથી વિવિધ વિષયોને માટે બજેટમાં ભંડોળની ફાળવણીમાં મદદ કરે છે અને ગ્રંથાલયની ગ્રંથપસંદગીની નવી દિશા મળતી હોય છે. આ પ્રકારે સંકલિત કરેલ આંકડાઓને ગ્રંથાલયના વાર્ષિક અહેવાલમાં રજૂ કરીએ છીએ.

(7) ગ્રંથમેળવણી એ ગ્રંથાલય વ્યવસ્થાનો એક બહુ જ મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. ગ્રંથાલય વર્ગીકરણ ફલકસૂચિના માધ્યમથી ગ્રંથસંગ્રહની કાર્યક્ષમ અને સંપૂર્ણ ગ્રંથ-મેળવણી કરવામાં સહાયક બને છે.

(8) વાચન યાદીઓ સંપાદિત કરવામાં સહાયક બને છે. વિવિધ સારના સંદર્ભ પ્રશ્નોનું વિશ્લેષણ કરવામાં સહાયક બને છે. ગ્રંથાલયો વચ્ચે અરસ-પરસ સંશોધન સહભાગીદારીમાં સંઘસૂચિ એક મહત્ત્વનું સાધન છે.

(10) વર્ગીકૃતસૂચિઓનું નિર્માણ કેવળ વર્ગીકરણ પદ્ધતિથી સંભવ બને છે. સંશોધન ગ્રંથાલયમાં વર્ગીકૃતસૂચિને કોશાનુરૂપ સૂચિ કરતાં વધુ પસંદ કરે છે.

(11) વિષય સંલેખોને પદ્ધતિસર રીતે મેળવવામાં સહાયક બને છે. વર્ગાંક દ્વારા વિશિષ્ટ વિષયના મથાળાઓ મેળવવામાં વર્ણાનુક્રમ વિષયમથાળાઓ રચવામાં અર્થાત્ શૃંખલા પ્રક્રિયામાં સૂચિકારને મદદ કરે છે.

(12) વિષયમથાળાઓ અને શબ્દભંડોળ (Thesaurus) ની રચના કરવામાં વર્ગીકરણના સિદ્ધાંતોનો ઉપયોગ કરવામાં આવે છે.

(13) ગ્રંથાલયના કર્મચારીઓ, વિશેષતઃ વર્ગીકરણકારોને જ્ઞાનવિશ્વની જટિલતાઓથી પરિચિત કરાવે છે તથા એ વ્યાપક જટિલતાઓના વિકાસનો ખ્યાલ આપીને, ગ્રંથાલયોમાં પ્રલેખોની પદ્ધતિસરની ગોઠવણીને આધાર પૂરો પાડે છે.

(14) આજકાલ ઑપેક (OPAC : Online Public Access Catalogures) માં વર્ગીકરણનો ઉપયોગ બહુ લાભ આપે છે. કોમ્પ્યૂટરીકૃત સૂચિ વર્ગાંક ક્ષેત્રનો ઉપયોગ અન્ય ક્ષેત્રો જેવા કે ભાષા, વર્ષ, વિષયમથાળાંની સાથે તાર્કિક ચાલકો જેવા કે, AND/ OR/NOT અથવા બુલિયન તાર્કિક પ્રચાલકો દ્વારા સંયોજિત થઈ શકે છે. વર્ગાંકનો ઉપયોગ વ્યાપક અથવા જટિલ શોધોમાં કરી શકાય છે. અન્ય ક્ષેત્રોમાં સંસર્ગથી વર્ગસમંક દ્વારા માહિતી પુનઃપ્રાપ્તિમાં કાર્યક્ષમતા (પુનઃપ્રાપ્તિ અને ચોક્સાઈ પ્રમાણ)ની વૃદ્ધિ કરવામાં વર્ગીકરણ એક સાધન છે.

(15) પ્રલેખોમાં વર્ણિત જ્ઞાનનો મહત્તમ ઉપયોગ કરવાને માટેની વ્યવસ્થાનો આધાર છે. પ્રલેખોની અસરકારક વાઙ્મય વ્યવસ્થા નિયંત્રણ અને પુનઃપ્રાપ્તિ માટેનો આધાર છે. વાચકો અને ગ્રંથાલયના કર્મચારીનો સમયની બચત કરનારી યુક્તિ છે. જેમ કે વ્યક્તિ માને છે કે પુસ્તકોમાં જ્ઞાનની શોધમાં સમની બચત કરનારી યંત્રવત યુક્તિ છે.

તમારી પ્રગતિ ચકાસો.

3) એવી ગ્રંથાલય સેવાઓ/પ્રક્રિયાઓની યાદી બનાવો કે જ્યાં વર્ગીકરણ મહત્ત્વપૂર્ણ સુવિધાઓ પૂરી પાડતી હોય.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

2.4 સારાંશ (SUMMARY)

એ બહુ જરૂરી છે કે ગ્રંથાલયના વિવિધ પ્રકારના સંગ્રહોનું વર્ગીકરણ અને સહાયકમમાં ગોઠવણી દ્વારા એનો મહત્તમ ઉપયોગ થવો જોઈએ. આ એકમમાં અમે વિવિધ પ્રકારના સંગ્રહો અને એની ગોઠવણી નક્કી કરનારા ઘટકોની ચર્ચા કરી છે. અમે પ્રલેખો માટે ગ્રંથાલયમાં વાચકોના વિવિધ અભિગમો બાબતે ચર્ચા કરી, જેમ કે કર્તા, આખ્યા અને વિષય અને વર્તમાન સમયના ગ્રંથાલયોમાં વિષય પરત્વેના અભિગમની મહત્ત્વની ચર્ચા કરેલ છે. વાચકોના વિષય અભિગમને આધારે પ્રલેખોને તેના વિષય વસ્તુને આધારે વર્ગીકૃત કરવાથી પૂર્ણપણે સંતોષી શકીએ છીએ. ગ્રંથાલય વર્ગીકરણ ગ્રંથાલયના પ્રલેખોની વિષય ગોઠવણી સિદ્ધ કરવાનું અને સૂચિમાં સંલેખોનો વ્યવસ્થિત ગોઠવવાનું સાધન છે.

વર્ગીકરણ પદના વિવિધ અર્થો અને ઉદ્દેશ્યો વિષે વિગતે ચર્ચા કરેલ છે. અને ગ્રંથાલયવિજ્ઞાનના સાહિત્યમાં પ્રાપ્ય ગ્રંથાલય વર્ગીકરણની કેટલીક મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાઓની ચર્ચા કરેલ છે. રંગનાથનની વ્યાખ્યા અને તેના અમલીકરણ અંગે પણ સમજાવ્યું છે. આ એકમમાં ગ્રંથાલય વર્ગીકરણના હેતુ અને કાર્યો વિષેની ચર્ચા સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરેલ છે. આમ આ એકમ, ગ્રંથાલયમાં ગ્રંથાલય વર્ગીકરણની ભૂમિકા સમજવામાં સહાયરૂપ બને છે. વાસ્તવમાં એ ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના અધ્યયનનો આધાર છે.

2.5 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

(1) વાચકો ગ્રંથાલયમાં પ્રલેખો લેવા આવે છે. તેઓ લેખકનું નામ જાણતા હોય તો પ્રલેખોની માંગ માટે એનો ઉપયોગ કરી શકે છે. આ કર્તા અભિગમ છે. લેખકનું નામ બધી જ પરિસ્થિતિઓમાં જાણતા નથી હોતા. પરંતુ જો પ્રલેખનું આખ્યાનામ જાણતા હોય તો વાચકો એને આધારે માંગ કરે છે. આ એક મથાળા અભિગમ (Title Approach) તરીકે ઓળખાય છે. પ્રલેખો માટેના આ બેઉ અભિગમો છે. વાચકો એનાથી પરિચિત છે. અને કદાચ કોઈકવાર એનો ઉપયોગ કર્યો પણ હોય અથવા એનો દસ્તાવેજ કોઈ વાઙમયસૂચિમાં પહેલા જોયો પણ હોય. આ બેઉ અભિગમો કોઈ પ્રશ્નનો ઊભો નથી કરતા, કારણ કે જાણીતી વસ્તુઓ જાણીતા ક્રમમાં છે. કર્તાસૂચિ અનેઆખ્યાસૂચિ વર્ણાનુક્રમે ગોઠવેલી હોય છે, તેનો ક્રમ જાણીતો છે. ત્રીજી પરિસ્થિતિમાં એ છે કે જ્યાં વાચક કર્તાનું નામ કે પ્રલેખની આખ્યાનું નામ નથી જાણતા. પરંતુ એને જે વાચનસામગ્રી જોઈએ છે તેનો વિષય જાણે છે. આ વિષય અભિગમ (Subject Approach) તરીકે ઓળખાય છે. આ અંતિમ અભિગમ અજ્ઞાત સામગ્રીને માટે હોય છે અને કેવળ વર્ગીકરણ જ તેની માંગ પૂર્ણ કરી શકે છે.

(2) કોઈ એક પ્રલેખના વર્ગસમંકની રચના ગ્રંથાલયમાં ઉપયોગ લીધેલ વર્ગીકરણ પદ્ધતિને આધારે કરવામાં આવે છે. આ અંક પ્રલેખના વિષયવસ્તુનું પ્રતિનિધત્વ અને જે સ્થાનાંકનો પ્રથમ ઘટક હોય છે. ઘણા બધા પ્રલેખો એક જ વિષયના હોય તો તેનો વર્ગસમંક એક જ હોય એ સ્વાભાવિક છે. આથી એક વિષય પરના એક પ્રલેખને બીજા પ્રલેખથી અલગ પાડવા માટે સરખા વર્ગસમંક ધરાવતા પ્રલેખો માટે બે વધારાના ઘટકો જરૂરી બને છે. એમાંનો એક ગ્રંથાંક છે, જેમાં લેખક, પ્રકાશન, વર્ષ અને રજૂઆતનું સ્વરૂપ વગેરે, ગ્રંથાંક રચવાની ઘણી બધી પદ્ધતિઓ અસ્તિત્વમાં છે અને એમાંની કોઈ એક પદ્ધતિ એ હેતુથી ઉપયોગમાં લેવાય છે. ગ્રંથાંક એ સ્થાનાંકનું બીજું ઘટક છે. વાચકોની સુવિધામાટે અને વળી ગ્રંથાલય સેવાઓને વધુ કાર્યક્ષમ રીતે આપવા, ગ્રંથાલયો વિવિધ સંગ્રહો અને સંદર્ભસેવા, આપ-લે દૂર્લભ ગ્રંથો, માઈક્રોફિલ્મ, નવલકથા વગેરે જેવા વિવિધ સંગ્રહોને અલગ રાખવામાં આવે છે. સંગ્રહ અંકમાં (R for Reference અને F for Fiction) R સંદર્ભ અને F નવલકથા માટે - એ સંખ્યા નિરૂપીત થતી હોય છે. આથી પ્રલેખોની પુનઃપ્રાપ્તિ અને એની ગોઠવણીની વ્યવસ્થામાં સુગમતા પડે છે. સંગ્રહાંક એ સ્થાનાંકમાંનું ત્રીજું ઘટક છે. આ પ્રકારે સ્થાનાંકમાં વર્ગસમંક, ગ્રંથાંક અને સંગ્રહ સંખ્યા એ ત્રણેય વર્ગીકરણ પદ્ધતિની મદદ વડે કોઈ પુસ્તકને અંક આપવાની અલગ અલગ સ્થાનીય પ્રણાલી હોય છે.

(3) ગ્રંથાલય વર્ગીકરણ કેટલીક ગ્રંથાલયસેવાઓ તથા કાર્યોને સુવિધા પૂરી પાડે છે. એમાંની વિશેષ મહત્ત્વપૂર્ણ વાચકો માટેની સેવાઓ છે.

આથી સૌ પ્રથમ આ સેવાઓની યાદી તૈયાર કરીએ.

- સુવ્યવસ્થિત અને સુનિયોજીત ગોઠવણી દ્વારા પુસ્તકોની જોવાની સુગમતા.
- માંગના પ્રત્યુત્તરરૂપે પ્રલેખોના સ્થાનનું નિર્ધારણ અને એની ઓળખ.
- સંદર્ભસૂચિની સહાયતા.
- સંદર્ભ સહાયતા

ગ્રંથાલય વર્ગીકરણ નીચે લખેલી શાસ્ત્રીય સેવાઓ તૈયાર કરવામાં સહાયક બને છે.

- વર્ગીકૃત સૂચિ
- વર્ણાનુક્રમ વિષય નિર્દેશિકાઓ અને થિસૉરસ (શબ્દભંડોળ)
- વાડમયસૂચિઓ
- સંઘસૂચિઓ
- ઑપેક (OPACS - on line public Access system)

અંતમા, એ નીચે લખેલ વ્યવસ્થાકીય કાર્યોમાં મદદ કરે છે.

- આંકડાઓ એકત્રિત કરવામાં.
- ગ્રંથ મેળવણી
- ઉપયોગનું મૂલ્યાંકન અને સંગ્રહની સબળતા કરવા માટે
- ગ્રંથાલયના ઉપભોક્તાઓના સંદર્ભપ્રશ્નોનું મુખકીય પૃથક્કરણ
- પુસ્તક પસંદગી

2.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

કૃત્રિમ ભાષાઓ (Artificial Languages) : વર્ણન કરેલા વિષયને આધારે પ્રલેખોને ગોઠવણી માટે ગ્રંથાલય વર્ગીકરણમાં ઉપયોગમાં લીધેલા પ્રતીકો.

ગ્રંથાંક (Book Number) : આ અંક એવી ક્રમવાચક સંખ્યા છે, જે ગ્રંથાલયમાં એક વિષયના અન્ય પ્રલેખોની વચ્ચે સંબંધિત પ્રલેખનું સ્થાન નિશ્ચિત કરે છે.

નિશ્ચિત સ્થાન (Fixed location) : પુસ્તકોને ફલક સંખ્યા અને અન્ય સ્થાન દર્શાવતું ચિહ્ન, જે દ્વારા તે ખાસ ફલક ઉપર હંમેશા એક જ સ્થાન ઉપર રહે છે.

પરિગ્રહણ અંક (Accession number) : પરિગ્રહણ પત્રકમાં પુસ્તકને માટે સંગ્રહમાં ઉમેરાતા પુસ્તકને અપાતી સંખ્યા. આ અંક પ્રલેખપ્રાપ્તિના ક્રમમાં આપવામાં આવતો અનુક્રમ નંબર છે.

પ્રલેખ (Document) : વિચારોના પ્રત્યાયત માટે નિર્મિત કોઈ રેખાત્મક રેકોર્ડ. જેને લાંબા સમય સુધી સુરક્ષિત અને એક સ્થાનેથી બીજા સ્થાન સુધી પ્રત્યાયન કરી શકાય.

પ્રશિષ્ટ (Classics) : ચીરકાલ સુધી પ્રસિદ્ધિ ધરાવતી રચના/કૃતિ

ફલક સૂચિ (Shelf list) : ગ્રંથાયના ફલક ઉપર ગોઠવેલ પુસ્તકોની એવી સૂચિ કે જેનો સંલેખ સંક્ષિપ્તમાં હોય છે અને કાર્ડપત્રક રૂપે વર્ગીકૃત અનુક્રમમાં વ્યવસ્થિત હોય છે, જે અનુક્રમમાં પ્રલેખોને ફલકો ઉપર રાખ્યા હોય છે.

લક્ષણો/ખાસિયતો (Characteristics) : એક એવું લક્ષણ, જેના આધારે વર્ગીકરણમાં વિભાજનને માટે વસ્તુઓને ભેગી અથવા જુદી કરી શકાય છે.

વર્ગકાર (Classifiser) : ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિનો ઉપયોગ કરીને પ્રલેખોને વર્ગીકૃત કરનાર વ્યક્તિ

વર્ગાંક (Class number) : એક ક્રમવાચક સંખ્યા એટલે એક વર્ગીકરણ પદ્ધતિમાં એક વિષયને અન્ય વિષયોની વચ્ચે એક સ્થાન નિશ્ચિત કરી આપે છે.

વર્ગીકરણશાસ્ત્રી (Classificationist) : ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિની રચના કરનાર વ્યક્તિ.

વિષય વંશાનુસાર ક્રમ (Filiatary Sequence) : વિષયોના સંબંધ અનુસાર પ્રલેખોનો અનુક્રમ

વિસ્તરણ (Extention) : વિષયનો વ્યાપ

સમાંતર ક્રમ (Parrellel Sequence) : એક જ વર્ગીકરણ પદ્ધતિ દ્વારા વર્ગીકૃત અને વર્ગોના સમાન અનુક્રમને પ્રદર્શિત કરનાર બે અથવા વધુ સંગ્રહ

સંકીર્ણતા (Intension) : વિષયની ગહનતા

સંગ્રહ સંખ્યા (Collection Number) : સામાન્ય સંગ્રહથી ભિન્ન કોઈ અન્ય સંગ્રહને દર્શાવવા આરોપિત થતું પ્રતીક (કે જ્યાં પ્રલેખ રાખવામાં આવે છે.)

સંજ્ઞા (Natation) : ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિના વર્ગોનું પ્રતિનિધિત્વ કરનારી ક્રમબોધક સંખ્યાઓની રીત. એના દ્વારા અન્ય પ્રલેખોની વચ્ચે કોઈ પ્રલેખને ગોઠવવાનું સ્થાન નિશ્ચિત કરવામાં આવે છે.

સાપેક્ષ સ્થાન (Collocation) : એક વર્ગીકરણ પદ્ધતિમાં સંબંધ ધરાવતા વિષયોને એકબીજાની નજીક નજીક રાખવા. પ્રલેખોની ગોઠવણી વ્યવસ્થામાં વિષયની સંબંધિત બધા લેખોની એક સાથે લાવવા.

સ્થાનાંક (Call Numner) : ગ્રંથલાયના ફલકો ઉપર પ્રલેખનું સ્થાન ક્કી કરતી ક્રમબોધક સંખ્યા સ્થાનાંકમાં વર્ગસમંક, ગ્રંથ અંક અને સંગ્રહ અંકનો સમાવેશ થાય છે. દરેક પ્રલેખ માટેની આ અંક એ અદ્વિતીય સંખ્યા છે.

2.7 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Krishan Kumar (1988) Theory of Classification. 4th ed. New Delhi : Vikas publishing chapter 1.

Marcell, Rita and Newton, Robert (1996). A New Manual of Classification. New Delhi : Jaico Publishing Chapters 1 and 6

Mills, J. (1996). A Modern Outline of Library Classification. Bombay : Asia Publishing. Chapter 1.

Ohedar, A. K. and B. Sengapta (1977). Library Classification. 2nd rev. ed. Calcutta : World Press. Chapter 1.

Ranganathan, S.R. (1987). Colon Clasification. 7th ed. Edited by M.A. Gopina h. Bangalore : Sarada Ramganathan Endowment for library Scienece.

Ranganathan S.R. (1962) Elements of Library Classification, 3rd ed. Bombay : Asia Publishing. Chapters A and B.

Ranganathan S.R. (1967). Prolegomena to Library Classification. 3rd ed. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science. Chapeters D-L.

Satija, M.P. and Agrawal. S.P. (1966). Book Number : Same Indian Methods. 2nd ed. New Delhi : Reliance Publishing. Chapters 1 and 5

ignou
THE PEOPLE'S
UNIVERSITY

ઈન્દિરા ગાધી નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

BLIS-03
ગ્રંથાલય વર્ગીકરણ
સિદ્ધાંત





ગ્રંથાલય વર્ગીકરણ : સિદ્ધાંત અને વિકાસ

2

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

BLIS-03

ગ્રંથાલય વર્ગીકરણ
સિદ્ધાંત

વિભાગ

2

ગ્રંથાલય વર્ગીકરણ : સિદ્ધાંત અને વિકાસ (THEORY AND DEVELOPMENT OF LIBRARY CLASSIFICATION)

એકમ-3 1
ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતો (GENERAL THEORY OF LIBRARY CLASSIFICATION)

એકમ-4 27
ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓના પ્રકારો (SPECIES OF SCHEMES OF LIBRARY CLASSIFICATION)

એકમ-5 45
વિષયો વિષે શીખવું (LEARNING ABOUT SUBJECTS)

Programme Design Committee (1987-88)

Prof. G. Ram Reddy
Vice-Chancellor
IGNOU

Prof. P.B. Mangla
Dean Arts and Head
Dept. of Library and
Information Science
University of Delhi
Delhi

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor, IGNOU

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Shri S.P. Aggarwal
Director (Retd.)
NASSDOC, New Delhi

Shri P. Satyanarayana
Regional Director, IGNOU

Shri B.P. Shenoy
Special Officer
IGNOU

Course Preparation Team

Prof. A.A. N. Raju
Osmania University, Hyderabad

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Dr. S. Seetharama
DRTC, Bangalore

Mrs. R. Shalini
University of Mysore
Mysore

Shri V.K. Rangra
DESIDOC, Delhi

Shri M.R. Rishwadkar
Poona University, Pune

Prof. G.S. Rao
Editor
IGNOU

Shri B.P. Shenoy
Special Officer
IGNOU

Programme (Curriculum) Revision Committee (1995)

Prof. M.A. Gopinath
Director
DRTC, Bangalore

Prof. S.R. Gunjal (Retd.)
Dept. of Lib. & Inf. Sc.
Gulbarga University, Gulbarga

Prof. S.G. Mahajan (Retd.)
Dept. of Lib. & Inf. Sc.
University of Poona, Pune

Dr. S.S. Murthy
Director
DESIDOC, Delhi

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Prof. A.P. Srivastava
Librarian (Retd.)
University of Delhi, Delhi

Internal Faculty

Prof. R. Satyanarayana
Dr. Uma Kanjilal
Ms. Neena Talwar Kanungo
Dr. Shailendra Kumar
(Presently in Delhi University)
Dr. Pravakar Rath

Programme Coordinators

Prof. R. Satyanarayana and Prof. S.B. Ghosh

Course Coordinator

Dr. Neena Talwar Kanungo

Course Revision Team

Prof. S.B. Ghosh
Prof. R. Satyanarayana
Dr. Uma Kanjilal
Dr. Neena Talwar Kanungo
Dr. Pravakar Rath

Course Editor

Prof. S. Seetharama

Block Preparation Team

Unit	Contributor	Language Editors
3	Dr. M.P. Satija (Revised by)	Dr. Sunaina Kumar
4	Dr. M.P. Satija (Revised by)	Prof. A.K. Verma
5	Dr. M.P. Satija Revised by Prof. S. Seetharama	

Material Production

Mr. B. Natarajan *DR(P)*
Mr. Jitender Sethi *AR(P)*
Mr. Ajit Kumar *SO(P)*

Secterial Assistance

Mr. S. Swaminathan
Mr. Rajiv Kumar

January 2009 (Reprint)
© Indira Gandhi National Open University, 2003
ISBN-7605-619-7
All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from the Indira Gandhi National Open University.

Further information behalf of the Indira Gandhi National Open University courses may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110068.

Printed and published on behalf of the Indira Gandhi National Open University, New Delhi-110068 by Registrar, MPDD.

અનુવાદક :

શ્રી કિરીટભાઈ ભાવસાર
પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ,
ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રંથાલય,
આશ્રમ રોડ, અમદાવાદ-380014

પરામર્શન (વિષય) :

શ્રી નવિન એમ. બારોડિયા
પૂર્વ યુનિવર્સિટી ગ્રંથપાલ,
સોરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય,
રાજકોટ

પરામર્શન (ભાષા) :

પ્રા. ભરત ઠાકોર
વ્યાખ્યાતા (ગુજરાતી),
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સંયોજન સહાય :

શ્રી એસ. સી. શાહ ઈ/ચા. કુલસચિવ, નિયામક	ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રીમતી ચેતના એન. શાહ ગ્રંથપાલ,	ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રી નવલસિંહ કે. વાઘેલા પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ,	ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, આશ્રમ રોડ, અમદાવાદ.

મુદ્રક : કલ્પતરૂ ઓફસેટ, મો. : ૯૮૨૫૦ ૪૨૬૫૧

: પ્રકાશક :

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-61
ટોલ ફ્રી ટે. નં. 18002331020

© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

વિભાગ-2 ગ્રંથાલય વર્ગીકરણ : સિદ્ધાંત અને વિકાસ :

પ્રસ્તાવના :

આ વિભાગમાં ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંત અને વિકાસ વિષે જાણ થાય છે. વૈશ્વિક તે તમને ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતોથી અને જ્ઞાન વિશ્વમાંની વિવિધ ગ્રંથાલય વર્ગીકરણોની પદ્ધતિઓની ઓળખ આપે છે. આ વિભાગમાં ત્રણ એકમો છે.

એકમ 3 માં ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંત સમયાંતરે કેવી રીતે ઉપયોગી થતા ગયા તેની વિસ્તૃત વિગત જાણી શકાય છે. વર્ગીકરણ સિદ્ધાન્તના વિકાસના બે તબક્કાઓમાં વર્ણનાત્મક સિદ્ધાંત અને ગતિશીલ સિદ્ધાંત છે. બ્રાઉન રિચાર્ડસન, હ્યુમ, સેયર્સ, બ્લિસ અને રંગનાથન તેમજ સી.આર.જી (C.R.G)ના યોગદાન ખ્યાતિ પ્રાપ્ત વ્યક્તિઓ વિશે સમજાવવામાં આવ્યું છે.

એકમ 4 માં જુદાં જુદાં પ્રકારોની ગ્રંથાલય વર્ગીકરણ વિષેના ખાસિયત દર્શાવતા લક્ષણો મર્યાદાઓ, સમસ્યાઓ વગેરે પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ એકમમાં ગ્રંથાલય વર્ગીકરણની મુખ્ય પદ્ધતિઓમાંથી સામાન્ય અને વિશિષ્ટ ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓ વિષેની સમજ તમને આપે છે.

એકમ 5માં વિષય વિશ્વના લક્ષણો વિશેષતઃ વિષયરચનાની લઢણો અને તમને તેની પદ્ધતિસરની કાર્યપદ્ધતિ સમજાવી છે કે જેથી તમે પોતે જ નવા વિષયોથી પરિચિત થાઓ, તેથી કરીને ઉપભોક્તાઓને સંબંધિત જરૂરી માહિતી પૂરી પાડવાને બળ મળે.

એકમ-3 ગ્રંથાલય વર્ગીકરણનો સામાન્ય સિદ્ધાંત

રૂપરેખા :

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંતો

3.2.1 સિદ્ધાંતોનું મહત્ત્વ

3.2.2 સિદ્ધાંતોની જરૂરિયાત

3.2.3 સિદ્ધાંતોનો વિકાસ

3.3 ગ્રંથાલય વર્ગીકરણના વર્ણનાત્મક સિદ્ધાંતો

3.3.1 જે.ડી. બ્રાઉન (1862-1914)

3.3.2 ઈ.સી રિચાર્ડસન (1860-1939)

3.3.3 ઈ.ડબલ્યુ હ્યુમ (1859-1954)

3.3.4. ડબલ્યુ સી.બી.સેયર્સ (1881-1960)

3.3.5 એચ.ઈ. બ્લિસ (1870-1955)

3.3.6 એસ.આર.રંગનાથન (1892-1972)

3.3.7 વર્ગીકરણ સંશોધન જૂથ (CRG)

3.4 ગ્રંથાલય વર્ગીકરણના ગતિશીલ સિદ્ધાંત

3.4.1 એસ.આર.રંગનાથન

3.5 સારાંશ

3.6 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

3.7 ચાવીરૂપ શબ્દો

3.8 સંદર્ભો અને વિશેષ વાંચન

3.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમના અધ્યયન પછી આ બાબતથી તમે સક્ષમ બનશો.

- ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતોની આવશ્યતા અને મહત્ત્વ,
- ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંતોનોના બે તબક્કાનો વિકાસ દા.ત. તબક્કો-1 વર્ણનાત્મક તબક્કો અને તબક્કો-2 ગતિશીલ સિદ્ધાંત
- તબક્કા-1ના વિકાસમાં બ્રાઉન, હ્યુમ, સેયર્સ, બ્લિસ અને રંગનાથન અને ક્લાસિફિકેશન રિસર્ચ ગ્રુપ (સીઆરજી) દ્વારા આપેલ પ્રદાન પ્રસ્તૃત કરેલ છે.
- તબક્કા-2માં વિકાસમાં એક માત્ર રંગનાથનના પ્રદાનની વાત કરેલ છે.
- ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંતમાં સ્વયંભૂ સત્યો, સિદ્ધાંતો અને શાસ્ત્રસૂત્રોને સ્થાન આપેલ છે.

3.1 પ્રસ્તાવના (INTRODUCTION)

આ એકમમાં ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંત અને વિકાસ રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગ્રંથાલય અમલીકરણમાં જે કોઈ પણ વિષયમાં આગળ શોધ કરવાના કાર્યને તથા તેના વિકાસ માટેનો આધાર પૂરો પાડે છે. એ પ્રવર્તમાન વસ્તુની ચર્ચા કરે છે, સમજાવે છે. સિદ્ધાંતો સમયની સાથે સાથે વિકાસની પ્રક્રિયામાંથી પસાર થતા રહે છે તેમજ વારંવાર બદલાતા તથા સુધરતા રહે છે. ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંતના વિકાસની વાસ્તવિકતા પણ આ જ છે.

પુસ્તકાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતના વિકાસના મુખ્ય બે તબક્કા છે. પહેલા તબક્કામાં આપણે વર્ણનાત્મક સિદ્ધાંતના ઉદ્‌ભવને જોઈએ છીએ જે ગ્રંથાલય પુસ્તકાલય વર્ગીકરણની (Dynamic) પદ્ધતિની કલ્પના તથા તેના ઉપયોગનો નિચોડ છે. બીજા તબક્કામાં ગતિશીલ સિદ્ધાંતનો વિકાસ છે જેનાથી ગતિશીલ સિદ્ધાંત કેવી રીતે વર્ગીકરણ પદ્ધતિઓની રચના માટે વધારે વિસ્તારવા યોજના તૈયાર કરવામાં માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

પ્રથમ તબક્કામાં જે. ડી. બ્રાઉન, ઈ. સી. રિચાર્ડસન, એડવર્ડ હ્યુમ, ડબલ્યુ. સી. બી. સેયર્સ, એચ. ઈ. બ્લિસ તથા એસ. આર. રંગનાથન જેવા નિષ્ઠાવાન વિચારકોમાંથી કેટલાક તેમના લેખનકાર્ય દ્વારા તથા કેટલાકે તેમની વર્ગીકરણની પદ્ધતિઓ દ્વારા પુસ્તકાલય વર્ગીકરણના વર્ણનાત્મક સિદ્ધાંતના વિકાસમાં યોગદાન આપ્યું છે. વર્ણનાત્મક સિદ્ધાંતના વિકાસના બીજા તબક્કાના અસરકારક વિકાસ માટે આધાર પૂરો પાડ્યો છે અને તેના ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંત માટે આધારશીલ પ્રદાન કરી છે.

તબક્કામાં-બીજા ગતીશીલ સિદ્ધાંતના વિકાસ ઘોષણા થાય છે. તેને ગતિશીલ કહે છે કારણકે ગ્રંથાલય વર્ગીકરણ માટે કાર્યપદ્ધતિની રચના કરવાને સક્ષમ બનાવી હતી. રંગનાથના આના મુખ્ય રચયિતા હતા. એમને આધારભૂત નિયમો, સ્વયંભૂ સત્યો. ઉપસૂત્રો અને સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું હતું. જેના કારણે ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંતનો વિકાસ કરવાની સંપૂર્ણ એવી નવી દિશા મળી. આ નવો સિદ્ધાંત વર્ગીકરણ પદ્ધતિઓની રચનાની મદદ કરે છે, જે

જ્ઞાનની વૃદ્ધિ અને વિકાસને લઈને નવાં પડકારો ઝીલી લઈને તેના મૂલ્યાંકને સહાયભૂત બને છે. આમ રંગનાથની આંતરદૃષ્ટિની સહજબુદ્ધિમાંથી વર્ગીકરણ એ હેતુપૂર્ણ કાર્યરીતિએ વિજ્ઞાનનું રૂપ મળ્યું.

3.2 ગ્રંથાલય વર્ગીકરણનો સિદ્ધાંત (THEORY OF LIBRARY CLASSIFICATION)

ગ્રંથાલય વર્ગીકરણ આ સિદ્ધાંતનો અભ્યાસ કરતા પહેલાં, આપણે માટે એ જાણવું જરૂરી છે કે સિદ્ધાંતનો વિકાસ કેવી રીતે થયો. આપણે માટે એ પ્રકારના સિદ્ધાંતની આવશ્યકતાને ઓળખવી જોઈએ.

3.2.1 સિદ્ધાંતનું મહત્ત્વ (Importance of a Theory) :

સિદ્ધાંત કેવી રીતે રચાય છે. સિદ્ધાંત વિષયના વિકાસ માટે કયા પ્રકારે મહત્ત્વપૂર્ણ છે ? સિદ્ધાંત વ્યવસ્થિત નિયમોનો સમૂહ દર્શાવે છે જે વિષયના વિકાસ તથા તેમાં સંશોધન માટે આધાર પૂરો પાડે છે. સિદ્ધાંત શું અને શા માટે ? વગેરેની વ્યાખ્યા પૂરી પાડે છે. સિદ્ધાંત કોઈ વિષયને, વિષય વિભાગના રૂપમાં માન્ય કરાવે છે અને એક વિષયને વૈજ્ઞાનિક આધાર, પ્રતિષ્ઠા તથા સન્માન અપાવે છે. એકક વિષયના વિકાસ અને બુદ્ધિમાં તેનું કેટલું મહત્ત્વ છે તે વિષે કહેવાની ભાગ્યે જ જરૂર પડે.

3.2.2. સિદ્ધાંતની આવશ્યકતા (Need of a Theory) :

જો આપણે ગ્રંથાલય વર્ગીકરણના ઈતિહાસ પર નજર નાંખીએ તો જણાશે કે તેના વિકાસના પ્રારંભિક તબક્કામાં સંપૂર્ણ જ્ઞાનજગતના વિષયોમાંથી ઘણા ઓછા વિષયોનું વર્ગીકરણ કરવાનું શક્ય હતું અને સ્થૂળ વર્ગીકરણથી જ તે સમયની જરૂરિયાત સંતોષાતી હતી. આ વર્ગીકરણથી જ તે સમયની જરૂરીઆત સંતોષવાનો ઉદ્દેશ પાર પડતો હતો. જે તે સમયની તત્કાલિન કે અલ્પકાલિન સમસ્યાઓ હલ થઈ હતી. પરંતુ સમય જતા આ વિષયોમાં સતત વધારો થતો રહ્યો. જેના આધારે જ્ઞાનને વિભાજિત કરવામાં આવે છે, પરિણામે પ્રર્વતમાન પદ્ધતિ અપર્યાપ્ત સાબિત થઈ. પ્રલેખોમાં વિષયોની જટિલતાઓ વધતાં જ્ઞાનનું સૂક્ષ્મતમ વર્ગીકરણ કરવાની જરૂર ઊભી થઈ તથા જ્ઞાનની અસિમિત વૃદ્ધિનો સામનો કરી શકે તેવા સિદ્ધાંતની જરૂર ઊભી થઈ.

સિદ્ધાંતનો વિકાસ (Development of a Theory) :

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સિદ્ધાંતની પહેલા વ્યવહાર આવે છે. જીવનની જરૂરિયાતો માનવીને ભૌતિક તેમ જ માનસિક રીતે વિવિધ પ્રકારના સાધનોને કામચલાઉ વસાવવા તથા વિકસાવવા પ્રેરિત કરે છે. આ કામચલાઉ સાધનો સાથે કામ કરવાથી લાંબા અનુભવે આ સાધનોને ઊંડાણથી સમજવા તથા તેને વ્યવસ્થિત તેમજ વિકસિત રૂપ પ્રદાન કરવા માટે સિદ્ધાંત વિકસાવવામાં આવે છે. આ જ વાત વર્ગીકરણમાં પણ લાગુ પડે છે. ડ્યૂઈ ડેસીમલ ક્લાસિફિકેશન પદ્ધતિની રચના થયા પછીના 50 વર્ષોમાં રિચાર્ડસન તથા સેયર્સે તે સમયની જાણીતી પદ્ધતિઓનો તુલનાત્મક અભ્યાસ કર્યો. તેમણે વર્ગીકરણના એક સિદ્ધાંતનો વિકાસ કર્યો. મોટે ભાગે એ 'વર્ણનાત્મક સૂત્ર' અને અર્થ ઘટનાત્મક સ્પષ્ટિકરણ માત્ર હતું. આ સિદ્ધાંત સ્થિર હતો. ગતિશીલ નહીં. પારખી પોતાના પુસ્તકમાં લખે છે કે લાયબ્રરી ક્લાસિફિકેશન : ઈવોલ્યુએશન

ઓફ એ ડાયનેમીકી થીયરી મુજબ તે સમયની વર્ગીકરણ પ્રણાલીના વર્ગીકરણ કર્તાઓએ પોતાની પદ્ધતિની રચનામાં વ્યવહારિક રીતનું અનુશરણ કર્યું. એમાં વિવરણાત્મક બાજુ પર વધુ ધ્યાન આપ્યું અને એને જ વર્ગીકરણ પદ્ધતિના ધોરણોના માપદંડ સમજવામાં આવ્યા. બીજી બાજુ 1949 પછી રંગનાથન અને તેમના સહયોગીઓએ ધીરે ધીરે ગ્રંથાલય વર્ગીકરણના એક પરિવર્તનશીલ સિદ્ધાંતનો વિકાસ કર્યો. આ ગતિશીલ સિદ્ધાંતોની એકત્રિત આવૃતિનું પ્રથમ પુસ્તક ''પ્રોલેગોમેના ટુ લાયબ્રેરી ક્લાસિફિકેશન'' 1957માં રંગનાથને પ્રકાશિત કર્યું

1962માં DRTC (ડોક્યુમેન્ટેશન રીચર્સ એન્ડ ટ્રેનીંગ સેન્ટર) પ્રલેખન શોધ અને પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના બાદ એમાં સુધારા કરવામાં આવ્યા.વર્ગીકરણના સિદ્ધાંતમાં આથી ઊંડાણ આવ્યું અને એને વધુ ગતિશીલ બનાવવા અને પુસ્તકો તથા સૂક્ષ્મ પ્રલેખોના વર્ગીકરણ માટે ગહન કોઠાઓ (અનુસૂચિઓ) બનાવવાના કામમાં પ્રગતિ સધાઈ. આવા પરિવર્તનશીલ સિદ્ધાંતની આવશ્યકતાનું મહત્ત્વ છે કારણ કે વર્ગીકરણના વિકાસ માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

તમારી પ્રગતિ ચકાસો.

1) ગ્રંથાલય વર્ગીકરણના વર્ણનાત્મક અને ગતિશીલ સિદ્ધાંતો વચ્ચેનો તફાવત ટૂંકમાં વર્ણવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

3.3 ગ્રંથાલય વર્ગીકરણનો વિવરણાત્મક સિદ્ધાંત (DESCRIPTIVE THEORY OF LIBRARY CLASSIFICATION)

શરૂઆતમાં કોઈ સિદ્ધાંત ન હતા; ફક્ત વ્યવહારિક રીતોને અનુસરવામાં આવતી હતી. આ વ્યવહારિક રીતો એ જ વિવરણાત્મક સિદ્ધાંતને જન્મ આપ્યો છે. આ રીતે વિવરણાત્મક સિદ્ધાંત ગ્રંથાલય વર્ગીકરણના વિકાસનું પ્રથમ પગથિયું છે. આ સિદ્ધાંત વિષયોના વિશ્વની જરૂરીઆત

પૂરી કરવા સક્ષમ હતો. વિવરણાત્મક સિદ્ધાંત એ સમયે પ્રાપ્ય જુદી જુદી વર્ગીકરણ પદ્ધતિઓ અનુસાર પ્રચલિત વ્યાવહારિક રીતો પર આધારિત હતો. વિવરણાત્મક સિદ્ધાંત, તે સમયની એટલે કે મદ્ધતિઓના સાર રૂપે છે. જેનો પ્રભાવ 1950 સુધી રહ્યો. એ પહેલાંની પ્રચલિત પદ્ધતિઓ તેના પ્રતિપાદન કરનારાઓની સહજબુદ્ધિ પ્રતિભા પર આધારિત હતી. જેનો કોઈ ઉદ્દેશ કે હેતુ તૈયાર કરેલ પુસ્તકાલય વર્ગીકરણના સિદ્ધાંત પર ન હતો.

આ પદ્ધતિઓ અનુભવજન્ય હતી. વર્ણનાત્મક સિદ્ધાંતના વિકાસનો યશ, બ્રાઉન, રીચાર્ડસન, હ્યુમ સેયર્સ બ્લિસ અને રંગનાથન જેવી વિદ્વાન વ્યક્તિઓના ફાળે જાય છે. 1898થી 1937 સુધીનો સમય આ સિદ્ધાંતના ઉદ્ભવ અને વિકાસનો સમય હતો. આ વ્યક્તિઓએ પોતાની પદ્ધતિઓ અને લેખનકાર્ય દ્વારા ગ્રંથાલય વર્ગીકરણના કેટલાક સિદ્ધાંતોની રચના કરી. આ સિદ્ધાંતોએ વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતોના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આ મહાનુભવોના સિદ્ધાંત અને યોગદાનની ટૂંકી રૂપરેખા આગળ દર્શાવી છે.

3.3.1 જે.ડી. બ્રાઉન (J. D. Brown) 1862-1914 :

જે.ડી બ્રાઉન એક અંગ્રેજ ગ્રંથપાલ હતા. જેમનું યોગદાન ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતમાં થોડું પણ મહત્ત્વપૂર્ણ હતું. તેમણે ત્રણ પ્રકારની વર્ગીકરણ પદ્ધતિઓ પ્રકાશિત કરી જેમાં પહેલી પદ્ધતિનો વિકાસ 1894માં જે.એચ.ક્વીન ના લેખમાં થયો. અને તે ક્વીન-બ્રાઉન પદ્ધતિના નામથી જાણીતી થઈ. આ પદ્ધતિનો બહુ પ્રભાવ ન પડયો. ત્રણ વર્ષ પછી 1897માં બ્રાઉન સ્વતંત્રપણે એક બીજી પદ્ધતિ રચી. જેને 'એડજસ્ટેબલ ક્લાસિફિકેશન'ના નામથી ઓળખાય છે તે સમયે આ પદ્ધતિ પણ અપર્યાપ્ત સાબિત થઈ. 1906માં બ્રાઉન ''સબ્જેક્ટ ક્લાસિફિકેશન'' પદ્ધતિની પ્રથમ આવૃતિ પ્રકાશિત કરી. જેનાથી તે વધારે જાણીતા થયા. અને તેની બીજી આવૃતિ 1914માં તથા ત્રીજી 1939માં પ્રકાશિત થઈ અને તેનું સંશોધન જે.ડી. સ્ટુઅર્ટ કર્યું. દરેક વિજ્ઞાન અને કલાનો ઉદ્ભવ કોઈ નિશ્ચિત સ્રોત વડે થાય છે; તે સિદ્ધાંત પર બ્રાઉનનું સબ્જેકટ ક્લાસિફિકેશન આધારિત હતું. વસ્તુઓનો વિકાસ ક્રમ પહેલા બે ઘટકો પર આધારિત હતો. જેમ કે પદાર્થ અને બળ. આ બે ઘટકોના આધારે જીવનનો ઉદ્ભવ થયો. સમયાંતરે જીવનમાંથી મનુષ્યનું મગજ વિકસિ થયું. તેના પરિણામે અભિલેખોનું સર્જન થયું.

ઉપરોકત સિદ્ધાંતો સિવાય બ્રાઉને બે સિદ્ધાંતો આપ્યા. બેમાંથી પહેલો ''એક સ્થાનનો સિદ્ધાંત'' (one place Theory) હતો. આ સિદ્ધાંત પ્રમાણે દરેક વિષયો માટે ફક્ત એક જ સ્થાન હોય છે, ભલે તેના ગમે તેટલા તબક્કા તથા ગમે તેટલી અભિવ્યક્તિઓ કેમ ન હોય. ઉ.દા. : બ્રાઉનના સિદ્ધાંત પ્રમાણે ગુલાબના ફૂલને આપણે વનસ્પતિશાસ્ત્ર, બાગબાની ઈતિહાસ, ભૂગોળ, સજાવટની વસ્તુ, ગ્રંથસૂચિ વગેરે જુદા જુદા દષ્ટિકોણથી જોઈ શકીએ છીએ. બ્રાઉનના મતે ગુલાબનું ફૂલ વિષયનું એ મૂર્ત છે, તેના પાસાંને રજૂ કરતાં વિવિધ દષ્ટિકોણો છે. ઉદાહરણ

ગુલાબનું ફૂલ-વિષય

આ વિષયમાં ગુલાબ મૂર્ત છે પરંતુ તેના વિવિધ દષ્ટિકોણ, તેનાં તત્ત્વોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમને મતે કોઈ અભ્યાસુ વિદ્યાર્થીઓનો રસ ગુલાબના ફૂલમાં હમેંશા રહે છે પરંતુ ગ્રંથસૂચિકારનો રસ ફક્ત પ્રસંગોચિત્ત હોય છે. તેથી ગુલાબના ફૂલને બ્રાઉને એક મૂર્ત અથવા વિશિષ્ટ શીર્ષકની અંતર્ગત રાખવાનું જરૂરી લાગ્યું. આ પરથી એમ કહીં શકાયકે, બ્રાઉનનું ગ્રંથ વ્યવસ્થાપન ડેસિમલ ક્લાસીફિકેશન (D.D.C.) અથવા લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસિફિકેશન (L.C.C.) વિષયો પ્રમાણે ન હતું. પરંતુ પ્રકરણ પ્રમાણે પ્રસંગો આધારિત

હતું. બ્રાઉનનો આ એક પ્રયોગ હતો જે અસફળ રહ્યો.

બીજો એક સિદ્ધાંત 'સાયન્સ એન્ડ ઈટસ એપ્લીકેશન થીયરી' (science & Its Application) આ સિદ્ધાંત જે બ્રાઉને અપનાવ્યો તે પ્રમાણે દરેક વિષયને તેઓ વિજ્ઞાનની જેટલો નજીક રાખી શકાય તેટલો નજીક રાખવા માગતા હતા. આથી ગુલાબના ફૂલોને વનસ્પતિ શાસ્ત્રમાં, પુસ્તકાલયોને પુસ્તકાલય વિજ્ઞાનમાં, કોલસાને ખનિજ વિજ્ઞાનમાં તથા વ્યક્તિઓને જીવન ચરિત્ર રાખવામાં આવ્યા. સિદ્ધાંતની સાથે જ તેનો અમલ થતો હતો. આના પરિણામે બ્રાઉને પોતાને પરંપરા ભિન્નતા અને જૂથીકરણથી અલગ રાખ્યું કેમ કે, તેનો આધાર વૈજ્ઞાનિક નથી હોતો પણ દરેક વ્યક્તિએ પોતાની મરજી મૂજબ નક્કી કરેલો હોય છે. ઉદા: તેમણે શુધ્ધ અને વ્યવહારિક, વિજ્ઞાન, લલિતકળાઓ તથા ઉપયોગી કલાઓ તથા નાણાં એ સિક્કાશાસ્ત્ર, વાસ્તુકળા અને ભવનનિર્માણ તેમજ વેશભૂષા અને પહેરવેશ વચ્ચે અંતર નથી રાખ્યું. તેમણે આ સિદ્ધાંતનું તેમની સબ્જેક્ટ કલાસિફિકેશન પદ્ધતિમાં ખૂબ જ નિષ્ઠાપૂર્વક અનુસરણ કર્યું.

3.3.2 ઈ.સી રિચાર્ડસન E. C. Richardson) 1860-1939 :

ઈ.સી. રિચાર્ડસન. હાર્ટફોર્ડ થિયોલોજિકલ સેમીનરી યુ.એસ.એ.ના પ્રથમ ગ્રંથપાલ (પુસ્તકાલયાધ્યક્ષ) હતા. પછીથી તેઓ પ્રિન્સટન વિશ્વવિદ્યલાય ગ્રંથાલયના ગ્રંથપાલ બન્યા. રિચાર્ડસનસ, વર્ગીકરણ પદ્ધતિના પ્રથમ પ્રણેતા છે; જેમણે વર્ગીકરણ પદ્ધતિના સિદ્ધાંતને લિપિબદ્ધ કરવા વ્યવસ્થિત પ્રયત્નો કર્યા. 1910માં તેમણે એક પુસ્તક ''ક્લાસિફિકેશન : થિયરોટીકલ અને પ્રેક્ટિકલ'' પ્રકાશિત કર્યું જે પ્રથમ પાઠયપુસ્તક હતું. જે પુસ્તકથી ડબલ્યૂ.સી.બી.સેયર્સ પ્રભાવિત થયા. પ્રસ્તાવનામાં તેમણે ગ્રંથ વર્ગીકરણની પદ્ધતિ તૈયાર કરવા માર્ગદર્શન માટે મૂળભૂત સિદ્ધાંતો અને નિયમોને ગણતરીમાં લીધા હતા. જે સિદ્ધાંત માપદંડ રૂપે છે તે આ પ્રમાણે છે: વર્ગીકરણમાં વસ્તુઓના ક્રમને અનુસરવો જોઈએ. વર્ગોને ઐતિહાસિક ક્રમમાં પણ વ્યવસ્થિત કરવો જોઈએ.

(1) વર્ગોનું સૂક્ષ્મ વિભાજન થવું જોઈએ

(2) વસ્તુઓને તેની સમાનતા તેમજ અસમાનતાના આધારે વ્યવસ્થિત કરવી જોઈએ

(3) પુસ્તકોને ઉપયોગ માટે વસાવવામાં આવે છે તેથી ઉપયોગ જ વર્ગીકરણનો ઉદેશ છે.

(4) વર્ગીકરણ પદ્ધતિમાં સંજ્ઞાની જોગવાઈ હોવી જોઈએ. સંજ્ઞા એવી હોવી જોઈએ જેનો બહોળો ઉપયોગ થઈ શકે તે મુજબ દશાંશ આધારિત મિશ્રચિહ્નોનો ઉપયોગને વધુ મહત્ત્વ આપવું જોઈએ. રિચાર્ડસને એ વાત પર ભાર મૂકયો છે કે પ્રકૃતિમાં વસ્તુઓ પહેલેથી જ વર્ગીકૃત છે. મનુષ્યે ફક્ત તેને ક્રમબદ્ધ કરીને રાખવાની છે.

3.3.3 ઈ ડબલ્યુ હુમ (E W HULME) 1859-1954 :

પેટન્ટ ઑફિસ લાયબ્રેરી (લંડન)ના ગ્રંથપાલ હતા. 1911-12માં તેઓને તેમના પુસ્તક ''પ્રિન્સીપલ ઓફ બુક ક્લાસિફિકેશન' લાયબ્રેરી એસોસીએશન રેકોર્ડમાં પ્રકાશિત કર્યું. તેમના સિદ્ધાંતોએ ગ્રંથવર્ગીકરણમાં અનુગામીઓના સિદ્ધાંતોને પ્રભાવિત કર્યા. ડબલ્યુ સી બી સેયર્સના શબ્દોમાં હુમના યોગદાને વર્તમાન સિદ્ધાંતો જે ખૂબ જ સંતોષજનક છે તેને મહત્ત્વપૂર્ણ રૂપ પ્રદાન કર્યું.

હ્યુમના મતે વર્ગીકરણને બે વિભાગમાં વહેંચી શકાય છે.

દાર્શનિક (તાત્વિક) યાંત્રિક અને આ વિભાગીકરણ પ્રમાણે ગ્રંથ વર્ગીકરણ એક યાંત્રિક પ્રક્રિયા છે. હ્યુમના ગ્રંથ વર્ગીકરણના સિદ્ધાંતો આ પ્રમાણે છે.

(1) ગ્રંથ વર્ગીકરણ સાહિત્યમાં પહેલેથી વિદ્યમાન વિષયક્ષેત્રોની સ્થિતિ બતાવે છે તથા તાત્વિક અનુક્રમથી સમાનતા સંજોગાવશાત હોય છે એની અનુરૂપતાની યથાર્થતાની કોઈ ગેરંટી (ખાત્રી) નથી

(2) ગ્રંથ વર્ગીકરણ પદાર્થોના વર્ગોમાં યંત્રવત સામૂહિકરણ છે.

(3) સાહિત્યમાં વર્ગોના વિભાજન અને સમન્વયનને મુખ્યરૂપે ઔપચારિક તથા અદાર્શનિક આધારો પર નિર્ધારિત કરવામાં આવે છે

(4) વર્ગી. ગ સાહિત્યના આધાર ઉપર રચાયેલું હોવું જોઈએ.

હ્યુમના કહેવા પ્રમાણે યાંત્રિક વર્ગીકરણને અવ્યવસ્થિત (Uncodinated) છોડી દેવામાં આવે છે. પરંતુ ગ્રંથ વર્ગીકરણમાં વર્ગોને વ્યવસ્થિત ભેગા કરવામાં આવે છે. (Literary warrant) સાહિત્યાદેશના તેમના સિદ્ધાંતે પછીથી વર્ગીકરણ પદ્ધતિના રચયિતાઓનું ધ્યાન આકર્ષ્યું. (E.A Savage (1877-1966) ઈ.એ.સેવેજે આ શબ્દને પુનર્જીવિત કર્યો. હ્યુમે ગ્રંથોને જ્ઞાનના સામાન્ય સંગ્રહમાંથી પસંદ કરેલા તથ્યોને વાસ્તવિક સંગ્રહ માન્યો છે. વાસ્તવિક સંગ્રહનું ઉદાહરણ આપતાં હ્યુમ કહે છે તેમ વિદ્યુત, ચુંબક વિષય પર પુસ્તકો પ્રાપ્ય હોય તો વિદ્યુત અને ચુંબક વર્ગને એક અંક આપવો જોઈએ. સાહિત્ય સમાદેશનું સરળ તાત્પર્ય એ છે કે પદ્ધતિમાં કોઈ વિષયને ત્યાં સુધી કોઠામાં સ્થાન ન આપવું જોઈએ. જ્યાં સુધી તે વિષય પર થોડું સાહિત્ય પ્રકાશિત ન થયું હોય, અથવા એ વિષયમાં એટલું સાહિત્ય હોય કે તે વિષયને પદ્ધતિમાં સમાવવા યોગ્ય લાગે. હ્યુમના (Literary warrant) સાહિત્ય સમાદેશના સિદ્ધાંતે લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ ક્લાસિફિકેશનને સૌથી વધારે પ્રભાવિત કર્યું. રંગનાથને પણ આ સિદ્ધાંતનો ઉપયોગ કર્યો. પરંતુ હ્યુમે જે રીતે કર્યો હતો તે રીતે નહીં; રંગનાથના મતે જ્યારે કોઈ વિશિષ્ટ વિષય પર સાહિત્યની સંખ્યામાં વૃદ્ધિ થાય તો વર્ગીકરણ પદ્ધતિમાં તેને માટે એક પૃથક વર્ગ મૂકવો જોઈએ. રંગનાથનો સાહિત્ય સમાદેશનો સિદ્ધાંત માટે એમ કહે છે કે વિષયોને '' વિષયોની પંક્તિમાં અથવા એકમોને પૃથકોની પંક્તિમાં પ્રકાશિત પ્રલેખોની ઘટતી જતી સંખ્યામાં ક્રમમાં કે પ્રકાશિત થવાનું હોય તેની શક્યતા નજરમાં રાખીને વ્યવસ્થિત કરવું જોઈએ. જ્યાં સુધી કોઈ બીજું આગોતરા પ્રકાશનો તેને નિયમ વિરુદ્ધ સિદ્ધ ન કરે, આથી કોઈ એ જરૂરી છે કે કોઈ નવીન વિષયના વિવિધ તત્વોને તબક્કાને એવી રીતે સૂચિબદ્ધ કરવો જોઈએ કે, તે તબક્કાઓને (તત્વોને) પ્રાથમિકતાના ક્રમમાં પ્રથમ સ્થાને મૂકી શકાય કે જેના પ્રકાશિત સાહિત્યની સંખ્યા વધારે હોય.

3.3.4 ડબલ્યૂ સી.બી.સેયર્સ (1881-1960)

વિલીયમ ચાર્લ્સ બવીર્ક સેયર્સ અંગ્રેજ ગ્રંથપાલ અને એસ. આર. રંગનાથનના શિક્ષક હતા. વર્ગીકરણના સિદ્ધાંતોમાં તેમનું યોગદાન અસાધારણ છે. તેમને ગ્રંથાલય વર્ગીકરણના પ્રથમ વ્યાકરણશાસ્ત્રી કહેવામાં આવે છે. સિદ્ધાંતશાસ્ત્રીઓના સિદ્ધાંતોની વ્યાખ્યા કરવા તેમજ વર્ગીકરણના સિદ્ધાંતોને વ્યવસ્થિત કરવા માટે જવાબદાર ગણવામાં આવે છે, જો, કે, તેમણે કોઈ પણ વર્ગીકરણ પદ્ધતિનું નિર્માણ (રચના) નથી કર્યું; પરંતુ તેમણે તેમના સિદ્ધાંતના

માધ્યમથી બીજા માટે પદ્ધતિની રચના કરવાનો માર્ગ મોકળો કરી આપ્યો. ગ્રંથવર્ગીકરણ સિદ્ધાંત પર તેમનું પ્રથમ પુસ્તક ''કેનન્સ ઑફ ક્લાસિફિકેશન્સ'' (પ્રથમ આવૃતિ 1918) તેઓ વર્ગીકરણ સિદ્ધાંતો પુસ્તકો અને બીજા ત્રણ પુસ્તકોમાં વિકસાવ્યા છે. : ગ્રામર ઑફ ક્લાસિફિકેશન ઈન્ટ્રોક્શન ટુ લાઈબ્રેરી ક્લાસિફિકેશન અને મેન્યુઅલનુ લાઈબ્રેરી ક્લાસિફિકેશન, જેને આર્થરમાલ્ટલીએ સંશોધિત કરી હતી તેને પછીથી રીટા માર્સેલા અને રોબર્ટ ન્યૂટને 1994માં સંશોધિત કરી પ્રકાશિત કરી છે.

સેયર્સના વર્ગીકરણનું ઉપસૂત્ર : સેયર્સે તેમના વર્ગીકરણના સિદ્ધાંતો સરલીકરણ 29 સિદ્ધાંતોનો ઉલ્લેખ કરીને કર્યું છે. સેયર્સ તેને ઉપસૂત્ર કહે છે જેનો અર્થ નિયમ, માનક, પરીક્ષણ અથવા વર્ગીકરણની કસોટી થાય છે. તે 29 ઉપસૂત્રોને નીચે મૂજબ 6 શ્રેણીઓમાં વિભાજિત કરી શકાય છે;

પરિભાષાના ઉપસૂત્ર	...	...	6
વિભાજનના	...	...	7
પદોના	...	...	4
ગ્રંથવર્ગીકરણના	...	...	4
સંજ્ઞાના (natation)	...	...	5
ગ્રંથવર્ગીકરણ પદ્ધતિઓનાં ઉપસૂત્ર	...	...	3

તેની નીચે પ્રમાણે ચર્ચા કરી શકાય

વ્યાખ્યા (Definition) : વર્ગીકરણ એક માનસિક પ્રક્રિયા છે. જેના દ્વારા વસ્તુઓ અને વિચારોને સમાનતાના આધારે સમૂહોમાં સાથે રાખવામાં આવે છે. સમાનતા જે સૂષ્ટિની વસ્તુઓ અને વિચારોમાં અસ્તિત્વ ધરાવે છે.

ખાસિયત (Characteristics) : વર્ગીકરણના સંદર્ભમાં આ એક ખાસયિત કહેવાય છે. ખાસિયત વર્ગોના વિભાગીકરણ તથા જૂથીકરણનો આધાર હોય છે. વર્ગીકરણ પદ્ધતિ વર્ગોને એક નિશ્ચિત ક્રમમાં વ્યવસ્થિત કરવામાં આવે છે. આ ક્રમ જ્ઞાનના સિદ્ધાંત પર આધારિત હોય છે.

વિભાજન (Division) : વિભાજનની પ્રક્રિયા દ્વારા વસ્તુઓને તેની સમાનતાની માત્રા પ્રમાણે એકસાથે ભેગી કરવામાં આવે છે, તેમજ અસમાનતાની માત્રા મૂજબ એકબીજાથી અલગ કરવામાં આવે છે કોઈ વસ્તુને વિભાજિત કરવા માટે પસંદ કરેલી સમાનતા અથવા ખાસિયત પ્રાકૃતિક કે કૃત્રિમ હોઈ શકે છે. પ્રાકૃતિક ખાસિયતમાં કોઈ પણ વસ્તુમાં આંતરિક ગુણ હોય છે, તેથી તે તેના અસ્તિત્વ માટે મહત્ત્વપૂર્ણ હોય છે. વસ્તુઓના સમૂહમાં કૃત્રિમ ખાસિયત હોય છે. દા.ત. વસ્ત્રોનો રંગ એક કૃત્રિમ ખાસિયત છે. વિભાજનની પ્રક્રિયા વધુ ભાગે વિસ્તાર અને ઓછા ભાગે ગહનતાથી, વધારે ગહનતા અને ઓછા ભાગે વિસ્તાર બાજુ વધવી જોઈએ. વિભાજનની પ્રક્રિયા ક્રમિક રૂપે સામાન્યથી વિશિષ્ટ બાજુ અગ્રેસર હોવી જોઈએ. જે ખાસિયતોનો ઉપયોગ કરવામાં આવે તે વિભાજનના દરેક તબક્કા સાથે સુસંગત હોવી જોઈએ.

પદો (Terms) : વર્ગીકરણ પદ્ધતિ શાબ્દિક પદોના પ્રયોગ કરતા જ્ઞાનનું વિધાન છે.કોઈ વર્ગના નામકરણ માટે કોઈપદનો પ્રયોગ કરવામાં આવે છે, તે એક શબ્દ અથવા એક વાકયાંશ હોઈ શકે છે કોઈ વર્ગીકરણ પદ્ધતિમાં ઉપયોગમાં લીધેલા પદો સુસ્પષ્ટ હોવા જોઈએ તથા તેનો પ્રયોગ જયાં અને જયારે થાય ત્યારે તેને એક જ અન્નય અર્થને અભિવ્યકત કરવો જોઈએ, વર્ગીકરણ પદ્ધતિમાં આલોચનાત્મક પદોનો ઉપયોગ બિલકુલ ન કરવો જોઈએ.

ગ્રંથવર્ગીકરણ (Book Clasffication) : ગ્રંથ વર્ગીકરણ ગ્રંથોને વિષયનુસાર અથવા તેના સ્વરૂપ પ્રમાણે તાર્કિક ક્રમમાં વ્યવસ્થિત કરવાની એક રીત છે, તેમાં પ્રર્વતમાન વિષયોના વર્ગોને અસ્તવ્યવસ્ત કર્યા વિના કોઈ વેરવિખેર કર્યા વિના પણ નવીન વિષયને ગ્રહણ કરવાની ક્ષમતા હોવી જોઈએ, વર્ગીકરણમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ

- સામાન્ય વર્ગ
- સ્વરૂપ વર્ગો (Form classes)
- જેમ કે કવિતા, નવલિકા, નાટક)
- સ્વરૂપો જેમાં વિષયનો સિદ્ધાંત, ઈતિહાસ, શબ્દકોષ, વગેરે રૂપમાં દર્શાવાય છે.
- સંજ્ઞા અને
- સૂચિ

સંજ્ઞા (Natation) : વર્ગીકરણ પદ્ધતિમાં વર્ગોના નામોનું પ્રતિનિધિત્વ કરવાવાળાં પ્રતિક ચિહ્નોને સંજ્ઞા કહેવાય છે. સંજ્ઞામાં ટૂંકાણ, સરળતા, લચીલાપણું, સ્મૃતિ સહાયકતા વગેરે ગુણો હોવા જોઈએ.

ગ્રંથવર્ગીકરણ પદ્ધતિએ (Book Clasification Schemes) : વર્ગીકરણ પદ્ધતિમાં પૃથકો કોઠામાં સ્થંભરૂપે (તાલિકાબદ્ધ) હોવા જોઈએ. આ પદ્ધતિનો ઉપયોગ કઈ રીતે કરવો તે સમજાવવું જરૂરી છે. વિકાસ અને વૃદ્ધિના સમાવેશ માટે પુનરાવર્તનની યોજનાબદ્ધ કાર્યપદ્ધતિ હોવી જોઈએ. કે જેથી અદ્યતન રાખવી જોઈએ કે જેથી જ્ઞાનના ક્ષેત્રમાં જે વિકાસ થયો છે તેનો સમાવેશ કરી શકાય.

3.3.5 એચ.ઈ. બ્લિસ (H.E. Bliss) (1870-1955) :

હેનરી એલ્વીન બ્લિસે પોતાનું સમગ્ર જીવન ગ્રંથાલય વર્ગીકરણની કળા અને વિજ્ઞાનના અભ્યાસમાં સમર્પિત કરી દીધું. ગ્રંથાલય સામયિકોમાં પોતાના લેખો ઉપરાંત પ્રતિપાદિત નિયમો અને સિદ્ધાંતોને પોતાની કૃતિ 'ઓર્ગોનાઈઝેશન ઓફ નોલેજ એન્ડ ધ સીસ્ટમ ઓફ સાયન્સ' (1929) માં રજૂ કર્યો. આ કાર્યમાં તેમણે ગ્રંથાલય વર્ગીકરણનાં અભ્યાસ માટે વૈજ્ઞાનિક દાર્શનિક તેમજ તાર્કિક રીતે બિબ્લીયોગ્રાફિક વર્ગીકરણનો અભ્યાસ કર્યો. જ્ઞાન વ્યવસ્થાપનની પદ્ધતિમાં પાયારૂપ આ પુસ્તકો ગણવામાં આવે છે. તેમણે વર્ગીકરણ માટે ખૂબ જ સ્થાયી વૈજ્ઞાનિક દૃષ્ટિએ માન્ય તેમજ સુસંગત વર્ગીકરણ પદ્ધતિની આધારશિલા રચી. તેમણે ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંત પર એક બીજો મૂળભૂત ગ્રંથ પણ પ્રકાશિત કર્યો. જેનું શીર્ષક હતું-'ઓર્ગેનાઈઝેશન ઑફ નોલેજ ઈન લાયબ્રેરી એન્ડ ધ સબ્જેક્ટ એપ્રોચ ટુ બુક્સ' (1933, બીજી આવૃતિ 1939)

તેમના ગ્રંથે લાયબ્રેરીયનશીપને એક નવું રૂપ આપવામાં મદદ કરી.

ઉપરોક્ત બે કૃતિઓ દ્વારા આપણને વર્ગીકરણના આધારરૂપ સિદ્ધાંતો ની જાણકારી પ્રાપ્ત થાય છે. બ્લિસે પછીથી તેનો પ્રયોગ તેમના ગ્રંથ 'સિસ્ટમ ઑફ બિબ્લીયોગ્રાફિક ક્લાસિફિકેશનમાં કર્યો. તે 1935માં સૌ પ્રથમ પ્રકાશિત થયો.

બ્લિસ દ્વારા પ્રતિપાદિત વર્ગીકરણની મૂળભૂત ધારણાને મુખ્યત્વે આ રીતે ક્રમબદ્ધ કરી શકાય.

1) સહમતિ

2) ગૌણ આધારિત

3) સાપેક્ષ સ્થાન

4) વૈકલ્પિક સ્થાન

5) સંજ્ઞા

આ ખ્યાલને ટૂંકમાં નીચે પ્રમાણે સમાવી શકાય.

1. સહમતિ: (Consensus)

બ્લિસની દૃષ્ટિએ ગ્રંથ વર્ગીકરણ મૂળરૂપે જ્ઞાન વર્ગીકરણ છે. તેમણે અનુભવ્યું કે માનવજ્ઞાનની જુદી જુદી શાખાઓના વ્યવસ્થાપનમાં નિષ્ણાતોની વચ્ચે સહમતિ અથવા એકમત રહેલો હોય છે. તેને તેઓએ વૈજ્ઞાનિક અથવા શૈક્ષણકીય સહમતીનું નામ આપ્યું છે. માનવજ્ઞાનની વૃદ્ધિને વિકાસ, સંગઠન અને વિકાસ, વિજ્ઞાન અને શિક્ષાની પ્રક્રિયા દ્વારા થઈ છે. સહમતિ શબ્દ તે સાપેક્ષ સહમતિને બતાવે છે, જે જ્ઞાનના મુખ્ય વર્ગો, તેના ક્ષેત્રો વ્યવસ્થાપનનો ક્રમ તથા તેના જરૂરી સંબંધોના પક્ષમાં મેળવવા આવે છે. તેમને એવો વિશ્વાસ હતો કે મુખ્ય કે મુખ્ય વર્ગોનો પ્રાકૃતિક અનુક્રમ તેમના સહમતિના અનુક્રમની ખૂબ જ નજીક હતો. તેમણે અનુભવ્યું કે ગ્રંથાલય વર્ગીકરણ આ સહમતિને જેટલી વધારે નજીકથી દર્શાવશે તે તેટલી જ સ્થાયી, સ્થિર, ટકાઉ, લચીલી તથા કાર્યક્ષમ બનશે.

ગૌણ આધારિત: (Subordination)

બ્લિસના મતે વર્ગીકરણ પદ્ધતિએ બે પ્રકારની ગૌણ આધારિતતા સ્વીકારવી જોઈએ. જેમ કે (1) વિશિષ્ટને સામાન્યની આધીન રાખવું અને (2) વિશિષ્ટતાના આધારે ક્રમસ્થાપન

વિશિષ્ટને સામાન્યની આધીન રાખવું : આને ઘટતા જતા વિસ્તારનો સિદ્ધાંત પણ કહે છે. વર્ગીકરણ પદ્ધતિમાં વ્યવસ્થાપન તેના ઘટતા જતા વિસ્તારના સિદ્ધાંત પર આધારિત હોવું જોઈએ. જેથી વર્ગીકરણ પદ્ધતિમાં વિશિષ્ટ વિષય સામાન્ય વિષયનું અનુકરણ કરે. વિષયોનો અનુક્રમ સામાન્યથી વિશિષ્ટ તરફનો હોવો જોઈએ.

વિશિષ્ટતાના આધારે ક્રમસ્થાપન : આ ખ્યાલ દાર્શનિક વિશિષ્ટતાના ક્રમસ્થાપન પર આધારિત છે. ક્રમસ્થાપનનો સિદ્ધાંત સમાન સ્તરના પ્રકરણોની શૃંખલાને કોઈ બુદ્ધિસંગત ક્રમમાં વ્યવસ્થિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. સિદ્ધાંત એ છે કે વિષયોનું અસ્તિત્વ બીજા દ્વારા કરેલા

કાર્યો અને અનુસંધાનો પર આધારિત હોય છે તેવી સ્થિતિમાં આશ્રિત વિષયને તે વિષયની પછી રાખવો જોઈએ, જેની પર તે આશ્રિત છે. આને નિર્ભરતાનો સિદ્ધાંત કહે છે. ઉદાહરણ: પ્રાકૃતિક વિજ્ઞાનોમાં ભૌતિકશાસ્ત્ર પહેલાં આવે છે. કારણકે તે મૂળભૂત પ્રાકૃતિક ઘટનાઓથી સંબંધિત છે. રસાયણશાસ્ત્રનો ઘટનાક્રમ અમુક રીતે ભૌતિકશાસ્ત્રીઓના અનુસંધાન પર આધારિત રહે છે, તેથી રસાયણશાસ્ત્રને ભૌતિકશાસ્ત્રની પછી મૂકવામાં આવે છે. બ્લિસનો દાવો છે કે વિશિષ્ટતાના આધારે ક્રમ વ્યવસ્થાપન વર્ગીકરણનો માત્ર માનેલો આધાર નથી, પરંતુ દરેક પ્રક્રિયા માટે જરૂરી સિદ્ધાંત છે. આ રીતે વર્ગોનો ક્રમ થશે :

સામાન્યને સામાન્યની જેમ રજૂ કરવું

સામાન્યને વિશિષ્ટની જેમ રજૂ કરવું.

વિશિષ્ટને સામાન્યની જેમ રજૂ કરવું.

વિશિષ્ટને વિશિષ્ટની જેમ રજૂ કરવું.

સાપેક્ષ સ્થાન : (collocation) :

સાપેક્ષ સ્થાનનો સિદ્ધાંત આગળના બંને સિદ્ધાંતો પરથી બનેલો સિદ્ધાંત છે. બ્લિસના મતે સાપેક્ષ સ્થાન એટલે વધારે નજીકતાવાળા વિષયોને સાથે રાખવા. રંગનાથને તેને વંશાનુબદ્ધ અનુક્રમ ફિલિએટરી નામ આપ્યું છ. આધારિતતાના સિદ્ધાંત ને વિશિષ્ટતાના આધાર પર ક્રમસ્થાપન, સ્થૂળ વિષયક્ષેત્રો અથવા વિષયોનો અનુક્રમ નક્કી કરવામાં મદદરૂપ છે. જોકે વિષયોની અંતર્ગત દરેક વિષયનો અનુક્રમ પંક્તિઓનો અનુક્રમ જુદાં જુદાં પ્રકારના ક્રમો દ્વારા નક્કી થાય છે. ગહનતાના પ્રમાણમાં સંબંધવાળા વિષયને એક સાથે રાખવો પણ જરૂરી છે. તેથી જ બ્લિસે પોતાની બિબ્લીઓગ્રાફિક ક્લાસિફિકેશનમાં ભાષાશાસ્ત્રને સાહિત્યની સાથે એકબીજાના ઘનિષ્ઠ સંબંધોને કારણે રાખ્યું છે. તેવી જ રીતે શિક્ષણને મનોવિજ્ઞાનની સાથે અને રસાયણ પ્રૌદ્યોગિકીને રસાયણશાસ્ત્રની સાથે મૂકયું છે. સાપેક્ષ સ્થાનનો સંબંધ સામાન્ય રીતે સમકક્ષ વર્ગોની સાથે છે. પરંતુ તેનો સંબંધ તેના ઉપવર્ગ સાથે પણ હોઈ શકે છે. બ્લિસે સમાજશાસ્ત્રને માનવવિજ્ઞાન તથા માનવવિજ્ઞાનને જીવવિજ્ઞાન આધારિત રાખ્યું છે.

વૈકલ્પિક સ્થાન (Alternative Locations) :

વર્ગીકરણ પદ્ધતિએ વિશિષ્ટ સંગ્રહની જુદી જુદી અપેક્ષાઓ અને આવશ્યકતઓ પૂરી પાડવી જોઈએ. તેથી ગ્રંથાલય ઈચ્છે તો તાર્કિક અનુક્રમથી સુવ્યવસ્થિત અનુક્રમને બદલી શકે છે. એક પદ્ધતિને વધારે ઉપયોગી બનાવવી હોય તો તેને વ્યવહારિક સગવડતા ખાતર તાર્કિક અનુક્રમને અપનાવવો જોઈએ. જેથી જુદા જુદા દૃષ્ટિકોણવાળા વાચકોની જરૂરિયાત પૂરી કરી શકાય. જ્ઞાનના અપરિવર્તનીય તથા અનુકુલનીય અનુક્રમમાં બ્લિસ વિશ્વાસ નહોતા રાખતા. બ્લિસે વ્યવહારિક સગવડતાના સિદ્ધાંતની પૂર્તિ માટે વૈકલ્પિક સ્થિતિ અને તેની વ્યવહારિક પ્રક્રિયાને આ એકમાત્ર પદ્ધતિમાં જાણીને જાળવી રાખી છે. જો કે તે કેટલીક હદ સુધી સહમતિના સિદ્ધાંતની વિરુદ્ધ છે.

સંજ્ઞામાં એવી જોગવાઈ કરી છે જેના દ્વારા ચોક્કસ વિષયોને બીજા સ્થાન પર ખસેડી શકાય. ઉદાહરણ - ધર્મશાસ્ત્રનો મુખ્ય વર્ગ P- ધર્મ (Religion) ધી ખસેડીને વર્ગ AJ માં દર્શનશાસ્ત્ર (Philosophy) ની પછી મૂકયો છે. તકનીકીઓ (ટેકનોલોજી) જેમ કે અવકાશ (aeronautics) કે જહાજ નિર્માણ (Ship building) applied physics થી ખસેડીને ઉપયુકત useful Art

ની અંતર્ગત તથા આંતરરાષ્ટ્રીય કાનૂન (International Law) ને રાજનીતિશાસ્ત્ર અથવા કાયદા (Law) માં મૂકવામાં આવ્યો છે. તેવી જ રીતે આર્થિક ઇતિહાસ (Economic History) ને સામાન્ય ઇતિહાસ (General History) ની પછી મૂકવામાં આવ્યો છે.

આ સિદ્ધાંત લચીલાપણું પૂરું પાડે છે. જેની જરૂર બધા વર્ગીકરણકારોને અનેક પ્રશ્નોના સમાધાન માટે હતી. તેનાથી એ પણ સાબિત થયું કે વિષયોનો અનુક્રમ નક્કી કરવામાં પૂર્ણ (પૂરેપૂરી) સહમતિ નથી.

સંજ્ઞા : (Notation)

બ્લિસે સારી સંજ્ઞાની ત્રણ મહત્ત્વપૂર્ણ વિશેષતાઓ સ્વીકારી છે. તે આ પ્રમાણે છે :

- તે સહસંબંધ તથા ઘટતા જતા ક્રમમાં હોવી જોઈએ.
- તે સરળ અને ટૂંકી હોવી જોઈએ. એટલે કે સંજ્ઞા શક્ય તેટલી સરળ હોવી જોઈએ. તેમણે કરકસરરૂપે એક વર્ગ અંક ત્રણથી ચાર અંક સુધી મર્યાદિત રાખવાની પણ સલાહ આપી છે.
- તેમાં સાધવતાનો ગુણ પણ હોવો જોઈએ. એવું કરવાથી મુદ્રણમાં મિતવ્યયતા અને અનુસૂચિની રચનામાં સરળતા આવશે. તેમજ તેનો ઉપયોગ સુવિધાજનક રહેશે.

બ્લિસે વિસ્તૃત વર્ગ સંખ્યા રાખવાના ઉદ્દશને સામાન્ય અને વિશિષ્ટ પદ્ધતિસરની અનુસૂચિઓની જોગવાઈ કરીને મેળવ્યું.

3.3.6 એસ.આર. રંગનાથન (S. R. Ranganathan) (1892-1972) :

રંગનાથને 1924થી ગ્રંથાલય વર્ગીકરણનો તેમનો સિદ્ધાંત વિકસાવી રહ્યા હતા. ''પ્રોલેગ્રોમેના ટુ લાઈબ્રેરી ક્લાસીફિકેશન'' પુસ્તકની 1937ની પ્રથમ આવૃતિમાં એમણે એક એકત્રિત સિદ્ધાંત આપ્યો; જે વિવરણાત્મક તથા તુલનાત્મક હતો. મુખ્યત્વે જેનો આધાર એ સમયની પ્રચલિત વર્ગીકરણ પદ્ધતિઓ હતી. પાછળના પેટાવિભાગોમાં જણાવેલાં પહેલાંની વર્ગીકરણ પદ્ધતિઓ દ્વારા પ્રચલિત સિદ્ધાંતોનો રંગનાથને વિસ્તારપૂર્વક વિકાસ કરીને પદ્ધતિઓને વ્યવહારમાં અમલી બનાવી. તેઓ તેમના પુરોગામીઓ કરતાં આગળ નીકળી ગયા. તેમણે આદર્શ મૂલક સિદ્ધાંતોની (Normative Principles) એક લાંબી સૂચિ આપી. જેને (1) આધારભૂત સૂત્રો (2) અભિધારણાઓ (3) ઉપસૂત્રો નામ આપ્યું. અને એક વિશિષ્ટ પારિભાષિક શબ્દાવલી વિકસાવી, જે પ્રોલેશોપેનાની પ્રથમ આવૃતિમાં સામેલ છે. વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતોના વિકાસનો આ બીજો ક્રમ હતો. એમના સિદ્ધાંત વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતના પર્યાય બની ગયા છે. તેમના આ સિદ્ધાંતની વિગતે ચર્ચા વિભાગ 3.4માં અનુસરે છે.

3.3.7 વર્ગીકરણ સંશોધન જૂથ (Classification Research Group) (લંડન)

ક્લાસિફિકેશન રિચર્સ ગ્રુપ લંડનની સ્થાપના 1952માં રોયલ સોસાયટી સાયટિફિક ઈન્ફર્મેશન કોન્ફરન્સ 1948 પછી તથા પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક જે.ડી બર્નાલના સૂચનોના પરિણામે થઈ. આ એક એવા અસંબંધિત સ્વયંસેવકોનો સંઘ છે પોતાનાં કાર્યો સિવાય વર્ગીકરણના કાર્યમાં જોડાયેલા રહેવાનું પસંદ કરે છે. આ લોકોની લંડનમાં વારંવાર સભાઓ થાય છે. 1996 સુધી આ

લોકોએ 308 સભાઓ કરી લીધી હતી. જેન સંસ્થાપક (સ્થાપક) સભ્યોમાં ડી.જે.ફોસ્કેટ, બર્નાર્ડ પામર (1910-1979), બી.સી.વિકરી અને એ.જે.વેલ્સ (1911-1994) તેઓ રંગનાથનના કાર્યોથી ખૂબ જ પ્રભાવિત હતા. તેમાંના મોટાભાગના વિશિષ્ટ, ઔદ્યોગિક તથા શૈક્ષણિક ગ્રંથાલયો સાથે સંકળાયેલા હતા. તેઓને તેમના ઊંડા અને સખત અભ્યાસથી એ વાતનો વિશ્વાસ થઈ ગયો હતો કે અત્યાર સુધી પ્રકાશિત વર્ગીકરણ પદ્ધતિઓમાંથી કોઈ પણ પદ્ધતિ વ્યવસ્થાપન માટે કે ગહનતા પ્રદાન કરવા માટે સંતોષજનક નથી.

આ શોધ સમૂહે રંગનાથનના મુખક વિશ્લેષણની રીતનું તો સમર્થન કર્યું પરંતુ તેના તે દૃષ્ટિકોણને ન સ્વીકાર્યો કે મખકોની સંખ્યા (5) પાંચ જ હશે. તેઓએ તેમના મુખકોને વસ્તુ ગુણધર્મ અને પ્રવૃતિ (Entities, properties & Activities) જેવા નામ આપ્યા. છતાં પણ તેઓને (RG ને) રંગનાથનના પરિવર્તનશીલ સિદ્ધાંતમાં એક યોગ્ય આધાર જોવા મળ્યો. તેઓએ લાઈબ્રેરી એસોસિયેશન રેકોર્ડ 1955) નામના સામયિકમાં એક જાહેરાતનું પ્રકાશન કર્યું. જેમાં માહિતી પુનઃ પ્રાપ્તિની બધી જ પદ્ધતિઓના આધારના રૂપમાં મુખક વર્ગીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો.

બી.સી વિકરીએ મુખકીય વર્ગીકરણની રચનાની પદ્ધતિઓ પર એક નાની પુસ્તિકા લખી. વર્ગીકરણ શોધ સમૂહના સભ્યોએ વિશિષ્ટ વિષયો માટે અનેક મુખકીય વર્ગીકરણ પદ્ધતિઓની રચના કરી. જેમાં હીરા-ટેકનોલોજી (Diamond Technology) થી ભૂમિ વિજ્ઞાન, સંગીતથી શિક્ષણ સુધીના વિષયો સમાયેલા હતા. આવી પદ્ધતિઓની રચના કરવામાં જે અનુભવો પ્રાપ્ત થયા તેનાથી એ ખાતરી થઈ ગઈ કે ગ્રંથાલય વર્ગીકરણ માટે નવા સિદ્ધાંતોની શોધ જ એક ઉપાય છે. જો કે આ સમૂહે કોઈ નવી પદ્ધતિની રચના નહોતી કરી, પરંતુ વર્ગીકરણ તકનીકીના વિકાસમાં અંશતઃ વિવિધ અથવા નવીન પરિવર્તન લાવવાનો હતો. એક વિશિષ્ટ સભ્ય કુમારી બારબરા કાયલ (Miss Barbara kyle) ને મુખ્ય વર્ગોની જરૂરિયાતને ન સ્વીકારવામાં થોડી સફળતા મળી. એક બીજા સભ્ય જે.ઈ.એલ.ફેરાડેને (J.E.L. Ferradane) (1906-1989) મુખકીય વર્ગીકરણ પદ્ધતિ રચવામાં ભૂમિકાચાલકો 'ઓપરેટર્સ'ની સાથે સંબંધિત વિશ્લેષણના વિચારને ભેળવ્યો. પછી સમૂહના બીજા એક સભ્યે 'થીયરી ઓફ ઈન્ટીગ્રેટિવ લેવલ્સ'ને વિકસિત કર્યો. જેના દ્વારા એકમોને તેમની જટિલતાઓમાં વધતા જથ્થાના આધારે વ્યવસ્થિત કરી. તેમના કાર્યને પ્રસિદ્ધિ મળી. અને 1957માં ડોરકિંગ (Dorking) (ઈગ્લેન્ડ)માં વર્ગીકરણ શોધ પર આયોજિત આંતરરાષ્ટ્રીય સંમેલનમાં આની પર વિસ્તારથી વિચાર વિમર્શ થયો. તેમના કાર્યને પ્રતિષ્ઠાપિત કરવા એક અન્ય પ્રકાશન 'સેયર્સ મેમોરિયલ વૉલ્યુમ (લંડન લાયબ્રેરી એસોસિએશન) (1961)'નું સંપાદન ડી.જે.ફોસ્કેટ અને બી.આઈ.પામરે કર્યું હતું. વર્તમાનમાં ક્લાસિફિકેશન રિચર્સ ગ્રુપની સભાઓમાં બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન (B C 2) ની ભવિષ્યમાં પ્રકાશિત થનાર સંશોધિત અનુસૂચિઓ પર વિચાર વિમર્શ માટે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેનું મુખ્ય વ્યવહારિક કાર્ય પ્રિસીસ (PRECIS) છે. જેને ડેરિક ઑસ્ટિન દ્વારા સૂત્રબદ્ધ કરવામાં આવેલ છે. જેનો અભિગમ વર્ગીકરણમૂલક છે. આ preserved Context Indexing System એ (1971) બ્રિટિશ નેશનલ બિબ્લઓગ્રાફિમાં રંગનાથનની શૃંખલા પ્રક્રિયાને રદ કરીને આ પદ્ધતિએ તેનું સ્થાન લઈ લીધું, કારણ કે આ પદ્ધતિ સ્વયંસંચાલિત ગ્રંથસૂચિઓના સંકલનકાર્ય માટે વધારે જરૂરી હતી.

પ્રવૃતિઓ :

1. ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશનની અનુક્રમણિકા જુઓ અને શોધી કાઢો કે આ પદ્ધતિમાં ગુલાબના જુદા જુદા ખ્યાલોને એક સાથે રાખવામાં આવ્યા છે કે નહિં

2. સેયર્સ દ્વારા બતાવવામાં આવેલા ઉત્તમ સંજ્ઞાના ગુણોથી તમે પરિચિત થઈ ગયા છો. તે ગુણોની હાજરી ડી.ડી.સી., યૂ.ડી.સી., તથા સી.સી. પદ્ધતિઓમાં કેટલે સુધી છે બતાવો.

તમારી પ્રગતિ ચકાસો

2) ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંતના ક્ષેત્રમાં હ્યુમ અને ક્લાસિફિકેશન રિચર્સ ગ્રુપ (લંડન) ના યોગદાન પર બે વાકય લખો.

3) વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સહમતિ સંબંધી બ્લિસના વિચારો પર એક ટૂંકનોધ લખો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

3.4 ગ્રંથાલય વર્ગીકરણનો ગતિશીલ સિદ્ધાંત (DYNAMIC THEORY OF LIBRARY CLASSIFICATION)

ગ્રંથાલય આર.એસ.પારખીના મતઅનુસાર "વર્ગીકરણનો એવો સિદ્ધાંત છે જેના દ્વારા ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિની રચનાની કાર્ય પદ્ધતિ દ્વારા વર્ગીકરણ પદ્ધતિ રચી શકાય છે. આને ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતના વિકાસની બીજી સ્થિતિ સમજી શકાય છે. આ સિદ્ધાંત નવા વિષયોને અને પહેલેથી જાણીતા વિષયોને તેની જગ્યા પર, પહેલેથી નક્કી કરેલા ક્રમને બદલ્યા વગર વર્ગીકરણ પદ્ધતિમાં વ્યવસ્થિત કરવા માટે સક્ષમ છે. દૃષ્ટિકોણ ભવિષ્યની જરૂરિયાતોનો અનુરૂપ છે.

ગ્રંથાલય વર્ગીકરણના ગતિશીલ સિદ્ધાંતનો વિકાસ રંગનાથન દ્વારા 1948થી 1955ની વચ્ચે થયો. તથા સૌ પ્રથમ 'પ્રોલેગોમેના ટુ લાયબ્રેરી ક્લાસીફિકેશન (1957)'માં પ્રકાશિત કર્યો. આ સિદ્ધાંતને વધારે વિકસિતરૂપે 'પ્રોલેગોમેના' ની ત્રીજી આવૃતિમાં 1967માં પ્રકાશિત કર્યો. ગતિશીલ સિદ્ધાંતે ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓનું માળખું તૈયાર કરવા માટે એક સ્થિર અને શક્તિશાળી રીત પૂરી પાડી છે.

આ ગતિશીલ સિદ્ધાંત ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિની રચના માટેની નક્કર અને સ્થાયી કાર્યપદ્ધતિ પૂરી પાડે છે. આ વર્ગીકરણશારખીઓને જ્ઞાન વિશ્વના વિકાસની સાથે કદમ મીલાવીને વર્ગીકરણ પદ્ધતિઓને વધુ સ્થિરતા બક્ષે છે.

આ સિદ્ધાંતે વર્ગીકરણને એવી વર્ગીકરણ પદ્ધતિ વિકસાવવામાં મદદ કરી છે કે જે વધારે લાંબા સમય સુધી ચાલી શકે તથા જ્ઞાનજગતમાં થઈ રહેલા વિકાસની સાથે કદમ મેળવવાની ક્ષમતા રાખતી હોય.

ગ્રંથાલય વર્ગીકરણના ગતિશીલ સિદ્ધાંતનું વિશિષ્ટ લક્ષણ ત્રણ સ્તરને માન્યતા અને વિચ્છેદન પર આધારિત છે : વૈચારિક સ્તર, શાબ્દિક સ્તર અને સંજ્ઞાકીય સ્તર.

આની પહેલાં સંજ્ઞાકીય સ્તર પર ગણતરીની સીમિત ક્ષમતાના કારણે શાબ્દિક સ્તર પર સ્વતંત્ર રીતે કાર્ય કરવામાં મુશ્કેલી આવતી હતી. તેમજ આંશિક સ્તરને આ કાર્ય માટે ઉત્તેજન આપવામાં નહોતું આવતું. તેના વિકાસ માટે તેઓ ખુશ નહોતા તથા આ કાર્ય તરફ ધ્યાન આપવામાં વિરોધ વ્યક્ત કરવામાં આવતો હતો.

શાબ્દિક સ્તર પર કેટલાંક જાણીતાં પદોના વિરોધાર્થી તેમજ સમાનાર્થીઓના પ્રયોગથી વૈચારિક સ્તર પર ગૂંચવાડો ઊભો થયો. આમ કાર્યના ત્રણ સ્તરોમાં પૃથક્કરણથી વૈચારિક સ્તર પર સૌથી પહેલાં કાર્ય કરવાનું શક્ય બન્યું. અને એવી જરૂરિયાત અનુભવાઈ કે તેને કોઈ પણ મુશ્કેલી વગર વિકસાવવાની છૂટ આપવામાં આવે.

1963 સુધી ગતિશિલ સિદ્ધાંતને વધારે શિષ્ટ (શુદ્ધ) કરવામાં આવ્યો અને કેટલીક નવી બાબતો જોડવામાં આવી, જે આ પ્રમાણે છે.

i) પદાર્થ પૃથકોની અભિવ્યક્તિ માટે, પદાર્થ ગુણ, પૃથકો અને પદાર્થ-સામગ્રી (Matter-Material) ના પૃથકોની ઓળખ થઈ છે. એના પરિણામ સ્વરૂપ કેટલાંક પૃથકો - જે કેટલાંક વર્ષો પહેલાં 'સમસ્યા તાલિકાઓમાં' વિવશ થઈને સમાવિષ્ટ કર્યા હતા. પરંતુ પછીથી એના નામે બળપૂર્વક વેગ તાલિકાઓમાં રાખવામાં આવ્યા હતા જે સાચા અર્થમાં પદાર્થ-ગુણધર્મો ધરાવતા પૃથકો છે.

ii) પહેલાં વ્યક્તિત્વ મુખકમાં સંખ્યાની પહેલાં સંયોજક ચિહ્ન ? અલ્પવિરામનો ઉપયોગ કરવાનો નિર્દેશ છે.

iii) સંજ્ઞાત્મક સ્તર મુખક પર, પંક્તિની ક્ષમતામાં વૃદ્ધિ કરવા માટે નાન કદના રોમન અક્ષરોને અગ્રગામી ગુણ આપવામાં આવ્યો છે. સાથે જ અંક (0) શૂન્યને અંક 'z' (ઝેડ) અ ને '1' ની વચ્ચે, તેના પ્રાકૃતિક ક્રમના આધારે પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે.

iv) 'T' થી 'Z' સુધી અંકોને ખાલી કરતાં અંકોની જગ્યાએ મૂકીને પંક્તિમાં કોઈ પણ સ્થાને પ્રક્ષેપણ થઈ શકે

v) આ સિદ્ધાંતે વૈચારિક સ્તરમાં સહાયક અનુક્રમના 18 સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું અને ભીત-ચિત્ર સિદ્ધાંત જેવા પ્રભાવશાળી સિદ્ધાંતના આધાર પર મુખકો અને પૃથકોને સહાયક ક્રમમાં વ્યવસ્થિત કરવાનું શક્ય બનાવ્યું.

સારી રીતે વિકસેલા ગહન તથા ગતિશીલ સિદ્ધાંતના આ તારણો કોલન ક્લાસિફિકેશનના ત્રીજા વૃત્તાંતના રૂપાંતર (7મી આવૃતિ)માં સમાવવામાં આવ્યા. જેના પરિણામે આ વર્ગીકરણ પદ્ધતિ હવે સાચા અર્થમાં એક પૂર્ણ મુક્ત મુખકીય પૃથક્કરણીય સંયોજનાત્મક વર્ગીકરણ પદ્ધતિ (Freely Faceted Analytico Synthetic Scheme) ના રૂપે વિકાસ પામી છે.

આ રીતે રંગનાથન દ્વારા પ્રતિપાદિત આધારભૂત નિયમો, ઉપસૂત્રો અને સિદ્ધાંતોએ પરિવર્તનશીલ સિદ્ધાંતના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

3.4.1 એસ.આર. રંગનાથન (S. R. Ranganathan)

એસ.આર. રંગનાથન વર્ગીકરણ સિદ્ધાંતમાં આમૂલ પરિવર્તન લાવનાર સિદ્ધાંતના વિકાસનો આધાર બન્યા. તેઓએ હમેંશાં એ વાત પર ભાર મૂક્યો કે ગ્રંથાલયોમાં વર્ગીકરણ ગ્રંથાલય વિજ્ઞાનના સૂત્રો પ્રમાણે થવું જોઈએ. એક વર્ગીકરણ પદ્ધતિમાં વર્ગોનું વ્યવસ્થાપન મુખક વિશ્લેષણ તથા મૂળભૂત પ્રકારો પર આધારિત ખૂબ જ સહાયક તથા વંશાનુસાર (Filiatory) અનુક્રમમાં હોવું જોઈએ. તેના માટે તેમણે ખૂબ જ પ્રયત્નો કર્યા. પહેલેથી ગણનાક્ષમ (કોઠાગત) આધારિત પ્રચલિત વર્ગીકરણ પદ્ધતિઓનો તેમણે અસ્વીકાર કર્યો. પોતાના દ્વારા પ્રતિપાદિત ગ્રંથાલય વર્ગીકરણના નિયમો, ઉપસૂત્રો તથા સિદ્ધાંતોને તેમણે સ્વ. રચિત ગ્રંથ પ્રોલેગોમેનો ટુ લાઈબ્રેરી ક્લાસિફિકેશન'માં રજૂ કર્યા. ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંત પર આ એક પ્રશિષ્ટ પુસ્તક માનવામાં આવે છે.

જ્ઞાન વિશ્વ વિષયોનું માપન (Mapping of Universe of Knowledge)

રંગનાથને બહુપરિણામી જ્ઞાન વિશ્વના પરિણામ્ત્મક જ્ઞાનના રૂપમાં ફેરવવાની મુશ્કેલીને સારી રીતે સમજી લીધી હતી. વર્ગીકરણ પદ્ધતિઓની રચનામાં વર્ગીકરણ પદ્ધતિઓના પ્રણેતાઓ સમક્ષ આ એક મૂળભૂત તથા ચિરસ્થાયી સમસ્યા હતી, રંગનાથને આ સમસ્યાના યોગ્ય સમાધાન માટે વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું. જે મૂળભૂત નિયમો, ગ્રંથાલય વિજ્ઞાનના સૂત્રો, ઉપસૂત્રો, સિદ્ધાંતોની મદદથી તથા ધારણાઓ પર આધારિત હતા. આ નિયમો, ઉપસૂત્રો તથા સિદ્ધાંતોની મદદથી જ્ઞાન જગતનું માપન સફળતાપૂર્વક કરી શકાય છે. આગળના પાનાઓમાં આ નિયમોનું ટૂંકમાં વર્ણન કરવામાં આવશે.

પાયારૂપ કાયદા : (Basic Laws)

રંગનાથને 6 પાયારૂપ કાયદા બતાવ્યા છે જે નીચે પ્રમાણે છે :

1. અર્થઘટનનો કાયદો (Law of interpretation)
2. નિષ્પક્ષતાનો કાયદો (Law of Impartiality)
3. સપ્રમાણતાનો કાયદો (Law of symmentry)
4. કરકસરનો કાયદો (Law of parsimony)
5. સ્થાનિક ભિન્નતાનો કાયદો (Law of Local variation)
6. અભિસરણનો કાયદો (Law of Osmosis)

આ પાયારૂપ કાયદા સામાન્ય રીતે વૈચારિક પ્રક્રિયાને પ્રભાવિત કરે છે; જ્યારે બેથી વધારે ગ્રંથાલય વિજ્ઞાનના સૂત્રો કે વર્ગીકરણના ઉપસૂત્રોમાં ગૂંચવાડો ઊભો થાય અથવા સમાનરૂપે માન્ય એકથી વધારે નિર્ણયોને વ્યક્ત કરવાની સ્થિતિ ઊભી થાય ત્યારે તેની જરૂર પડે છે.

ગ્રંથાલય વિજ્ઞાનના સૂત્રો : રંગનાથન દ્વારા પ્રતિપાદિત ગ્રંથાલય વિજ્ઞાનના 5 સૂત્રો નીચે પ્રમાણે છે :

1. પુસ્તકો ઉપયોગ માટે છે.
2. દરેક વાચકને તેનું પુસ્તક મળો.
3. દરેક પુસ્તકને તેનો વાચક મળો.
4. વાચકનો સમય બચાવો.
5. ગ્રંથાલય ચિરવર્ધમાન સંસ્થા છે.

આ સૂત્રોને 1928માં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યા અને પ્રથમવાર ' The Five Laws Of Library Science' (1931) પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યા. આ સૂત્રોના ગ્રંથાલયના કાર્યો પર અસર પડી અને જ્યારે બે કે તેથી વધારે ગ્રંથાલય વર્ગીકરણના સૂત્રો કે ઉપસૂત્રોમાં ગૂંચવાડો ઊભો થાય અથવા સમાનરૂપે માન્ય એકથી વધારે નિર્ણયને વ્યક્ત કરવાની સ્થિતિ ઊભી થાય ત્યારે જુદો નિર્ણય તેની જરૂર પડે છે.

મુખકો માટેનો સ્વીકૃત સિદ્ધાંત (Postulates for Facets) : ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંતના ક્ષેત્રમાં સૌથી મહત્ત્વપૂર્ણ યોગદાન મુખક વિશ્લેષણ અને મૂળભૂત ખાસિયતો સંબંધિત ધારણાઓની સ્વીકૃતિ છે.

મૂળભૂત શ્રેણીઓ (Fundamental Categories) : એક વિષયની અભિવ્યક્તિ કોઈ એક કે બધી જ મૂળભૂત શ્રેણીમાં હોઈ શકે છે. રંગનાથનની ધારણા અનુસાર પાંચ અને ફક્ત પાંચ મૂળભૂત શ્રેણીઓ હોઈ શકે છે. તેના નામ કાળ (Time) સ્થાળ (Space) વેગ (Energy) પદાર્થ (Matter) અને વ્યક્તિત્વ (Personality) છે. તેને ટૂંકમાં PMEST કહેવાય છે.

મુખક્રમ (Fect Sequence) : પાંચ મૂળભૂત શ્રેણીઓને જ્યારે મૂર્તતાના ઘટતા જતા ક્રમ પ્રમાણે વ્યવસ્થિત કરવામાં આવશે ત્યારે તેનો ક્રમ PMEST બનશે.

વેગમુખકના વર્તુળો (Round Of Energy) : રંગનાથનની ધારણા પ્રમાણે મૂળભૂત શ્રેણી વેગમુખકનું પ્રગટીકરણ કોઈ એક જ વિષયમાં એકથી વધુ વખત હોઈ શકે છે. પ્રગટીકરણને તેનું વર્તુળ કહેવામાં આવે છે. આવી રીતે મૂળભૂત શ્રેણી વ્યક્તિત્વ અને પદાર્થ પણ પોતાનું પ્રગટીકરણ વર્તુળ 1, વર્તુળ 2, વગેરે રૂપમાં કરી શકે છે.

સ્તરો (Levels) : રંગનાથનની એક ધારણા સ્તરની ધારણા છે તેના અનુસાર મૂળભૂત શ્રેણીઓ વ્યક્તિત્વ તેમજ પદાર્થ કોઈ એક વિષયમાં તેના એક વર્તુળમાં એકથી વધુ વખત અભિવ્યક્ત હોઈ શકે છે. એક મૂળભૂત શ્રેણીનું પ્રથમ પ્રગટીકરણ તેના વર્તુળમાં તેનું પ્રથમ સ્તર ગણાય છે. સ્થાન અને કાળ બંને પોતાને છેલ્લા વર્તુળમાં અભિવ્યક્ત કરે છે.

મુખકક્રમના સિદ્ધાંતો (Principles of Fact Sequence) : રંગનાથને મુખકક્રમના 4 સિદ્ધાંત આપ્યા છે જે નીચે પ્રમાણે છે.

1. ભીંતચિત્ર સિદ્ધાંત (Wall Picture Principle)
2. અવયવ સિદ્ધાંત (Whole organ Priniciple)
3. ગો-વત્સનો સિદ્ધાંત (Cow-calf Principle)
4. ભૂમિકા-ક્રિયા-કર્તા-સાધન-ન્યાય (Actand Action-Actor Tool Principle)

સહાયક અનુક્રમનો સિદ્ધાંત (Principles Of Helpful Sequence) : એક પંક્તિના મુખકોમાં સહાયક અનુક્રમ પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી રંગનાથને સહાયક અનુક્રમના 8 સિદ્ધાંત પ્રતિપાદિત કર્યા છે. જે આ પ્રમાણે છે.

1. પરવર્તી કાળનો સિદ્ધાંત
2. પરવર્તી વિકાસક્રમનો સિદ્ધાંત
3. સ્થાનિક સમીપતાનો સિદ્ધાંત

    3.1 ઉભી રેખા પરનો ક્રમનો સિદ્ધાંત

        3.1.1 ઉર્ધ્વગામી ક્રમનો સિદ્ધાંત

        3.1.2. અધોગામી ક્રમનો સિદ્ધાંત

    3.2 ક્ષતિજના ક્રમનો સિદ્ધાંત

        3.2.1 ઘડી ચક્રના સીધા ક્રમનો સિદ્ધાંત

        3.2.2 ઘડી ચક્રના ઉલ્ટા ક્રમનો સિદ્ધાંત

    3.3 વૃતાકાર રેખાક્રમનો સિદ્ધાંત

        3.3.1. ઘડીક્રમનો સિદ્ધાંત

        3.3.2 ઘડીનો ઉલ્ટાક્રમનો સિદ્ધાંત

    3.4. ત્રિજ્યારેખા ક્રમનો સિદ્ધાંત

        3.4.1. કેન્દ્રોત્સારી ક્રમનો સિદ્ધાંત

        3.4.2. કેન્દ્રોગામી ક્રમનો સિદ્ધાંત

4. સંખ્યાત્મક માપનો સિદ્ધાંત

   4.1 વધતા જતા જથ્થાના ક્રમનો સિદ્ધાંત

   4.2 ઘટતા જતા જથ્થાના ક્રમનો સિદ્ધાંત

5. વધતી જતી જટિલતાનો સિદ્ધાંત

6. રૂઢિગતક્રમનો સિદ્ધાંત

7. સાહિત્યદેશનો સિદ્ધાંત

8. અનુવર્ણક્રમનો સિદ્ધાંત

વર્ગીકરણના ઉપસૂત્રો (Canons of Classification) : સેયર્સ દ્વારા પ્રતિપાદિત થયેલ વર્ગીકરણના ખ્યાલને રંગનાથને એક નવી દિશા પૂરી પાડી. રંગનાથને 43 ઉપસૂત્રોને સૂત્રબદ્ધ કર્યા છે જેને તેમણે ત્રણ સ્તરના કાર્યમાં વહેંચ્યા છે.

1. વૈચારિક સ્તરના ઉપસૂત્ર (15)

2. શાબ્દિક સ્તરના ઉપસૂત્ર (4)

3. સંજ્ઞાકીય સ્તરના ઉપસૂત્ર (24)

આ ઉપસૂત્રો બધા આધારભૂત નિયમો તથા ગ્રંથાલય વિજ્ઞાનના સૂત્રોની સાથે પૂરેપૂરા સહમત છે. ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિની રચનામાં પહેલા તેની જરૂરિયાતોનો અનુભવ કરવામાં આવે છે. ચાલો હવે આપણે આ ઉપસૂત્રોના ત્રણ સ્તરની ટૂંકમાં ચર્ચા કરીએ.

વૈચારિક સ્તરના ઉપસૂત્રો (Canons for Idea Plane) : (15) વૈચારિક સ્તરના ઉપસૂત્રોને ફરીથી નીચે પ્રમાણે ગ્રુપમાં વહેંચી શકાય.

i)	ભેદકતાના ઉપસૂત્ર	—	4
ii)	ભેદકતત્વોનો ક્રમના ઉપસૂત્ર	—	3
iii)	વર્ગપંક્તિના ઉપસૂત્ર	—	4
iv)	વર્ગ સાંકળના ઉપસૂત્ર	—	2
v)	વિષયવંશાનુબંધના ઉપસૂત્ર	—	2

લક્ષણો સાથે સંબંધિત ચારેય ઉપસૂત્ર જ્ઞાનના વિભાજનની પ્રક્રિયા સાથે સંબંધિત છે. વિભાજન માટે જે લક્ષણોની પસંદગી કરવામાં આવે તે એવા હોવા જોઈએ કે જેના દ્વારા કોઈ વર્ગને બે ભાગમાં વહેંચી શકાય, જેને સરળતાથી નિર્ધારીત કરી શકાય. જે ઔચિત્યપૂર્ણ હોય અને જેનામાં સ્થાયીપણું હોય. લક્ષણોના ઉત્તરદાયિત્વ માટે પ્રતિપાદિત ત્રણ ઉપસૂત્ર જ્ઞાનને

વિભાજિત કરવાની પ્રક્રિયામાં, એકથી વધારે લક્ષણોના પ્રયોગ સાથે સંબંધિત છે. તથા આ ઉપસૂત્ર લક્ષણોને કયા અનુક્રમમાં વ્યવસ્થિત કરવા તે નક્કી કરે છે. પંક્તિના ચાર ઉપસૂત્રો (સરખા દરજ્જાના વર્ગો) આ નિર્ધારિત કરે છે કે એક પંક્તિની અંદર આવતા બધા વર્ગોને એ પંક્તિમાં સમાવવા જોઈએ. પરંતુ આ પંક્તિની અંદર આવતા બધા અન્યોન્ય વિશિષ્ટ વર્ગોને એ પંક્તિમાં સમાવવા જોઈએ. પરંતુ આ પંક્તિ-વર્ગો એકબીજા સાથે સંકળાયેલા પણ હોવા જોઈએ સાથે જ તેની વચ્ચેનો ક્રમ સહાયક અને સુસંગત હોવો જોઈએ. સાંકળ (શૃંખલા) માટે નિર્ધારિત બે ઉપસૂત્ર જ્ઞાનના વિભાજનની એ પ્રક્રિયા સાથે સંબંધિત છે. જેમાં વિભાજનનો ક્રમ સામાન્યથી વિશિષ્ટ તરફનો હોય છે. અને તેનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. વિષય-વંશાનુબદ્ધના ક્રમના બે ઉપસૂત્રો એ બતાવે છે કે એક ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિએ સમકક્ષ અને આધારિત બંને વર્ગોને સ્પષ્ટ રીતે ઓળખી લેવા જોઈએ. અને તેમની વચ્ચે તેની પારસ્પરિક સંબંધિતતાને નજર સમક્ષ રાખીને વ્યવસ્થિત કરવા જોઈએ.

શાબ્દિક સ્તરના ઉપસૂત્રો (Canons for Verbal Plane)

વર્ગીકરણ પદ્ધતિમાં શાબ્દિક સ્તર સાથે સંબંધિત ચાર ઉપસૂત્રોનો સંબંધ ભાષા અને શબ્દાવલિ સંબંધી દૃષ્ટિ બિંદુ સાથે છે. વર્ગીકરણ પદ્ધતિમાં વપરાયેલી શબ્દાવલિમાં એ પ્રસંગને સ્પષ્ટ રીતે સૂચિત કરવો જોઈએ, જે સંદર્ભ માટે તે વિશિષ્ટ પદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથે જ તે પદમાં કયા કયા પદોનો સમાવેશ કરી શકાય છે તે સ્પષ્ટ કરવું જોઈએ. જે પદો ખ્યાલને વ્યક્ત કરવા માટે ગોઠવી શકાય તે પદોનું જોડાણ કરવું જોઈએ, તથા તે ટિકાત્મક ન હોવા જોઈએ.

આ ચાર ઉપસૂત્રો આ પ્રમાણે છે.

1. પૂર્વાપર સંબંધનું ઉપસૂત્ર
2. (પરિગણનાત્મક) ઉપસૂત્ર
3. પ્રચલિતતાનું ઉપસૂત્ર
4. મૌનનું ઉપસૂત્ર

સંજ્ઞા સ્તરનાં ઉપસૂત્રો (24) (Canons for Notational Plane :

આ નીચે દર્શાવ્યા પ્રમાણે વિભાજન કરી શકાય

i.	પાયાના ઉપસૂત્ર	—	12
ii.	સ્મૃતિ સહાયક ઉપસૂત્ર	—	5
iii.	વૃદ્ધિશીલ વિશ્વના ઉપસૂત્ર (Growing Universe)	—	4
iv.	ગ્રંથ વર્ગીકરણ	—	3

સંજ્ઞા એટલે ' વર્ગીકરણ પદ્ધતિમાં વર્ગોનું પ્રતિનિધીત્વ કરતાં ક્રમ સૂચક સંકેતોની વ્યવસ્થા.' આધારભૂત ઉપસૂત્ર કે જે 12 (બાર) છે તેની જરૂરિયાત વર્ગ સંખ્યાઓને વિરોધી અને

સમાનાર્થીથી છૂટા પાડવા માટે છે. આ ઉપસૂત્રો પ્રમાણે સંજ્ઞાને વર્ગોમાં પદાનુક્રમમમાં દર્શાવવી જોઈએ. સંજ્ઞાનો આધાર મિશ્ર અથવા શુદ્ધ હોઈ શકે છે. આધારભૂત ઉપસૂત્ર સંજ્ઞાના બંને રૂપની સાપેક્ષ ક્ષમતાની વિવેચના કરે છે. સંજ્ઞાઓ મુખકીય હોય અથવા બિનમુખકીય હોય. બંને પ્રકારના ફાયદાઓ સાથે ઉપસૂત્રો કદીય સંબંધિત હોતાં નથી. વર્ગસહવ્યાપ્ત અને અસહવ્યાપ્ત હોવો જોઈએ. આ બે વૈવિધ્યપૂર્ણ સૂચિતાર્થો આ ઉપસૂત્રો દ્વારા સમજાવી શકાય.

સ્મૃતિ સહાયકતાના પાંચ ઉપસૂત્રોને વિવિધ પ્રકારની સ્મરણ સહાયક યુક્તિઓની આવશ્યકતા રહે છે. જેમ કે,

- વર્ણાનુક્રમ (alphabetical)
- કોઠાગત (Scheduled)
- પદ્ધતિસર અને (Systematics)
- ભાવાત્મક (Seminal)

વૃદ્ધિશીલ વિશ્વના ચાર ઉપસૂત્ર વર્ગીકરણ પદ્ધતિની અંદર આવતા નવા ઉદ્ભવતા વિષયોના અંકોને સમાવવાની સંજ્ઞાત્મક પદ્ધતિની ક્ષમતા સાથે સંબંધિત છે.

રંગનાથન પંક્તિ અને શૃંખલામાં કોઈ સંજ્ઞાત્મક પદ્ધતિની આ પ્રકારની ક્ષમતાને પંક્તિમાં સ્વાગતશીલતા અને શૃંખલામાં સ્વાગતશીલતા કહે છે. જ્ઞાન વિશ્વના નિરંતર વિકાસથી ઉત્પન્ન નવીન વર્ગને એક પંક્તિ અથવા શૃંખલાની શરૂઆતમાં અથવા અંતમાં અથવા મધ્યમાં સ્થાન આપી શકાય તેવી સંજ્ઞાત્મક પદ્ધતિમાં ક્ષમતા હોવી જોઈએ. કોઈ વર્ગ પંક્તિમાં નવીન વર્ગોના આ પ્રકારના સમાવેશને બહિપ્રેક્ષેપ અથવા આંતરપ્રક્ષેપ પણ કહે છે.

ગ્રંથવર્ગીકરણ માટે ત્રણ ઉપસૂત્રો છે. આ ઉપસૂત્ર એક વર્ગીકરણ પદ્ધતિમાં પુસ્તક સંખ્યા અને સંગ્રહ સંખ્યા નક્કી કરવાની પદ્ધતિ પૂરી પાડે છે. અને આ ત્રણ તત્વોનો ક્રમ-વર્ગ સમંક, ગ્રંથ સમંક અને સંગ્રહઅંક થઈને- (કોલ નંબર) ગ્રંથાંક બનાવે છે.

સ્વયંભૂ સત્યો, ઉપસૂત્રો અને સિદ્ધાંતોની ભૂમિકા (Role Postulates, Canons and Principles) :

સ્વયંભૂ સત્યો, વૈચારિક સ્તર પર કાર્ય કરવાની પ્રક્રિયાને આધારે પૂરો પાડે છે. ઉપસૂત્ર વર્ગીકરણમાં લયબદ્ધતા (Rhythm) લાવે છે. સિદ્ધાંતો કોઠામાં પૃથકોને વ્યવસ્થિત કરવાનું કાર્ય કરે છે. આવી રીતે નિયમો, સ્વીકૃત સિદ્ધાંતો, ઉપસૂત્રો અને સિદ્ધાંતોએ ગ્રંથાલય વર્ગીકરણના ગતિશીલ સિદ્ધાંતની મુખ્ય આધારશીલા રચી છે. આ બધાની પાછળનાં પાનાઓમાં યાદી આપવામાં આવી છે. આ સિદ્ધાંતોના પ્રયોગનો બહોળો ઉપયોગય કોલન ક્લાસિફિકેશનપદ્ધતિમાં જોઈ શકાય છે. આ પદ્ધતિની ચોથી આવૃતિ (1952)ના પ્રકાશન પછી તેણે મુક્ત મુખકીય પદ્ધતિનું સ્વરૂપ ધારણ કર્યું છે. જે આ નિયમો સ્વીકૃત સિદ્ધાંતો, ઉપસૂત્રો તથા સિદ્ધાંતો પર આધારિત છે. જેનું વિવરણ આગળના પાનાઓમાં કરવામાં આવ્યું છે. ચોથી આવૃતિની પહેલાં કોલન ક્લાસિફિકેશન એક પરિવર્તનીય મુખકીય પદ્ધતિ હતી.

વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતમાં રંગનાથનનું યોગદાન મૂળભૂત, વિલક્ષણ તથા અતુલનીય છે. પક્ષ વિશ્લેષણ અને મૂળભૂત શ્રેણીઓના તેના ખ્યાલને બહોળા પ્રમાણમાં સમર્થન મળ્યું જેના પરિણામે રંગનાથનના પુસ્તક 'પ્રોલેગોમેના ટુ લાયબ્રેરી ક્લાસિફિકેશન' (1967)માં તથા એમના અન્ય પુસ્તકોમાં રજૂ કરેલ ખ્યાલો અને સિદ્ધાંતો નો પ્રયોગ કરી વર્ગીકરણની વિશિષ્ટ પદ્ધતિઓની રચના કરી છે.

3.5 સારાંશ SUMMARY

આ સિદ્ધાંતો એવા વ્યવસ્થિત સિદ્ધાંતો સાથે સંબંધિત છે, જે કોઈ વિષયને ભાવી શોધ તથા વિકાસ માટે આધાર પૂરો પાડે છે. ગ્રંથાલય વિજ્ઞાન વિષય સાથે પણ આ વાત લાગુ પડે છે. ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતના વિકાસના બે તબક્કા છે.

પ્રથમ તબક્કામાં વિવરણાત્મક સિદ્ધાંત ઉદ્‌ભવ્યો. જે વર્ગીકરણની પ્રચલિત પદ્ધતિઓની વ્યવહારિક પ્રક્રિયાઓ પર આધારિત છે. વિવરણાત્મક સિદ્ધાંતનો ઉદ્‌ભવ બ્રાઉન, રિચાર્ડસન, હ્યુમ, સેયર્સ, બ્લિસ, રંગનાથન અને સી.આર.જી. ના સભ્યોના યોગદાન તથા પ્રયત્નોના આધારે થયો. આ વિદ્વાનોએ તેમના લેખનકાર્યોથી તથા તેમાંથી કેટલાંકે પોતાની પદ્ધતિઓના માધ્યમથી ચોક્કસ પાયારૂપ સિદ્ધાંતો અને ઉપસૂત્રોનું પ્રતિપાદન કર્યું. જેનાથી પદ્ધતિઓની રચનાની શરૂઆત થઈ. બીજા તબક્કામાં આપણે વર્ગીકરણના ગતિશીલ સિદ્ધાંતનો ઉદ્‌ભવ જોઈએ છીએ. જેના દ્વારા પદ્ધતિઓની વધારે વિસ્તારપૂર્વક તેમજ ચોક્સાઈથી કલાત્મક રચના થઈ છે. રંગનાથન જ મુખ્યત્વે ગતિશીલ સિદ્ધાંતની ઉત્પતિ અને વિકાસ માટે જવાબદાર છે. રંગનાથન દ્વારા પ્રતિપાદિત ગ્રંથાલય વર્ગીકરણના સૂત્રો, આધાર ભૂત સૂત્રો, ઉપસૂત્રો તથા સ્વીકૃત સિદ્ધાંતોને સંક્ષિપ્ત તેમજ સરળ રીતે આગળ (3.4 માં) રજૂ કરવામાં આવ્યાં છે.

આ એકમના અભ્યાસથી તમે ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતની જરૂરિયાત તો સમજી ગયા હશો. સાથે જ બ્રાઉન, રિચાર્ડસન, હ્યુમ, સેયર્સ, બ્લિસ અને રંગનાથન જેવા વિદ્વાનો દ્વારા આ સિદ્ધાંતના વિકાસમાં કરેલા તમે ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશ, યુનિવર્સલ ડેસિમલ કલાસીફિકેશન અને કોલન કલાસીફિકેશન નામની વર્ગીકરણની આ ત્રણ પદ્ધતિઓના વિષયને વધારે સારી રીતે સમજી શકશો. એકમ 4 (ચાર)માં આપણે આ ત્રણ પદ્ધતિઓમાં જ્ઞાનના બધા જ વિષયોનો અભ્યાસ કેવી રીતે કરવામાં આવ્યો છે તે જોઈશું.

3.6 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) જો આપણે ગ્રંથાલય વર્ગીકરણના ઈતિહાસને જોઈશું તો ખ્યાલ આવશે કે વર્ગીકરણના સિદ્ધાંતનો વિકાસ બે તબક્કાઓમાં થયો છે. પ્રથમ તબક્કામાં બ્રાઉન રિચાર્ડસન, હયુમ, સેયર્સ તથા રંગનાથન જેવા લેખકોનું પ્રભુત્વ રહયું છે. તે વર્ણનાત્મક સિદ્ધાંતનો યુગ હતો. પહેલાંના લેખકોએ ગ્રંથાલય વર્ગીકરણની તે સમયની પ્રચલિત પદ્ધતિઓનો અભ્યાસ કર્યો. જ્ઞાન-વિશ્વના વિષયોને વ્યવસ્થિત કરવાની જે પદ્ધતિઓ તે સમયે અમલમાં હતી, તેનો તે પદ્ધતિઓ પર પ્રભાવ પડયો. આ વાત એ લેખકોએ પસ્થાપિત કરેલા સિદ્ધાંતોથી પ્રતિપાદિત થાય છે. આ વ્યક્તિઓના લેખન કાર્યોને આર.એસ. પારખીએ વર્ણનાત્મક સિદ્ધાંત નામ આપ્યું છે. બીજા તબક્કાના લેખકોમાં રંગનાથન

સૌથી વધારે પ્રભાવશાળી લેખક હતા. તેમણે તેમના દ્વારા પ્રતિપાદિત અનેક સિદ્ધાંતો દ્વારા વર્ણનાત્મક રીતોથી એક એવી પદ્ધતિ વિકસાવી જે વિકાસશીલ જ્ઞાન જગત અને તેનાથી ઉત્પન્ન જટિલ વિષયોને વર્ગીકૃત કરવાની સમસ્યાને લગતું સમાધાન શોધી શકે. પારખીએ તેને 'ગતિશીલ સિદ્ધાંત' નામ આપ્યું છે.

2) હ્યુમ તેમના સાહિત્યા દેશના સિદ્ધાંત માટે જાણીતા છે. આ સિદ્ધાંત પ્રમાણે કોઈ વર્ગીકરણ પદ્ધતિમાં કોઈ વિષયનું સ્થાન તે વિષય પર ઉપલબ્ધ સાહિત્ય નક્કી કરે છે. અત્યારની બધી જ પદ્ધતિઓ હ્યુમના સાહિત્યાદેશન સિદ્ધાંત પ્રમાણે સંશોધનની સ્થિતિમાં છે.

કલાસીફિકેશન રિચર્સ ગ્રુપના સભ્યોએ વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓનું માળખું તૈયાર કર્યું. જે મુખક વિશ્લેષણ પર આધારિત હતું. આ ગ્રુપનું એક બીજું યોગદાન (PRECIS) હતું.

3) બ્લિસના મતાનુસાર ગ્રંથવર્ગીકરણ મુખ્યત્વે જ્ઞાનવર્ગીકરણ છે. તેના અનુસાર પુસ્તકને એક વસ્તુરૂપે ગોઠવવા માટે વધારાના સાધનોમાં સંજ્ઞા, સૂચિ અને સાર્વવિષયક વર્ગની આવશ્કયતા રહે છે. બ્લિસની માન્યતા છે કે વૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રક્રિયાઓ દ્વારા જ્ઞાનમાં વૃદ્ધિ, સંચાલન અને વિકાસ થાય છે. વિદ્વાનો અને તજજ્ઞો વિદ્યાશાખાઓની ગોઠવણી માટે સામાન્ય મત ધરાવતા હોય છે. તેથી જ્ઞાનની રચના સંપૂર્ણ બને છે. જે વિશ્વવિદ્યાલયોના અભ્યાસક્રમોમાં ફેક્લ્ટીની રચના માટે કામમાં આવે છે. બ્લિસના મતે વૈજ્ઞાનિક અને શૈક્ષણિક અભિગમ એ બધી જ વર્ગીકરણ પદ્ધતિઓની રચના માટે જરૂરી છે.

3.7 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

અસમાવ્યાપ્ત (Non-Co-extensiveness) : પ્રલેખોમાં સંબંધિત વિષયની અંગર્ગત ખાસયિતો અભિવ્યક્ત નહીં થતાં વર્ગ અંકો અસમવ્યાપત છે.

ઉપસૂત્રો (Canons) : સૌ પ્રથમ વાર વર્ગીકરણના સિદ્ધાંતોનો ઉપયોગ આ અર્થમાં (ઉપસૂત્ર) સેયર્સે કર્યો અને રંગનાથને તેને વિસ્તૃત કર્યો.

કુદરતી લાક્ષણિકતા (Natural Characteristic) : પૃથકમાં રહેલી સ્વાભાવિક અને છૂટી પાડી ન શકાય તેવી વસ્તુનું વર્ગીકરણ.

કૃત્રિમ લાક્ષણિકતા (Artificial Charcteristics) : એવી લાક્ષણિકતા, જે કોઈ સમૂહમાં સામાન્ય રીતે હોય છે. જેમ કે, મનુષ્યમાં રંગ અને લંબાઈ એક કૃત્રિમ લાક્ષણિકતા છે.

ખાસયિતો (Characteriistics) : વર્ગીકરણનું લક્ષણોને આધારે સમાન ખાસિયતો ધરાવતી વસ્તુઓને ભેગી કરવી અથવા છૂટી પાડવી એટલે વિભાજનનો આધાર

ગણનાક્ષમ (Enumerative) : ભૂત, વર્તમાન અને ભવિષ્યના વિષયોને સૂચિબદ્ધ કરવા.

ગહન વર્ગીકરણ (Close Classification) : આ વ્યાપક વર્ગીકરણથી વિરૂદ્ધ છે. તથા એક વર્ગીકરણ પદ્ધતિમાં મુખ્ય વિભાજનોની અંદર વિષયોના સૂક્ષ્મ પેટા વિભાજનોની વ્યવસ્થા છે. રંગનાથન આને ગહન વર્ગીકરણ કહે છે.

ગૌણ આધાર (Subordination) : એક વર્ગીકરણ પદ્ધતિમાં વિષયોની વ્યવસ્થા ઘટતા જતા વિસ્તારને અનુસરે છે.

ગ્રંથાંક (Call Number) : પ્રતીક ચિહ્નોની એવી શૃંખલા, જેના દ્વારા એક પ્રલેખને ગ્રંથાલય ફલક (શેલ્ફ) પર વિશિષ્ટ સ્થાન મળે છે.

જ્ઞાન વિશ્વ (Univers of Knowledge) : માનવ સમાજમાં સુરક્ષિત જ્ઞાનની સમષ્ટિ

પંક્તિ (Array) : ફક્ત એક જ લાક્ષણિકતાનો ઉપયોગ કરીને જ્ઞાન જગતની સમકક્ષ વર્ગોની પંક્તિઓ પ્રાપ્ત કરવી. સમકક્ષ વર્ગોનો સમૂહ.

મિશ્ર સંજ્ઞા (Mixed Notation) : બે કે તેથી વધારે પ્રકારના પ્રતીકો ધરાવતી સંજ્ઞા

વર્ગીકરણકાર (Classificationist) : જે વ્યક્તિ વર્ગીકરણ પદ્ધતિની રચના કરે તે વર્ગીકરણકાર

વિષયાવંશાનુ બદ્ધક્રમ (Filiatory sequence) : વંશાનુબદ્ધ ક્રમ એટલે વિષયોના આંતર સંબંધોના આધાર પર રહેલો ક્રમ

વિસ્તૃત વર્ગીકરણ (Broad Classification) : વર્ગીકરણ પદ્ધતિમાં વ્યાપક સામાન્ય વિભાગોમાં ઓછામાં ઓછા પેટાવિભાગોમાં વિષયોની ગોઠવણી.

વૈકલ્પિક સ્થાન (Alternative Locations) : એક વર્ગીકરણ પદ્ધતિમાં વ્યવહારિક સગવડ માટે કોઈ તાર્કિક અનુક્રમને અપનાવવાની વ્યવસ્થા એક પદ્ધતિમાં એક વિષય માટે બે વૈકલ્પિક સ્થાનોની વ્યવસ્થા.

શૃંખલા (Chain) : શૃંખલા એટલે ક્રમ અથવા વંશાનુબદ્ધ રીતે સજાતીય અને આધારિત વર્ગોનો ક્રમ

સમવ્યાપ્ત : (Coextensiveness) : સમવ્યાપ્ત એટલે વર્ગસમંકની અભિવ્યક્તિમાં પ્રલેખ સંબંધિત વિષયની પ્રસ્તુત સમાવિષ્ઠ ખાસિયતો પ્રલેખમાં અભિવ્યકત થયેલી હોય.

સહમતિ (Consensus) : જ્ઞાનના પ્રમુખ વર્ગો વચ્ચે સંબંધિત સહમતિ હોવી જોઈએ. તેની વ્યાપ્તિ અને તેની વચ્ચે સંબંધો કેવા છે વગેરે.... વિષયમાં સાપેક્ષ સહમતિ આપવી.

સંજ્ઞા : (Notation) : વર્ગીકરણ પદ્ધતિમાં વર્ગોનું પ્રતિનિધીત્વ કરતા ક્રમ દર્શક પ્રતીકોની વ્યવસ્થા.

સાપેક્ષ સ્થાન (Collocation) : જ્ઞાનના પ્રમુખ વર્ગો વચ્ચે સંબંધિત સહમતિ હોવી જોઈએ. તેની વ્યાપ્તિ અને તેની વચ્ચે સંબંધો કેવા છે. વગેરે વિષયમાં સાપેક્ષ સહમતિ આપવી.

સાહિત્યાદેશ (Literray Inarrsnt) : વિષયમાં પ્રકાશિત થયેલ અને પ્રકાશિત થનાર સાહિત્યનો જથ્થો.

સ્મરણ સહાયકો (Mnemonics) : યાદશક્તિનું સાધન, સ્મૃતિ સહાયક અંકો એટલે પ્રતીક અથવા પ્રતીકોના સુસંગત રીતે બધા જ વર્ગોમાં, જયાં જયાં આ વિચારનો પ્રયોગ થયો છે ત્યાં ત્યાં એ એક સુનિશ્ચિત સંજ્ઞા દ્વારા તેનો ઉપયોગ થાય છે.

3.8 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Blis, H.E. (1933). Organization of Knowledge in Libraries and the Subject Approach to Books. New York : H.W. Wilson. (Ed 2; 1939)

Bliss, H.E. (1929). Organization of Knowledge of the system of Sciences. New York : Holt.

Bliss, H.E. (1935). System of Bibliographic Classification. New York : H.W. Wilson.

Brown, James Duff (1898). Manual of Library Classification and Self Arrangement. London : Library Supply Company.

Brown, J.D. (1906). Subject Classification. London : Library Supply Co.

Brown, J.D. (1939). Subject Classification. 3rd ed. London. Grafton.

Foskett, D. J. (1971). Classification Research Group. 1952-1968. In : Kent, Allan (et al.) (eds.). Encyclopedia of Library and Information Science. New York : Marcell Dekker. Vol.5 pp.141 - 145.

Foskett, D.J. and palmer, B.I. (eds.) (1961). The Sayers Memorial Volume. London : Library Association.

Hulme, E. Wyndham (1911-12). Principles of Book Classification. Library

Association Record. 13-14.

Krishan Kumar (1996). Theory of Classification. New Delhi : Vikas Publishing House. Chapters 5-11.

Marcella, Rita and Newton, Robert (1994). A New Mannual of Classification. Aldershot, UK : Gower. Chapter 3.

Parkhi, R.S. (1972). Library Classification, Evolution of a Dynamic Theory. New Delhi : Vikas Publishing House. Chapters F-R

Ranganathan, S.R. (1931). Five Laws of Library Science. Madras : Madras Library Association.

Ranganathan S.R. (1967). Prolegomena to Library Classification. 3rd ed. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science. Chapters D-L.

Richardson, Ernest Cushing (1901). Classification, Theoretical and Practical. New York : Scribner. (Ed 2; 1912, Ed 3; 1930).

sayers, W.C.B. (1964). A Manual of Library Classification. 3rd ed. London : Andre Deutsch. Chapters 9 and 17-19.

Sayers, W.C.B. (1915). Canons of Classification. London : Grafton.

Sayers, W.C.B. (1935). Grammar of Classification. 4th ed. London : Grafton. (Ed 2; 1915)

Sayers, W.C.B. (1918). Introduction to Library Classification. London : Grafton. (Ed. 2; 1922 Ed 3; 1929 Ed 4; Ed 5; 1938, Ed 6; 1943, Ed 7; 1946, Ed 8; 1958)

Stewart, J. D. (1950). Brown's Subject Classification. Rev Documentation. 18, 56-53.

એકમ-4 ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓના પ્રકારો

રૂપરેખા

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 ગ્રંથાલય વર્ગીકરણના પ્રકારો

4.2.1 ગણનાક્ષમ વર્ગીકરણ

4.2.2 બહુધા ગણનાક્ષમ વર્ગીકરણ

4.2.3 બહુધા મુખકીય વર્ગીકરણ

4.2.4 સંપૂર્ણ મુખકીય વર્ગીકરણ

4.2.5 વિકાસાત્મક પ્રવાહો

4.2.6 ગણનાક્ષમ અને મુખકીય વર્ગીકરણોનો તુલનાત્મક અભ્યાસ

4.3 કેટલીક મુખ્ય વર્ગીકરણ પદ્ધતિઓ

4.3.1 ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (ડી ડી સી)

4.3.2 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (યુ ડી સી)

4.3.3 કોલન ક્લાસિફિકેશન (સીસી)

4.3.4 લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસ ક્લાસિફિકેશન (એલસી)

4.3.5 બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન (બીસી)

4.3.6 બ્રોડસિસ્ટમ ઓફ ઓર્ડરિંગ (બીએસઓ)

4.4 ગહન અનુસૂચિઓ

4.5 સારાંશ

4.6 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

4.7 ચાવીરૂપ શબ્દો

4.8 સંદર્ભો અને વિશેષ વાંચન

4.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમમાં તમને ગ્રંથાલય વર્ગીકરણના વિવિધ પ્રકારોની ઓળખ/જાણકારી આપવામાં આવશે અને છેલ્લાં 120 વર્ષથી વધુ સમય દરમિયાન વિકસેલી એવી સામાન્ય અને વિશિષ્ટ ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓ ઉપર પ્રકાશ પાડવામાં આવશે.

આ એકમના અધ્યયન પછી તમે આ બાબતથી સક્ષમ બનશો :

- જ્ઞાનના સંગઠન માટે આ સમયમાં ઉપયોગમાં લેવાતી વિવિધ પ્રકારોની ગ્રંથાલય વર્ગીકરણ વિષે જાણકારી મેળવવમા;
- વિવિધ પ્રકારોની ગ્રંથાલય વર્ગીકરણની પ્રજાતિઓ ખાસિયતો વિશિષ્ટ લક્ષણો મર્યાદાઓ અને સમસ્યાઓ વિષે સમજ મેળવવામાં; અને
- સામાન્ય અને વિશિષ્ટ મુખ્ય એવી વર્ગીકરણ પદ્ધતિઓથી પરિચિત બનવામાં.

4.1 પ્રસ્તાવના (INTRODUCTION)

યુ.એસ.એમાં 1876માં ડ્યૂઈ ડેસિમલ પદ્ધતિ ક્લાસિફિકેશન (ડીડીસી) પ્રકાશિત થવા સાથે જ આધુનિક ગ્રંથાલય વર્ગીકરણના ઈતિહાસનો આરંભ થયો. ત્યાર પછી ઘણા ગ્રંથપાલોએ વિવિધ પ્રકારની વર્ગીકરણ પદ્ધતિઓ વિભિન્ન દૃષ્ટિકોણથી અપનાવી અને/અથવા પદ્ધતિઓ વિકસાવવાના પ્રયત્નો કર્યા. સી.એ.કટરની તેની એકસ્પાનસીવ ક્લાસિફિકેશન (1879)માં જૂદાં પ્રકારની સંજ્ઞાઓ ઉપયોગમાં લેવાઈ, તેની સાથે સાથે બ્રિટિશ ગ્રંથપાલ જેમ્સ ડ્ફ બ્રાઉનની સબ્જેક્ટ ક્લાસિફિકેશન (1906) જ્ઞાનની ગોઠવણી માટે વિભિન્ન અભિગમ અપનાવ્યો. બીજી તરફ યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (યુડીસી,1905) સીમાચિહ્નરૂપ હતી, તો એસ.આર રંગનાથનની કોલન ક્લાસિફિકેશન (1933) ગ્રંથાલય વર્ગીકરણના ઈતિહાસમાં પ્રભાવશાળી ભાત પાડી. રંગનાથન તેનો અભિગમ સંપૂર્ણપણે અન્ય પદ્ધતિઓથી વિભિન્ન પ્રકારનો એટલે કે વર્ગીકરણની મુખકીય યોજના તરીકે ઓળખવામાં આવી. એથી વિરુદ્ધ, ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંતો જેને પછી ડીડીસી અને અન્ય સમાન પદ્ધતિઓને ગણનાક્ષમ (કોઠાગત) વર્ગીકરણની યોજના કહેવાય છે. વર્તમાનકાળમાં અડધો ડઝન જેટલી સામાન્ય ગ્રંથાલય વર્ગીકરણની પદ્ધતિઓ અસ્તિત્વમાં (જીવંત) છે. રંગનાથન (પ્રોલેગોમેના ટુ લાઈબ્રેરી ક્લાસિફિકેશન 3જી આવૃતિ; ગ્રંથ 1, 1967) બધી જ વર્ગીકરણ પદ્ધતિઓને નીચે દર્શાવેલ પાંચ પ્રકારોમાં વિભાગે છે.

- ગણનાક્ષમ વર્ગીકરણ
- અંશતઃ ગણનપૂર્ણ વર્ગીકરણ
- અંશતઃ મુખકીય વર્ગીકરણ
- અંશતઃ મુખકીય વર્ગીકરણ
- ચુસ્ત મુખકીય વર્ગીકરણ એટલે કે પૂર્વાનિર્ધારિત મુખકો સાથેની વર્ગીકરણ પદ્ધતિ
- મુક્ત મુખકીય વર્ગીકરણ - અર્થાત સ્વયંભૂ સત્યો અને સિદ્ધાંતો દ્વારા દોરવાતી પૃથક્કરણીય-સંયોજિત વર્ગીકરણ

4.2 ગ્રંથાલય વર્ગીકરણના પ્રકારો (SPECIES OF LIBRARY CLASSIFICATION)

''વિષયોના વર્ગીકરણ માટેની યોજનાઓની સામાન્ય વિકાસરેખા ગણનાક્ષમથી પૃથક્કરણીય સંયોજિત કે જે સ્વયંભૂ સભ્યો અને સિદ્ધાંતો દ્વારા દોરવાય છે'' આ પછીના પેટા-વિભાગોમાં વિવિધ વર્ગીકરણના પ્રકારોની ખાસિયતો, મર્યાદા વગેરે વર્ણવવામાં આવેલ છે.

4.2.1 ગણનાક્ષમ વર્ગીકરણ (Ennumarative Classification)

''ગણનાક્ષમ'' પદનો શાબ્દિક અર્થ 'યાદી' અથવા 'ગણવું' છે. ''વર્ગીકરણ માટેની ગણનાક્ષમ યોજનામાં ભૂતકાળ વર્તમાન અને ભવિષ્યના બધા જ વિષયો એક જ કોઠામાં ગણનાક્ષમ સ્વરૂપે રહેતા હોય છે.'' તેનો અર્થ એ છે કે વિવિધ વિષયો માટેના વર્ગ અંકો કોઠાઓમાં એક પછી એક ગણીને મૂકેલ હોય છે. અંકની રચના કરવા માટે સામાન્ય પૃથકોના કોઠાઓ માટેના પૂરક કોઠામાં અલગથી આપવામાં નથી આવતાં. આ પ્રકારોના વર્ગીકરણનું ઉત્તમ ઉદાહરણ લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ (Library of Congress (Lc) છે. 45 આ ગ્રંથસંપુટોમાં 11300 પૃષ્ઠોમાં વિસ્તૃત કોઠાઓ છે. અંકોના સંયોજન માટેની કોઈ જોગવાઈ નથી. LC માંના ઉદાહરણોઃ

HA	Statistics	HB	Economic Thery
	(આંકડાશાસ્ત્ર)		(આર્થિક સિદ્ધાંત)
HA1	Statistics Periodicals	HB9	Periodicts
	(આંકડાશાસ્ત્ર સામયિકો)		(સામયિકો)
HA9	Statistics Conferences	HB21	conference
	(આંકડાશાસ્ત્ર પરિષદો)		(આર્થિક સિદ્ધાંતના સામાયિકા)

રાઈડર્સની ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન (RIC) (1961) આ પ્રકારની અન્ય પદ્ધતિ છે, અને 18000 વિષયોના પ્રત્યેકને માટેના રોમન કેપીટલ મૂળાક્ષરોના ખૂબ જ વિશાળ કોઠાઓ આપે છે. અહીં અંક રચના કરવાની કોઈ સંભાવના નથી. તેને પરિણામે નવા વિષયોના પ્રતિનિધિત્વની સંભાવના રહેતી નથી એકજ વર્ગ અંકમાં અનેકો વિષયોને બળપૂર્વક મૂકવા પડે છે. આથી કરીને RIC એ સ્થિતિ સ્થાપક અને ખૂબ જ મર્યાદિત છે.

4.2.2 બહુધા ગણનાક્ષમ વર્ગીકરણ (Almost - Enumarative Classification)

વર્ગીકરણ માટેની અંશતઃ કોઠાગત પદ્ધતિઓમાં મોટે ભાગે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યમાં આવનારા વિષયોના વિશાળ કોઠાઓ ગણનાક્ષમ રહે છે, અને વધારામાં સામાન્ય પૃથકો માટેના થોડાક કોઠાઓ હોય છે. મોટા ભાગના પ્રલેખોના તૈયાર વર્ગ અંકો/વર્ગ સમંકો મળે છે, જ્યારે પૂરક કોઠાઓની મદદથી પ્રાથમિક સંયોજન દ્વારા સંભવિત બને છે. જે.ડી બ્રાઉનની સબ્જેક્ટ ક્લાસિફિકેશન (એસસી SC) આ પ્રકારનું ઉદાહરણ છે. તેમાં વિષયોના મુખ્ય કોઠાઓ હોય

છે, મુખ્યત્વે સયુકત વિષયોને મૂળાક્ષરો અને વધુ વિભાજન માટે અંકો પ્રયોજવામાં આવે છે. બ્રાઉને સામાન્યપણે ઉપયોગમાં આવતા પેટાવિભાગો માટેની તલિકા વધારામાં આવેલ છે. આ સ્વરૂપો અને અન્ય વિભાજન માટે કોઈપણ વર્ગના કોઠાઓની યાદી ઉપયોગમાં લેવાય છે, આમ મર્યાદિત સંજ્ઞાત્મક સંયોજન પૂરું પાડે છે. આ પ્રમાણે છે.

.0 સામાન્યપણે (Generally)

.00 સૂચીઓ, યાદીઓ (Catalogues, Lists)

.1 વાઙ્મયસૂચિ (Bibliography)

.2 જ્ઞાનકોશ (Encyclopaedia)

.10 ઈતિહાસ (History)

મુખ્ય અને પૂરક કોઠાઓ ઠીક ઠીક લાંબા હોય છે. તેમાં છતાં LC અથવા RIC જેટલા વિશાળ નહીં. ડીડીસી અંશતઃ ગણનાક્ષમ વર્ગીકરણ છે, છતાંય તેમાં વધારાના કોઠાઓમાં માનક પેટાવિભાજનો અને ભૌગોલિક વિસ્તારની તાલિકાના બે તાલિકાઓ પૂરી પાડે છે. કોઠાની અંદર 'ના મુજબ વિભાગો'' (Divide Like) ની સૂચનાઓથી મર્યાદિત સંયોજન થઈ શકે છે. પૃથક મુખકોની જોગવાઈ હોવા છતાં પણ વર્ગસમંક વિશાળકાય સ્થંભ રૂપે હોય છે. મુખકોના પૃથકો માટેના સંયોજન અંકોને કારણે એક જ સમાન પ્રકારોના વર્ગસમંકોના અર્થસભર સમૃદ્ધ અંકો હોય છે. તેમ છતાં વર્ગ સમંકમાં દરેક ત્રણ અંકો પછી ડાબી બાજુએ થોડી જગ્યા છોડી દીધેલ હોવાથી આંખોને થોડી રાહત આપેલી છે. વિશેષમાં સામાન્ય ગ્રંથાલયોમાં નવા ઉદ્‌ભવતા વિષયોનો જોરદાર હલ્લો અનુભવી રહ્યાં છે. તેના પૂરતાં પૂરાવા DDC ની 17મી આવૃતિમાં છે. આથી કરીને મુખક વર્ગીકરણ પ્રત્યેનો અભિગમ સ્વીકાર્યો.

આવી યોજનાઓ જ્ઞાનવિશ્વનો બધી દિશામાં વિકસતી બેફામ દબાણની સાથે ઊભા રહેવા માટે શક્તિમાન નથી રહેતી. બ્રાઉનની સબ્જેક્ટ ક્લાસિફિકેશન હવે મૃતપાય પદ્ધતિ છે. જ્યારે DDC એ મહદ્‌અંશે વર્ગાંક રચનાની શક્તિ 18મી આવૃતિમાં (1971)માં સાત વધારાના કોઠાઓ આપીને વધારી દીધી છે. રંગનાથનને લાગે છે કે મુખકીય વર્ગીકરણના ઢાળવાળો અભિગમને કારણે છે. 'પણ સંપૂર્ણપણે સાંગોપાંગ નથી જતી'' આવી પદ્ધતિઓ જૂનવાણી બની જાય છે.

4.2.3 બહુધા મુખકીય વર્ગીકરણ (Almost-Faceted Classification)

સ્પષ્ટતઃ અંશતઃ મુખકીય વર્ગીકરણ એ અંશતઃ ગણનાક્ષમ વર્ગીકરણથી સંપૂર્ણ મુખકીય પદ્ધતિની વિકાસરેખાની વચ્ચે રહે છે. આ પ્રકારોની પદ્ધતિમાં મૂળભૂત કોઠા સંયુકત અને ગહન વિષયો ભૂતકાળ, વર્તમાન, ભવિષ્યમાં આવનારા અપેક્ષિત અને વધારામાં કેટલાક સામાન્ય પૃથકો અને વિશિષ્ટ પૃથકોના કોઠાઓ લાંબા હોય છે. મુખ્ય કોઠામાંના અંકોની સાથે સામાન્ય પૃથકો અને વિશિષ્ટ પૃથકો માટેના સૂચક અંકો/સંયોજક ચિહ્નો દ્વારા કોઠામાં ઉપયોગમાં લીધેલા અંકોથી ભિન્ન એવા અર્થબોધક રીતે સમૃદ્ધ અંકો હોય છે. યુડીસી 1905-1994+ બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન બીસીઆઈ (1940-1953)ની પહેલી આવૃતિ આનાં ઉદાહરણો છે. મોટાભાગના નંબરો હજુ આજે પણ તૈયાર મળે છે., તેમ છતાં ઘણાં બધાં અંકો વધારાની

તાલિકાઓની મદદથી સંયોજિત થઈ શકે છે. તૈયાર વર્ગસંમકો બહુકોણીય અને તેઓનું માળખું થોડું વધુ પારદર્શક હોય છે. કોઠાઓ પ્રમાણમાં નાના હોય છે, તેમ છતાં મુખ્યકોઠાઓ થોડાં લાંબા હોય છે. આ પદ્ધતિમાં ઘણી વધારાની તાલિકાઓ કોઠાઓ પૂરક હોય છે અને આમ વર્ગસમંકોને સંયોજિત કરવાની શક્તિમાં વૃદ્ધિ થતી રહે છે. બહુકોણીય પૃથકો આંતરિક રીતે વિસ્તારી શકાય. મુખકોના કેટલાક પૃથકો અને બે વર્ગ સમંકને જોડવા માટે ':' (કોલન) ઉપયોગ અને અન્ય અનુસૂચિઓના અન્ય પૃથકોની મદદ વડે જ્યારે પરિણામ મેળવાય નહીં ત્યારે નવાં ઉદ્‌ભવતા વિષયોના દબાણને યુડીસી પૂરતાં પ્રમાણમાં સ્થિતિસ્થાપક બનાવવા શક્તિમાન હોય છે." આ જ રીતે બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન યુડીસીની જેમ જ સ્થિતિસ્થાપક રહે છે.

4.2.4 સંપૂર્ણ મુખકીય વર્ગીકરણ (Fully Facefed Classification)

મુખકીય વર્ગીકરણ પાયાના વર્ગોના કોઠાઓ વિશિષ્ટ પૃથકો અને સામાન્ય પૃથકોના કોઠાઓ માત્રા ધરાવે છે. વિશેષમાં અસ્તિત્વ ધરાવતાં પૃથકો અને/અથવા નવા પૃથકોની રચના કરવા માટેની કેટલીક યુક્તિઓ હોય છે.સંયુક્ત અથવા ગહનવિષયો કોઠામાં પરિગણનારૂપે નથી હોતા. આવા વિષયોના વર્ગસંમક તૈયાર પ્રાપ્ય નથી હોતા. વર્ગીકરણ પદ્ધતિની યોજનાના નિયમો,વ્યાકરણ અનુસાર દરેક વખતે તેનું સંયોજન કરવા સાથે સંબંધ ધરાવે છે. આમ, આવાં સંયોજિત વિષયોના વર્ગસમંકો બહુકોણીય અને તેઓનું માળખું મુખકો સાથે પારદર્શક હોય છે. વર્ગીકરણ પદ્ધતિના વિકાસમાં મુખકીય પદ્ધતિઓ તદ્દન નવી છે અને જ્ઞાનક્રાંતિના જોરદાર હલ્લાને પહોંચી વળવા સારી રીતે સુસજ્જ છે. તેના બે પ્રકારો છે.

- ચુસ્ત-મુખકીય વર્ગીકરણ
- મુક્ત-મુખકીય વર્ગીકરણ
- ચુસ્ત-મુખકીય વર્ગીકરણ **(Risidly Facefed Classification)**

મુખકીય વર્ગીકરણોના વિકાસનો આ પ્રથમ તબક્કો છે. ચુસ્ત-મુખકીય વર્ગીકરણ મુખકો અને તેઓનો ઉલ્લેખીતક્રમ નિશ્ચિત કરેલ હોય છે અને તેઓ મુખકસૂત્ર પ્રમાણે જ પૂર્વનિર્ધારિત કરેલ હોય છે. કોઈ મુખકને બાકાત કરી શકાતું નથી.

કોલન ક્લાસિફિકેશન (સીસી)ની પહેલી ત્રણ આવૃતિઓ (1933, 1939 અને 1950) ચુસ્ત મુખકીય ગણવામાં આવેલ છે, જેમ કે, દરેક પાયાના વર્ગમાં મુખકસૂત્ર આપેલ હોય છે. વર્ગ સમંકમાં મુખકો હોય છે, અને આપેલ મુખકોની કક્ષા ઓળખવાની થોડી મુશ્કેલી રહેતી હતી. મુખકસૂત્રમાંના બધા જ અંકો : (કોલન, વિસર્ગચિહ્નએ એક જ સંયોજક ચિહ્ન વડે જોડવામાં આવતાં આથી સમસ્યા ઊભી થતી હતી. જો વચ્ચેનું કોઈ મુખક ગેરહાજર રહેતું હોય તો, તેનું સંયોજક ચિહ્ન પણ દર્શાવવાની આવશ્યકતા રહેતી હતી. ઉદાહરણરૂપે :

DGG : 121: : 4 Design of Electrical Generator

આ વિષયમાં ભાગ મુખક (Part Facet) એ જ માત્ર ગેરહાજર છે. એ મુખસૂત્રમાં વચ્ચે સ્થાન ધરાવે છે. આથી કરીને : (કોલન : વિસર્ગચિહ્ન) સંયોજક ચિહ્ન દ્વિતીય કાર્યઅંક (Secondary work NUmber) પછી તરત જ મૂકીને અને ઈજનેરી સમસ્યા અંક

(Engineering Problem Number) પૂર્વ તરત : (કોલન વિસર્ગચિહ્ન) મૂકવું પડે. આમ આ વર્ગસમંકમાં બે વાર વિસર્ગચિહ્ન મૂકવું પડે. આમ આ વર્ગસમંકમાં બે વાર વિસર્ગ ચિહ્ન (કોલન) સાથે સાથે મૂકેલ છે. આથી કરીને વર્ગસમંકને કઢંગો અને અરુચિકર દેખાય છે. એનો અર્થ એટલો કે મુખકોનો ઉપયોગ કરવો એ પૂર્વનિર્ધારિત હોય છે. આથી કરીને વધારાના નવા મુખકો મૂકવા અડચણરૂપ છે.

મુક્ત મુખકીય વર્ગીકરણ(Freely Faceted Classification)

ગ્રંથાલય વર્ગીકરણના વિકાસમાં આ અંતિમ તબક્કો છે. મુક્ત મુખકીય વર્ગીકરણ પદ્ધતિનો આધાર સ્વયંભૂ સત્યો અને સિદ્ધાંતો ઉપર છે, અને ''ત્યાં પાયાના વિષયો સાથે જતાં સંયુક્ત વિષયો માટેના પૂર્વનિર્ધારિ મુખકસૂત્રોની કોઈ ચુસ્તતા નથી હોતી.'' ત્યારે આ પ્રકારની પદ્ધતિનો આધાર પૃથક્કરણીય અને સંયોજિત હોઈને, દરેક વિષયની તેનું પોતાનું મુખકસૂત્ર હોય છે. મુખકસૂત્ર જાહેર હોય છે. મુખકોના પૃથક્કરણ અને સંયોજનના કાર્યમાં અને મુખકોના ક્રમ સ્વયંભૂ સત્યો અને સિદ્ધાંતો દ્વારા દોરવાય છે, જેને બીજા શબ્દોમાં આ પ્રકારના વર્ગીકરણને પૃથક્કરણીય-સંયોજિત વર્ગીકરણ (Analytico-Synthesis Classification)તરીકે ઓળખવામાં આવે છે. કોલન ક્લાસિફિકેશનની ચોથી આવૃતિથી 6ઠ્ઠી આવૃતિ મુક્ત મુખકીય વર્ગીકરણ પદ્ધતિનાં ઉદાહરણો છે. આ પ્રકારોની અન્ય પદ્ધતિનાં ઉદાહરણોમાં જે.મિલ્સે પુનઃસંશોધિત કરેલ બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન 2જી આવૃતિ (1977)નું છે. આ પ્રકારોની પદ્ધતિઓની સ્થિતિસ્થાપકતા વાસ્તવમાં અનંત હોય છે. વર્ગસમંકોમાં સહ-વ્યાપક લાઘવતા અને સગવડવાળા હોય છે. કેટલાક અભિપ્રાય એવા છે કે મુક્ત મુખકીય વર્ગીકરણની પદ્ધતિ વિભિન્ન પ્રકારના મુખકો માટે સૂચકઅંકો વિવિધ પ્રકારના મુખકોમાંના વર્તુળો અને સ્તરોની વિભાવનાઓને લઈને સંયુક્ત વિષયોમાં જોવા મળતી સખત ચુસ્તતાને દૂર કરેલ છે. તેમ છતાં, અસ્તિત્વ ધરાવતા વર્તુળોની અંદર મુખક સ્તરોના સંદર્ભમાં કેટલીક સખતાઈ જોડાયેલી રહે છે.

પણ ખંડક સંજ્ઞાની મદદથી મુખકોના સ્તર અને તેના ક્રમના વર્તુળોમાં છૂપાયેલી ચુસ્તતા સીસીની 6ઠ્ઠી આવૃતી સુધી રહી, પણ સીસીની 7મી આવૃતિથી દૂર કરવામાં આવી. પણ પૂર્વાનિર્ધારિત મુખકો માટેના બધા સંયુક્ત વિષયો માટેના મુખકો ગમે તે પાયાના મુખક સાથે જોડવાની પ્રથા કાઢી નાંખી, આથી કરીને તેને સંપૂર્ણ મુક્ત મુખકીય વર્ગીકરણ પદ્ધતિ તરીકે વર્ણવી છે. રંગનાથની કોલન ક્લાસિફિકેશન આ પ્રકારની મુક્ત-મુખકીય પૃથક્કરણીય-સંયોજિત પદ્ધતિનું ઉત્તમ ઉદાહરણ છે. જે સ્વીકૃત સત્યો અને સિદ્ધાંતો દ્વારા દોરવાય છે.

4.2.5 વિકાસાત્મક પ્રવાહો (Evolutionary Trends)

ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંત અને તેથી કરીને, વર્ગીકરણ પદ્ધતિઓનો વિકાસ હમેંશા પ્રવાહી (ગતિશીલ) રહ્યો છે. પરિવર્તનો ઝડપી અને પ્રગતિ બેઉ રીતનાં રહ્યાં છે. ગણનાક્ષમથી સંપૂર્ણ મુક્ત-મુખકીય વર્ગીકરણની પદ્ધતિઓના અંશતઃમુખકીય, ચુસ્ત-મુખકીય અને લગભગ મુક્ત મુખકીય તબક્કામાં વિધ્નરૂપ મધ્યસ્થીરૂપે રહેલી છે.

કેટલાક ઇતિહાસકારો વર્ગીકરણની ગણનાક્ષમ પદ્ધતિઓ બે મુખકીય માળખાની નીતિરીતિ અપનાવી (જેમ કે યુડીસી, ડીડીસી-18 થી 21) મોટા ભાગના સિદ્ધાંતો સામાન્યપણે પાયાના બે પ્રકારોમાં ગણનાક્ષમ અને મુખકીય જેના લક્ષણો, ફાયદાઓ અને ગેરફાયદાઓ અંગે તુલનાત્મક અભ્યાસ વારંવાર થતો હોય છે.

4.2.6 ગણનાક્ષમ અને મુખકીય / વર્ગીકરણોનો તુલનાત્મક અભ્યાસ

(Comparative Study of Enumerative and Faceted Classifications

	ગણનાક્ષમ	મુખકીય
1	આ પદ્ધતિ વધતે-ઓછે પાયગત, સંયુકત અને કેટલાંક ગહન વિષયોની પદ્ધતિ-સરની યાદી છે. એનો અર્થ એ છે કે બધાં જ વર્ગ સંમકો તૈયાર મળી રહે છે.	સંયુક્ત અને ગણન વિષયો માટેના વર્ગસમંકો તૈયાર મળતા નથી. તે પાયાગત વિષય (મૂળ વિષય) અને વિશિષ્ટ પૃથકો અને કેટલાક સામાન્ય પૃથકો આવેલાં હોય છે.
2	વર્ગીકરણની વિકાસરેખામાં પ્રથમ પ્રકારો છે. લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસ ક્લાસિફિકેશન. આ પ્રકારની ઉત્તમ નમૂનારૂપ પદ્ધતિ છે.	વર્ગીકરણ પદ્ધતિઓના વિકાસમાં આ અદ્યતન તબક્કાની છે. રંગનાથનની કોલન વર્ગીકરણ આ પ્રકારનું ઉત્તમ પ્રજાતિનું ઉદાહરણ છે.
3	વર્ગીકરણ ભૂતકાળનું હોય છે અને માહિતી પ્રક્રિયા અને સંગઠનઓના વર્તમાન પ્રશ્નોની સમસ્યાઓને પહોંચી વળતી નથી. વર્ગસમંકો સહ વ્યાપત હોતા નથી.	આ વર્ગીકરણ વર્તમાન અને નજીકના ભવિષ્ય અને પૂરેપૂરી રીતે માહિતી ઉત્ક્રાંતિની સમસ્યાઓને પહોંચી વળવા સુસજ્જ હોય છે. તેમાં વર્ગસમંકો સહ વ્યાપત હોય છે.
4	ગણનાક્ષણ પદ્ધતિઓને કોઈ નિશ્ચિત સિદ્ધાંતો અને માર્ગદર્શક નિયમો સામાન્યપણે હોતા નથી. આથી કરીને આ પ્રકારની પદ્ધતિઓ નવા વિષયોને પોતાનામાં સમાવવાની સગવડ આપતી નથી. એનું માળખું બહુજ ચુસ્ત હોય છે, અને તરત જ જૂની અને જૂનવાણી થતી હોય છે.	આનો આધાર નિશ્ચિત સિદ્ધાંતો સ્વયંભૂ સત્યો અને સિદ્ધાંતો તેનો પાયો છે. આ માર્ગદર્શક સિદ્ધાંતો ગુણ દ્વારા તે પોતાનામાં નવા વિષયોને સમાવી શકે છે. તે ઘણી જ સ્થિતિ સ્થાપક તેને સરળતાથી અદ્યતન રાખીને અને ટકાવી રાખી શકાય છે.
5	સંજ્ઞા સરળ છે, વર્ગસમંકો બહુ વિશાળ બને છે.	સંજ્ઞા મિશ્ર છે અને તેથી કરીને જટિલ લાગે છે વર્ગસમંકો બહુ શ્રેણીય છે.
6	કોઠાઓ ખૂબ જ લાંબા હોય છે; આ પદ્ધતિની રચના કરવી અઘરી છે પણ ઉપયોગ સરળ છે.	કોઠાઓ ટૂંકા હોય છે, તેની રચના કરવી એટલી સરળ નથી, પ્રમાણમાં તેનો ઉપયોગ કરવામાં જટિલતા રહે છે.
7	સૂચિ અનિવાર્ય છે.	કોઠાઓ ટૂંકા હોય છે. સૂચિ ઓછા ઉપયોગમાં લેવાય છે.

તમારી પ્રગતિ ચકાસો.

1) વર્ગીકરણના વિવિધ પ્રકારોનાં નામ આપો.

2) ગણનાક્ષમ અને મુખકીય વર્ગીકરણ પદ્ધતિઓના લક્ષણોની તુલના કરો.

3) મુક્ત મુખકીય વર્ગીકરણના લક્ષણો ગણાવો. શા માટે તેને પૃથક્કરણીય-સંયોજિત વર્ગીકરણ કહેવાય છે ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારાં ઉત્તરો સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

4.3 કેટલીક મુખ્ય વર્ગીકરણ પદ્ધતિઓ (SOEM MAJOR CLASSIFICATION SYSTEMS)

ઈ.સ.1876 પછીના સમયગાળામાં વિશેષતઃ સામાન્ય અને વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ ઝડપથી વિકાસ પામી છે. સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓની રચના જ્ઞાનના સંપૂર્ણ ક્ષેત્રને માટે રચવામાં આવેલ છે. આના ઉદાહરણોમાં ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન, સી.એ.કટરની ઈકસપેન્સિવ ક્લાસિફિકેશન, રંગનાથનની કોલન ક્લાસિફિકેશન.

બીજી તરફ, વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિ ઘણી જ વિગતપૂર્ણ, વર્ગીકરણ વિભાજન સુક્ષ્મ જ્ઞાનના કોઈ નાના ક્ષેત્રનું, જેમ કે સામાજિક વિજ્ઞાનો અથવા અર્થશાસ્ત્ર, અથવા બેકિંગ માટેનું વિકસાવ્યું છે. આ પ્રકારની વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ અનેક છે. આ પ્રકારની કેટલીક વર્ગીકરણ પદ્ધતિઓનું વર્ણન અને ચર્ચા આ પાઠ્યક્રમ (BLIS-03)ના ખંડ 4માં કરેલી છે.

4.3.1 ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (ડીડીસી) (Dewey Decimal Classification)

ડીડીસી મેલિવિલ ડ્યૂઈએ વિચારી હતી અને 1876માં પ્રથમવાર પ્રકાશિત કરી હતી. આજે તેની 22 આવૃતિ છે. તેના લેખક મેલ્વિલ ડ્યૂઈ (1851-1931) આધુનિક ગ્રંથાલયીત્વના પિતા તરીકે જાણીતા છે. આ વર્ગીકરણની પહેલી શાખા કેન્દ્રી વર્ગીકરણ છે અને સમગ્ર જ્ઞાનને દસ મુખ્ય વર્ગોમાં વિભાજિત કરેલ છે. મુખ્યવર્ગોના વિભાજનો, વંશાનુબદ્ધ અને વિગતે હોય

છે. 21મી આવૃતિમાં વધારાની સાત તાલિકાઓ મુખ્યકોઠાના 001/999 અંકોને ગ્રંથસંપુટમાં પૂરક બને છે. તેની વાડ્મયસૂચીય વિગત આ પ્રમાણે છે.

Deway, MelJile : Decimal Classification and Relative Index. Ed 22 edited by joan s. Mitchell. Albuny N.y: Forest Press OcLC. 4 volumes

નાંનાં ગ્રંથાલયો માટે ડીડીસીની સંક્ષિપ્ત આવૃતી પ્રકાશિત કરી છે. જે હાલમાં એક ગ્રંથસંપુટમાં 13મી આવૃતિ (1997)પ્રકાશિત થઈ છે.

મોટા ભાગના વર્ગઅંકો કોઠામાં હોય છે. ઘણા બધા અંકો તેનામાં ઉમેરો (add-to) ની સૂચના અને સાત વધારાની તાલિકાઓ દ્વારા વિસ્તારવામાં આવ્યા છે.

આ બહુ જ પ્રચલિત વર્ગીકરણ પદ્ધતિ છે કે જે 135 દેશોના 2,00,000 (બે લાખ) ગ્રંથાલયમાં ઉપયોગમાં લેવાય છે અને દુનિયાની 35 ભાષાઓમાં એના અનુવાદો થયા છે. પૂર્વ પ્રકાશન સૂચિકરણમાં (Cataloguing in publication. CIP) અને માર્ક (MARC) રેકર્ડસમાં એનો ઉપયોગ કરવામાં આવેલ છે. ડીડીસી ઉપર માહિતી પ્રૌદ્યોગિકીનો પ્રભાવ જોઈ શકીએ છીએ, કે જે જૂલાઈ 29, 1988ના રોજ મેસાચ્યુસેટ ની એક પેઢીને ડીડીસીની 20 આવૃતિઓના બધા જ પાઠોની ટેપ સુપ્રત કરવામાં આવી છે. આમ ડીડીસી ઓન લાઈન યુગમાં પ્રવેશી. સમિતિ સંપાદકીય નીતિ અને પદ્ધતિના ભાવિ વિકાસ ઉપર સંપૂર્ણ દેખરેખ રાખશે. સંપાદકીય નીતિ સમિતિની ભલામણોને લઈને માહિતી સંગ્રહ પુનઃપ્રાપ્તિ વધુ ગ્રાહ્ય અને ચકાસી શકાય તેવી બનાવવામાં સહાય મળશે. આ પદ્ધતિ સીડી-રોમ (ડયૂઈ ફોર વિન્ડોઝ, 1996) રૂપે સુલભ છે.

4.3.2 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (યુડીસી) (Universal Decimal Classification)

1895માં પૉલ ઓટલેટ અને હેન્રી ફોન્ટેઈને ડીડીસીના પાયા ઉપર યુડીસીને વિકસાવી હતી. તેઓના પ્રયત્નને પરિણામે આ પદ્ધતિ 'મેન્યુએલ ડુ રિપોર્ટચિયર યુનિવર્સલ બિબ્લિયોગ્રાફિક' નામે પ્રકાશિત થઈ, જે અંશતઃ ગણનાક્ષમ વર્ગીકરણને સ્વીકારીને અંશતઃ મુખકીય પદ્ધતિ સંયોજનને માન્યતા આપી. આ વાડ્મયી વર્ગીકરણના પ્રકારના તરજુમામાં પ્રાપ્ત છે.

સંપૂર્ણ આવૃતિ	2,21,000 પદો
મધ્યમ આવૃતિ	70,000 (સંપૂર્ણ આવૃતિના 30%
સંક્ષપિત આવૃતિ	20,000 (સંપૂર્ણ આવૃતિના 10% રૂપે)

બ્રિટીશ સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટ્યુટ BS: 1000 રૂપે અંગ્રેજી આવૃતિ પ્રકાશિત કરી છે.

હવે યુડીસી (જેમાં એફઆઈડી પોતે અને ઈંગ્લેંડ, સ્પેન, બેલ્જીયમ, જાપાન ફ્રાંસના સભ્યોનું બનેલું મંડળની માલિકીનું છે. આ પદ્ધતિમાં સતત સુધારા વધારા કરીને અને તેના સંશોધિત અંશો Extensions and Corrections to UDC' એ વાર્ષિક બુલેટિનમાં જાહેર કરવામાં આવે છે. પ્રર્વતમાન સમયમાં યુડીસી સંપૂર્ણપણે પુનઃરચના કરીને પૂર્ણ મુખકીય પદ્ધતિ રૂપે છે.

4.3.3 કોલન ક્લાસિફિકેશન (સીસી) (Colon Classification)

એસ.આર.રંગનાથને રચી. અને 1933માં મદ્રાસ લાઈબ્રેરી એસોશિએશન દ્વારા પ્રથમવાર

પ્રકાશિત કરવામાં આવી હતી. કોલન ક્લાસિફિકેશન વર્ગીકરણના સિદ્ધાંત અને વ્યવહારમાં ક્રાંતિ આણી છે. આ મુક્ત મુખકીય વર્ગીકરણએ વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંત અને સ્વયંભૂ સત્યો અને સિદ્ધાંતોને અનુસરવામાં આવે છે. આ પદ્ધતિ પ્રમુખ માળખામાં પાયાગત વિષયના કોઠાઓ અને પાંચ મૂળભૂત ખાસિયતો : વ્યક્તિત્વ, વસ્તુ, વેગ, સ્થળ અને કાળ દર્શાવતા પ્રત્યેક મુખ્યવિષયના કોઠાઓ આપ્યાં છે. આ કૃતિની ઓળખ (રચના) ત્રણ સ્તરે થાય છે. વિચાર શાબ્દિક અને સંજ્ઞા કક્ષાએ થતી હોવાથી વર્ગીકરણ ઉદ્દેશ્યપૂર્ણ બને છે. આ પદ્ધતિ પૃથક્કરણીય સંયોજિત વર્ગીકરણનું ઉત્તમ અને સબળ ઉદાહરણ છે

કોલન ક્લાસિફિકેશનની સાતમી આવૃતિ (1989)માં હમણાં સુલભ છે. આ પદ્ધતિના પ્રવાહો સ્થિર થયેલાં છે, પણ આ વર્ગીકરણનો ઉપયોગ બહુ થતો નથી. ભારતમાં કેટલાક વિશિષ્ટ અને શૈક્ષણિક ગ્રંથાલયોમાં એનો ઉપયોગ થાય છે. એની જટિલ મિશ્ર સંજ્ઞા એના ઉપયોગ અને પ્રચલિતાને માટે અડચણ રૂપ છે. પરંતુ એની પદ્ધતિ અને સિદ્ધાંતની અસર અન્ય પદ્ધતિઓએ ઝીલેલી છે, જેમ કે, ડીડીસી અને બીસી-2 અને યુડીસીના સંવર્ધનમાં અને નવી પદ્ધતિઓની રચના કરવામાં જેવી કે; બ્રોડ સિસ્ટમ ઓફ ઓર્ડરિંગ (BSO)સીઆરજીના વિદ્વાન સભ્યોએ વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓની રચના કરવામાં એની પદ્ધતિઓનો ઉપયોગ કરેલો છે.

4.3.4 લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસ ક્લાસિફિકેશન (LC) (Library of Congress Classification)

એલસી (LC) એ શુદ્ધ ગણનાક્ષમ વર્ગીકરણ છે. આ પદ્ધતિના 45 ગ્રંથાસંપુટોમાં 29 ખંડોમાં 21 મુખ્ય વર્ગો ધરાવતી એક વિશાળ કદની વર્ગીકરણ પદ્ધતિ છે. આ પદ્ધતિનો આધાર સાહિત્યાદેશ છે. રોમન કેપીટલ મૂળાક્ષરોમાં મુખ્ય વર્ગોને ફાળવ્યા છે.

A	Generalia	N	Fine Arts
B	Philosophy and Religion	P	Language and Literature
CF	History	Q	Science
G	Geography	R	Medicine
H	Social Sciences	S	Agriculture
J	Political Sciences	T	Technology
K	Law	U	Military Science
L	Education	V	Naval Science
M	Music	Z	Library Science & Bibliography

I,O,W, X,Y મૂળાક્ષરો હજુ ખાલી રાખ્યા છે. વધારાના વિભાજનમાં પુનઃમૂળાક્ષરો પ્રયોજેલા છે.

Q	Science	QC	Physics
QA	Mathematics	QD	Chemistry
QB	Astronomy		

તેથી પછીના પેટાવિભાજનો અંકો દ્વારા આપેલ છે.

QD Chemistry

71-142 Analytical Chemistry

156-197 Inorganic Chemistry

241-44 Organic Chemistry

વધુ પેટા વિભાજનનોના માટે વર્ણાનુક્રમ સ્મૂસિસહાયકોનો ઉપયોગ સંખ્યાબદ્ધ રીતે કરે છે.

QD171 Metals

QD172 By group A12

QD172M4 Magnesium Group

QD172.P8 Platinum Group

QD182.R2 Rare Earth Metals

મૂળાક્ષરો અને અંકો M4, P8 અને R2 કટરની ગ્રંથાંક તાલિકાને સરળ કરીને લીધેલા છે. કયારેક વર્ગસમંકોમાં પ્રકાશન વર્ષને ઉમેરવામાં આવે છે :

The Economic Way of thinking by paul T.Helynel

HB 171.5.H46 1990

વર્ગ સમંકો કે જેને સ્થાનાંક કહે છે તે ખૂબ લાંબા હોય છે.

સમસ્યાઓ (Problems)

આ પદ્ધતિ બહુ જ વિશાળ અને માત્ર ફલક ગોઠવણી માટે જ અનુકૂળ રહે છે. સૂચકપંક્તિ કરો અને ગોઠવો એવી આ પદ્ધતિ છે. કોઠાગત પદ્ધતિ હોઈને નવાં વિષયોને એના સ્થાને ગોઠવવાની મુશ્કેલી પડે છે. આ પદ્ધતિ સ્વાગતશીલતા માટે ખાલી યુક્તિનો ઉપયોગ યુક્તિ તરીકે કરે છે.

ઉપયોગ (Use)

ત્રણ મોટી પદ્ધતિ ઓમાંની આ એક છે-અન્ય બે ડીડીસી અને યુડીસી પદ્ધતિઓ છે. વિશ્વના સૌથી મોટાં ગ્રંથાલય લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસમાં કે જેમાં 10 કરોડ પ્રલેખોના સંગ્રહને માટે પ્રયોજાય છે, આ ઉપરાંત યુએસએના 60% સંશોધન ગ્રંથાલયો અને 50% કૉલેજ ગ્રંથાલયો આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત આફ્રિકા, એશિયા અને યુરોપના કેટલાંક મોટા ગ્રંથાલયના ઉપયોગમાં લેવાય છે. એલસીના વર્ગસંમકો સીઆઈપી અને માર્ક રેકર્ડમાં ઉપલબ્ધ છે અને અન્ય કેન્દ્રીય એજન્સીઓ એનો ઉપયોગ કરે છે અને ઓન લાઈન સૂચિઓ ઉપયોગમાં લેવાય છે. સંસ્થાકીય પીઠબળ હોવાથી એનું ભાવિ ઉજ્જવળ છે.

4.3.5 બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન (BC) (Bibliographic Classification)

બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન (બીસી)ની રચના એચ.ઈ.બ્લિસે (1870-1955) કે જેઓ ન્યૂયોર્કની સીટી કોલેજના ગ્રંથપાલે ઈ.સ. 1940-1953 દરમિયાન રચી હતી. તેઓએ વર્ગીકરણનો અભ્યાસ જીવનભર કર્યો. 1953માં આ અભ્યાસ ગ્રંથ પ્રકાશિત કર્યો, તેની ખાસિયતો વખાણવાને લાયક છે, પણ તેનો ઉપયોગ બહુ નથી થતો. યુકેમાં BC-2 તરીકે જાણીતી છે. તેની 2જી આવૃતિ જે.મિલ્સ દ્વારા તૈયાર કરેલ છે. જે સૌથી વધુ વૈજ્ઞાનિક સામાન્ય વર્ગીકરણ પદ્ધતિમાંની એક છે અને મુખકીય વર્ગીકરણના સારા નમૂનારૂપે છે.

Mills, J (et al) (1977) Bliss Bibliographic Classification Inded 2nd ed. London Butter :- Worths

મુખ્યવર્ગો અને સંજ્ઞા (Main Classes And Notation)

A	Philosophy Mathematics	Q	Social Welfare
BIG	Physics Natural Sciences	R	Political Science
H	Man, anthropology	S	Law
I	Psychology	T	Economics
J	Education	U	Technology
K	Social Science	V	Fine Arts
LIO	History	W	Language and Literature
P	Religion (Alternative Z)	Z	Religion (AlTernative P)

વધારામાં અંકોને સંયોજિત કરવા માટે છ વધારાની તાલિકાઓ આપી છે.

1) સામાન્ય પેટાવિભાજનો
2) વ્યક્તિઓ
3) સ્થળો
4) ભાષાઓ
5) વંશજૂથો
6) સમયનો કાળો

વિશિષ્ટ લક્ષણો (Special Features) :

1) મુખ્ય વર્ગોનું આયોજન સારી રીતે કર્યું છે. બ્લિસ જેને ''વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સહમતી'' કહે છે તેના ઉપર એનો આધાર છે.

2) કેટલાક મુખ્યવર્ગોને માટે વૈકલ્પિક સ્થાનો આપ્યા હોવાથી સ્થાનીય સ્થિતિને અનુકૂળ રહે છે. દાખલા તરીકે, ધર્મને P અથવા Z માં બેમાંથી કોઈ પણ એક સ્થાને મૂકી શકીએ. આજ રીતે 'આર્થિક ઈતિહાસને'ને સામાન્ય ઈતિહાસ અથવા અર્થશાસ્ત્ર એ બેમાંથી કોઈ એક સ્થાને મૂકી શકીએ.

સંજ્ઞા (Notation)

તેની સંજ્ઞા વખાણવા/પ્રશંસાને પાત્ર છે, સંજ્ઞાની જટિલતાને સમતોલમાં રાખેલ છે. તેની સંજ્ઞા મિશ્ર, સરળ ટૂંકી હોવા છતાં ઘણી જ અસરકારક છે. તે ભૂતકાળને લાગુ પાડતી, પછીથી જોડી શકાય છે.

JK Curriculum

JN Secondary education

JNK Secondary School Curriculum

આ પદ્ધતિના માત્ર અમુક ભાગો જ પ્રકાશિત થયેલ છે. બીજા તૈયાર થાય છે, માનવશક્તિ અને જાણને અભાવે આ પદ્ધતિનું કાર્ય ધીમું છે.

ઉપયોગ **(Use)** :

આ પદ્ધતિ બહુ પ્રચલિત નથી. યુકે, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાના 90 ગ્રંથાલયોમાં ઉપયોગમાં લેવાય છે. શાસ્ત્રીય રીતે આ આધુનિક અને ચઢિયાતી વર્ગીકરણ પદ્ધતિ છે, તેનું ભાવિ ઉજળું છે.

4.3.6 બ્રોડ સિસ્ટમ ઓફ ઓર્ડરિંગ (BSO) (Broad System of Ordering)

યુનેસ્કોને 1971માં તેના યુનિસ્ટિટ કાર્યક્રમ માટે સ્વચ્ચિંગ લેન્ગવેજ (પ્રજવલિત ભાષા) ની જરૂર પડી. યુરોપિયન કોમ્યુનિકેશન પ્રોજેક્ટ હેઠળ 1972માં આવી ભાષા તૈયાર કરવાના કાર્યનો આરંભ થયો. 1972માં બુડપેસ્ટની બેઠક મળી. એફઆઈડી (FID) નવું કાર્યજૂથ ઊભું કર્યું.. FIDHSRC (સબ્જેક્ટ ફિલ્ડ રેફરન્સ કોડ) એના કાર્યનું ક્ષેત્ર મર્યાદા ઊભી કરી કે ''માહિતી પદ્ધતિઓમાં આંતર જોડાણ અને સહકાર માટેના ઉદેશ્યથી જ્ઞાનનાં બધાં જ ક્ષેત્રો માટે કાર્યકારી જૂથે વ્યાપક વિષયક્રમાંક પદ્ધતિ રચવી અને વિકસાવવી અને માનવ અને યાંત્રિક રીતે માહિતી પદ્ધતિ માટે ઉપયોગમાં લેવાય એવી હોય એનો પહેલો મુસકો એરિક જે.કોટ્સ અને જી.એ.લોઈડે તૈયાર કર્યો. FID (એફ આઈ ડી) દ્વારા 1978માં એની 3જી આવૃતિ પ્રકાશિત થઈ. આ પદ્ધતિની વિગત નીચે દર્શાવેલી છે;)

Cates4 Eric J. (et.al) (1978) Broad System of Ordering (BSO) : Schedule and Index, 3rded, The Hague : FiD. P.198

એના મુખ્ય વિષયની રૂપરેખા નીચે દર્શાવેલી છે.

100 Knowledge in general	500 Humanities, cultural, and social science
200 Science and Technology	6001890 Technology
300 Life Science	910 Language, Linguistics and Literature
460 Education	940 Arts
480 Sports and games	970 Religion

મૂળ આવૃતિમાં 4000 વ્યાપક પેટાવિભાજનો હતાં, એને વિસ્તારીને હવે 12000 સુધી વિસ્તારેલાં છે. વધારામાં સ્થળ અને કાળ માટેના પેટાવિભાજનોના અલગ કોઠાઓ છે. તેની સંજ્ઞા માત્ર ડેસિમલ નથી પણ શતકમાં (100 વિભાગો પડે) છે. અને સહસ્ત્રાબ્ધ (1000 વિભાગો પડે) અંકોનું સંયોજન શક્ય બને છે. માત્ર બે પ્રકારનાં વિરામચિહ્નો ''-'' (--લઘુરેખા) અને'' '','' (અલ્પવિરામ)નો ઉપયોગ કરેલ છે. ઉદાહરણઃ

580-112 Philosophy of Economics

395,60 Environmental pollution

ઉપયોગ

આ પદ્ધતિની રચના સ્વિચિંગ લેંગ્વેજ તરીકે સેવા આપવા કરી છે, એટલે કે એક નિર્દેશીકરણની ભાષામાંથી બીજી ભાષામાં માહિતીને ફેરવવા દરમિયાનગીરી અથવા પરિવર્તન કરનારી ભાષાનું કાર્ય કરે છે. એનો અર્થ એ છે કે પ્રલેખોને બદલે માહિતી કેન્દ્રોને વર્ગીકૃત કરવા માટે રચવામાં આવી હતી. પણ મૂળ ઉદ્દેશને બદલે, કેટલાંક ગ્રંથાલયો એનો ફલક વર્ગીકરણ તરીકે ઉપયોગમાં લે છે. શોધની વ્યૂહરચનાની નીતિ ઘડવા અને બદલવાના સાધન ઉપયોગી પૂરવાર થયેલ છે. BSO હવે કમ્પ્યૂટર ડિસ્ક ઉપર સુલભ પર MS-DOS પરિસ્થિતિમાં પ્રાપ્ત છે. ઈ.જે કૉંગ્રેસના નિયામક પદે BSo Panel Ltd. નામે નવી પેઢી રચાયેલી છે તેના હસ્તક આ પદ્ધતિના કોપીરાઈટ હક્ક છે.

તમારી પ્રગતિ ચકાસો.

4) ત્રણ પ્રમુખ વર્ગીકરણ પદ્ધતિઓના નામ આપો.

5) લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસનું ભાવિ શા માટે ખાતરીપૂર્ણ છે !

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

4.4 ગહન અનુસૂચિઓ (DEPTH SCHEDULES)

ગહન કોઠા એ વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિ તરીકે ઓળખાય છે. ગહન અથવા વિશિષ્ટ વર્ગીકરણના કોઠાઓ સૂક્ષ્મ સાહિત્યનું વિશિષ્ટ વિષયક્ષેત્ર ધરાવતાં સામયિક લેખો, શોધનિબંધો, અહેવાલો, પેટન્ટસ અને માનકોનું વિગતે વર્ગીકૃત કરવાની પદ્ધતિઓ છે. આ અમુદ્રિતિ-માધ્યમો જેમ કે, નક્શાઓ, ઈલેકટ્રોનિક ડોક્યુમેન્ટસ, માઈક્રોફોર્મ્સ, ફોટોગ્રાફસ વગેરેને પણ વર્ગીકરણ માટે પ્રયોજી શકાય છે. સંગીત, જાહેર વહીવટ, વનવિદ્યા, વ્યવસાયિક સલામતી, પેન ટેકનોલોજી, બાગયત સીવીલ ઈજનેરી અને સ્થાપત્ય જેવા વિષયોમાં ગહન વર્ગીકરણ માટેના કોઠા પ્રાપ્ય છે.

ખરેખર આપણને વિશિષ્ટ કોઠાઓની આવશકયતા છે એ બાબતે વિવાદ છે. એસ.આર.રંગનાથનનું એવું મંતવ્ય છે કે સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ એવી રીતે તૈયાર કરવી જોઈએ કે સામાન્ય વર્ગીકરણ અને વિશિષ્ટ વર્ગીકરણ બેઉ કાર્યો સિદ્ધ થાય. સીસીએ હાથીની સૂંઢનું કામ કરે કે જે ઝાડની ડાળી અથવા આખું ઝાડ સહજતાથી ઉખેડી શકે તેવી છે એ રીતે તેઓ ઓળખાવે છે. કેટલાક સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ કેટલાક વર્ગો માટે જેવી કે યુડીસી અને એલસી હપ્તે હપ્તે પ્રકાશિત થતી હોય છે. જોકે તે સામાન્ય ગ્રંથાલયો માટે સમજવામાં આવતી હતી, વિશિષ્ટ કોઠાઓ માટે આ બધી પદ્ધતિ વિગતપૂર્ણ વિશિષ્ટ કોઠાઓ તરીકે માન્ય કરવી જોઈએ. ગમે તેમ, જ્ઞાત અને અજ્ઞાત વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિ અસ્તિત્વમાં છે. એમાંની પ્રમુખ પદ્ધતિ ક્લાસિફિકેશન રિચર્સ ગ્રુપ (સીઆરજી) લંડન અને ડોક્યુમેન્ટેશન રિચર્સ એન્ડ ટ્રેઈનીંગ સેન્ટર (ડીઆરટીસી), બેંગ્લોર દ્વારા તૈયાર કરવામાં આવી હતી. સીસીના સામાન્ય કોઠાઓ સાથે વિશિષ્ટ કોઠાઓ પણ તૈયાર થતા હતા એટલે કે સામાન્ય કોઠાઓનું આ વિસ્તરણ છે.

તમારી પ્રગતિ ચકાસો.

6) ગહન/વિશિષ્ટ વર્ગીકરણના કોઠાઓ શું છે ? શું તેઓની આવશ્યકતા રહે છે ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

4.5 સારાંશ (SUMMARY)

જ્યારથી 1876માં ડીડીસીની પહેલી આધુનિક ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિ પ્રકાશિત થઈ, તે પછી કેટલીક સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ વિકસી હતી. રંગનાથન આ પદ્ધતિઓને પાંચ પ્રકારોમાં વિભાગે છે, જેવી કે ગણનાક્ષમ, અંશતઃ ગણનાક્ષમ, અંશતઃમુખકીય, ચુસ્ત મુખકીય અને મુક્ત મુખકીય વર્ગીકરણ પદ્ધતિઓ. આ પ્રકારોની કક્ષા આપવાનો આધાર કોઠાના વિસ્તાર અથવા મુખ્ય કોઠાઓની મદદમાં સંયોજન સુવિધા, વિશિષ્ટ અને સામાન્ય પૃથક ઉપર આધારિત છે. લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ અથવા ડીડીસીની પહેલાંની આવૃતિઓ ગણનાક્ષમ વર્ગીકરણ પદ્ધતિના ઉદાહરણો છે. સીસીની ચોથી આવૃતિ (1952) પછીની બધી આવૃતિઓ મુક્ત મુખકીય પદ્ધતિનું ઉદાહરણ છે.

ઐતિહાસિક રીતે ગણનાક્ષમથી મુખકીય વર્ગીકરણનો વિકાસ થયો છે. વર્ગીકરણનું ભાવિ મુખકીય પદ્ધતિની સાથે જોડાયેલું છે અમે વ્યાજબીપણે કહેવાયેલ છે, જે સ્વરૂપે પૃથક્કરણીય-સંયોજિત સ્વરૂપની છે.

સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓમાં, 1876માં સર્વ પ્રથમ ડીડીસી પ્રકાશિત થઈ હતી, જેની રચના મેલવિલ ડ્યૂઈએ કરી હતી. હવે 21મી આવૃતિ (1996) છે અને 135 દેશોના બે લાખ ગ્રંથાલયોમાં એનો ઉપયોગ થાય છે. આ અતિપ્રસિદ્ધ ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિ છે. ડીડીસીના પાયા ઉપર યુડીસીની રચના સૂક્ષ્મ સાહિત્યને વર્ગીકૃત કરનારી વાડ્મયી વર્ગીકરણ પદ્ધતિ છે. આ પદ્ધતિ પૂર્ણ મધ્યમ અને સંક્ષિપ્ત એ ત્રણ સ્વરૂપે મળે છે. વિશ્વના એક લાખ ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોમાં તેનો ઉપયોગ થાય છે. 1933માં એસ.આર.રંગનાથને સીસીની રચના કરી, કે જેઓ ગ્રંથાલય વિજ્ઞાન અને ભારતીય ગ્રંથાલય પ્રવૃતિના પિતા તરીકે ઓળખાય છે. હમણાં તેની સાતમી આવૃતિ (1987માં) પ્રગટ થઈ. આ પદ્ધતિ મુક્ત મુખકીય પદ્ધતિના નમૂનારૂપે એ સક્ષમ સિદ્ધાંત પર આધારિત છે. તેની સંજ્ઞા મિશ્ર અને જટિલ છે. લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ ક્લાસિફિકેશનની રચના યુ.એસ.એની લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ-(સંસદના ગ્રંથાલય)ના ગ્રંથાલય માટે રચવામાં આવેલ છે. એ કોઠાગત વર્ગીકરણ પદ્ધતિના 21 મુખ્ય વર્ગો માટેના 45 ગ્રંથસંપુટોના 11000 પૃષ્ઠોમાં આ પદ્ધતિની રચના કરેલી છે. તેની સંજ્ઞા મિશ્ર છે. સૈદ્ધાંતિક દૃષ્ટિએ આ પદ્ધતિ મજબુત નથી, પણ યુ.એસ.એના મોટા ગ્રંથાલયોમાં એ પ્રચલિત છે. એચ.ઈ.બ્લિસે 1940-1953 દરમિયાન બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન યુ.એસ.એમાં રચાઈ હતી. પરંતુ તેની 2જી આવૃતિ યુ.કે.ના જે.મિલ્સ 1977માં પુનઃસંશોધિત કરી. એમ માનવામાં આવે છે કે રંગનાથનના આધુનિક મુખકીય પૃથક્કરણીય પદ્ધતિઓનો આધાર લઈને રચેલી વૈજ્ઞાનિક વર્ગીકરણ છે. તેનો 90 ગ્રંથાલયોમાં ઉપયોગ થાય છે. બ્રોડ સિસ્ટમ ઓડ ઓર્ડરિંગ (350)ની રચના સ્વિચિંગ લેંગ્વેજ તરીકે 1977માં કરવામાં આવી હતી. કેટલાંક ગ્રંથાલયો એને ફલક ગોઠવણી માટે ઉપયોગમાં લે છે.

વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ સૂક્ષ્મ સાહિત્યને વર્ગીકૃત કરવા માટેની વિગતપૂર્ણ વર્ગીકરણ તરીકે મહત્ત્વની છે. વિશિષ્ટ વર્ગીકરણ વિશિષ્ટ પ્રકારના સાહિત્ય જેમ કે માઈક્રોફોર્મ્સ અથવા બાળસાહિત્ય માટે ઉપયોગમાં લેવાતું હોય છે. કેટલાંક ગ્રંથપાલો એવું મંતવ્ય ધરાવે છે કે વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓની આવશ્યકતા નથી રહેતી. તેઓ મંતવ્ય ધરાવતાં હોય છે કે સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ એવી રીતની કરવી કે તે બેઉ હેતુઓ સિદ્ધ કરી શકે તેવી હોવી જોઈએ. બીજા શબ્દોમાં વિશિષ્ટ વર્ગીકરણ એ સામાન્ય વર્ગીકરણ પદ્ધતિનું વિસ્તૃતરૂપ છે. વિશિષ્ટ પદ્ધતિની પદ્ધતિઓ રચના CRG સીઆરજી (લંડન) અને ડીઆરટીસી (બેંગ્લોર) અને અન્ય ઘણી સંસ્થાઓ દ્વારા રચવામાં આવી છે.

4.6 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) વર્ગીકરણના વિવિધ પ્રકારો છે : ગણનાક્ષમ, અંશતઃ ગણનાક્ષમ, અંશતઃ મુખકીય, ચુસ્ત મુખકીય અને મુક્ત મુખકીય

2) 4.2.6 ભાગમાં જૂઓ

3) મુક્ત મુખકીય વર્ગીકરણના મુખસૂત્રમાં કોઈ ચુસ્તતા નથી હોતી. એને પૃથક્કરણીય મુખકીય કહેવાય છે કારણ કે પહેલા વિષયનું પૃથક્કરણ કરે અને પછી સંયોજિત કરેલાં મુખકો ઉપરથી વર્ગસમંક રચે છે.

4) DDC UDC અને LC

5) LC નું ભાવિ ખાતરીપૂર્ણ છે કારણ લાયબ્રેરી ઑફ કૉંગ્રેસના ગ્રંથાલયમાં કે જે દુનિયાનુ મોટામાં મોટું અને મહાન ગ્રંથાલય ઉપયોગમાં લે છે.

6) વિશિષ્ટ વર્ગીકરણ યોજના એ સૂક્ષ્મ વિષય ક્ષેત્ર માટે છે, જેમ કે; પર્યાવરણ, ઈજનેરી અથવા નકશા, માનકો અથવા માઈક્રોફોર્મ્સ જેવાં વિશિષ્ટ સ્વરૂપ માટે છે. અલગ પદ્ધતિની આવશ્યક્તા અંગનો અભિપ્રાય અલગ પડે છે. વિશિષ્ટ વર્ગીકરણ ગમે તેવું હોય સામાન્ય વર્ગીકરણનું જ વિસ્તૃત સ્વરૂપ જ હોય

4.7 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

પૃથક્કરણીય સંયોજિત વર્ગીકરણ **(Analytico-Synthetic Classification)** મુક્ત મુખકીય વર્ગીકરણનો પાયો. વિષયોના પૃથક્કરણ અને સંયોજન માટે સ્વયંભૂ સત્યો અને સિદ્ધાંત ઉપર આધારિત છે, પાયાના વિષય સાથે જતાં સંયુક્ત વિષયો માટે કોઈ પૂર્વનિર્ધારિત ચુસ્ત મુખસૂત્ર હોતું નથી.

સામાન્ય સહાયકો : (Common - Auxiliaries) મુખકોના વધારાના કોઠાઓ મુખ્ય કોઠાઓ સાથે વર્ગસમંકની રચના કરવામાં ઉપયોગી થતાં હોય છે. મુખકીય વર્ગીકરણમાં આવા ઘણા બધા કોઠાઓ હોય છે. વધારાના કોઠાઓના ઉદાહરણો જોઈએ તો સ્વરૂપ વિભાજન માટેની અલગ તાલિકા, ભૌગોલિક વિભાજન, કાળવિભાજનો તાલિકાઓ, સામગ્રીઓ વગેરે અલગ અલગ તાલિકા હોય છે.

4.8 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Chan, Lois Mai (1994). Cataloguing and Classification : An Introduction. 2nd ed. New York : MCGraw Hill. pp.269-399.

Hunter, Eric J. (1988). Classification Made Simple. Aldershot, UK : Gower. Chapters 12-13

Husain, Shabahat (1993). Libryry Classification : Facets and Analysis. New Delhi : Tata McGraw-Hill. pp. 272-277.

Ranganathan, S. R. (1967). A Descriptive Account of the Colon Classification. Bombay : Asia Publishing.

Ranganathan, S.R. (1987). Prolegomena to Library Classification. 3rd ed. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science. pp.94-110.

એકમ-5 વિષયો વિષે શીખવું

રૂપરેખા

5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 વિષયોનું વિશ્વ

5.2.1 ગ્રંથાલયશાસ્ત્રના સૂત્રો વિરુદ્ધ વિષયોનું વિશ્વ

5.2.2 વિષયોની રચનાનાં લક્ષણો

5.3 વિષયોના અભ્યાસ માટેની કાર્યપદ્ધતિ

5.3.1 વિષયોના ધોરીમાર્ગો અને અન્ય માર્ગો

5.4 સારાંશ

5.5 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

5.6 ચાવીરૂપ શબ્દો

5.7 સંદર્ભો અને વિશેષ વાંચન

5.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમમાં "વિષયોનું વિશ્વ : તેનું માળખું અને વિકાસ અને વિષયોના અભ્યાસની કાર્યપદ્ધતિ" વિષે સમજાવે છે. આ એકમ વાંચ્યા પછી તમે આ બાબતો સમજી શકશો :

વિષયના વિશ્વનું માળખું અને તેના વિકાસ અંગે સ્પષ્ટ સમજી શકશો.

વિષયના અભ્યાસ માટેની કાર્યપદ્ધતિથી પરિચિતતા અને તે અંગે સુક્ષ્મ સમજ મેળવશો.

માર્ગદર્શિકાની રચના માટે કાર્યપદ્ધતિ લાગુ પાડશો

5.1 પ્રસ્તાવના (INTRODUCTION)

વિભાગ 1માં પાઠ્યક્રમમાં, તમને ગ્રંથાલય વર્ગીકરણ ઘટકોથી પરિચિત કરવામાં આવેલા છે, જે વૈજ્ઞાનિક વિષય જેવો કે ગ્રંથાલય વર્ગીકરણ અંગેની શાસ્ત્રીય પરિભાષા મહત્ત્વ અને પદોના અર્થ અને ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંત અને વ્યવહારમાં તેનો ઉપયોગ બાબતની ચર્ચા કરેલી છે.

વિભાગ 2નો હેતુ વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતો અને ગ્રંથાલય વર્ગીકરણ વિવિધ પદ્ધતિઓમાં વિષય અને વિશ્વનો નકશો કેવો હોવો તે સમજાવેલ છે. વિભાગ 5માં અભ્યાસના વિષયોના કાર્યપદ્ધતિ અને વિષયો વિષે જાણવા અંગેની ચર્ચા કરેલી છે. જ્યારે પૂર્વોકત મુદ્દો નામથી જ એવું સૂચવે છે કે વિષય વિશ્વનાં લક્ષણો, વિષયોની રચનાની લઢણોનો અભ્યાસ કરવાનો છે. છેવટના ભાગમાં નવા વિષયોને પ્રચલિત કરવા માટેની કાર્યરીતિને પદ્ધતિસર સમજાવી છે, ઉપયોગકર્તાને સંબંધિત ટેકો આપ્યા પછી જરૂરી માહિતી પૂરી પાડેલ છે. આ કાર્યરીતિમાં પ્રલેખો દ્વારા જ વિષયોમાં પદ્ધતિસરનો અભ્યાસ, વર્ગીકરણ માટેની યોજનાઓ, વર્ગીકરણ પદ્ધતિની રચના અને વિકાસ અને અન્ય પદ્ધતિ સમજાવી છે, જેથી કરીને ગ્રંથાલય અને માહિતીક્ષેત્રની વ્યક્તિઓ વિષયોના ધોરીમાર્ગો અને અન્ય પેટામાર્ગો વિષે સમજવામાં મદદરૂપ બની રહેશે.

5.2 વિષયોનું વિશ્વ (UNIVERSE OF SUBJECTS)

ગ્રંથાલય સેવાનો સાર એ છે કે સમાજમાંના વૈયક્તિક સભ્યો અને જૂથો જ્ઞાનની પુનઃપ્રાપ્તિ અને પ્રસારણને સમાવવામાં આવે છે. ગ્રંથાલય સેવાઓના મૂલ્યને બે આવશ્યક લક્ષણો અસર કરે છે. તે આ છેઃ

વાચકોનું વિશ્વ; અને

વિષયોનું વિશ્વ

વાચકોને અપાતી સેવાની કાર્યક્ષમતા સિદ્ધ કરવાને માટે વિષયોના વર્ગીકરણના સાધનો અને કૌશલ્યોનો વિકાસ અને પસંદ કરવા માટેની સુવિધાઓ પૂરી પાડીને પ્રલેખોને મૂર્ત સ્વરૂપ આપવું, અને ગ્રંથાલયશાસ્ત્રના સૂત્રોના સંતોષ માટે પુનઃપ્રાપ્તિ અને સેવાને મદદરૂપ બને છે. ગ્રંથાલયશાસ્ત્રની વિદ્યાને અને નવા પરિવર્તનો ધરાવતાં મૂલ્યોને ઉપર દર્શાવેલ લક્ષણો સામે મેળ રાખવો જરૂરી છે.

આ પછીના ભાગોમાં ગ્રંથાલય વિજ્ઞાન સાથે સંકળાયેલ એક લક્ષણ, નામે વિષયવિશ્વ (Universe of Subject (UoS) અંગે વિચારણા કરીશું.

5.2.1 ગ્રંથાલયવિજ્ઞાનના સૂત્રો વિરુદ્ધ વિષયોનું વિશ્વ (Laws of Library Science Vis-a-vis Universe of Subjects)

માહિતી વ્યવસાયિકો દ્વારાનું વિષયવિશ્વ (Wos)નું માળખું અને તેના વિકાસ માટેનો અભ્યાસ દ્વારા ગ્રંથાલયશાસનના પાંચસૂત્રોનો અમલ દર્શાવવો આવશ્યક બની રહે છે.

સૂત્ર 1 અને તેનો અમલ

''પુસ્તકો ઉપયોગ માટે છે'' એ પહેલું સૂત્ર છે ' પુસ્તક' એ પદના વર્ગમાં બધા જ પ્રકારના પ્રલેખો એટલે કે પુસ્તકો, સામયિકો ટેકનિકલ રિપોર્ટ, પેટન્ટ્સ, સ્પેસિફિકેશનસ, બીજા-પરંપરાગત અને મેટા-ડોક્યુમેન્ટસનો સમાવેશ થાય છે. પ્રલેખ ત્રિમૂર્તિ છે- જે નીચે પ્રમાણે વર્ણવી શકાય.

i) આત્મા-સમાવિષ્ટ જ્ઞાન

ii) સુક્ષ્મશરીર-જ્ઞાનની અભિવ્યક્તિ અને ભાષા; અને

iii) સ્થુળશરીર-પ્રલેખનું ભૌતિક સ્વરૂપ

'ઉપયોગ' એ પદમાં પ્રલેખોના વિષયની સાથે સંકળાયેલ સુગ્રથિત અભિવ્યક્ત થયેલું- સ્પષ્ટ જ્ઞાન- જે વાચકો દ્વારા ઉપયોગમાં લેવાય છે. જ્ઞાનપ્રાપ્તિ માટે એના સૂક્ષ્મ શરીરથી અલગ પાડી શકાતું નથી- જે પ્રત્યાયનના વાહન તરીકે અને તેના ભૌતિક સ્વરૂપમાં સમાવિષ્ટ જ્ઞાનને સ્થળ અને કાળ સંદર્ભમાં સરળતાથી પરિવાહિત કરી શકીએ છીએ. આથી કરીને પ્રલેખ પુનઃપ્રાપ્તિ પદ્ધતિને સંબંધ વિષયના વર્ગીકરણ, શોધ, પુનઃપ્રાપ્તિ સામે સંકળાયેલ છે.

બીજા અર્થમાં વિષય એ સુગ્રથિત અથવા પદ્ધતિસરના વિચારોનું શરીર છે અને તેની વ્યાપ્તિ અને ગણનતા રચના ક્ષેત્રમાં રહેલી હોય છે. સામાન્ય વ્યક્તિની સમજમાં અને બુદ્ધિશાળીને સહજતાથી સમજી શકાય તેવું હોય છે.

સૂચિતાર્થ

પહેલા સૂત્રને સંતોષવા માટે, પ્રલેખોની ગોઠવણી અને મુખ્ય સંલેખો પ્રલેખોમાં સમાવિષ્ટ વિષયોની ખાસિયત ઉપર આધારિત હોય છે. આથી કરી તે કાર્યક્ષમ, વર્ગીકરણ, શોધ અને પુનઃપ્રાપ્તિ થઈ શકે અને વાચકોને સેવા આપવા માટે આ ખાસયિતોનો અભ્યાસ આવશ્યક છે.

વિશેષમાં ''ઉપયોગ'' માટેનું લક્ષણ સૂચક માનવામાં આવે છે.આથી કરીને વાચકોના એમ ભિન્ન હેતુઓ જો કોઈ હોય તો તેના સંદર્ભમાં તપાસ કરવાથી સહાયતા મળી શકશે. કેટલાંક વિષયો વચ્ચે રહેલ સંબંધ/સંગતતા અને વિસંગતતા ઓળખી શકીશું

સૂત્ર 2 અને તેનો સૂચિતાર્થ

બીજું સૂત્ર 'દરેક વાચકને તેનું પુસ્તક મળો'. એ સૂચિત કરે છે કે વર્ગીકરણ અને પ્રલેખોની ગોઠવણી અને/અથવા મુખ્યસંબંધો વાચકોના પ્રલેખો પ્રત્યેના અભિગમો સાથે સાથે લાવે છે. સંબંધોના પ્રમાણમાં સાથે સાથે ગોઠવાય છે. બીજા શબ્દોમાં અપુપા (Apupa) (Alien, Penumbral, Umbral, Penuimbral, Alien) શૈલીમાં દરેક સ્થળે પ્રલેખો અને/અથવા મુખ્ય સંબંધો ઈચ્છિત રીતે ગોઠવાય છે.

સૂત્ર 3 અને તેનો સૂચિતાર્થ

''દરેક પુસ્તકને તેનો વાચક મળો'' એ ત્રીજું સૂત્ર એમ સૂચિત કરે છે કે વાચકના રસના વિષયનો સંબંધિત પ્રલેખ પુનઃપ્રાપ્ત ન થાય, એ અભિગમ એ ક્ષણને ગુમાવી દે છે. વિષય વિશ્વનો અભ્યાસ એ સૂચિત કરે છે કે ગ્રંથાલયશાસ્ત્રનું કોઈ સાધન આને પૂર્ણપણે સંતોષી શકતું નથી. કેટલાક સાધનો અને રીતો/પદ્ધતિઓ એક પછી એક અથવા ક્રમનુસાર મહત્તમ અથવા લઘુત્તમ કક્ષાની જરૂરિયાતો સંતોષી શકે.

સૂત્ર 4 અને તેનો ઉપયોગ

ચોથું સૂત્ર ''વાચકો અને કર્મચારીઓનો સમય બચાવો'' એ સૂચિત કરે છે કે :

અ) વાચકની સુષુપ્ત બૌદ્ધિક અને માનસિકતાને સુરક્ષિત રાખીને ચોક્સાઈ ભરી અને ઝડપી પુનઃપ્રાપ્તિ થવી જોઈશે; અને

બ) પુનઃપ્રાપ્તિ અને સેવા બહુ કરકસર રીતે હોવી જોઈએ.

ચોથા સૂત્રને ચરિતાર્થ કરવા માટેની જરૂરિયાતો.

અ) વિષયવિશ્વ (UoS)નું પૃથક્કરણ કરી એના દરેક ભાગો અને તેની પ્રસ્તુત ખાસિયાતો; અને

બ) પ્રલેખ પુનઃપ્રાપ્તિ પદ્ધતિથી રચના અને વિકાસ માટેની કાર્યરીતિ ઘડીને તેનાં તારણો અમલમાં મૂકી શકાય,

વિષયવિશ્વ (UoS)ના બંધારણ/ખાસિયતોના સંદર્ભમાં ચોક્કસ કાર્ય કરવું જોઈએ.

પાંચમું સૂત્ર અને તેનો અમલ

ગ્રંથાલયશાસ્ત્રનું પાંચમું સૂત્ર "ગ્રંથાલય ચિરવર્ધમાન અવયવી છે" એ સૂચિત કરે છે કે તેથી; વિષયવિશ્વએ સતત વિકસતું હોઈ ને ગ્રંથાલયશાસ્ત્ર એ વર્ધનશીલ છે. ઐતિહાસિક દૃષ્ટિએ વિવિધ તબક્કાઓમાં વિકાસ અને માળખું વિષયોની રચનાની ઢબને માન્ય કરે, તેથી કરીને માહિતીની પુનઃપ્રાપ્તિ અને પ્રસારણ માટેની કાર્યક્ષમ નવીન કાર્યપદ્ધતિ/સાધનો વિકસાવવાની શક્યતાઓ ઉદ્‌ભવી.

વિષય વિશ્વનું માળખું અને એના વિકાસ વિષેના અભ્યાસથી એ સ્પષ્ટ થાય છે કે ગ્રંથપાલો UoS (વિષય વિશ્વ)ના સંદર્ભમાં ગ્રંથાલયશાસ્ત્રના પાંચ સૂત્રોનો અભ્યાસ આવશ્યક છે.

તમારી પ્રગતિ ચકાસો.

1) ગ્રંથાલયશાસ્ત્રના પાંચ સૂત્રોના અમલીકરણ માટે વિષય વિશ્વનાં માળખાં અને તેના વિકાસનો અભ્યાસ કરવો જોઈએ" આ વિધાન સમજાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમરો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

5.2.2 વિષય રચનાનાં લક્ષણો (Modes of Formation of Subjects)

વિષય વિશ્વ (UoS) ના દરેક વિષયનું એકમાત્ર સમવ્યાપત પ્રતિનિધિત્વ આપવું હોય તો, વર્ગીકરણશાસ્ત્રીઓએ વિવિધ પ્રકારનાં લક્ષણોની જેવાં કે, અનંત, ચક્રકાર ગતિશીલ, સતત, બહુવિધ અને બહુકોણીય ગુણોવાળી વિષય રચનાની શૈલીઓ તેની ખાતરી કરવી વગેરે વિવિ (UoS) ગ્રંથાલય વર્ગીકરણને અસર કરે છે, જ્યારે ઉપર દર્શાવેલાં ઘણાં લક્ષણો પોતે જ સમજાય એવાં છે.

"વિષયરચનાની પદ્ધતિઓનાં લક્ષણો જટિલ છે અને તેને વિષે વિગતે ચર્ચા આ ભાગમાં પૂરી પાડેલી છે.

વિષયો રચનાની શૈલીઓ (લઢણો) જે માન્યતા પામેલી છે એ આ પ્રમાણે છે.

સ્તરીકરણ	Lamination
શિથિલ સંયોજન	Loose Assemblage
વિભાજન	Fission
સમન્વય	Fusion
નિસ્પંદન	Distillation
સંચયન	Clustevring
જૂથીકરણ	Agglomerution

આ દરેક શૈલીઓની રચનાની ચર્ચા આ પછીના પેટા-ભાગોમાં આપી છે.

સ્તરીકરણ (Lamination)

સ્તરીકરણ એટલે મુખક સ્તરોની ઉપર સ્તરોની રચના કરવી, બ્રેડના ટુકડાની ઉપર શાકભાજી સ્તર કરી સેન્ડવીચ બનાવી એના જેવું છે. રંગનાથનના મતે "જ્યારે પાયાનું સ્તર એ મૂળ વિષય છે અને અન્ય સ્તરો એ પૃથક વિચારો હોઈ તે સંયુકત વિષયની રચના કરે છે." સ્તરીકરણના બે પ્રકારો છે.

સ્તરીકરણ 1 : આ શૈલીમાં એક અથવા વધુ મુખકો પાયાના મુખક ઉપર સ્તર કરી આપે છે. આને પરિણામે સંયુકત વિષયો ઉદ્‌ભવે છે.

ઉદા. 1 Anatomy Of Human body

Basic Facet (પાયાનું મુખક) = Medicine

Isolatefacet (પૃથક મુખકો) = Human body (p) Anatomy (MP)

Treatment of diseases of plant

Basic Facet (પાયાનું મુખક)	=	Botany	(વનસ્પતિશાસ્ત્ર)	
Isolate facets (પૃથક મુખકો)	=	Plants	Diseases,	Treatment
		(P)	(MP) ·	(E)
		છોડ,	રોગ,	ઉપચાર

સ્તરીકરણ પ્રકાર 2 : આ શૈલીમાં સંયુક્ત મુખકના એક અથવા વધુ પેટા મુખકો એકબીજા ઉપર સ્તર રચે છે. પૂર્વે આ વિષયોને બીન-મુખ્ય પાયાના વિષયો કહ્યા હતા, જેના અંગભૂત યજમાન મુખ્ય વિષય હતા. પછીથી એને રૂઢિગત/વિશિષ્ટ/પર્યાવરણ/પદ્ધતિ ઘટકમાં ફેરવ્યા છે. ઉદાહરણ રૂપે વૈદકની આયુર્વેદ પદ્ધતિ એ બીજા-મુખ્ય પાયાના વિષયો તરીકે છે. આ ઉદાહરણમાં વૈદક એ યજમાન મુખ્ય વિષય છે અને આયુર્વેદ પદ્ધતિ એ પદ્ધતિ અંગ (ભૂત ભાગ) છે.

નીચે દર્શાવેલી તાલિકામાં પુનઃસંશોધિત પરિભાષા આપી છે.

મૂળપરિભાષા	**પુનઃસંશોધિત પરિભાષા**
બીન-મુખ્ય પાયાના વિષયો અથવા પાયાગત-વિષયો (BS)	પ્રાથમિક પાયાનાં વિષયો
રૂઢિગત પાયાનો વિષય	ગૌણ પાયાનો વિષય
સંયુક્ત પાયાનો વિષય	સંયુક્ત પાયાનો વિષય

અન્ય ઉદાહરણો :

વૈદક = યજમાન મુખ્ય વિષય

બાળક = વિશિષ્ટ અંગ

ગણિત = યજમાન મુખ્ય વિષય

ભૂમિતિ = રૂઢિગત ભાગ

બીન-મુખ્ય (અમુખ્ય) વિષયના અંગોના ક્રમ આ છે :

પદ્ધતિ — પર્યાવરણ — વિશિષ્ટ

શિથિલ સંયોજન (Loose Assemblage)

શિથિલ સંયોજનમાં બે અથવા વધુ ભાગોનું જોડાણ કરવું :

(અ) વિષયો (પાયાગત અથવા સંયુકત)

(બ) પૃથક વિચારો (એક અને સરખા મુખક, અથવા પૃથકવિચારો અને સરખી પંક્તિ)

ભાગો જોડવામાં એક અથવા અન્ય સંભવિત સંબંધો દર્શાવતા ભાગોને જોડવાનું કાર્ય એ સંયોજન છે. પરિણામે જટિલ વિષય અથવા જટિલ પૃથક વિચારો અથવા જટિલ પંક્તિ પૃથક વિચારો ઉદ્‌ભવે.

શિથિલ સંયોજનના ત્રણ પ્રકારો છે. તે આ પ્રમાણે છે : શિથિલ સંયોજન પ્રકાર-1, પ્રકાર–2 અને પ્રકાર-3

શિથિલ સંયોજન પ્રકાર-1 : બે અથવા વધુ વિષયો વચ્ચેના જોડાણના સંબંધોનો અભ્યાસ કરવામાં આવે છે. તેને ''આંતર વિષય પાર્શ્વ સંબંધ'' કહે છે અને આ સંબંધો પાંચ પ્રકારના દર્શાવ્યા છે :

સામાન્ય, દૃષ્ટિકોણ, તુલનાત્મક, તફાવત અને પ્રભાવ, શિથિલ સંયોજનને પરિણામે જટિલ વિષયો રચાય છે. નીચે જટિલ વિષયોનાં ઉદાહરણો આપેલ છે.

1) General relation betweem political science and economics

2) Statistics for Librarians

3) Influence of geography on history

શિથિલ સંયોજન પ્રકાર 2 : બે અથવા વધુ પૃથકો એક અને સરખા કોઠામાંથી આંતર સંબંધ દર્શાવવા માટે જોડવામાં આવે છે. આને ''આંતર મુખક સંબંધ'' કહે છે, એને પરિણામે જટિલ પૃથકો ઉદ્‌ભવે છે.

ઉદાહરણો :

1) Influence Buddhism on Christianity

2) Difference between Lemuroidea and anthropoidea

શિથિલ સંયોજન પ્રકાર 3. અહીં બે અથવા વધુ પૃથકો એક અને એક જ સરખી પંક્તિના 1 થી વધુ ક્રમ પરસ્પરના સંબંધો દર્શાવવા જોડાય છે. આને ''પાર્શ્વ પંક્તિ સંબંધો'' કહે છે અને પરિણામે જટિલ પંક્તિ પૃથકો ઉદ્‌ભવે છે.

રૂઢિગત પાયાગત વિષય : મુખ્ય વિષયનું વિભાજન રૂઢિગત રીતે સૂચિત થાય છે. પરંપરાગત વિભાજન એ પદને ''રૂઢિગત ઘટક'' સૂચિત કરે છે.

ઉદાહરણો :

C Physics

C3 sound

C4 Heat

C5 Radiation

વિશિષ્ટ પ્રાથમિક વિષય : મુખ્યવિષય (મુવિ)નું વિભાજન વિશિષ્ટ રીતે જે અભ્યાસ હેઠળનાં વિષયને મર્યાદિત કરવામાં આવ્યો હોય છે, જે કોઈ પણ અગ્રગામી સામાન્ય પૃથકો અથવા અન્ય પૃથક વિચારો વધુ પ્રમાણમાં નથી. આ વિશિષ્ટ વિભાજન ઓળખવા માટે આપેલ પદ "વિશિષ્ટ ઘટક" છે. સામાન્ય રીતે વિશિષ્ટ પાયાગત વિષય એ કોઠાગત યુક્તિથી મેળવાય છે.

ઉદાહરણ :

L-gc Child Medicine

L-gf Geriatrics

L-gh Female Medicine

પદ્ધતિ પ્રાથમિક વિષય : આ મુખ્ય વિષયનું વિભાજન અને પ્રાથમિક વિષયના અભ્યાસનું સત્વ છે. વધારામાં સામાન્ય પર્યાવરણ રૂપે કોઠામાં પર્યાવરણ/પરિસ્થિતિજન્ય વિભાજનો રૂપે રજૂ થયેલ છે.

ઉદાહરણો :

D-9Uk2 Desert engineering

D-9Um7 Mountain engineering

D-9v4 War egineering

પદ્ધતિ પ્રાથમિક વિષય : આ મુખ્ય વિષયના અથવા મુખ્ય વિષય નહીં (બીન-મુખ્ય વિષય) પ્રાથમિક વિષયની રજૂઆત વિશિષ્ટ પદ્ધતિ અથવા વિચારસરણી શાખા અનુસાર હોય છે, અન્યથા સાંપ્રતમાં પ્રચલિત વિચાર અનુસાર.

ઉદાહરણ :

B2-N Boolean algebra

L-B Ayurvedic system of medicine

S-N Gestait Psychology

જ્યારે બધા જ બીન-મુખ્ય ભાગો કોઈ સયુકત વિષયમાં હોય ત્યારે પદ્ધતિના ભાગોનો પદ્ધતિ ક્રમ ભાગ, પર્યાવરણ ભાગ, વિશિષ્ટ અંગ, અને રૂઢિગત વિભાગ-આ મુજબ ગોઠવાયેલ હશે.

વિભાજન (Fission) : પ્રાથમિક પાયાના વિષયોમાં ગ્રંથાલય વર્ગીકરણની પદ્ધતિ માટે ઉમેર્યા,પરિણામે વિવિનું (UoS) નું વિભાજન એ વિદ્વાનોએ કરેલ વિષયવિશ્વના વિભાજનને મળતાં હતાં. આ વિભાજનો વિશિષ્ટકરણના ક્ષેત્રમાં સાનુકૂળ રહ્યાં છે, આરંભના વિભાજનમાં ઉપયોગમાં લીધેલ વિશિષ્ટ ખાસિયત ઉપયોગ બાકાત રાખવો શક્ય નથી બનતો. વિભાજનની પ્રક્રિયા એટલે જુદા જુદા વિભાગોમાં વિભાજન કરવું, છૂટું પાડવું, અથવા તોડવું એવો અર્થ છે. આ પ્રક્રિયાને હમણાં સુધી ''વિચ્છેદન'' પદથી ઓળખવામાં આવતું હતું. ગમે તે હોય વિચ્છેદન એટલે ફાડવું, તોડવું વગેરે અર્થમાં કોઈ બહારની એજન્સી દ્વારા ભાગ પાડવા. જ્યારે વિભાજન/વિખંડન એ વિભાજનની આંતરિક પ્રક્રિયા છે કે જેમાં કોઈ બહારની એજન્સીનો હસ્તક્ષેપ હોતો નથી.

ઉદાહરણ : સીસી (કોલન ક્લાસિફિકેશન) ના આરંભના કોઠાઓમાં પરંપરાગત પ્રાથમિક પાયાનો વિષય (PBS) એ વિષયવિશ્વના સીધાં જ વિભાજનથી મેળવ્યો હતો અને તે નીચે આપેલાં વ્યાપક જૂથોમાં નોંધાયેલ છે :


કુદરતી વિજ્ઞાનોમા સંકળાયેલ પ્રાથમિક મૂળવિષય (BS)

માનવીય વિદ્યાઓ સાથે સંકળાયેલ પ્રાથમિક મૂળ વિષય

ઉપયુક્તકલાઓ સાથે સંકળાયેલ પ્રાથમિક મૂળવિષય (BS)

સામાજિક વિદ્યાઓ સાથે સંકળાયેલ પ્રાથમિક મૂળ વિષય

"વિચ્છેદન"એ પદનો ઉપયોગ વિભાજન/વિખંડન માટે ઉપયોગમાં લેવાય જ્યારે પંક્તિઓના પૃથક વિભાજન અથવા પાયાગત વિષય એ વિખંડનમાંથી પરિણામે (જુઓ ચિત્ર)




વિભાજનને પરિણામે એક અને માત્ર એક જ પૃથકના અથવા મૂળ વિષયના પેટાવિભાજનો પડે ત્યારે ''અનાવરણ'' પદ ઉપયોગમાં લેવાય છે. પ્રોલેગોમેનાની વ્યાખ્યા પ્રમાણે ''અનાવરણ એ પાયાગત વિષય અથવા પૃથક વિચારમાં ઘટતી જતી વ્યાપકતા અને વધતી જતી ગહનતા દર્શાવે છે - એ એના જેવું છે કે નરમ ફળને ઊંડાને ઊંડા સ્તરો અથવા કુવો ખોદવા જેવું છે. જે.એચ.શેરા ના શબ્દોમાં ''અનાવરણ એટલે જ્ઞાનના નવા ક્ષેત્રમાં સંશોધન અથવા તપાસ દ્વારા નવા માર્ગો ખૂલ્લા કરવા''

ઉદાહરણ (નીચે આપેલ ચિત્ર જુઓ)

Philosophy (a) તત્વજ્ઞાન (અ)

Logic (b) તર્કશાસ્ત્ર (બ)

Deductive Logic (c) નિગમન તર્કશાસ્ત્ર (ક)



સમન્વય (Fusion)

આંતર વિદ્યાકીય સંશોધનને પરિણામે, વર્તમાનકાળની સંસ્થાઓ અને સંશોધન કાર્યક્રમોમાં નવાં વિચારો અને નવા વિષયનો ઉદ્‌ભવમાં આંતરવિદ્યાકીય ખાસિયતો જોવા મળે છે. આંતરવિદ્યાકીય વિષય એક કરતાં વધુ એવાં અસ્તિત્વ ધરાવતા પ્રાથમિક મૂળ વિષય સાથે અસ્તિત્વ ધરાવે. પ્રાથમિક મૂળ વિષય સાથે જતા વિષયો સામાન્ય રીતે મુખ્ય હાર્દરૂપ જેનાં લક્ષણોની તપાસ સંશોધન ટૂંકડી કરતી હોય છે. આને યજમાન મૂળ વિષય 1 (PBS 1) તરીકે ઓળખાય છે. મૂળ પાયાગત વિષય અન્ય પ્રાથમિક મૂળ વિષય સાથે જાય તો તે યજમાન પ્રાથમિક મૂળ વિષય (PBS-2) એ PBS-1 યજમાન વિષય સાથે જતાં વિષયો વિવિધ પ્રકારનાં સંબંધોથી સંકળાયેલ હોય છે. દા.ત. પાર્શ્વ સંબંધ (દા.ત. APPlication of Statistics to Biology) સમયાંતરે વિષય ક્ષેત્રો વિકસે છે, આંતરવિદ્યાકીય સંશોધનને પરિણામે અને નવા વિચારો ઉદ્‌ભવે છે, જેમ કે

(અ) વર્ગીકરણશાસ્ત્રીઓ સરળતાથી અને સહાયકરૂપે પૂર્વે પસંદ કરેલ યજમાન PBS-1 સાથે જવા માટે યોગ્ય ગણાતા નથી;

(બ) આ નવા વિચારો તજજ્ઞ જૂથોનું ખાસ ધ્યાન ખેંચે છે;

(ક) નવા ક્ષેત્રની તજજ્ઞ વિદ્યામાં માર્ગદર્શક સિદ્ધાંતો/શાસ્ત્ર તેનું પોતાનું સાકાર થતું દેખાય ત્યાર પછી વિષયોના માર્ગદર્શક સિદ્ધાંતો/શાસ્ત્ર યજમાન વિષય પ્રાથમિક વિષય 1 અને 2 ઉપયોગ કરે છે.

આ તબક્કે વર્ગીકરણશાસ્ત્રી નવા ક્ષેત્રમાંના તજજ્ઞને સહાયરૂપ માનીને નવા PBS સાથે જવાને માટે વર્ગીકરણની યોજનામાં પૂર્વે PBS (પ્રાથમિક પાયાગત વિષય)ને કોઠામાં સમાવેશ કર્યા નહોતા. આ નવા PBS માં યજમાન PBS 1 અને 2 કોઠામાંના પૃથક વિચારો અને નવી વિદ્યાઓના વિશિષ્ટ વિચારોના વિષયો સાથે જાય છે. આ નવા PBS (પ્રાથમિક મૂળ વિષય) માન્ય કરીને, યજમાન PBS 1 અને 2 માં જોડાણ કરેલ છે.

આ પ્રકારની રચનાની શૈલી (ઢબને) સમન્વય કહે છે. દા.ત. કોલનની સાતમી આવૃતિમાં સમન્વિત પ્રાથમિક મૂળ વિષયના ઉદાહરણો નીચે આપ્યાં છે :

Astrophysics	Biolinguists
Astrochemistry	Sociolinguists
Bio-Physics	Educametry
Medical Jurisprudence	Socio-cybernetics, etc.

બીજા શબ્દોમાં, આ શૈલીમાં બે અથવા વધુ PBS અવી રીતે જોડાય છે કે દરેક પોતાની વૈયક્તિકતા માનભેર ત્યજી દે છે. જરૂર પડે કોઠામાં પૃથકો સંયુકત વિષયનું સ્વરૂપ ધારણ કરે છે. આ પ્રકારની શૈલીનું વર્ણન કરીએ એને મિશ્ર વિદ્યા' તરીકે વર્ણવી શકાય.

નિસ્યંદન (Distillation)

વિષયવિકાસની આ લઢણ, શુદ્ધવિદ્યારૂપે PBS (પ્રાથમિક મૂળ વિષય) વિભિન્ન સંયુકત

વિષયોમાં કાર્ય કરતી જોવા મળે છે, એ વિભિન્ન મૂળવિષય (પાયાગત વિષય) અથવા એક અને માત્ર એ જ પાયાગત/મૂળવિષય (BS) હોય. એ પાયાગત મૂળવિષયના નિસ્યંદન દ્વારા ઉદ્‌ભવે છે. આ લઢણન એક ''સામાન્ય કાર્યપદ્ધતિ ધરાવતા બહુવિધ -મિશ્ર'' બૉઉલ્ડીંગ તરીકે ઓળખાવી શકાય. આ નિસ્યંદનના બે પ્રકારો છે. (પ્રકાર 1 અને પ્રકાર 2). પ્રકાર 1માં વિવિધ વિષયોમાં ઉદ્‌ભવતા આવશ્યક સિદ્ધાંત, વ્યવહાર , વિવિધ પાયાના વિષયમાંના કાર્ય પ્રયોગોને આધારે નિસ્યંદનરૂપે ઉદ્‌ભવે છે. એ સ્મરણમાં રાખવું જોઈશે કે, નવી શુદ્ધ વિદ્યાની રચના થયા પછી, તે વ્યવહાર અને કાર્યમાં અસ્તિત્વમાં હોય અને તેને વિષય સંબંધી પૃથક વિચારોની સાથે સ્થાન આપવામાં આવતું હોય.

ઉદાહરણ :

સીસી (કોલન ક્લાસીફિકેશન)માં

Management

(PBS)8

Management of University Library

2, j4 : 8

નિસ્યંદન પ્રકાર 2 - કોઈ ખાસ પાયાગત વિષય (BS) માત્રમાં નવા વિચારો જોવા મળે અને નવી વિદ્યાશાખામાં વિપુલ સાહિત્ય પ્રકાશિત થાય, તેમાંથી કેટલા સિદ્ધાંતો એ સ્વયંભૂ સ્તરો તેના વિકાસને માર્ગદર્શક બની રહે. આમ વિપુલ સાહિત્ય રચાતાં એક સ્વતંત્ર વિષય અસ્તિત્વમાં આવે છે.

ઉદાહરણ :

Statistical calculus, Microbiology, Anesthesiology, International, Relations, Ergonomics Forestry

સંચયન (Clustering)

ભૂતકાળમાં પ્રલેખોના વિશ્વમાં ગહન વિષયોની ચર્ચા એક જ પ્રલેખમાં સંપૂર્ણ રીતે રજૂ કરવામાં આવતી હતી. એવું સામાન્ય વલણ છે કે, એક અને સમાન પ્રલેખમાં સંયુકત વિષયો સાથે જતા વિવિધ પાયાગત વિષયો, અપવાદરૂપે (સિવાય કે) જટિલ વિષયોમાં પાર્શ્વસંબંધો અને પૃથક મુખકોને સચોટ બનાવવા માટે વિષયયુક્તિ પણ પ્રયોજેલી હોય તેવા પ્રલેખોને સાથે પ્રકાશન કરવાનું વલણ નહોતું. પ્રર્વતમાન વરસોમાં આંતરવિદ્યાકીય જૂથ સંશોધન વ્યવહારમાં સાનુકૂળ જરૂરિયાતને લઈને (આ પ્રકારના સંશોધન લેખો) એક જ પ્રલેખમાં બે અથવા વધુ સંયુક્ત વિષયો ભિન્ન ભિન્ન પાયાના વિષયોને સાથે સાથે રાખે છે.

ઉદાહરણરૂપે કોઈ વિષય ક્ષેત્રના અભ્યાસ સાથે સંકળાયેલ ઘટના કે વસ્તુ અંગેની સાથે રાખે છે. સંશોધન વ્યવસ્થાની અનુકૂળતા, પ્રારંભિક પરિણામો, સંશોધન કાર્ય અંગેના ડેટા એકત્રિત કર્યા, એક જ પ્રલેખમાં વિસંગતપણે સરભરા થાય- આથી વાસ્તવિક રીતે પૂર્ણ ઉપચાર વિના જ રહે છે. ત્યાર પછી કાળજીપૂર્વક તૈયાર કરેલ સંશોધનકાર્ય જે તે વિષયના નિષ્ણાતો અને અલગથી એના પરિણામો પ્રકાશિત થાય છે. આ પ્રલેખમાં સંશોધનના પ્રાથમિક પરિણામો

બધા એક સાથે સંગ્રહરૂપે પ્રકાશિત થતા. મુખ્ય વસ્તુનો અભ્યાસ વિવિધ પાયાના વિષયોના વિધવિધ વિષયોના નિષ્ણાતો દ્વારા થતો હોય છે. હાર્દરૂપ વિચારનું સંચયન થતા એક સરખા ઘટકો વચ્ચેના સંબંધ આધારે એની ચર્ચા અથવા ઈલાજ કરવામાં સરળતા રહે છે.

ઉદાહરણરૂપે

(1) Area Study ક્ષેત્ર અભ્યાસ સ્વરૂપે સંચયન લક્ષ્ય હોય છે, જેમ કે Sinology (ચીન દેશ સંબંધી ., Nippinology (જાપાન સંબંધી અભ્યાસોનું) સંચયન હોય છે.

(2) Genenralia Person Study (સાર્વજનિક વ્યક્તિત્વ અભ્યાસ) માં બહુવિધ વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિઓના અભ્યાસોનું સંચયનરૂપે Gandhiana (ગાંધીસાહિત્ય)

(3) કોઈ વસ્તુ અથવા કુદરતી ઘટનાનું લક્ષ્યબિંદુ Soil Science (જમીન વિજ્ઞાન), Surface Science (ભૂમિની સપાટીનું વિજ્ઞાન)

જૂથીકરણ (Agglomeration)

જૂથીકરણ (પૂર્વે આંશિક વ્યાપક કહેવાતું) ની પ્રક્રિયામાં વસ્તુઓને એકસાથે ભેગી કરવાની પ્રક્રિયા છે. આ ભેગા કરવાની પ્રક્રિયાના મોટા સમૂહને સુસંબંધતા કર્યા વિના જૂથીકરણ દ્વારા એ મૂળ વિષય છે અથવા એ પૃથકવિચાર હોઈ શકે. જૂથીકરણ એક પછી એક આવતા વિષયોને તૈયાર કરવા પડે અથવા તો બીન-અનુક્રમિક ભાગોને વર્ગીકરણની યોજના અનુસાર તૈયાર કરવા પડે.

ઉદાહરણરૂપે સીસી : કુદરતીવિજ્ઞાનો, માનવીય વિદ્યાઓ, સામાજિક વિદ્યાઓ આ પ્રકારના આંશિક બહુવ્યાપ્ત વિષયો છે.

તમારી પ્રગતિ ચકાસો.

(2) વિષય રચનાની વિવિધ લઢણો કઈ છે ? તેનાં ઉદાહરણ આપો

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમરો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

5.3 વિષયોના અભ્યાસ માટેની કાર્યપદ્ધતિ (METHODOGY FOR THE STUDY OF SUBJECTS)

હમણાં સુધી વિષય નિષ્ણાતો ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો દ્વારા તેઓને પૂરાં પાડવામાં આવતાં પ્રલેખોના આધારે માહિતી દઢિકરણ ઉત્પાદન (ICP) તૈયાર કરતા હતા. પરંતુ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં થયેલ પ્રગતિને લઈને, વિશેષતઃ માહિતીની વ્યવસ્થા અને પ્રદર્શિત કરવાની કાર્યપદ્ધતિના વિકાસને લઈને ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના ક્ષેત્રની વ્યક્તિઓ દ્વારા આઈસીપીના ઉત્પાદનો તૈયાર કરવામાં મુખ્યભૂમિકા ભજવવા માંડી હતી. પણ તેઓ ઉપયોગી ભૂમિકા ભજવવા માટે નીચે દર્શાવેલ પૂર્વશરતો પાળવી જરૂરી બની રહે.

(અ) વિષયના વિવિધ પાસાંઓની સાથે પરિચય કેળવવો.

(બ) વાચકની વિષયની જરૂરિયાતોના વ્યવસાયની સાથે પરિચિત થવું; અને

(3) ICPમાં નવા વિચારોની રજૂઆત કરવાની સહાયક રીતોની જાણકારી.

પહેલી પૂર્વશરત વિષે વિગતે ચર્ચાની વિગતો અહીં પ્રસ્તુત કરેલી છે.

5.3.1 વિષયોના ધોરીમાર્ગો અને આડારસ્તાઓની સમજ (Understanding the Highways & byways of Subjects)

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે કાર્ય કરતાં વ્યવસાયિકો મોટે ભાગે માહિતીની પૃચ્છા/ પ્રશ્નો હાથ ધરતા હોય છે તે વિષયોને લગતા જ હોય છે. આવા પ્રશ્નનો જવાબ, ગમે તે સ્વરૂપે હોય અંતે તો તે (જવાબ) વાચકની જરૂરિયાતો યોગ્ય રીતે રજૂ કરતો હોય છે, જે વિષય સંલગ્ન પ્રલેખોમાંથી જ મેળવ્યો હશે. આથી કરીને ગ્રંથાલય વ્યવસાયિકોએ વિષયો સાથેનો પરિચય મેળવવા સાથે પ્રભુત્વ દર્શાવવું જોઈએ. તેઓમાં વિવિધ વિષયોની ઉપર વધુ ઉત્કટ જાણકારી હોવી જોઈએ, આથી માહિતી સેવાઓ ઉત્પાદક બનાવવાને વધુ સહાયક નીવડશે. એ સ્પષ્ટ છે કે કોઈ એક વ્યક્તિ બધા જ વિષયોનું જ્ઞાન ધરાવી શકતો નથી. એ વ્યક્તિમાં કોઈ વિષય સાથે પાયાનું જ્ઞાન હોય, કહોને સ્નાતક અથવા અનુસ્નાતક પદવી ધરાવતો હોય- વિષયમાં સંશોધન કરે અને અધ્યાપન કરતાં - પછી અનુભવ દ્વારા પોતાની શક્તિ ખીલવી શકે છે. પણ એલઆઈસી વ્યવસાયિકોનું સંશોધન કાર્ય (ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન સિવાયના ક્ષેત્રનું) માન્ય નથી થતું. વધુમાં વિષયના સૂક્ષ્મક્ષેત્રમાં ઊંચી કક્ષાની તજજ્ઞતા પૂર્ણ જાણકારીની જરૂરી નથી, પણ LIS વ્યવસાયિકના કાર્યમાં ઉપયોગી થશે. વ્યાપક પરિક્ષેત્રમાં તેઓ કઈ આવશ્યકતા જોઈએ, સંબંધિત વિષયો સુધી પહોંચવાના ધોરીમાર્ગો પેટા રસ્તાઓની જાણકારી જરૂરી છે.

વિશિષ્ટ ગર્ભિતાર્થ (Specific Implication) :

સામાન્યપણે ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના વ્યવસાયિકોમાં કેવા પ્રકારના વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવું, તે મુદ્દાઓ નીચે અલગ તારવી આપેલ છે :

(a) વિષય વિષેનો સંપૂર્ણ વ્યાપ !

(b) મુખ્ય શાખાઓ અને પેટાવિભાગોમાંથી અંદરની દરેક શાખા અને તે દરેક શાખાનો વ્યાપ,

(c) સામાન્ય રીતે વિષય સંબંધિત વિચારો અને તેની શાખાના જૂથના સંબંધ અને વિષયની દરેક શાખાના પેટાવિભાગો;

(d) વિચારો સાથે આંતરિક રીતે સંકળાયેલ અંશો અને કઈ પ્રસ્તુત ખાસિયતોને આધારે જૂથ રચાયા છે;

(e) વિષય વિકાસના સીમાચિહ્નો; મહત્ત્વનું પ્રદાન કરનારાઓ અને તેઓના પ્રદાન વિષેની જાણકારી;

(f) વિષયની જુદી જુદી શાખાઓના પ્રવાહો પ્રર્વતમાન સ્થિતિ અને અભિવ્યક્તિ-કરવાની કળાનો અહેવાલ. (સ્ટેટ-ઑફ-આર્ટ રિપોર્ટ)

(g) વિષયો વચ્ચેનો આંતરસંબંધ

(h) વિવિધ વિષયોની શાસ્ત્રીય પરિભાષા વિષે.

પ્રલેખો દ્વારા વિષયોનો પદ્ધતિસરનો અભ્યાસ (Systematic Study of Subjects Through Documents)

મુખ્ય વિષય ક્ષેત્રો વિષેનું વાચન/અધ્યયન

ગ્રંથાલય અને માહિતી વ્યવસાયિકો જે સંસ્થા સાથે સંકળાયેલ હોય તેના વિષયક્ષેત્રોને ઓળખવા જોઈએ. વિશેષતઃ વિષયોના પરછાયા અને ઉપ પરછાયા ધરાવતાં જૂથો સહાયક બની રહે છે. ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના વ્યવસાયિકો ઉપર દર્શાવેલ અભ્યાસના ઉદ્દેશો ધ્યાનમાં રાખવા જોઈએ. વ્યક્તિએ પ્રલેખોના વાચનની એવી કુશળતા ખીલવવી જોઈએ કે પ્રલેખના બધા જ વાક્યમાંથી ઉદ્દેશ! હાર્દ ઉપાડીને અવિરત રીતે રજૂ કરવાની શક્તિ કેળવવી જોઈએ.

અભ્યાસ માટે જરૂરી પ્રલેખના પ્રકારો

વિષયોના પદ્ધતિસરના અભ્યાસ માટે વિવિધ પ્રકારના પ્રલેખો ઉપયોગી હોઈ તે વિશિષ્ટ અમલીકરણ વિભાગમાં દર્શાવેલા જ્ઞાનના ક્ષેત્રોની જાણકારી મેળવવા માટેની ઉપયોગી સામગ્રીની આવશ્યકતા રહે છે:

(a) વ્યાખ્યાઓ અને પદોના સમાનાર્થી પદો માટે શબ્દકોશો અને શાસ્ત્રીય પરિભાષા

(b) સર્વસામાન્ય જ્ઞાનકોશોમાંથી વિષયના મુખ્ય વિભાગો વિષે રૂપરેખાત્મક લેખો,

(c) સર્વસામાન્ય જ્ઞાનકોશમાંથી વિષયસંબંધી સામાન્ય જાણકારી પ્રાપ્ત કર્યા પછી વિશિષ્ટ જ્ઞાનકોશોમાંથી વિશિષ્ટ વિષયની જાણકારી મેળવવી.

(d) ગ્રંથાલય વ્યવસાયિક માટે ખાસ લખાયેલ પ્રશિષ્ટ ગ્રંથો વિષેની જાણકારી મેળવવી.

(e) વિષયના ઐતિહાસિક વિકાસ દર્શાવતાં પુસ્તકોનો અભ્યાસ

(f) વિષયનું ગહન જ્ઞાન મેળવવા માટેના પ્રબંધ ગ્રંથો દ્વારા વિવિધ વિષમતા આંતરવિષયો અંગેની યોગ્ય રીતની જાણકારી પ્રાપ્ત કરવી.

(g) વિષયના વર્તમાન પ્રવાહ દર્શાવતા અહેવાલો અને સારા અવલોકન લેખોનો અભ્યાસ કરવો.

માહિતીનો સંગ્રહ અને વ્યવસ્થીકરણની રૂપરેખા

વિષય સંબંધી અધ્યયન કર્યા પછી, પદ્ધતિસર રીતે માહિતીની પસંદગી કરીને એની નોંધ દસ્તાવેજ બનાવવા માટે સહાયભૂત બને છે. પદ્ધતિસરની રૂપરેખાની તૈયારી માટે નીચે દર્શાવેલ ઉદ્દેશોનો ઉપયોગ કરવો.

અર્થ

પ્રસ્તાવના : ''વિષયોના અભ્યાસ'' માટેના પ્રકલ્પનો ઉદ્દેશ અને યોજના અભ્યાસના પરિણામો અદ્યતન રાખનારને જરૂરિયાત અને પદ્ધતિ સૂચવવી.

1 **વ્યાખ્યા :** સંબંધ ધરાવતા વિષયો અંગેની પદોની વ્યાખ્યાઓ અધિકૃત સ્રોતોમાંથી મેળવવી. સંગ્રહિત કરેલી વ્યાખ્યાઓની તુલના અને તફાવત દર્શાવવો

2 **પારિભાષિક વિકાસ :** પદના પારિભાષિક વિકાસના ઉપયોગથી વિષય સૂચિત કરવો; સાંપ્રત ચર્ચાઓ અને તેના વિવિધ દૃષ્ટિબિંદુ દર્શાવવાં દા.ત. ''ગ્રંથાલય વિજ્ઞાન'' આ પદ અંગે "Library economy "તે પછી 'Librarianship અને હવે 'Library Science' તરીકે સૂચવાય છે.

3. **વ્યાપ :** વિષય સમગ્રનો સામાન્ય વ્યાપ દર્શાવવો. વિષયનો સામાન્ય વ્યાયમાં નીચે દર્શાવેલ નોંધ અને તેના પેટાવિભાગોને અનુસરવું.

3.1 વિભાજનો અને પેટાવિભાજનો : અભ્યાસ હેઠળના વિષયો સંબંધી તેના મુખ્યવિભાજનો અને પેટાવિભાજનોના બધા વિષયાંગોને સામેલ કરવા જોઈએ. પદો (પર્યાય) વ્યાપક વિભાજનો સૂચિત કરે અને તેની નજીકના પેટાવિભાજનોની વ્યાખ્યા અને વ્યાપ્તિ આપવી જોઈએ. વિષય સંબંધી પ્રબંધ ગ્રંથો અને પાઠયપુસ્તકોમાંથી પસંદગી ધરાવતા વિભાગો અને પેટાવિભાગોનું વિષયવસ્તુનું પૃથક્કરણ કરવું જોઈએ. વિષય સંબંધી તજજ્ઞો માટે અભ્યાસ, અધ્યયન અને અધ્યાપન વગેરે સંદર્ભમાં વર્ગીકૃત નોંધ તૈયાર કરવી. વિવિધ અધિકૃત સ્રોતોમાંથી વ્યાખ્યાઓ ભેગી કરવી.

3.2 વિનિયોગ : વિષય સંલગ્ન વિષયાંગોનો વિકાસ કરવા માટે વિનિયોગ કરો. ઉદાહરણ રૂપે, જયાં ભૌતિક શાસ્ત્ર એ અભ્યાસનો વિષય હોય તો ઈજનેરી રાસાયણિક વિજ્ઞાનો, જૈવિક વિજ્ઞાન એ તેના વિનિયોગ કરવા માટેના વિષયો છે.

3.3 સાધન-વિષયો : આ એવાં વિષયો છે કે વિષય સંબંધી તેના વિકાસ માટે વિનિયોગ થાય છે. ઉદાહરણરૂપે, જ્યારે રસાયણવિજ્ઞાન એ અભ્યાસનો વિષય હોય તો ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વગેરે વિનિયોગ માટેના સાધન વિષયો એ તેના વિકાસ માટેના છે.

4. વર્ગીકરણ : વિવિધ વર્ગીકરણની પદ્ધતિ-સામાન્ય અને વિશિષ્ટ વિષયના વિભાજનો અને પેટાવિભાજનો કેવી રીતે નિરૂપિત થાય છે. એ આ વિભાગોની ઉદ્દેશની નોંધ રાખવી જોઈએ. સૌ પ્રથમ એ ધ્યાન પાત્ર રહે છે કે સંપૂર્ણ વિષયવિશ્વમાં સંબંધિત વિષયનો ક્રમ વિવિધ વર્ગીકરણશાસ્ત્રીઓએ માન્યતા આપી છે તે શોધી કાઢવું. ઉદાહરણરૂપે ''રસાયણશાસ્ત્ર'' એ વિષયવિશ્વના સામાન્ય રીતે આ પ્રમાણે માન્ય કરેલ છે.

વિષયોનું વિશ્વ

વિજ્ઞાન

કુદરતી વિજ્ઞાનો

ભૌતિક વિજ્ઞાનો

રસાયણિક શાસ્ત્ર

ઉપરના ઉદાહરણમાં જે રીતે રસાયણશાસ્ત્ર વિષયો વચ્ચેના આધારિત સંબંધો દર્શાવવાની દૃષ્ટિએ રજૂ કરેલ છે. વર્ગીકરણ માટેની વિવિધ પદ્ધતિઓમાં સંલગ્ન વિષયની કેવી માવજત લેવામાં આવેલી છે તે અંગેની નોંધ નીચેના પેટામાળખામાં પ્રસ્તુત કરેલ છે.

4.1. વિશિષ્ટ વર્ગીકરણ : આ પેટાવિભાગનો એ ઉદ્દેશ છે કે તજજ્ઞો દ્વારા વિશિષ્ટ વિષયની વર્ગીકરણ પદ્ધતિની રચના થયેલી વે, કે જેનો ઉદ્દેશ એ વિષયના સંપૂર્ણ કાર્યક્ષેત્રને અથવા વિભાગ અથવા પેટાવિભાગને ગહનતાથી સમજવા માટેની વસ્તુઓની નોંધ લેવાયેલી છે. ઉદાહરણરૂપે ભૂસ્તરશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રમાં ટેક્સોનોમિકલ વર્ગીકરણ અને રસાયણશાસ્ત્રમાં આવર્તક કોષ્ટક, આ પેટાવિભાગ ઉદ્દેશ એ છે કે વ્યાપક વર્ગોની તુલનાત્ક સારાંશ તાલિકાની સાથે પ્રાસ્તાવિક નોંધો અને પદ્ધતિનું ટૂંકુ વર્ણન આપ્યું છે.

4.2 પ્રલેખ વર્ગીકરણ : આ પેટાવિભાજનમાં વર્ગીકરણ પદ્ધતિમાં વિષયની માવજત તેમાં શબ્દભંડોળ અને વિષય મથાળાંની યાદીઓ સહિત નોંધ કરવાની છે. આવી પદ્ધતિઓ વિષયના વ્યાપના સંદર્ભમાં સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ છે, ઉદાહરણરૂપે, ડ્યૂઈ ડેસિપલ ક્લાસિફિકેશન, કોલન

ક્લાસિફિકેશન, થિસોરસ ઑફ એન્જીનિયરીંગ એન્ડ સાયન્ટિફિક પદો થિસરોફેસેટ વગેરે...આવી પદ્ધતિઓ વ્યાપમાં વિશિષ્ટ બની શકે છે, ઉદાહરણરૂપે ક્લાસિફિકેશન શિડયુલ્ડ એન્ડ આલ્ફાબેટિકલ ઈન્ડેક્સ ફોર પેકેજિંગ ડોક્યુમેન્ટેશન, ધી લંડન એડ્યુકેશન ક્લાસિફિકેશન, ધી ઈનિસ થિસોરસ, ધી થિસોરસ ઓફ ફેડરલ એવીએશન એજન્સી ડિસ્ક્રપ્ટર્સ (યુએસએ), ધી મેડિકલ સબ્જેક્ટ હેડિંગ્સ (MeshF સબ્જેક્ટ હેડિંગ્ ફોર એન્જીનિયરીંગ (SHE) વગેરે. આ સિવાય જો નિર્દેશીકરણ અને સારસંક્ષેપ સામયિક હોય તો વિષય સંલગ્ન હોય તો વિશિષ્ટ પ્રલેખો માટેની વર્ગીકરણની યોજના અનુસરવાની રહે છે. વર્ગીકરણની પદ્ધતિમાં પદ્ધતિસરના ભાગ અને વર્ણાનુક્રમભાગમાં સંલગ્ન વિષય વિષે સંબંધિત ભાગોનુ દોહન કરવું.

5. **વિષયનો વિકાસ :** સંલગ્ન વિષયના વિકાસની બાબતોમાં નીચે દર્શાવેલ મુદ્દાઓ પ્રમાણે નોંધ કરવી.

5.1 સીમાચિહનો : વિષય વિકાસમાં સીમાચિહ્નો પ્રદાન કરનારાઓ વિષે નોંધ કરવી. વિકાસરેખા વિભાગો અને પેટાવિભાગોમાં નોંધ કાળક્રમે ગોઠવવી. દરેક નોંધ સુસ્પષ્ટ હોય, જેમાં નીચેની માહિતીનો સમાવેશ કરવો. (અ) પ્રદાનનું વર્ષ અથવા સમયગાળો (બ) પ્રદાનકર્તાનું નામ, (ક) પ્રદાનકર્તા વિષે જીવનપરિચય આપતી નોંધ (ડ) મૂળ પ્રલેખોના ગ્રંથનામ અને પ્રકાશન વર્ષ, આ ઉપરાંત અન્ય મહત્ત્વની ધ્યાન આપવા યોગ્ય બાબત દર્શાવવી.

5.2 સંશોધનનો પ્રવાહ : વિષયના સંદર્ભમાં સંશોધન સંબંધો નોંધવા. પ્રલેખોના પ્રવાહ આ બધું. પ્રલેખોના અવલોકનો, નિર્દેશીકરણ અને સારસંક્ષેપ સામયિકો વગેરેમંથી સંગ્રહિત કરવી. અહીં એ વિચાર રહેલો છે કે સંલગ્ન વિષયમાંના વ્યાપક વિસ્તારોમાં સંશોધન કાર્ય ચાલે છે એ દર્શાવવો. વિશેષમાં ખાતરીપૂર્વક સામાન્ય જાણકારી મેળવવાના પ્રયત્નો કરવા. (અ) સંલગ્ન વિષયમાં સાહિત્ય (પ્રલેખો) નો વિકાસ અને (બ) સંલગ્ન વિષયમાં સંશોધનમાં પરિણામો ઉપરની માહિતીનું દસ્તાવેજીકરણનું માપ કાઢવું

5.3 શિક્ષણ પ્રવાહ : વિષયમાં શિક્ષણ પ્રવાહની સાથે મહત્ત્વ દર્શાવવું. આ વિભાગનો ઉદ્દેશ શિક્ષણના વિકાસમાં વિષયનું મહત્ત્વની અને પૂર્વસ્નાતક, સ્નાતક, અનુસ્નાતક, સંશોધન વગેરેના સ્તરની નોંધ લેવી.

6. **માહિતીના સ્રોતો :** આ વિભાગમાં વિષમ માહિતી સામેલ કરવી ત્રણ પ્રકારના સ્રોતો તરત જ ઓળખી શકાય તેવા હોય છે. તેઓમાં (અ)પ્રલેખીય સ્રોતો, (બ) સંસ્થાકીય સ્રોતો; અને (ક) માનવીય સ્રોતો. આ વિભાગનો ઉદ્દેશ એ છે કે વિષયની સાથે સંબંધ ધરાવતા વિવિધ માહિતી સ્રોતોતો અંગેની નોંધ લેવી. જેમ કે, વિવિધ માહિતી સ્રોતો વિષે નીચે દર્શાવેલ પેટા મથાળા ઉપરની સ્રોતસામગ્રી ભેગી કરવી. આ માટે અધિકૃત પત્રકનો ઉપયોગ કરવો. વિગતવાર વર્ણન પત્રક અલગથી પૂરું પાડવું. માહિતી સ્રોતો અંગેની દરેક નોંધ અધિકૃત વર્ગીકરણ પદ્ધતિ અનુસાર વર્ગીકૃત કરવી.

આ નોંધો તેના દરેક પેટાવિભાગોને વ્યવસ્થિત ગોઠવવા માટે પદ્ધતિનો ઉપયોગ કરવો. આ સ્રોતો હમેંશા વિશિષ્ટ વિષય સંબંધી ન પણ હોઈ શકે. આ વિભાગના

પેટાવિભાગોના ઉદ્દેશ એ છે કે સ્રોત સામગ્રી એક અંગે (a) વિશિષ્ટ વિષય (b) વિશિષ્ટ વિષયો કરતાં જે વિષયોનો વિસ્તાર મોટો હોય (c) વિશિષ્ટ વિષયોના કરતાં જેના વિષયોનું ક્ષેત્ર ઓછામાં ઓછું હોય. ઉદાહરણરૂપે 'રસાયણ' એ અભ્યાસનો વિષય તો ''વિજ્ઞાન'' ''ભૌતિકવિજ્ઞાનો'' ''રસાયણવિજ્ઞાન'' ક્ષેત્ર એનાથી વ્યાપક મોટું છે.- આ બધા વિષયોનો વ્યાપ મોટો છે; જ્યારે ''અકાર્બનિક રસાયણશાસ્ત્ર' કાર્બનિક રસાયણશાસ્ત્ર ''ભૌતિક રસાયણશાસ્ત્ર'' આ વિષયોનો વિસ્તાર ઓછો હોય છે

6.1 **પ્રલેખીય સ્રોત :** આ પેટાવિભાગનો ઉદ્દેશ એ છે કે વિષય સંબંધના માહિતી સ્રોતો નોંધવા. આ પ્રકારના સ્રોતોની બે કક્ષા છે : (અ) પ્રાથમિક અને (બ) દ્વિતિયકક્ષા આ બે કક્ષાના સ્રોતાના પણ ઘણાં પ્રકારો છે. અહીંથી આરંભ કરીએ તો, મહત્ત્વના પ્રલેખ સ્રોતો-પ્રાથમિક અને દ્વિતિય કક્ષાના પ્રલેખીય સ્રોતો છે. પ્રાથમિક સૂત્રોમાં (અ) મહત્ત્વપૂર્ણ પાઠયપુસ્તકો (બ) પ્રબંધગ્રંથો; અને (ક) પ્રાથમિક કક્ષાના સામયિકો. દ્વિતિય કક્ષાના પ્રલેખીય સ્રોતોમાં (અ)પરંપરાગત સંદર્ભગ્રંથો જેમ કે, જ્ઞાનકોશો, હાથપોથીઓ (હેન્ડબુકસ), ડિરેક્ટરીઝ, શબ્દકોશો, પરિભાષાઓ વગેરે (બ) વાઙ્મયસૂચિઓ (ક)નિર્દેશીકરણ અને સરકરણ સામયિકો (ડ) અવલોકન પ્રલેખો (વાર્ષિક કાર્યજારી, ઈયરબુક, વાર્ષિકી વગેરે) આ વિભાગના ભાગરૂપે કે જે વિષય વિષમમાં પ્રલેખો પ્રકાશિત કરતી સંસ્થાઓના (સરનામાં) હોય તેની યાદી પણ ઉપયોગી નીવડી શકે.

6.2 **સંસ્થાકીય સ્રોતો :** વિષમસંલગ્ન વિવિધ સંસ્થાઓના સ્રોતો આ વિભાગમાં નોંધવા જોઈએ-એ આ વિભાગનો ઉદ્દેશ છે. આ વિભાગના હેતુ માટે વિષય સંબંધિત પરિસંવાદ કે અને પ્રકલ્પોની પણ નોંધ કરવી પડે. આની પાછળનો વિચાર એ છે કે વિશિષ્ટ ક્ષેત્રમાં પરિસંવાદો અને પ્રકલ્પો તૈયાર કરતી સંસ્થાઓના સંશોધન શૈક્ષણિક પ્રવૃતિ અને સંસ્થાઓની ઓળખ થાય. વિષયનાં ઘણાં બધાં પાસાંઓ વિષે તૈયાર સ્રોત મળતો નથી હોતાં ત્યારે આવી મહત્ત્વની માહિતી પૂરી પાડવામાં આ સંસ્થાઓ દ્વારા સહજ મળી જતી હોય છે. આની પસંદગીમાં વ્યવહારુ બનવું પડે. આવી સંસ્થાઓ ત્રણ કક્ષાની હોય છે. આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક

6.3. **માનવી સ્રોતો :** આ પેટાવિભાગનો ઉદ્દેશ એ છે કે વિષમ સંલગ્ન સબંધી માહિતી માટે માનવીય સ્રોતની અહીં નોંધ લેવી જોઈએ. આની પાછળ વિશિષ્ટ એ રહેલો છે કે વિષય સંલગ્ન તજજ્ઞો કે જે હયાત છે તેમને શોધી/ ઓળખીને પછી તેમની શૈક્ષણિક સિદ્ધિઓએ અનુભવો વિષે નોંધ કરવાનો આશય છે. આવા તજજ્ઞોનો સંપર્ક કરીએ તેથી વિષયસંલગ્ન વિશિષ્ટ માહિતી તેઓ પૂરી પાડે શકે એ સ્થિતિમાં હોય છે. જે અન્ય કોઈ સ્રોતમાંથી તૈયાર મળતી નથી. આવી હયાત વ્યક્તિઓની પસંદગીમાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક કક્ષા એ પ્રસિદ્ધ હોય તે જોવું જોઈએ.

7. **માહિતી સ્થળાંતર પ્રક્રિયાઓ :** આ વિભાગનો ઉદ્દેશ એ છે કે : (અ) માહિતીનો ઉપયોગકર્તા/ઉપભોક્તાઓની વચ્ચે વિષય ઉપરની માહિતી સ્થળાંતરની પ્રક્રિયા જણાવી (બ) વિષયક્ષેત્રમાં તજજ્ઞ (નિષ્ણાનો)માહિતીની શોધખોળનું વર્તણૂંક જાણવી(ક) વિષય ઉપર એ વિશિષ્ટ પ્રશ્નોની નોંધ લેવી જોઈએ.

વિષયના આ પાસાંઓ વિષેની માહિતી વિષય સંલગ્ન પ્રાથમિક સ્રોતોમાંથી ભેગી કરવી અથવા તેના અંશભાગ અથવા વિષય સંલગ્ન વ્યાપક વિષયમાં શોધ કરવી. જ્યારે આવા વિશિષ્ટ વર્તન જાણકારી, ઉપલબ્ધ ન હોય, ત્યારે માહિતી સ્થળાંતરની પ્રક્રિયાઓ અને માહિતી શોધખોળના વર્તન વિષે સામાન્ય માહિતીની નોંધ કરવી. વિષય ઉપરના ખાસ પ્રશ્નોને રચના કરીને મળતાપણાંને આધારે અન્ય વિષયોના પ્રશ્નોની રચના કરવી, મોટા ભાગના કિસ્સાઓમાં આવું કશું જ તૈયાર ઉપલબ્ધ હોતું નથી.

8. **નિષ્કર્ષ :** વિષય સંબંધી નીચે દર્શાવેલા પાસાંઓમાંથી કોઈ એક પાસાંને લઈને કરવું (અ) પ્રાથમિક સ્રોતના વિકાસમાં સંશોધનની અસર (બ) પર્યાપ્તતા, અથવા માહિતીસ્રોતના દ્વિતીયકક્ષાના સ્રોતો; (ક) માહિતી વ્યવસ્થાના પ્રશ્નો અને (ડ) વિષયના અભ્યાસ ક્ષેત્રમાં આવતા કોઈ પણ પાસાંઓને સંબંધિત ટીપ્પણી અને સૂચનો કરવા.

9. **સંદર્ભ :** આ વિભાગનો ઉદ્દેશ એ છે કે આ હેન્ડબુક તૈયાર કરવાને માટે ઉપયોગમાં લીધેલા પ્રલેખોની યાદી બનાવવી. આ વિભાગ માટે દરેક પ્રલેખની એક ટૂંકી નોંધ (સંલેખ) તૈયાર કરવી. આ નોંધ કોઈ અધિકૃત એવા સૂચિકકરણ કાર્ય માટેની નિયમાવલીને અનુસરીને તૈયાર કરવી જોઈએ. મોટા ભાગના કિસ્સાઓમાં પુસ્તકો (મેકોડૉક્યુમેન્ટસ)ની નોંધ નીચે દર્શાવેલી શૈલીની હોય છે:

Atkins (Kenneth R). Physics -nce over - lightly.1972 જો કોઈ ખાસ પ્રલેખનો ઉપયોગ કર્યો હોય તો તે માહિતીનું ચોક્કસ સ્થાન દર્શાવતી માહિતી તે સંદર્ભને અંતે આ રીતે સમાવવી જોઈએ. ભાગ 2; અથવા પ્રકરણ 3; અથવા વિભાગ 52; અથવા પૃષ્ઠ 20-23; વગેરે માહિતી દર્શાવવાનો આધાર ઉપયોગમાં લીધેલી માહિતી ઉપર આધાર રાખે છે. સામાન્યપણે પુસ્તક વિષેની સંદર્ભ નોંધ નીચે દર્શાવેલી પદ્ધતિએ તૈયાર કરવી.

ROBERTSON (Andrew). Behaviour pattern of scienticts and engineers in information seeking for problem solring (Aslib Proceedin, 26, 1974 pp. 184-90)

ઉપર દર્શાવેલી પદ્ધતિએ નોંધ તૈયાર કરવી અને વર્ણાનુક્રમે અને અનુક્રમ નંબર આપી ગોઠવણી કરવી. પ્રલેખનો અનુક્રમનો ઉલ્લેખ લખાણમાંના ઉપયોગ કરેલ સ્રોત સૂચવે છેકે જેમાંથી માહિતી ભેગી કરેલ છે. બીજી તરફ વિભાગ અંકનો ઉપયોગ યોગ્ય ભાગ સૂચવે છે. પરિણામે સંદર્ભવિભાગમાંની નોંધ સામાન્ય રીતે નીચે પ્રમાણે ગોઠવાયેલી દેખાશે :

5 Sec 32 ATKINS (Kenneth R). Physics - once over - lightly. 1972 chap. 9

અનુક્રમણિકા અને સૂચિ (Contents and Index) :

સાબિતીરૂપે ''વિષયોના અભ્યાસ'' ઉપરના પ્રકલ્પ માટેના હેતુથી અસ્તિત્વ ધરાવતા પ્રલેખીય સ્રોતોમાંથી પ્રાથમિક અને દ્વિતીયકક્ષા-ની જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી છે. મોટાભાગના કિસ્સાઓમાં આ હેતુથી જે પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે તે ''સારસંક્ષેપ' એટલે

કે, વિષયવસ્તુનો જરૂરી સારાંશ સંક્ષિપ્ત હોય છે. જ્યારે એકત્રિત કરેલી માહિતી પત્રકમાં સૂચિત કરેલ પદ્ધતિસર થાય, વિષય સંલગ્ન માહિતીની હાથપુસ્તિકારૂપે પરિણાત હોય, જરૂરી વ્યવસાયિક માહિતી કાર્ય અને સેવા માટે માન્યતા પામશે. આદેશ અનુસાર , આ હાથપુસ્તિકા અસરકારક વધારાની સ્મૃતિ સમાવશે. તે નીચે દર્શાવેલ બાબતથી સુસજ્જ થશે.

(1) વિગતપૂર્ણ અનુક્રમણિકા યાદી; અને

(2) સારી વર્ણાનુક્રમ સૂચિ

અનુક્રમણિકાની યાદી તૈયાર કરવા માટે પત્રકમાં આપેલ મથાળાઓને આધારે તૈયાર થઈ શકશે. સૂચિના હેતુ માટે યોગ્ય નિર્દેશકરણની પ્રક્રિયા સ્વીકારવી. આ માટેના ભારતીય માનકનો ઉપયોગ ફાયદારૂપ બની શકે.

વર્ગીકરણ માટે યોજનાનો ઉપયોગ (Use of Scheme for Classification) :

ગ્રંથાલયમાં ઉપયોગ લેવાતાં સાધનો અને કાર્યપદ્ધતિઓમાંની, વર્ગીકરણનો સંબંધ પ્રલેખોના વર્ણિત વિષયોના પૃથક્કરણ અને રચનાની સાથે સંકળાયેલ છે. અહીં વર્ગીકરણ આવશ્યક રૂપે એક એવી પ્રક્રિયા છે, જેના દ્વારા એક વિષયના સંગઠિત વિચારોને ઓળખવાને, એના વિચારોની અરસપરસ સંબંધોની માત્રાને સુનિશ્ચિત કરવી, તથા એના વિચારોને એ વિષયના અધિકતમ તજજ્ઞો દ્વારા પસંદથી કરેલ ક્રમને વ્યવસ્થિત કરવાનું કાર્ય કરવામાં આવે છે. આવાં ઘટકોનું પૃથક્કરણ અને ગોઠવણી/વ્યવસ્થાપન, યથાસંભવ વર્ણવેલ સ્વયંભૂ સત્યો અને સિદ્ધાંતો દ્વારા વિષમ સંરચના સુસંગત ઢબે પ્રાપ્ત કરી શકાય. વર્ગીકરણ પદ્ધતિ ઉપયોગમાં કેટલાક સહાયક સ્વયંભૂ સત્યો અને સિદ્ધાંતો પર આધારિત હોવું જોઈએ. એ સાથે એનો એ પ્રકાર ઓળખી કાઢવો જોઈએ, જેથી વિભિન્ન વિષયોને તથા એવા ક્રમને તજજ્ઞોએ માન્ય કરેલ હોય અને વિવિધ વિષયોને સમજવામાં માર્ગ ચીંધે, તેઓ જ્ઞાનનો ઉપયોગ કરીને રૂપરેખા મેળવીને માહિતી દટિકરણ સેવા દ્વારા ઉપભોક્તાની વિશિષ્ટ માંગને પૂર્ણ કરી શકે. આકસ્મિક રીતે તેઓ વિષય સંલગ્ન પરિભાષાથી વધુ જાણકાર બને છે.

વર્ગીકરણ માટેની પદ્ધતિ સંરચના અને વિકાસ (Design and Development of a Scheme for Classification)

વર્તમાન સમયમાં વિષયવિશ્વના વિકાસની ગતિ ઝડપી અને ગતિશીલ હોઈને વર્ગીકાર થોડે અંશે વર્ગીકરણશાસ્ત્રીની ભૂમિકા ભજવવી પડે. સમયે સમયે વિષયવિશ્વમાં ભવિષ્યના વિકાસની કોઈ અટકળ બાંધી શકાતી નથી. આથી કરીને વર્ગકારોએ વર્ગીકરણ માટે એવી યોજના પસંદ કરવી જેનો વિસ્તાર અને વિકાસ સક્ષમતા ધરાવતી વર્ગીકરણની યોજનાની પસંદગી કરવી, જે યોજના નવાં ઉદ્ભવતા વિષયોને તેના માળખામાં સમાવી શકે અને વર્ગ અથવા પ્રતીકોના અંકો પૂરા પાડી શકે તેવી હોવી જોઈએ. પ્રવર્તમાન સમયના પ્રલેખોને વર્ગીકૃત કરવા માટે તૈયાર વર્ગાંક આપતી વર્ગીકરણની પદ્ધતિનો ઉપયોગ કરવાનું માત્ર જ્ઞાન આવશ્યક નથી પણ વર્ગીકરણ માટેની યોજનાનો વિકાસ અને રચના કરવાની કાર્યપદ્ધતિનું જ્ઞાન હોવું જોઈએ.

સંરચનાનાં પગથિયાં (Steps in Designing)

મુખ્ય પગથિયાંઓમાં, વિષયો ગુણવત્તાના ક્રમમાં યોગ્ય પ્રલેખોને અભ્યાસમાં સામેલ કરવો, આથી વિચારોના ઘટકો, તેના આંતરસંબંધો, ઘટક પાત્રોના સંયોજનની લઢણો અને

મોટાભાગના વિષય નિષ્ણાતો દ્વારા ઘટકોના ક્રમને પસંદગી પામ્યા હોવા જોઈએ. વર્ગીકરણની રચનામાં અસંબદ્ધ નમૂના ઉપર આધારિત હોય તો ઉપર દર્શાવેલ પગથિયાંઓનો સમાવેશ કરવો.

અનુમાન (Interence) :

એ સ્પષ્ટ છે કે વર્ગીકરણ પદ્ધતિની રચના અને વિકાસ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકોને વિષયો શીખવવા માટેની ઉત્તમ તક પૂરી પાડે છે, તે દરેક વિષય સાથે પરિચત કરાવીને ભાવિ વિકાસને નજર સમક્ષ રાખે છે.

અન્ય પદ્ધતિઓ (Other Methods)

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકોને વિષયો શીખવા માટે વૈવિધ્યપૂર્ણ તકો અને પદ્ધતિઓના ધોરીમાર્ગો અને પેટામાર્ગો નીચે દર્શાવેલ છે :

(અ) એલઆઈએસ વ્યવસાયિકોએ વિષય નિષ્ણાતોના વ્યખ્યાનોમાં હાજરી આપવી અને ચર્ચામાં ભાગ લઈને પ્રશિક્ષિત થવાની જરૂરિયાત છે.

(બ) વર્ગીકરણની પદ્ધતિની રચના કરો ત્યારે વિષય નિષ્ણાતોની સલાહ લેવી.

(ક) વિષય નિષ્ણાતોના વ્યાખ્યાનો અને ચર્ચાઓમાં હાજર રહેવું.

(ડ) નવી પદ્ધતિ અંગેની નવોદિતો માટેની તાલીમમાં હાજર રહેવું,

આથી કરીને સંસ્થાના ઊંચી પદવી ધરાવતા વિષયનિષ્ણાતો બહારના અને અંદરના ત્રણથી છ માસના સમયગાળામાં યોજાતી વ્યાખ્યાન શ્રેણીમાં હાજરી આપવી.

તમારી પ્રગતિ ચકાસો

(3) વિષયોને સમજવા માટેના ધોરીમાર્ગો અને પેટામાર્ગો કઈ જુદી જુદી કાર્યપદ્ધતિઓ અપનાવશો?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમરો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

5.4 સારાંશ (SUMMARY)

આ એકમ વિષયના પરિચયમાં "વિષયોના વિશ્વ" "માળખું અને વિકાસ" જેમાં વિષયવિશ્વના લક્ષણો, વિશેષતઃ વિષયોની રચના લઢણો વિષે પ્રકાશ પાડવામાં આવ્યો છે, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન ક્ષેત્રના વ્યવસાયિકો (LIS)પોતે પરિચિત છે તે પદ્ધતિસરની કાર્યપદ્ધતિ (કાર્યરીતિ) વિષે સમજાવેલ છે કે જેઓ માટે નવા વિષયો સાથેની જાણકારી મેળવી શકે.

5.5 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

(1) જ્યારે સૂત્ર 1ની માંગ છે કે પ્રલેખો અને મુખ્યસંલેખો મુખ્યત્વે પ્રલેખોના વિષયને આધારે ગોઠવણી કરવામાં આવે છે. સૂત્ર 2 પ્રલેખો/સંલેખોની શૈલી અપુપા (Apupa)ઢબની સૂચિત કરે છે. સૂત્ર 3 પુનઃપ્રાપ્તિના સમયે કોઈ પ્રસ્તુત પ્રલેખ રહી ન જવો જોઈએ. સૂત્ર 4 એ સૂચિત કરે છે કે વાચકની બૌદ્ધિક અને માનસિક કાર્યશક્તિ જળવાઈ રહે એ રીતની ચોક્સાઈપૂર્વક અને ઝડપી પુનઃપ્રાપ્તિ થવી જોઈએ, અને સૂત્ર 5 એ સૂચિત કરે છે કે પુનઃપ્રાપ્તિ અને પ્રસારણની કાર્યરીતિ/સાધનો કાર્યક્ષમ બને એ માટે તેનો વિકાસ અને સુધારણાની આવશ્કયતા રહેલી છે. આ સૂચિતાર્થો વિષે ખાસ ધ્યાન આપવું. વિષય વિશ્વ (UOS) ના માળખા અને વિકાસ પૂર્વેપેક્ષિત છે.

(2) વિષયરચનાની વિવિધ લઢણો આ પ્રમાણે છે :

(a) સ્તરીકરણ

પ્રકાર 1 : માનવ શરીર રચના Anatomy of human body

પ્રકાર 2 : વૈદકની આર્યુવેદપદ્ધતિ Ayurvedic System of medicin

(b) શિથીલ સંયોજન

Medicine, Ayurvedic system-tropical anvironment-child

પ્રકાર 1 : ગ્રંથપાલો માટેના આંકડાઓ (Staatics for Librarians

પ્રકાર 2 : બૌદ્ધધર્મની ખ્રિસ્તી ધર્મ ઉપર અસર. Influence Buddhism on Christianlity

પ્રકાર 3 : વૈદક-આયુર્વેદ પદ્ધતિ- ઉષ્ણકટિબંધનું વાતાવરણ બાળક

(c) **વિભાજન** : કુદરતી વિજ્ઞાનનો, ઉપયુક્તકલાઓ, માનવીય વિદ્યાઓ, સામાજિકવિદ્યા
Natural Sciences, Useful arts, Humanities, Social sciences.

(d) **સમન્વય** : જૈવિક રસાયણ, અવકાશીય ભૌતિકશાસ્ત્ર

(e) **નિસ્યંદન** : સંચાલન, એનેસ્થેસિયોલોજી.

(f) **સંચયન** : ક્ષેત્ર અભ્યાસ, ગાંધીવિચાર, જમીન વિજ્ઞાન.
Area study, Gandhiana, Soil Science

(g) **જૂથીકરણ** : કુદરતી વિજ્ઞાન, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર.
Natural Sciences, Psychology, અને. Sociology

(3) વિષયોના ઘોરીમાર્ગો અને પેટા રસ્તાઓને સમજવા માટેની વિવિધ રીતો અપનાવી શકીએ; જેવી કે :

(i) વિષયોનો પદ્ધતિસરનો અભ્યાસ આ પ્રકારના પ્રલેખો દ્વારા થઈ શકે છે : જેવા કે, અધિકૃત સામાન્ય શબ્દકોશો અને શાસ્ત્રીય પરિભાષાઓ, સામાન્ય અને વિશિષ્ટ જ્ઞાનકોશો, અનુસ્થાપન ગ્રંથો, પ્રબંધગ્રંથો અવલોકનો લેખો વગેરે

(ii) વર્ગીકરણ માટે પદ્ધતિઓનો ઉપયોગ.

(ii) વર્ગીકરણ માટેની પદ્ધતિની રચના અને વિકાસ કરીને.

(iv) અન્યરીતો- વ્યાખ્યાનોમાં હાજરી અને ભાગ લઈને, વિષય નિષ્ણાતોની સલાહ લઈને.

5.6 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

વિચાર (Idea) : વિચારણા કરવાથી, પ્રતિભાવો આપવાથી, કલ્પના, કરવાથી વગેરેથી વિચાર પરિણામે

વર્ગીકરણ પદ્ધતિના શોધક (Classificationist) : ગ્રંથાલય વર્ગીકરણની યોજના જે કોઈ રચના કરે તે.

જ્ઞાન (Knowledge) : માનવ સંસ્કૃતિએ પૂર્ણપણે સુરક્ષિત રાખેલા વિચારો એ જ્ઞાન છે - જે વિચારોનું વિશ્વ છે.

માહિતી (Information) : ડેટા-આંકડાઓના સ્વરૂપમાં, આકૃતિ અથવા શબ્દો- સુવ્યવસ્થિત, પદ્ધતિસર અને રજૂઆત કરવાની ઢબ ઉપર ભાર દેવાથી સ્પષ્ટ થાય. હવામાન કચેરીના તાપમાન, ભેજ

અને પવનની ગતિના અહેવાલો આ સેંકડો આંકડાઓ. કમ્પ્યૂટર તે એ દર્શાવે છે કે આ ડેટાને આધારે અનુમાન ઝંઝાવટ લાવશે.

વર્ગીકરણકાર (Classifier) : ગ્રંથાલયમાંના પ્રલેખો/માહિતીનું વર્ગીકરણ કરનાર વ્યક્તિ.

5.7 સંદર્ભો અને વધુ વાચનની યાદી

Bavadekar, P.N. [et al.] (1967). Rate of Development of the Univers of Subjects and the Design of Schemes for Classification. DRTC Annual Seminar. 5, Paper A.

Bhattacharyya, G. (1975). Project on Study of Subject. Library Science. 12, 65-79.

Bertalanffy, L.Van (1950). Outline of General Systems Theory. British Journal of Philosphy Science. 1, 134-165.

Boulding, K.E. (1968). General Systems Theory - The Skeleton of Science. In : Buckley, W. (ed). Modern Systems Research for Behavioral Scientist. Chapter-1

Lazlo, E. (1971). Systems Philosophy. Main Currents in Modern Thought. 28, 58.

Neelameghan, A. (1973). Basic Subject : Special Issue. Library Science. 10, 149-221.

Neelameghan, A. (1967). Research on the Structure and Development of the Universe of Subjects. Library Science. 4, 336-355.

Neelameghan A. (1972). Systems Approach in the Study of the Attributes of the Universe of Subjects. Library Science. 9, 445-472.

Ranganathan, S.R. (1967). Prolegomena to Library Classification. 3rd ed. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science.

Ranganathan, S. (1987). Colon Classification. 7th ed. Edited by M.A. Gopinath. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science.

Seethanrama, S. (1997). Information Consolidation and Repackaging. New Delhi : Ess Ess Publications.


Shera, J. H. (1966). Documentation and the Organisation of Knowledge. p.61

ignou
THE PEOPLE'S
UNIVERSITY

ઈન્દિરા ગાધી નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

BLIS-03
ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત





ગ્રંથાલય વર્ગીકરણના અભિગમ

3

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

BLIS-03
ગ્રંથાલય વર્ગીકરણ
સિદ્ધાંત

વિભાગ

3

ગ્રંથાલય વર્ગીકરણના અભિગમ
(APPROACHES TO LIBRARY CLASSIFICATION)

એકમ 6

અભિધારણાત્મક અને પ્રણાલીગત અભિગમ 5
(POSTULATIONAL AND SYSTEMS APPROACHES)

એકમ 7

મૂળભૂત શ્રેણીઓ, મુખક પૃથક્કરણ અને મુખક ક્રમ 21
(FUNDAMENTAL CATEGORIES, FACET ANALYSIS AND FACET SEQUENCE)

એકમ 8

પાર્શ્વ સંબંધ અને સામાન્ય પૃથકો
(PHASE RELATION AND COMMON ISOLATES) 56

એકમ 9

ગ્રંથાલય વર્ગીકરણમાં યુક્તિઓ (DEVICES IN LIBRARY CLASSIFICATION) 101

Programme Design Committee (1987-88)

Prof. G. Ram Reddy
Vice-Chancellor
IGNOU

Prof. P.B. Mangla
Dean Arts and Head
Dept. of Library and
Information Science
University of Delhi
Delhi

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor, IGNOU

Shri S.P. Aggarwal
Director (Retd.)
NASSDOC, New Delhi

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Shri P. Satyanarayana
Regional Director
IGNOU

Shri B.P. Shenoy
Special Officer
IGNOU

Course Preparation Team

Prof. A.A.N. Raju
Osmania University
Hyderabad

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Dr. S. Seetharama
DRTC
Bangalore

Mrs. R. Shalini
University of Mysore
Mysore

Shri V.K. Rangra
DESIDOC
Delhi

Shri M.R. Rishwadkar
University of Poona
Pune

Prof. G.S. Rao
Editor
IGNOU

Shri B.P. Shenoy
Special Officer
IGNOU

Programme (Curriculum) Revision Committee (1995)

Prof. M.A. Gopinath
Director
DRTC, Bangalore

Prof. S.R. Gunjal (Retd.)
Dept. of Lib. & Inf. Sc.
Gulbarga University
Gulbarga

Prof. S.G. Mahajan (Retd.)
Dept. of Lib. & Inf. Sc.
University of Poona, Pune

Dr. S.S. Murthy
Director
DESIDOC, Delhi

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Prof. A.P. Srivastava
Librarian (Retd.)
University of Delhi
Delhi

Internal Faculty

Prof. R. Satyanarayana
Dr. Uma Kanjilal
Ms. Neena Talwar Kanungo
Dr. Shailendra Kumar
(Presently in Delhi University)
Dr. Pravakar Rath

Programme Coordinators

Prof. R. Satyanarayana and Prof. S.B. Ghosh

Course Coordinator

Dr. Neena Talwar Kanungo

Course Revision Team

Prof. S.B. Ghosh
Prof. R. Satyanarayana
Dr. Uma Kanjilal
Dr. Neena Talwar Kanungo
Dr. Pravakar Rath

Course Editor

Prof. S. Seetharama

Block Preparation Team

Unit	Contributor	Language Editors
6	Prof. S. Seetharama	Dr. Sunaina Kumar
7	Prof. S. Seetharama (Revised by)	Prof. A.K. Verma
8	Prof. S. Seetharama (Revised by)	
9	Prof. S. Seetharama	

Material Production

Mr. B. Natarajan *DR(P)*
Mr. Jitender Sethi *AR(P)*
Mr. Ajit Kumar *SO(P)*

Secterial Assistance

Mr. S. Swaminathan
Mr. Rajiv Kumar

January 2009 (Reprint)

© Indira Gandhi National Open University, 2003

ISBN-81-7608-629-4

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from the Indira Gandhi National Open University.

Further information behalf of the Indira Gandhi National Open University courses may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110068.

Printed and published on behalf of the Indira Gandhi National Open University, New Delhi-110068 by Registrar, MPDD.

Laserty peset by Metronics Printographics, 1092/1, Mehrauli, New Delhi-110 030. Ph. : 26641130

આ પુસ્તકમાંથી અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

અનુવાદક :

શ્રી છગન ભૈયા
પૂર્વ ગ્રંથપાલ,
શેઠ શ્રી માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય,
એલિસબ્રિજ, અમદાવાદ.

પરામર્શન (વિષય) :

શ્રી રમણલાલ એલ. પટેલ
પૂર્વ ગ્રંથપાલ,
ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
નવરંગપુરા, અમદાવાદ--380009

પરામર્શન (ભાષા) :

પ્રા. ભરત ઠાકોર
વ્યાખ્યાતા (ગુજરાતી),
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સંયોજન સહાય :

શ્રી એસ. સી. શાહ ઈ/ચા. કુલસચિવ, નિયામક	ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રીમતી ચેતના એન. શાહ ગ્રંથપાલ,	ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રી નવલસિંહ કે. વાઘેલા પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ,	ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, આશ્રમ રોડ, અમદાવાદ.

મુદ્રક : કલ્પતરૂ ઓફસેટ, મો. : ૯૮૨૫૦ ૪૨૬૫૧

: પ્રકાશક :

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-61
ટોલ ફ્રી ટે. નં. 18002331020 .

© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

વિભાગ-3 ગ્રંથાલય વર્ગીકરણના અભિગમ

પ્રસ્તાવના

આ પાઠ્યક્રમના વિભાગ-1 અને 2માં તમને "ગ્રંથાલયના વર્ગીકરણના તત્ત્વો" (Elements of Librart Classification) તથા "ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત અને વિકાસ" (Theory and Development of Library Classification)ની જાણકારી આપવામાં આવી. આ વિભાગ-3માં પ્રસ્તુત વિષય "ગ્રંથાલય વર્ગીકરણના અભિગમ" (Approaches to Library Classification) ના અધ્યયન માટે આ બંને વિષયોનો પૂર્વ પરિચય હોવો આવશ્યક છે.

એકમ-6માં અભિધારણાત્મક અને પ્રણાલીગત અભિગમો (Postulational and System Approaches) ની ચર્ચા કરવામાં આવી છે, જે રંગનાથન દ્વારા પ્રતિપાદિત વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતની અંતર્ગત આદર્શમૂલક સિદ્ધાંતો (Normative Principles) તથા બરતાલાન્ફી (Bertalanffy)ના "સામાન્ય પ્રણાલીગત સિદ્ધાંત" (General System Theory) પર ક્રમશઃ આધારિત છે. આ માત્ર અભિધારણાત્મક અભિગમની ઉપયોગિતા તથા તેના અનુપ્રયોગને જ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન જ નથી કરવામાં આવ્યો પરંતુ એ પણ સમજાવવામાં આવેલ છે કે કેવી રીતે આ વિધિ જ્ઞાનવિશ્વના બૌદ્ધિક વ્યવસ્થાપન માટે એક સુવ્યવસ્થિત પદ્ધતિ પ્રસ્તુત કરે છે તથા પ્રાયોગિક વર્ગીકરણમાં અનુપ્રયોગ માટે ઉપયોગી દિશા નિર્દેશોની આવશ્યકતાને પણ પૂરી કરે છે. તે સિવાય અહીં મૂળભૂત શ્રેણીઓના વિશેષ સંદર્ભમાં "પ્રણાલીગત અભિગમ" નો તથા ગ્રંથાલય વર્ગીકરણમાં તેના પ્રાયોગિક નિહિતાર્થોનું વિવેચન કરવામાં આવ્યું છે. ત્યારબાદ એકમ-7માં તમને "મૂળભૂત શ્રેણીઓ"ની વિભાવના અને મુખ્ય પૃથક્કરણ તથા મુખ્ય ક્રમ સંબંધિત ટેકનિકની જાણકારી આપવામાં આવી છે તથા સી.સી., ડ્યૂઇ ડેસિમલ ક્લાસિફિકેશન તેમજ યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનમાં તેનાં અનુપ્રયોગ ઉદાહરણ સાથે સમજાવવામાં આવેલ છે.

એકમ-8માં પાર્શ્વ સંબંધ અને સામાન્ય પૃથકોની વિભાવના તથા વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં તેના નિરૂપણ પર વિચાર કરવામાં આવ્યો છે. એકમ-9માં ગ્રંથાલય વર્ગીકરણમાં વિભિન્ન યુક્તિઓની આવશ્યકતા અને ઉદ્દેશોને સ્પષ્ટ કરવામાં આવેલ છે તથા પંક્તિઓ અને શૃંખલાઓમાં ગ્રાહ્યતા પ્રદાન કરનારી યુક્તિઓ પર વિચાર કરવામાં આવ્યો છે સી.સી., ડી.ડી.સી. અને યૂ.ડી.સી.માં યુક્તિઓના પ્રયોગ સંબંધી ઉદાહરણો પણ આપવામાં આવ્યા છે.

એકમ-6 અભિધારણાત્મક અને પ્રણાલીગત અભિગમ

રૂપરેખા

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 વિષય પ્રતિનિધિત્વ

6.3 અભિધારણાત્મક અભિગમ

6.3.1 લાભ

6.3.2 અભિધારણાત્મક અભિગમનો અનુપ્રયોગ

6.3.3 પ્રાયોગિક વર્ગીકરણમાં (અભિધારણાત્મક અભિગમનું) પ્રદર્શન

6.4 પ્રણાલીગત અભિગમ

6.3.1 મૂળભૂત શ્રેણીઓના સંદર્ભમાં પ્રણાલીગત અભિગમ

6.3.2 પ્રણાલીગત અભિગમના પ્રાયોગિક નિહિતાર્થો

6.5 સારાંશ

6.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

6.7 ચાવીરૂપ શબ્દો

6.8 સંદર્ભો અને વિશેષ વાંચન

6.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમમાં તમને ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણાત્મક અને પ્રણાલીગત અભિગમોની જાણકારી આપવામાં આવી છે. આ પદ્ધતિઓ વિષય પૃથક્કરણ પર આધારિત છે, તથા ગ્રંથાલયમાં પુસ્તક સંગ્રહને સુવ્યવસ્થિત કરવાને માટે સુનિયોજિત માર્ગોનું નિરુપણ કરે છે. આ એકમનું અધ્યયન કર્યા પછી તમે

- અભિધારણાત્મક અભિગમનો અર્થ, જરૂરિયાત તથા લાભને સ્પષ્ટ રીતે સમજી શકશો.
- ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણાત્મક અનુપ્રયોગની પૂરી જાણકારી પ્રાપ્ત કરી શકશો તથા
- ગ્રંથાલય વર્ગીકરણ માટે તેના પ્રાયોગિક નિહિતાર્થો તથા પ્રણાલીગત અભિગમની વિભાવનાથી સુપરિચિત થઈ શકશો.

6.1 પ્રસ્તાવના (INTRODUCTION)

આ પાઠ્યક્રમના ખંડ-2માં વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતની જાણકારી આપવામાં આવી છે, તથા તેની સાથે એ પણ બતાવવામાં આવ્યું છે કે વિભિન્ન ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓ જેવી કે ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન, યૂનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન અને કોલન ક્લાસિફિકેશન વગેરેમાં વિષય વિશ્વનું આલેખન કેવી રીતે કરવામાં આવ્યું છે. પ્રસ્તુત એકમમાં તમને ગ્રંથાલય વર્ગીકરણ ક્ષેત્રમાં અભિધારણાત્મક અને પ્રણાલીગત અભિગમોની જાણકારી આપવામાં આવી છે. અભિધારણાત્મક અભિગમ જે તેના નામથી જ જ્ઞાત થાય છે જે વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંત (General Theory of Library Classification) પર આધારિત છે, જેનું નિરૂપણ રંગનાથન દ્વારા પ્રતિપાદિત આદર્શમૂલક સિદ્ધાંત (Normative Principles)ને આધાર બનાવીને કરવામાં આવેલ છે, જ્યારે પ્રણાલીગત અભિગમ બરતાલાન્ફી (Bertalanffy)ના સામાન્ય પ્રણાલીગત સિદ્ધાંત (General System Theory) પર આધારિત છે.

પ્રસ્તુત એકમમાં અભિધારણાત્મક અભિગમની આવશ્યકતા અને તેના અર્થને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તથા ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણાત્મક અભિગમનો અનુપ્રયોગ (Application) તથા તેની ઉપયોગિતાનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં વિશેષ રીતે સમજાવવામાં આવેલ છે કે કેવી રીતે અભિધારણાત્મક અભિગમ જ્ઞાનવિશ્વના બૌદ્ધિક વ્યવસ્થાપન માટે એક સુવ્યવસ્થિત પદ્ધતિ પ્રસ્તુત કરે છે, તથા પ્રાયોગિક વર્ગીકરણમાં અનુપ્રયોગ માટે ઉપયોગી દિશાનિર્દેશનની આવશ્યકતાને પણ પૂરી કરે છે.

અભિધારણાત્મક અભિગમનું સ્પષ્ટ વિવરણ આપ્યા બાદ આ એકમમાં મૂળભૂત શ્રેણીઓ અને ગ્રંથાલય વર્ગીકરણ માટે તેના પ્રાયોગિક નિહિતાર્થોના સંદર્ભમાં પ્રણાલીગત અભિગમનું વિવેચન કરવામાં આવ્યું છે.

6.2 વિષય પ્રતિનિધિત્વ (SUBJECT REPRESENTATION)

માહિતી પ્રણાલીઓમાં વિષયના પ્રતિનિધિત્વને માહિતી પુનઃપ્રાપ્તિનો મુખ્ય આધાર માનવામાં આવેલ છે. કોઈ પણ પ્રલેખની વિષય-વસ્તુ અથવા તેમાં સમાવિષ્ટ વિચારોનું પ્રતિનિધિત્વ વિવિધરૂપોમાં કરી શકાય છે, જેમ કે વિષય શીર્ષક, વિષય નિર્દેશી પદ, વર્ગ સંખ્યા, ડેટા સંરચના તથા અન્ય પ્રકારના સંક્ષિપ્ત પ્રતિરૂપો (Surrogates)ના રૂપમાં. મુખ્ય સ્વરૂપે આ કાર્ય માહિતી પ્રણાલીમાં ઇચ્છિત માહિતી સુધી પહોંચવા માટે કરવામાં આવે છે.

વિષય પ્રતિનિધિત્વની આ પ્રક્રિયામાં પ્રત્યેક પ્રલેખના વિષય-વસ્તુનું પૃથક્કરણ તેના સંઘટક તત્ત્વોમાં કરવામાં આવે છે, તથા આ સંઘટક તત્ત્વોને એક ઇચ્છિત ક્રમ કે અનુક્રમમાં વ્યવસ્થિત કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં વિષય-વસ્તુના સ્વરૂપોને તેના સમતુલ્ય પંક્તિબદ્ધ રૂપરેખામાં બદલી નાંખવામાં આવે છે. અર્થાત્, આ પ્રક્રિયા દ્વારા પ્રલેખમાં સમાવિષ્ટ ગતિશીલ, નિરંતર વર્ધનશીલ, બહુઆયામી તથા બહુમુખકીય જ્ઞાનને પ્રતિનિધિત્વ અથવા નિરૂપણ એક પંક્તિબદ્ધ અનુક્રમમાં કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં સ્પષ્ટ સ્વરૂપે, કોઈ એક

વિષય ક્ષેત્ર સંબંધિત પ્રત્યેક વિષયના સંઘટક તત્ત્વોને વ્યવસ્થિત કરવામાં આવે છે, તથા વિભિન્ન વિષય ક્ષેત્રોથી સંબંધિત બધા વિષયોને પોતાનામાં એવા અનુક્રમમાં વ્યવસ્થિત કરવામાં આવે છે. જે મોટાભાગના ઉપયોગકર્તાઓ માટે સહાયક બની રહે. આ પ્રક્રિયામાં બહુઆયામી વિષયોનું નિરૂપણ એક પંક્તિમાં પરિવર્તિત કે આલેખિત કરતી વખતે એ પણ સુનિશ્ચિત કરવામાં આવે છે કે બધા વિષયોના પ્રત્યેક પારિસ્પારિક નિકટતમ સંબંધ અપરિવર્તનીય સ્વરૂપે વિદ્યમાન રહે. અંતે એમ કહી શકાય કે વિષય નિરૂપણની પ્રક્રિયામાં મુખ્યત્વે પ્રલેખમાં સમાવિષ્ટ વિષય-વસ્તુના સંઘટક તત્ત્વોનું પૃથક્કરણ કરવામાં આવે છે, તેની ઓળખ કરવામાં આવે છે તેમજ તેના પારિસ્પારિક સંબંધોનું નિરૂપણ કરવામાં આવે છે.

વિષયોની સંરચનાની પ્રક્રિયામાં રંગનાથને અભિધારણાત્મક અભિગમ વિધિ પર આધારિત દૃષ્ટિકોણને અપનાવેલ છે, જ્યારે પ્રણાલીગત અભિગમ પર આધારિત એક અન્ય દૃષ્ટિકોણ પણ આ કાર્યમાં અપનાવી શકાય છે. અનુવર્તી વિભાગોમાં આ બંને અભિગમોનું વિસ્તૃત વિવેચન કરવામાં આવેલ છે.

તમારી પ્રગતિ ચકાસો

1) વિષય નિરૂપણ કે વિષયના પ્રતિનિધિત્વથી તમે શું સમજો છો ?

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારા ઉત્તર સરખાવો.

6.3 અભિધારણાત્મક અભિગમ (POSTULATIONAL APPROACH)

ગ્રંથાલયમાં ફલક ઉપર પુસ્તકોની ગોઠવણી કરવા માટેની સુવિધાજનક રીત એ છે કે તેને પંક્તિબદ્ધ ક્રમમાં વ્યવસ્થિત કરવામાં આવે. પુસ્તકો વિષયોનું પ્રતિનિધિત્વ કરે છે, જેથી તેનું પરિણામ એ મળે છે કે ભૌતિક પ્રતિબંધોના દબાણને કારણે પુસ્તકોને પંક્તિબદ્ધ વ્યવસ્થિત કરવામાં આવે છે, તથા પુસ્તકોને પંક્તિબદ્ધ ક્રમમાં રાખવાનો ફળ સ્વરૂપ વિષયોને પણ

પંક્તિબદ્ધ ક્રમમાં રાખવા પડે છે. વળી વિષય એક ગતિશીલ, નિરંતર વર્ધનશીલ, બહુઆયામી જ્ઞાનવિશ્વથી સંબંધ રાખે છે, પરિણામે આ કાર્યમાં અનેક મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે. વસ્તુતઃ તેનો અર્થ એ ફલિત થાય છે કે ગ્રંથાલયમાં પુસ્તકોને વ્યવસ્થિત કરવા માટે વિષયોના વર્ગીકરણના કાર્યમાં બહુઆયામી જ્ઞાન વિશ્વમાં કેટલાક વિષય બિંદુઓની વ્યવસ્થાને માળખાબદ્ધ કરીને, આ વિષય બિંદુઓની વ્યવસ્થાને એક પંક્તિમાં આલેખિત અથવા પરિવર્તિત કરવામાં આવે છે. અર્થાત્, આ પ્રક્રિયામાં બહુઆયામી જ્ઞાનવિશ્વના ક્ષેત્રના એક આયામી સ્થાનમાં, ઉદાહરણાર્થ, એક પંક્તિમાં ચિત્રણ/આલેખન કરી દેવું પડે છે.

આ પ્રકારે, ગ્રંથાલય વર્ગીકરણમાં એ સમસ્યા ઉત્પન્ન થાય છે કે વિષયોના વર્ગીકરણમાં કયા કયા અપરિવર્તી બિંદુઓની પસંદગી કરવામાં આવે. તે પછી એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે કયા કયા વિષયો એવા છે જેની પરસ્પર નિકટતમ સમીપતાના સંબંધ આ આલેખનમાં અપરિવર્તીત રાખી શકાય, કારણ કે વિભિન્ન વિષયોમાં, એક અનિશ્ચિત સંખ્યામાં, પરસ્પર નિકટતમ પાડોશના સંબંધ વિદ્યમાન હોઈ શકે છે. આ પ્રમાણે વિષયોના આલેખનું કાર્ય અત્યંત મુશ્કેલ હોય છે.

જુદી જુદી વર્ગીકરણ પદ્ધતિઓમાં આ સમસ્યાના ભિન્ન-ભિન્ન સમાધાન ઉપલબ્ધ છે. રંગનાથને કેટલીક દિશા નિર્દેશોના માધ્યમથી આ સમસ્યાને હલ કરી છે. આ દિશા નિર્દેશ ગ્રંથાલય વર્ગીકરણમાં "અભિધારણાત્મક અભિગમ"થી ઓળખવામાં આવે છે. આ વિધિ અનુસાર, કોઈ એક નિશ્ચિત ક્ષેત્ર માટે એક સંક્રિયાત્મક વિધિ પ્રસ્તુત કરવા માટે કેટલીક અભિધારણાઓ નિર્ધારિત કરવામાં આવે છે. જો કે આ પ્રકારની અભિધારણાત્મક અભિગમને ગાણિતીક અધ્યયન તથા દર્શનશાસ્ત્ર જેવા અન્ય વિષયોમાં અપનાવવામાં આવેલ, પરંતુ રંગનાથને ગ્રંથાલય અને વાઙ્મયસૂચિય વર્ગીકરણના ક્ષેત્રમાં પણ અભિધારણાત્મક અભિગમનો ઘણો જ સાર્થક ઉપયોગ કર્યો છે. રંગનાથન અનુસાર, "અભિધારણા એ ઉક્તિ છે જેના માટે 'ખરું' કે 'ખોટું' વિશેષણોમાંથી કોઈપણનો પ્રયોગ નથી કરી શકતો, પરંતુ આપણે માત્ર એ જ કહી શકીએ કે જે અભિધારણાઓ આપણે નિર્ધારિત કરીએ છીએ તે 'સહાયક' અથવા 'અસહાયક' છે. આ પ્રમાણે અભિધારણાઓ એવી પૂર્વધારણાઓ છે જે પ્રલેખોના વર્ગીકરણની પ્રક્રિયાને પૂરી કરવામાં સહાયક હોય છે.

ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધાણાત્મક અભિગમનો અનુપ્રયોગ આ વિષયના અધ્યયન અને પ્રયોગમાં વિષય નિષ્ઠતાનો સમાવેશ કરે છે. આ ગ્રંથાલય વર્ગીકરણના અધ્યયન અને પ્રયોગને વૈજ્ઞાનિક આધાર પ્રદાન કરે છે. અભિધારણાત્મક અભિગમના અનુપ્રયોગના પરિણામ સ્વરૂપે વર્ગીકરણનો વિષય સરળ અને રોચક બની ગયો છે. વસ્તુતઃ રંગનાથનના કથન અનુસાર અભિધારણાઓ પર આધારિત પ્રાયોગિક વર્ગીકરણ "અશ્રુવિહીન વર્ગીકરણ" છે. તે અતિરિક્ત વર્ગીકરણકારો જે વર્ગીકરણ પદ્ધતિઓની રૂપરેખા તૈયાર કરે છે તેમજ તેનો વિકાસ કરે છે, ગુમ સંકટોથી બચવા માટે, પોતાનું કાર્ય આ પ્રકારના કોઈ અભિગમ આધારિત કરવું જોઈએ. આ પ્રકારનો અભિગમ અપનાવીને વર્ગીકરણકાર વર્ગીકરણના કાર્યમાં બેજવાબદાર પૂર્ણદૃષ્ટિકોણ (Hit-or-miss approach) અપનાવવાથી બચી શકે છે. વાસ્તવમાં આ અભિગમની અભિધારણાઓ વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓની ક્ષમતા તથા પ્રભાવશીલતાની તુલનાના કાર્યમાં સહાયક અને ઉપયોગી સિદ્ધ થાય છે.

તમારી પ્રગતિ ચકાસો

2) ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણાત્મક અભિગમથી તમે શું સમજો છો ?

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર સરખાવો.

_____

_____

_____

_____

_____

_____

6.3.1 લાભ (Advantages)

વિશેષ સ્વરૂપે એમ કહી શકાય કે વિષયવસ્તુ પૃથક્કરણની પ્રક્રિયામાં અભિધારણાઓનો અનુપ્રયોગ, અંતિમ સ્વરૂપે નિર્ધારિત વિચારોને સહાયક અનુક્રમમાં વ્યવસ્થિત કરવા માટે અત્યાધિક ઉપયોગી છે. અભિધારણાત્મક અભિગમને અપનાવવામાં કેટલાક લાભો નીચે મુજબ છે.

- અભિધારણાઓના અનુપ્રયોગ દ્વારા વિચારોને સુસંગત અનુક્રમમાં પ્રદાન કરી શકાય છે કે જે સ્વીકાર કરવા યોગ્ય છે.
- અભિધારણાઓ પ્રલેખોમાં સમાવિષ્ટ વિષય-વસ્તુના પૃથક્કરણ માટેનું બીબું (Matrix) પ્રદાન કરે છે, તથા કેટલીક માત્રામાં પ્રક્રિયાને યંત્રવત બનાવવામાં સહાયતા પ્રદાન કરે છે.
- આ બીબું (Matrix) ને (પંક્તિઓ અને સ્તંભોમાં વિચારોને વ્યવસ્થિત કરવા) અપનાવવાના ફળસ્વરૂપ જે ઢાંચો પ્રાપ્ત થાય છે, જેના દ્વારા વિષયની વર્તમાન સંરચનાને અસ્તવ્યસ્ત કર્યા વગર નવા વિચારોને યોગ્ય સ્થાન પ્રદાન કરવાની પ્રક્રિયાને સ્થિતિસ્થાપક બનાવી શકાય છે. અર્થાત્, તેના દ્વારા વિચારો/ વિભાવનાઓના યોગ્ય અંતર્નિર્વેશન અને બહિર્નિર્વેશન સરળ બતાવી શકાય છે. તથા
- પ્રાયોગિક વર્ગીકરણ સુવ્યવસ્થિત બની જાય છે, વર્ગીકરણનું કાર્ય અનેક વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે તો પણ તેમાં અધિકાધિક માત્રામાં સુસંગતતા સુનિશ્ચિત કરી શકાય છે.

તમારી પ્રગતિ ચકાસો

3) ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણાત્મક અભિગમના અનુપ્રયોગના ચાર લાભ જણાવો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારા ઉત્તર સરખાવો.

_____

_____

_____

_____

_____


_____

6.3.2 અભિધારણાત્મક અભિગમનો અનુપ્રયોગ (Application of Postulational Approach)

અભિધારણાત્મક અભિગમના અનુપ્રયોગની એક અન્ય મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે તે વર્ગીકરણ પ્રક્રિયાના માર્ગમાં આવનારી સંભવિત ભ્રાંતિઓનું નિવારણ કરવામાં સહાયતા પ્રદાન કરે છે. આ વિધિનું અનુસરણ કરવાથી આપણે કોઈપણ પૂર્વ-કલ્પિત જ્ઞાન કે અન્ય વિચારો તથા તથ્યપરક અનુભવોના બંધનથી મુક્ત રહીએ છીએ. કેટલીક અભિધારણાઓ માની લેવામાં આવે છે તથા તેના બધા જ નિહિતાર્થો સુનિશ્ચિત કરી લેવામાં આવે છે. અભિધારણાઓને બદલી બદલીને આપણે વિભિન્ન મોડેલ પ્રાપ્ત કરી શકીએ છીએ અર્થાત્ મોડેલ નિર્ધારિત કરવાની આ પ્રક્રિયામાં આપણે એ ધ્યાન આપવાની આવશ્યકતા નથી હોતી કે અનુભવો અથવા તથ્યોના સમૂહમાં પહેલેથી જ કોઈ અન્ય મોડેલ અસ્તિત્ત્વમાં છે કે નહીં. ત્યારબાદ કોઈ એક વિશિષ્ટ મોડેલ જેની અભિધારણાઓ જ્ઞાનના એ વિશિષ્ટ ક્ષેત્ર માટે ઉપયોગી હોય તેને પસંદ કરી શકીએ છીએ. જો કે રંગનાથન અંતમાં એમ કહે છે કે "જો અભિધારણાત્મક વિધિને અપનાવવામાં આવે તો વર્ગીકરણને પણ આ નિપુણતાનો લાભ મળશે." તદ્અનુસાર, તેમને વર્ગીકરણમાં પૃથક્કરણીય સંયોજિત અભિગમ અપનાવીને અનેક અભિધારણાઓને સૂચિબદ્ધ કરી છે, જેમાંથી કેટલીક આ ભાગના એકમ-7માં વિસ્તાર પૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે.

જ્ઞાનવિશ્વનું આલેખન કરતી વખતે અથવા તેનો ચાર્ટ બનાવતી વખતે વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓએ વિભિન્ન વિધિઓ તથા અભિગમોનું અનુસરણ કર્યું છે. રંગનાથને, વિષય વિશ્વનું ચાર્ટ બનાવવાનું કાર્ય કેટલીક અભિધારણાઓને આધાર બનાવીને ધીમે ધીમે વિધિપૂર્વક અને

વૈજ્ઞાનિક રીતે કર્યું છે. નીચે જણાવેલ ચાર્ટમાં વિષય વિશ્વના વિભાજનની પ્રક્રિયા આપવામાં આવી છે.



બીજા ચરણ સુધી વિષય વિશ્વના આલેખની પ્રક્રિયા બધી જ વર્ગીકરણ પદ્ધતિઓમાં સમાન છે. ત્રીજા ચરણમાં વિભાજનની પ્રક્રિયા પ્રત્યેક પદ્ધતિમાં અલગ અલગ છે. વિભાજનની પ્રક્રિયાના ત્રીજા ચરણમાં જ રંગનાથન દ્વારા પ્રતિપાદિત અભિધારણાત્મક અભિગમનો પૂર્ણસ્વરૂપે પ્રયોગ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, કોઈ પણ સંયુક્ત (Compound) વિષયના વિભિન્ન સંઘટક મુખકોનું નિર્ધારણ કરવા માટે તેમણે પાંચ અભિધારણાઓ (Postulates)નો ઉલ્લેખ કર્યો છે. - પ્રથમ મુખકની અભિધારણા, મૂર્તતાની અભિધારણા, એક જ વર્તુળમાં મુખક ક્રમ અભિધારણા, અંતિમ વર્તુળમાં મુખક ક્રમની અભિધારણા, સ્તર અને સ્તર સંચલનની અભિધારણા વગેરે (જુઓ એકમ-7 ભાગ 7.4) તેની પશ્ચાત્ વિભિન્ન ઉપસૂત્રો, સિદ્ધાંતોનો ઉલ્લેખ કર્યો છે, જેનો ઉપયોગ ચોથા ચરણમાં પૃથકોને સહાયક ક્રમમાં વ્યવસ્થિત કરવા માટે કરી શકાય છે. આને આધારે વર્ગીકરણના ક્ષેત્રમાં પૃથક્કરણીય સંયોજન અભિગમનું સ્પષ્ટીકરણ થયું છે. આ પ્રકારે અભિધારણા અભિગમને ગ્રંથાલય વર્ગીકરણના સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક પક્ષનું અનુસરણ કરવાથી વિચારોની સ્પષ્ટતા અને ક્રિયાની દૃષ્ટિથી સ્પષ્ટ બનાવી વર્ગીકરણના સિદ્ધાંતોમાં એક નવું પરિમાણ જોડવામાં આવ્યું છે.

રંગનાથન દ્વારા પ્રતિપાદિત અભિધારણાઓનું બોધગમ્ય અને સુવિસ્તૃત નિરૂપણ તેમની મહાન કૃતિ Prolegomena to Library Classification (આ-3, 1967)માં કરવામાં આવ્યું છે. વિશ્વભરમાં ગ્રંથાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતના ક્ષેત્રમાં તેમની આ કૃતિ એક બીજમૂલક (Seminal) યોગદાન છે.

6.3.3 પ્રાયોગિક વર્ગીકરણમાં (અભિધારણાત્મક અભિગમનું પ્રદર્શન) (Demonstration in Practical Classification)

અભિધારણાઓ અને સિદ્ધાંતોના માર્ગદર્શનમાં વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતનું અનુસરણ કરી વર્ગીકરણકાર પ્રાયોગિક વર્ગીકરણના કાર્યને કોઈપણ મુશ્કેલી વિના સરળતાથી સંપન્ન કરી શકે છે. પ્રાયોગિક વર્ગીકરણ કરતી વખતે, મુખ્ય રૂપે પ્રલેખમાં સમાવિષ્ટ વિષયની ઓળખ કરવામાં આવે છે, ત્યારબાદ તેનો અનુવાદ વર્ગાંકમાં કરવામાં આવે છે. બીજા શબ્દોમાં અનુવાદ કરવાની આ પ્રક્રિયામાં પ્રાકૃતિક ભાષાને વર્ગસાધકની ભાષા, અર્થાત્, ક્રમવાચક અંકોની ભાષામાં પરિવર્તિત કરવામાં આવે છે. રંગનાથનના મત અનુસાર અનુવાદની આ પ્રક્રિયાને આઠ ક્રમિક સોપાનો (Steps) માં અનુકૂળ રીતે મૂકી શકાય છે, તથા અંતિમ સોપાનમાં પરિણામને વિપરીત ક્રમમાં અનુવાદ કરીને તેની ચકાસણી કરી શકાય છે. આ સોપાનોનું વિવરણ નીચે મુજબ છે.

સોપાન-0 મૂળ આખ્યા (Raw Title)

પ્રલેખના ગ્રંથનામ પૃષ્ઠ પરથી પ્રાપ્ત, અધિક અથવા ન્યનાધિક અર્થપૂર્ણ આખ્યા અથવા પ્રલેખના ગ્રંથનામપૃષ્ઠ ઉપર અવાસ્તવિક આખ્યાનો ઉલ્લેખ હોય ત્યારે વર્ગીકરણકાર દ્વારા આપવામાં આવેલ આખ્યા.

સોપાન-1 અર્થપૂર્ણ આખ્યા (Expressive Title)

પ્રલેખમાં સમાવિષ્ટ બધાં જ મુખકો / દષ્ટિકોણોને અભિવ્યક્ત કરવામાં આવે છે કે જેને પૂર્ણ આખ્યા પણ કહેવામાં આવે છે.

સોપાન-2 મૂળ પદ આખ્યા (Kernel Title)

અર્થપૂર્ણ આખ્યામાંથી બધા જ બિનજરૂરી શબ્દો દૂર કરીને તથા પ્રત્યેક મૂળ પદને તેના કર્તા કારક એકવચન રૂપમાં બદલીને પ્રાપ્ત કરવામાં આવેલ આખ્યા.

સોપાન-3 પૃથક્કરણીય આખ્યા (Analysed Title)

મૂળ પદોમાં વ્યક્ત એ આખ્યા જ્યાં પ્રત્યેક મૂળ પદની સાથે એ પ્રતીક ચિહ્ન જોડી દેવામાં આવે છે. જે મૂળ પદને અભિવ્યક્ત કરનારી મૂળભૂત શ્રેણીને સૂચિત કરે છે.

સોપાન-4 પરિવર્તિત આખ્યા (Transformed Title)

પૃથક્કરણીય આખ્યાના મૂળ પદોને તેના ક્રમમાં નિર્ધારિત કરનાર અભિધારણાઓ અને સિદ્ધાંતોના આધારે પુનઃવ્યવસ્થિત કરીને મેળવેલ આખ્યા.

સોપાન-5 માનક પદોમાં આખ્યા (Title in Standard Terms)

પરિવર્તિત આખ્યાના પ્રત્યેક મૂળ પદના સ્થાને વર્ગીકરણ પદ્ધતિમાં ઉલ્લેખિત માનક પદ અથવા સમાનાર્થી માનક પદ મૂકીને મેળવેલ આખ્યા.

સોપાન-6 સકેન્દ્રિય અંકો યુક્ત આખ્યા (Title in Focal Numbers)

માનક પદોની આખ્યાના પ્રત્યેક માનક મૂળ પદના સ્થાને અધિમાન્ય વર્ગીકરણ પદ્ધતિના કોઠાઓમાં ઉલ્લેખિત મૂળ વર્ગાંક અથવા પૃથક અંકને, જે પણ યોગ્ય હોય તે મૂકીને મેળવેલ આખ્યા.

સોપાન-7 વર્ગાંક (Class Number)

સકેન્દ્રિય અંક યુક્ત આખ્યાની પ્રત્યેક સકેન્દ્રિય અંકની સામે તત્સંબંધી મૂળભૂત શ્રેણીને વ્યક્ત કરનારા પ્રતીક ચિહ્નને ખસેડીને પ્રત્યેક સકેન્દ્રિય અંકની પૂર્વ અધિમાન્ય વર્ગીકરણ પદ્ધતિના નિયમોમાં નિર્ધારિત સંયોજક ચિહ્ન લગાડવામાં આવે છે જે અનુવર્તી એકલ માનક પદ સૂચિત કરે છે અને આ પ્રકારે સંશ્લેષિત ક્રમવાચક વર્ગાંક પ્રાપ્ત થઈ જાય છે.

સોપાન-8 સત્યાપન (Verification)

વર્ગાંકના પ્રત્યેક અંકનું પ્રાકૃતિક ભાષામાં અનુવાદ કરીને વિષયનું નામ નિર્ધારિત કરવું તથા આ પ્રકારે ઉપલબ્ધ વિષયની સમાનાર્થકતાની અર્થપૂર્ણ આખ્યા સાથે ચકાસણી કરવી.

(નોંધ : જો ઉપર્યુક્ત તપાસ બાદ એવું લાગે કે વર્ગાંકની વ્યાખ્યા કર્યા પછી, ઉપલબ્ધ વિષયનું નામ સંબંધિત પ્રલેખની મૂળ આખ્યા / અર્થપૂર્ણ આખ્યા સાથે સમાનાર્થક નથી તો એ જાણી લેવું જોઈએ કે કોઈને કોઈ સોપાનમાં ભૂલ થઈ છે. આ ભૂલ શોધીને તેનું સંશોધન કરી દેવું જોઈએ તથા તેનું પુનઃ સત્યાપન પણ કરી લેવું જોઈએ.)

સમાસિત વિષયના વર્ગીકરણનું ઉદાહરણ :

અહીં માત્ર કેટલાક સોપાનોનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. સ્પષ્ટ સોપાનોને, વિશેષરૂપે ચકાસણીથી સંબંધિત સોપાનોને છોડી દેવામાં આવેલ છે.

0) મૂળ આખ્યા : Dry Period Farming of Wheat

1) અર્થપૂર્ણ આખ્યા : Dry Period Farming of Wheat

2) મૂળ પદ આખ્યા : Dry Period Farming Wheat

3) પૃથક્કરણીય આખ્યા : Dry Period [T], Farming [BC] Wheat [P]

4) પરિવર્તિત આખ્યા : Farming [BC] Wheat [P] Dry period [T]

Colom Classification

5) માનક પદોમાં આખ્યા : Agriculture (BC) Wheat [P] Dry period [T]

6) સકેન્દ્રિય અંકો યુક્ત આખ્યા J (BC), 382 [P] r [T]

7) વર્ગાંક : J, 382 'r

યુનિવર્સલ રેસિમલ ક્લાસિફિકેશન

8) માનક પદોમાં આખ્યા : CC મુજબ

9) સકેન્દ્રિય અંકોયુક્ત આખ્યા : 63 (BC), 311 [P], 322 [T]

10) વર્ગાંક : 633.11 "322"

તમારી પ્રગતિ ચકાસો

4) પ્રલેખોના પ્રાયોગિક વર્ગીકરણ માટે આવશ્યક ચરણો જણાવો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

6.4 પ્રણાલીગત અભિગમ (SYSTEMS APPROACH)

વિષયોની સંરચના કરવા માટે રંગનાથનનો દૃષ્ટિકોણ તો અભિધારણાત્મક અભિગમ પર આધારિત છે જ્યારે ફોસ્કેટ (Foskett) (1980) અને હેમલતા ઐયર (Hemalata Iyer) (1992) વિષય સંરચનામાં વ્યક્તિગત રૂપે પ્રણાલીગત અભિગમની કસોટીને અપનાવેલ છે. ઐયર (1992) એ પ્રમાણિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે રંગનાથનના નિરપેક્ષ-વાક્ય નિયમ (Absolute Syntax) જે વિષયની સંરચના પ્રદાન કરે છે, વિભાવનાઓના શ્રેણીકરણની પ્રક્રિયા પર આધારિત છે તથા વિભાવનાઓમાં પારસ્પરિક સંબંધ ત્રણ પ્રકારે સ્થાપિત કરી શકાય છે. અર્થાત્ કાર્ય-કારણ, સંભવનાત્મક તથા ત્રીજો અને અત્યંત આધુનિક પ્રણાલીગત (તંત્ર) અભિગમ જે કોઈ તંત્રની પોતાના પરિવેશની સાથે પરસ્પર સંબોધનની ક્રિયાથી સંબંધ રાખે છે. જાણવાની આ વિધિને પૃથક્કરણીય સંયોજનક્ષમ વિધિ કહેવામાં આવે છે. વિધિની પ્રચાલન પ્રક્રિયાને સ્પષ્ટ કરવા માટે આ વિધિમાં કોઈપણ તંત્રના ઢાંચાને તથા તેના કાર્યોને નિયંત્રિત કરનાર સંપૂર્ણ ઉદ્દેશને ધ્યાનમાં રાખવામાં આવે છે. પ્રણાલીગત અભિગમનું સ્વરૂપ પદાનુક્રમિક છે તથા તેમાં વિશિષ્ટથી સામાન્ય તરફ તેમજ તેથી વિપરિત સામાન્યથી વિશિષ્ટ તરફ અગ્રેસર થવું પડે છે. જો કે સંયોજનને વિશ્લેષણ અને કાર્યકારણ સંબંધથી અલગ નથી

કરી શકાતું એટલે કે આ અભિગમમાં અપનાવેલ દૃષ્ટિકોણ પોતાનામાં ભિન્ન છે. ઉદ્દેશ અને તેની પૂર્તિની પ્રાથમિકતાઓને આ વિધિ અનુસાર પરમ આવશ્યક માનવામાં આવે છે. આ પ્રમાણે ઉદ્દેશ્યો અનુસાર કોઈપણ પ્રણાલીનું પ્રતિનિધિત્વ, તેના પરિવેશ સંબંધી દબાણ, તેના પાત્ર, તેના ઉદ્દેશ, પ્રણાલીના કાર્ય તથા એ અંગ જે આ કાર્યોનું સંપાદન કરે છે તે પદાનુક્રમ આકારમાં વ્યવસ્થિત હોય છે.

ફીસ્કેટની વિચારધારામાં પણ, જે બરતાલાન્ફીના સામાન્ય પ્રણાલીગત સિદ્ધાંત પર આધારિત છે, આનાથી મળતી વિચારધારા પરિલક્ષિત જણાય છે. બરતાલાન્ફી, કેનેથ બાઉલ્ડિંગ (Kenneth Boulding) અને ઇરવિન લોંજલો (Ervin Laszlo)ના લેખોમાં એ જોવા મળે છે કે પ્રણાલી સંબંધી અવધારણા એ સત્તાનો પરિચય આપે છે જેના લક્ષણોની ઓળખ તેના અંગોના સ્વરૂપ અને તેમા પારસ્પરિક સંબંધોના સ્વરૂપમાં કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે સાયકલએ ધાતુ, રબર, પ્લાસ્ટિક વગેરેના ઢગલા માત્રથી કંઈક વિશેષ પણ છે, આ ટુકડાઓમાં જે પારસ્પરિક સંબંધ સ્થાપિત કરવામાં આવે છે તે આ ઢગલાને સાયકલની એક વિશિષ્ટ આકૃતિ પ્રદાન કરે છે તથા આ આકૃતિ સાયકલના રૂપમાં પેંડલોની ચક્રીય ગતિને ક્ષિતિજીય ગતિમાં પરિવર્તિત કરી સાયકલ પર સવાર વ્યક્તિને લઈને રસ્તા પર દોડવા લાગે છે તથા આ પ્રકારે આ આકૃતિ સાયકલને વિશિષ્ટ કાર્ય કરવા યોગ્ય બનાવે છે. આ પ્રકારે એક સમિતિ વ્યક્તિઓના સમૂહથી અધિક કંઈક બીજું પણ છે.

આ સિવાય એક 'પ્રણાલી' કોઈ ઉચ્ચતર ક્રમના સંગઠનની કોઈ અન્ય પ્રણાલીના સંઘટક ભાગ પણ હોઈ શકે છે. આ પ્રમાણે એક શબ્દ કોઈ નિશ્ચિત રીતે વ્યવસ્થિત અક્ષરોની વ્યવસ્થા છે તથા એક ફકરો વાક્યની એક પ્રણાલી છે, એક પુસ્તક ફકરાઓની એક પ્રણાલી છે તથા એક પુસ્તકાલય પુસ્તકોની એક પ્રણાલી છે. આ પ્રમાણે આ વાસ્તવિક દુનિયામાં, જ્યાં પ્રલેખન માટે અનંત વિશ્વ ઉપલબ્ધ છે, વિભિન્ન પ્રણાલીઓનું એક તંત્ર વિદ્યમાન છે જેના અંગ અને અંગોના પારિસ્પરિક સંબંધ જટિલતાની વૃદ્ધિના ક્રમમાં વ્યવસ્થિત છે. વર્ગીકરણ પદ્ધતિઓમાં આ વિભાવનાઓને પ્રયોગમાં લાવવામાં આવે તો આપણને એક વ્યવસ્થિત પ્રણાલી ઉપલબ્ધ થશે જે ડાલબર્ગ (Dahlberg) દ્વારા પ્રસ્તુત પદ્ધતિની રૂપરેખાની સાથે અત્યધિક મેળ ખાય છે. પોતાના અનુપ્રયોગના આધાર પર ફોસ્કેટ માને છે કે આ વાતને સિદ્ધ કરવા માટે પર્યાપ્ત સાધનો વિદ્યમાન છે કે જે સામાન્ય પ્રણાલી સિદ્ધાંતની સાથે વિષય પૃથક્કરણ અથવા વર્ગીકરણનો સંબંધ સ્થાપિત કરીને આપણે સંપૂર્ણ જ્ઞાનના ક્ષેત્રને વ્યવસ્થિત કરી શકીએ છીએ.

તમારી પ્રગતિ ચકાસો

1) ગ્રંથાલય વર્ગીકરણમાં પ્રણાલી અભિગમ શું છે ?

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

6.4.1 મૂળભૂત શ્રેણીઓના સંદર્ભમાં પ્રણાલીગત અભિગમ (Systems Approach to Fundamental Categories)

ફોસ્કેટના મત મુજબ સામાન્ય વર્ગીકરણ કરતી વખતે કોઈપણ પ્રણાલીને DRTCની ભાષામાં આધાર કે મૂળ વિષયની સંજ્ઞા આપી શકાય છે કારણ કે પ્રણાલીઓનું પૃથક્કરણ પણ મુખક પૃથક્કરણ દ્વારા કરી શકાય છે. કોઈપણ પ્રણાલીનું સમગ્રરૂપ તેનું 'વ્યક્તિત્વ' કહેવાય છે. તેના સંઘટક ભાગ 'અંગ' કહેવાય છે તથા તેના પારિસ્પરિક સંબંધ 'પદાર્થ' અને 'વેગ' જેને ફોસ્કેટ 'વેગ-A' કહે છે. પ્રત્યેક પ્રણાલીના તેના પરિવેશની સાથે જ સંબંધ હોય છે તેને પ્રક્રિયાઓ અર્થાત્ ફોસ્કેટના મત મુજબ 'વેગ-B' કહે છે. આ પરિવેશની અન્ય પ્રણાલી જે મૂળ પ્રણાલી સાથે પ્રતિક્રિયા દેખાડે છે, તેને એજન્ટ અથવા રંગનાથનની પોતાની ભાષામાં 'વ્યક્તિત્વ મુખકનું દ્વિતીય વર્તુળ' કહેવાય છે. જો કે રંગનાથના પદોનો સ્વીકાર કરવાનું આવશ્યક નથી, પરંતુ તેનો ઉલ્લેખ અત્રે એ વાતનું ઉદાહરણ આપીને સ્પષ્ટ કરવા માટે કર્યો છે કે બ્લિસ અને ડ્યૂઈના સમયથી વર્ગીકરણના ક્ષેત્રમાં મહાન યોગદાન આપનાર વ્યક્તિની પદ્ધતિના માપદંડોને પ્રણાલીગત સિદ્ધાંત કેટલા ઔચિત્યની સાથે પૂરા કરે છે.

આ પ્રમાણે ઐયરના મત અનુસાર કોઈપણ પ્રણાલીને અંગો (Parts) અને ઘટકો (elements)ની ભાષામાં વ્યક્ત કરી શકાય છે. 'વ્યક્તિત્વ'ની પરિભાષા આપતાં તેઓ જણાવે છે કે 'વ્યક્તિત્વ' પોતાના પરિવેશની સાથે નિયમિત અને વિશિષ્ટ અનુક્રિયા બનાવી રાખે છે તથા આ અનુક્રિયાઓમાં વ્યક્તિના ગુણધર્મ પરિલક્ષિત હોય છે. આ ગુણધર્મ સ્થાન અને કાળની પરિસ્થિતિઓથી પ્રભાવિત બાહ્ય-ક્રિયાઓને કારણે બદલી જાય છે, અથવા બદલી નાંખવામાં આવે છે. આ શ્રેણીઓના વિશિષ્ટ અર્થોનું ચિત્રણ આગળ કરી શકાય છે.

6.4.2 પ્રણાલીગત અભિગમના પ્રાયોગિક અનુપ્રયોગ (Practical Implications of Systems Approach)

હવે પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે પ્રલેખોના વર્ગીકરણમાં પ્રણાલીગત અભિગમનો પ્રાયોગિક નિહિતાર્થ શું છે ? કોઈપણ વર્ગીકરણ પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ પ્રલેખોને એવી રીતે સુવ્યવસ્થિત કરવાનું હોય છે કે જે પ્રત્યેક ક્ષેત્રના વિશિષજ્ઞો માટે સાર્થક સિદ્ધ થઈ શકે. આ વ્યવસ્થા અનિવાર્ય રીતે ઉપયોગી સિદ્ધ થઈ શકે તે આવશ્યક નથી. કારણ કે દરેક વખતે એ વિશેષજ્ઞ

પોતાની ઇચ્છિત અધ્યયન સામગ્રીને કોઈ અન્ય દૃષ્ટિકોણથી શોધવાનો પ્રયત્ન કરી શકે છે. એટલે કે જે પણ વ્યવસ્થા અપનાવવામાં આવે તે સાર્થક પ્રતીત હોવી જોઈએ. અર્થાત્ વિશેષજ્ઞને એ વ્યવસ્થાના આધારને ઓળખવાનું સામર્થ્ય હોવું જોઈએ. બીજા શબ્દોમાં વિશેષજ્ઞ પોતાના જ વિષયના દૃષ્ટિકોણની જ્ઞાનના ક્ષેત્રને શોધવાનો પ્રયત્ન કરે છે, જ્યારે ગ્રંથપાલ અને માહિતી વ્યવસાયી વર્ગીકરણને સંપૂર્ણ જ્ઞાન વિશ્વના પરિપ્રેક્ષ્યમાં સમજવાનો પ્રયાસ કરે છે. આ પ્રમાણે પ્રલેખોના વર્ગીકરણ કરવાની પદ્ધતિએ માત્ર વિશિષ્ટ પદ્ધતિઓનો સંગ્રહ માત્ર ન હોવી જોઈએ, પરંતુ એથી કંઈક વિશેષ હોવી જોઈએ : જો તે અસંબંધિત ભાગોનો માત્ર એક ઢગલો જ હશે તો તે પોતાનામાં એક પદ્ધતિ નહીં હોય.

પ્રણાલી સિદ્ધાંત અનુસાર, તંત્રના વિભિન્ન અંગોમાં પારસ્પરિક આંતરિક સંબંધ હોવો અનિવાર્ય છે, જો આ ભાગ (અંગ) કોઈ એવા એકમના સંગઠનનું સ્વરૂપ ધારણ કરવા ઇચ્છે છે જે કોઈ વિશેષ પરિવેશમાં કોઈ એક પૂર્ણ સમિષ્ટના રૂપમાં પોતાનું અસ્તિત્વ બનાવી રાખવામાં સમર્થ હોય. આપણા સંદર્ભમાં, પરિવેશનું નિર્માણ, ગ્રંથાલય, તેના પ્રલેખો અને તેની સેવાઓથી હોય છે. વર્ગીકરણ કરતી વખતે ગ્રંથાલયનો ઉદ્દેશ્ય એ હોય છે કે તે માનવ જગતને સંમિલિત કરીને વાસ્તવિક જગત અને પ્રાકૃતિક જગતમાં વિદ્યમાન વ્યવસ્થા અને તેના સામંજસ્યને પ્રતિબિંબિત અને પ્રદર્શિત કરી શકે.

6.5 સારાંશ (SUMMARY)

આ એકમમાં,

1) અભિધારણાત્મક અભિગમની જાણકારી તમારે માટે પ્રસ્તુત કરવામાં આવી તથા તે સાથે જ ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણાત્મક અભિગમને અપનાવવા માટેની જરૂરીયાત તથા તેની ઉપયોગીતા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે;

2) અભિધારણાત્મક અભિગમના પ્રયોગને સ્પષ્ટ કરવામાં આવ્યો તથા એ પણ બતાવવામાં આવ્યું કે અભિધારણાત્મક અભિગમનો અનુપ્રયોગ વિચારોનો એક એવો સુસંગત અનુક્રમ પ્રદાન કરે છે, જે એક માત્ર સ્વીકાર કરવા યોગ્ય પેટર્નને અનુરૂપ સિદ્ધ થાય છે;

3) પ્રાયોગિક વર્ગીકરણના આઠ સોપાનનું વિવેચન દૃષ્ટાંત યુક્ત ઉદાહરણ આપીને કરવામાં આવ્યું છે; અને

4) મૂળભૂત શ્રેણીઓના સંદર્ભમાં પ્રણાલીગત અભિગમ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે અને ગ્રંથાલય વર્ગીકરણ માટે તેના પ્રાયોગિક નિહિતાર્થોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

6.6 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) વિષય પ્રતિનિધિત્વ એ પ્રક્રિયા છે જેના દ્વારા પ્રલેખમાં સમાવિષ્ટ વિષય કે વિચારોનું પ્રતિનિધિત્વ વિષય મથાળા, વિષય નિર્દેશી પદો, વર્ગાંકો તેમજ અન્ય પ્રકારના સંક્ષિપ્ત પ્રતિરૂપોના સ્વરૂપે કરવામાં આવે છે તથા આ પ્રક્રિયામાં પ્રલેખની વિષય-વસ્તુનો તેનાં સંઘટક તત્ત્વોમાં પૃથક્કરણ કરવામાં આવે છે તેમજ ત્યારબાદ એક અધિમાન્ય ક્રમ કે અનુક્રમમાં એકત્રિત કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં વિષય-વસ્તુના અપરિવર્તનીય સ્વરૂપને પરિવર્તિત કરી સમરૂપ પંક્તિબદ્ધ રચનામાં બદલવામાં આવે છે.

2) ગ્રંથાલય વર્ગીકરણના ક્ષેત્રમાં અભિધારણાત્મક અભિગમ એ વિધિ છે જેના દ્વારા કોઈપણ નિશ્ચિત ક્ષેત્રના વર્ગીકરણ માટે અથવા બહુઆયામી વિષયોને પંક્તિબદ્ધ ક્રમમાં વ્યવસ્થિત કરવા માટે કેટલીક અભિધારણાઓનો (માર્ગદર્શિકા, ધારણાઓ) ઉલ્લેખ કરી એક સંક્રિયાત્મક વિધિ પ્રસ્તુત કરવામાં આવે છે. બીજા શબ્દોમાં અભિધારણાઓ એ કેટલીક પૂર્વ ધારણાઓ છે, જે વર્ગીકરણના કાર્યને પૂરું કરવા માટે સહાયક હોય છે. ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણાત્મક અભિગમનો અનુપ્રયોગ આ વિષયના અધ્યયનમાં વિષય નિષ્ઠતાનો સમાવેશ કરે છે તથા તેના અધ્યયન અને પ્રયોગને વૈજ્ઞાનિક આધાર પ્રદાન કરે છે.

3) ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણાત્મક અભિગમ અપનાવવાના ચાર લાભો છે :

   ક) અભિધારણાત્મક પૃથક્કરણ દ્વારા વિચારોનો સુસંગત ક્રમ પ્રદાન કરવામાં આવે છે કે જેનો સ્વીકાર કરીને યોગ્ય પેટર્નમાં આ વિચારોને પ્રદર્શિત કરે છે.

   ખ) અભિધારણાઓ વિભિન્ન મુખકોનો એક એવો ઢાંચો પ્રસ્તુત કરે છે જે વર્ગીકરણ પ્રક્રિયાને યંત્રવત બનાવી દે છે.

   ગ) આ ઢાંચાને અપનાવવાથી વિષયની વર્તમાન સંરચનાને અવ્યવસ્થિત કર્યા વગર નવીન વિચારને આ વ્યવસ્થામાં સહેલાઈથી પ્રસ્થાપિત કરી શકાય છે.

   ઘ) પ્રાયોગિક વર્ગીકરણનું કાર્ય પદ્ધતિસર કરી શકાય છે.

4) પ્રાયોગિક વર્ગીકરણ માટે નીચે જણાવેલ સોપાનો આવશ્યક છે.

   ક) **મૂળ આખ્યા :** પ્રલેખના ગ્રંથનામપૃષ્ઠ પર અથવા ઉભરણનાં પૃષ્ઠો પર ઉપલબ્ધ અધિક અથવા ન્યનાધિક અર્થપૂર્ણ આખ્યાની ઓળખ આપવી.

   ખ) **અર્થપૂર્ણ આખ્યા :** પ્રલેખમાં સમાવિષ્ટ બધાં જ મુખકો / દૃષ્ટિકોણોને નિર્ધારિત કરવું.

   ગ) **મૂળ પદ આખ્યા :** અર્થપૂર્ણ આખ્યામાંથી બધા જ બિનજરૂરી શબ્દો દૂર કરી મેળવેલ આખ્યા.

ઘ) **પૃથક્કરણીય આખ્યા :** મૂળ પદોમાં વ્યક્ત એ આખ્યા જેમાં પ્રત્યેક મૂળ પદની સાથે તત્સંબંધી મૂળભૂત શ્રેણીના સૂચક ચિહ્ન જોડવામાં આવ્યા હોય.

ઙ) **પરિવર્તિત આખ્યા :** પૃથક્કરણીય આખ્યાના મૂળ પદોને, તેના ક્રમમાં નિર્ધારિત કરનારી અભિધારણાઓ અને સિદ્ધાંતોના આધારે પુનઃવ્યવસ્થિત કરીને મેળવેલ આખ્યા.

ચ) **માનક પદોમાં આખ્યા :** પરિવર્તિત આખ્યાના પ્રત્યેક મૂળ પદના સ્થાને વર્ગીકરણ પદ્ધતિમાં ઉલ્લેખિત માનક પદ અથવા સમાનાર્થી માનક પદને મૂકીને મેળવેલ આખ્યા.

છ) **સકેન્દ્રીય અંકો યુક્ત આખ્યા :** માનક પદોની આખ્યામાં પ્રત્યેક માનક મૂળ પદના સ્થાને તત્સંબંધી મૂળ વર્ગાંક અથવા પૃથક અંક, જે પણ યોગ્ય હોય તે મૂકીને મેળવેલ આખ્યા.

જ) **વર્ગાંક :** સકેન્દ્રિય અંક યુક્ત આખ્યાની પ્રત્યેક સકેન્દ્રિય અંકની સામે ઉલ્લેખિત પ્રતીક ચિહ્નને ખસેડીને, ઉપયુક્ત સ્થાને મૂળભૂત શ્રેણીના યોગ્ય સંયોજક ચિહ્નને લગાવીને મેળવેલ આખ્યા.

ઝ) **સત્યાપન :** વર્ગાંકનું પ્રાકૃતિક ભાષામાં અનુવાદ કરી વિષયનું નામ નિર્ધારિત કરવું તથા તેની સમાનાર્થકતા અર્થપૂર્ણ આખ્યા સાથે ચકાસવી.

5) વિષયની સંરચના માટે પ્રણાલીગત અભિગમ વિધિનો પ્રયોગ કરવામાં આવે છે. આ અભિગમ કોઈપણ પ્રણાલીને પોતાના પરિવેશની સાથે પારસ્પરિક સંબંધ રાખે છે. આ વિધિમાં કોઈપણ પ્રણાલીનું પ્રતિનિધિત્વ તેના ઉદ્દેશો તેના પરિવેશ સંબંધિત અવરોધો, તેના પાત્રો, તેના ઉદ્દેશો, કાર્યો તથા નિરૂપણના ભાગો કે જે પદાનુક્રમિક સ્વરૂપ ધારણ કરે છે. આ વિભાવનાનું વર્ગીકરણ પદ્ધતિઓમાં પ્રયોગો કરવાથી એક સુવ્યવસ્થિત ક્રમ ઉપલબ્ધ બનશે. ફોસ્કેટ માને છે કે આ વાતને સિદ્ધ કરવા માટેના પૂરાવા પ્રચુર માત્રામાં ઉપલબ્ધ છે કે વિષય પૃથક્કરણ અથવા વર્ગીકરણની સામાન્ય પ્રણાલીના સિદ્ધાંતની સાથે સંબંધ સ્થાપિત કરીને જ્ઞાનના સંપૂર્ણ ક્ષેત્રને વ્યવસ્થિત કરી શકાય છે.

6.7 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

મૂળ વિષય (Basic Subject) : સામાન્ય અર્થમાં પરંપરાગત વિષય, કોલન વર્ગીકરણમાં આ સંબંધિત અભિધારણા અનુસાર મૂળ વિષય, મૂળ વર્ગ, મૂળ મુખક વગેરેનો પ્રયોગ પર્યાયવાદી પદોના સ્વરૂપે કરવામાં આવે છે.

વર્ગીકરણકાર (Classificationist) : વિષયોના વર્ગીકરણ માટે વર્ગીકરણ પદ્ધતિ પ્રતિપાદિત કરનાર વ્યક્તિ

વિષય વસ્તુ પૃથક્કરણ (Content Analysis)	: પ્રલેખોના વિષય કથનના આધારે પ્રલેખોના વિષય-વસ્તુનું પૃથક્કરણ કરી વિષયના વિભિન્ન મુખકોની ઓળખ કરવી.
મુખક (Facet)	: લક્ષણોના પ્રયોગ દ્વારા ઉપલબ્ધ પૃથકોનો એક જૂથ છે. ઉદાહરણ તરીકે રસાયણસાસ્ત્રમાં "ગંધક" પદાર્થ મુખક સંબંધિત પૃથક છે.
સહાયકક્રમ (Helpful Order)	: વિષયો, તેના મુખકો અને પૃથકોનું તર્ક-સંગત વ્યવસ્થાપન કે જે ગ્રંથાલયોમાં ફલકો પર પ્રલેખોના વ્યવસ્થાપન અને પ્રદર્શનમાં સહાયક બને છે.
પૃથક (Isolate)	: કોઈ પણ મૂળ વિષય સાથે સંબંધ ધરાવનાર એક સ્વતંત્ર વિચાર. ઉદાહરણ તરીકે મૂળ વિષય 'કૃષિ'માં 'ડાંગરનો પાક' એક પૃથક છે.
વર્ગીકરણના કોઠાઓ (Schedules of Classification)	: કોઈ પ્રતીકનો ઉપયોગ કરી મૂળ વર્ગો, તેના મુખકો, પૃથકો વગેરેની સુનિયોજિત રીતની વ્યવસ્થિત યાદી.

6.8 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Foskett, D. J. (1980). Systems Theory and its Relevance to Documentary Classification. *International Classification*. 7, 2-5.

Iyer Hemalatal (1992). Subject Representation and Entropy. *International Classification*. 19, 15-18.

Krishan Kumar (1985). *Theory of Classification*. New Delhi : Vikas Publishing House, Chapter-15.

Ranganathan, S.R. (1965). *A Descriptive Account of Colon Classification*. Bombay : Asia Publishing House. Chapters D and F.

Ranganathan, S.R. (1962). *Elements of Library Classification*. 3rd ed. Bombay : Asia Publishing House. Chapters H.

Ranganathan, S.R. (1967). *Prolegomena to Library Classification*. 3rd ed. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science. Chapter R.

એકમ-7 મૂળભૂત શ્રેણીઓ, મુખક પૃથક્કરણ અને મુખક ક્રમ

રૂપરેખા

7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 મૂળભૂત શ્રેણીઓ

7.2.1 મૂળભૂત શ્રેણીઓની અભિધારણા

7.2.2 પાંચ મૂળભૂત શ્રેણીઓ

7.3 મુખક પૃથક્કરણ

7.3.1 મુખક પૃથક્કરણના પ્રયોગ દ્વારા વિષય પૃથક્કરણ

7.3.2 કોલન ક્લાસિફિકેશન અને મુખક પૃથક્કરણ

7.3.3 ડ્યૂઇ ડેસિમલ ક્લાસિફિકેશન અને મુખક પૃથક્કરણ

7.3.4 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન અને મુખક પૃથક્કરણ

7.4 મુખક ક્રમ

7.4.1 કોલન ક્લાસિફિકેશન અને મુખક ક્રમ

7.4.2 ડ્યૂઇ ડેસિમલ ક્લાસિફિકેશન અને મુખક ક્રમ

7.3.3 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન અને મુખક ક્રમ

7.5 કેટલાક સામાન્ય અવલોકનો

7.6 સારાંશ

7.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

7.8 ચાવીરૂપ શબ્દો

7.9 સંદર્ભો અને વિશેષ વાંચન

7.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમમાં તમને મૂળભૂત શ્રેણીઓની અવધારણાની જાણકારી આપવામાં આવી છે, તેમજ મુખક પૃથક્કરણ તથા મુખક ક્રમ સંબંધિત પ્રવિધિઓનો તમને પરિચય કરાવવામાં આવ્યો છે. પોતાના કાર્યની કુશળતા અને પ્રભાવશાળી રીતે સંપાદન કરવા માટે એક માહિતી

વ્યવસાયીને આ અવધારણાઓ તથા પ્રવિધિઓ તેમજ ગ્રંથાલય વર્ગીકરણમાં તેના અનુપ્રયોગનું જ્ઞાન હોવું આવશ્યક છે. આ એકમનું અધ્યયન કર્યા બાદ તમે :

- મૂળભૂત શ્રેણીઓની અવધારણાનું સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી શકશો;
- પાંચ મૂળભૂત શ્રેણીઓ : વ્યક્તિત્વ, વસ્તુ, વેગ, સ્થાન કાળની ગહન અને ઘનિષ્ઠ જાણકારી પ્રાપ્ત કરી શકશો;
- મુખક પૃથક્કરણ અને મુખક ક્રમની વિભાવના અને પ્રવિધિઓ તથા ગ્રંથાલયમાં પ્રલેખના વર્ગીકરણમાં તેના અનુપ્રયોગની જાણકારી પ્રાપ્ત કરી શકશો; અને
- કોલન ક્લાસિફિકેશન, ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન અને યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન પદ્ધતિઓમાં મુખક પૃથક્કરણ તથા મુખક ક્રમના અનુપ્રયોગને ઉદાહરણ સહિત સમજી શકશો.

7.1 પ્રસ્તાવના (INTRODUCTION)

આ પાઠ્યક્રમના ખંડ-1માં તમને ગ્રંથાલય વર્ગીકરણના તત્ત્વો-આધારભૂત પારિભાષિક શબ્દાવલી તથા ઐતિહાસિક યથાર્થદર્શન તથા ગ્રંથાલય વર્ગીકરણની આવશ્યકતા તથા ઉદ્દેશની જાણકારી આપવામાં આવી. ખંડ-2માં પુસ્તકાલય વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંત તેમજ ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન, યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન અને કોલન ક્લાસિફિકેશનમાં વિષયોનો નકશો કઈ રીતે કરવામાં આવ્યો છે, આ બધા પાસાઓને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આ ખંડ (3)માં ગ્રંથાલય વર્ગીકરણના વિભિન્ન અભિગમોથી તમને પરિચિત કરવામાં આવેલ છે.

આ ખંડ-3ના એકમ-6માં, ગ્રંથાલય વર્ગીકરણ ક્ષેત્રમાં અભિધારણાત્મક અભિગમ અને પ્રણાલીગત અભિગમના અનુપ્રયોગની વિસ્તારપૂર્વક વ્યાખ્યા કરવામાં આવી છે. આ અભિગમ જ્ઞાનના બૌદ્ધિક વ્યવસ્થાપન માટે એક સુનિયોજિત વિધિ પ્રસ્તુત કરે છે તથા પ્રાયોગિક વર્ગીકરણમાં અનુપ્રયોગ માટે ઉપયોગી દિશા-નિર્દેશોની આવશ્યકતા પૂરી કરે છે.

મૂળભૂત શ્રેણીઓની અભિધારણાની વ્યાખ્યા કર્યા બાદ, આ એકમમાં રંગનાથનની પાંચ મૂળભૂત શ્રેણીઓ વ્યક્તિત્વ (Personality) [P], વસ્તુ (Matter) [M], વેગ (Energy) [E], સ્થાન (Space) [S] તથા કાળ (Time)ની વ્યાખ્યા આપવામાં આવી છે.

ગ્રંથાલયમાં પ્રલેખોનું વર્ગીકરણ કરતી વખતે પ્રલેખોમાં સમાવિષ્ટ વિષય-વસ્તુનું તત્સંબંધી મુખકોમાં પૃથક્કરણ કરવામાં આવે છે. ત્યાર પછી તેને એક નિશ્ચિત માળખામાં યોગ્ય સ્થાન આપવા માટે રંગનાથનની પાંચ મૂળભૂત શ્રેણીઓને પ્રયોગમાં લાવી શકાય છે તથા આ રીતે તેનાથી સંબંધિત વર્ગ સંખ્યાને પ્રાપ્ત કરી લેવામાં આવે છે. રંગનાથનની મૂળભૂત શ્રેણીઓના પ્રયોગ સહિત મુખક પૃથક્કરણની આ વિધિને યોગ્ય ઉદાહરણ આપીને આ એકમમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત, કોલન ક્લાસિફિકેશન, ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન તથા યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન પદ્ધતિઓમાં અપનાવવામાં આવેલ મુખક ક્રમ(મો)નું વિસ્તૃત વિવરણ કરવામાં આવેલ છે.

7.2 મૂળભૂત શ્રેણીઓ (FUNDAMENTAL CATEGORIES)

વિષય વિશ્વનો નકશો તૈયાર કરવા માટે, વર્ગીકરણની વિભિન્ન પદ્ધતિઓમાં જુદી જુદી વિધિઓ અને અભિગમો અપનાવવામાં આવેલ છે. રંગનાથને કેટલીક નિશ્ચિત પૂર્વધારણાઓ જેને આપણે અભિધારણાઓ કહીએ છીએ, તે આધારિત એક સુનિયોજિત પ્રક્રિયા અપનાવવામાં આવેલ છે. રંગનાથન દ્વારા અપનાવવામાં આવેલ વિભાજનની પ્રક્રિયા અનુસાર પ્રત્યેક વિષયને એક મૂળ મુખક હોય છે, અર્થાત્ સર્વપ્રથમ સંદર્ભને સુનિશ્ચિત કરવાવાળો મુખક મૂળ વિષયની વિભાવના/પદના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવે છે તથા આ મૂળ વિષયની સાથે એક કે એકથી વધુ પૃથક વિચાર જોડી શકાય છે. રંગનાથને મૂળભૂત ધારણાઓ માટે "મૂળભૂત શ્રેણીઓ" પદનો ઉપયોગ કર્યો છે. શબ્દકોશનું અવલોકન કરી જો આ સંયુક્ત પદના બંને ઘટક પદો, 'Fundamental' (મૂળભૂત) અને 'Category' (શ્રેણી)માંથી પ્રત્યેક પદના અર્થ પર અલગ અલગ વિચાર કરવામાં આવે અને ત્યારબાદ બંને અર્થોને એક સાથે જોડી દેવામાં આવે તો કોઈપણ વ્યક્તિ એ નહીં સમજી શકે કે 'Fundamental Catagories' (મૂળભૂત શ્રેણીઓ) શું છે. FC પદના બંને ઘટક શબ્દોને એકબીજાથી અલગ નથી પાડી શકાતા તથા આ પદની પરિભાષા માત્ર પરિગણનાત્મક રીતે જ કરી શકાય છે.

7.2.1 મૂળભૂત શ્રેણીઓની અભિધારણા

(Postulate of Fundamental Categoeis)

આ અભિધારણા અનુસાર મૂળભૂત શ્રેણીઓ પાંચ અને માત્ર પાંચ જ હોય છે – જેને કાળ (Time), સ્થાન (Space), વેગ (Energy), વસ્તુ (Matter) અને વ્યક્તિત્વ (Personality) કહેવામાં આવે છે. તેની વ્યાખ્યા કરતા રંગનાથને એ વાત પર ભાર મૂક્યો છે કે આ પદ તેમજ તેના દ્વારા સૂચિત વિચાર પૂર્ણતઃસંબંધિત વિષયના સંદર્ભ સાથે જોડાયેલા હોય છે. ટૂંકાક્ષરીની દૃષ્ટિએ આ મૂળભૂત શ્રેણીઓના આદ્યાક્ષરિત નામ PMEST (વ્યવવેસ્થકા) છે.

મૂળ વિષયોની ઓળખ કર્યા બાદ મૂળ વર્ગો સાથે સંબંધ ધરાવતા પૃથક વિચારોનું પૃથક્કરણ પણ, ઇચ્છનીય પરિણામ મેળવવા માટે, સુનિયોજિત અને તર્કસંગત રીતે કરવામાં આવે છે. જુદા જુદા વિષયોની તપાસ કરતાં એ સ્પષ્ટ થાય છે કે પ્રત્યેક વિષયને પોતાના જ વિભિન્ન મુખક હોય છે તથા આ બધા મુખકો એક સાથે મળીને તે વિષયનું સુસંગત વિવરણ પ્રસ્તુત કરે છે. ઉદાહરણ તરીકે, રસાયણશાસ્ત્ર વિષયમાં નીચે જણાવેલ છ પદો ઉપર વિચાર કરો.

1) alcohol	1) Substance
2) liquid	2) State
3) volatility	3) Property
4) combustion	4) Reaction
5) analysis	5) Operation
6) burette	6) Device for operation

ઉપર્યુક્ત ઉદાહરણ પરથી એ જાણવા મળે છે કે જમણી બાજુના સ્તંભમાં ઉલ્લેખિત પ્રત્યેક પૃથક પદ ડાબી બાજુના સ્તંભના સહસંબંધી શ્રેણીથી સંબંધ રાખે છે. અહીં પદાર્થનો અર્થ છે બધા જ પદાર્થ (Substances) અને અવસ્થાનો અર્થ છે બધી જ અવસ્થાઓ (States) જેનો અર્થ એ મળે છે કે ઉપર્યુક્ત પ્રત્યેક પદ વિચારોની કોઈ એક શ્રેણીને સૂચિત કરે છે અને રસાયણશાસ્ત્ર વિષયના કોઈ એક મુખકને વ્યક્ત કરે છે. વસ્તુતઃ વિચારોનું આ પ્રકારનું વ્યવસ્થાપન બધા વિષયોમાં જોવા મળે છે. સારણીમાં આ વિષયનું ઉદાહરણ આપીને સ્પષ્ટ કરવામાં આવે છે. આ સારણીમાં કેટલાક મૂળ વિષયની સૂચિ આપવામાં આવી છે તથા પ્રત્યેક વિષયની સામે ક્રમશઃ તત્સંબંધી મુખકોના પ્રકારો દર્શાવવામાં આવ્યા છે.

Table : 1 Matrix of Basic Subjects and Their Corresponding Facets

Basic Class	Facets					
1	2	3	4	5	6	7
Library Science	Tyep of Library (Research Library	Materials (Documents)	Activity (Classfication)	City (Delhi)	Year (1997)	
Chemistry	Substance (alcohol liquid)	Property (Volatility)	Reaction (Combustion)	Analysis (Operation)	Device (Burette)	
Botany	Natural Group of (Flowering plant)	Property (Colour, odour)	Structural Study (morphology)	Country (India)	Year (1986)	
Agriculture	Crops (Rice)	Property (protein content)	Operation (Harvesting)	Machinery (Tractor)	Country (Burma)	Year (1985)
Medicine	Organs (Lungs)	Structural Study (Anatomy)	Disease (Cancer)	Treatment (Oral)	Drug (Streptomycin)	
Eduction	Educand (Children)	Subjects Taught (Maths)	Teaching Techniques (Question-Answer)	Equipment (Slide Projector)	City (Delhi)	Year (1987)
History	Community (Indians)	Activities (Freedom Struggle)	Period (1910-1947)			
Sociology	Social Groups (Labour Class)	Activities (Marriage)	Welfare (Flood Relief)	Country (Pakistan)		Year (1987)

Note : Word given under each facer in brackets are isolates of the respective facets.

7.2.2 પાંચ મૂળભૂત શ્રેણીઓ (Five Fundamental Categories)

મૂળભૂત શ્રેણીઓ પાંચ અને માત્ર પાંચ જ હોય છે.

વ્યક્તિત્વ	(Personality)	[P]	[વ્ય]
વસ્તુ	(Matter)	[M]	[વ]
વેગ (ઉર્જા)	(Energy)	[E]	[વે]
સ્થાન	(Space)	[S]	[સ્થ]
કાળ	(Time)	[T]	[કા]

હવે આપણે પુનઃ પાંચ મૂળભૂત શ્રેણીઓની દૃષ્ટિએ સારણી-1નું અવલોકન કરીએ. મૂળભૂત વિષયોથી સંબંધિત પ્રત્યેક મુખક પાંચ મૂળભૂત શ્રેણીઓમાંથી કોઈ એક અથવા કોઈ બીજી શ્રેણીની અભિવ્યક્તિ હોઈ શકે છે. આકૃતિ-1માં આ વિચારને આલેખના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. PME (વ્યવવે) શ્રેણીઓ સ્થાન-કાળના પરિપ્રેક્ષ્યમાં પ્રયોજવામાં આવે છે.

GENERALISED FACET STRUCTURE FOR SUBJECTS ACCORDING TO RANGANATHAN'S POSTULATE OF BASIC SUBJECT AND FUNDAMENTAL CATEGORIES.




Figure - 1

તમારી પ્રગતિ ચકાસો

1) ગ્રંથાલય વિજ્ઞાનના વિભિન્ન મુખકોની ઓળખ કરો તથા ઉદાહરણ સાથે તેને પાંચ મૂળભૂત શ્રેણીઓના ઢાંચામાં પ્રસ્તુત કરો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

ઉદાહરણ તરીકે, આવો હવે આપણે મૂળ વિષય furniture manufacture (રાચરચીલું નિર્માણ)ના સંબંધમાં Wooden table (લાકડાનું ટેબલ) વિષય પર વિચાર કરીએ. અહીં 'ટેબલ' પોતાના સુસ્પષ્ટ આકાર, જથ્થો, ઉપયોગિતા વગેરેની સાથે એક મૂળ વિચારને વ્યક્તિ કરે છે જે તેનાથી સંબધિત પ્રત્યેક અન્ય વિચારનું કેન્દ્ર છે. માટે તેને રાચરચીલું મુખકનો એક ઘટક માની લેવો જોઈએ અને એ દૃષ્ટિએ આ P મુખક માની શકાય. લાકડું જેનાથી આ ટેબલનું નિર્માણ થયું છે, તેને M મુખકની અભિવ્યક્તિ માની શકાય. પ્રક્રિયા અને ગતિવિધિઓ કે જે તેને સંપૂર્ણ ઉત્પાદન આપવા માટે આવશ્યક છે, તેને E મુખકની અભિવ્યક્તિ માની શકાય છે. આ ટેબલ દિલ્હીના IGNOU ના પરિસરમાં વિદ્યમાન છે તો તેને સ્થળ અવધારણાનું દ્યોતક માની શકાય છે, તેથી તે S મુખક છે તથા એ ત્યાં 1997થી હયાત છે જે T મુખકનું પ્રતિનિધિત્વ કરે છે. જો કે આ ઉદાહરણમાં પૃથક્કરણ વિધિને અત્યંત સરળતાથી પ્રસ્તુત કરવામાં આવી છે તેમજ આ દ્વારા મૂળભૂત શ્રેણીઓથી સંબંધિત વિચારોને સરળ રીતે સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે. હવે આપણે મૂળભૂત શ્રેણીઓની વિધિવત વ્યાખ્યા પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરીએ.

તમારી પ્રગતિ ચકાસો

2) રાચરચીલું નિર્માણ વિષયમાં પાંચ મૂળભૂત શ્રેણીઓની ઓળખ કરો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

કાળ (Time)

મૂળભૂત શ્રેણી 'કાળ'ની ઓળખ ઘણી જ સરળતાથી કરી શકાય છે. તેનો પ્રયોગ પ્રાયઃ એ અર્થમાં કરવામાં આવે છે, જે અર્થમાં સામાન્યતઃ આપણે આ શબ્દને સમજીએ છીએ. સામાન્ય રીતે કાળ પૃથક સહસ્રાબ્દી, શતાબ્દી, દશક, વર્ષ વગેરે વિચારોને વ્યક્ત કરે છે. એક અન્ય પ્રકારના કાળ પૃથક જેમ કે દિવસ તથા રાત્રિ, ઋતુઓ - જેમ કે ગ્રીષ્મ ઋતુ, શીયાળાની ઋતુ, વાયુમંડળના લક્ષણો પર આધારિત કાળ જેમ કે ભેજ, શુષ્ક, બરફીલું, તોફાની વગેરેને પણ 'કાળ' મૂળભૂત શ્રેણીની અભિવ્યક્તિના રૂપે સ્વીકાર કરવામાં આવ્યો છે. કાળ તત્ત્વને વ્યક્ત કરતા ગ્રંથનામોના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે :

Supercoductivity in **1997**

Winter sowing of wheat

Night journey by train

Technological advances in the **20th century**

Study of astronomy through the **millenniam**

CC, UDC વગેરે વર્ગીકરણ પદ્ધતિઓમાં કાળ સૂચક અનુસૂચિઓમાં 'કાળ પૃથકો' કે 'કાળક્રમ વિભાજનો' કે 'લાક્ષણિક કાળ પૃથકો'ના રૂપમાં અલગથી સૂચિબદ્ધ કરવામાં આવેલ છે. આ સામાન્ય પૃથકોનો અનેક વિષયોમાં પ્રયોગ થાય છે.

સ્થળ (Space)

'કાળ' શ્રેણી પછી 'સ્થળ' શ્રેણી આવે છે. સામાન્ય રીતે સ્થળ શ્રેણીની ઓળખ કરવામાં કોઈપણ મુશ્કેલી પડતી નથી તથા વર્ગીકરણની મોટાભાગની પદ્ધતિઓમાં તેનું નિરૂપણ કરવામાં આવેલ છે. સ્થળ શ્રેણીનો પ્રયોગ મુખ્યત્વે એ અર્થમાં થયો છે જે અર્થમાં સામાન્ય રીતે આ શબ્દને સમજવામાં આવે છે. આ શ્રેણીમાં ભૌગોલિક પૃથક વિચાર - જેવા મહાદ્વિપ, દેશ, રાજ્ય, જિલ્લા, તાલુકા, શહેર, ગામ, નગર, જળક્ષેત્ર સંરચના અને ભૂ-આકૃતિથી સંબંધિત પૃથક વિચારો જેવા કે મહાસાગર, સમુદ્ર, રણ, ઘાસના મેદાન, વર્ષા પ્રધાન વન, ઉચ્ચ પ્રદેશો, પર્વત, નદીઓ, નહેર, જળવાયુ કટિબંધ, ઉષ્ણ કટિબંધ, જનસંખ્યા - સમૂહ અધિકૃત ક્ષેત્ર. જેમ કે નગર, શહેર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે તથા આ બધાને મૂળભૂત શ્રેણી 'સ્થળ'ની અભિવ્યક્તિના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. સ્થળ પૃથકને વ્યક્ત કરનાર ગ્રંથનામોના ઉદાહરણો નીચે મુજબ છે;

Textile industry in **Canada**

Mountain ranges of **India**

Airconditioning in **tropics**

Public library services in **village**

Political conflicts relating to the **Indian Ocean**

The **Ganga** eleaning project

ઉપર્યુક્ત વિવરણથી એ સ્પષ્ટ થાય છે કે મૂળભૂત શ્રેણીઓમાં 'કાળ' અને 'સ્થળ'ની અભિવ્યક્તિને સરળતાથી સમજી શકાય છે તથા સામાન્ય રીતે તેની ઓળખ કરવામાં કોઈપણ મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી. ઘણી બધી સ્થિતિઓમાં પ્રલેખોના ગ્રંથનામોના આધારે જ તેઓની ઓળખ કરી શકાય છે.

વેગ (ઊર્જા) (Energy)

સામાન્યતઃ વિવિધ પ્રકારની ક્રિયાઓને જ વેગની અભિવ્યક્તિ માનવામાં આવે છે. આ ક્રિયાઓ ગતિશીલ ક્રિયાઓની સૂચક હોય છે જેમ કે કરતી વખતે, બદલતી વખતે, મૂલ્યાંકન કરતી વખતે, નિર્ધારણ કરતી વખતે, પૂર્વાનુમાન કરતી વખતે, પૃથક્કરણ વગેરે. ક્રિયાઓ બધા જ પ્રકારની વસ્તુઓ - જેવી કે સજીવ, જડ, સંકલ્પનાત્મક, બૌદ્ધિક તેમજ અંતઃસ્ફૂરણાત્મકની વચમાં કે તે થકી હોઈ શકે છે. 'કાળ' અને 'સ્થળ' શ્રેણી કરતાં 'વેગ' શ્રેણીની ઓળખ કરવાનું કેટલેક અંશે મુશ્કેલ છે. વસ્તુતઃ 'વેગ' પૃથક અને 'પદાર્થ-ગુણધર્મ' (Matter-Property) પૃથકની વચ્ચે પારસ્પરિક ભિન્નતાનો નિર્ણય કરતી વખતે મુખ્યત્વે ક્રિયાથી સંબંધિત વિચારોનો સ્પષ્ટ જાણકારી મેળવવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એ અનુભવ કરવામાં આવ્યો છે કે 'પદાર્થ-ગુણધર્મ' શ્રેણીની અભિવ્યક્તિ વિશેષતાઓના બે વર્ગો અનુસાર થઈ શકે છે. એક તો સંબંધ લક્ષણ, જેનાથી કેટલાક વિશેષતા સૂચક કાર્ય સામાન્ય કે વિશિષ્ટ કરવાનું અથવા કોઈ સત્તા કે તંત્રતા આચરણનો સંકેત મળતો હોય.

ઉદાહરણ તરીકે 'કાર્ય' (function), 'શરીર વિજ્ઞાન' અને 'નિયંત્રણ'. આના આધારે 'નિયંત્રણ' જેવો પૃથક વિચાર 'વ્યવસ્થાપન' વિષયના એક મુખકના રૂપમાં જોવા મળે છે, કારણ કે આ વ્યવસ્થાપનના કોઈ એક કાર્ય માટેનું દ્યોયોતક છે. પરંતુ બીજી બાજુ 'નિયંત્રણ' પૃથક વિચાર જે 'માનવ શરીરના રોગોનું નિયંત્રણ' વિષયના મુખકના રૂપમાં જોવા મળે છે, તેને વેગ મુખકની અભિવ્યક્તિ માનવામાં આવે છે. અહીં "નિયંત્રણ"ને કોઈપણ મૂળ પદાર્થના ગતિશીલ લક્ષણના કાર્ય તરીકે ગણવામાં આવતું નથી. આથી તે 'વસ્તુ'ની અભિવ્યક્તિ નથી.

'વેગ' પૃથકના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે;

Preparation	Focusing	Separation
Generation	Refection	Diagnosis
Operating	Scattering	Extraction
Collecting	Discussing	Distillation
Investigation	Warming	Fusion

વેગ પૃથકોને પ્રદર્શિત કરતા ગ્રંથનામોના ઉદાહરણો નીચે મુજબ છે.

Preparation of sulphuric acid

Generation of knowledge in R & D laboratories

Operating diesel engines

Collecting of lights

Investigation of chlorine in water for drinking.

તમારી પ્રગતિ ચકાસો

3. મૂળભૂત શ્રેણી 'વેગ' મુખકને ઉદાહરણ સાથે સમજાવો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

_____

_____

_____

_____

_____

_____

વસ્તુ (પદાર્થ) (Matter)

'વેગ' શ્રેણી કરતાં મૂળભૂત શ્રેણી 'પદાર્થ' (Matter) ની ઓળખ કરવાનું વધુ મુશ્કેલ છે. તેની અભિવ્યક્તિ બે પ્રકારે થાય છે, અર્થાત્, 'પદાર્થ-સામગ્રી' (વસ્તુ-વસ્તુ) (Matter-Material) અને 'પદાર્થ-ગુણધર્મ' (Matter-Property) વર્ગીકરણના દૃષ્ટિકોણથી અવલોકન કરવા પર 'પદાર્થ-સામગ્રી'નું ક્ષેત્ર એક છેડે રાસાયણિક તત્ત્વો કે કાચા માલથી લઈને, બીજા છેડે તૈયાર માલ (ઉત્પાદન) સુધી ફેલાયેલું છે. આ બંને છેડાઓને મધ્યવર્તી ચરણોની એક શ્રૃંખલા જોડે છે. ઉદાહરણ તરીકે **વસ્ત્ર નિર્માણ** (Garment manufacture)ના સંબંધમાં રૂ કાચો માલ છે, જ્યારે વસ્ત્ર એક તૈયાર માલ છે. 'રૂ નું કાપડ' મધ્યવર્તી ચરણ છે, જ્યારે 'રૂ' કૃષિ વિષયના સંદર્ભમાં અંતિમ ઉત્પાદન છે.

રંગનાથનની વિચારધારા અનુસાર વસ્તુઓ, વ્યક્તિઓ વગેરેના ગુણધર્મને પણ 'પદાર્થ' શ્રેણીની અભિવ્યક્તિ માનવામાં આવે છે. 'વિસંગતિ' (variance), 'તીવ્રતા' (intensity), 'તરંગ લંબાઈ' (wave length), 'ઊંચાઈ' (height), 'વજન' (weight), 'જથ્થો' (volume) વગેરે પૃથકો પણ વસ્તુ (પદાર્થ) શ્રેણીની અભિવ્યક્તિ માનવામાં આવે છે.

વસ્તુ (પદાર્થ) પૃથકોને પ્રદર્શિત કરતા કેટલાક ગ્રંથનામો નીચે મુજબ છે.

Density of solid

Ink **quality** in prinitng

Rubber **quality** in manufacture of mattresses

Electric current resistance of supereconductors

તમારી પ્રગતિ ચકાસો

4) મૂળભૂત શ્રેણી 'પદાર્થ'નું ઉદાહરણ આપી વ્યાખ્યા કરો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

વ્યક્તિત્વ (Personality)

મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ'ની ઓળખ કરવાનું અત્યંત મુશ્કેલ છે. આ શ્રેણી સતત ઠગાઈ જવાય તેવી છે. એટલે જ રંગનાથને કોઈપણ સંયુક્ત વિષયનું મુખક પૃથક્કરણ કરતી વખતે વ્યક્તિત્વ પૃથકની ઓળખ કરવા માટે 'અવશેષ વિધિ' (Method of Residues) અપનાવવાની સલાહ આપી છે. જો કોઈ પૃથકના સંબંધમાં એ સરળતાથી નિર્ધારીત કરી શકાય કે તે 'કાળ' કે 'સ્થળ' કે 'વેગ' કે 'પદાર્થ' શ્રેણીને વ્યક્ત નથી કરતા તો તેને મૂળભૂત શ્રેણી વ્યક્તિત્વની અભિવ્યક્તિ માની લેવી જોઈએ. આમ, એટલા માટે કહેવામાં આવ્યું છે કે મૂળભૂત શ્રેણીઓની અભિધારણા અનુસાર 'પાંચ અને માત્ર પાંચ' મૂળભૂત શ્રેણીઓ હોય છે. અલબત, 'અવશેષ વિધિ'ના અનુપ્રયોગને અચૂક ન માની લેવું જોઈએ. તો પણ અનુભવજન્ય સહજ ક્રિયા દ્વારા કોઈપણ પૃથક વિચારમાં આ મૂળભૂત શ્રેણીની અભિવ્યક્તિની ઓળખ કરવાનું સંભવ બનશે.

તેમ છતાં, પછીની પ્રગતિને આધારે એ જ અનુભવ કરવામાં આવ્યો છે કે સૌ પ્રથમ મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ'ની ઓળખ કરવાનું તથા ત્યાર પછી અન્ય મૂળભૂત શ્રેણીઓનું ઓળખ

કરવાનું ઉચિત છે. વર્ગીકરણના ક્ષેત્રમાં ગહન અનુસૂચિઓનું (Schedules) રૂપાંકન કરતી વખતે એ અનુભવ કરવામાં આવ્યો છે કે કોઈપણ મૂળભૂત વિષયથી સંબંધિત સંયુક્ત વિષયોમાં મૂળ અભિધારણા કરવાનું સંભવ છે, જેમ કે મનોવિજ્ઞાનમાં 'માનવ મસ્તિષ્ક'ને, વૈદકશાસ્ત્રમાં 'માનવ શરીર' વગેરેને. આ પ્રકારની મૂળ અવધારણાઓને જ મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ'ની અભિવ્યક્તિ માનવામાં આવે છે. આ પ્રકારની મૂળ અભિધારણાઓના અનેક લક્ષણ હોય છે. આ અવધારણા વિભિન્ન વિચારોને ક્રમના માળખાને નિર્ધારિત કરવામાં સહાયતા પ્રદાન કરે છે. આ વિભિન્ન મૂળ વિષયોથી મેળ ખાનારા વિષયોના ઘનિષ્ઠ સંબંધોની સાપેક્ષ માત્રા નિર્ધારિત કરવામાં સહાયક છે. મૂળ અવધારણાઓની વચ્ચે ઘનિષ્ઠ સંબંધોના પરિપ્રેક્ષ્યમાં જ કોઈ સંકલ્પનાને વધુમાં વધુ મહત્ત્વ આપવું પડશે. આ મૂળ અવધારણાઓ મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ'ની અભિવ્યક્તિના રૂપમાં પોતાની ભૂમિકા નિભાવતા કોઈપણ પ્રણાલીના મુખ્ય અંગોનું કામ કરે છે. આ રીતે, મુખ્ય અંગના રૂપમાં આ મૂળ અવધારણાની જાણકારી મેળવવી જ મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ'ની અભિવ્યક્તિની ઓળખ કરવાની સર્વશ્રેષ્ઠ યુક્તિ છે.

બીજા શબ્દોમાં 'વ્યક્તિત્વ' કોઈપણ સંપૂર્ણ વિષયનું, સહ-સંબંધિત વિચારોનો સમૂહ હોય છે, કેન્દ્રીય (મુખ્ય) અંગ હોય છે. કૃષિશાસ્ત્રમાં **'પાક'**, વનસ્પતિમાં **'વનસ્પતિઓનો'**, **'પ્રાકૃતિક જૂથ'**, પ્રાણીશાસ્ત્રમાં **'જીવજંતુ'** ઇતિહાસમાં **'જનસમુદાય'** રસાયણશાસ્ત્રમાં **'પદાર્થ'** અને સમાજશાસ્ત્રમાં **'સામાજિક જૂથ'** મૂળભૂત શ્રેણી **'વ્યક્તિત્વ'**ની ઓળખ અને સમજ માટેના ઉત્તમ ઉદાહરણ છે.

વ્યક્તિત્વ પૃથકોને વ્યક્ત કરતા ઉદાહરણો.

Quantitative analysis of **Organic Compounds**

Economics of **Steel Industry**

Cotton bleaching in hydrogen peroxide

History of **Indian people**

Cancer of **Lung**

Study of anger in **Women**

Sugarcane yeild in Uttar Pradesh

તમારી પ્રગતિ ચકાસો

5) મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ'ને ઉદાહરણ આપી સ્પષ્ટ કરો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.


2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

7.3 મુખક પૃથક્કરણ (FACET ANALYSIS)

7.3.1 મુખક પૃથક્કરણના પ્રયોગ દ્વારા વિષય પૃથક્કરણ (Subject Analysis Using Facet Analysis)

મુખક એ કોઈપણ વિષયનો એક ભાવ (aspect) હોય છે. મુખક પૃથક્કરણનો અર્થ છે વિષયનું તેના વિભિન્ન મુખકોમાં પૃથક્કરણ કરવું. કોઈ મૂળ વર્ગના વિભાજનોનું એક જૂથ, જે વિશેષતાઓની એક શૃંખલાના સુવ્યવસ્થિત અનુપ્રયોગ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે, તે મૂળ વર્ગનો એક મુખક હોય છે. કોઈ વિષયનું મુખક પૃથક્કરણ કરી તેના સંવર્ગોના જૂથોનું નિર્માણ કરવામાં આવે છે. આવો, આ બિંદુને એક ઉદાહરણ આપી સ્પષ્ટ કરીએ. "રમકડાં ઉત્પાદન" વિષયનું પૃથક્કરણ કરવાથી આપણને જાણવા મળે છે કે "રમકડાં ઉત્પાદન" પ્રક્રિયાની અંતિમ કે મૂળભૂત ઉપજ છે તથા આ વિષયના એક મુખકને વ્યક્ત કરે છે. 'સામગ્રી' કે જેનો રમકડાંના ઉત્પાદનમાં ઉપયોગ કરવામાં આવે છે, એક અન્ય મુખકને સ્પષ્ટ કરે છે, તથા 'રમકડાંના ઉત્પાદનની પ્રક્રિયા' પણ એક અન્ય મુખકને વ્યક્ત કરે છે. આ પ્રમાણે "રમકડાં" મુખક અનેક વર્ગો અને ઉપવર્ગોનો સમૂહ છે. આ જ સ્થિતિ "સામગ્રી" મુખક અને "પ્રક્રિયા" મુખકની છે. નીચે આપવામાં આવેલ આલેખ (ચાર્ટ) દ્વારા આ વિષયને વધુ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

Chart : Toy Manufacture



Schematic chart showing the divisions of the three facets – Toys, Materials and Process.

ઉપર્યુક્ત ચાર્ટમાં આપણે રમકડાંને વિભિન્ન વિશેષતાઓના અનુપ્રયોગને આધારે અનેક ઉપવર્ગોમાં વિભાજિત કર્યા છે. આ પ્રમાણે રમકડાંના ઉત્પાદનમાં પ્રયુક્ત સામગ્રીને અનેક

ઉપવર્ગોમાં વિભાજિત કરવામાં આવેલ છે. આમાંથી પ્રત્યેક ઉપવર્ગને પુનઃઉપવર્ગોમાં વિભાજિત કરી શકાય છે, જ્યાં સુધી અન્ય કોઈ ઉપ-વિભાજન કરવાનું સંભવ ન બને. આ બધા જ ઉપવર્ગો અને ઉપ-ઉપ-વર્ગો, તેમજ આ વર્ગોમાંથી પ્રત્યેક વર્ગની.... એક સહાયક અનુક્રમમાં સુનિયોજિત રીતે વ્યવસ્થિત કરવામાં આવે છે તથા એક વર્ગીકરણ અનુસૂચિમાં પ્રદર્શિત કરવામાં આવે છે. આ અનુસૂચિ વર્ગીકરણ માટે એક ઉપયોગી સાધન બની જાય છે.

ઉપર્યુક્ત ઉદાહરણથી એ સ્પષ્ટ થાય છે કે બધા વિષયોને વિભાજનના ઉદ્દેશના ઉપયુક્ત વિશેષતાઓનો પ્રયોગ કરી પોત-પોતાના મુખકોમાં વિભાજિત કરી શકાય છે. આપણે આ બિંદુ ઉપર પણ ધ્યાન આપવું જોઈએ કે મુખક પૃથક્કરણની પ્રક્રિયા કોઈ પણ વર્ગીકરણ પદ્ધતિ ઉપર આધારિત નથી હોતી, અર્થાત્, આ પ્રક્રિયામાં કોઈ વર્ગીકરણ પદ્ધતિને આધાર બનાવી શકાય નહીં. વિષયોને આ રીતે પોતાના મુખકોમાં વિભાજિત કરવાનો ઉદ્દેશ પ્રલેખોમાં સમાવિષ્ટ વિષય-વસ્તુના આધારે વર્ગીકરણ કરતી વખતે સહાયક અનુક્રમ સ્થાપિત કરવાનો છે, જેથી પ્રલેખોને ગ્રંથાલયના ફલકો પર, સૂચિ અને ગ્રંથસૂચિઓમાં તથા માહિતીનો સંગ્રહ અને પુનઃપ્રાપ્તિના આ પ્રકારના અન્ય સ્રોતોમાં વ્યવસ્થિત કરવામાં સહાયક અનુક્રમ સુનિશ્ચિત કરી શકાય.

આ પ્રકારે રંગનાથન અનુસાર મુખક પૃથક્કરણનો અર્થ છે "આ પ્રયોજન (મુખક પૃથક્કરણ) માટે નિર્ધારીત અભિધારણો તથા સિદ્ધાંતો અનુસાર કોઈ વિષયના તેના વિભિન્ન મુખકોમાં પૃથક્કરણ કરવું." પામર (Palmer) અને વેલ્સ (Wells) નાં શબ્દોમાં મુખક પૃથક્કરણનો અર્થ છે, "કોઈ વિશિષ્ટ વિષયની વિભિન્ન વિશેષતાઓ પ્રયોગ કરતી વખતે, મુખકોમાં પૃથક્કરણ કરવું."

પૂર્વ વર્ગીકરણ પદ્ધતિઓનું સ્વરૂપ પરિગણાત્મક (કોઠાગત) હતું. જેમાં સંપૂર્ણ વિષય વિશ્વને વર્ગો અને ઉપવર્ગોમાં સુનિયોજિત રીતે વિભાજિત કરી પૂર્વ નિર્મિત વર્ગ સંખ્યામાં પ્રદાન કરવામાં આવી છે. તેની વિપરીત રંગનાથને મુખકીય દૃષ્ટિકોણ અપનાવ્યું અને તે અનુસાર ભૂત, વર્તમાન અને પૂર્વાનુમાનિત ભવિષ્યના બધા વિષયોની પરિગણના કરવાના બદલે, બધી જ મૂળ અવધારણાઓ કે તત્ત્વોના પરિગણના કરવાનું ઉચિત માન્યું. આ વિધિ અનુસાર પ્રલેખોનું વર્ગીકરણ કરતી વખતે સંબંધિત વિષય, સરળ, સંયુક્ત, મિશ્ર (જટિલ)-ના સ્વરૂપને ધ્યાનમાં રાખી અવધારણાઓનું પૃથક્કરણ કરી શકાય છે, ત્યારબાદ તેને એક ઉપયુક્ત રીતે પૃથક્કૃત કરી એક એવો વર્ગ સંખ્યાનું સ્વરૂપ પ્રદાન કરી શકાય છે જે પ્રલેખમાં અભિવ્યક્ત વિષયનું નિરૂપણ કરતી હોય. જો કે વર્ગીકરણ પદ્ધતિની રૂપરેખા તૈયાર કરતી વખતે વર્ગીકરણ પદ્ધતિના પ્રણેતા મુખક પૃથક્કરણ પ્રક્રિયાને અપનાવતા જ હોય છે, પરંતુ પ્રલેખોનું વર્ગીકરણ કરતી વખતે વર્ગીકરણકાર પણ આ વિધિને અપનાવતા રહે છે.

આવો, હવે આપણે કોલન ક્લાસિફિકેશન (CC), ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (DDC) અને યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (UDC) પદ્ધતિઓમાં મુખક પૃથક્કરણના અનુપ્રયોગ પર વિચાર કરીએ. આ વર્ગીકરણ પદ્ધતિઓના વિસ્તૃત અધ્યયન માટે તમને આ પાઠ્યક્રમના ખંડ-4નું અવલોકન કરવાની સલાહ આપવામાં આવે છે.

7.3.2 કોલન ક્લાસિફિકેશન અને મુખક પૃથક્કરણ (Colon Classification and Facet Analysis)

ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓમાંથી માત્ર કોલન ક્લાસિફિકેશનમાં જ મુખક પૃથક્કરણનો સુસ્પષ્ટ અનુપ્રયોગ પૂર્ણ રૂપે કરવામાં આવ્યો છે. રંગનાથને વિષયોના તેના મુખકો યથાતથ્ય કે સઘન પૃથક્કરણ કરીને જ મૂળભૂત શ્રેણીઓની અભિધારણાને વિકસિત કરી છે.

વસ્તુતઃ કોલન ક્લાસિફિકેશનની પ્રથમ ત્રણ આવૃત્તિઓમાં PMEST (વ્યવવેસ્થકા) મૂળભૂત શ્રેણીઓને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું ન હતું. આ એકમના 7.2.1 ભાગમાં આપવામાં આવેલી સારણી-1, જેમાં મૂળ વિષયો અને અનુરૂપ મુખકોના મેટ્રિક્સની સમજ આપવામાં આવી છે. વિભિન્ન વિષયોમાં અનુરૂપ મુખકોના પ્રકારોનું ધ્યાનપૂર્વક અધ્યયન કર્યા બાદ, રંગનાથને એ સિદ્ધ કર્યું છે કે તેનામાં સ્પષ્ટ આભાસી ભિન્નતા હોવા છતાં પણ, તેને પાંચ મૂળભૂત શ્રેણીઓમાં સમાવિષ્ટ કરી શકાય છે. CC નો પછીની આવૃત્તિઓમાં પ્રત્યેક મૂળ વિષયના કોઠાઓ પરિરૂપ તૈયાર કરવા માટે મૂળભૂત શ્રેણીઓની અવધારણાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. CC ને **મુક્ત મુખકીય વર્ગીકરણ પદ્ધતિ** માનવામાં આવે છે, કારણ કે આ પદ્ધતિમાં વિષયોના સ્વરૂપને આધારે તેના મુખકો નિર્ધારિત કરવામાં આવે છે, તથા આ મુખક કોઈ પૂર્વ નિર્ધારિત મુખક સંરચના પર આધારિત નથી હોતા પરંતુ અભિધારણાઓના માળખામાં સમાવિષ્ટ કરવામાં આવે છે. પ્રત્યેક વર્ગના પૃથકો, સામાન્ય પૃથકો, સ્થળ અને કાળ પૃથકો, ભાષા પૃથકો વગેરેની ગણતરી મુખક પૃથક્કરણના સિદ્ધાંતોનો પ્રયોગ કરીને કરવામાં આવેલ છે.

'Toy manufacture' વિષયમાં રંગનાથનની મૂળભૂત શ્રેણીઓની અભિધારણાનો પ્રયોગ કરવાથી આપણને જાણવા મળે છે કે,

"Toy" વ્યક્તિત્વ મુખકની અભિવ્યક્તિ છે.

"Materials" પદાર્થ મુખકની અભિવ્યક્તિ છે.

"Manufacture" વેગ મુખકની અભિવ્યક્તિ છે.

"સ્થળ" અને "કાળ" આવશ્યકતા અનુસાર જોડી શકાય છે.

જો "Treatment of lung disease in India in 1997" શીર્ષકનું પૃથક્કરણ કરવામાં આવે તો નીચે જણાવેલ મુખકો જાણવા મળે છે.

મૂળ વિષય [BS]	Medicine
વ્યક્તિત્વ [P]	Lung
વસ્તુ [M]	Disease
વેગ [E]	Treatment
સ્થળ [S]	India
કાળ [T]	1997

તમારી પ્રગતિ ચકાસો

6) વિષયોમાં મુખક પૃથક્કરણની ટેકનિકના પ્રયોગની ઉપયોગિતા અને લાભ જણાવો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

_____

_____

_____

_____

_____

7.3.3 ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન અને મુખક પૃથક્કરણ

(Dewey Decimal Classification and Facet Analysis)

ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન વર્ગીકરણનું પરિરૂપ તૈયાર કરવામાં મુખક પૃથક્કરણનો અવ્યક્ત પ્રયોગનો સ્પષ્ટ સંકેત મળે છે. DDC ની 19મી આવૃત્તિની સંપાદકીય પ્રસ્તાવનામાં એ વ્યક્ત કરવામાં આવ્યું છે કે DDCના બધા જ વર્ગો (002-029, 069, 079.1 - 9, 090, 100-700, 900) નું વ્યવસ્થાપન જો કોઈ ભિન્ન અનુક્રમ નિર્ધારિત કરવામાં ન આવ્યો હોય તો, સર્વ પ્રથમ સર્વાધિક વિશિષ્ટ વિદ્યા-વિશેષ અને તેની અંતર્ગત વિશિષ્ટ વિષય, ત્યારબાદ વિશેષ વિવરણના ક્ષેત્ર અનુસાર, તે પછી કોઠાઓમાં જોગવાઈ હોય તો કાળ અનુસાર અને ત્યારબાદ પ્રસ્તુતીકરણના સ્વરૂપના આધારે કરવામાં આવેલ છે. ઉદાહરણ તરીકે Native Snakes of Texas ગ્રંથનું નીચે જણાવ્યા મુજબની રીતે વર્ગીકરણ કરવામાં આવે છે.

Discipline	Science	5
	Zoology	9
	Cold-blooded vertebrates	7
	Reptiles	9
	Snakes	6
Area	(Sige of geographical concept to follow)	09
	North America	7
	South-Central US	6
	Texas	4

આ પ્રમાણે 597.960 9764 વર્ગાંક બનશે.

Works of Shakespeare ગ્રંથનામનું નીચે મુજબ વર્ગીકરણ કરવામાં આવશે.

Discipline	Literature	8
Language	English	2
Form	Drama	2
Period	Elizabethan period 1558-1625	3
Works	Shakespear's work	3

આ પ્રમાણે 822.33 વર્ગાંક બનશે.

ઉપર્યુક્ત પ્રથમ ઉદાહરણમાં "Native Snakes of Texas" ગ્રંથના મુખકોનું વિભાજન "વિદ્યા-વિશેષ" વિજ્ઞાન છે, "પ્રાણીશાસ્ત્ર" આ મુખકનું એક વિભાજન છે જે પ્રાણીઓના પ્રાકૃતિક જૂથનું નિરૂપણ કરનાર "વિષય" છે, તથા "સર્પ" પ્રાણીઓના પ્રાકૃતિક વર્ગ મુખકનું એક પૃથક છે, "વિસ્તાર (Area)" સ્થાન મુખક છે, અને "ટેક્ષાસ" આ મુખકનું પૃથક છે. બીજા ઉદાહરણમાં "વિદ્યા-વિશેષ", "ભાષા", "સ્વરૂપ", "કાળ" અને "કૃતિઓ" વિભિન્ન મુખકો છે. જો કે DDC અનુસૂચિઓમાં મુખક પૃથક્કરણનો સ્પષ્ટ ઉલ્લેખ નથી મળતો, તો પણ ઉપર્યુક્ત ઉદાહરણથી એ સ્પષ્ટ થાય છે કે આ પદ્ધતિની રૂપરેખા તૈયાર કરવામાં મુખક પૃથક્કરણ વિધિને આધાર બનાવવામાં આવેલ છે. તો પણ આ વાત પર ધ્યાન આપવું આવશ્યક છે કે DDC ના કોઠાઓમાં "મુખક-પૃથકો"ની ગણના કરવામાં આવી નથી, જ્યારે CCમાં "મુખક-પૃથકો"ની ગણના સ્પષ્ટ રૂપે કરવામાં આવી છે. DDCમાં માત્ર સંયુક્ત વિષયનું નિરૂપણ કરનાર "મુખક-પૃથકો"ના સંયોજનને પ્રદર્શિત કરવામાં આવેલ છે. "સામાન્ય પેટા વિભાગ", "ભૌગોલિક સારણી", કેટલાક વિષયોમાં પ્રયોગ કરવા યોગ્ય "કાળ સારણી" વગેરેનો ઉલ્લેખ કે જેની આવશ્યકતા પડતા કોઈપણ વર્ગની સાથે જોડી શકાય છે, તે અલગ આપવામાં આપવામાં આવેલ છે.

આ ઉપરાંત DDCના કોઠાઓમાં બધી જ જગ્યાએ કોઠામાં અન્ય સ્થાને ઉલ્લેખિત વિભાજનોને લઈને એક વિશિષ્ટ વર્ગના ઉપવિભાજન કરવા માટે પ્રચુર માત્રામાં ટિપ્પણીઓ આપવામાં આવેલ છે. જે એ વાતનું સૂચક છે કે જ્યારે આવશ્યકતા હોય ત્યારે કોઈપણ વિષયમાં મુખક પૃથક્કરણના સિદ્ધાંતનો પ્રયોગ કરી શકાય છે. ઉદાહરણ તરીકે (આ બધા ઉદાહરણોનું અધ્યયન DDCના કોઠાઓ પાસે રાખીને કરવું પડશે.)

1) Jews in India

આ ગ્રંથનામને નીચે મુજબના મુખકોમાં પૃથકૃત કરી શકાય. Social Stratification (305.6), Religious Groups, Jews. Social Stratification by religious groups (305.6)ની અંતર્ગત આ પ્રમાણે નોંધ આપવામાં આવી છે. "Add to base number 305.6 following 2 in "Persons" notation 21-29 from Table 7".

ટેબલ-7માં Jews ની વર્ગ સંખ્યા 296 છે. આ પ્રમાણે અંતિમ વર્ગાંક 305.696 થશે.

2) Migration of Birds

આ ગ્રંથનામને નીચે મુજબના મુખકોમાં પૃથકૃત કરી શકાય. Birds,

Migration 598.21-28 અંતર્ગત આપવામાં આવેલ નોંધ (General principles) - Birds ની અંતર્ગત એ નિર્દેશ કરવામાં આવેલ છે કે, "Add to base number 598.2 the number following 591 in 591.1-591-8" અહીં Migration ની વર્ગ સંખ્યા 591.525 છે. આ મુજબ અંતિમ વર્ગાંક 598.2525 થશે.

3) Sacred places of Jainism

આ ગ્રંથનામને નીચે મુજબના મુખકોમાં પૃથકૃત કરી શકાય. Jainism, Sacred places.

294.41-48 નીચે નોંધ આપેલ છે કે "Add to base number 294.4 the number following 291 in 291.1 – 291.8". અહીં Sacred places નો વર્ગાંક 291.35 છે. આ મુજબ અંતિમ વર્ગાંક 294.435 થશે.

ઉપર્યુક્ત ઉદાહરણોમાં મુખક પૃથક્કરણ અને સંયોજનનો સ્પષ્ટ સંકેત મળે છે.

તમારી પ્રગતિ ચકાસો

7) DDCમાં મુખક પૃથક્કરણ પ્રવિધિના પ્રયોગ સંબંધમાં પાંચ પંક્તિ લખો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

7.3.4 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન અને મુખક પૃથક્કરણ (Universal Decimal Classification and Facet Analysis)

યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનમાં DDCની મૂળ સંરચનાને અપનાવવામાં આવેલ છે. પરંતુ તેમાં પોતાનું તત્વજ્ઞાન, પોતાની જ નીતિઓ અને પોતાના જ સિદ્ધાંતો વિકસિત કરવામાં આવ્યા છે. UDCની મુખક સંરચના DDCની કરતા ઘણી જ સુસ્પષ્ટ છે. તેના કેટલાક મુખકીય લક્ષણોનો ઉલ્લેખ નીચે મુજબ છે.

1) સ્થળ, જાતિ અને રાષ્ટ્રીયતા, કાળ દૃષ્ટિકોણ વગેરે સંબંધિત સામાન્ય સહાયકો;

2) બે કે બેથી વધુ મુખકોને સંયોજવા માટે મુખક સંકેતક કોલન (:), લઘુ કૌંસ [ ], બે કોલન (: :);

3) કોઈ નિશ્ચિત મૂળ વર્ગના ઉપયુક્ત મુખકોને દર્શાવવા માટે વિશિષ્ટ મુખક સંકેતોની સાથે વિશિષ્ટ સહાયકો;

4) કોઈપણ વર્ગમાં અનુપ્રયોગ માટે મુખક વિભાજનની ઉપલબ્ધતા, કે જ્યાં આ પ્રકારના વિભાજનની આવશ્યકતા હોય. આ પ્રાવધાન DDC ના પ્રાવધાન સાથે કેટલેક અંશે મેળ ખાય છે.

સામાન્ય સહાયકો અને વિશિષ્ટ સહાયકોના અનુપ્રયોગ સંબંધિત કેટલાક ઉદાહરણો નીચે આપવામાં આવેલ છે. (જે શબ્દો બોલ્ડ ટાઇપમાં છે તે સંબંધિત સહાયકને સૂચિત કરે છે.)

Common Auxiliaries : Place, Race, Nationality	Coal mining in **India**. The Sociological importance of Kinship among the **Jews**
Time	Superconductivity research in the **1980s**.
Point of view	Nuclear reactors for power production from the **enunironment point of view**
Special Auxiliaries	Reciprocating valve gear
	Electric switch michanisms
	Sodium cloride

વિશિષ્ટ મુખક સંકેતનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ ઉદાહરણોનું અધ્યયન યુડીસીના કોઠાઓ સાથે રાખીને કરવું.

તમારી પ્રગતિ ચકાસો

8) યુડીસીના મુખકીય લક્ષણોનું વર્ણન કરો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

7.4 મુખક ક્રમ (FACET SEQUENCE)

અત્યાર સુધી આપણે વિષયોનું તેના મુખકોમાં પૃથક્કરણ કરી પૃથક્કરણ પ્રક્રિયાને સારી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ આ પ્રકારના પૃથક્કરણનો ઉદ્દેશ વિભિન્ન મુખકોને એક પસંદગીયુક્ત અનુક્રમમાં સંયોજન કરવાનું પણ હોય છે, જેથી આ ક્રમ પ્રલેખોની ગોઠવણી અને તેની પુનઃપ્રાપ્તિ માટે સહાયક સિદ્ધ થાય. આમ વિભિન્ન મુખકોના સંયોજનમાં એક ક્રમ સ્થાપિત કરવો એ જ પૃથક્કરણનો અંતિમ ઉદ્દેશ છે. આ યથાતથ્ય પૃથક્કરણ વગર સંયોજનમાં તર્કસંગત અનુક્રમ સ્થાપિત કરવાનું મુશ્કેલ બની જાય છે. વસ્તુતઃ મુખક પૃથક્કરણ અને મુખક સંયોજન એક જ સિક્કાની બે બાજુ છે તથા બંને એકબીજાની સાર્થકતાને સિદ્ધ કરે છે.

જ્યારે એ પ્રશ્ન ઉત્પન્ન થાય કે વિભિન્ન મુખકોનો ક્રમ શું હોવો જોઈએ ? શું કોઈ એવી એકમાત્ર વ્યવસ્થા ઉપલબ્ધ છે, જે અનુસાર વિભિન્ન મુખકોના એવો ક્રમ સ્થાપિત કરી શકાય જે પ્રલેખોના સંગ્રહ અને પુનઃપ્રાપ્તિના પ્રયોજન માટે અત્યાધિક સહાયક હોય ?

"Toy Manufacture" ઉદાહરણમાં આપણે ત્રણ મુખકો, અર્થાત્ રમકડાં (A), સામગ્રી (B) અને પ્રક્રિયા (C)ની ઓળખ મેળવી છે. આ ત્રણેય મુખકોને નીચે મુજબ છ પ્રકારે વ્યવસ્થિત કરી શકાય છે.

i) Toys, Materials, Process ABC

ii) Toys, Process, Materials ACB

iii) Materials, Toys, Process BAC

iv) Materials, Process, Toys BCA

v) Process, Toys, Materials CAB

vi) Process, Materials, Toys CBA

જો આપણા સમક્ષ માત્ર બે જ મુખક હોય તો તેને માત્ર બે પ્રકારે જ વ્યવસ્થિત કરી શકાય છે. અર્થાત્, AB અને BA. જો આપણી સમક્ષ ત્રણ મુખક હોય તો તેને છ પ્રકારે વ્યવસ્થિત કરી શકાય છે. જો આપણી સમક્ષ ચાર મુખક હોય તો તેને 24 પ્રકારે વ્યવસ્થિત કરી શકાય છે. જો પાંચ મુખક હોય તો તેને 120 પ્રકારે વ્યવસ્થિત કરી શકાય છે. આથી એ સ્પષ્ટ છે કે વિભિન્ન ઉપલબ્ધ વિકલ્પોમાંથી આપણે માત્ર એક જ વિકલ્પની પસંદગી કરી શકીએ છીએ, કારણ કે આપણે બધા જ વિકલ્પોને એક સાથે નથી અપનાવી શકતા. આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અનેક ઉપલબ્ધ વિકલ્પોમાંથી કોઈ એકની પસંદગી કેવી રીતે કરી શકાય ?

આગળના ભાગમાં આપણે એ અધ્યયન કરીશું કે સી.સી., ડી.ડી.સી. અને યુ.ડી.સી.માં આ સમસ્યાનું સમાધાન કેવી રીતે કરવામાં આવ્યું છે.

7.4.1 કોલન ક્લાસિફિકેશનમાં મુખક ક્રમ
(Facet Sequence in Colon Classification)

કોઈપણ સંયુક્ત વિષયમાં ઉપલબ્ધ વિભિન્ન મુખકોને નિર્ધારિત કર્યા બાદ તેને એક સહાયક ક્રમમાં વ્યવસ્થિત કરવા જોઈએ. આ હેતુ માટે રંગનાથને પાંચ અભિધારણાઓ પ્રતિપાદિત કરી છે. આ અભિધારણાઓ નીચે મુજબ છે.

i) પ્રથમ મુખકની અભિધારણા

ii) મૂર્તતાની અભિધારણા

iii) એક જ વર્તુળમાં મુખક ક્રમની અભિધારણા

iv) અંતિમ વર્તુળમાં મુખક ક્રમની અભિધારણા

v) સ્તર અને સ્તર સંચલનની અભિધારણા

i) પ્રથમ મુખકની અભિધારણા (Postulate of First Facet)

એક સંયુક્ત વિષયમાં મૂળ મુખકને સર્વપ્રથમ મુખકનું સ્થાન મળવું જોઈએ. એકમ-6માં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પ્રત્યેક સંયુક્ત વિષયમાં એક મૂળ મુખક હોવું જોઈએ, તથા એક કે અધિક પૃથક મુખક. આ બધા જ મુખકોમાં સહાયક ક્રમ સ્થાપિત કરવા માટે એ આવશ્યક છે કે એક મૂળ મુખક સાથે મેળ ખાનાર બધા સંયુક્ત વિષયોને એક સાથે વ્યવસ્થિત કરવા જોઈએ. એટલે કે, એક સંયુક્ત વિષયના બધા મુખકોમાં મૂળ મુખકોને પ્રથમ સ્થાન મળવું જોઈએ.

ઉદાહરણ તરીકે : Treatment of Lung Cancer. આ ઉદાહરણમાં મૂળ મુખક Medicine ગર્ભિત છે. આ સંયુક્ત વિષયના અન્ય પૃથક મુખકો નીચે મુજબ છે.

Treatment [E], Lung [P], Cancer [M]

ઉપર્યુક્ત અભિધારણા અનુસાર આ મુખકોનો ક્રમ નીચે મુજબ થશે.

Medicine [BF], Lung [P], Cancer [M], Treatment [E]

આ સમયે અત્ર એ ઉલ્લેખ કરવાનું ઉચિત રહેશે કે પ્રલેખની આખ્યામાં મૂળ મુખકનો સંકેત કાં તો સુસ્પષ્ટ, કાં તો ગર્ભિત કાં તો અનુપસ્થિત હોઈ શકે છે. આખ્યામાં મૂળ મુખકનો કોઈપણ સંકેત ન હોવા પર, માહિતી વ્યવસાયીએ પ્રલેખના અંદરના પૃષ્ઠ/કે સંપૂર્ણ પ્રલેખનો અભ્યાસ કરી મૂળ વિષય નિર્ધારિત કરી લેવો જોઈએ.

ii) મૂર્તતાની અભિધારણા (Postulate of Cencreteness)

આ અભિધારણા અનુસાર, "પાંચ મૂળભૂત શ્રેણીઓને તેની ઘટતી જતી મૂર્તતા અનુસાર પૃથક્કરણ કરતા, તેનો ક્રમ PMEST થશે." મૂળભૂત શ્રેણીઓના તેની સાપેક્ષ મૂર્તતા અનુસાર અધિકાંશ ઉપયોગકર્તા મૂળભૂત શ્રેણીઓના તેની સાપેક્ષ મૂર્તતા અનુસાર અધિકાંશ ઉપયોગકર્તાઓના અભિગમને અનુકૂળ છે. નીચે જણાવેલ શીર્ષકો પર વિચાર કરીએ.

a) Library Science in the 1980s.

BS (Basic Subject) અને T(Time) નો અલગ અલગ ઉલ્લેખ છે.

b) Library Science in India in the 1980s.

BS, T અને **S** (Space) નો ઉલ્લેખ છે.

c) Classification in India in the 1980s

BS, T, S, E (Energy) નો ઉલ્લેખ છે.

d) Classification of microforms in India in the 1980s

BS, T, S, E અને **M** (Matter) નો ઉલ્લેખ છે.

e) Classification of microforms in special libraries in India in the 1980s

BS, P (Personality), **M, E, S** અને **T** નો ઉલ્લેખ છે.

ઉપયુક્ત આખ્યાઓથી એ સ્પષ્ટ સંકેત મળે છે કે તેમાં ઉલ્લેખિત વિભિન્ન મુખકો સામાન્યથી વિશિષ્ટ તરફ અગ્રેસર છે. શીર્ષક (a) માં "1980 ના દશકમાં ગ્રંથાલય વિજ્ઞાન"ના બધા જ પાસાઓ પર વિચાર કરવામાં આવ્યો છે. તેમજ શીર્ષક (e)માં એક વિશિષ્ટ ક્ષેત્ર અર્થાત્ "**1980** ના દશકામાં ભારતમાં માઈક્રોફોર્મ્સનો વિશિષ્ટ ગ્રંથાલયમાં વર્ગીકરણ" ઉપર

વિચાર કરવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં જ્યારે આપણે (a) થી (e) તરફ ગતિ કરીએ છીએ, તેમાં ઉલ્લેખિત મુખક વધતી જતી મૂર્તતા ધારણ કરતા જાય છે, તથા મૂર્તતાનો ક્રમ આરોહી ક્રમમાં અગ્રેસર થાય છે. તદ્અનુસાર જો મૂળભૂત શ્રેણીઓના ક્રમ P થી T ની તરફ જઈએ છીએ તો આ મૂર્તતા-વૃદ્ધિ અનુસાર થાય છે. સામાન્યથી વિશિષ્ટ તરફ અગ્રેસર થનારી આ વ્યવસ્થા વિષયોને બૌદ્ધિક વ્યવસ્થાપન માટે યોગ્ય છે તથા અધિકાંશ ઉપયોગકર્તાઓ માટે સંતોષજનક રહેશે.

iii) એક જ વર્તુળમાં મુખક ક્રમની અભિધારણા
(Postulate of Facet-sequence within a Round)

કોઈપણ સંયુક્ત વિષયમાં મુખકોના કોઈ એક વર્તુળમાં જ્યાં વ્યક્તિત્વ, પદાર્થ, વેગ મૂળભૂત શ્રેણીઓમાંથી પ્રત્યેક અથવા કોઈ એકનું વર્તુળ માત્ર એક વખત હોય તો તેને વ્યક્તિત્વ મુખક, પદાર્થ મુખક અને વેગ મુખકના ક્રમમાં વ્યવસ્થિત કરવું જોઈએ.

	વિષય	મુખક ક્રમ
1)	Prevention of Diseases	Agriculture [BF]
	in Rice Plant	Rice Plant [1P1]
		Diasease [1M1]
		Prevention [1E]
2)	Treatment of Lung Cancer	Medicine [BF]
		Lung [1P1]
		Cancer [1M1]
		Treatment [1E]

iv) અંતિમ વર્તુળમાં મુખક ક્રમની અભિધારણા
(Postulate of Facet Sequence within the Last Round)

કોઈપણ સંયુક્ત વિષયમાં મુખકોના અંતિમ વર્તુળમાં, જ્યાં વેગને બાદ કરીને પ્રત્યેક મૂળભૂત શ્રેણીનું વર્તુળ માત્ર એક વખત હોય તો આ મુખકોને વ્યક્તિત્વ મુખક, વસ્તુ મુખક, વેગ મુખક, સ્થળ મુખક, કાળ મુખકના ક્રમમાં વ્યવસ્થિત કરવા જોઈએ.

ઉપર્યુક્ત અભિધારણાનો ગંભીતાર્થ એ છે કે મૂળભૂત શ્રેણીઓના એકથી વધુ વર્તુળ હોઈ શકે છે. હવે પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે "વર્તુળ કોને કહેવામાં આવે છે ?" મુખકોના રૂપમાં મૂળભૂત શ્રેણીઓની એકથી વધુ વખત અભિવ્યક્તિને સ્પષ્ટ કરવાના ઉદ્દેશથી રંગનાથને "વર્તુળ (Rounds) અને સ્તર (Levels)" ની અભિધારણા પ્રતિપાદિત કરી છે.

વર્તુળની અભિધારણા અનુસાર, "મૂળભૂત શ્રેણી ''વેગ''ની એક જ વિષયમાં એકથી વધુ

વખત અભિવ્યક્તિ હોઈ શકે છે." તેની પ્રથમ અભિવ્યક્તિ ત્રણ મૂળભૂત શ્રેણીઓ વ્યક્તિત્વ, વસ્તુ તથા વેગની અભિવ્યક્તિ તેના બીજા વર્તુળને પૂરો કરે છે.

આ પ્રકારે મૂળભૂત શ્રેણીઓ - વ્યક્તિત્વ અને વસ્તુની અભિવ્યક્તિ પણ, પ્રથમ વર્તુળ તથા દ્વિતીય વર્તુળ વગેરેમાં હોઈ શકે છે.

'વ્યક્તિત્વ' અને 'વસ્તુ' જે વર્તુળથી સંબંધ રાખે છે તેના આધારે તેને [1P], [2P], [1M], [2M] વગેરે પ્રતીકો દ્વારા નિરૂપિત કરવામાં આવે છે.

તેમજ, મૂળભૂત શ્રેણીઓ 'સ્થાન' અને 'કાળ'ની અભિવ્યક્તિ વિષયના વર્તુળોમાંથી માત્ર અંતિમ વર્તુળમાં જ હોય છે.

ઉદાહરણ : Assessment of ultra-violet treatment of bone cancer in Karnataka in 1997.

મૂળ વિષય, મૂળભૂત શ્રેણીઓ, વર્તુળ, સ્તર વગેરેની અભિધારણાઓનો પ્રયોગ કરીને આ આખ્યાનું પૃથક્કરણ કરવામાં આવે તો આપણને નીચે મુજબ મુખક ક્રમ પ્રાપ્ત થશે.

Medicine [BF], Bone [1P], Cancer [1M], Treatment [1E], Ultraviolet Ray [2P], Assessment [2E], Karnataka [S], 1997 [T].

નોંધ : મૂળભૂત શ્રેણીમાં 'વ્યક્તિત્વ'ના [1P] અને [2P] ના રૂપમાં બે વખત, 'વસ્તુ'નું [1M] ના રૂપમાં એક વખત વેગનું [1E] અને [2E] ના રૂપમાં બે વખત, "સ્થળ અને કાળ", નું ક્રમશઃ [S] અને [T] ના રૂપમાં માત્ર એક જ વખત ઉપયોગ થયો છે. એક અવલોકન મુજબ સંયુક્ત વિષયમાં [S] અને [T] અંતિમ વર્તુળમાં આવે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉલ્લેખ કરવાનું ઉચિત રહેશે કે વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતના ક્ષેત્રમાં સ્પેસિયેટર (Speciator)ની વિભાવનાને અપનાવ્યા બાદ, મૂળભૂત શ્રેણી 'વેગ'ને પણ વિશિષ્ટતા પ્રદાન કરવાનું અપનાવી લેવામાં આવ્યું છે. સામાન્ય સ્વરૂપે તેનું પરિણામ એ આવ્યું કે જ્યાં સુધી મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ' અને 'વસ્તુ'નો સંબંધ છે વર્તુળની વિભાવનાને છોડી દેવામાં આવે. અત્યાર સુધી [2P], [2M], [3P], [3M] વગેરેને [1E], [2E] ના વર્તુળના આધારે શ્રેણી 'વેગ'ના 'સ્પેસિયેટર'ના રૂપમાં પ્રયોગમાં લાવવામાં આવે છે. તેમજ કેટલીક વિશેષ પરિસ્થિતિમાં તેના સ્વતંત્ર વર્તુળ પણ સંભવિત છે. ઉદાહરણ તરીકે side effect of treatment વિચારને [2M] ના રૂપમાં પ્રયોગમાં લાવી શકાય છે.

v) સ્તરથી અભિધારણા (Postulate of Level)

આ અભિધારણા અનુસાર, મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ' અને 'પદાર્થ'ની અભિવ્યક્તિ કોઈપણ વિષયના એ જ એક વર્તુળમાં એકથી વધુ વખત હોઈ શકે છે તથા આ પ્રકારે જ 'સ્થાન' અનેં 'કાળ'ની અભિવ્યક્તિ અંતિમ વર્તુળમાં મૂળભૂત શ્રેણીની પ્રથમ અભિવ્યક્તિને "સ્તર-1"ના રૂપમાં જાણી શકાય છે, તથા એ જ વર્તુળમાં આજ પ્રકારની દ્વિતીય અભિવ્યક્તિ 'સ્તર-2'ના રૂપમાં.

સ્તર સમૂહની અભિવ્યક્તિ (Postulate of Level-Cluster)

આ અભિધારણા અનુસાર, 'એક સંયુક્ત વિષયના મુખકોને એક જ વર્તુળમાં એજ મૂળભૂત શ્રેણીના વિભિન્ન સ્તરોના મુખક એક સાથે રાખવા જોઈએ.'

a) Criticism of shakespeare's Hamlet.

b) Hindu law of proporty

c) Diseases of levels of flowering plants and their treatment by chemical spray.

d) Quality of cotton fabrics for designing shirts.

ઉપર્યુક્ત ઉદાહરણોમાં પૃથકોનો એક સમૂહ જોવા મળે છે, જેને મૂળભૂત શ્રેણી 'વ્યક્તિત્વ'ની અભિવ્યક્તિ માની શકાય છે. પ્રથમ શીર્ષકમાં, **English, Drama, Shakespeare** અને **Hamlet** વ્યક્તિત્વ મુખકની અભિવ્યક્તિ માનવામાં આવે છે, તથા Criticism વેગ પૃથક છે. વ્યક્તિત્વ મુખકના એકલોનો ક્રમ 'ભીંત-ચિત્ર' સિદ્ધાંત અનુસાર મૂકવો જોઈએ. 'ભીંત-ચિત્ર' સિદ્ધાંત અનુસાર મુખકોના ક્રમ **language, form, author, work** થશે. બીજા ઉદાહરણમાં **Hindu law** ના પછી **Property** ને મૂકવામાં આવશે. કારણ કે બંને વ્યક્તિત્વ મુખકની અભિવ્યક્તિ છે. ત્રીજા ઉદાહરણમાં મૂળભૂત શ્રેણી વ્યક્તિત્વના પ્રથમ વર્તુળના સ્તરોના ક્રમમાં **flowering plant**ને પ્રથમ સ્થાને અને ત્યારબાદ **leaves** ને મૂકવામાં આવશે. ચોથા ઉદાહરણમાં **quality** અને **cotton fabrics** પદોને **M**ની અભિવ્યક્તિ માનવામાં આવી શકાય તથા તેનો ક્રમ **cotton fabrics, quality** હશે. પ્રલેખોનું વર્ગીકરણ તેમાં સમાવિષ્ટ વિષય-વસ્તુના આધારે મુખક પૃથક્કરણ અને સંયોજનની વિધિને અપનાવી કરવું જોઈએ. આવું કરતી વખતે આપણે એ ધ્યાન રાખવું જોઈએ કે પ્રલેખોના સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ માટે સહાયક અને તર્કસંગત પદોનો ક્રમ સ્થાપિત કરવાનો હોય છે તથા એવો ક્રમ સ્થાપિત કરવામાં અભિધારણાઓ અને સિદ્ધાંત સહાયક સિદ્ધ થાય છે. આ પ્રક્રિયામાં આપણે અભિધારણાઓ અને સિદ્ધાંતોનો ઠીક ઠીક અને યથાયોગ્ય પ્રયોગ કરવો જોઈએ. એ યાદ રહે કે મૂળ વર્ગની ઓળખ પછી જ મુખકપરક પદોને પોત-પોતાના ક્રમમાં વ્યવસ્થિત કરવાના રહેશે.

મુખક પૃથક્કરણ અને ક્રમ નિર્ધારણના સરળ ઉદાહરણો
(Sample Exercises in Facet Analysis and Sequencing)

અહીં પ્રત્યેક આખ્યાનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે. વિષય-વસ્તુનું નિરૂપણ કરનારા પદોને સુનિશ્ચિત કરવામાં આવ્યા છે, ત્યારબાદ આ પદોને ઉપર્યુક્ત ચર્ચા મુજબ અભિધારણાઓ તથા સિદ્ધાંતો અનુસાર વ્યસ્થિત કરવામાં આવ્યા છે.

1) Criticism of Shakespeare's Drama

Literature, English, Drama,

Shakespeare, Halmet, Criticism

Literature	BS
English	[1P1]
Drama	[1P2]
Shakespeare	[1P3]
Hamlel	[1P4]
Criticism	[E]

2) Hindu law of proparty

Law, Hindu, property

Law	[BS]
Hindu	[1P1]
Property	[1P2]

3) Diseases of leaves of flowering plants and their treatment by chemical spray;

Botany, Flowering plants, Leaves, Diseases, Treatment

Botany	[BS]
Flowering plants	[1P1]
Leaves	[1P2]
Diseases	[1MP1]
Treatment	[1E]

તમારી પ્રગતિ ચકાસો

9) રંગનાથન દ્વારા પ્રતિપાદિત મુખક ક્રમની અભિધારણાઓ તેમની પરિભાષા સહિત સમજાવો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

_____

_____

_____

_____

_____

_____

7.4.2 ડ્યૂઇ ડેસિમલ ક્લાસિફિકેશનમાં મુખક ક્રમ

(Facet Sequence in Dewey Decimal Classification)

જેમ કે આ એકમમાં અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ડી.ડી.સી.ના કોઠાઓમાં સંયુક્ત વિષયો માટે કોઈ પણ મુખક ક્રમનો વિશેષ સ્વરૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જો કે તેમાં મુખક પૃથક્કરણના સિદ્ધાંતનો અપ્રત્યક્ષ સ્વરૂપ પ્રયોગ કરવામાં આવ્યો છે પરંતુ પ્રલેખોના વર્ગીકરણ કરવા માટે બધા જ કોઠાઓમાં બધી જ જગ્યાએ વિસ્તૃત નિયમોનો ઉલ્લેખ અવશ્ય કરવામાં આવ્યો છે તથા આ નિયમોનું પાલન કરતી વખતે મુખક પૃથક્કરણ અને સંયોજનનો પ્રયોગ આવશ્યક બની જાય છે. આવો આ પ્રક્રિયાનું અધ્યયન કરીએ.

કૃષિશાસ્ત્ર અને સંબંધિત ટેકનોલોજિ વિષયનું વિભાજન સર્વપ્રથમ પાક ઉત્પાદન, ત્યારપછી ઈજા, રોગ, કીટક નિયંત્રણ અને ત્યારબાદ વ્યક્તિગત પાકો મુજબ કરેલ છે જે નીચે મુજબ આપેલ છે.

630 Agriculture and related technology

631 Crops and their production

632 Plant injuries, diseases, pests

633 Field

634 Orchards, fruits, forestry

635 Garden crops

હવે "**Harvesting of Peaches**" વિષય સંબંધિત પ્રલેખને કાં તો Harvestingને પસંદગી આપી 631 55ની અંતર્ગત કાં તો Peachesને પસંદગી આપી 63 .25 ની અંતર્ગત વર્ગીકૃત કરી શકાય છે. પરંતુ પ્રલેખના વિશિષ્ટ વિષય પર વિચાર કરતા બંને પક્ષો - પાક વિશેષ અને પાક ઉગાડવાનું સંયોજન આવશ્યક બની જાય છે. 634.25 ની અંતર્ગત

દર્શાવેલ નિયમ (Add as instructed under 633.635)માં એ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે કે 631 ની અંતર્ગત Harvestingને વ્યક્ત કરનારાના ઉપવિભાજન 5ને દૂર કરી પછી તેને 634.25 ની સાથે જોડીને બંને પક્ષોનું સંયોજન કરી શકાય છે. આ બંને પક્ષોના સંયોજનના ફળ સ્વરૂપ Harvesting of Peaches વિષયને વ્યક્ત કરનાર વર્ગાંક 634.255 પ્રાપ્ત થશે. આ પ્રકારે કોઠાઓમાં બધી જગ્યાએ વિભિન્ન પક્ષોને સંયોજક ચિહ્ન વગર સીધા જ જોડવા અથવા શૂન્ય (0) સંયોજક ચિહ્નની સાથે જોડવાનો ઉલ્લેખ છે. પરંતુ આ પક્ષોના ઉદ્ધરણ ક્રમ આ પદ્ધતિ દ્વારા જ નિર્ધારિત થાય છે, કોઈ અનિવાર્ય રૂપે કોઈ નિશ્ચિત સિદ્ધાંત અનુસાર નહીં.

જો કોઈ સ્થિતિ માટે કોઈ નિયમ ન હોય તો, કોઠાઓમાં અનેક સ્થાનો પર નિર્ધારિત નિયમોના અતિરિક્ત ડી.ડી.સી.માં એક ઉદ્ધરણ અનુક્રમસૂત્ર મળે છે. આ સૂચનાને આધારે પક્ષ અને તેનો ક્રમ અથવા પક્ષોનો ઉદ્ધરણ ક્રમ નીચે મુજબ છે.

વસ્તુઓ (Things)

વસ્તુઓના પ્રકાર (Kinds of things)

વસ્તુઓના ભાગ (Parts of things)

સામગ્રી જેનાથી વસ્તુઓ, તેના પ્રકારો તથા ભાગોનું નિર્માણ થાય છે, વસ્તુઓ, તેના પ્રકારો, ભાગો, સામગ્રીના ગુણધર્મો, તેનાં પ્રકારો, ભાગો, સામગ્રી સંબંધિત પ્રક્રિયાઓ, વસ્તુઓ, તેના પ્રકારો, ભાગો અથવા સામગ્રીના વિષયમાં સંક્રિયા તથા આ સંક્રિયાને સંપન્ન કરનારા એજન્ટ. ડી.ડી.સી.ની સંપાદકીય પ્રસ્તાવનાના પૃષ્ઠ 57 (ડી.ડી.સી., સંસ્કરણ 19, ખંડ-1, પ્રસ્તાવના, સારણી) પર ફકરો 8.55 ઉદ્ધરણ ક્રમની અંતર્ગત નિયમ-4ના રૂપમાં આ સૂચના આપવામાં આવી છે. આ નિયમમાં એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે "આ ઉદ્ધરણ ક્રમ સૂત્રને, જે સામાન્યતઃ તર્કસંગત તથા સહાયક સિદ્ધ થશે, પ્રયોગમાં લાવો."

7.4.3 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનમાં મુખક ક્રમ (Facet Squence in Universal Decimal Classification)

આ એકમના પેટાવિભાગ 7.3.4 માં અમે એ બતાવી ચૂક્યા છીએ કે ડી.ડી.સી.ની કરતાં યુ.ડી.સી.માં ઘણી વધુ પક્ષાત્મક વિધિઓ વિદ્યમાન છે. જો કે, યુ.ડી.સી.માં ન તો તેની પ્રસ્તાવનામાં ન તો તેના કોઠાઓમાં કોઈપણ જગાએ કોઈપણ વિશિષ્ટ ઉદ્ધરણ ક્રમનો અથવા મુખક ક્રમનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જો કે જેક મિલ્સ (Jack Mills) પોતાના પુસ્તક Guide to Universal Decimal Classification માં જે ઉદ્ધરણ ક્રમને દર્શાવેલ છે તે નીચે મુજબ છે.

વસ્તુઓ, પ્રકાર, ભાગ

સામગ્રી (Materials)

ગુણધર્મ (Properties)

પ્રક્રિયાઓ (Processes)

સંક્રિયાઓ (Operations)

એજન્ટ (Agent)

સામાન્ય અને વિશિષ્ટ સહાયકોના પોત-પોતાના વિશિષ્ટ મુખક સંકેતકોની સાથે પ્રયોગ કરીને, જ્યાં પણ આવશ્યક હોય, મુખક સંયોજનની પ્રક્રિયાને અપનાવવા માટેનો પૂર્ણ અવસર મળે છે.

વિશેષ સ્વરૂપે સંબંધ સૂચક ચિહ્નો કોલન (:), લઘુ કૌંસ [ ] અને બે કોલન (: :)ની સહાયતાથી મુખકોને જોડવાનું સરળ બની ગયું છે. ઉદાહરણ તરીકે Virus diseases of indoor plants વિષયથી સંબંધિત પ્રલેખનું વર્ગીકરણ કરવા માટે કોઠાઓમાં Virus diseases અને Indoor plants માટે અલગ-અલગ સ્થાનો પર અલગ-અલગ વર્ગાંક અર્થાત્ 635.91 અને 632.38 નો ઉલ્લેખ છે. એથી આ બંને વર્ગાંકોને સંબંધિ સૂચક કોલન (:)ની સહાયતાથી એક સાથે જોડીને વર્ગાંક 635.91 : 632.38 પ્રાપ્ત કરી શકાય છે. આની વિપરીત "Virus diseases"ને પ્રથમ મુખક અને "Indoor plants"ને દ્વિતીય મુખક બનાવીને જો કોઈ પુસ્તકાલય આ ક્રમને પસંદ કરવા ઇચ્છે તો ઉલ્ટાવેલા ક્રમમાં વર્ગાંક 632.38 : 635.91 આપી શકે છે. પરંતુ સંયોજન માટે બે કોલનનો ઉપયોગ કરવામાં આવે છે તો ઉલ્ટાવેલા ક્રમને અપનાવવામાં આવતો નથી.

વિભિન્ન પક્ષો કોઈ વિશિષ્ટ અધિમાન્ય અનુક્રમને સૂચિત કરવા માટે મુખક સંયોજક લઘુકૌંસ [ ]નો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે Indoor animones (Animones એક પ્રકારે ઘરમાં લગાવવામાં આવતો એક છોડ છે.)ને 635.91 : 582.675.1 વર્ગાંક આપવામાં આવશે. (582.675.1 વર્ગાંક animones ને વ્યક્ત કરે છે. પરંતુ કોઈ ગ્રંથાલય સામાન્ય શીર્ષક Horticultureની અંતર્ગત કોઈ વિશિષ્ટ છોડ સંબંધિત પ્રત્યેક મુખકને એક સાથે એકત્ર કરવા ઇચ્છે તો અહીં છોડ [અહીં Animones]ને મુખ્ય મુખક બનાવીને ગૌણ મુખક Indoorની સાથે વર્ગાંકને 635.91 [582.675.1]ના રૂપમાં પરિવર્તીત કરી શકાય છે.

આ સિદ્ધાંતને મુખક ઉદ્ધરણની સ્થિતિસ્થાપકતા (Flexibility in facet citation)ના રૂપમાં ઓળખવામાં આવે છે. આને યુ.ડી.સી.ની ક્ષમતાના રૂપમાં સ્વીકાર કરવામાં આવે છે, પરંતુ જો યુ.ડી.સી.નો ઉપયોગ કરનાર ગ્રંથાલય અલગ-અલગ મુખક ક્રમને પ્રયોગમાં લાવવાનું પસંદ કરે તો, તેને યુ.ડી.સી.ની અવાંછનીય વિશેષતા પણ સમજવામાં આવે છે.

વિશિષ્ટ સહાયકો પણ મુખક સંયોજનનો અવસર પ્રદાન કરે છે. યુ.ડી.સી.માં ત્રણ પ્રકારના વિશિષ્ટ સહાયકો છે, જે હાઇફન (–), શૂન્ય (0) તથા અવતરણ ચિહન (') મુખક સંયોજકો તરીકે પ્રયોગમાં લાવી શકાય છે. હાઇફન અને શૂન્ય કોઈ નિશ્ચિત મૂળ વર્ગમાં તે વર્ગની ઉપયુક્ત કોઈ વિશિષ્ટ મુખકને પ્રવર્તિત કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ : 62-31 Reciprocating valvegear paits

820-31 English novels

621.3.066 Electrical switch mechanism

66.066 Clarification, etc., Chemical Engineering

વર્તમાનમાં રસાયણશાસ્ત્ર અને તેનાથી મિશ્રિત વિષયોમાં 'અવતરણ ચિહ્ન'નો ઉપયોગ જુદા જ અભિપ્રાય સાથે કરવામાં આવે છે. આ વિષયોમાં તેનો ઉપયોગ પદાર્થ તત્ત્વોના સંયોજનને સૂચિત કરવા માટે તથા તે સિવાય સંજ્ઞાત્મકના રૂપમાં પણ કરવામાં આવે છે.

ઉદાહરણ : 546.33 Sodium

546.13 Chloride

546.33'13 Sodium chloride

7.5 કેટલાક સામાન્ય અવલોકનો (SOME GENERAL OBSERVATIONS)

મુખક પૃથક્કરણ અને મુખક ક્રમથી સંબંધિત ઉપર્યુક્ત અધ્યયનથી આપણને એ જાણવાનું મળે છે કે 'કોલન ક્લાસિફિકેશન'ના કોઠાઓમાં મુખક સંરચનાનું નિર્ધારણ સુનિશ્ચિત સૈદ્ધાંતિક આધાર પર કરવામાં આવ્યું છે. જો કે આ સૈદ્ધાંતિક આધાર આલોચનાનો વિષય બની રહે છે. જ્યારે કોઈ સૈદ્ધાંતિક આધારનું વિદ્યમાન હોવું અનિવાર્ય છે કારણ કે તેના અભાવમાં વર્ગોનું વ્યવસ્થાપનને ત્રુટિ રહિત નથી બતાવી શકાતું. ડી.ડી.સી. અને યુ.ડી.સી.માં મુખક પૃથક્કરણ અને સંયોજનનો ઉપયોગ કરવા માટે તદર્થ નિયમો બનાવવામાં આવેલ છે. પરંતુ આ તદર્થ નિયમોને આધારે વર્ગોનું સર્વાધિક ઇચ્છનીય વિષય-વંશાનુસાર ક્રમ મેળવી શકાતો નથી. પોતાની સંરચનાની ત્રુટિઓને સ્વીકાર કરતા ડી.ડી.સી.ની એ નીતિ રહી છે કે તેની સંરચનામાં કોઈ એવા મૂળભૂત પરિવર્તનોનો સમાવેશ કરવામાં ન આવે જેથી દુનિયાભરના હજારો ગ્રંથાલયોમાં તેનો ઉપયોગ મુશ્કેલીમાં ન મૂકાઈ જાય. જ્યારે જ્યાં જ્યાં આવશ્યક બન્યું છે ત્યાં મુખક પૃથક્કરણની જોગવાઈ કરીને આ સમસ્યાનો સામનો કરવામાં આવ્યો છે. યુ.ડી.સી.માં પક્ષ પૃથક્કરણ અને સંયોજનની વધુ સુવિધા ઉપલબ્ધ છે. પરંતુ ડી.ડી.સી.ની સંરચનાને અનુકૂળ બનાવવા ફળસ્વરૂપ કેટલીક ત્રુટિઓ અવશ્ય રહેવા પામી છે, જે યુ.ડી.સી.ના મુખક પૃથક્કરણ અને સિદ્ધાંતોના ઉપયોગના ક્ષેત્રને સીમિત બનાવી દે છે. આધુનિક યુગમાં આ ત્રણે વર્ગીકરણ પદ્ધતિઓમાં પેઢીઓનું અંતર વધી ગયું છે. ડી.ડી.સી. અને યુ.ડી.સી.માં વાઙ્મયસૂચિગત વર્ગીકરણની વિસ્તારશીલ અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા કોઈ પ્રબળ કે કઠોર પરિવર્તન કરવાનું સંભવ નથી. ગ્રંથાલય અને વાઙ્મયસૂચિગત વર્ગીકરણના ક્ષેત્રમાં રંગનાથને જે સૈદ્ધાંતિક આધાર પ્રદાન કરેલ છે તેનાથી ભવિષ્યની વર્ગીકરણ પદ્ધતિઓને લાભ થશે.

તમારી પ્રગતિ ચકાસો

10) યુ.ડી.સી.માં બે કોલનના ઉપયોગ વિશે પાંચ લીટીમાં સ્પષ્ટતા કરો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

7.6 સારાંશ (SUMMARY)

આ એકમમાં,

i) રંગનાથનની પાંચ મૂળભૂત શ્રેણીઓનું ઉદાહરણ સહિત સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે.

ii) મુખક પૃથક્કરણ અને મુખક ક્રમની અભિધારણાઓ અને વિધિવિદ્યાઓની પરિભાષા આપવામાં આવી છે તથા ગ્રંથાલયમાં પ્રલેખોના વર્ગીકરણમાં તેના અનુપ્રયોગની વ્યાખ્યા આપવામાં આવી છે.

iii) મુખક ક્રમની અભિધારણાઓ અને સિદ્ધાંતોનો તથા સી.સી., ડી.ડી.સી. અને યુ.ડી.સી.માં તેના અનુપ્રયોગને સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

7.7 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) ગ્રંથાલય વિજ્ઞાનના મુખકો નીચે મુજબ છે.

Library Science		મૂળ વિષય
Libraries	વ્યક્તિત્વ	ઉ.ત., વિશિષ્ટ પુસ્તકાલય
Collection	વસ્તુ	ઉ.ત., પેટન્ટસ

Activities	વેગ	ઉ.ત., નિર્દેશીકરણ
Delhi	સ્થાન	ઉ.ત., દિલ્હી
1987	કાળ	ઉ.ત., 1987

2) ફર્નિચર નિર્માણના મુખકો નીચે મુજબ છે.

Furniture	વ્યક્તિત્વની અભિવ્યક્તિ છે.
Material	વસ્તુની અભિવ્યક્તિ છે.
Corpenting	પ્રક્રિયાની અભિવ્યક્તિ છે.
Delhi	સ્થાન મુખકની અભિવ્યક્તિ છે.
1997	કાળ મુખકની અભિવ્યક્તિ છે.

3) 'વેગ' માનસિક કે શારીરિક કોઈપણ પ્રકારના કાર્યને દર્શાવે છે. જે અન્ય બધી સત્તાઓને ક્રિયાશીલ બનાવે છે. શિક્ષણશાસ્ત્ર શિક્ષણ પ્રાપ્ત કરવું તથા અધ્યાપન ક્રિયાઓ 'વેગ'ની અભિવ્યક્તિ છે.

4) 'વસ્તુ'ને સામાન્યતઃ સામગ્રી, પદાર્થ, વસ્તુ વગેરેની અભિવ્યક્તિ માનવામાં આવે છે. રંગનાથને બે પ્રકારના વસ્તુ મુખકની ઓળખ કરી છે. — (ક) વસ્તુ - સામગ્રી (Matter Mateiral) (MM) અને (ખ) પદાર્થ - ગુણધર્મ (Matter - Property) (MP) ઉદાહરણ તરીકે રસોઈ ઘરના વાસણોના નિર્માણ માટે પ્લાસ્ટિક (MM) આલ્કોહોલની બાષ્પશીલતા.

5) વ્યક્તિત્વ કોઈપણ વિષયનું મુખ્ય અંગ હોય છે. વિષયના અન્ય બધા જ પાસા આ મુખ્ય અંગથી સંબંધિત હોય છે. કૃષિશાસ્ત્રમાં 'પાક', સમાજશાસ્ત્રમાં વ્યક્તિઓના 'સામાજિક સમૂહ', રસાયણશાસ્ત્રમાં 'વસ્તુ' આ બધા જ વ્યક્તિત્વ શ્રેણીના ઉદાહરણ છે.

6) મુખક પૃથક્કરણની પ્રવિધિના ઉપયોગ તથા લાભ નીચે મુજબ છે.

ક) કોઈપણ વિશિષ્ટ વિષયથી સંબંધિત પ્રલેખનું વર્ગીકરણ કરતા પૂર્વે-પૃથક્કરણ કરવું મૂળભૂત અને પ્રાથમિક સોપાન હોય છે.

ખ) તે વર્ગીકરણ પ્રણાલીની રૂપરેખા તૈયાર કરવા માટે વિષયોની સંરચનાના કાર્યમાં સહાયક બને છે.

ગ) તે વિષય નિર્દેશીકરણ, ઉપયોગકર્તાઓના પ્રશ્નોનું પૃથક્કરણ તથા સાહિત્ય શોધના કાર્યમાં ઘણી ઉપયોગી સહાયતા પ્રદાન કરે છે.

7) ડી.ડી.સી. દ્વારા પ્રલેખોનું વર્ગીકરણ કરતી વખતે મુખક પૃથક્કરણનું કાર્ય સામાન્ય નિયમો અને કોઠાઓમાં અનેક જગ્યાએ વિશેષ સ્વરૂપે ઉલ્લેખિત નિયમોને આધારે કરવામાં આવે છે. કોઈપણ વિશિષ્ટ વિષયનું સૂક્ષ્મ વિભાજન કરવા માટે વિસ્તૃત નિયમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે અનુસાર કોઠાઓમાં અન્ય જગ્યાઓ પર

ઉલ્લેખિત વિભાજનોને નિર્દિષ્ટ વિષયની સાથે જોડીને વિભાજન કરી શકાય છે. માનક ઉપવિભાજન, ભૌગોલિક કોઠાઓ, કાળ વિભાજન વગેરે કેટલીક અન્ય યુક્તિઓ છે. જે મુખક પૃથક્કરણના કાર્યમાં સહાયતા પ્રદાન કરે છે.

8) યુ.ડી.સી.ની મુખકીય સંરચનાઓ નીચે મુજબ છે.

સ્થાન, જાતિ અને રાષ્ટ્રીયતા, કાળ દૃષ્ટિકોણ સૂચક સામાન્ય સહાયક, બે કે બેથી અધિક મુખકોને જોડવા માટે સંકેતક અર્થાત્, કોલન (:), લઘુકૌંસ [ ] અને બે કોલન (: :) વિશિષ્ટ સહાયક પોત-પોતાના વિશિષ્ટ સંકેતકો દ્વારા મૂળ વર્ગની સાથે તેના સંબંધિત મુખકોનો સમાવેશ કરે છે. અનેક સ્થાનો પર કોઈ મુખક વિભાજનને કોઈપણ વર્ગની સાથે, જ્યાં આ પ્રકારના વિભાજનની આવશ્યકતા હોય છે, પ્રયોગમાં લાવવાનું સૂચન આપવામાં આવ્યું છે.

9) રંગનાથન દ્વારા પ્રતિપાદિત મુખક ક્રમની ત્રણ અભિધારણાઓ નીચે મુજબ છે.

i) મૂર્તતાની અભિધારણા : પાંચ મૂળભૂત શ્રેણીઓને તેની ઘટતી જતી મૂર્તતા અનુસાર PMEST ક્રમમાં વ્યવસ્થિત કરવામાં આવે છે.

ii) વર્તુળની અભિધારણા : જો મૂળભૂત શ્રેણી વેગની એક જ વિશિષ્ટ વિષયમાં એકથી વધુ વખત અભિવ્યક્તિ હોય છે ત્યારે બે વેગ પૃથકોનો ક્રમ સામાન્ય સિદ્ધાંત "ભીંત-ચિત્ર સિદ્ધાંત" અનુસાર નિર્ધારિત કરવામાં આવે છે.

iii) સ્તરની અભિધારણા : કોઈ વિશિષ્ટ વિષયના મુખકોમાં વ્યક્તિત્વ અને પદાર્થ મૂળભૂત શ્રેણીઓમાંથી કોઈની પણ અભિવ્યક્તિ એકથી વધુ વખત તે વર્તુળમાં હોઈ શકે છે. પૃથકોની અભિવ્યક્તિને "ભીંત-ચિત્ર સિદ્ધાંત" અનુસાર કરવી જોઈએ.

10) યુ.ડી.સી.માં મુખક સંબંધ સૂચક ચિહ્ન બે કોલન (: :)નો ઉપયોગ એ જ સમયે કરી શકાય છે જ્યારે બે મુખકો ઉલ્ટાવેલા ક્રમમાં મૂકવાની આવશ્યકતા નથી. પરંતુ જ્યારે બે મુખક પૃથકોને જોડવા માટે કોલન (:)નો ઉપયોગ કરવામાં આવ્યો હોય ત્યારે બંને મુખકોને સામાન્ય કે ઉલ્ટાવેલા ક્રમમાં વ્યવસ્થિત કરી શકાય છે. બે કોલન (: :)નો ઉપયોગ કરતી વખતે ઉલ્ટાવેલ ક્રમની પ્રવિધિને અપનાવવામાં આવતી નથી.

7.8 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

સહાયક (Auxiliary) : અતિરિક્ત, પૂરક

મૂળ વિષય (Basic Subject) : સામાન્યતઃ પરંપરાગત વિષયોને સૂચિત કરે છે. કોલન ક્લાસિફિકેશનમાં મૂળ વિષયની અભિવ્યક્તિનો ઉલ્લેખ છે. જે અનુસાર મૂળ વિષય, મૂળ મુખક, મૂળ વર્ગ બધા પદો પર્યાયવાચી છે.

ઉદ્ધરણ ક્રમ (Citation Order) : કોઈપણ વિષયના મુખકોનો ક્રમ નિશ્ચિત કરનાર ક્રમ (આ પક્ષ મુખક ક્રમ અને મુખક સંયોજનનો પર્યાયવાચી છે.)

વર્ગીકરણકાર (Classificationist) : એ વ્યક્તિ જે વિષયોના વર્ગીકરણ હેતુ વર્ગીકરણ પદ્ધતિનું પ્રતિપાદન કરે છે.

વિષય વસ્તુ પૃથક્કરણ (Content Analysis) : વિષય વિવરણના આધારે પ્રલેખોમાં સમાવિષ્ટ વિષય-વસ્તુનું પૃથક્કરણ કરી વિષયથી સંબંધિત વિભિન્ન મુખકોની ઓળખ કરવી.

મુખક (Facet) : કોઈ વિશેષતાનો અનુપ્રયોગ કરીને પ્રાપ્ત કરવામાં આવેલ પૃથક સમૂહ ઉદાહરણ તરીકે રસાયણશાસ્ત્રમાં 'ગંધક' પદાર્થ મુખકથી સંબંધિત એક પૃથક છે.

મુખક પૃથક્કરણ (Facet Analysis) : પ્રલેખોમાં સમાવિષ્ટ વિષય વસ્તુના તેનાથી સંબંધિત મુખકોમાં પૃથક્કરણ કરવું.

મુખક સંકેતક (Facet Indicator) : બે મુખકોને જોડનારું ચિહ્ન તેને યોજક ચિહ્ન પણ કહેવામાં આવે છે.

સહાયક અનુક્રમ (Helpful Order) : વિષયો, તેનો મુખકો અને પૃથકોનું તર્કસંગત વ્યવસ્થાપન જે ગ્રંથાલયોમાં ફલકો પર પ્રલેખોને વ્યવસ્થિત કરવા અને પ્રદર્શિત કરવામાં સહાયક હોય છે.

પૃથક (Isolate) : એ પૃથક વિચાર જે કોઈ મૂળ વિષયની સાથે મેળ ખાતો હોય. ઉદાહરણ તરીકે કૃષિવિજ્ઞાનમાં ડાંગરનો છોડ એક પૃથક છે.

મેટ્રિક્સ (Matrix) : પંક્તિઓ અને સ્તંભોના રૂપમાં વિચારોનું કાટખૂણે વ્યવસ્થાપન સારણી-1માં મુખકોના અંક પંક્તિમાં તથા વિષયો અને તત્સંબંધી મુખકોને એક સ્તંભના રૂપમાં બતાવવામાં આવેલ છે.

વર્ગીકરણના કોઠાઓ (Schedules of Classification) : મૂળ વર્ગો, તેના મુખકો, પૃથકો વગેરેની સૂચિઓ જેને પ્રતીક ચિહ્નનો ઉપયોગ કરીને સુનિયોજિત રીતે વ્યવસ્થિત કરવામાં આવેલ હોય.

માનક ઉપ-વિભાજન
(Standard Subdivisions)

: DDCમાં સંજ્ઞાની એક સારણી જેમાં વારંવાર સ્વરૂપો કે નિરૂપણ વિધિઓનો ઉલ્લેખ છે તથા જેને કોઈપણ વિષય અથવા વિદ્યા વિશેષની સાથે પ્રયોગમાં લાવી શકાય છે. તેને કોઠાઓમાં ઉલ્લેખિત કોઈપણ અંક સાથે આવશ્યકતા અનુસાર જોડી શકાય છે.

7.9 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Dewey Decimal Classification and Relative Index. (1979). 19th ed. 3 Vol. Albany : Lake Placid Education Foundation.

Foskett, A.C. (1982). *subject Approach to Information*. 4th ed. Clive Bingely : London. Chapters 2, 5, 6, 17 and 18.

Krishan Kumar (1985). *Theory of Classification*. New Delhi : Vikas.

Ranganathan, S. R (1988). *Colon Classification*. 7th ed. Edited by M.A. Gopinath. Bangalore : Sarda Ranganathan Endowment Library Science. Chapter CP.

Ranganathan, S. R. (1965). *A Descriptive Account of Colon Classification* Bombay : Asia Publishing House.

Ranganathan, S.R. (1962). *Elements of Library Classification*. 3rd ed. Bombay : Asia Publishing House.

એકમ-8 પાર્શ્વ સંબંધ અને સામાન્ય પૃથકો

રૂપરેખા

8.0 ઉદ્દેશો

8.1 પ્રસ્તાવના

8.2 મૂળ, સંયુક્ત અને જટિલ વિષય

8.3 પાર્શ્વ સંબંધ

8.3.1 પાર્શ્વ સંબંધની જાતિઓ

8.3.2 પાર્શ્વ સંબંધના પ્રકાર

8.3.3 વર્ગીકરણ પદ્ધતિઓમાં પાર્શ્વ સંબંધ

8.4 સામાન્ય પૃથક

8.4.1 સામાન્ય પૃથકોના અર્થ અને તેની આવશ્યકતા

8.4.2 સામાન્ય પૃથકોનો ઈતિહાસ

8.3.3 સામાન્ય પૃથકોના પ્રકાર

8.4.4 કોલન ક્લાસિફિકેશનમાં સામાન્ય પૃથકો

8.4.5 ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશનમાં સામાન્ય પૃથકો

8.3.6 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનમાં સામાન્ય પૃથકો

8.5 સારાંશ

8.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

8.7 ચાવીરૂપ શબ્દો

8.8 સંદર્ભો અને વિશેષ વાંચન

8.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ ખંડના એકમ 6 અને 7 એકમોમાં તમને ગ્રંથાલય વર્ગીકરણમાં અભિધારણા અને પ્રણાલી અભિગમો, ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓ અર્થાત્, કોલન ક્લાસિફિકેશન, ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન અને યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનના સંદર્ભમાં મુખકોનું સામાન્ય પૃથક્કરણ અને સંયોજનની બાબતમાં જાણકારી મેળવી. પ્રસ્તુત એકમમાં એક અન્ય પ્રકારના સંબંધ, જેને પાર્શ્વ સંબંધ કહેવામાં આવે છે, તેનાથી તમારો પરિચય કરાવીએ છીએ. આ

પ્રકારના સંબંધ આંતર જ્ઞાનશાખીય (Inter disciplinary) વિષયોમાં જોવા મળે છે. અહીં આપણે સંબંધોની વિવિધ જાતિઓ અને વિભિન્ન પ્રકારના સંબંધો, પાર્શ્વ પૃથક્કરણ અને સંયોજનના સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ તથા ઉપર્યુક્ત ત્રણ વર્ગીકરણ પદ્ધતિઓના સંદર્ભમાં તેના નિરૂપણનું અધ્યયન કરીશું. આ સિવાય આ એકમમાં સામાન્ય પૃથકો તથા વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં તેના ઉપયોગનું વર્ણન કરવામાં આવેલ છે.

આ એકમનું અધ્યયન કર્યા પછી, તમે;

- વિષયોમાં વિભિન્ન જાતિ અને પ્રકારના પાર્શ્વ સંબંધની ઓળખ મેળવી શકશો,
- પાર્શ્વ પૃથક્કરણ અને સંયોજન સંબંધિત સિદ્ધાંતો અને પ્રક્રિયાઓની જાણકારી પ્રાપ્ત કરી શકશો;
- પાર્શ્વ પૃથક્કરણ અને સંયોજનની પ્રવિધિઓનો ઉપયોગ કરી પાર્શ્વ સંબંધોને પ્રગટ કરનારા પ્રલેખોનું વર્ગીકરણ કરી શકશો;
- સામાન્ય પૃથકોની વિભાવનાને સમજી શકશો તથા તેની આવશ્યકતાનું મૂલ્યાંકન કરી શકશો; તથા
- વિભિન્ન પ્રકારના સામાન્ય પૃથકોની ઓળખ મેળવી સી.સી., ડી.ડી.સી. અને યુ.ડી.સી.માં તેના ઉપયોગ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરી શકશો.

8.1 પ્રસ્તાવના (INTRODUCTION)

નિરંતર વિસ્તારશીલ જ્ઞાનવિશ્વના ક્ષેત્રમાં, વિશેષ સ્વરૂપે, ગત પચાસ વર્ષમાં, જે અત્યધિક સ્પષ્ટ વિશેષતા દૃષ્ટિગોચર થઈ છે, તે છે આંતર જ્ઞાનશાખીય વિષયોનો આવિર્ભાવ. આ નવા વિષયોના પરિપ્રેક્ષ્યમાં, આ પ્રકારના પ્રલેખોનું વર્ગીકરણ કરવા તથા તેનો સંગ્રહ તથા તેની પુનઃપ્રાપ્તિ હેતુ તેને સહાયક ક્રમમાં વ્યવસ્થિત કરવા માટે નિઃસંદેહ નવીન પ્રવિધિઓની આવશ્યકતા રહે છે. રંગનાથને આ નવીન વિષયોની સંરચના ઓળખ કરી તથા તે જટિલ વિષયથી ઓળખાવવા લાગ્યા કે જેમાં બે વિષયોના પારસ્પારિક સંબંધ પ્રદર્શિત થાય છે.

આ એકમમાં આપણે મિશ્રિત વિષયો, જે મૂળ અથવા સંયુક્ત વિષયોની બે પાસાઓને વ્યક્ત કરે છે, કે વર્ગીકરણથી સંબંધિત સૈદ્ધાંતિક તત્ત્વો અને પ્રવિધિનું અધ્યયન કરીશું. મુખક પૃથક્કરણ અને સંયોજનની જેમ આ પ્રવિધિ પાર્શ્વ પૃથક્કરણ અને સંયોજનના નામથી ઓળખાય છે.

આપણે કોલન ક્લાસિફિકેશન અનુસાર આ પ્રકારના પ્રલેખોનું વર્ગીકરણ કરવા માટે વિભિન્ન જાતિ અને પ્રકારના પાર્શ્વ સંબંધો અને સિદ્ધાંતો તથા પ્રક્રિયાનું અધ્યયન કરીશું. તે સાથે જ ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન અને યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન અનુસાર આ પ્રકારના પ્રલેખોનું વર્ગીકરણ કરવા માટે નિર્ધારિત નિયમો તથા પ્રક્રિયાઓનું પણ અધ્યયન કરીશું.

સર્વપ્રથમ આપણે મૂળ, સંયુક્ત અને જટિલ વિષયોની ભિન્નતાને સ્પષ્ટ કરીશું ત્યારબાદ આપણે એ વિધિનું અધ્યયન કરીશું. જે અનુસાર વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં આ પ્રકારના વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ સિવાય આ એકમમાં, વિભિન્ન પ્રકારના સામાન્ય પૃથકોની આવશ્યકતા, તેનો વિકાસ અને સી.સી., ડી.ડી.સી. અને યુ.ડી.સી.મા તેના પ્રયોગ પર વિશેષ પ્રકાશ પાડીશું.

8.2 મૂળ, સંયુક્ત અને મિશ્રિત વિષયો (BASIC, COMPOUND AND COMPLEX SUBJECTS)

પાર્શ્વ પૃથક્કરણની ધારણાની સ્પષ્ટ જાણકારી પ્રાપ્ત કરવા માટે, સર્વ પ્રથમ મૂળ વિષય (BS. - Basic subject), સંયુક્ત વિષય (Cds; Compound Subject) અને જટિલ વિષય (CxS; Complex Subject)ની પરિભાષાઓથી પરિચિત થવું લાભદાયક રહેશે.

મૂળ વિષય એ વિષય છે.

ક) જેની પરિગણના મૂળ વિષયોના કોઠાઓમાં કરવામાં આવી હોય;

ખ) જેને કોઈપણ વિદ્યમાન મૂળ વિષયના સંયુક્ત વિષયના સ્વરૂપમાં અભિવ્યક્ત નથી કરી શકાતા, અથાર્ત, એ વિષય જેની સાથે કોઈપણ પૃથક વિચાર, તેના ઘટકના સ્વરૂપમાં જોડાયેલ હોય નહીં;

ગ) જો રંગનાથન દ્વારા પ્રતિપાદિત વૈજ્ઞાનિક વિધિની કુંડળી (Spiral of Scientific Method)નું એક પૂરું ચક્કર વિકસીત કરવામાં આવ્યું છે. તે સિવાય આ વિષય નિર્માણની વિભિન્ન વિધિઓને પણ પ્રદર્શિત કરે છે. (આ પાઠ્યક્રમનું એકમ 5 જુઓ.)

ઘ) જેના માટે વિશિષ્ટ વ્યક્તિત્વ, વસ્તુ અને વેગ પૃથકોનું કોઠાઓમાં સાવધાન હોવું આવશ્યક છે.

ઙ) જેમાં કેટલીક વિશેષજ્ઞતા વિદ્યમાન છે. જેમ કે શૈક્ષણિક અને/અથવા વ્યાવસાયિક. આ વિશેષતાના સૂચક નીચે મુજબ છે.

- તેનાથી સંબંધિત વ્યાવસાયિક સંસ્થાઓનું વિદ્યમાન હોવું.
- તેની પર ઓછામાં ઓછું સ્નાતક સ્તર સુધીનું શિક્ષણ આપવામાં આવતું હોય,
- તેની પર સામયિક પ્રકાશન પ્રકાશિત થઈ રહ્યાં હોય,
- તેનાથી સંબંધિત પૂર્ણ ગ્રંથો ઉપલબ્ધ હોય.

ઉદાહરણ તરીકે ગણિત, અર્થશાસ્ત્ર, કાયદો

મૂળ વિષય અનેક પ્રકારના હોય છે. મૂળ વિષયોના નિર્માણની વિધિઓ અને મૂળ વિષયના પ્રકારોના સહસંબંધનો સંક્ષિપ્ત ઉલ્લેખ નીચે મુજબ છે.

પ્રાથમિક મૂળ વિષય		અપ્રાથમિક મૂળ વિષય
	..... વિભાજન (Fission)	ગૌણ મૂળ વિષય
	..... સ્તરીકરણ (Lamination)	સંયુક્ત વિષય
	..... આંશિક વ્યાપક (Agglomeration)	આંશિક વ્યાપક મૂળ વિષય

બધા અન્ય પ્રકારના મૂળ વિષયો માટે પ્રાથમિક મૂળ વિષય એક મુખ્ય ઢાંચો પ્રસ્તુત કરે છે.

સંયુક્ત વિષય (Compound Subject) : એ વિષય જેમાં કોઈ એક મૂળ વિષયની સાથે એક કે એકથી વધુ પૃથક વિચાર ઘટકના સ્વરૂપમાં જોડાયેલા હોય.

ઉદા. તરીકે : Chemistry of alcohol – Chemistry (BS)

Alkohol (IsI)

Morphology of flowering plants - botany (BS), flowering plants (IsI), morphology (IsI)

જટિલ વિષય (Complex Subject) : એ વિષય જેની રચના બે કે બેથી વધુ વિષયો, મૂળ અથવા સંયુક્તના સંયોજનથી બને છે.

ઉદા. તરીકે : General relation between economics and sociology.

Economics for statisticians.

Economics influenced by political factors.

તમારી પ્રગતિ ચકાસો

1) મૂળ, સંયુક્ત અને જટિલ વિષયોની ઉદાહરણ સાથે પરિભાષા આપો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

_____

_____

_____

8.3 પાર્શ્વ સંબંધ (PHASE RELATION)

પાર્શ્વ સંબંધનો અર્થ છે બે અથવા બેથી વધુ –

ક) વિષયો (મૂળ અથવા સંયુક્ત) તથા

ખ) પૃથક વિચારો (એક જ મુખકથી સંબંધિત અથવા એક જ પંક્તિથી સંબંધિત પૃથક વિચાર)ને એક સાથે એકત્ર કરવા.

આ પ્રકારના સંયોજન, સંકલનના (Assembly) ઘટકોની વચ્ચે કોઈ એક કે અન્ય યથાસંભવ સંબંધોને વ્યક્ત કરવા માટે કરવામાં આવે છે. તેના પરિણામ સ્વરૂપ જટિલ વિષય, જટિલ પૃથક વિચાર અથવા જટિલ પંક્તિ પૃથક વિચાર (જેવી પણ સ્થિતિ હોય)ની રચના હોય છે.

આ સંકલિતના પ્રત્યેક ઘટક ક્રમશઃ એક "પાર્શ્વ" કહેવાય છે.

આ સંકલનમાં તેના (ઘટકોના) ક્રમને આધારે "પાર્શ્વ 1" કે "પાર્શ્વ 2"ના નામથી ઓળખવામાં આવે છે.

8.3.1 પાર્શ્વ સંબંધોની જાતિઓ (Types of Phase Relation)

પાર્શ્વ સંબંધો ત્રણ પ્રકારના હોય છે. આ સંબંધઃ

1) બે કે બેથી વધુ વિષયો હોઈ શકે છે, તેને આંતર-વિષય પાર્શ્વ સંબંધ (Inter Subject Phase Relation) કહેવામાં આવે છે.

2) મુખક પૃથકોની એ જ અનુસૂચિની અંતર્ગત બે કે તેથી વધુ પૃથકોની વચ્ચે હોઈ શકે છે તેને આંતર-મુખક પાર્શ્વ સંબંધ (Intra-facet Phase Relation) કહેવામાં આવે છે, અથવા

3) પંક્તિ પૃથકોમાંથી બે કે બેથી વધુ પૃથકો વચ્ચે હોઈ શકે છે, તેને આંતર-પંક્તિ પાર્શ્વ સંબંધ (Intra - Array Phase Relation) કહે છે.

આંતર-વિષય પાર્શ્વ સંબંધ (Inter-Subject Phase Relation)

જ્યારે બે વિષયો વચ્ચે પારસ્પરિક ક્રિયા સંબંધ હોય છે તો તેને આંતર-વિષય પાર્શ્વ સંબંધ કહેવામાં આવે છે. નીચે જણાવેલ આખ્યાઓ પર વિચાર કરો.

Sociology for economists

Statistical analysis in library management.

Wether forecasting for the cultivation of the rice crop.

પ્રથમ ઉદાહરણમાં બે મુખ્ય વર્ગો Sociology અને Economicsને ભેગા કરવામાં આવ્યા છે. આ શીર્ષકમાં વિશિષ્ટ વિષય Sociology છે, જેને અર્થશાસ્ત્રીઓની વિશેષ આવશ્યકતાઓને અનુકૂળ બતાવવામાં આવેલ છે. દ્વિતીય ઉદાહરણમાં ગ્રંથાલય સંબંધને સાંખ્યકીય પૃથક્કરણનો પ્રયોગ એક ઉપકરણ (tool) વિષયના સ્વરૂપમાં કરવામાં આવેલ છે. અહીં "Library Science" અને "Statistics"ને ભેગા કરવામાં આવેલ છે.

ત્રીજા ઉદાહરણમાં બે સંયુક્ત વિષય "ઋતુ પૂર્વાનુમાન" ઋતુવિજ્ઞાન meteorology માંથી તથા ડાંગરની ખેતી agriculture માંથી ભેગા કરવામાં આવેલ છે.

આંતર-મુખક પાર્શ્વ સંબંધ (Intra-Facet Phase Relation)

આંતર-મુખક પાર્શ્વ સંબંધની અંતર્ગત એક જ મુખકના બે પૃથક વિચારોનો પારસ્પરિક સંબંધ વ્યક્ત થતો હોય છે. આ પ્રમાણે એક જટિલ/મિશ્રિત વિષયની રચના થાય છે. ઉદાહરણ તરીકે,

Comparative study of Buddhism and Jainism.

Difference between democracy and oligarchy.

Influence of aristocracy on rural folks.

પ્રથમ ઉદાહરણમાં ધર્મ મુખકથી સંબંધિત બે ધાર્મિક માન્યતાઓનો તુલનાત્મક અભ્યાસ છે. બીજા ઉદાહરણમાં રાજયનીતિશાસ્ત્રની અંતર્ગત 'રાજ્ય પ્રકાર' નામક મુખકના બે પૃથક વિચારોનું પારસ્પરિક ભિન્નતાનું અધ્યયન કરવામાં આવેલ છે. ત્રીજા ઉદાહરણમાં, ગ્રામીણ જનતા પર ઉમરાવ વર્ગના પ્રભાવનું અધ્યયન કરવામાં આવેલ છે. આ બંને પૃથકો સમાજશાસ્ત્રીની અંતર્ગત "સામાજિક જૂથ" (Social group) નામક એક જ મુખકથી સંબંધ રાખે છે. નીચે દર્શાવેલ રેખાચિત્રમાં આંતર મુખક પાર્શ્વ સંબંધને પ્રદર્શિત કરવામાં આવેલ છે. *તારક (Asterisk) ચિહ્ન પારસ્પરિક સંબંધને સૂચિત કરે છે.

Religion

Facet 1	Facet 2
Religion	**Property**
Vedic	Mythology
Hinduism	Theology
Jainism*	Religious
Buddhism*	Practices
etc	

Political Science

Facet 1	Facet 2
Form of government	**Property**
Monarchy	Origin
Aristocracy	Nature
Oligarchy*	Function
Democracy*	

Sociology

Facet 1	Facet 2
Social group	**Activities**
by population cluster	
Rural*	
Urban	
City	
by occupation	
Technical	
Managerial	
by socila state	
Aristocracy*	

કોઈ "બે પાર્શ્વ" યુક્ત વિષયમાં એ ઘટક કે વિવરણનું લક્ષ્ય છે, તેનો 'પ્રાથમિક પાર્શ્વ' (Primary phase)ના સ્વરૂપમાં ઉલ્લેખ કરવામાં આવે છે, બીજું ઘટક જે પ્રથમ પાર્શ્વને સ્પષ્ટ કરે છે તે ગૌણ પાર્શ્વ (Secondary phase)નું છે. પેટાવિભાગમાં ઉલ્લેખિત ઉદાહરણોમાં પ્રથમ અને દ્વિતીય પાર્શ્વને સરળતાથી ઓળખી શકાય છે.

આંતર-પંક્તિ પાર્શ્વ સંબંધ (Intra-Array Phase Relation)


આંતર-પંક્તિ પાર્શ્વ સંબંધની અંતર્ગત કોઈ મુખકની એક જ પંક્તિના બે પૃથક વિચાર અન્યોન્ય સંબંધિત હોય છે. આ પ્રકારના જટિલ વિષયોના ઉદાહરણ નીચે મુજબ છે.

1) Comparision of rural and urban life.

2) Difference between laws relating to dacocity and theft.

3) The relationship between politically handicapped and Socially handicapped persons in psychology.

ઉપર્યુક્ત ઉદાહરણોમાં એક નિશ્ચિત મુખકની એક પંક્તિના પૃથકો વચ્ચે પારસ્પરિક સંબંધ વ્યક્ત કરવામાં આવ્યો છે. પ્રથમ ઉદાહરણમાં ગ્રામીણ અને નગર પૃથક વિચાર સમાજશાસ્ત્રની અંતર્ગત સામાજિક સમૂહ મુખકની એક જ પંક્તિથી સંબંધિત છે. બીજા ઉદાહરણમાં, ધાડ અને ચોરી પૃથક વિચાર કાયદાકીય સત્તા મુખકની એક જ પંક્તિથી સંબંધિત છે. ત્રીજા ઉદાહરણમાં રાજનૈતિક સ્વરૂપથી સક્ષમ અને સામાજિક સ્વરૂપથી સક્ષમ પૃથક વિચાર સત્તા મુખકની એક જ પંક્તિથી સંબંધિત છે. આ ત્રણ અવધારણાઓને નીચે મુજબ રેખાચિત્રમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.



તમારી પ્રગતિ ચકાસો

2) ત્રણ પ્રકારના પાર્શ્વ સંબંધોની ઉદાહરણ આપી ઓળખ કરો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

8.3.2 પાર્શ્વ સંબંધોના પ્રકાર (Kinds of Phase Relation)

કોલન ક્લાસિફિકેશનમાં છ પ્રકારના પાર્શ્વ સંબંધોની ઓળખ આપવામાં આવી છે. તેના સંબંધિત સંકેતક ચિહ્નો સહિત વિવરણ નીચે મુજબ છે.

- સામાન્ય (General)
- દૃષ્ટિકોણ (Bias)
- તુલના (Comparision)
- ભિન્નતા (Difference)
- ઉપકરણ (Tool)
- પ્રભાવ (Influence)

સંકેતક ચિહ્નોની સારણી નીચે મુજબ છે.

આંતર-પંક્તિ Intra-array	આંતર-મુખક Intra-facet	આંતર-વિષય Intra-subject	પાર્શ્વ સંબંધનો પ્રકાર Kinds of phase relation
t	j	a	સામાન્ય
u	k	b	દૃષ્ટિકોણ
v	m	c	તુલના
w	n	d	ભિન્નતા
x	p	e	ઉપકરણ
y	r	g	પ્રભાવ

નીચે જણાવેલ ફકરાઓમાં ઉપર્યુક્ત સંબંધોનું ઉદાહરણ સહિત વિવેચન કરવામાં આવ્યું છે.

સામાન્ય પાર્શ્વ સંબંધ (General Phase)

સામાન્ય પાર્શ્વ સંબંધ પ્રાથમિક અને ગૌણ પાર્શ્વની વચ્ચે પ્રાયઃપૂર્ણ સંબંધને વ્યક્ત કરે છે. પેટા વિભાગ 8.3.1 ની અંતર્ગત ઉલ્લેખિત કોઈપણ જાતિના પાર્શ્વ સંબંધો આ શ્રેણીમાં સમાવિષ્ટ કરી શકાય છે. અર્થાત્ આંતર-વિષય, આંતર-મુખક કે આંતર-પંક્તિ.

કોઈપણ વર્ગીકરણ પદ્ધતિના વર્ગીકરણ કોઠાઓમાં ઉલ્લેખિત વર્ગોના ક્રમના આધારે બે પાર્શ્વના ક્રમ નિર્ધારિત કરવામાં આવે છે.

નીચે આપવામાં આવેલ ઉદાહરણોમાં કોલન ક્લાસિફિકેશન અનુસાર બે પાર્શ્વના ક્રમ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

ક) Relation between Religion and Philosophy (આંતર-વિષય). **Religion**, Philosophy (CC માં અનુક્રમ) Q&aR.

ખ) Relation between Anatomy and Physiology (આંતર-મુખક) : સી. સી. અનુસાર Anatomy નું સ્થાન Physiology ની પૂર્વે હશે. એટલે કે આ બંને પાર્શ્વનો ક્રમ નીચે મુજબ્ થશે.

Medicine, Anatomy, Physiology L;2&j3

ગ) Relation between Audio and Visual learning in Education. (આંતર-પંક્તિ). અહીં, સી.સી. અનુસાર Audio નું સ્થાન Visual ની પૂર્વે હશે. એટલે કે બંને મુખકોનો સંબંધ આ મુજબ થશે. Education, Learning, Audio, Visual T;416&17.

નોંધ : આ ઉદાહરણમાં બંને પૃથકો એક જ પંક્તિથી સંબંધિત છે, તેથી આ આંતર-પંક્તિ સંબંધ કહેવાય છે.

દૃષ્ટિકોણ પાર્શ્વ સંબંધ (Bias Phase)

બે વિષયોની વચ્ચે દૃષ્ટિકોણ સંબંધ એ દર્શાવે છે કે એક વિષય (Phase 1)નું નિરૂપણનું દૃષ્ટિકોણ બીજા Phase અર્થાત્ વિષય વિશેષજ્ઞ (Phase 2)ની તરફ છે. તેનો અર્થ એ થયો કે કોઈ એક વિષયનું પ્રતિપાદન વિશેષ સ્વરૂપે એ પ્રકારે કરવામાં આવે છે કે જેમાં સમાવિષ્ટ કરવામાં પ્રકરણ, તેનું વ્યવસ્થાપન, તેના ઉદાહરણોની પસંદગી વિષય વિશેષજ્ઞોની આવશ્યકતા અનુસાર સિદ્ધ થાય. અહીં પ્રથમ Phase ને Biased phase તથા દ્વિતીય Phaseને Biasing phase કહેવામાં આવે છે.

સ્પષ્ટતઃ આ બંને પક્ષોના અનુક્રમમાં પ્રતિપાદિત વિષય (Phase 1)ને પ્રથમ સ્થાને તથા વિશેષજ્ઞ (Phase 2) જેના માટે ઉક્ત કૃતિની રચના કરવામાં આવી હોય, તેને બીજા સ્થાને મૂકવામાં આવે છે.

આ સમય છે કે સાંખ્યિકીના કેટલાક પુસ્તકો એન્જિનિયરો, જીવવિજ્ઞાનીઓ, ગ્રંથપાલો વગેરેના ઉપયોગ માટે લખવામાં આવ્યા હોય તેથી આ પ્રકારના પુસ્તકોને સાંખ્યિકી વિષયની સામાન્ય પુસ્તકોથી અલગ પ્રદર્શિત કરવાનું આવશ્યક છે. આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને આ યુક્તિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. વિશિષ્ટ વર્ગના લોકો માટે લખવામાં આવેલ સાંખ્યિકીની પુસ્તકોને નીચે જણાવેલ ક્રમમાં વ્યવસ્થિત કરી શકાય છે.

Statistics for Librarians	BT&b2
Statistics for Engineers	BT&bD
Statistics for Biologists	BT&bG

ડ્યુઈ ડેસિમલ ક્લાસિફિકેશન 18મી આવૃત્તિમાં સર્વપ્રથમ પાર્શ્વ સંબંધના પ્રયોગની જોગવાઈ કરવામાં આવી. આ પ્રયોગ માનક પેટાવિભાગ - 024ના માધ્યમથી કરવામાં આવ્યો.

ડી.ડી.સી. અનુસાર ઉપર્યુક્ત વિષયોના વર્ગાંક નીચે મુજબ થશે.

Statistics for Librarians	310.24092
Statistics for Engineers	310.2462
Statistics for Biologists	310.24574

યુ.ડી.સી.માં પાર્શ્વ સંબંધ દર્શાવવા માટે યોજક ચિહ્ન કોલન (:)નો પ્રયોગ કરવામાં આવે છે. યુ.ડી.સી.માં પાર્શ્વ સંબંધોના ઘટકોમાં કોઈ અંતર રાખવામાં આવતું નથી. બધી જ જાતિના પાર્શ્વ સંબંધો માટે માત્ર કોલન એક જ યોજક ચિહ્નનો પ્રયોગ કરવામાં આવે છે. ઉપર્યુક્ત વિષયોના વર્ગાંક નીચે મુજબ થશે.

Statistics for Librarians	31 : 02
Statistics for Engineers	31 : 62
Statistics for Biologists	31 : 574

દૃષ્ટિકોણ દર્શાવતા પાર્શ્વ (Biasing phase)થી સંબંધિત ત્રણે વિષયોનો અનુક્રમ સી.સી.ની જેમ જ છે. આંતર મુખક અને આંતર-પંક્તિ સંબંધોના ઉદાહરણ આપવા માટે કોઈ સાહિત્યિક આધાર જોવા મળતા નથી.

તુલના પાર્શ્વ સંબંધ (Comparison Phase)

આ પ્રકારના પાર્શ્વ સંબંધની અંતર્ગત બે વિષયોની તુલના કરવામાં આવે છે. નીચે જણાવેલ વિષયો પર વિચાર કરીએ.

Comparision between plants and animals (આંતર-વિષય)

Botany - Zoology (સી.સી.માં ક્રમ) I&cK

Comparision between morphology and physiology (આંતર-મુખક)

I;2&m3

Comparision between psychology of man and woman (આંતર-પંક્તિ)

Psychology, Man, Woman (સી.સી.માં ક્રમ) S,55&v6

ભિન્નતા પાર્શ્વ સંબંધ (Difference Phase)

આ પ્રકારના પાર્શ્વ સંબંધની અંતર્ગત એવા પ્રલેખોને સામેલ કરવામાં આવે છે જ્યાં બે વિષયોનું અંતર કે ભેદ (ભિન્નતા) સ્પષ્ટ કરવામાં આવ્યો હોય.

ઉદાહરણ તરીકે,

Difference between political science and history (આંતર-વિષય)

History-Political science (સી.સી.મુજબ) V&dW

Phychological difference between sick and abnormal persons (આંતર-મુખક)

Psychology, Sick, Abnormal (સી.સી.મુજબ) S,4&m6

Difference between meditation and worship (આંતર-પંક્તિ)

Religion, Worship, Meditation (સી.સી.મુજબ) Q; 413&w4

ઉપકરણ પાર્શ્વ સંબંધ (Difference Phase)

આ પ્રકારના પાર્શ્વ સંબંધની અંતર્ગત એવા પ્રલેખોને સામેલ કરવામાં આવે છે, જ્યાં કોઈ એક વિષયનું બીજા વિષયના પ્રતિપાદન કરવા માટે ઉપકરણના સ્વરૂપમાં ઉપયોગ કરવામાં આવ્યો હોય.

ઉદાહરણ તરીકે,

Literature Through Art : A New Approach in French Literature (આંતર-વિષય)

O,122&eN

Classification as a tool to study circulation services (આંતર-મુખક)

2;8&p5

Rural sociology as a tool to study urban sociology (આંતર-પંક્તિ)

Y,342&x1

આ પ્રકારના પાર્શ્વ સંબંધને, એવા સંબંધ પ્રદર્શિત કરનારા પ્રલેખોના વર્ગીકરણ માટે પાર્શ્વ સંબંધોની શ્રેણીમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. તેમજ આ યુક્તિના બધા જ નિહિતાર્થોનું મૂલ્યાંકન કરવા માટે હજુ સંશોધનની આવશ્યકતા છે. તેને 'Exposition phase' તરીકે પણ ઓળખવામાં આવે છે.

પ્રભાવ પાર્શ્વ સંબંધ (Influence Phase)

આ પ્રકારના પાર્શ્વ સંબંધ અંતર્ગત એવા પ્રલેખોના સમાવેશ કરવામાં આવે છે જેમાં કોઈ એક વિષયનો પ્રભાવ કોઈ બીજા વિષય પર પ્રદર્શિત થયો હોય નીચે જણાવેલ ઉદાહરણો જુઓ.

Influence of nourishment on education (આંતર-વિષય)

T&gL;573

Influence of intellectuals on ruling classes. (આંતર-મુખક)

Y,417&r53

Influence of direct tax on indirect tax. (આંતર-પંક્તિ)

X72,01&y2

ઉપર્યુક્ત ત્રણેય ઉદાહરણોમાં મુખકોનો વિષયનો ક્રમ નીચે મુજબ છે.

Education - Nourishment

Ruling Classes - Intellectuals

Indirect tax - Direct tax

જે વિષય પર પ્રભાવ પડે છે તેને પ્રથમ સ્થાન આપવામાં આવે છે તથા જે વિષય પ્રભાવ પાડે છે તેને બીજું સ્થાન.

અત્યાર સુધી છ પ્રકારના પાર્શ્વ સંબંધોની ઓળખ કરવામાં આવી. તેમ છતાં કેટલાક અન્ય સંબંધોની પણ સંભાવના વિદ્યમાન છે. આ સંબંધમાં ધ્યાન આપવા જેવું બીજું એ છે કે કોલન ક્લાસિફિકેશનમાં એક વિધિ અગાઉથી જ હયાત છે, જે ભવિષ્યના જટિલ / મિશ્રિત વિષયોના સમાધાન કરવામાં કાર્યમાં સહાયક બની શકે છે.

આ પ્રકારની વિસ્તૃત વિધિઓ માત્ર સી.સી.માં જ ઉપલબ્ધ છે. યુ.ડી.સી. અને ડી.ડી.સી.માં વિભિન્ન જાતિના પાર્શ્વ સંબંધોના અંતર સ્પષ્ટ કરવાની કોઈ વ્યવસ્થા નથી. જો કે યુ.ડી.સી.માં બધા પ્રકારના પાર્શ્વ સંબંધોને વ્યસ્ત કરવા માટે એક જ યોજક ચિહ્નનું પ્રાવધાન કરવામાં આવેલું છે. જ્યારે ડી.ડી.સી.માં કેટલાક આંતર-મુખક સંબંધોની ઓળખ કરી શકાય છે. જેમ કે, Foreign relations between India and U.K = 327 540 41 અહીં ભારત

(54) અને યૂ.કે. (41) એક જ મુખકથી સંબંધિત છે તેથી તેને આંતર-મુખક સંબંધની સંજ્ઞા આપી શકાય. આ એકમમાં પછીથી આપણે ત્રણે વર્ગીકરણ પદ્ધતિઓમાં પાર્શ્વ સંબંધનો તુલનાત્મક અભ્યાસ કરીશું.

તમારી પ્રગતિ ચકાસો

3) ત્રણ પ્રકારના પાર્શ્વ સંબંધોની પરિભાષા આપો તથા પ્રત્યેકની અંતર્ગત છ જાતિના સંબંધોનું વર્ણન કરો.

4) નીચે જણાવેલ પ્રત્યેક આખ્યામાં સંબંધોના પ્રકાર અને તેની જાતિની ઓળખ કરો. કોલન ક્લાસિફિકેશનમાં નિર્ધારિત ક્રમને આધારે પ્રત્યેક આખ્યામાં બંને સંબંધોનું વ્યવસ્થાપન એક એક પંક્તિમાં કરો.

ક) Mathematics for engineers.

ખ) Influence of demography on politics.

ગ) Application of Computer System design in library management.

ઘ) Difference between metal and plastic toys.

ઙ) Comparison between Maruti and Ambassador cars.

ચ) Influence of caste systems on election in India.

છ) Relations between territorial waters and fishery rights under international law.

જ) Psychology of sick and crippled persons-comparative study.

ઝ) Influence of cleanliness on public health.

ઞ) Application of music for plant growth.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

8.3.3 વર્ગીકરણ પદ્ધતિઓમાં પાર્શ્વ સંબંધ
(Phase Relations in Classification Schemes)

આ એકમના વિષય-પ્રવેશમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આંતર-વિષય વિષયોમાં, જેની ગત અનેક દશકોમાં સતત વૃદ્ધિ થતી રહી છે સમાયોજિત કરવા માટે પાર્શ્વ પૃથક્કરણ અને સંયોજનની વિધિને વિકસિત કરવામાં આવેલ છે. ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશનમાં જટિલ/ મિશ્રિત વિષયોનું વર્ગીકરણ કરવા માટે કેટલાક નિયમો અને માર્ગદર્શન સૂચનાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનમાં જટિલ / મિશ્રિત વિષયોનું, વર્ગીકરણ કરવા માટે સીમિત જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ ત્રણેય વર્ગીકરણ પદ્ધતિઓમાંથી જેનાથી આ પાઠ્યક્રમમાં આપણો સંબંધ છે તે માત્ર કોલન ક્લાસિફિકેશનમાં જ વર્ગીકરણના આ ક્ષેત્રનું પૂર્ણ નિરૂપણ કરવામાં આવ્યું છે.

કોલન ક્લાસિફિકેશન (Colon Classification)

કોલન ક્લાસિફિકેશન પાર્શ્વ સંબંધોની સ્પષ્ટ સ્વરૂપે ઓળખ કરવામાં આવી છે, તથા તેને પ્રકારો અને જાતિઓ અનુસાર શ્રેણીબદ્ધ કરવામાં આવેલ છે. જેનું વર્ણન પેટાવિભાગ 8.3.1 અને 8.3.2માં કરવામાં આવેલ છે. આ પદ્ધતિમાં જટિલ (મિશ્રિત) વિષયોના વર્ગીકરણ માટે સ્પષ્ટ નિયમોની વ્યવસ્થા કરવામાં આવી છે. જે પ્રકારે બહુપક્ષીય વિષયોના વર્ગીકરણ માટે પૃથક્કરણને એક તર્ક સંગત અને સહાયક ઢાંચો આપવામાં આવ્યો છે એ જ પ્રકારે પાર્શ્વ પૃથક્કરણને આંતર-વિષયથી વિષયોનું વર્ગીકરણ કરવા માટે તેનાથી મળતો ઢાંચો આપવામાં આવેલ છે. આ વિધિઓ સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિ પર આધારિત છે. આ વિધિઓને ઉપભોક્તાઓની આવશ્યકતાને અનુકૂળ ગ્રંથાલયના ફલકો ઉપર પ્રલેખોનું અને સૂચિઓ તથા ગ્રંથસૂચિઓમાં સંલેખોને સહાયક અને ઉપયોગી વ્યવસ્થાપન કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. નીચે જણાવેલ આખ્યાઓમાં મિશ્રિત વિષયોના ઉદાહરણ આપવામાં આવેલ છે. આ આખ્યાઓમાં પાર્શ્વ સંબંધોની વિભિન્ન પ્રકારો અને જાતિઓને સંબંધિત વર્ગાંક સાથે પ્રદર્શિત કરવામાં આવેલ છે.

આંતર-વિષય (Inter-Subject)	સંબંધની જાતિઓ Kinds of Relation	વર્ગાંક Class Number
Relation between religion and philosophy	(General)	Q&aR
Statistics for engineers	(Bias)	BT&bD
Comparison between plants and animals	(Comparison)	l&cK
Difference between political science and history	(Difference)	V&dW
Literature through art, a new approach in French Literature	(Tool)	O,122&eN

Influence of nourishment on eudcation	(Influence)	T&gL;573

આંતર-મુખક (Intra-Facet)

Pelations between anatomy and physiology	(General)	L;2&j3
Comparison between morphology and physiology of plants	(Comparison)	I;2&m3
Psychological difference between sick and abnormal persons	(Difference)	S,4&n6
Indian music through painting	(Tool)	NR-(44)&pN6
Influence of intellectualson ruling classes	(Influence)	Y,417&r53

આંતર-પંક્તિ (Intra-Array)

Relation between education of blind and dumb	(General)	T,522&t5
Comparison between psychology of man and woman	(Comparison)	S,55&v6
Difference between meditation and worship	(Difference)	Q;413&w4
Rural sociology as a tool to study urban sociology	(Tool)	Y,342&x1
Influence of direct tax on indirect tax	(Influence)	X72,01&y2

ઉપર્યુક્ત વર્ગાંકોનું નિર્માણ કોલન ક્લાસિફિકેશનની સાતમી આવૃત્તિ અનુસાર કરવામાં આવેલ છે. કોલન ક્લાસિફિકેશનની 7મી આવૃત્તિમાં એમ્પરસન્ડ (&) યોજક ચિહ્નનો પ્રયોગ પાર્શ્વ સંબંધ માટે કરવામાં આવ્યો છે.

ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (Dewey Decimal Classification)

ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન એક પરિગણનાત્મક / કોઠાગત (enumerative) વર્ગીકરણ પદ્ધતિ છે. એથી એમાં પાર્શ્વ પૃથક્કરણ અને સંયોજનનો સુસ્પષ્ટ પ્રયોગ કરવા માટે બહુજ સીમિત જોગવાઈ છે. તેમ છતાં આ પ્રકારના વિષયોના વર્ગીકરણ માટે ઉલ્લેખિત

જોગવાઈઓને જ આધારે એ જાણ થાય છે કે આ વર્ગીકરણ પદ્ધતિમાં પણ જટિલ / મિશ્રિત વિષયોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ જોગવાઈ નીચે મુજબ છે.

- તેની સારણીઓમાં જટિલ વિષયોનો ઉલ્લેખ.

  ઉદાહરણ : 261.55ની સામે Science અને Religionનો ઉલ્લેખ

- દૃષ્ટિકોણ સંબંધ દર્શાવવા માટે માનક પેટા વિભાગનો પ્રયોગ

  ઉદાહરણ : માનક પેટા વિભાગ - 024 "વિશેષ પ્રકારના વાચકો માટે ગ્રંથ" એક જોગવાઈ છે.

  Mathematics for Engineers : 510.246 2

  510 Mathematics

  –024 Works for specific users

  62 સારણી 7 થી (Persons occupied with engineering and allied operations and manufacturing)

- સારણીના કેટલાક સ્થાનો પર પાર્શ્વ પૃથક્કરણ અને સંયોજન માટે ઉલ્લેખિત નિયમ

  ઉદાહરણ : Foregin relations between India and China 327.540 51

  327.540 51

  327 Foreign relations

  –54 India

  0 યોજક ચિહ્ન

  –51 China

આ ઉદાહરણોને આંતર-મુખક પાર્શ્વ સંબંધના દ્યોતક માની શકાય. એ ધ્યાન આપવા યોગ્ય વાત છે કે ડી.ડી.સી.ની આ જોગવાઈ મિશ્રિત વિષયોના વર્ગીકરણ માટે પર્યાપ્ત નથી.

યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (Universal Decimal Classification)

યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનમાં બધી પ્રકારો અને જાતિઓના પાર્શ્વ સંબંધોને વ્યક્ત કરવા માટે સંબંધ વાચક ચિહ્ન કોલન (:)નો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ ચિહ્નનો પ્રયોગ મુખક સંબંધ દર્શાવવા માટે પણ કરવામાં આવ્યો છે. નીચે જણાવેલ ઉદાહરણોમાં આ ચિહ્નોને સ્પષ્ટ કરવામાં આવેલ છે.

2 : 5 Religion and science (inter-subject - general phase relation)

51:62	Mathematics for Engineers (inter-subject - bias phase relation)
22/28:294.3	Comparison between Christianity and Buddishm (intra-facet - comparison phase relation)
595.141:591.142	Difference between simple marine worms and earth worms (inter-array - difference phase relation)
7:8	Influence of literature on art (inter-subject - influence phase relation)
8:7	Literate through art, a new approach (inter-subject - tool phase relation)

Examples of colon (:) for facet relation

635.91:632.38	Virus diseases of indoor plants
669.14:621.791	Welding on steel
371.212:373.5	Admission to grammar schools
624.21:625.1	Railway bridges

મુખ્ય સંબંધ કરતા વર્ગાંકના ઘટકો તથા સંબંધોમાં ક્રમ પ્રતિવર્તી હોય છે. યુ.ડી.સી.માં અપનાવવામાં આવેલ સ્થિતિસ્થાપકતાના સિદ્ધાંત અનુસાર છે.

સીસી, ડીડીસી અને યુડીસી વચ્ચે તુલના (Comparison between CC, DDC and UDC)

ડી.ડી.સી., યુ.ડી.સી. અને સી.સી. અનુસાર પાર્શ્વ સંબંધોને સંબંધિત વર્ગાંક સાથે નીચે જણાવેલ ઉદાહરણોમાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આ ઉદાહરણોથી તમને એ સમજવાની સહાયતા મળશે કે સી.સી.માં જટિલ / મિશ્રિત વિષયોનું વર્ગીકરણ કયા પ્રકારે કરવામાં આવે છે.

Name of the Subject	DDC	UDC	CC
આંતર-વિષય સંબંધના ઉદાહરણો (Examples of Inter-phase relation)			
Relations between philosophy and religion	100 or ? 200	1:2	Q&aR
Psychology for teacher	150.088379	159.9:371.1	S&bT
Comparison between philosophy and religion	100 or ? 200	1:2	Q&eR
Difference between philosophy and religion	100 or ? 200	1:2	Q&eR

Influence of religion on philosophy	100 or ? 200	1:2	R&gQ

આંતર-પાસા સંબંધના ઉદાહરણો (Examples of Intra-facet relation)

Relation between Primary and Secondary education	372 or ? 373	372:373	T.15&j16
Epistemology for metaphysics	121.08811	11:165	R2&k3
Comparative study of epistemology and metaphysics	110 or ? 121	11:165	R2&m3
Difference between epistemology and metaphysics	110 or ? 121	11:165	R2&n3
Influence of logic on ethics	170 or ? 160	17:16	R4&r1

આંતર-પંક્તિ સંબંધના ઉદાહરણો (Examples of Intra-array relation)

Relation between import and export duty	336.264 or ? 336.265	339.543.3	X72,951&t5
Import duty biased towards export duty	336.264 or ? 336.265	339.543.3	X72.951&u5
Comparative study of spring and autumn seasons	551.6 ?	551.583 ?	U2.761&v3
Difference between undergraduate and postgraduate education	378.1552 or ? 378.1553	378 ?	T.181&w2
Influence of wind on cyclones	551.552 or ? 551.518	551.55 ?	U2.736&y3

ઉપર્યુક્ત સારણીમાં ઉલ્લેખિત વર્ગાંકોના આધારે એ સ્પષ્ટ ચિત્ર ઉપસી આવે છે કે સી.સી.માં પ્રત્યેક જાતિના આંતર-વિષયી વિષયોને સહ-વિસ્તૃત વર્ગાંક પ્રદાન કરી શકાય છે. યુ.ડી.સી.માં બધા જ પ્રકારના સંબંધોને દર્શાવવા માટે માત્ર એક જ યોજક ચિહ્નનો પ્રયોગ કરવામાં આવે છે, એથી આ પદ્ધતિમાં ભિન્ન પ્રકારના સંબંધોની ભિન્નતાની ઓળખ કરી શકાતી નથી. ડી.ડી.સી.માં આ પ્રકારના સંબંધો માટે આજ સુધી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી નથી. હાલમાં, સારણીમાં ઉલ્લેખિત કોઈપણ વર્ગાંકનો ઉપયોગ કરી શકાય છે.

બિબ્લિઓગ્રાફિક ક્લાસિફિકેશન (Bibliographic Classification)

મિલ્સ અનુસાર બિબ્લિઓગ્રાફીક ક્લાસિફિકેશનમાં "પાર્શ્વ"ની વિભાવનાને માન્યતા આપવામાં આવી છે તથા પાર્શ્વ યોજકના સ્વરૂપમાં (યુ.ડી.સી.ના કોલનની જેમ) સામાન્યતઃ લઘુરેખા (–)નો પ્રયોગ કરવામાં આવે છે.

8.4 સામાન્ય પૃથકો (COMMON ISOLATES)

પૃથક વિશ્વની અંતર્ગત પૃથકોની અનેક જાતિઓની ઉપ-વિશ્વના સ્વરૂપમાં ઓળખ કરી શકાય છે. તેમાં ભૌગોલિક પૃથક, લાક્ષણિક (featured) કાળ પૃથક, પ્રાકૃતિક ભૂગોળ સંબંધી પૃથકો, સામાન્યતઃ કાર્ય સૂચક પૃથકો, સામાન્યતઃ ગુણધર્મ સૂચક પૃથક વગેરે જાતિઓને સામેલ કરવામાં આવે છે. પ્રત્યેક અથવા લગભગ બધા જ મૂળ વિષયો સાથે મેળ રાખનારા અનેક સંયુક્ત વિષયના ઘટકના સ્વરૂપમાં સંસ્થાકીય પૃથકોનો પ્રયોગ કરી શકાય છે. આ પ્રકારની પ્રત્યેક જાતિના પ્રત્યેક પૃથક "સામાન્ય પૃથક" (CI : Common Isolate) કહેવાય છે. વસ્તુતઃ વર્ગીકરણની પ્રત્યેક પદ્ધતિમાં - લાયબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસિફિકેશન (LC) અને રાઇડરની ઇન્ટરનેશન ક્લાસિફિકેશન (RIC)ને બાદ કરતાં કોઈ મૂળ વિષયના સંદર્ભમાં સામાન્ય પૃથકો સિવાય પ્રત્યેક જાતિની સારણીઓમાં અલગ-અલગ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

8.4.1 સામાન્ય પૃથકોનો અર્થ અને તેની આવશ્યકતા (Meaning of Common Isolates And Their Need)

રંગનાથને સામાન્ય પૃથકોને નીચે જણાવ્યા મુજબ પરિભાષિત કરેલ છે. "સામાન્ય પૃથક એવા વિચાર પૃથક હોય છે, જેનો પ્રયોગ એ જ પૃથક પદને સૂચિત કરે છે તથા એ જ પૃથક અંક દ્વારા, એ જ સંયુક્ત વિષયનો અથવા એ જ મૂળ વિષય જેની સાથે એ સંયુક્ત વિષયનો મેળ ખાતો હોય, કોઈપણ ધ્યાન આપ્યા વગર બધા જ વર્ગોની સાથે એક જ સ્વરૂપમાં કરવામાં આવે છે." ડી.ડી.સી.માં તેને "એક વિશેષ પ્રકારની પ્રતિરૂપી પુનરાવૃત્તિના સ્વરૂપમાં ઓળખવામાં આવે છે." (A special kind of patterned repetition). કોઈપણ વિષયને અનેક સ્વરૂપોમાં પ્રસ્તુત કરી શકાય છે. આ પ્રસ્તુતિ સ્વરૂપરેખા, ઇતિહાસ, સિદ્ધાંત અથવા શબ્દકોશ વગેરે કોઈપણ સ્વરૂપમાં હોઈ શકે છે. આ પ્રસ્તુતિ સામયિક પ્રકાશન,

અથવા હેન્ડબુકના સ્વરૂપમાં પણ હોઈ શકે છે. કોઈ વિષયનું કેવા પ્રકારે અધ્યયન કરવામાં આવે અથવા કોઈ વિષયનું અધ્યાપન કેવા પ્રકારે કરવામાં આવે વગેરે અવધારણાઓને પ્રસ્તુત કરવા માટે તેનો પ્રયોગ કરી શકાય છે. આ સામાન્ય સ્વરૂપો અને પ્રસ્તુતીકરણની વિધિઓને "માનક પેટાવિભાગો" કહેવામાં આવે છે.

એવું વિદિત થાય છે કે કેટલાક પ્રકારની અવધારણાઓની પુનરાવૃત્તિ થતી રહે છે તથા તેને અનેક વિષયોમાં જોવા મળે છે. - ઉદાહરણ તરીકે સંમેલન કાર્યવાહી, સામયિક પ્રકાશન, શબ્દકોશ, વિશ્વકોશ વગેરે. આ બધા જ પ્રસ્તુતીકરણના સ્વરૂપો કહેવાય છે. અર્થશાસ્ત્રનું સામયિક, તત્ત્વજ્ઞાનો વિશ્વકોશ, ભારતીય ગ્રંથાલય સંમેલનની કાર્યવાહી, આ બધા જ શીર્ષક કોઈને કોઈ વિશિષ્ટ સ્વરૂપમાં સંબંધિત વિષયને પ્રસ્તુત કરે છે. સામયિક પ્રકાશન, વિશ્વકોશ, સંમેલન કાર્યવાહી આ બધા જ સ્વરૂપો સામાન્યતઃ "બાહ્ય સ્વરૂપો"ના વર્ગમાં મૂકવામાં આવે છે, પરંતુ કોઈ વિષયના અભિગમના સ્વરૂપોને "આંતરિક સ્વરૂપો"ના વર્ગમાં મૂકવામાં આવે છે. ઉદાહરણ તરીકે સિદ્ધાંત, અધ્યયન અને અધ્યાપન, ઈતિહાસ તથા જીવન ચરિત્ર વગેરે કોઈપણ વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટેના વિભિન્ન અભિગમ કે પ્રવેશ માર્ગ છે, તથા તે "આંતરિક સ્વરૂપ" કહેવાય છે.

આપણને એ પણ જાણ છે કે વિષયોનું વિવેચન તેના ઐતિહાસિક અને ભૌગોલિક સંદર્ભમાં પણ કરવામાં આવે છે, તથા ક્રમશઃ આ સંદર્ભ સામાન્ય રીતે "કાળ" અને "સ્થાન"ને સૂચિત કરે છે. આ પ્રકારે પ્રસ્તુતીકરણના "આંતરિક સ્વરૂપ" અને "બાહ્ય સ્વરૂપ" તથા ઐતિહાસિક અને ભૌગોલિક વિવેચન બધા કે અધિકાંશ વિષયોના સર્વસામાન્ય લક્ષણ હોય છે. એથી વર્ગીકરણ પદ્ધતિમાં પ્રત્યેક સ્થાને તેની પુનરાવૃત્તિ થાય છે. ગ્રંથાલય વર્ગીકરણમાં આથી પુનરાવર્તક અવધારણાઓનું માનકીકરણ કરી દેવામાં આવે છે. આ માનકીકરણના ફળસ્વરૂપે સારણીનો આકાર નાનો કરવામાં સહાયતા મળે છે, કારણ કે વર્ગીકરણ પદ્ધતિમાં આ સામાન્ય લક્ષણોને માત્ર એક જ વખત સૂચિબદ્ધ કરી દેવામાં આવે છે. સંયોગથી માનકીકરણ દ્વારા પુનરાવર્તક અવધારણાઓને સ્મૃતિસહાયક મહત્વ પ્રાપ્ત થઈ જાય છે, કારણ કે બધા જ સ્થાનોએ તેને નિરંતર એજ પ્રતીક ચિહ્નો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે એટલે કે વર્ગીકરણ પદ્ધતિમાં સામાન્ય પૃથકોને અલગ-અલગ સારણીઓમાં પ્રસ્તુત કરવામાં આવે છે તથા તેના અનુપ્રયોગ માટે ઉપયુક્ત નિર્દેશોનો ઉલ્લેખ કરી દેવામાં આવે છે.

8.4.2 સામાન્ય પૃથકોનો ઇતિહાસ (History of Common Isolates)

મેલ્વિલ ડ્યૂઈને વર્ગીકરણના ક્ષેત્રમાં અનેક વસ્તુઓનું શ્રેય છે. સામાન્ય પૃથકોની અવધારણા તેમાંની એક છે. શરૂઆતમાં તેનું નામ સ્વરૂપ વિભાગો (Form Divisions) રાખવામાં આવ્યું હતું. સર્વ પ્રથમ તેનો સમાવેશ 1885માં પ્રકાશિત ડી.ડી.સી.ની બીજી આવૃત્તિમાં કરવામાં આવ્યો હતો. તે પછી અનેક વખત તેના નામમાં પરિવર્તન કરવામાં આવ્યું. "સ્વરૂપ વિભાજન"ના નામનો 1922માં પ્રકાશિત ડી.ડી.સી.ની 12મી આવૃત્તિ સુધી સતત પ્રયોગ કરવામાં આવ્યો. આ નામનું પરિવર્તન "સામાન્ય પેટા-વિભાગો" (Common Sub-divisions)ના સ્વરૂપમાં 1932માં પ્રકાશિત ડી.ડી.સી.ની 13મી આવૃત્તિમાં કરવામાં આવ્યું. આ સામાન્ય પેટાવિભાગોની ત્રણ અલગ અલગ શ્રેણીઓ અર્થાત્, "વિવિધ સામાન્ય

પેટાવિભાગો" (Miscellaneous Common Sub-divisions) "દૃષ્ટિકોણ" (View Points) અને "સ્વરૂપ વિભાગો" (Form Divisions)ની અંતર્ગત સૂચીબદ્ધ કરવામાં આવ્યા, ત્યારબાદ 15મી અને 16મી આવૃત્તિઓમાં આ ત્રણે શ્રેણીઓને માત્ર "સ્વરૂપ વિભાગ" (Form Divisions) એક જ નામની અંતર્ગત પુનઃઉલ્લેખ કરવામાં આવ્યો તતા 17મી આવૃત્તિમાં આ નામને બદલીને નવું નામ "માનક પેટાવિભાગો" (Standard Sub-divisions) આપવામાં આવ્યું. 17મી આવૃત્તિમાં "સ્થાન" અને "કાળ" પૃથકોની પણ સામાન્ય પૃથકના સ્વરૂપમાં અલગથી ઓળખ આપવામાં આવી, તેમજ તેને અલગ-અલગ સારણીઓની અંતર્ગત સૂચિબદ્ધ કરવામાં આવ્યા. 17મી આવૃત્તિના પ્રકાશન સુધી ઇતિહાસ વિષયની સારણીનો "સ્થાન પૃથક"ના સ્વરૂપમાં ઉપયોગ કરવામાં આવતો હતો.

યુ.ડી.સી.માં સામાન્ય પૃથકને "સહાયક પેટાવિભાગો" (Auxiliary Sub-divisions) કહેવામાં આવે છે. સામાન્યતઃ યુ.ડી.સી.માં બે પ્રકારના સહાયકો – "સામાન્ય" અને "વિશિષ્ટ"નો પ્રયોગ કરવામાં આવે છે. યુ.ડી.સી.માં "સ્વરૂપ સહાયક" ડી.ડી.સી.ના "માનક પેટાવિભાગો"ની સમાન છે. "સ્થાન" અને "કાળ" પૃથકોને સામાન્ય સહાયકોના સ્વરૂપમાં અલગ અલગ સારણીઓની અંતર્ગત સૂચિબદ્ધ કરવાં આવ્યા છે વર્ગાંકનું નિર્માણ કરવામાં "સહાયકો"ના ઉપયોગ યુ.ડી.સી.ની મહત્ત્વનું પાસું માનવામાં આવે છે.

સી.સી.ની પ્રથમ આવૃત્તિમાં સામાન્ય પેટાવિભાગો માટે ત્રણ અલગ-અલગ સારણીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તથા "સ્થાન" અને "કાળ" બંને પૃથકોની સારણીઓ આ ત્રણ સારણીઓમાં જ સામેલ હતી. પ્રારંભમાં સામાન્ય પેટાવિભાગોની સંખ્યા ઓછી હતી. માત્ર ચોથા સંસ્કરણમાં જ તેની ઓળખ "અગ્રગામી સામાન્ય પૃથકો" (Anteriorising Common Isolates) અને "અનુગામી સામાન્ય પૃથકો" (Posteriorising Common Isolates)ના સ્વરૂપમાં કરવામાં આવી. પાંચમી આવૃત્તિમાં તેનું નામ "સામાન્ય પૃથકો" (Common Isolates) રાખવામાં આવ્યું. ત્યારબાદની આવૃત્તિઓમાં અનેક પરિવર્તનો પછી સી.સી.ના 7માં સંસ્કરણમાં સામાન્ય પૃથકોની એક વિસ્તૃત યાદી આપવામાં આવી છે.

તમારી પ્રગતિ ચકાસો

5) સામાન્ય પૃથકોની વિભાવનાનો ખ્યાલ કોણે આપ્યો ? ક્યારે અને કેવી રીતે ?

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

8.4.3 સામાન્ય પૃથકોના પ્રકાર (Kinds of Common Isolates)


"સામાન્ય પૃથક વિચાર"ની પરિભાષા અનુસાર (જુઓ પેટાવિભાગ 8.4.1) ભાષા પૃથક વિચાર, કાળ પૃથક વિચાર, સ્થાન પૃથક વિચાર અને સામાન્ય પૃથક વિચાર અગ્રગામી સામાન્ય પૃથક વિચારોને વિભિન્ન પ્રકારના સામાન્ય પૃથકોની શ્રેણીમાં સંમેલિત કરવામાં આવે છે. આ સિવાય સામાન્ય વ્યક્તિત્વ પૃથક વિચાર, સામાન્ય વસ્તુ પૃથક વિચાર અને સામાન્ય વેગ પૃથક વિચાર પણ સામાન્ય પૃથક કહેવાય છે.

એ ઉલ્લેખનીય બિંદુ છે કે, 'મૂળભૂત શ્રેણી વેગ' અને "મૂળભૂત શ્રેણી વસ્તુ"ની અભિવ્યક્તિઓમાંથી કેટલાક વિચાર "વિશિષ્ટ પૃથક વિચાર" કહેવાશે, અને કેટલાક સામાન્ય પૃથક વિચાર. "વસ્તુ સામાન્ય પૃથકો"ની શ્રેણીમાં માત્ર "ગુણધર્મ" અને "મૂલ્યો"નો સમાવેશ કરવામાં આવે છે ન કે સામગ્રીને, તેમ છતાં આ "સામાન્ય ગુણધર્મ પૃથક" અને "વેગ સામાન્ય પૃથક"ના વિચારોનો પણ ઉલ્લેખ કરવો આવશ્યક છે. આ સિવાય એ પણ જાણવા મળે છે કે, પ્રલેખોમાં "વેગ સામાન્ય પૃથક પદ" અને "વસ્તુ સામાન્ય પૃથક પદ" બન્નેની સંયુક્તિ પ્રાયઃ એક જ પદમાં જોવા મળે છે, અર્થાત્, બન્નેને એક જ પદ દ્વારા વ્યક્ત કરી દેવામાં આવે છે, એથી તેને એકબીજાથી અલગ કરવા પડે છે. આ પ્રમાણે એ જ સામાન્ય પૃથક વિચારને હંમેશા એ જ પદ દ્વારા સૂચિત નથી કરી શકાતા તથા આ બધાં પદોને એક જ પદમાં પરિવર્તિત કરવાના કાર્યમાં સમય વ્યય કરવો પડે છે.

8.4.4 કોલન વર્ગીકરણમાં સામાન્ય પૃથકો
(Common Isolates in Colon Classification)

સી.સી.ના સામાન્ય પૃથકો કે જેનો આપણે ડી.ડી.સી.માં અધ્યયન કર્યું છે, તે બિલકુલ અલગ છે. જો કે બંને પદ્ધતિઓમાં સામાન્ય પૃથકોનો ઉદ્દેશ અને તેની આવશ્યકતા સમાન છે, પરંતુ સી.સી.માં સામાન્ય પૃથકોની સંખ્યા અને તેનો અનુપ્રયોગ ભિન્ન છે. સી.સી.માં સામાન્ય પૃથકોની ભિન્નતા સ્પષ્ટ સ્વરૂપ પ્રદર્શિત કરવામાં આવી છે. સી.સી.માં ઉલ્લેખિત પરિભાષા અનુસાર સામાન્ય પૃથક એવા વિચાર પૃથકો હોય છે, કે જેનો પ્રયોગ એ જ પદ અને પ્રતીક સંખ્યા દ્વારા પદ્ધતિના પ્રત્યેક વર્ગની સાથે એક જ સ્વરૂપે કરવામાં આવે છે. સી.સી.માં સામાન્ય પૃથકોનો વર્ગ પણ બહુ જ મોટો છે. સી.સી.માં અનેક પ્રકારના સામાન્ય પૃથક છે. તેની ઝલક નીચે જણાવેલ રેખાચિત્રમાં પ્રસ્તુત કરવામાં આવી છે.

સી.સી.માં સામાન્ય પૃથકોના પ્રકારો (Types of Common Isolates in CC)



સી.સી.ની 6ઠ્ઠી આવૃત્તિ સુધી અગ્રગામી અને અનુગામી સામાન્ય પૃથકોમાં પારસ્પરિક ભિન્નતા સ્પષ્ટ સ્વરૂપે પ્રદર્શિત કરવામાં આવી હતી. અગ્રગામી સામાન્ય પૃથક ગ્રાહ્યતા વર્ગની સાથે સંયોજક ચિહ્ન વગર જ જોડવામાં આવતા હતા, જ્યારે અનુગામી સામાન્ય પૃથક ગ્રાહ્યતા વર્ગની સાથે સંયોજક ચિહ્ન દ્વારા જોડવામાં આવતા હતા. સાતમી આવૃત્તિમાં આ ભિન્નતા દૂર કરવામાં આવી છે. જો કે તેમનું કાર્ય એ જ છે જે તેમના માટે પૂર્વ આવૃત્તિઓમાં નિર્ધારિત કરવામાં આવ્યું હતું.

સી.સી.માં અગ્રગામી સામાન્ય પૃથકો (Anteriorising Common Isolates in CC)

અગ્રગામી સામાન્ય પૃથક યુક્ત વર્ગાંકનું વ્યવસ્થાપન એ મૂળ વર્ગ પહેલા કરવામાં આવે છે, કે જેની સાથે તેને જોડવામાં આવેલ છે. સંક્ષિપ્તમાં, અગ્રગામી સામાન્ય પૃથકોનું અગ્રગામી સ્થાન હોય છે. ઉદાહરણ તરીકે V,54 અને V,54"a વર્ગાંકોનું વ્યવસ્થાપન કરતી વખતે વર્ગોના અનુક્રમમાં V,54"a નું સ્થાન V,54 પહેલા આવશે. ગ્રંથસૂચિઓ, વિશ્વકોશો, સામયિક પ્રકાશનો અને વિષયના ઈતિહાસથી સંબંધિત પ્રલેખ પરિચયાત્મક પ્રલેખોને તેની આવી સ્થિતિને કારણે કલકો પર વ્યવસ્થાપનમાં તેનું સ્થાન વિષયથી સંબંધિત અન્ય મૂળ પ્રલેખોની પહેલાં હોય છે. કેટલાક અગ્રગામી સામાન્ય પૃથકો નીચે મુજબ છે.

અગ્રગામી સામાન્ય પૃથકો (Anteriorising Common Isolates)

સ્થાન મુખક પૂર્વે પ્રયોજાતા (Applicable before space facet)

a - bibliography

c - concordance

d - table

f - atlas

k - cyclopaedia

m - periodical

p - conference proceedings

v - history

w - biography

અગ્રગામી સામાન્ય પૃથકો (Anteriorising common isolates)

સ્થાન મુખક પછી પ્રયોજાતા (Applicable after space facet)

r - periodical administration report

s - statistics (serial)

અગ્રગામી સામાન્ય પૃથકો (Anteriorising common isolates)

કાળ મુખક પછી પ્રયોજાતા (Applicable after time facet)

t - commission report

t4 - survey

v - source material

v46 - genealogy

v6 - chronology

અગ્રગામી સામાન્ય પૃથકોની પૂર્ણ સૂચે સી.સી.ની સાતમી આવૃત્તિના પૃષ્ઠ 105 પર આપવામાં આવી છે.

સી.સી.માં અનુગામી સામાન્ય પૃથકો (Posteriorising Common Isolates in CC)

અનુગામી સામાન્ય પૃથકો ત્રણ પ્રકારના છે - વ્યક્તિત્વ, વસ્તુ અને વેગ સામાન્ય પૃથકો તેઓ તેના ગ્રાહ્યતા વર્ગની સાથે પોત-પોતાના સંયોજક ચિહ્નો દ્વારા જોડવામાં આવે છે - અર્થાત્, સેમીકોલન અને કોલન 'વ્યક્તિત્વ સામાન્ય પૃથક'નો પ્રયોગ મુખ્ય સ્વરૂપે સમસ્યાઓ માટે કરવામાં આવ્યો છે. તેના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

f - investigating instiution

f2 - observational institution

f3 - laboratory

g - learned body

h6 - museum

y - cultural organisations

વ્યક્તિત્વના સામાન્ય પૃથકોની સૂચિ સી.સી.ની સાતમી આવૃત્તિના પૃષ્ઠ પર 104 પર આપવામાં આવી છે.

સી.સી.માં વસ્તુ, વેગ, સ્થાન અને કાળ સામાન્ય પૃથકો
(Matter, Energy, Space and Time Isolates in CC)

સી.સી.ની સાતમી આવૃત્તિ પૃષ્ઠ 93 થી 104 સુધી વેગ અને વસ્તુ પૃથકોની વિસ્તૃત સૂચિ આપવામાં આવી છે. સી.સી.ની છઠ્ઠી આવૃત્તિમાં વેગ સામાન્ય પૃથકોની સંખ્યા ઓછી હતી. વસ્તુ સામાન્ય પૃથકોનો ઉલ્લેખ સૌપ્રથમ સાતમી આવૃત્તિમાં કરવામાં આવ્યો છે.

સ્થાન અને કાળને પણ સામાન્ય પૃથકોની શ્રેણીમાં સંમિલિત કરવામાં આવ્યા છે, તથા તેની સૂચિઓનો ઉલ્લેખ અલગથી કરવામાં આવ્યો છે. તેને કોઈપણ પ્રાથ્યતા વર્ગાંક સાથે આવશ્યકતાનુસાર જોડી શકાય છે. તેના પ્રયોગના કેટલાક ઉદાહરણોનો ઉલ્લેખ નીચે જણાવેલ ફકરામાં આપવામાં આવ્યો છે.

સી.સી.માં સામાન્ય પૃથકોનો અનુપ્રયોગ
(Application of Common Isolates in CC)

આપણે જોયું કે સી.સી.માં વિભિન્ન પ્રકારના સામાન્ય પૃથકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રત્યેક પ્રકારના સામાન્ય પૃથકોનો અનુપ્રયોગ યોગ્ય ઉદાહરણ સાથે નીચેના ફકરામાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

અગ્રગામી સામાન્ય પૃથક : નીચે જણાવેલ ઉદાહરણોમાં અગ્રગામી સામાન્ય પૃથકોનો ઉપયોગ કરવામાં આવેલ છે.

C"aN7 - Bibliography of physics books upto the 1979s

C"k73,N3 - Encyclopedia of physics, first published in the USA in the 1930s.

C"m56,N5 - Physics journal first published in the UK in the 1950s

C"p44,N7 - Proceedings of physics conference held first in the 1970s in India

C"v - History of physics

C"wM88 - Biography of physicist, born in the year 1888 (C V Raman)

અહીં એ ધ્યાન રાખવાનું રહે કે ઉપર જણાવેલ ઉદાહરણોમાં સંયોજક ચિહ્ન અર્થાત્, બે ઉદ્ધરણ ચિહ્ન (")નું કોઈ ક્રમવાચક મૂલ્ય નથી. જેમ કે, અગાઉ વ્યક્ત કરવામાં આવ્યું છે, બધા જ ઉપર્યુક્ત વર્ગાંકોનું સ્થાન મૂળ વર્ગ (Physics)ની પહેલા આવશે. ઉપર્યુક્ત ઉદાહરણોમાં, અગ્રગામી સામાન્ય પૃથકોનો પ્રયોગ સ્થાન મુખક પહેલા કરવામાં આવેલ છે.

હવે આપણે અગ્રગામી સામાન્ય પૃથકોના થોડા ઉદાહરણો જોઈએ કે જેનો પ્રયોગ સ્થાન અને કાળ મુખક પછી કરવામાં આવેલ છે.

T,4.44"r	-	Report on adult education in India
T,4.44"s	-	Statistics on adult education in India (Published regularly, a serial)
T,4.44'N75"t	-	Indian adult education commission report, published in 1975
T,4.44'N75"t4	-	Statistics of adult education in India, published in 1975 (a stray publication)

ઉપર જણાવેલ ચાર ઉદાહરણોમાંથી, પ્રથમ બે ઉદાહરણોમાં તો સામાન્ય પૃથકોનો પ્રયોગ સ્થાન મુખક પછી કરવામાં આવ્યો છે, ત્યાર પછીના બે ઉદાહરણોમાં સામાન્ય પૃથકોનો પ્રયોગ કાળ મુખક પછી કરવામાં આવ્યો છે. અહીં, એ પણ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે સી.સી.માં અનેક સામાન્ય પૃથક પોત-પોતાના મુખક પરિસૂત્રોની સાથે પ્રયોગમાં લાવવામાં આવે છે. આ મુખક પરિસૂત્રોનો ઉલ્લેખ કોઠામાં યોગ્ય સ્થાને સંબંધિત સામાન્ય પૃથકની સાથે કરવામાં આવ્યો છે.

અનુગામી સામાન્ય પૃથકો (Posteriorsing common isolates)

આ શ્રેણીની અંતર્ગત આપણે વ્યક્તિત્વ, વસ્તુ, વેગ, સ્થાન અને કાળના સામાન્ય પૃથકોનો ક્રમશઃ અભ્યાસ કરીશું.

વ્યક્તિત્વ સામાન્ય પૃથકો (Persolnality common isolates)

આ સામાન્ય પૃથક સંસ્થાઓ અથવા સંગઠનોનું દ્યોતક છે. વ્યક્તિત્વ સામાન્ય પૃથકને સામાન્ય રીતે સ્થાન મુખક પછી જોડવામાં આવે છે. વર્ગાંકમાં સંસ્થાગત તત્ત્વને વર્ણાનુક્રમ યુક્તિ અથવા કાળક્રમ યુક્તિ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે. વર્ણાનુક્રમ યુક્તિ અનુસાર સંસ્થાના સ્થાપનાના વર્ષને પ્રયોગમાં લાવી શકાય છે. વર્ણાનુક્રમ યુક્તિનો પ્રયોગ એ સમયે કરવામાં આવે છે જ્યારે સ્થાપના વર્ષ જ્ઞાતમાં ન હોય. જો કોઈ સંસ્થા રાષ્ટ્રીય સ્તરની સંસ્થા હોય તો કાળ સૂચક સંખ્યાની પૂર્વે અંક '9'નો પ્રયોગ કરવામાં આવે છે. તમે વ્યક્તિત્વ સામાન્ય પૃથકના પ્રયોગને નીચે જણાવેલ કેટલાક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ સ્વરૂપે સમજી શકશો.

1) Indian Mathematical Society founded in 1931 B.;44,g,9N31

2) Delhi University T,18.44,t4,N21

3) Poona Observatory B9.44,f2,P

સંબંધિત નિયમોની જાણકારી આપવા માટે ઉપર્યુક્ત વર્ગાંકોના નિર્માણની પ્રક્રિયાનું વિવેચન નીચે મુજબ છે.

1) B - Mathematics

44 - India (બધા સ્થાન પૃથકોને જોડવા માટે યોજક ચિહ્ન બિંદુ (.)નો પ્રયોગ કરવામાં આવે છે.)

g - Learned body (બધા જ રોમન નાના મૂળાક્ષરો સામાન્ય પૃથકોના દ્યોતક છે. વ્યક્તિત્વ મુખકના ઘટકને જોડવા માટે યોજક ચિહ્ન અલ્પવિરામ (,)નો પ્રયોગ કરવામાં આવે છે.)

9N31 - રાષ્ટ્રીય સ્તરની સંખ્યાના નિરૂપણ કરવા માટે 9ની સાથે સંસ્થાનું સ્થાપના વર્ષ જોડવામાં આવે છે. આ પ્રકારે N31 = 1931

2) T - Education

T,18 - University education, મુખ્ય વર્ગ T Educationની અંતર્ગત 18 વ્યક્તિત્વ મુખકમાંથી લેવામાં આવેલ છે.

44 - India

t4 - An institution of higher education t4 (સામાન્ય વ્યક્તિત્વ પૃથક છે.)

N21 - Foundation in 1921 (દિલ્હી વિશ્વવિદ્યાલય સ્થાનિક સંસ્થા છે, એટલે કે અંક 9 સ્થાપના વર્ષ પૂર્વે લગાડવામાં આવેલ નથી.)

3) B9 - Astronomy

44 - India

f2 - Observational institution (f2 વ્યક્તિત્વ સામાન્ય પૃથક છે.)

P - Poona (વર્ણાનુક્રમ યુક્તિ)

વસ્તુ ગુણધર્મ સામાન્ય પૃથક (Matter property common isolates)

વસ્તુ/પદાર્થ ગુણધર્મના સામાન્ય પૃથકોની વિસ્તૃત સૂચિ સૌ પ્રથમ સી.સી.નો સાતમી આવૃત્તિમાં આપવામાં આવી હતી. વસ્તુ, ગુણધર્મ સામાન્ય પૃથકનો પ્રયોગ કરતી વખતે યોજક ચિહ્ન સેમીકોલન (;)નો ઉપયોગ કરવામાં આવે છે. તેના અનુપ્રયોગના કેટલાક ઉદાહરણ નીચે મુજબ છે.

The outgoing Tamil Nadu Ministry V,4411,2;aP5

અહીં, V History

4411 Tamil Nadu

2 Cabinate (Ministry)

aP5 Outgoing (વસ્તુ-ગુણધર્મ સામાન્ય મુખ્યક)

The instrinsic value of paintings N6;a72

અહીં . N6 Painting

a72 Instrinsic value

વેગ સામાન્ય પૃથકો (Energy Common Isolates)

સી.સી.ના સાતમી આવૃત્તિના પૃષ્ઠ 93 ઉપર વેગ સામાન્ય પૃથકની સૂચિ આપવામાં આવી છે. વેગ સામાન્ય પૃથકને યોજક ચિહ્ન કોલન (:)ની સાથે જોડવામાં આવે છે. પૂર્વ ઉલ્લેખિત ઉદાહરણોની જેમ જ સર્વપ્રથમ વિષયના યોગ્ય વર્ગાંકની રચના કરવામાં આવે છે, તથા તે પછી જો આવશ્યક હોય તો, સંલગ્ન સામાન્ય પૃથકનું નિર્ધારણ કરવામાં આવે છે. વેગ સામાન્ય પૃથકોના કેટલાક ઉદાહરણ નીચે મુજબ છે.

ab	- establish, Inaugurate	eb	- mixing
af3	- differentiate	eg	- cleaning
ak	- compensate	ev	- washing
aD2	- infiltrate	e3	- boiling
aR	- investigation, research	fZ6	- preserving
aR2	- observing	p2	- describing
aT	- evaluation	pR4	- printing
dl	- designing	ul	- surveying

ઉપર જણાવેલ ઉદાહરણ વેગ સામાન્ય પૃથકોના એક નમૂનો માત્ર છે. વેગ સામાન્ય પૃથકોના ઉપયોગ સંબંધિત કેટલાક ઉદાહરણ નીચે મુજબ છે.

1)	Observing solar eclipse	BX,3;57:aR2
2)	Research on the ulcer of the intestine	L,25,474.aR
3)	Designing archiectural plan of library buildings	NA,9(2):3.dl

ઉપર્યુક્ત વર્ગાંકોનો વિસ્તાર નીચે મુજબ છે.

1) BX - Astronomy
   3 - Sun
   57 - Eclipse
   aR2 - Observation
   (વેગ સામાન્ય પૃથક)

BX ના મુખક પરિસૂત્ર અનુસાર રચવામાં આવેલ છે.

2) L - Medicine
   25 - Intestine
   4 - Disease
   74 - Ulcer
   aR - Research
   (વેગ સામાન્ય પૃથક)

L ના મુખક પરિસૂત્ર અનુસાર રચવામાં આવેલ છે.

3) NA - Architecture
   9(2) - Library buildings
   3 - Plans
   d1 - Designing
   (વેગ સામાન્ય પૃથક)

NA ના મુખક પરિસૂત્ર અનુસાર રચવામાં આવેલ છે.

સ્થાન અને કાળ સામાન્ય પૃથકની જેમ (Space and time as common isolates)

સ્થાન અને કાળને આવશ્યકતા અનુસાર કોઈપણ વર્ગાંક સાથે જોડી શકાય છે, તેથી તેઓને પણ સામાન્ય પૃથકોની શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે. પદ્ધતિમાં તેઓનો પણ અલગ અલગ સૂચિઓમાં ઉલ્લેખ કરવામાં આવેલો છે. સ્થાન અને કાળનો અનુપ્રયોગ ખૂબ જ સરળ છે તથા તેનો સરળતાથી સમજી શકાય છે. જો કે તમારા લાભ માટેની દૃષ્ટિથી તેના અનુપ્રયોગ સંબંધિત કેટલાક ઉદાહરણોનો ઉલ્લેખ નીચે મુજબ છે.

University libraries in India - 2,34.44

અહીં 2 - library science
34 - university libraries
44 - India

Mass communication in India in the 1980s - 4.44'N8

અહીં 4 - mass communication

44 - India

N8 - 1980s

દ્વિતીય ઉદાહરણમાં સ્થાન અને કાળ પૃથક બન્ને હયાત છે.

તમારી પ્રગતિ ચકાસો

6) i) સી.સી.માં કયા કયા પ્રકારના સામાન્ય પૃથકોનો ઉલ્લેખ છે ?

ii) નીચે જણાવેલ વર્ગાંકોની અંક-પ્રતિ-અંક વ્યાખ્યા કરો.

ક) V,44,21"y7N17

ખ) T, B-18.44g.9N7

ગ) L,45;4725:aR3

ઘ) W"m44,N31

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

8.4.5 ડ્યૂઇ ડેસિમલ ક્લાસિફિકેશનમાં સામાન્ય પૃથકો : (Common Isolates in Dewey Decimal Classification)

ડી.ડી.સી.ના સામાન્ય પૃથકોમાં, નામકરણ અને નિરુપણ બન્ને દૃષ્ટિથી, સમય-સમય પર અનેક પરિવર્તનો કરવામાં આવ્યા છે. ડી.ડી.સી.ની અલગ-અલગ આવૃત્તિમાં તેના અલગ-અલગ નામ આપવામાં આવ્યા છે. આજ સુધી તેને 'સ્વરૂપ વિભાગો' (Form divisions),

'સામાન્ય પેટાવિભાગો' (Common sub-divisions), 'દૃષ્ટિકોણ દર્શક સંખ્યા' (View point numbers) અને 'માનક પેટાવિભાગો' (Standard sub-divisions) રાખવામાં આવેલ છે. ડી.ડી.સી.ની 19મી આવૃત્તિમાં ખંડ 1 સારણી-1 ની અંતર્ગત માનક પેટાવિભાગોની સંપૂર્ણ સૂચિ આપવામાં આવી છે.

ડી.ડી.સી.માં સામાન્ય પૃથકોના પ્રકાર (Types of Common Isolates in DDC)

- 01	Philosophy and theory
- 016	Indexes
- 02	Miscellany
- 022	Illustrations and models
- 028	Techniques, procedures, apparatus, equipment, material
- 0285	Data processing
- 0288	Maintenance and repair
- 03	Dictionaries, encyclopaedias, concordances
- 05	Serial publications
- 06	Organisations and management
- 07	Study and teaching
- 072	Research
- 08	History and description of the subject among group of persons
- 09	History and geographical treatment

સારણી 1ની અંતર્ગત ઉલ્લેખિત ટિપ્પણી અનુસાર "આ સંજ્ઞાનો ક્યારેય પણ એકલા પ્રયોગમાં નથી લાવી શકતા, પરંતુ તેઓને આવશ્યકતા અનુસાર અનુસૂચિના કોઈપણ વર્ગ સાથે જોડી શકાય છે." આ પ્રમાણે એ સ્પષ્ટ છે કે ઉપર્યુક્ત સંજ્ઞાનો વિષય અનુસૂચિઓમાં ઉલ્લેખિત મૂળ વર્ગાંક સિવાય અન્યત્ર સ્વતંત્ર સ્વરૂપે પ્રયોગમાં લાવી શકાતા નથી. ઉપર્યુક્ત સારણીમાં પ્રત્યેક અંકનની પૂર્વે ડેસ (–)નું ચિહ્ન લાગેલું છે, જે માત્ર એ દર્શાવે છે કે આ અંકનોનું સ્વતંત્ર અસ્તિત્વ ક્યારેય નથી. જ્યારે તેને વિષય અનુસૂચિમાંના અંકનો સાથે જોડવામાં આવે છે ત્યારે ડેસના ચિહ્નને દૂર કરવામાં આવે છે.

ડી.ડી.સી.માં સ્થાન અને કાળ પૃથકો (Space and Time Isolates in DDC)

ડી.ડી.સી. 16મી આવૃત્તિ સુધી સ્થાન પૃથકો માટે અલગ સારણી ન હતી. જ્યારે પણ તેની આવશ્યકતા પડતી હતી, તેને ઈતિહાસની અનુસૂચિમાંથી લેવામાં આવતા હતા. 17મી આવૃત્તિમાં જ સર્વપ્રથમ તેને અલગથી સૂચિબદ્ધ કરવામાં આવ્યા. તેને ભૌગોલિક વિસ્તારની સંજ્ઞાના નામથી પણ ઓળખવામાં આવે છે, ખંડ 1 સારણી 2માં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે સમયે કોઈ વિષયનું વિવેચન વિશેષ સ્વરૂપે ભૌગોલિક આધારે કરવામાં આવે છે, ત્યારે વિષયથી સંબંધિત વર્ગાંક સાથે ભૌગોલિક વિસ્તાર જોડવાનું અનિવાર્ય બની જાય છે. ઉદાહરણ તરીકે, ભારતની વિદેશ નીતિ, ચીનની આર્થિક પરિસ્થિતિ, યુનાઈટેડ કિંગડમના રાજનૈતિક પક્ષો વગેરે. આ બધા જ ઉદાહરણોમાં ભૌગોલિક વિસ્તાર (સ્થાન) મહત્ત્વનું છે તેના વિના વર્ગાંક અધૂરો રહે છે તથા બોધગમ્ય નહીં હોય. આથી, બધી જ વર્ગીકરણ પદ્ધતિઓમાં સ્થાન પૃથકોની વ્યવસ્થા કરવામાં આવી છે.

ડી.ડી.સી.માં ખંડ - 1 નો વિશાળ ભાગ વિસ્તારના અંકનો માટે વાપરેલ છે. વ્યાપક રીતે, ભૌગોલિક સ્થાનના વિભાગોને નીચે મુજબ વર્ણવેલ છે.

- 1	Area, regions, places in general
- 2	Persons regardless of area, region and place
- 3	The ancient world
- 4	Europe
- 5	Asia
- 6	Africa
- 7	North America
- 8	South America
- 9	Other part of the world

ડી.ડી.સી.ના સ્થાન પૃથકોનું અવલોકન કર્યા પછી, આવો હવે આપણે આ પદ્ધતિમાં ઉલ્લેખિત કાળ પૃથકો તપાસીએ સી.સી.માં કાળ પૃથકોની એટલી વિસ્તૃત વ્યવસ્થા નથી જેટલી કે યુ.ડી.સી. અને સી.સી.સી.માં ઉપલબ્ધ છે. ડી.ડી.સી.માં કાળ પૃથકોનું સાવધાન ઐતિહાસિક સીમાઓના સ્વરૂપમાં માનક પેટાવિભાગો સારણી-1ની અંતર્ગત કરવામાં આવેલ છે. તેનો ઉપયોગ સીમિત છે. વિષય અનુસૂચિમાં કાળનો પ્રયોગ કેટલીક બહુ વિસ્તૃત ઐતિહાસિક સીમાઓના આધારે કરવામાં આવે છે તેનું વિવરણ નીચે મુજબ છે.

- 0901	- to 499 AD
- 0902	- 500 to 1499
- 0903	- Modern period, 1500
- 0904	- 20th Century, 1900 - 1999
- 0905	- 21st Century, 2000 - 2099

ડી.ડી.સી.-ની 19મી આવૃત્તિના ખંડ 1ના પૃષ્ઠ 10 અને 11 ઉપર કાળ પૃથકના પેટાવિભાગોનું વિસ્તૃત વિવરણ આપવામાં આવ્યું છે.

ડી.ડી.સી.માં સામાન્ય પૃથકોનો અનુપ્રયોગ
(Application of Common Isolates in DDC)

વર્ગીકરણ કરતી વખતે વિશિષ્ટ વિષયની માહિતી મેળવવા માટે સર્વપ્રથમ પ્રલેખને પૃથકૃત કરવામાં આવે છે, તથા તે પછી યોગ્ય વિષય સંજ્ઞા આપવામાં આવે છે. આગળ એ જાણવા માટે તેથી વધુ તપાસ કરવામાં આવે છે, કે માનક પેટાવિભાગસારણીમાંથી કોઈ અતિરિક્ત અંકને તેની સાથે જોડવાનું આવશ્યક છે કે કેમ ઉદાહરણ તરીકે જો કોઈ પુસ્તકની આખ્યા The teaching of geography હોય તો સર્વપ્રથમ તેને geography વિષયનો સૂચક અંક આપવામાં આવે છે. ત્યારબાદ આ અંકની સાથે માનક પેટાવિભાગો સારણી 1માંથી teaching માટેની માનક પેટાવિભાગની સંજ્ઞા જોડવામાં આવે છે. તમને અગાઉથી એ જાણમાં છે કે માનક પેટાવિભાગોને મૂળ વર્ગ સાથે (0) લગાડીને જોડવામાં આવે છે. ઉપર્યુક્ત આખ્યાનો વર્ગાંક 910.7 થશે. અહીં, 910 geography છે તથા -07 Study and teaching નો છે, જેને સારણી-1માંથી લેવામાં આવેલ છે.

કેટલાક અન્ય ઉદાહરણ નીચે મુજબ છે.

Medical dictionary	- 610.3	610 plus 03
Encyclopaedia of religion	- 203	200 plus 03
Journal of agriculture	- 630.5	630 plus 05
Research in crystallography	- 548.072	548 plus 072

ઉપર્યુક્ત ઉદાહરણોમાં જે ઘટક અંકનોને રેખાંતિક કરવામાં આવ્યા છે - તે બધા માનક પેટાવિભાગો છે. આ બધાનો ઉપયોગ શૂન્ય (0)ની સાથે કરવામાં આવેલ છે. જો કે અનુસૂચિઓમાં ક્યાંક ક્યાંક એવા ઉદાહરણો પણ હયાત છે કે જ્યાં શૂન્યનો પ્રયોગ કોઈ વર્ગના વિભાજન માટે અગાઉથી કરવામાં આવ્યો હોય, તો એવી સ્થિતિમાં માનક પેટાવિભાગોને બે શૂન્ય સહિત અથવા ત્રણ શૂન્ય સહિત, અથવા ત્રણ શૂન્ય સહિત, જેવી પણ સ્થિતિ હોય, જોડવાના રહે છે. આ સંબંધમાં અનુસૂચિઓમાં ઉલ્લેખિત વર્ગ અંકનોની અંતર્ગત યોગ્ય સૂચના આપવામાં આવી છે. આ બાબતને નીચે જણાવેલ ઉદાહરણોમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે.

Encyclopedia of oriental philosophy	181.003
Dictionary of political science	320.03
Journal of Socila welfare	361.005
Journal of engineering	620.005
Journal of public administration	350.0005

ઉપર્યુક્ત ઉદાહરણો તથા આ પૂર્વે ઉલ્લેખિત ઉદાહરણોના અંકનોની પારસ્પરિક ભિન્નતા પર

ધ્યાન આપો. સંજ્ઞાના રેખાંકિત ઘટક માનક પેટાવિભાગો છે, તેને મૂળ અંકનો સાથે બે અથવા ત્રણ શૂન્ય જોડવામાં આવેલ છે. આ પ્રકારના ઉપયોગ માટે અનુસૂચિઓમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. પરિણામે, વર્ગીકરણ કરતી વખતે આ સંબંધમાં કોઈપણ મુશ્કેલીનો સામનો કરવાનો રહેતો નથી. જો કે સારણી 1માંથી માનક પેટાવિભાગના અંકોનો પ્રયોગ કરતાં પહેલાં એ સાવધાની રાખવી જોઈશે કે અનુસૂચિમાં ઉલ્લેખિત વર્ગ અંતર્ગત એક કે એકથી વધુ શૂન્ય જોડવાની સૂચના આપવામાં આવી છે કે નહીં.

સ્થાન સૂચક સામાન્ય પૃથકોને પણ સુસંગત અનુસૂચિથી પ્રાપ્ત કરવામાં આવેલ વર્ગાંકની સાથે જોડી શકાય છે. અહીં પણ પૃથકનો પ્રયોગ કરતાં પહેલાં એ તપાસ કરવાની રહે છે કે સુસંગત અનુસૂચિમાં સ્થાનસૂચક ઘટક જોડવા સંબંધમાં કોઈ સૂચના આપવામાં આવી છે કે નહીં. જો હા તો પદ્ધતિમાં જણાવ્યા અનુસાર વિષય અંકન સાથે સ્થાન પૃથક જોડવામાં આવે છે. અનુસૂચિમાં સ્થાન પૃથક જોડવાની સૂચના આપી ન હોય ત્યારે સ્થાન પૃથક જોડવા સંબંધી સૂચના સિવાય વર્ગાંક અધૂરો બનશે. તમો માનક પેટાવિભાગમાંથી સ્થાન પૃથકથી સંજ્ઞા લઈ શકો છો. ઉદાહરણ તરીકે Income tax in India અહીંયા અનુસૂચિમાં વિસ્તારથી સંજ્ઞા જોડવા માટેની કોઈ જોગવાઈ નથી. આવા કેટલાંક કિસ્સાઓમાં માનક પેટાવિભાગમાંથી India માટે સ્થાન પૃથકની સંજ્ઞા લઈને આપણે પૂર્ણ વર્ગાંક બનાવી શકીએ છીએ. આ પ્રકારે

336.24	Income tax
09	Historical and geogrphical treatment (માનક પેટાવિભાગો સારણી 1માંથી)
54	India (માનક પેટાવિભાગો 09ની અંતર્ગત સૂચના આપવામાં આવી છે કે સારણી 2માંથી વિસ્તાર અંકન લાવીને જોડો.)

336.240 954 Income tax in India

તમારી પ્રગતિ ચકાસો

7) ડી.ડી.સી.માં માનક પેટાવિભાગો જોડતી વખતે કેટલીક જગ્યાએ બે કે બેથી વધુ શૂન્ય જોડવાની શા માટે આવશ્યકતા પડે છે ?

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.


2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

8.4.6 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનમાં સામાન્ય પૃથક (Common Isolates in Universal Decimal Classification)

યુ.ડી.સી.માં સામાન્ય પૃથક 'સહાયક' (auxiliaries) કહેવાય છે. વિસ્તૃત રીતે તેને બે શ્રેણીઓમાં મૂકવામાં આવે છે. અર્થાત્, 'સામાન્ય' (general) અને 'વિશિષ્ટ' (special). સામાન્ય શ્રેણીવાળા સહાયકોને યુ.ડી.સી.ની સારણીઓમાં કોઈપણ વિષય વર્ગ સંખ્યા સાથે જોડી શકાય છે, જ્યારે વિશિષ્ટ શ્રેણીવાળા સહાયક આ પદ્ધતિના માત્ર કેટલાક ભાગો સાથે જ સંબંધિત હોય છે. આ સિવાય સામાન્ય શ્રેણીઓ પણ બે વર્ગોમાં વિભાજીત કરવામાં આવે છે. અર્થાત્,

1) એ પ્રતીક જે અન્ય સંજ્ઞા ઘટકોને જોડવાનું કાર્ય કરે છે, તથા

2) એ જેને પેટાવિભાગોની સુસ્પષ્ટ સારણીઓના સ્વરૂપમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.



યુ.ડી.સી.માં સ્વરૂપના સામાન્ય સહાયક, ડી.ડી.સી.ના માનક પેટાવિભાગો તથા સી.સી.ના અગ્રગામી સામાન્ય પૃથકોની સમાન છે.

યુ.ડી.સી.માં સામાન્ય પૃથકોના યોજક ચિહ્ન
(Connecting Symbols for Common Isolates in UDC)

યુ.ડી.સી.ના યોજક ચિહ્ન કે સંકેતિક ચિહ્ન વર્ગાંકના નિર્માણ કરવામાં કાર્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સી.સી.ના સંકેતક અંકોની જેમ જ યુ.ડી.સી.ના સંકેતિક અંક પણ પ્રયુક્ત મુખકની શ્રેણીને વ્યક્ત કરે કરે છે. આ જ કારણ છે કે ગહન વર્ગીકરણના ક્ષેત્રમાં યુ.ડી.સી. પદ્ધતિ વિશ્વભરમાં ઘણી વધુ પ્રચલિત બની ગઈ છે.

સ્વરૂપના સામાન્ય સહાયકો લઘુકૌંસની અંદર યોજક ચિહ્ન શૂન્યની સાથે મૂકવામાં આવે છે. (0....) અને અધિકતર રીતે તેનો પ્રયોગ નિરૂપણના બાહ્ય સ્વરૂપ માટે કરવામાં આવે છે, જેમ કે, શબ્દકોશ, સામયિક વગેરે. તેનો પ્રયોગ કેટલાક આંતરિક સ્વરૂપોને વ્યક્ત કરવા માટે પણ કરવામાં આવે છે. યુ.ડી.સી.ના સ્થાન પૃથકો ડી.ડી.સી.ના ભૌગોલિક અંકોની જેમ જ છે. યુ.ડી.સી.માં તેને લઘુકૌંસમાં મૂકવામાં આવે છે. (1/9); સી.સી.ની જેમ જ અહીં પણ સ્થાન પૃથકોની અંતર્ગત રાજનૈતિક વિભાજનો, ક્ષેત્ર વિભાજનો, દિશાનુસાર વિભાજનો, પ્રાકૃતિક લક્ષણ સંબંધી વિભાજનો વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

યુ.ડી.સી.ના કાળ પૃથકો સી.સી.ના કાળ પૃથકો સાથે ઘણા વધુ મળતા છે. યુ.ડી.સી.માં મહિનો, દિવસ, કલાક તથા મિનિટમાં વ્યક્ત કરી શકાય છે. કાળ પૃથકોને બમણા ઉદ્ધરણ ચિહ્ન ("...")ની વચ્ચે મૂકવામાં આવે છે.

યુ.ડી.સી.માં સામાન્ય પૃથકોનો અનુપ્રયોગ
(Application of Common Isolates in UDC)

નીચે જણાવેલ કેટલાક ઉદાહરણોમાં યુ.ડી.સી.ના સામાન્ય પૃથકોને પ્રદર્શિત કરવામાં આવ્યા છે. અહીં આપણે માત્ર સ્વરૂપ સામાન્ય સહાયકો, સ્થાન સામાન્ય સહાયકો અને કળા સામાન્ય સહાયકોના પ્રયોગનો જ ઉલ્લેખ કરીશું.

સ્વરૂપ સામાન્ય સહાયક : નીચે જણાવેલ ઉદાહરણોમાં આંતરિક (દા.ત., ઇતિહાસ) અને બાહ્ય (દા.ત., સામયિક) સ્વરૂપ સંબંધિત સામાન્ય પૃથકોને પ્રદર્શિત કરવામાં આવેલા છે.

Bibliography on international law	341 (01)
Dictionary of international law	341 (03)
Journal of international law	341 (05)
Teaching of international law	341 (07)
History of international law	341 (09)

ઉપર્યુક્ત ઉદાહરણોમાં સ્વરૂપ સામાન્ય સહાયકોને યોજક ચિહ્ન 'શૂન્ય'ની સાથે લઘુકૌંસ (0....)ની અંદર મૂકવામાં આવે છે.

સ્થાન સામાન્ય સહાયક (Common auxiliaries of place)

ડી.ડી.સી. અને સી.સી.ની સમાન યુ.ડી.સી.માં પણ ભૌગોલિક પૃથકોની સારી રીતે સવિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. આ સારણીમાં રાજનૈતિક અને પ્રાકૃતિક ભૂગોળના વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ બધા જ 'સ્થાન સામાન્ય સહાયક' કહેવાય છે. તેનો અનુપ્રયોગ અત્યંત સરળ છે, જેને સરળતાથી સમજી શકાય છે. તમારા લાભને લક્ષમાં રાખીને તેના અનુપ્રયોગ સંબંધિત કેટલાક ઉદાહરણો પ્રસ્તુત કરવામાં આવી રહ્યા છે. તમે જોશો કે સ્થાન પૃથક સંખ્યાને કોઈપણ ઉપસર્ગ વગર લઘુકૌંસમાં મૂકવામાં આવે છે.

327(540) Forei0gn policy of India. અહીં 327 = Foreign policy તથા (540) = India છે.

બે દેશો વચ્ચેના દ્વિપક્ષી સંબંધોને પણ સરળતાથી વ્યક્ત કરી શકાય છે. 327 (540:41) Bilateral relations between India and the UK.

ઉપર્યુક્ત ઉદાહરણમાં દ્વિતીય દેશની દ્યોતક સંખ્યા (41) UK ને કોલનથી જોડવામાં આવેલ છે.

33(540-22) Economic conditions of rural India.

અહીં 33 = Economics, (540) = India તથા (–22) ગ્રામીણ ક્ષેત્ર અથવા વિસ્તારને (લઘુરેખા દ્વારા કોઈ અન્ય સ્થાનની સાથે જોડી શકાય છે.)

કાળ સામાન્ય સહાયક (Common auxiliaries of time)

યુ.ડી.સી.માં કાળ પૃથકોનો, આવશ્યક હોય ત્યાં પ્રયોગ કરી શકાય છે. તે સી.સી.ના કાળ પૃથકોની લગભગ સમાન છે. યુ.ડી.સી.માં કાળ પૃથકોને જોડવા માટે યોજક ચિહ્ન બમણા ઉદ્ધરણ ચિહ્ન ("....")નો પ્રયોગ કરવામાં આવે છે. યુ.ડી.સી.ના કાળ પૃથકોની અંતર્ગત મહિનો, સપ્તાહ, દિવસ, કલાક, મિનિટ વગેરેનો, જેમ અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમ પ્રયોગ કરી શકાય છે. કાળ પૃથકોમાં લઘુરેખાના ચિહ્ન (–)નો પ્રયોગ ઇ.સ. પૂર્વેના સમયને દર્શાવવા માટે કરવામાં આવે છે. કાળ પૃથકના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

1988	- "1988"
15 August 1947	- "1947.08.15"
6 November 1987	- "1987.11.06"
32 B.C.	- "-0032"
6th Century	- "05"
19th Century	- "18"
1950s (1950 - 1959)	- "195"
18th to 19th Centuries	- "17/19"

કાળ પૃથકોનો પ્રયોગ પણ ઘણો સરળ છે. ઉદાહરણ તરીકે,

Economic conditions in India in the 19th Century.

33(540) "18"

(33 - Economics, (540) India અને "18" 19th Century)

તમારી પ્રગતિ ચકાસો

8) તમે યુ.ડી.સી.માં સ્વરૂપ સામાન્ય સહાયકોથી સ્થાન સામાન્ય સહાયકોની ભિન્નતાને કેવી રીતે દર્શાવશો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

8.5 સારાંશ (SUMMARY)

આ એકમમાં આપણે નીચે જણાવેલ અંશો પર વિચાર કર્યો છે.

1) આંતર જ્ઞાનશાખીય વિષયો કે જે બે વિષયો વચ્ચેનો કોઈ પ્રકારનો સંબંધ દર્શાવે છે, જે જટિલ (મિશ્રિત) વિષય કહેવાય છે. સહાયક વ્યવસ્થાપનના ઉદ્દેશની પૂર્તિ માટે વર્ગીકરણ કાર્યમાં તેમની ઓળખ કરવી આવશ્યક છે.

2) આ જટિલ (મિશ્રિત) વિષયો પાર્શ્વ સંબંધને દર્શાવે છે, પ્રથમ વિષય પ્રાથમિક અવસ્થાને અને બીજો વિષય ગૌણ અવસ્થાને સ્પષ્ટ કરે છે.

3) બે વિષયો (આંતર-વિષય), એક જ મુખકના બે પૃથકો (આંતર-મુખક) કે એક જ પંક્તિના બે પૃથકો (એક મુખકમાં આંતર-પંક્તિ) વચ્ચેનો પાર્શ્વ સંબંધ દર્શાવે છે.

4) પાર્શ્વ સંબંધની ઉપર્યુક્ત ત્રણ જાતિઓ સિવાય તેના છ પ્રકાર છે - અર્થાત્, સામાન્ય દૃષ્ટિકોણ, તુલના, ભિન્નતા ઉપકરણ અને પ્રભાવ.

5) પાર્શ્વ સંબંધોના પ્રકારો અને જાતિઓને ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યા છે.

6) કોલન ક્લાસિફિકેશન, ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન તથા યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન અનુસાર પાર્શ્વ સંબંધને ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યા છે.

7) સામાન્ય પૃથકોની પ્રકારો અને જાતિઓને સમજાવવામાં આવ્યા છે.

8) કોલન ક્લાસિફિકેશન, ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન અને યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનમાં સામાન્ય પૃથકોના અનુપ્રયોગ ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યા છે.

8.6 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) મૂળ વિષય એક છે તેની સાથે તેના ઘટકના સ્વરૂપમાં કોઈપણ પૃથક વિચાર સંલગ્ન નથી હોતા.

ઉદાહરણ : Chemistry, Physics, Political Science

સંયુક્ત વિષયમાં એક મૂળ વિષય તથા તેની સાથે એક કે વધુ પૃથક વિચાર તેના ઘટકના સ્વરૂપમાં સંલગ્ન હોય છે.

ઉદાહરણ : Virus Diseases, Medicine (BS), Virus Diseases (Isolate idea)

Rehabilitation of displaced persons

Sociology (Bs), Displaced persons (Isolate idea); Rihabililation (Isolate idea)

જટિલ વિષયની રચના બે અથવા બેથી વધુ મૂળ વિષયો અથવા સંયુક્ત વિષયોના સંયોજનથી થાય છે.

ઉદાહરણ :

Symbolic logic for librarians

Symbolic logic, librarians

Influence of urban folks and rural folks

Urban and rural folks

Effect of temperatur on personal health

Temperature, personal health

2) ત્રણ જાતિના પાર્શ્વ સંબંધ આ પ્રમાણે છે.

આંતર-વિષય (Inter-subjet) : Religion for school children

આંતર-મુખક (Intra-facet) : Comparison of the cultivation of rice crop with sugarcane crop

આંતર-પંક્તિ (Intra-array) : Difference between rice and wheat crops

3) ત્રણ જાતિના સંબંધ આ પ્રમાણે છે.

Inter-subject phase relation. i.e.

relation within two basic classes.

Intra-facet relation i.e.

relation between the same facet of any basic class

Intra-array relation. i.e.

relation within the same array

આ ત્રણ જાતિના સંબંધોમાં પ્રત્યેક જાતિની અંતર્ગત છ પ્રકારના નીચે મુજબ પાર્શ્વ સંબંધ હોય છે.

i) સામાન્ય સંબંધ

ii) દૃષ્ટિકોણ સંબંધ

iii) તુલના સંબંધ

iv) ભિન્નતા સંબંધ

v) ઉપકરણ સંબંધ

vi) પ્રભાવ સંબંધ

4) ક) દૃષ્ટિકોણ સંબંધ : બે મૂળ વર્ગો વચ્ચે. Mathematics and Engineering. અહીં Mathematics મુખ્ય વર્ગ છે.

ખ) પ્રભાવ સંબંધ : બે મૂળ વર્ગો વચ્ચે. Demography પ્રભાવાત્મક મુખક છે. Politics પ્રથમ મુખક છે.

ગ) ઉપકરણ સંબંધ : Computers as a tool in library management બે મૂળ વર્ગો વચ્ચે સંબંધ છે.

ઘ) ભિન્નતા સંબંધ : આંતર-મુખક સંબંધ, એક જ મુખ્ય વર્ગમાં

ઙ) તુલના સંબંધ : આંતર-પંક્તિ સંબંધ

ચ) પ્રભાવ સંબંધ : બે મૂળ વર્ગો Sociology અને Political Scienceની વચ્ચે - અહીં Cast system પ્રભાવાત્મક મુખક છે.

છ) આંતર-પંક્તિ સંબંધ : એક જ મૂળ વર્ગમાં, એક જ મુખકના બે પંક્તિ પૃથકો વચ્ચે.

જ) આંતર-મુખક સંબંધ : એક જ મૂળ વર્ગના એક જ પક્ષની અંતર્ગત સંબંધ મૂળ વર્ગ Psychology.

ઝ) આંતર-મુખક સંબંધ : મૂળ વર્ગ Medicine એક જ મુખકની અંતર્ગત. સંબંધ

ઞ) ઉપકરણ સંબંધ : બે મૂળ વર્ગો વચ્ચેનો સંબંધ. Music ઉપકરણ છે તથા Plant growth પ્રથમ વિષય છે.

5) સામાન્ય પૃથકોની વિભાવના રજૂ કરવાનો શ્રેય મેલ્વિલ ડ્યૂઈને જાય છે. તેમણે 1985માં પ્રકાશિત ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશનની દ્વિતીય આવૃત્તિમાં સામાન્ય પૃથકોને સર્વપ્રથમ વખત રજૂ કર્યા. 1932માં પ્રકાશિત 13મી આવૃત્તિ સુધી તેને સ્વરૂપ વિભાગના રૂપમાં સામેલ કરવામાં આવતા હતા. આ સંસ્કરણમાં ડ્યૂઈએ તેને ત્રણ વિભિન્ન શ્રેણીઓના પેટાવિભાગોના સ્વરૂપમાં પ્રસ્તુત કર્યા. અર્થાત્ વિવિધ સામાન્ય પેટાવિભાગો, દૃષ્ટિકોણ અને સ્વરૂપ વિભાગો. આ પ્રકારે આ વિભાવનાનો પૂર્ણ વિકાસ થઈ ચૂક્યો હતો.

6) i) સી.સી.માં સામાન્ય પૃથકો સામાન્યતઃ બે શ્રેણીઓમાં મૂકવામાં આવે છે - અર્થાત્ અગ્રગામી અને અનુગામી સામાન્ય પૃથક. અગ્રગામી સામાન્ય પૃથકોને જ્યારે કોઈ યજમાન વર્ગાંક સાથે જોડવામાં આવે છે, તો આ પ્રકારે પ્રાપ્ત કરવામાં આવેલ વર્ગાંકને ગોઠવણીમાં યજમાન વર્ગાંકની પૂર્વ સ્થાન આપવામાં આવે છે. સી.સી.માં વ્યક્તિ, વસ્તુ અને વેગ સામાન્ય પૃથકને અનુગામી સામાન્ય પૃથકોની શ્રેણીમાં સમાવિષ્ટ કરવામાં આવે છે. સ્થાન અને કાળ પૃથકોને પણ સામાન્ય પૃથકોની શ્રેણીમાં ગણવામાં આવે છે.

ii) ક) V - History

44 - India

21 - Prime Minister

y7 - Case study (તેનો પ્રયોગ મુખ્ય વર્ગ ઇતિહાસમાં જીવનચરિત્ર માટે કરવામાં આવે છે.)

N17 - 1917

ઉપર્યુક્ત વર્ગાંકનું પૃથક્કરણ કરતા એ જાણવા મળે છે કે આ વર્ગાંક ભારતના પ્રધાનમંત્રીના જીવનચરિત્રને (જન્મ વર્ષ 1917 અર્થાત્ શ્રીમતી ગાંધી) વ્યક્ત કરે છે.

ખ) T - Education

B-18 - College teachers

44 - India

g - Learned body (વ્યક્તિત્વ સામાન્ય પૃથક)

9N7 - Established in the 1970s

તેનો અર્થ છે "ભારતમાં મહાવિદ્યાલય શિક્ષકોનું સંગઠન જેની સ્થાપના 1970ના દશકમાં થઈ છે."

ગ) L - Medine

45 - Lung

4725 - Malignant tumors (Cancer)

aR3 - Experiment

તેનો અર્થ છે, "ફેફસાના કેન્સરનું પ્રાયોગિક પરીક્ષણ"

ઘ) W - Political Science

m - Periodical (અગ્રગામી સામાન્ય પૃથક)

44 - Originated in India

N31 - Started in 1931

તેનો અર્થ છે "ભારતમાંથી 1931માં પ્રથમ વખત પ્રકાશિત રાજ્યનીતિશાસ્ત્રનું સામયિક.

7) સામાન્યત: માનક પેટાવિભાગોને મૂળ વર્ગની સાથે એક શૂન્યની સાથે જોડવામાં આવે છે, તેમજ કેટલાક સ્થાનો પર, અનુસૂચિમાં કોઈ વિષયના વિભાજન માટે શૂન્યનો અગાઉથી જ પ્રયોગ કરવામાં આવ્યો હોય તો એવી સ્થિતિમાં માનક પેટાવિભાગોનો પ્રયોગ કરતી વખતે એક વધારાના શૂન્યને જોડવાનું આવશ્યક બની જાય છે. અનુસૂચિમાં એવા સ્થાન પણ હયાત છે જયાં કોઈ સુસંગત વિષયનું વિભાજન કરવા માટે એકથી વધુ શૂન્યનો પ્રયોગ કરવાની જોગવાઈ છે. આવા કેટલાક કિસ્સાઓમાં, શૂન્યના અંકોને જોડવાની સૂચનાઓ યોગ્ય જગ્યાએ આપવામાં આવી છે.

8) યુ.ડી.સી.,માં સ્થાન અને સ્વરૂપ સામાન્ય સહાયકો, બન્નેને લઘુકૌંસની અંદર મૂકવામાં આવે છે. જો કે બંનેની વચ્ચે ભિન્નતાનો સ્પષ્ટ સંકેત મળે છે. સ્થાન સામાન્ય સહાયકોને લઘુકૌંસની અંદર મૂકવામાં આવે છે તેમજ સ્થાન સૂચક અંકોની પૂર્વે અન્ય ચિહ્ન કે અંક જોડવામાં આવતા નથી. પરંતુ સ્વરૂપ સામાન્ય સહાયકોની પૂર્વે શૂન્ય દર્શાવેલ હોય છે, જો કે તેને પણ લઘુકૌંસમાં મૂકવામાં આવે છે.

ઉદાહરણ :

Place (સ્થાન) : 327 (540) Foreign policy of India

Form (સ્વરૂપ) : 341 (05) Journal of International law

8.7 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

પંક્તિ (Array) : કોઈ વર્ગમાં કોઈ એક ખાસિયતનો પ્રયોગ કરી પેટાવિભાગોનો જે પ્રથમ સમૂહ પ્રાપ્ત થાય છે. તેને પંક્તિ કહેવામાં આવે છે. ઉદાહરણ : રકમડાં (ઉપયોગમાં લેવામાં આવેલ સામગ્રીના આધારે વિભાજન), માટી, લાકડું, ધાતુ, કાગળ, પ્લાસ્ટિક.

મુખક (Facet) : કોઈ વર્ગમાં એક કે એકથી વધુ ખાસિયતોનો પ્રયોગ કરવાને આધારે પૃથકોનું જે જૂથ પ્રાપ્ત થાય છે તેને મુખક કહેવામાં આવે છે. (મૂળ પાઠમાં સમાવિષ્ટ ઉદાહરણમાં ઉલ્લેખિત પૃથક જૂથ તથા તેના પેટાવિભાગો 'રમકડાં' વર્ગના એક મુખકનું નિર્માણ કરે છે.)

આંતર (Intra) : અંતર્ગત (એક મુખક અંતર્ગત અથવા એક પંક્તિની અંતર્ગત)

પૃથક (Isolate) : એક પૃથક વિચાર જેને કોઈ મૂળ વિષય સાથે જોડી શકાય છે.

સાહિત્યિક સમાદેશ (Literary Warrant) : ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિમાં વિભિન્ન જોગવાઈઓની પુષ્ટિ કરવામાં આવી છે. આ કોઈ સિદ્ધાંત પર આધારિત નથી હોતી, પરંતુ કોઈ વર્ગ વિશેષ પર ઉપલબ્ધ કૃતિઓની વાસ્તવિક સંખ્યા પર આધારિત હોય છે.

અગ્રગામી સામાન્ય પૃથક (Anteriorising Common Isolate) : એ સામાન્ય પૃથકો જે કોઈ યજમાન વર્ગની સાથે જોડતા, આ પ્રકારે ઉપલબ્ધ વર્ગના ગોઠવણીમાં યજમાન વર્ગની પૂર્વે સ્થાન પ્રદાન કરે છે.

મૂળ વર્ગ (Basic Class) : વર્ગીકરણ પદ્ધતિમાં મુખ્ય વર્ગના સ્વરૂપમાં પરિગણિત વર્ગ

સ્મૃતિ સહાયક (Mnemonics) : આ શબ્દનો અર્થ છે સ્મૃતિમાં સહાયક. વર્ગીકરણ પદ્ધતિમાં કોઈ એક વિશિષ્ટ વિચારને વ્યક્ત કરવા માટે કોઈ એક અંક અથવા અંક સમૂહનું નિર્ધારણ અને પ્રયોગ કરવામાં આવે છે, તથા જે કોઈ વર્ગાંકમાં આ વિચારનો સમાવેશ થાય છે ત્યાં આ વિચારના નિરૂપણ માટે આ જ નિર્ધારિત અંક કે અંક સમૂહનો પ્રયોગ કરવામાં આવે છે. કોઈ અવધારણાના એક સમાન નિરુપણ માટે આ વિધિ અપનાવવામાં આવે છે.

નામપદ્ધતિ (Nomenclature) : કોઈ એક વિષયમાં નામકરણની પદ્ધતિ

અનુગામી સામાન્ય પૃથક : અગ્રગામી સામાન્ય પૃથકોની વિપરીત, જે

(Posteriorising Comman Isolate) અનુક્રમમાં પછીનું સ્થાન આવે છે.

8.8 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Dewey Decimal Classification and Relative Index. (1979). 19th ed. 3 Vol. Albany : Forest Press.

Raju, A.A.N. (1994). *Dewey Decimal, Universal Decimal and Colon Classification : A Study in Comparision*. New Delhi : Ajanta Publication.

Ranganathan, S. R (1987). *Colon Classification*. 7th ed. Edited by M.A. Gopinath. Bangalore : Sarda Ranganathan Endowment for Library Science.

Ranganathan, S.R. (1967). *Prolegomena to Library Classification*. 3rd ed.. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science.

UDC : International Medium Edition - English Text (BS 1000M : 1985). London: British Standards Institution.

એકમ-9 ગ્રંથાલય વર્ગીકરણમાં યુક્તિઓ

રૂપરેખા

9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 ગ્રંથાલય વર્ગીકરણમાં યુક્તિઓ

9.3 યુક્તિઓના પ્રકાર

- 9.3.1 કાળ યુક્તિ
- 9.3.2 ભૌગોલિક યુક્તિ
- 9.3.3 વિષય યુક્તિ
- 9.3.4 વર્ણાનુક્રમ યુક્તિ
- 9.3.5 ગણના યુક્તિ
- 9.3.6 પંક્તિ અને શૃંખલામાં સ્વાગતશીલતા યુક્તિ
- 9.3.7 અન્ય યુક્તિઓ : મુખક, પાર્શ્વ સંશ્લેષ, અધ્યારોપણ, સ્મૃતિ સહાયક

9.4 વર્ગીકરણ પદ્ધતિઓમાં યુક્તિઓનો પ્રયોગ

- 9.4.1 સી.સી.માં યુક્તિઓ
- 9.4.2 ડી.ડી.સી.માં યુક્તિઓ
- 9.3.3 યુ.ડી.સી.માં યુક્તિઓ

9.5 સારાંશ

9.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

9.7 ચાવીરૂપ શબ્દો

9.8 સંદર્ભો અને વિશેષ વાંચન

9.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમમાં તમને ગ્રંથાલય વર્ગીકરણમાં પ્રયુક્ત વિભિન્ન યુક્તિઓની જાણકારી આપવામાં આવી છે, અને યુક્તિઓના પ્રકાર તથા વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં તેના પ્રયોગ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

આ એકમના અધ્યયન પશ્ચાત તમે,

- યુક્તિઓનું સ્પષ્ટ જ્ઞાન ગ્રંથાલય વર્ગીકરણમાં તેની આવશ્યકતાની જાણકારી મેળવી શકશો, તથા
- વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં યુક્તિઓના પ્રયોગની ગહન જાણકારી મેળવી શકશો.

9.1 પ્રસ્તાવના (INTRODUCTION)

આ પાઠ્યક્રમના ખંડ 2માં વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતની સ્પષ્ટ જાણકારી આપવામાં આવી છે, તથા તે પણ દર્શાવવામાં આવ્યું છે કે વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓ જેવી કે કોલન ક્લાસિફિકેશન, ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન અને યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન વગેરેમાં વિષય વિશ્વનું આલેખન કેવી રીતે કરવામાં આવ્યું છે.

ખંડ 3નો ઉદ્દેશ ગ્રંથાલય વર્ગીકરણના અભિગમો - વિશેષતઃ અભિધારણાત્મક અને પ્રણાલીગત અભિગમ, મૂળભૂત શ્રેણીઓની વિભાવના, મુખક વિશ્લેષણ, મુખ પૃથક્કરણ, પાર્શ્વ (સંશ્લેષ) સંબંધો અને સામાન્ય પૃથકોથી તમને પરિચય કરાવવાનો છે.

આ એકમમાં ગ્રંથાલય વર્ગીકરણમાં યુક્તિઓની આવશ્યકતા તથા વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં તેના પ્રયોગ પર વિશેષ મહત્ત્વ આપવાની સાથે તેના ઉપયોગથી પ્રાપ્ત થનારા લાભોની વ્યાખ્યા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

9.2 ગ્રંથાલય વર્ગીકરણમાં યુક્તિઓ (DEVICES IN LIBRARY CLASSIFICATION)

ગ્રંથાલય વર્ગીકરણમાં યુક્તિઓના પદચ્છેદ ઘટકો છે જેને પૃથક્કરણીય સંયોજ્ય વર્ગીકરણમાં મુખકોનું નિર્માણ કરવા અથવા વિદ્યમાન મુખકને વધુ ગહન બનાવવા તથા/કે ગણનાક્ષમ (enumerative) વર્ગીકરણ પદ્ધતિમાં કોઈ વિષયને તીક્ષ્ણ બનાવવા માટે પ્રયોગમાં લાવવામાં આવે છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે પ્રયોગમાં લેવાતી વિશેષતાને આધારે તેને કાળ યુક્તિ, ભૌગોલિક યુક્તિ વગેરે કહેવામાં આવે છે. વર્ગીકરણ પદ્ધતિઓમાં આ યુક્તિઓનો વિચાર સ્તર તથા સંજ્ઞાત્મક સ્તર બન્ને વિચારધારા પર જ્યાં સંભવ હોય ત્યાં પ્રયોગ કરવામાં આવે છે.

સામાન્યતઃ યુક્તિઓ નીચે જણાવેલ પ્રકારે લાભદાયક છે.

- પરિગણના (enumeration) ટાળવી અને તે દ્વારા અનુસૂચિમાં પંક્તિ સહિત સમગ્ર અનુસૂચિને ટૂંકાવવી.
- વર્ગકારને સ્વાયત્તા મળે છે.

- તેના પ્રયોગને કારણે સુસંગત ક્રમ, સહાયક ક્રમ, સ્મૃતિ સહાયકો, પંક્તિમાં સ્વાગતશીલતા, શૃંખલામાં સ્વાગતશીલતાના ઉપસૂત્રો સંતોષાય છે.

કોઈ સ્થાન-વિશેષ પર બે કે બેથી વધુ યુક્તિઓ ઉપલબ્ધ હોય તો સર્વપ્રથમ ઉપલબ્ધ યુક્તિની પસંદગી કરવી જોઈએ, સિવાય કે તેનાથી કોઈ વધુ અધિક મહત્ત્વપૂર્ણ ન હોય તો પણ, કેટલાક કિસ્સાઓમાં બે કે બેથી અધિક યુક્તિઓનો એક સાથે પ્રયોગ કરવાનું આવશ્યક બની જાય છે. ઉદાહરણ તરીકે, કેટલાક કિસ્સાઓમાં જેવી કે, કોઈ ભાષા વિશિષ્ટ ઘટક અથવા લલિતકળાઓ માટે શૈલી, પ્રયોગમાં લાવવામાં આવેલ ઘટકોને પરસ્પર સહાયકક્રમમાં વ્યવસ્થિત કરવા જોઈએ, તથા સમગ્ર ઘટકોને લઘુકૌંસમાં મૂકવા જોઈએ.

તમારી પ્રગતિ ચકાસો

1) યુક્તિઓ શું છે અને તેના લાભ શું છે ?

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર સરખાવો.

9.3 યુક્તિઓના પ્રકાર* (TYPES OF DEVICES*)

વર્ગીકરણ પદ્ધતિઓમાં કોઈ મુખક અથવા વિષયનું નિર્માણ કરવા અથવા તેને અર્થને ગહન બનાવવા માટે નીચે જણાવેલ યુક્તિઓનો પ્રયોગ કરવામાં આવે છે.

i) કાળક્રમ (CD - Chromological Device)

ii) ભૌગોલિક યુક્તિ (GD - Geographical Device)

iii) વિષય યુક્તિ (SD - Subject Device)

iv) વર્ણાનુક્રમ યુક્તિ (AD - Alphabatical Device)

v) ગણના યુક્તિ (ED - Enumeration Device)

vi) પંક્તિ અને શૃંખલામાં સ્વાગતશીલતા માટેની યુક્તિઓ (Devices for Hospitability in Arrays and Chains)

vii) અન્ય યુક્તિઓ, જેવી કે મુખક યુક્તિ (Facet Device), પાર્શ્વ / સંશ્લેષ યુક્તિ (Phase Device), અધ્યારોપણ યુક્તિ (Super - Imposition Device), સ્મૃતિસહાયક યુક્તિ (Mnemonic Device)

9.3.1 કાળક્રમ યુક્તિ (Chronological Device)

1) વિચાર સ્તર (Idea Plane)

"વિચાર સ્તર પર, કાળક્રમયુક્તિ એ યુક્તિ છે જેનો પ્રયોગ પૃથકોની અનુસૂચિની અથવા પ્રણાલી આધારભૂત વિચારોમાં મૂળ વિચારોનું નિર્માણ કરવા અથવા તેમાં ગહનતા પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે. આવું કરતી વખતે કાળક્રમ વિશેષતાનો પ્રયોગ કરી પૃથકોનું વ્યક્તિકરણ કરવામાં આવે છે. વ્યક્તિકરણ કરતી વખતે જે સુવિધાજનક કે લાભદાયક હોય, તે વિષયવસ્તુ કે સત્તાના જન્મ, ઉદ્‌ભવ કે પ્રારંભ કાળ અથવા તેના પ્રથમ અન્વેષણ કે શોધ કે પ્રવર્તન કે ઘટિત હોવા સંબધિત અથવા અન્ય કોઈ અવધિનો, જે નિશ્ચિત રૂપે તેની સાથે કોઈ પ્રકારે અથવા કોઈ તર્કના આધારે સંબંધિત હોય તેનો પ્રયોગ કરી શકાય છે."

2) સંજ્ઞાત્મક સ્તર (Notational Plane)

"સંજ્ઞાત્મક સ્તર પર કાળક્રમયુક્તિનો અર્થ એ કે છે વિચાર સ્તર સાથે સંબંધિત કાળક્રમયુક્તિને, કોઈ પૃથક વિચારના નિર્માણ અથવા કોઈ પૃથક સંખ્યાના અર્થને ગહન બનાવવા માટે, કાળક્રમ સંખ્યાનો પ્રયોગ દ્વારા, અમલમાં લાવવું."

3) કાળક્રમ સંખ્યા (Chronological Number)

1) "કાળક્રમ સંખ્યાના નિર્માણ માટે કાળને પ્રયોગમાં લેવામાં આવે છે તેના સંબંધિત નિયમો અથવા અનુસૂચિમાં વિશેષરૂપે ઉલ્લેખ હશે, જો તેનો ઉલ્લેખ કરવામાં ન આવ્યો હોય તો જે કાળ અત્યધિક યોગ્ય હોય તેને પ્રયોગમાં લાવવો જોઈએ."

2) કાળક્રમ સંખ્યાને "કાળ પૃથક"ના પ્રકરણ DHમાંથી લેવા જોઈએ. કાળપૃથક સંખ્યાનું નિર્માણ કરવા માટે સંબંધિત નિયમોમાં વિશેષરૂપે ઉલ્લેખિત કાળ સૂચક વર્ષનો પ્રથમ અંક કે તેના પ્રથમ બે અંક કે પ્રથમ ત્રણ અંકોનો પ્રયોગ કરી શકાય છે. જો આ બિંદુ (Point) સંબંધિત વિશિષ્ટ નિયમ ઉપલબ્ધ ન હોય તો નીચે જણાવેલ પરંપરાનું અનુસરણ કરવું જોઈએ.

   ક) પંક્તિના પ્રથમ પૃથક વિચાર માટે જેની અવધિ કોઈ શતાબ્દીમાં પડતી હોય, માત્ર શતાબ્દી સૂચક પ્રથમ અંકનો જ પ્રયોગ કરવો જોઈએ. આ અંક રોમન મૂળાક્ષર હશે.

ખ) પંક્તિના અન્ય પૃથકોના વિચાર પણ એ જ પ્રથમ અંકને પાત્ર થા હકદાર હોય તો પ્રથમ બે અંકોનો પ્રયોગ કરવો જોઈએ. તેમાં બીજો અંક હિન્દી-અરબી અંક હશે.

ગ) પંક્તિના અન્ય પૃથકોના વિચાર, એ જ પ્રથમ બે અંકોને પાત્ર કે હકદાર હોય તો તેમાંથી પ્રથમ પૃથક માટે, જેની અવધિ એ જ વર્ષમાં પડતી હોય તો પ્રથમ ત્રણ અંકોનો પ્રયોગ કરવો જોઈએ. તેમાં બીજો અને ત્રીજો અંક બંને હિન્દી-અરબી અંક હશે.

ઘ) પંક્તિના પ્રત્યેક અન્ય પૃથકોના વિચાર તે ત્રણ અંકોને પાત્ર હોય તો નજીકના કોઈ રિક્ત (Vacant) વર્ષનો પ્રયોગ કરી શકાય છે.

ઙ) જો ઉપર જણાવેલ વિધિના અનુપ્રયોગ માટે કોઈપણ નજીકનું વર્ષ ખાલી ન હોય તો, અંક 1, 2 વગેરેને ક્રમશઃ ત્રણ અંકવાળી સંખ્યાની સાથે જોડી શકાય છે. તેને પૂર્ણાંક સમજવા જોઈએ નહીં કે દશાંશ.

ચ) 1000 ઈ.સ. કાળ માટે ઉપર જણાવેલ વિધાનમાં ઉલ્લેખિત 'શતાબ્દી', 'દશક' અને 'વર્ષ' પદોના સ્થાને "સહસ્રાબ્દી" અને "દશક" પદોનો ક્રમશઃ ઉપયોગ કરવો જોઈએ.

4) પ્રણાલી મૂળ વિભાગ (System Basic Division)

"પ્રણાલી મૂળ વિભાગના નિર્માણ માટે કાળક્રમયુક્તિને પ્રયોગમાં લાવી શકાય છે."

ઉદાહરણ તરીકે." કોલન ક્લાસિફિકેશન પદ્ધતિની 7મી આવૃત્તિની અનુસૂચિમાં : B-ગણિત, C-પદાર્થ વિજ્ઞાન, E-રસાયણસાસ્ત્ર, L-વૈદક, R-તત્ત્વજ્ઞાન, S-Psychology, T-Education અને X-અર્થશાસ્ત્ર મુખ્ય વર્ગોમાં પ્રણાલીઓનો ઉલ્લેખ છે. આ સિવાય મુખ્ય વર્ગ 'સાહિત્ય'માં લેખક સંખ્યા પ્રાપ્ત કરવા માટે કાળક્રમયુક્તિનો પ્રયોગ જોવા મળે છે. સ્થાન પૃથકોની અનુસૂચિમાં પણ કેટલાક વિભાગો કાળક્રમયુક્તિને આધારે મળે છે. ભાષા પૃથકોની અનુસૂચિમાં તથા મુખ્ય વર્ગ "N-લલિતકળા"માં પણ કાળક્રમયુક્તિનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અગ્રગામી સામાન્ય પૃથકોમાં પણ ગહનતા પ્રાપ્ત કરવા માટે કાળક્રમયુક્તિનો પ્રયોગ કરવામાં આવે છે.

સી.સી.ની 7મી આવૃત્તિ અનુસાર કાળક્રમયુક્તિના પ્રયોગ સંબંધિત કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

S-M	Experimental Psychology
CV"m44,N71	Indian Journal of Space Physics
O,157,M61,1	Gitanjali by Rabindranath Tagore
CN48	Commonwealth
N6 - (44,J)	Moghul Painting

9.3.2 ભૌગોલિક યુક્તિ (Geographical Device)

1) વિચાર સ્તર (Idea Plane)

વિચાર સ્તર પર ભૌગોલિક યુક્તિ એ યુક્તિ છે જેનો પ્રયોગ પૃથકોની કોઈ અનુસૂચિ અથવા કેટલાક વિશેષ મૂળ વિભાગોમાં કેન્દ્રીય વિચારોના નિર્માણ અથવા તેમાં ગહનતા પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે. આમ કરતી વખતે ભૌગોલિક લક્ષણનો પ્રયોગ કરીને પૃથકોનું વ્યક્તિરણ કરવામાં આવે છે. વ્યક્તિકરણ કરતી વખતે જે પણ સુવિધાજનક હોય, તે વિષય વસ્તુ કે સત્તાનો જન્મ, ઉદ્‌ભવ કે પ્રારંભ કે પ્રવર્તન કે પ્રચાલન અથવા તેના વ્યાપકત્વ અથવા પ્રવર્તન સ્થાન સંબંધિત ભૌગોલિક ક્ષેત્ર અથવા અન્ય કોઈ સ્થાન જેને નિશ્ચિત રૂપે તેની સાથે કોઈ પ્રકારે અથવા કોઈ તર્કના આધારે સંબંધિત હોય તેનો પ્રયોગ કરી શકાય છે.

2) સંજ્ઞાત્મક સ્તર (Notatioanl Plane)

"સંજ્ઞાત્મક સ્તર પર ભૌગોલિક યુક્તિઓ અર્થ એ છે કે વિચાર સ્તર સાથે સંબંધિત ભૌગોલિક યુક્તિને, કોઈ પૃથક વિચારના નિર્માણ માટે અથવા કોઈ પૃથક સંખ્યાના અર્થને ગહન બનાવવા માટે ભૌગોલિક સંખ્યાના પ્રયોગ દ્વારા, અમલમાં લાવવું."

ભાષા-પરિવાર સંબંધિત સૂચિ જે ભાષાઓ નથી એ ભાષાઓ, એશિયા, યૂરોપ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની ભાષાઓનાં ક્રમશઃ ત્રણ પરિવારોથી બહારની ભાષાઓ, ક્ષેત્રીય બોલીઓ અને વર્ગ બોલીઓનું વ્યક્તિકરણ કરવા માટે સંબંધિત નિયમોમાં ભોગોલિક યુક્તિનો પ્રયોગ કરવાની અનુમતિ આપવામાં આવી છે. અમુક ધર્મના વ્યક્તિકરણ માટે પણ ભૌગોલિક યુક્તિનો પ્રયોગ કરવામાં આવે છે.

સી.સી.ની 7મી આવૃત્તિમાં અનેક સ્થાનો પર ભૌગોલિક યુક્તિનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તે તમો જોઈ શકશો.

સી.સી.ની 7મી આવૃત્તિની અનુસૂચિઓમાં એ બધા જ સ્થાનોનો સ્પષ્ટ ઉલ્લેખ છે જ્યાં ભૌગોલિક યુક્તિનો પ્રયોગ કરવાનો છે. ઉદાહરણ તરીકે, SY-સામાજિક મનોવિજ્ઞાન, V-ઇતિહાસ, Y-સમાજશાસ્ત્ર, P-ભાષાવિજ્ઞાન, સામાન્ય પૃથકો અને Q - ધર્મની અનુસૂચિઓમાં ભૌગોલિક યુક્તિના પ્રયોગનો ઉલ્લેખ છે.

સી.સી.ની આવૃત્તિ 7ના પ્રકરણ 'DJ' સ્થાન પૃથકોમાંથી ભૌગોલિક પૃથકો માટે અંક પ્રાપ્ત કરી શકાય છે.

SY - સામાજિક મનોવિજ્ઞાનની અનુસૂચિઓમાં [IP1] વ્યક્તિ સૂચક પૃથકોના સ્પેશિએટર 'fw by culture'ને ભૌગોલિક યુક્તિ અનુસાર વિભાજીત કરવામાં આવ્યા છે. ઉદાહરણ જુઓ;

Indian Culture and Social Psychology

SY,I = fw44

મુખ્ય વર્ગ V-History માં '18 Foreign Policy' માટે [1MP1] ના પૃથકોમાં ભૌગોલિક યુક્તિનો પ્રયોગ કરવામાં આવે છે.

Indian foreign policy towards Pakistan

V,441844X

મુખ્ય વર્ગ Y - Sociology ના [1P1] પૃથકો 6B અને 6G જે વિદેશી મૂળને વ્યક્ત કરે છે તેને ભૌગોલિક યુક્તિ અનુસાર વિભાજીત કરવામાં આવે છે.

Sociology of British born people in Pakistan

Y,6G56.44X

મૂળ વર્ગ P - Lingustics માં [P1]ના વિશિષ્ટ ઘટક b, d, j ને ભૌગોલિક યુક્તિ દ્વારા વધુ ગહન બનાવી શકાય છે.

Pakistani dialect of Panjabi

P,153 = d44X

મુખ્ય વર્ગ 'Q-Religion'ની અનુસૂચિમાં 'Q8 - other religion'ને ભૌગોલિક યુક્તિ દ્વારા વિભાજીત કરવામાં આવે છે.

Q8	Other religion
Q8412	Confucianism
Q8441	Sikhim

ભાષા પૃથકોની અનુસૂચિમાં અન્ય ભાષાઓના વર્ગાંક ભૌગોલિક યુક્તિ દ્વારા મેળવવામાં આવે છે.

4	Asian Language
41	Chines
42	Japanese

અગ્રગામી સામાન્ય પૃથકોની (ACI) અનુસૂચિમાં [P1] પૃથકની ગહનતા ભૌગોલિક યુક્તિ દ્વારા મેળવવામાં આવે છે.

Indian Journal of Economics (Started in 1972)

X"m44,N72

9.3.3 વિષય યુક્તિ (Subject Device)

1) વિચાર સ્તર (Idea Plane)

વિચાર સ્તર પર વિષય યુક્તિ એ યુક્તિ છે જેનો પ્રયોગ વિષય લાક્ષણિકતાને આધારે, પૃથકોની અનુસૂચિમાં કેન્દ્રીય વિચારોના નિર્માણ માટે અથવા તેને ગહનતા

પ્રદાન કરવા માટે કરવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા પૃથકોનું વ્યક્તિકરણ કરવામાં આવે છે, તથા આ વ્યક્તિકરણ એ વિષયથી સુવિધાજનક અને લાભદાયક થવા પર આધારિત હોય છે.

2) સંજ્ઞાત્મક સ્તર (Notational Plane)

સંજ્ઞાત્મક સ્તર પર વિષય યુક્તિનો અર્થ છે વિચાર સ્તર સંબંધિત વિષય યુક્તિને કોઈ પૃથક વિચારના નિર્માણ માટે અથવા કોઈ પૃથક સંખ્યાના અર્થને ગહન બનાવવા માટે કોઈ વિષય વર્ગાંકનો પ્રયોગ કરી, અમલમાં લાવવું. જે પણ વર્ગાંકને પ્રયોગમાં લાવવામાં આવે તેને લઘુકૌંસમાં મૂકવો જોઈએ, તથા આ વર્ગાંકને એકીકૃત સંખ્યા (Fused) માનીને તેને એક જ અંકના રૂપમાં લેવો જોઈએ.

અમુક વિષયોમાં આ યુક્તિનો પ્રયોગ ભિન્ન ભિન્ન સ્થિતિમાં કરવામાં આવે છે. સી.સી.ની અનુસૂચિઓમાં વિષય યુક્તિના પ્રયોગ સંબંધિત અનેક ઉદાહરણો ઉપલબ્ધ છે. વિશેષ રૂપે અહીં, અનુસૂચિમાં Ethics (R4) ભાગ અને [1M1], ગુણધર્મ અનુસૂચિનો હવાલો આપી શકાય છે. કેટલાક કિસ્સાઓમાં જોવા મળશે કે વિષય યુક્તિ માટે જે સંખ્યા પ્રયોગમાં લાવવામાં આવી હોય તેનો થોડોક સુધારો કરી દેવામાં આવેલ છે, પરંતુ વ્યક્તિગત વર્ગકારે • વિશેષ આ પ્રકારનો સુધારો મુક્ત રૂપે ન કરવો જોઈએ. આને 'આભાસી વિષય યુક્તિ' (Quasi - Subject Device) કહેવાય છે. આ પ્રકારની જોગવાઈ કરીને કોઠાગત સ્મૃતિ સહાયક ઉપસૂત્રનું યોગ્ય પાલન કરવામાં આવ્યું છે.

ઉદાહરણ :

2B(V;78) National Arhives Library

NA,9(2,J3) Architechture of College Library Buildings

R4,4(T) Ethics for Teachers

V;3(X) State and Economics

આવા સમાન કિસ્સાઓમાં સ્થાન પૃથકોના વિશેષ, ઘટકોને વિષય યુક્તિ દ્વારા આ ઉપરાંત વધુ વિભાજન કરવામાં આવે છે.

I = (Q7) Muslim Countries

I = (P,111) English speaking world.

9.3.4 વર્ણાનુક્રમ યુક્તિ (Alphabetical Device)

1) વિચાર સ્તર (Idea Plane)

વિચાર સ્તર પર વર્ણાનુક્રમ યુક્તિ એ યુક્તિ છે જેનો પ્રયોગ પૃથકોની અનુસૂચિમાં

કેન્દ્રિય વિચારોનું નિર્માણ કરવા માટે અથવા તેને તીક્ષ્ણતા આપવા માટે, નામ-લાક્ષણિકતાના આધારે કરવામાં આવે છે, અલબત્ આ યુક્તિ માટે જે નામ પ્રયોગમાં લેવામાં આવે તે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય હોય તથા તેનું વર્ણાનુક્રમ વ્યવસ્થાપન સહાયક બને છે કે જ્યારે કોઈ પદ્ધતિઓ સહાયરૂપ થતી નથી.

2) સંજ્ઞાત્મક સ્તર (Notational Plane)

સંજ્ઞાત્મક સ્તર પર વર્ણાનુક્રમ યુક્તિનો અર્થ છે વિચાર સ્તરથી સંબંધિત વર્ણાનુક્રમ યુક્તિને, કોઈ પૃથક વિચારના નિર્માણ માટે અથવા કોઈ પૃથક સંખ્યાના અર્થને ગહન બનાવવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય નામનો પ્રથમ અથવા પ્રથમ બે અથવા પ્રથમ ત્રણ, વગેરે આધ્યાક્ષરોનો પ્રયોગ કરી અલમમાં લાવવું. પરંતુ "I" અક્ષરને સ્થાને "J" અક્ષર તથા "O"અક્ષરના સ્થાને "P" અક્ષરનો પ્રયોગ કરવા જોઈએ.

ઉદાહરણો : Othello (English drama by Shakespeare) = O,111,2J64,P
અહીંયા આ વર્ગાંકમાં "O" અક્ષરને બદલે "P" અક્ષરનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

3) પૃથકોના નામો જેના પ્રથમ ત્રણ અક્ષર સમાન છે
(Names of Isolates with the Same First Three Letters)

જો એકથી વધુ પૃથક સંખ્યા ત્રણ સમાન આદ્યાક્ષર યુક્ત હોય તો એવી પૃથક સંખ્યાઓમાં દ્વિતીયની સાથે 1, તૃતીયની સાથે 2 વગેરે અંક, ક્રમશઃ તે ત્રણ આદ્યાક્ષરો સાથે જોડવામાં આવે છે.

4) બહુપદી પદો માટે વર્ણાનુક્રમ અંક
(Alphabetical Number for Multinominal Terms)

દ્વિપદ નામો - (અર્થાત્ બે શબ્દોથી બનેલ નામો) - માટે વર્ણાનુક્રમ યુક્તિનો પ્રયોગ કરતી વખતે ઘટક પદ માટે વર્ણાનુક્રમ યુક્તિનો પ્રયોગ કરવો જોઈએ તથા બને વર્ણાનુક્રમયુક્ત ઘટકોને સંકેતક ચિહ્ન "+" (વત્તા)થી જોડવા જોઈએ.

ઉદાહરણ : શેક્સપિયરના નાટકોના નામોને આધારે -

M + V	Merchant of Venice
T + S	Taming of the Shrew
TW+N	Twelfth Night

સમાન આદ્યાક્ષરોવાળા નામોની સમસ્યાના સમાધાન માટે નીચે જણાવેલ પરંપરા અપનાવવામાં આવે છે. અત્યધિક ઇસ્ટ વસ્તુતત્ત્વના નામનો પ્રથમ અક્ષરનો જ પ્રયોગ કરવામાં આવે છે. અર્થાત્ એ વસ્તુતત્ત્વ જેનું અધિકતમ સાહિત્યિક સમર્થન હોય અથવા એ પ્રથમ વસ્તુ તત્ત્વ કે જેના માટેનો ગ્રંથ પ્રાપ્ત થયો હોય. જો કોઈ બીજી વસ્તુ તત્ત્વના નામનો આદ્યાક્ષર પણ એ જ હોય તો નામના બે આદ્યાક્ષરોનો પ્રયોગ કરી શકાય છે, તથા આ પ્રકારે પ્રયોગ માટે આવશ્યક સીમા સુધી આદ્યાક્ષરોની સંખ્યા વધારી શકાય છે.

"સામાન્યતઃ અનુસૂચિઓમાં અથવા નિયમોમાં એ સ્થાનો પર ઉલ્લેખ હોય છે. જ્યાં વર્ણાનુક્રમ યુક્તિનો પ્રયોગ કરી શકાય છે."

5) વર્ણાનુક્રમ યુક્તિનો અનિયંત્રિત પ્રયોગ (Unrestricted Use of AD)

"પ્રથમ ક્રમની પંક્તિમાં અથવા એ સ્થિતિમાં જ્યારે વર્ણાનુક્રમ સંખ્યા રિક્ત અંક પછી આવતી હોય, વર્ણાનુક્રમ યુક્તિનો પ્રયોગ કોઈપણ જાતના અંકુશ વગર કરી શકાય છે."

સી.સી.ની 7મી આવૃત્તિ આ યુક્તિનો બહુજ અધિક પ્રયોગ કરવામાં આવે છે. વર્ણાનુક્રમ યુક્તિના પ્રયોગ બાબતે અનેક સ્થાનો પર સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે, જેમ કે ભાષા પૃથક અનુસૂચિ, ભૌગોલિક પૃથક અનુસૂચિ, સૂક્ષ્મ જીવવિજ્ઞાનમાં વિશેષ વાયરસો તેમજ જીવાણુઓના નામો માટે અથવા ઇજનેરીમાં વિભિન્ન ટ્રેડ માર્કની સાયકલો (Bicycles)ના નામ માટે, કૃષિશાસ્ત્રમાં ડાંગરની વિવિધ જાતો માટે, સાહિત્યમાં ક્ષેપકોની વિશિષ્ટ કૃતિઓ માટે વગેરે.

ઉદાહરણ :

Shakespeare's Macbeth
O,111,2J64,M
Basmati Rice
J,381B
Atlas Bicycle
D935A
The Ganga River
44 = 9N = 2f70G
Bantu Language
(તે આફ્રિકાની એક ભાષા છે.) = 6B
Paramecium Coandatum Protozoa
GV, 8P + C
Congress Party of India
V,44,47C
Banaras Hindu University
T,18.4451,d,B

9.3.5 ગણના યુક્તિ (Enumeration Device)

1) વિચાર સ્તર (Idea Plane)

"વિચાર સ્તર પર, ગણના યુક્તિ એ યુક્તિ છે જેનો પ્રયોગ અનુસૂચિની કોઈપણ

પંક્તિમાં કેન્દ્રીય વિચારોનું નિર્માણ તેમની ગણના (Enumeration) કરીને કરવામાં આવે છે, તથા તે ગણના બીજમૂલક સ્મરણ સહાયકતાનું ઉપસૂત્ર અથવા સહાયક ક્રમના કેટલાક સિદ્ધાંત આધારિત અધિમાન્ય ક્રમમાં કરવામાં આવે છે."

2) **સંજ્ઞાત્મક સ્તર (Notational Plane)**

"સંજ્ઞાત્મક સ્તર પર ગણના યુક્તિનો અર્થ એ છે કે વિચાર સ્તર ગણના યુક્તિને, અનુસૂચિની કોઈ પણ પંક્તિમાં કોઈપણ પૃથક સંખ્યાના નિર્માણ માટે સંજ્ઞાત્મક પદ્ધતિ આધારિત સતત અથવા રિકતાંક છોડીને, પ્રયોગ દ્વારા અલમમાં લાવવું."

3) **કોઠાગત સ્મૃતિ સહાયક (Scheduled Mnemonics)**

"ગણના યુક્તિ પર આધારિત કેટલીક અનુસૂચિઓ પ્રાયઃકોઠાગત સ્મૃતિ સહાયક માટે આધાર બને છે."

9.3.6 પંક્તિ અને શૃંખલામાં સ્વાગતશીલતા માટેની યુક્તિઓ (Devices for Hospitality in Arrays and Chains)

વિષય-વિશ્વ તીવ્ર ગતિએ વિકાસ પામી રહ્યું છે પોતાના નામને સાર્થક બનાવવા હેતુસર કોઈપણ વર્ગીકરણ પદ્ધતિએ એવી કેટલીક વિશેષતાઓ અને પ્રક્રિયાઓ અપનાવવી જોઈએ જે દ્વારા તે નવોદિત વિષયો અને વિચારોને અગાઉથી જ વિદ્યમાન વર્ગો/પંક્તિઓના સહ-સંબંધિત (filiatory) સંબંધોને અવ્યવસ્થિત કર્યા વિના, યોગ્ય સ્થાને સમાવેશ કરી શકે. એ વર્ગીકરણ પદ્ધતિ કે જે વર્ધનશીલ વિષય-વિશ્વની આ આવશ્યકતાને પૂરી કરવામાં સક્ષમ હોય તેને સ્વાગતશીલ વર્ગીકરણ પદ્ધતિ કહેવામાં આવે છે. વર્ગીકરણ પદ્ધતિની સ્વાગતશીલતાને સુનિનિશ્ચિત કરવા માટે, તેમાં પરિવર્તનશીલ સંજ્ઞા પદ્ધતિ અપનાવવી જોઈએ, જેથી તે દ્વારા તેમાં વર્ધનશીલ વિષય-વિશ્વની અપેક્ષાની અનુકૂળ અસીમિત સ્વાગતશીલતા લાવી શકાય.

બીજા શબ્દોમાં, સમકક્ષ વર્ગોના અનુક્રમ યુક્ત પંક્તિના કોઈપણ છેડા પર અથવા બે સળંગ સંખ્યાઓની વચ્ચે નવા વિષય / વિચારને યોગ્ય સ્થાન પર સમાવિષ્ટ કરવા જોઈએ. પહેલી વ્યવસ્થાને પંક્તિના બંને છેડા પર બહિર્પ્રક્ષેપ / બહિર્નિવેશન (Extrapolation) ના નામથી ઓળખાવામાં આવે છે. તથા બીજી વ્યવસ્થાને પંક્તિની કોઈ બે વિદ્યમાન સળંગ સંખ્યાઓની વચ્ચે આંતરપ્રક્ષેપ / અંતર્નિવેશન (Intrapolation)ના નામથી ઓળખવામાં આવે છે.

પંક્તિમાં બહિર્પ્રક્ષેપ / બહિર્નિવેશન (Extrapolation in Array)

પંક્તિમાં બહિર્પ્રક્ષેપના ઉપસૂત્ર અનુસાર "વર્ગ અંકો કે પૃથક અંકોમાં પંક્તિના આરંભમાં કે અંતમાં અનેક નવીન સમકક્ષ સંખ્યાઓને સ્થાન આપવાની વ્યવસ્તા હોવી જોઈએ."

આ ઉપસૂત્રની અપેક્ષાને પૂરી કરવા માટે વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં બે યુક્તિઓ - અર્થાત્ રિકતાંક યુક્તિ (Gop Device) અને શકલ અંક યુક્તિ (Sectorising Digit Device) અપનાવવામાં આવે છે.

રિકતાંક યુક્તિ (Gap Device)

આ યુક્તિ અનુસાર કોઈ પંક્તિમાં પ્રયુક્ત અંકાના સમૂહની આરંભ અને અંતમાં કેટલાક અંક ખાલી મૂકવામાં આવે છે. આ યુક્તિ દ્વારા બહિર્પ્રક્ષેપને કેટલીક હદ સુધી જ સુનિશ્ચિત કરી શકાય છે. કારણ કે બધા જ ખાલી અંકો કોઈપણ સમયે સમાપ્ત થઈ જાય છે. ખાલી અંક સમાપ્ત થવાની સ્થિતિમાં હજુ વધુ બહિર્પ્રક્ષેપ કરવાનું અસંભવ બની જાય છે. વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓ જેવી કે ડી.ડી.સી., સી.સી. અને યુ.ડી.સી.માં બહિર્પ્રક્ષેપને સુનિશ્ચિત કરનારી આ પ્રકારની રિકતાંક યુક્તિની સુવિધા ઉપલબ્ધ છે. આ રિક્ત સ્થાન પૂર્ણતઃ આકસ્મિક હોઈ શકે છે, જો કે ક્યારેક-ક્યારેક જાણી જોઈને પણ તેની સહાયતા લેવી પડે છે.

સી.સી.ની 7મી આવૃત્તિમાં વિષય-વિશ્વ 1ના [1P1] ના પૃથકોની અનુસૂચિમાં અંક 7 અને 8 રિક્ત સ્થાનના રૂપમાં ખાલી છોડવામાં આવ્યા છે. આ પ્રકારે

1. Science 2. Natural Science 3. Social Science

4. Philosophy 5. Religion 6. Fine Arts and Literature

હિન્દી-અરબી મૂળની સંખ્યાઓ જેવી શુદ્ધ સંજ્ઞા આધારિત પંક્તિના બંને છેડાને વિસ્તારિત કરવા માટે અન્ય પ્રકારના પ્રતીક ચિહ્નો જેવાં કે રોમન નાના અને રોમન મોટા અક્ષરોને પણ પ્રયોગમાં લાવીને બહિર્પ્રક્ષેપ સંભવ બનાવી શકાય છે. વસ્તુતઃ આ વ્યવસ્થા પણ અંક ખાલી મૂકવાની યુક્તિની સમાન જ સાબિત થશે.

શકલ અંક યુક્તિ (Sectorising Device)

રિક્તાંક અંકની મદદથી કોઈપણ પંક્તિની ક્ષમતાને વધારવા માટે આ યુક્તિને પ્રયોગમાં લાવવામાં આવે છે. (Prolegomena, p.238). બહિર્પ્રક્ષેપના ઉપસૂત્રની સંતૃષ્ટિ માટે આ વિધિને અપનાવવામાં આવે છે, કારણ કે તેના દ્વારા કોઈપણ પંક્તિના આરંભ અને અંતમાં ક્રમશઃ બહિર્નિપ્રક્ષેપની પ્રક્રિયાને સરળ બનાવી શકાય છે. સંબંધિત અભિધારણા અનુસાર રિક્તાંક એ ક્રમવાચક મૂલ્ય સહિતનો પરંતુ અર્થવાચક મૂલ્ય રહિતનો અંક છે. ડી.ડી.સી. અને યુ.ડી.સી.માં 0 અને 9 અંકોને કેટલીક પંક્તિઓમાં ખાલી અંકો તરીકે વારંવાર ઉપયોગ કરેલ છે. બીજી બાજુ સી.સી.માં સામાન્યતઃ z, 9, Z અંકોને રિક્ત અંક તરીકે ઉપયોગ કરેલ છે. અંક 0નો પણ રિક્ત અંકના રૂપમાં પણ પ્રયોગ કરેલ છે.

ઉદાહરણ તરીકે, જો હિન્દી-અરબી 1 થી 9 સુધીના અંકોનો પ્રયોગ' કરવામાં આવેલ હોય તો આપણે પંક્તિમાં માત્ર 9 વર્ગોને જ સ્થાન આપી શકીએ છીએ, પરંતુ પંક્તિમાં જો 9 થી વધુ વર્ગોને સ્થાન આપવું હોય તો સમસ્યા ઉત્પન્ન થાય છે. આ પ્રકારની સમસ્યાજનક સ્થિતિનો સામનો કરવા માટે અભિધારણા અનુસાર 9ને રિક્ત અંક માની લેવામાં આવેલ છે. પરિણામે સમકક્ષ સંખ્યાઓનો સમૂહ નીચે મુજબ એક ક્રમમાં પ્રાપ્ત થાય છે.

1 2 3 4 5 6 7 8 91 92 93 94 95 96 97 98 991 992...998

આ પ્રક્રિયાને કોઈપણ હદ સુધી વિસ્તારી શકાય છે અને આ પ્રકારે સમકક્ષના નવા સમૂહો

બનાવી શકાય છે. સંખ્યા 1 અને 995 સમકક્ષ છે એમ કહેવું તાર્કિક લાગતું નથી. અથવા કાર્યાસ્પદ લાગે, પરંતુ એ સાચું છે કે અભિધારણા અનુસાર અંક 9 કે જે માત્ર ક્રમસૂચક મૂલ્યસહિતનો પરંતુ અર્થબોધ મૂલ્ય રહિતનો રિક્ત અંક છે. બીજા શબ્દોમાં 91, 92-98 અંક જોડી અને 991-998 અંક-ત્રિપુટીના પ્રત્યેક પૃથકને એકલ અંક માની લેવામાં આવેલ છે.

પંક્તિમાં આંતરપ્રક્ષેપ / અંતર્નિવેશન (Interpolation in Array)

પંક્તિમાં આંતરપ્રક્ષેપના ઉપસૂત્ર અનુસાર "વર્ગાંકો અથવા પૃથક સંખ્યાઓની પંક્તિમાં કોઈપણ સ્થાન પર અનેક નવીન સમકક્ષ સંખ્યાઓને સ્થાન આપવાની ક્ષમતા હોવી જોઈએ."

આ ઉપસૂત્રની માંગને પૂરી કરવા માટે વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં ચાર વિભિન્ન દૃષ્ટિકોણ અપનાવવામાં આવેલ છે - અર્થાત્, રિક્ત સ્થાન યુક્તિ, મિશ્રિત સંજ્ઞા આધાર, નવીન પ્રકારના અંકોની ઓળખ, ખાલી અંકો અને ખાલી-ખાલી કરાવતા અંકોની યુક્તિઓ.

રિક્તાંક યુક્તિ (Gap Device)

આ યુક્તિ અનુસાર પંક્તિના કેટલાક સ્થળો પર, સંબંધિત સ્થિતિને ધ્યાનમાં રાખીને, નવીન વર્ગો કે નવીન પૃથકોના આંતરપ્રક્ષેપ માટે અંકોમાં કેટલાક સ્થાન ખાલી મૂકવામાં આવે છે. પરંતુ આ રિક્ત સ્થાન ક્યારેક તુરંત અથવા પછીથી ભરાઈ જાય છે.

ઉદાહરણ તરીકે : સી.સી.માં 7માં સંસ્કરણમાં 8 : Management વર્ગના [1P1] પૃથકોની અનુસૂચિમાં 4 અને 5 અંકોને રિક્તાંક યુક્તિના રૂપમાં પંક્તિના અંતર્નિવેશનને સુવિધાજનક બનાવવા માટે ખાલી છોડી દેવામાં આવેલ છે.

1. Top management	6. Committee
2. Board	7. Chief executive
3. General body	8. Department

આજ પ્રમાણે સી.સી.ની 7મી આવૃત્તિમાં U : Geography ના [1P1] પૃથકોની અનુસૂચિમાં 1, 5, 6, 8 અને 91 થી 97 સંખ્યાને રિક્તાંક યુક્તિના રૂપમાં, પંક્તિના અંતર્નિવેશનને સુવિધાજનક બનાવવા માટે ખાલી છોડી દેવામાં આવેલ છે. આમ,

1 Map	7 Marine map
2 Map projection	98 Topographical survey
3 Globe	

ડી.ડી.સી.ની 17મી આવૃત્તિમાં 770 Photography and Photographs વર્ગમાં રિક્ત સ્થાન યુક્તિને અપનાવવામાં આવેલ છે. નીચે જણાવેલ બાબતો ઉપર ધ્યાન આપો.

773 Pigment process of printing

778 Specific field of photography

જટિલ/મિશ્રિત આધાર (Base)

જ્યારે અંકોનો આધાર જટિલ / મિશ્રિત હોય છે તો શૂન્ય કે ખંડ (sector) (પ્રથમ અને અંતિમ ખંડ સિવાય) અનુસાર બહિર્નિવેશનને પણ અંતર્નિવેશનનો સમજવામાં આવે છે. ઉદાહરણ તરીકે 91 ને જે પ્રથમ સેક્ટર (S-1)નું બહિર્નિવેશન છે, 8 અને Aની વચ્ચે અંતર્નિવેશન માની શકાય છે.

નવીન પ્રજાતિના અંકોનો પરિચય
(Introduction of New Species (kinds) of Digits)

નવીન જાતિના કોઈ અંકના ક્રમવાચક મૂલ્ય નિર્ધારિત કરીને, તેને કોઈપણ પંક્તિના બે અંકો વચ્ચે અંતર્નિવેશન કરી શકાય છે. સી.સી.ની 6ઠ્ઠી આવૃત્તિમાં 'આધ્યાત્મક અનુભૂતિ અને રહસ્યવાદ'ને સ્પષ્ટ કરતા અંક Δ ને M-Useful Arts અને N-Fine Artsની વચ્ચેની અંતર્નિવેશન કરવામાં આવેલ છે.

ખાલી કરાવતા અંકો (Emptying Digits)

કોઈપણ પંક્તિમાં આંતર્પ્રક્ષેપ / અંતર્નિવેશનને સરળ બનાવવા માટે રંગનાથને કેટલાક અંકને ખાલી કરાવતા અંકની અવધારણા કરી છે. ખાલી કરાવતા અંક (Emptying digit) ને પરિભાષિત કરતો તે અંક છે, જેનું ક્રમવાચક મૂલ્ય અને અર્થવાચક મૂલ્ય બન્ને હોય છે, તથા તે પોતાના પૂર્વવર્તી અર્થપૂર્ણ અંકને, કોઈપણ વિચારને નિરૂપિત કરવાની ક્ષમતાથી વંચિત કરી દે છે. બીજા શબ્દોમાં એવું માની લેવામાં આવ્યું છે કે, ખાલી કરાવતા અંક પોતાના પૂર્વવર્તી અંકના અર્થબોધ મૂલ્યને સમાપ્ત કરી દે છે. આ દૃષ્ટિકોણના આધારે T, V અને Xને ખાલી કરાવતા અંક માની લેવામાં આવ્યા છે. સી.સી.ની 7મી આવૃત્તિના મૂળ વિષયની અનુસૂચિમાં J - Agriculture અને K-Zoology ની વચ્ચે JX-Forestryનું અંતર્નિવેશન કરવામાં આવ્યું છે તથા K-Zoology અને L-Medicineની વચ્ચે KX-Animal Husbandaryનું અંતર્નિવેશન કરવામાં આવ્યું છે.

ખાલી-ખાલી કરાવતા અંકો (Empty-Emptying Digits)

U, W અને Yને ખાલી-ખાલી કરાવતા અંક (Empty-Emptying Digit) માની લેવામાં આવ્યા છે. આ અંક ખાલી અને ખાલી કરાવતા અંક બંને છે. બીજા શબ્દોમાં, આ અંકોનું ક્રમવાચક મૂલ્ય તો હોય છે પરંતુ તે અર્થવાચક મૂલ્ય રહિત હોય છે, તથા તે પોતાના પૂર્વવર્તી અંકને પણ અર્થવાચક મૂલ્યથી વંચિત કરી દે છે. આ પ્રકારે તે પૂર્વવર્તી અંકનું માત્ર ક્રમવાચક મૂલ્ય જ બાકી રહે છે. જ્યારે U, W અને Yનો પ્રયોગ કોઈ મૂળ વિષય સંખ્યા અથવા પૃથક સંખ્યાને વ્યક્ત કરવા માટે કરવામાં આવે છે. તેના પછી યોજ્ય અંક હંમેશા સારગર્ભિત કે અર્થપૂર્ણ અંક હોય છે.

આ પ્રકારે સી.સી.ની 7મી આવૃત્તિમાં અંક-ત્રિપુટી - (digit-traids)ના પ્રાવધાન દ્વારા હજુ વધુ વિષયોનું અંતર્નિવેશન સંભવિત બન્યું છે. આ પ્રકારે-

L	Medicine
LUD	Medical technology
LU5	Public helth
LYX	Medical Jurisprudence
LY1	Nursing
LU6*Z	Hospital and Sanatorium
M	Useful Arts

શૃંખલામાં સ્વાગતશીલતા (Hospitality in Chain)

પંક્તિની જેમ જ, વર્ગોની અથવા શ્રેણીબદ્ધ પૃથકો (Ranked Isolates) શૃંખલામાં સ્વાગતશીલતાની ક્ષમતા હોવી જોઈએ, જેથી શૃંખલાના અંતમાં અથવા સળંગ ક્રમમાં વ્યવસ્થિત બે અંક પછી આવતી સંખ્યાઓની મધ્યે નવીન વિચારોને સમાવિષ્ટ કરી શકાય. બીજા શબ્દોમાં, શૃંખલામાં બહિર્નિવેશન અને અંતર્નિવેશન (બાહ્યપ્રક્ષેપ અને આંતરપ્રક્ષેપ)ની ક્ષમતા હોવી જોઈએ. જેથી અગાઉથી જ વિદ્યમાન વર્ગો કે શ્રેણીબદ્ધ પૃથકોના પરસ્પર સંબંધોને અસ્ત-વ્યસ્ત કર્યા વગર નવીન વિચારોને વર્તમાન ક્રમમાં યોગ્ય સ્થાન મળી શકે. શૃંખલામાં બહિર્પ્રક્ષેપ-બહિર્નિર્વેશન કે આંતરપ્રક્ષેપ-અંતર્નિવેશનથી સંબંધિત વિવિધ યુક્તિઓનું વર્ણન નીચે મુજબ છે.

શૃંખલામાં બહિર્પ્રક્ષેપ / બહિર્નિવેશન (Extrapolation in Chain)

શૃંખલામાં બહિર્નિવેશનના ઉપસૂત્ર અનુસાર "વર્ગ સંખ્યાઓ (વર્ગાંકો) અથવા પૃથક સંખ્યાઓ (પૃથાંકો)ની શૃંખલાના અંતમાં અનેક ઉત્તરવર્તી કે અનુક્રમિક કડિઓના અંતર્નિવેશનની ક્ષમતા હોવી જોઈએ." તેનો અર્થ એ કે સંજ્ઞાત્મક પદ્ધતિમાં એવી શૃંખલાનું સ્થાન હોવું જોઈએ. જેનું કોઈપણ સંખ્યાંકથી અંત હોઈ શકે અથવા આવશ્યકતાનુસાર જેનું કોઈપણ સીમા સુધી વિસ્તાર કરી શકાય.

જો આપણે વર્ધનશીલ વિષય-વિશ્વના સંબંધમાં ઘટતી જતી વ્યાપકતાના ઉપસૂત્રનું પાલન કરવા પર વિચાર કરીએ તો આ ઉપસૂત્રનું મહત્ત્વ સ્પષ્ટ થઈ જશે. એથી વર્ગીકરણ પદ્ધતિમાં જે પણ સંજ્ઞાત્મક પદ્ધતિ અપનાવવામાં આવે તે સહજ પરિવર્તનશીલ કે બહુમુખી અને સ્થિતિસ્થાપક હોવી જોઈએ તથા તેમાં આ ઉપસૂત્રની અપેક્ષાને પૂરી કરવા માટે આવશ્યક યુક્તિઓની જોગવાઈ હોવી જોઈએ. શૃંખલામાં સ્વાગતશીલતાને નિશ્ચિત કરવા માટે જે યુક્તિઓને ઉપયોગમાં લાવવામાં આવે છે તે નીચે મુજબ છે.

- રિક્તાંક યુક્તિ (Gap device)
- દશાંશયુક્તિ (Decimal fraction device)

રિક્તાંક યુક્તિ (Gap Device)

કેટલીક વર્ગીકરણ પદ્ધતિઓમાં, પંક્તિમાં કોઈ વિશિષ્ટ સંખ્યા પછી ખાલી, સંખ્યાંક જોવા મળે છે, જે વિશિષ્ટ સંખ્યાના ઉપવિભાજન હોય છે. આ વ્યવસ્થાને રિક્તાંક યુક્તિ કહેવાય છે. આવી પરિસ્થિતિમાં ભાંજણીક્રમ અને અભિવ્યંજકતા (Hierarchy and expressiveness)ના ઉપસૂત્રોનો સ્પષ્ટ રૂપે ઉલંઘન થાય છે. જો આવા રિક્ત સ્થાન વિદ્યમાન પણ હોય તો તેનું શૃંખલામાં બહિર્નિવેશન માટે બહુ જ સીમિત પ્રયોગ થાય છે.

દશાંશ યુક્તિ (Decimal Fraction Device)

આ યુક્તિ અનુસાર પ્રત્યેક વર્ગાંકને દશાંશના રૂપમાં માનવામાં આવે છે. આ યુક્તિ દ્વારા વર્ધનશીલ વિષય-વિશ્વમાં નવીન વર્ગ કે નવીન પૃથકની શૃંખલામાં રચના કરી દેવામાં આવે છે, અથવા સમાવિષ્ટ કરવામાં આવે છે. અર્થાત્ આ શૃંખલાની અંતિમ કડીની રચના કરનારા વર્ગ અથવા પૃથકને નવીન લાક્ષણિકતાને આધારે ઉપવિભાજન કરવામાં આવે છે. વસ્તુતઃ આ યુક્તિ અનુસાર અંતિમ કડીના સંખ્યાંક સાથે એક અંક જોડી દેવામાં આવે છે. ભાંજણીક્રમ અને અભિવ્યજંકતાના ઉપસૂત્રોનું ઉલ્લંઘન કર્યા વગર આ પ્રક્રિયાને અનંત સુધી ચાલુ રાખી શકાય છે. આ પ્રકારે, આ યુક્તિ દ્વારા પ્રત્યેક નવીન વર્ગ અથવા પૃથકને જેથી પણ સ્થિતિ હોય, કોઈપણ વર્ગાંકના ક્રમવાચક મૂલ્યને અસ્ત-વ્યસ્ત કર્યા વગર, સ્પષ્ટ સહાયક સંખ્યાંક આપી શકાય છે. ડી.ડી.સી., યુ.ડી.સી. અને સી.સી.માં શૃંખલામાં અસીમિત બહિર્નિવેશન આપવા માટે આ યુક્તિને પ્રયોગમાં લાવી શકાય છે.

BC	CC	વિષય	DDC	UDC
GY	K,97	Mammalia	599	599
GYD	K,972	Marsupialia	599.2	599.2
GYDD	K,9721	Diprotodontia	599.2	599.22

શૃંખલામાં આંતપ્રક્ષેપ / અંતર્નિવેશન (Interpolation in Chain)

શૃંખલામાં અંતર્નિવેશન (Interpolation) ના ઉપસૂત્ર અનુસાર "વર્ગાંકઓ અથવા પૃથક સંખ્યાઓની શૃંખલામાં કોઈ બે અંકોડારૂપ કડિઓની વચ્ચે અનેક કડિઓને અંતર્નિવેશન કરવાની ક્ષમતા હોવી જોઈએ."

જો વર્ગીકરણ પદ્ધતિમાં મેળવણીના ઉપસૂત્ર (Canon of modulation)ની અપેક્ષાને પૂરી

કરવામાં આવે છે તો શૃંખલામાં અંતર્નિવેશનનું ઉપસૂત્ર નિષ્ક્રિય બની જાય છે. સામાન્ય રીતે એ અનુભવ કરવામાં આવ્યો છે કે બધી પ્રમાણભૂત વર્ગીકરણ પદ્ધતિઓમાં મેળવણીના ઉપસૂત્રનું પાલન કરવામાં આવ્યું છે. જો કે જ્ઞાન-વિશ્વ બિનઆગાહીયુક્ત છે, પરિણામે આવી સ્થિતિમાં નવા વિષય-વસ્તુનો જન્મ થવો સ્વાભાવિક છે, જેથી વર્ગીકરણ પદ્ધતિનું આલેખન કરતી વખતે શૃંખલામાં બધા જ સ્થળોએ મેળવણીના ઉપસૂત્રનું પાલન કરવાનું અસંભવ બની જાય છે. આ પ્રકારની સ્થિતિનો સારો નમનો આપણને ભૂગોળ વિષયમાં મળે છે. ભૂગોળ એક અનિશ્ચિત પ્રકારનો વિષય છે. પરિણામે; આ વર્ગમાં રાજનીતિક અને વ્યવસ્થાકીય ક્ષેત્રોની રચના કે સૃષ્ટિમાં મેળવણીના ઉપસૂત્રનું પાલન કરવાનું મુશ્કેલ બની જાય છે. પરિણામે શૃંખલામાં પણ અંતર્નિવેશનને સુનિશ્ચિત કરવાનું આવશ્યક બની જાય છે. બ્રિટીશ નેશનલ બિબ્લિયોગ્રાફીમાં ડી.ડી.સી.નો ઉપયોગ કરતી વખતે શૃંખલામાં અંતર્નિવેશનને સુનિશ્ચિત કરવા માટે સ્ટ્રોક (Stroke) સંજ્ઞાનો પ્રયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ :

220 / 280 Christianity

626 / 627 Hydraulic engineering

આનો અનિવાર્ય રૂપે અર્થ થાય છે કે કોઈ લુપ્ત કડીને પ્રદર્શિત કરવા માટે સંખ્યાકોની પૂરી પંક્તિને પ્રયોગમાં લાવવામાં આવે. આમ કરવામાં મિતવ્યયિતાનું પાલન કરવાનું સંભવ નહીં બને અને અનુસૂચિઓ વિશાળ આકાર ધારણ કરી લેશે.

જો કે સી.સી.ની 7મી આવૃત્તિમાં સામાન્યતઃ મેળવણીના ઉપસૂત્રનું પાલન કરવામાં આવ્યું છે. પરંતુ અહીં આવશ્યકતાને અનુકૂળ શૃંખલામાં અંતર્નિવેશનને સરળ બનાવવા માટે કેટલીક યુક્તિઓ / પ્રક્રિયાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉદાહરણ તરીકે શૃંખલામાં કોઈ બે ક્રમિક કડિઓની વચ્ચે તારક ચિહ્ન (*) અથવા વત્તા ચિહ્ન (+), જેનું અનુગામી મૂલ્ય હોય છે, તો પ્રયોગ કરીને અંતર્નિવેશન કરવાનું સંભવ છે. ઉદાહરણ તરીકે, જો L,37A (External Carotid artery) અને L,37Al (Thyroid artery)ની વચ્ચે અંતર્નિવેશન આવશ્યક હોય તો તારક ચિહ્નનો પ્રયોગ કરીને વર્ગાંકને સંયોજિત કરીને તેને સંભવ બનાવી શકાય છે. આ પ્રકારે સંયોજિત વર્ગાંક L,37Al* બનશે તેમજ તેની શૃંખલા નીચે મુજબ છે.

L,37A External Carotid artery

અંતર્નિવેશન L,37Al*

L,37Al Thyroid artery

યુ.ડી.સી.માં પણ, જો આવશ્યક હોય તો, બે ક્રમિક કડિઓની વચ્ચે વિસ્તાર કે વત્તા ચિહ્ન (/ અને +) નો પ્રયોગ કરીને અંતર્નિવેશન કરી શકાય છે.

તમારી પ્રગતિ ચકાસો

2) પંક્તિ અને શૃંખલામાં સ્વાગતશીલતા સુનિશ્ચિત કરવા માટે પ્રયોગમાં લાવવામાં આવતી યુક્તિઓના નામ આપો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

_____

_____

_____

_____

_____

_____

9.3.7 અન્ય યુક્તિઓ : મુખક, પાર્શ્વ, અધ્યારોપણ, સ્મૃતિસહાયક (Other Devices : Facet, Phase, Super-Imposition, Mnemonic)

અન્ય યુક્તિઓમાં મુખક, પાર્શ્વ, અધ્યારોપણ, સ્મૃતિસહાયક વગેરે યુક્તિઓનો સમાવેશ થાય છે. તેની પરિભાષાઓ નીચે મુજબ છે :

મુખક યુક્તિ :

વિચાર સ્તર : નવું મુખક જોડીને વર્ગના રૂપમાં યજમાન લક્ષ્યને સુસ્પષ્ટ કે તીક્ષ્ણ બનાવવાની યુક્તિ.

સંજ્ઞાત્મક સ્તર : વિચાર સ્તરની મુખક યુક્તિને અમલમાં લાવવા માટે કોઈ વર્ગાંકની અંતર્ગત કોઈ પૃથક સંખ્યાની પૂર્વ યોજક ચિહ્ન જોડવાની યુક્તિ.

પાર્શ્વ યુક્તિ :

વિચાર સ્તર : દ્વિતીય મુખકના રૂપમાં (અર્થાત્ અતિરિક્ત મુખકના રૂપમાં) એ જ પ્રજાતિના કેન્દ્ર બિંદુઓને યજમાન લક્ષ્યને સુસ્પષ્ટ અને તીક્ષ્ણ બનાવવાની યુક્તિ.

સંજ્ઞાત્મક સ્તર : વિચાર કક્ષામાં પાર્શ્વ સંબંધનું પ્રતિનિધિત્વ કરનારા અંકને પૂર્વ યોજક ચિહન જોડવાની યુક્તિ.

અધ્યારોપણ યુક્તિ : એક જ પૃથક વિચાર વિશ્વ સંબંધિત બે કે બેથી વધુ પૃથક વિચારોને જોડવા.

વિચાર સ્તર : પૃથકના રૂપમાં એક લક્ષ્યને તીક્ષ્ણ બનાવવાની યુક્તિ. આ યુક્તિ અનુસાર સંબંધિત લક્ષ્યના વિસ્તારોને તેના એ ભાગ સુધી સીમિત બતાવી દેવામાં આવે છે જે એ જ મુખકના કોઈ અન્ય પૃથકની અંતર્ગત આવતું હોય.

સંજ્ઞાત્મક સ્તર : વિચાર સ્તરે આરોપણ યુક્તિ માટે આવશ્યક પૃથકોનું નિરૂપણ કરનારી પૃથક સંખ્યાઓની વચ્ચે યોજક ચિહ્ન જોડવાની યુક્તિ સી.સી.માં અધ્યારોપણ માટે યોજક ચિહ્ન લઘુરેખા (–)નો પ્રયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ : Circulatory system of the Head (સી.સી.ની 6ઠ્ઠી આવૃત્તિ મુજબ)નો L,18-3 વર્ગાંક છે.

એકમ 7માં મુખક યુક્તિ સંબંધિત વિભાવનાઓ પર વિચાર કરવામાં આવ્યો છે, પરંતુ એકમ 8માં પાર્શ્વ સંબંધિત વિભાવનાઓનું વિસ્તૃત વિવરણ આપવામાં આવ્યું છે. સ્મૃતિ સહાયકનું વિસ્તૃત વિવરણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવ્યું છે.

સ્મૃતિ સહાયક (Mnemonics)

Mnemonic શબ્દની ઉત્પત્તિ ગ્રીક શબ્દથી થઈ છે. જેનો અર્થ છે "યાદ કરવું." શબ્દકોશ અનુસાર તેનો અર્થ છે "સ્મૃતિ સહાયક કળા", અર્થાત્, કોઈ તથ્ય કે સંખ્યાંક અથવા અસંબદ્ધ પદો કે અંકોની શ્રેણીને યાદ કરવાની વિધિ. સમયે સમયે આપણે બધી સ્મૃતિ સહાયકોને પ્રયોગમાં લાવીએ છીએ, તેમજ તે અનુસાર આચરણ કરીએ છીએ. ઉદાહરણ તરીકે ટૂંકાક્ષરી શબ્દ "PODSCORB" આપણને વ્યવસ્થાના કાર્યોને યાદ રાખવામાં સહાયતા આપે છે. અર્થાત્, Planning, Organising, Directing, Staffing, Co-ordinating, Reporting અને Budgeting સ્મૃતિસહાયક તત્વ સંજ્ઞાના અતિઆવશ્યક ગુણો પૈકીનું એક છે. તેની ઉપયોગીતાનો ઉલ્લેખ કરતા બર્વિક સેયર્સે (Berwick Sayers) કહ્યું છે કે "આધુનિક વર્ગીકરણ પદ્ધતિઓની સંજ્ઞામાં એક ઉત્તમ અને સીમાબદ્ધ અત્યંત સામાન્ય ગુણ છે જે વર્ગકાર માટે અત્યાધિક ઉપયોગી છે. તે છે સંજ્ઞાનો સ્મૃતિ સહાયક ગુણ, જે સ્મરણ શક્તિને સહાયતા પ્રદાન કરે છે તથા સ્મૃતિ સહાયકોના પ્રયોગને કારણે અનુસૂચિઓ અને અનુક્રમણિકાઓનું અવલોકન કરવાનું કાર્ય બહુ જ ઓછું થઈ જાય છે. સ્મૃતિ સહાયક સંજ્ઞા, અમારા મતે એ સંજ્ઞા કે જેનો વર્ગીકરણમાં જ્યારે જ્યારે પ્રયોગમાં લાવવામાં આવે છે ત્યારે તેનો અર્થ હંમેશા એ જ રહે છે."

રંગનાથન દ્વારા પ્રતિપાદિત સ્મૃતિસહયકોના સામાન્ય ઉપસૂત્ર આ પ્રકારે છે, કોઈ વર્ગાંકમાં (કે તેના ઘટકમાં) કોઈ વિશિષ્ટ વિચારનું પ્રતિનિધિત્વ કરવા માટે, જે કંઈ એક કે અંક સમૂહનો પ્રયોગ કરવામાં આવે, એ જ વિચારને વ્યક્ત કરનારા બધો જ વર્ગાંકઓમાં એ જ અંક એ અંક સમૂહને પ્રયોગમાં લાવવા જોઈએ. સિવાય કે, આ પ્રકારના સુસંગત પ્રયોગ કે

નિરૂપણની સહાયતા લેવાથી અધિક મહત્ત્વપૂર્ણ આવશ્યકતાઓનું ઉલંઘન ન થતું હોય. (Prolegomena, p.293)

રંગનાથને નીચે જણાવેલ ચાર પ્રકારના સ્મૃતિ સહાયકોનો ઉલ્લેખ કર્યો છે.

ક) વર્ણાનુક્રમ સ્મૃતિસહાયક (Alphabetical mnemonics)

ખ) કોઠાગત સ્મૃતિસહાયક (Scheduled mnenonics)

ગ) પદ્ધતિસર સ્મૃતિસહાયક (Systematic mnenonics) અને

ઘ) ભાવાત્મક સ્મૃતિસહાયક (Seminal mnenonics)

વર્ણાનુક્રમ સ્મૃતિસહાયક (Alphabetical Mnemonics)

જીવનમાં શાબ્દિક સ્મૃતિસહાયક તદ્દન સામાન્ય છે. તેના અનેક નામ છે; જેવાં કે વર્ણાનુક્રમ સ્મૃતિસહાયક અને અક્ષરશઃ (Literal) સ્મૃતિસહાયક. વર્ગીકરણમાં તેના અનુપ્રયોગની મુખ્ય વિશેષતા એ છે કે કોઈ નામના પ્રથમ અક્ષર કે પ્રથમ બે, ત્રણ વગેરે અક્ષરોનો પ્રયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, વર્ણાનુક્રમ સ્મૃતિસહાયતાઓનો પ્રયોગ કરીને મોટરકારો (Automobiles) નું વ્યવસ્થાપન કરી શકાય જેમ કે,

Ambassador	A
Fiat	F
Ford	Fo
Standard	S

વર્ણાનુક્રમ સ્મૃતિસહાયકોના ઉપસૂત્ર અનુસાર એ સ્પષ્ટ કહી શકાય છે કે, "જો વર્ણાનુક્રમ કરતાં ઉપયોગકર્તાઓ માટે અન્યક્રમ અધિક સહાયક કે અધિક વિષયવંશાનુક્રમ મદદરૂપ હોય તો વર્ણાનુક્રમ સ્મૃતિસહાયકોનો પ્રયોગ આનાકાની વગર અસ્વીકાર કરવો જોઈએ. જે વર્ણાનુક્રમ કોઈ અન્ય અનુક્રમની સમાન હોય અને જે ક્ષેત્રમાં તેનો પ્રયોગ કરવામાં આવે છે, તે ક્ષેત્રનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચલિત હોય તો વર્ણાનુક્રમ સ્મૃતિ સહાયકોને પસંદગી આપવી જોઈએ." (Prolegomena, p.295)

ઉપર્યુક્ત ઉપસૂત્રને ધ્યાનમાં રાખીને મોટાભાગની વર્ગીકરણ પદ્ધતિઓમાં વર્ણાનુક્રમયુક્તિને અપનાવવામાં આવેલ છે. લાયબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસિફિકેશનમાં તેનો ભરપૂર પ્રયોગ કરવામાં આવ્યો છે, જ્યારે અન્ય વર્ગીકરણ પદ્ધતિઓમાં ઓછો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કોઠાગત સ્મૃતિસહાયક (Scheduled Mnemonics)

પ્રોલેગોમિનામાં કહેવામાં આવ્યું છે કે, "જો કોઈ અંક કે અંકસમૂહનો પ્રયોગ કોઈ પૃથક વિચાર અથવા કોઈ પંક્તિ પૃથક વિચારને વ્યક્ત કરવા માટે એક વખત કરવામાં આવ્યો હોય અને જો એ જ પૃથક વિચાર અન્ય વિષયમાં એ જ રૂપમાં પ્રયુક્ત હોય તો તેના માટે ત્યાં પણ

એ જ નિશ્ચિત અંક કે અંકસમૂહનો પ્રયોગ કરવો જોઈએ." (Prolegomena,p.298)

સી.સી.માં નીચે જણાવેલ કેટલીક સૂચના અનુસાર સમાંતર અનુસૂચિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

Table - 1

Basic subject	Facet	Parallel schedule
Biophysics	[1P1]	As in [1P1] isolates for L Medicine
GWC		
Mineralogy	[1P1]	As in [1P1] isolates for F Technology
H1		
Botany	[1MP1]	As in [1MP1] isolates for G Biology
I	1-6	
	7	As in [1MP1] isolates for L Medicine
Budget	[1MP1]	As in [1MP1] isolates for X 72 Tax
X71		
Law	[1P2]	4 Tort - to be subdivided as in 5 Crime
Z		in the same facet

ડી.ડી.સી.ની અનુસૂચિઓમાં સમાંતર અનુસૂચિઓનો પ્રયોગ બધી જગાએ ઉલ્લેખિત "Add to" સૂચનાના માધ્યમથી સુનિશ્ચિત કરવામાં આવેલ છે. ડી.ડી.સી.માં આ જોગવાઈઓનો ભરપૂર પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. ડી.ડી.સી.માં સમાંતર અનુસૂચિઓના પ્રયોગને પ્રદર્શિત કરવા માટે એક ઉદાહરણ પર્યાપ્ત છે.

632.6 Animal pests (Add to base number 632.6 the number following 59 in 592/599, e.g., snails 632.643.

પદ્ધતિસર સ્મૃતિસહાયક (Systematic Mnemonics)

પદ્ધતિસરની સ્મૃતિસહાયક ઉપસૂત્ર અનુસાર "વર્ગીકરણ પદ્ધતિનો કોઈ પંક્તિમાં પ્રયુક્ત પંક્તિ પૃથક વિચારોને વ્યક્ત કરવા માટે જે અંકોનો પ્રયોગ કરવામાં આવે તેનો ક્રમ સહાયક ક્રમના સિદ્ધાંતોને અનુરૂપ હોવો જોઈએ." (Prolegomena, p.301)

આ પ્રકારે સુવ્યવસ્થિત વ્યવસ્થાપન માટે સી.સી.માં પ્રયોગમાં લેવામાં આવેલ કેટલાક સહાયક ક્રમના સિદ્ધાંતો નીચે મુજબ છે.

ક) કાળ ક્રમ (Time sequence)

ખ) વિકાસાત્મક ક્રમ (Evolutionary sequence)

ગ) સ્થળ સામીપ્યનો ક્રમ (Spatial sequence)

ઘ) જથ્થાવાચક / સંખ્યાવાચક (Quantity sequence)

ઙ) જટિલતા/મિશ્રતાનો ક્રમ (Complexity sequence)

સી.સી., યુ.ડી.સી. અને એલ.સી.માં અપનાવવામાં આવેલ કાળ ક્રમના ઉદાહરણો નીચે મુજબ છે.

Table - 2

Subject	CC 6th Edn	UDC	LC
Stratigraphy	H5	551.7	QE 724/760
Archaean	H51	551.71	QE 724
Eozoic	H52	551.73	QE 725
Mesozoic	H53	551.76	QE 731
Tertiary	H54	551.78	QE 735
Quaternary	H55	551.79	QE 741

બીજુ ઉદાહરણ જોઈએ કે જ્યાં સી.સી., યુ.ડી.સી. અને બી.સી. (Bibligraphic Classification) માં અપનાવવામાં આવેલ વિકાસાત્મક ક્રમના ઉદાહરણોનીએ મુજબ છે.

Table - 3

Subject	CC 6th Edn	UDC	LC
Zoology	K	59	G
Pisces	K92	597	GVI
Amphibia	K93	597.6	GWA
Reptilia	K94	598.1	GWL
Aves	K96	598.2	GX
Mammalia	K97	599	GY

ત્રણે વર્ગીકરણ પદ્ધતિઓના ક્રમમાં ઉપર્યુક્ત ઉપસૂત્રનું પાલન કરવામાં આવ્યું છે.

બીજમૂલક / ભાવાત્મક સ્મૃતિસહાયક (Seminal Mnemonics)

બીજમૂલક / ભાવાત્મક સ્મૃતિસહાયકના ઉપસૂત્ર અનુસાર, "વર્ગીકરણ પદ્ધતિમાં બીજમૂલક / ભાવાત્મકરૂપે સમાનાર્થ વિચારોને વ્યક્ત કરવા માટે એક જ અંકનો પ્રયોગ કરવો જોઈએ, ભલે આ વિચારોનો ઉલ્લેખ કોઈપણ વિષયમાં કેમ ન કરવામાં આવ્યો હોય. (Prolegomena, p.304). કોઠાગત સ્મૃતિ સહાયકોમાં એક જ પ્રકારની વિભાવના માટે, બધા જ સ્થાનો પર એક પદ અને એક જ સંખ્યાંકનો પ્રયોગ કરવામાં આવે છે, જ્યારે ભાવાત્મક સ્મૃતિ સહાયકોમાં અંક જ ભાવાત્મક વિભાવનાનું પ્રતિનિધિત્વ કરવા માટે બધા જ સ્થાનો પર એક જ સંખ્યાંકનો પ્રયોગ કરવામાં આવે છે. પરંતુ તેને ભિન્ન ભિન્ન સ્થાનો

પર ભિન્ન ભિન્ન પદો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. કોઠાગત સ્મૃતિ સહાયકોની વિરુદ્ધ, આ બંનેનું અંતર સ્પષ્ટ કરવા માટે રંગનાથને પાછળથી બિનકોઠાગત સ્મૃતિ સહાયકો એવું નામ આપ્યું છે.

જો કે પછીથી પામર (Palmer) અને વેલ્સ (Wells)ની સૂચના અનુસાર, બીજમૂલક / ભાવાત્મક સ્મૃતિસહાયક નામનો જ સ્વીકાર કરવામાં આવ્યો. ઉદાહરણ તરીકે, Biologyમાં શરીર ક્રિયા વિજ્ઞાન (Physiology), રાજનીતિશાસ્ત્ર (Political science)માં કાર્ય (Functions) અને સમાજશાસ્ત્ર (Sociology)માં સામાજિક પ્રવૃત્તિઓ બિનઅભિવ્યક્ત (Unexpressed) ભાવાત્મક સ્તરે સમાનાર્થ છે તથા સી.સી.ના બધા જ સ્થાનો પર તેને સંખ્યાંક 3 દ્વારા સૂચિત કરવામાં આવેલ છે. આ જ પ્રકારે 'રોગ' અને 'સામાજિક વિકૃતિ'ને સંખ્યાક 4 દ્વારા વ્યક્ત કરવામાં આવેલ છે.

જો કે પ્રત્યેક અંકને તેના દ્વારા નિરૂપિત વિચારથી સહસંબંધ સ્થાપિત કરવામાં વર્ધનશીલ સંજ્ઞા પદ્ધતિની સ્મરણ શક્તિ પર વધુ દબાણ પડે છે. જેથી સ્મૃતિ સહાયક યુક્તિમાં અંકો અને અંકસમૂહનું સ્મૃતિ સહાયક પ્રયોગ કરીને, અર્થાત્, સ્મૃતિ સહાયક યુક્તિના અનુપ્રયોગ દ્વારા સ્મરણ શક્તિને કેટલીક રાહત આપી શકાય છે.

તમારી પ્રગતિ ચકાસો

3) વિભિન્ન પ્રકારના સ્મૃતિ સહાયકો જણાવો.

નોંધ : 1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

9.4 વર્ગીકરણ પદ્ધતિઓમાં યુક્તિઓનો પ્રયોગ (DEVICES IN USE IN CLASSIFICATION SYSTEMS)

અનુવર્તી પેટાખંડોમાં સી.સી., યુ.ડી.સી. અને ડી.ડી.સી.માં વિભિન્ન યુક્તિઓના પ્રયોગ પર વિચાર કરવામાં આવ્યો છે.

9.4.1 સી.સી.માં યુક્તિઓ (Devices in CC)

જ્યાં પણ ઉપયોગી અને સંભવ લાગ્યું છે, સી.સી.માં બધી યુક્તિઓનાં પ્રયોગ કરવામાં આવ્યો છે. કોલન ક્લાસિફિકેશનમાં વિભિન્ન યુક્તિઓના પ્રયોગ સંબંધિત ઉદાહરણ નીચે મુજબ છે.

કાળ યુક્તિ : તે વ્યક્તિકરણ માટે ઉપયોગમાં લેવામાં આવેલ છે.

ક) સાહિત્યમાં લેખકો (Authors in literature)

ખ) કૃતિમ ભાષાઓ (Artificial language)

ગ) ધાર્મિક સંપ્રદાયો (Religious sects)

ઘ) મૂળ વર્ગોની અંતર્ગત વિભિન્ન પ્રણાલીઓ જેવી કે પદાર્થ વિજ્ઞાન, વૈદક, મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર.

ઙ) લલિતકળામાં શૈલી વગેરેનો પ્રયોગ વિશિષ્ટતા પ્રદાન કરવા માટે કરવામાં આવે છે. સી.સી.માં આ યુક્તિના પ્રયોગ માટે વિસ્તૃત નિયમ આપ્યા છે.

ભૌગોલિક યુક્તિ : તે વ્યતિકરણ માટે ઉપયોગમાં લેવામાં આવેલ છે.

ક) ઇતિહાસ અને કાયદામાં સમુદાય

ખ) ભાષાની ક્ષેત્રીય બોલી અને વર્ગ બોલી

ગ) લલિતકળામાં શૈલી, અને

ઘ) અનેક અગ્રગામી સામાન્ય પૃથકો

વગેરેને વિશિષ્ટતા પ્રદાન કરવા માટે કરવામાં આવેલ છે.

વિષય યુક્તિ : તે વ્યક્તિકરણ માટે ઉપયોગમાં લેવામાં આવેલ છે.

ક) કૅર્બનિક રસાયણશાસ્ત્રમાં કેટલાક દ્રવ્યો

ખ) વાસ્તુકલા (સ્થાપત્ય કલા)માં કેટલાક ભવનો

ક) મૂર્તિકળામાં કેટલાક વિષયો

ઘ) અધ્યાત્મવિદ્યામાં વિશિષ્ટ મતો,

ઙ) અધ્યાપન પ્રવિધિઓમાં વિષયો અને

ચ) અર્થશાસ્ત્રમાં ઉદ્યોગ ધંધાને વિશિષ્ટતા પ્રદાન કરવા માટે કરવામાં આવે છે.

વર્ણાનુક્રમ યુક્તિ : તે વ્યક્તિકરણ માટે ઉપયોગમાં લેવામાં આવેલ છે.

ક) સાહિત્યિક અને પ્રશિષ્ટ લેખકોની કૃતિઓ

ખ) મશીનોની જાત (Brands)

ગ) છોડવાઓ, વાયરસો અને જીવાણુંઓની નસ્લોને વિશિષ્ટતા પ્રદાન કરવા માટે કરવામાં આવે છે.

ગણના યુક્તિ : સી.સી.ના અપરિવર્તનીય મુખકિય, લગભગ મુક્ત મુખકીય, મુક્ત મુખકીય રૂપાંતરોમાં ગણના યુક્તિનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પરંતુ, પ્રાયઃ અન્ય વર્ગીકરણ પદ્ધતિઓની અપેક્ષાએ ઓછો છે.

9.4.2 ડી.ડી.સી.માં યુક્તિઓ (Devices in DCC)

સામાન્ય રીતે ડી.ડી.સી.માં કાળક્રમ યુક્તિનો પ્રયોગ કરવામાં આવતો નથી. ડી.ડી.સી.માં વિષય યુક્તિનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યાં અનિવાર્ય હોય ત્યાં, ભૌગોલિક યુક્તિનો પ્રયોગ કરવામાં આવે છે તથા વર્ણાનુક્રમ યુક્તિનો જવલ્લે જ ઉપયોગ થયો છે.

ડી.ડી.સી. જેવી ગણનાક્ષમ વર્ગીકરણ પદ્ધતિમાં વર્ગાંકને ગહન બનાવવા માટે ભૌગોલિક યુક્તિનો પ્રયોગ કરવામાં આવે છે. ઇતિહાસ વિષયમાં સમુદાય મુખકમાં લક્ષ્યોનું નિર્માણ કરવા માટે ભૌગોલિક યુક્તિનો પ્રયોગ કરવામાં આવે છે, તથા આ જ પ્રમાણે કાયદામાં પણ તેનો પ્રયોગ કરવામાં આવે છે. અન્ય વિષયોમાં જયાં સ્થાનિક વર્ણન આવશ્ક હોય, ભૌગોલિક અંકોનો સ્થાન મુખકના રૂપમાં પ્રયોગ કરવામાં આવે છે, જો કે તેને ભૌગોલિક યુક્તિની સંજ્ઞા આપી શકાતી નથી.

ડી.ડી.સી.માં તો પણ પચાસ વિષયોને 001-999 ની જેમ વિભાજીત કરવાની સૂચના આપવામાં આવી છે તે બધા જ વિષય યુક્તિના ઉદાહરણ છે.

વર્ણાનુક્રમ યુક્તિને ડી.ડી.સી.ની 17મી આવૃત્તિમાં અપનાવવામાં આવેલ તથા તેનો પ્રયોગ ઘણી જ મુક્ત રીતે કરવામાં આવતો હતો.

9.4.3 યુ.ડી.સી.માં યુક્તિઓ (Devices in UDC)

ડી.ડી.સી.ની જેમ યુ.ડી.સી.માં પણ કાળક્રમયુક્તિનો પ્રયોગ કરવામાં આવ્યો નથી. પરંતુ જયાં અનિવાર્ય હોય ત્યાં ભૌગોલિક યુક્તિનો પ્રયોગ કરવામાં આવે છે, તથા વર્ણાનુક્રમ યુક્તિનો નહિવત પ્રયોગ કરવામાં આવે છે, પરંતુ ડી.ડી.સી.ની તુલનામાં તેનો પ્રયોગ કંઈક વધુ થયો છે. તે સિવાય, મોટાભાગની વર્ગીકરણ પદ્ધતિઓની જેમ યુ.ડી.સી.ની અધિકાંશ પંક્તિઓમાં ગણના યુક્તિનો પ્રયોગ અત્યાધિક વ્યાપક રૂપે કરવામાં આવ્યો છે.

9.5 સારાંશ (SUMMARY)

આ એકમમાં આપણે ગ્રંથાલય વર્ગીકરણમાં યુક્તિઓના પ્રયોગની આવશ્યકતા અને ઉપયોગ સંદર્ભે વિચાર કર્યો. આપણે વિભિન્ન યુક્તિઓ જેવી કે કાળક્રમક્રમ યુક્તિ, ભૌગોલિક યુક્તિ, વિષય યુક્તિ, વર્ણાનુક્રમ યુક્તિ, ગણના યુક્તિઓનો પણ વિશેષ રૂપે અધ્યયન કર્યું. તે સિવાય પંક્તિઓ અને શૃંખલાઓમાં સ્વાગતશીલતા માટે પ્રયોગમાં લેવામાં આવતી યુક્તિઓનું પણ વિસ્તૃત વિવેચન કર્યું. વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓમાં યુક્તિઓના પ્રયોગને પણ આ એકમમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ પાશ્ચાદ્‌ભૂના આધારે તમે યુક્તિઓના પ્રકરણની પૂરી જાણકારી પ્રાપ્ત કરી શકશો તથા ગ્રંથાલય વર્ગીકરણમાં તેની ભૂમિકા પર મહત્ત્વનું મૂલ્યાંકન કરી શકશો.

9.6 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) યુક્તિઓ એ ઘટક છે જેનો પ્રયોગ પૃથક્કરણીય-સંયોજિત વર્ગીકરણમાં કોઈ મુખકનું નિર્માણ કે તેના અર્થને તીક્ષ્ણ તથા/અથવા ગણનાક્ષમ વર્ગીકરણમાં કોઈ વિષયના અર્થને ગહન બનાવવા માટે કરવામાં આવે છે. યુક્તિઓના લાભ નીચે મુજબ છે.

   - ગણનાને ટાળીને અનુસૂચિમાં પંક્તિને નાની બનાવવી અને આ પ્રકારે પૂરી અનુસૂચિને સંક્ષિપ્ત બનાવવી.
   - વર્ગીકરણકારને સ્વાયત્તા પ્રદાન કરવી તથા
   - સુસંગત ક્રમ, સહાયક ક્રમ, સ્મૃતિસહાયકો તથા પંક્તિ અને શૃંખલામાં સ્વાગતશીલતાના ઉપસૂત્રોથી સ્વતઃ અનુરૂપના સુનિશ્ચિત કરવી.

2) વિભિન્ન યુક્તિઓનો પ્રયોગ નીચે જણાવેલ ઉદ્દેશો માટે કરવામાં આવે છે.

   - પંક્તિમાં સ્વાગતશીલતા માટે રિક્તાંક યુક્તિ, સકલઅંક યુક્તિ, ખાલી અને ખાલી કરાવતા અંકો.
   - શૃંખલામાં સ્વાગતશીલતા માટે - રિક્તાંક યુક્તિ, દશાંશ યુક્તિ વગેરે.

3) ચાર પ્રકારના સ્મૃતિસહાયક હોય છે.

   i) વર્ણાનુક્રમ સ્મૃતિ સહાયક

   ii) કોઠાગત સ્મૃતિ સહાયક

   iii) પદ્ધતિસરની સ્મૃતિ સહાયક

   iv) બીજમૂલક / ભાવાત્મક સ્મૃતિ સહાયક

9.7 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

પંક્તિ (Array) : કોઈ સમિષ્ટનું જ્યારે વિષયના રૂપમાં વિભાજન એક જ લાક્ષણિકતાને આધારે કરવામાં આવે તથા આ પ્રકારે પ્રાપ્ત વર્ગાંકઓને ઇચ્છિત ક્રમમાં વ્યવસ્થિત કરવામાં આવે તો તે વર્ગ સમૂહને પંક્તિ કહેવામાં આવે છે. અર્થાત્ સમકક્ષ વર્ગો કે ઉપવિભાજનોના સમૂહને પંક્તિ કહેવામાં આવે છે.

શૃંખલા (Chain) : કોઈ પણ નિશ્ચિત વર્ગ અને તેના સમિષ્ટને સોપાન 1, સોપાન 2, સોપાન 3 વગેરે સોપાનોને ઇચ્છિત લક્ષ્ય સુધી આગળ વધારીને પ્રાપ્ત કરવામાં આવેલ વર્ગોના ક્રમને શૃંખલા કહેવામાં આવે છે. આ પ્રકારે, અનુક્રમિક ઉપ-વિભાજનો પ્રાપ્ત કરવામાં આવેલ વર્ગોના કોઈપણ ક્રમને શૃંખલા કહેવામાં આવે છે.

અંક (Digit) : સંજ્ઞા પદ્ધતિમાં પ્રયોગમાં લાવવામાં આવેલ પૃથક પ્રાથમિક પ્રતીક

રિક્ત અંક (Empty digit) : એક અંક જેનું ક્રમવાચક મૂલ્ય હોય છે પરંતુ અર્થવાચક મૂલ્ય નથી હોતું.

ખાલી-ખાલી કરાવતા અંક (Empty-Emptying digit) : એ અંક જેનું અર્થવાચક મૂલ્ય નથી હોતું તથા જે પોતાના પૂર્વવર્તી અંકને પણ અર્થવાચક મૂલ્યથી વંચિત કરી દે છે.

ખાલી કરાવતા અંક (Emptying digit) : મૂળ વિષય - સંખ્યાંક અથવા પૃથક સંખ્યાકમાં એ અંક જે પોતાના પૂર્વવર્તી અંકના અર્થવાચક મૂલ્યને તે વંચિત કરી દે છે પરંતુ તેના ક્રમવાચક મૂલ્યને કાયમ રહેવા દે છે.

દર્શક અંક (Idicator digit) : કોઈ પૃથક સંખ્યાની પૂર્વે લગાવવામાં આવતો એવો અંક (ચિહ્ન) જે પ્રદર્શિત કરે છે કે તે પૃથક કોઈ મૌલિક શ્રેણીની અભિવ્યક્તિ છે. કેટલાક સમય પહેલા તેને યોજક ચિહ્ન કહેવામાં આવતા હતા.

ક્ષેત્ર / વિભાગ (Sector) : સંખ્યાઓની એ શ્રેણી જે અર્થ પરિપૂર્ણ અંક અથવા એક રિક્ત અંક કે બે રિક્ત અંકો વગેરેથી શરૂ થાય છે.

(S-1) સેક્ટર 1, 2 ..... 8 નું દ્યોતક છે.

(S-91) સેક્ટર 91, 92 .... 98 નું દ્યોતક છે.

(S-A) સેક્ટર A, B ..... Y નું દ્યોતક છે.

(S-Z1) સેક્ટર Z1, Z2 ... Z8 નું દ્યોતક છે.

(S-2A) સેક્ટર ZA, ZB ... ZY નું દ્યોતક છે.

અધ્યારોપણ (Super-Imposition) : એક જ પૃથક વિચાર-વિશ્વ સંબંધિત બે કે બેથી વધુ પૃથક વિચારોને જોડવાનું અધ્યારોપણ કહેવાય છે. અધ્યારોપણ દ્વારા પ્રાપ્ત પૃથક વિચાર અધ્યારોપિત પૃથક વિચાર કહેવાય છે. તેનું બીજું નામ છે સંયુક્ત પૃથક વિચાર.

8.8 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Foskett, A. C. (1977). *Subject Approach to Informationa.* 3rd ed. London: Clive Bingley.

Mills, J. A. (1960). *Modern Outline of Library Classification.* Bomay: Asia Publishing House.

Ranganathan, S. R (1987). *Colon Classification.* 7th ed. Edited by M.A. Gopinath., Bangalore : Sarda Ranganathan Endowment Library Science.

Ranganathan, S.R. (1967). *Prolegomena to Library Classification.* 3rd ed.. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science.

UDC : International Medium Edition - English Text (BS 1000M : 1985). London: British Standards Institution.

ignou
THE PEOPLE'S
UNIVERSITY

ઈન્દિરા ગાધી નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

BLIS-03

ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત





પસંદગીયુક્ત વર્ગીકરણ યોજનાઓનો અભ્યાસ

4

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

BLIS-03
ગ્રંથાલય વર્ગીકરણ
સિદ્ધાંત

વિભાગ
4

પસંદગીયુક્ત વર્ગીકરણ યોજનાઓનો અભ્યાસ (STUDY OF SELECTED SCHEMES OF CLASSIFICATION)

એકમ-10 — 1
ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશન (DDC) (Dewey Decimal Classification)

એકમ-11 — 35
ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશનની 19મી આવૃત્તિ (1979), 20થી (1989) અને 21મી (1996) આવૃત્તિઓનો તુલનાત્મક અભ્યાસ (Comparative Study of the 19th (1979), 20th (1989(and 23st (1996) Editions of the Dewey Decimal Classfication)

એકમ-12 — 56
યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફીકેશન (યુડીસી) (Universal Decimal Classification) (UDC)

એકમ-13 — 85
કોલન ક્લાસિફિકેશન (સીસી) (Colon Classification)

એકમ-14 — 111
કોલમ ક્લાસિફિકેશનની વિવિધ આવૃત્તિઓનો વૃત્તાંત (Different Versions of Colon Classfication)

એકમ-15 — 126
ગ્રંથાલય વર્ગીકરણમાં સાંપ્રત પ્રવાહો (Current Trends in Library Classification)

Programme Design Committee (1987-88)

Prof. G. Ram Reddy
Vice-Chancellor
IGNOU

Prof. P.B. Mangla
Dean Arts and Head
Dept. of Library and
Information Science
University of Delhi
Delhi

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor, IGNOU

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Shri S.P. Aggarwal
Director (Retd.)
NASSDOC, New Delhi

Shri P. Satyanarayana
Regional Director
IGNOU

Shri B.P. Shenoy
Special Officer
IGNOU

Course Preparation Team

Prof. A.A.N. Raju
Osmania University
Hyderabad

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC
New Delhi

Dr. S. Seetharama
DRTC
Bangalore

Mrs. R. Shalini
University of Mysore
Myson

Shri V.K. Rangra
DESIDOC, Delhi

Shri M.R. Rishwadkar
University of Poona, Pune

Prof. G.S. Rao
(Language Editor), IGNOU

Shri B.P. Shenoy
Special Officer
IGNOU

Programme (Curriculum) Revision Committee (1995)

Prof. M.A. Gopinath
Director
DRTC, Bangalore

Prof. S.R. Gunjal (Retd.)
Dept. of Lib. & Inf. Sc.
Gulbarga University
Gulbarga

Prof. S.G. Mahajan (Retd.)
Dept. of Lib. & Inf. Sc.
University of Poona, Pune

Dr. S.S. Murthy
Director
DESIDOC, Delhi

Prof. T.N. Rajan
Chief Coordinator (Retd.)
INSDOC, New Delhi

Prof. A.P. Srivastava
Librarian (Retd.)
University of Delhi
Delhi

Internal Faculty

Prof. R. Satyanarayana
Dr. Uma Kanjilal
Ms. Neena Talwar Kanungo
Dr. Shailendra Kumar
(Presently in Delhi University)
Dr. Pravakar Rath

Programme Coordinators

Prof. R. Satyanarayana and Prof. S.B. Ghosh

Course Coordinator

Dr. Neena Talwar Kanungo

Course Revision Team

Prof. S.B. Ghosh
Prof. R. Satyanarayana
Dr. Uma Kanjilal
Dr. Neena Talwar Kanungo
Dr. Pravakar Rath

Course Editor

Prof.S. Seetharama

Block Preparation Team

Unit	Contributor	Language Editors
10	Prof. A.A.N. Raju (Revised by)	Prof. A.K. Verma
11	Dr. M.P. Satija	Prof. M.R. Dua
12	Prof. A.A.N. Raju (Revised by)	
13	Prof. A.A.N. Raju (Revised by)	
14	Prof. S. Seetharama	
15	Prof. A.A.N. Raju	

Material Production	Secterial Assistance
Mr. B. Natarajan *DR(P)*	Mr. S. Swaminathan
Mr. Jitender Sethi *AR(P)*	Mr. Rajiv Kumar
Mr. Ajit Kumar *SO(P)*	

January 2009 (Reprint)

© Indira Gandhi National Open University, 2003
ISBN-81-7605-630-8
All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from the Indira Gandhi National Open University.

Further information behalf of the Indira Gandhi National Open University courses may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110068.

Printed and published on behalf of the Indira Gandhi National Open University, New Delhi-110068 by Registrar, MPDD.

આ પુસ્તકમાંથી અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - (અમદાવાદ)એ તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

અનુવાદક :

શ્રી કિરીટભાઈ ભાવસાર
પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ,
ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય,
આશ્રમ રોડ, અમદાવાદ-380014

પરામર્શન (વિષય) :

શ્રી નવલસિંહ કે. વાઘેલા
પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ,
ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય,
આશ્રમ રોડ, અમદાવાદ.

પરામર્શન (ભાષા) :

ડૉ. અજય રાવલ
વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ,
ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફોર ગર્લ્સ,
એસ. જી. હાઈવે, સોલા, અમદાવાદ.

સંયોજન સહાય :

શ્રી એસ. સી. શાહ ઈ/ચા. કુલસચિવ, નિયામક	ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રીમતી ચેતના એન. શાહ ગ્રંથપાલ,	ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રી નવલસિંહ કે. વાઘેલા પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ,	ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, આશ્રમ રોડ, અમદાવાદ.

મુદ્રક : કલ્પતરૂ ઓફસેટ, મો. : ૯૮૨૫૦ ૪૨૬૫૧

: પ્રકાશક :

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-61
ટોલ ફ્રી ટે. નં. 18002331020

© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

વિભાગ-4 : પસંદગી યુક્ત વર્ગીકરણ યોજનાઓનો અભ્યાસ

પ્રસ્તાવના :

દરેક ગ્રંથાલય પોતાના સંગ્રહની વ્યક્તિગત રીતે વર્ગીકરણ પદ્ધતિ વિકસાવી જોઈએ. (વસ્તુતઃ) ખરી રીતે ઘણા ગ્રંથાલયો ગ્રંથાલય વર્ગીકરણ યોજનાના વિકાસ પહેલાં પોતાની રીતે વર્ગીકરણ કરતા હતા. પરંતુ જ્ઞાનનો વિકાસ થતાં, દરેક ગ્રંથાલય માટે પોતાની ગ્રંથાલયવર્ગીકરણ પદ્ધતિ વિકસાવી ઈચ્છવા યોગ્ય પણ નથી અને શક્ય પણ નથી તેનો ખ્યાલ આવ્યો. એકસૂત્રતા, પ્રમાણભૂતતા, કરકસર અને સગવડતાના કારણોસર ગ્રંથાલયમાં કોઈ એક જ ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિને અનસરવું વધારે લાભદાયક/ સલાહભર્યું છે.

રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે ગ્રંથાલય વર્ગીકરણ ઘણી બધી યોજનાઓ અપનાવવામાં આવી છે. તેમાંની કેટલીક ગ્રંથાલય વર્ગીકરણ યોજનાઓનો વિકાસ 1876થી ગ્રંથપાલ અને ઉપભોક્તાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

1. ડેસીમલ ક્લાસીફિકેશન-મેલ્વિલ ડયૂઈ (1851-1931) પ્રથમ પ્રકાશિત 1876 8ડીડીસી)
2. એક્સપાન્સીવ ક્લાસીફિકેશન-ચાર્લ્સ એમી કટર (1837-1903) પ્રથમ પ્રકાશિત-1879
3. લાયબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસીફિકેશન-1902માં પ્રકાશિત થયેલ મુખ્ય વર્ગ Z (ઝેડ)ની પ્રથમ રૂપરેખા
4. યુનિવર્સલ ડેસિમલ ક્લાસીફિકેશન (યુડીસી)-પોલ ઓટલેટ અને હેનરી લા ફોન્ટેન સૌ પ્રથમ 1905માં ફ્રેંચ ભાષામાં પ્રકાશિત
5. સબ્જેક્ટ ક્લાસીફિકેશન -જેમ્સ ડફ બ્રાઉન (1862-1914) પ્રથમ પ્રકાશિત-1906
6. કોલન ક્લાસીફિકેશન એસ.આર રંગનાથન (1892-1972) પ્રથમ આવૃતિ -1833
7. બિબ્લિયોગ્રાફીક ક્લાસીફિકેશન-હેનરી એલવિન બ્લીસ (1870-1955)
8. ઈન્ટરનેશનલ ક્લાસીફિકેશન-ફેમોન્ટ રાઈડર-પ્રથમ પ્રકાશિત!-1961

આ આઠ વર્ગીકરણ યોજનાઓમાંથી ડીડીસી, યુડીસી અને સીસી (CC) નો BLIS પ્રોગામમાં વિસ્તૃત અભ્યાસ માટે સમાવેશ કરવામાં આવ્યો છે. આ બ્લોક આ ત્રણ યોજનાઓ તરફ લઈ જાય છે. આ અભ્યાસક્રમના પ્રથમ ત્રણ બ્લોક્સ દ્વારા તમે ગ્રંથાલય વર્ગીકરણની જરૂરી સૈદ્ધાંતિક પાયાગત/મૂળભૂત માહિતી મેળવી છે. અને હવે તમારે ચોક્કસ યોજનાઓની માહિતી મેળવવાની છે. એકમ 10,11,12413,14 અને 15 નો આ બ્લોકમાં સમાવેશ કર્યો છે. આ એકમ 10 અને11માં ડીડીસી, એકમ 12માં યુડીસી અને એકમ 13 અને 14માં સીસીનો સમાવેશ કર્યો છે. આ યોજનાઓમાં તેની રૂપરેખા સંજ્ઞાત્મક અને બીજી વ્યક્તિઓની રજૂઆત થઈ છે. યુનીટ 15માં ગ્રંથાલય વર્ગીકરણના અદ્યતન પ્રવાહોના વિકાસની ચર્ચા કરી ે. તમાં મુખ્યત્વે ડીડીસી, યુડીસી અને સીસીના વિકાસની ચર્ચા કરી છે. વધારામાં એકમ-15 ગ્રંથાલય વર્ગીકરણના ક્ષેત્રમાં આંતર-રાષ્ટ્રીય કોન્ફરન્સ, સંસ્થાઓ સમાજ અને સંશોધન ગ્રુપ સંકળાયેલા છે. તેની વિગતવાર માહિતી પૂરી પાડે છે.

એકમ 10 ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશન (DDC)

રૂપરેખા

10.0 ઉદ્દેશો

10.1 પ્રસ્તાવના

10.2 ડીડીસીના પ્રકારો

- 10.2.1 પ્રથમ આવૃતિ
- 10.2.2 વિશિષ્ટ ખાસિયતો

10.3 પછીની આવૃતિઓ

- 10.3.1 15મી માનક આવૃતિ
- 10.3.2 16મી અને પછીની આવૃતિ
- 10.3.3 20મી આવૃતિ
- 10.3.4 ડીડીસી સંક્ષિપ્ત

10.4 ગર્ભિત સિદ્ધાંતો

- 10.4.1 તાત્વિક આધાર
- 10.4.2 વિદ્યાશાખા પ્રમાણે વર્ગીકરણ
- 10.4.3 વંશાનુબદ્ધ માળખું.
- 10.4.4 વ્યવહારૂપણુ/પ્રાયોગિકતા

10.5 પુનઃસંવર્ધનની પ્રક્રિયા

- 10.5.1 ફેનિકસ અનુસૂચિઓ
- 10.5.2 સંચાલકીય સૂચના
- 10.5.3 પુનઃ સંવર્ધનની પ્રક્રિયા
- 10.5.4 ડીડીસીનો ઉપયોગ

10.6 ડીડીસીની 19મી આવૃતિ

- 10.6.1 અનુસૂચિઓ
- 10.6.2 સંજ્ઞા
- 10.6.3 સારણીઓ
- 10.6.4 સાપેક્ષસૂચિ
- 10.6.5 અન્ય ખાસિયતો
- 10.6.6 સંયોજનાત્મક પ્રક્રિયા

10.6.7 ઉમેરો યુક્તિ (વર્ગાંકમાં ઉમેરવાની યુક્તિ)

10.6.8 સામાન્ય અમલીકરણના વિશિષ્ટ વિષયાંગ

10.6.9 સ્મૃતિ સહાયક ખાસિયતો

10.6.10 વૈકલ્પિક વ્યવસ્થા

10.7 મૂલ્યાંકન

10.7.1 વર્ગોનો ક્રમ અને સહસ્થાન

10.7.2 અયોગ્ય સ્થાન

10.7.3 એંગ્લો-અમેરિકન વલણ

10.7.4 ઉધ્ધરણ ક્રમ

10.7.5 સંજ્ઞા

10.7.6 અવ્યવસ્થિત અને બિન સાતત્યપૂર્ણ

10.7.7 પુનઃસંવર્ધનને કારણે પુનઃ વર્ગીકરણ

10.7.8 ડીડસીનું ટકાઉપણું/તાકાત

10.8 સારાંશ

10.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

10.10 ચાવીરૂપ શબ્દો

10.11 સંદર્ભો અને વિશેષ વાંચન

10.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમ તમને ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશનની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ પૂરી પાડશે.

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે આ બાબતથી સક્ષમ બનશો

- ડીડીસીના આધારભૂત સિદ્ધાંતો તેમજ તેની વિશેષતાઓ વિશે જાણકારી મેળવવામાં
- ડીડીસીના સારા-નરસા પાસાંઓનું મૂલ્યાંકન કરી શકવામાં અને
- ડીડીસીની 19મી આવૃતિ મુજબ પ્રલેખને વર્ગીકૃત કરવામાં

10.1 પ્રસ્તાવના (INTRODUCTION)

પુસ્તકોની ગોઠવણી અને તેની વિષય પ્રમાણે નોંધો માટે ગ્રંથાલય વર્ગીકરણ જરૂરી છે તે હવે તમે જાણી ગયા છો. જેમ કે, સંગ્રહમાં જે તે વિષયની ઓળખ અને જગ્યાની

ગોઠવણી અગાઉના વિભાગમાં સૈદ્ધાંતિક અભ્યાસની રજૂઆત પછી હવે તમારે ગ્રંથાલય વર્ગીકરણની ત્રણ પદ્ધતિઓથી પરિચીત થવું જરૂરી છે. અંગ્રેજી ભાષી દેશોમાં ડીડીસી વધારે પ્રચલિત પદ્ધતિ છે.

આ એકમ ડીડીસીના 120 વર્ષના મૂળભૂત વિકાસક્રમ તરફ દોરી જાય છે. તે મુખ્યત્વે તેની વિષય વર્ગીકરણ સંજ્ઞા (Notation), બીજી યુક્તિઓ અને પુનઃ તપાસ માટેની યાંત્રિક વિધી (Mechanism) ની રૂપરેખા રજૂ કરે છે. આ એકમ ગ્રંથાલય વર્ગીકરણના મુખ્ય ફાળા તથા સાપેક્ષ સૂચિ (Relative Index) ની ચર્ચા કરે છે. આ એકમ મુખ્યત્વે ડીડીસીની 19મી આવૃતિનું વિગતવાર વર્ણન, કે જે પ્રાયોગિક કાર્યમાં અભ્યાસમાર્ગદર્શિકા પૂરી પાડે છે.

અંતમાં આ એકમ ડીડીસીના સારા-નરસા મુદ્દાઓનું મૂલ્યાંકન છે.

આ એકમમાં વધારે સારી રીતે અભ્યાસ માટે તમારી પાસે ડીડીસીની 19મી આવૃતિનો એક સેટ હોવો જરૂરી છે.

10.2 ડીડીસીનો ઉદ્‌ભવ (GENESIS OF DDC)

મેલ્વિલ ડ્યૂઈનો જન્મ ન્યૂયોર્કના આદમ્સ સેંટરમાં 10મી ડિસેમબર 1851માં થયો હતો. તે એક નાના સ્ટોરકીપર પિતાના પુત્ર હતા. પાંચ વર્ષની ઉંમરે તેમણે તેમની માતાનો ખાદ્યસામ્રગી રાખવાનો કબાટ વધારે વ્યવસ્થિત રીતે ગોઠવી આપ્યો હતો. તેઓ ગ્રંથાલયીત્વના વ્યવસાયનમાં સ્વશિક્ષા થી જ આવ્યા હતા. ડ્યૂઈએ ઉચ્ચ અભ્યાસ ઓનિડા સેમિનરી, આલ્ફેડ યુનિવર્સિટીમંથી અને પછી આર્મસ્ટ કોલેજમાંથી મેળવ્યો.. એ જ કોલેજમાં 1872મા તેમણે વિદ્યાર્થી પુસ્તકાલય સહાયકના પદ પર કાર્ય કરવાનું શરૂ કર્યું. એક વર્ષની અંદર જ તેમણે ગ્રંથાલયના સંગ્રહને વિષયાનુસાર વ્યવસ્થિત કરવા માટે એક પદ્ધતિ રજૂ કરી. 1874માં તેમની બઢતી મદદનીશ કોલેજ ગ્રંથપાલના પદ પર થઈ. 1876માં તેમણે તેમણે તેમની વર્ગીકરણ પદ્ધતિ તેમના નામ વગર પ્રકાશિત કરી કે જે પછીની ખૂબ જ પ્રસિદ્ધ પામી. આ વર્ગીકરણ પદ્ધતિ ઉપરાંત તેમના અનેક પ્રકારના યોગદાનો છે. 1876માં લાઈબ્રેરી જર્નલ (Library Journal) ના તેઓ સૌ પ્રથમ સંપાદક બન્યા. અમેરિકન લાઈબ્રેરી એસોસીએશનના સ્થાપક સભ્ય બન્યા. અને પછીથી તેના પ્રથમ મંત્રી પણ બન્યા. તેઓએ યુનાઈટેડ સ્ટેટસ (કોલંબિયા યુનિવર્સિટી)માં ગ્રંથાલયીત્વની સૌ પ્રથમ શાળાની સ્થાપના કરી. તેની સાથે જ તેમણે આધારભૂત સૂચિકાર્ડ (12.5x7.5 સે.મી) ને ઉપયોગમાં મૂક્યા અને ગ્રંથાલયીત્વના બધા જ ક્ષેત્રોમાં પૂરો રસ બતાવ્યો.

10.2.1 પ્રથમ આવૃતિ : (First Edition)

1876 માં 42 પાનાની પુસ્તિકા 'A Classification and subject Index Pamphlets and arranging the books and pamphlest of a Library' નામે પ્રકાશિત થઈ. જેમાં DDC અને ગ્રંથાલય વર્ગીકરણની શરૂઆતનો સંદેશ હતો. આ પ્રથમ આવૃતિ હતી કે જેમા 12 પૃષ્ઠો ભૂમિકા (Introduction) પૃષ્ઠો અનુસૂચિઓ (Schedules) ના અને 18 પૃષ્ઠો સૂચિ (Index) ના એમ કુલ 42 પૃષ્ઠો હતા. આ પ્રથમ આવૃતિની 1000 પ્રતો

છાપવામાં આવી હતી. તેમાં 1000 વર્ગો સમાવિષ્ટ હતા. જો કે તે તેના ઉપવર્ગો/પેટાવિભાગોની વધુ પડતી બારીકાઈને લીધે ઘણા ગ્રંથાલયોમાં ટીકારૂપ બની હતી. થોડાક જ સમયમાં તે ખૂબ જ પ્રચલિત બની અને યુનાઈટેડ સ્ટેટસના અને બીજા દેશોના ગ્રંથાલયોએ તેને અપનાવી મૂળ 42 પૃષ્ઠોની પત્રિકાનું કાર્ય પાછળથી અભ્યાસક્રમમાં 3000 પાનાંઓમાં યાદગાર કાર્ય તરીકે પરિણમ્યું. સંશોધન અહેવાલ પ્રમાણે યુ.એસ.એ અને કેનેડાના બધા જ પ્રકારના એટલે કે 857 ગ્રંથાલયોમાં ડીડીસીનો ઉપયોગ જોવા મળે છે. દુનિયાના પાંચેય ખંડોમાં તે અપનાવવામાં આવી છે.

10.2.2 સામાન્ય વિશિષ્ટતાઓ (Salient Feature)

ડ્યૂઈ ગ્રંથાલયોમાં વિષય પ્રમાણે પુસ્તકની ગોઠવણી કરનાર પ્રથમ તો હતા. પરંતુ વિષયોની ગોઠવણીમાં નીચેની મૌલીક રૂપરેખા બતાવનાર પણ ડ્યૂઈ, પ્રથમ વ્યક્તિ હતા.

1. સાપેક્ષ વિભાવના The Concept of Relative Location)
2. દશાંશ સંજ્ઞા (Decimal Notation)
3. વિસ્તૃત નમૂનો (Detalied Specification)
4. સાપેક્ષ સૂચિ (Relative Index)

1) સાપેક્ષ સ્થાન (Relative Location)

સાપેક્ષ સ્થાન વિશે સિદ્ધાંતો અમલમાં આવ્યા હોવાથી વિચારવું મુશ્કેલ છે. ડ્યૂઈએ તેને ચોક્કસ/યોગ્ય સ્થાન નક્કી કરી આપ્યું તે દિવસોમાં (સમયમાં) પુસ્તકોને છાજલીઓ (Shelves) પરના તેના સ્થાન પરથી ઓળખવામાં આવતા હતા. ગ્રંથાલયમાં દરેક વિષયમાં પુસ્તકો માટે વિષયાનુસાર પરિગ્રહણાંક નંબર અને છાજલીઓ નક્કી કરવામાં આવતી હતી દરેક પુસ્તકને વિષયાનુસર પરીગ્રહણાંક નંબર પ્રમાણે એક નિશ્ચિત સ્થાન પર મૂકવામાં આવતા હતા. આવી રીતે દરેક પુસ્તકને તેના નિશ્ચિત જગ્યા જેમકે, ઓરડો, છાજલી, દ્વાર (છાજલીમાંની હાર), પ્રમાણે ઓળખવામાં આવતું આમ, ગ્રંથાલયમાં પુસ્તકની એક વખત જે જગ્યા નક્કી કરવામાં આવતી તે તેનું કાયમી બની જતું.

નવા પુસ્તકો આવતા (ઉમેરાતા) છાજલી પર અને તેની નિશ્ચિત જગ્યાએ જરૂરી ફેરફાર કરવા પડતા હોવાથી આ વ્યવસ્થા સંતોષકારક ન હતી. ડ્યૂઈની આ સમસ્યાનો ઉકેલ તેમના સાપેક્ષ સ્થાનના સિદ્ધાંતો દ્વારા શોધાયો. ડ્યૂઈએ વિષયોને સંજ્ઞા આપીને પુસ્તકોને છાજલીના ક્રમ પ્રમાણે નહીં પરંતુ સંજ્ઞાના ક્રમમાં ગોઠવ્યા. વર્તમાન ક્રમને બદલ્યા વગર નવા પુસ્તકો ઉમેરવાનું શક્ય બનાવ્યું. ગ્રંથાલયમાં પુસ્તકોનું એક સલામત સ્થાન નક્કી થવાથી તેને સંબંધિત બીજા પુસ્તકોનું પણ સ્થાન નક્કી થયું. સંજ્ઞા જ દરેક પુસ્તકોનું સાપેક્ષ સ્થાન નક્કી કરે છે. ડ્યૂઈએ દશાંશ સંજ્ઞાનો ઉપયોગ કરતાં સાપેક્ષ સ્થાન નક્કી કરવાનું વધારે સરળ બન્યું.

2) દશાંશ સંજ્ઞા (Decimal Notation)

દશાંશ સંજ્ઞાનો ઉપયોગ ડીડીસીમાં વર્ગને તેના દસ ઉપવર્ગોમાં અને તે દરેકને તેના દસ

ઉપ-પેટા વર્ગોમાં મૂકવા માટે થાય છે. ડીડીસીની આ વિશેષતાને લીધે તેની ક્ષમતા વધારે વધી ગઈ. જેના કારણે નાનામા ઉપવિષયોને પણ સ્થાન બદલ્યા વગર સમાવવાનું શક્ય બન્યું. ડીડીસીની પ્રથમ આવૃતિ ફક્ત મુખ્ય વર્ગો તેમજ ઉપવર્ગો સુધી જ ત્રણ અંકોમાં મર્યાદિત હતી. જો જરૂર હોય તો સૂચિમાં ચોથા અને પાંચમા સ્થાનનો ઉપયોગ કરવાનું ડ્યૂઈએ સૂચવ્યું હતું સંજ્ઞાની શુદ્ધ સરળતાએ જ આ પદ્ધતિને લોકપ્રિયતા અપાવી.

3) વિસ્તૃત નમૂનો (Detaild Specification)

સાપેક્ષ સ્થાન દશાંશ સંજ્ઞા સાથે જોડાયેલું છે તે પેટા-વિભાગોને ઓળખવામાં સરળતા કરી આપે છે. ડ્યૂઈએ સાપેક્ષ સ્થાનનો વિચાર વિષયજૂથમાં મૂકવું મર્યાદિત હતું. પુસ્તકોને કોઈ કારણસર સ્થાનફેર કરવા તથા તેન બીજા પેટા-વિભાગોમાં સમાવવાનું સરળ બન્યું. ડ્યૂઈએ તેમની પ્રથમ આવૃતિમાં 1000 વિષયો આપ્ય. ડીડીસીની 19મી આવૃતીમાં 21504 વર્ગો (વધારાની સારણીઓ સાથે) આપ્યા. સાથે તેને બીજા વિષયો સાથે જોડવાની વ્યવસ્થા કરી. ડીડીસીનો નિરંતર વિકાસ થતો રહ્યો છે. સાથે સાથે કોઈ પણ વિષયને તેના વિસ્તારને અનુરૂપ સંજ્ઞા આપી શકાય તે વ્યવસ્થામાં પણ વધારો થયો છે.

4) સાપેક્ષ સૂચિ : (Relative Index)

વર્ગીકૃત સૂચિ અને પદ્ધતિસરની વ્યવસ્થામાં મુખ્ય સમસ્યા એ હતી કે વાચક પુસ્તકને કયાં શોધે. ડ્યૂઈએ સાપેક્ષ સૂચિનાં સ્વરૂપમાં તેનું નિરાકરણ પૂરૂં પાડયું. તેમની સાપેક્ષ સૂચિ આપેલા વિષયને કયાંથી શોધવો તેનું ચોક્કસ સ્થાન બતાવે છે. આ સાપેક્ષ સૂચિનો બીજો એક ફાયદો એ હતો કે છૂટાછવાયા પડેલા વિષયોને પદ્ધતિસર ક્રમમાં મૂકયા. આ સાપેક્ષ સૂચિમાં પર્યાયવાચી શબ્દો પણ સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા.

આજે આ ફેરફારને ગ્રંથાલય વર્ગીકરણમાં સરળતાથી અમલમાં મૂકયો છે. પરંતુ એ જાણવું જરૂરી છે કે, ડ્યૂઈએ આ કાર્ય શરૂ કર્યું તે પહેલાં આ પદ્ધતિ ન હતી. ડ્યૂઈની પદ્ધતિ વાસ્તવમાં ઘણી જ આધુનિક હતી. તેઓએ અત્યાચારની સમસ્યાઓનું પૂર્વનુમાન કરી લીધું હતુ. તેમણે સંયોજન અને મુખક માળખાનો સિદ્ધાંત (The Principle of Synthesis & Structure) ન આપ્યો. પરંતુ તેની જાણકારી તેમને હતી.

તમારી પ્રગતિ ચકાસો

1) ડીડીસીના ઉદ્‌ભવની જાણકારી મેળવ્યા પછી આ પદ્ધતિના નવા પ્રવર્તમાના ચાર લક્ષણો વિશે સમજાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

10.3 પછીની આવૃત્તિ (SUBSEQUENT EDITIONS)

1885 માં ડીડીસીની બીજી આવૃત્તિ ડેસિમલ ક્લાસીફિકેશન એન્ડ રીલેટીવ ઈન્ડેક્ષ (Decimal Classification & Relative Index) નામથી પ્રસિદ્ધ થઈ. આ જ નામથી 12 બીજી આવૃત્તિઓ પ્રકાશિત થઈ. આ પદ્ધતિની બીજી આવૃત્તિ પ્રથમ આવૃત્તિ કરતાં વધારે મોટી અને વિસ્તૃત હતી.

અન્ય 12 આવૃતિઓ 57 વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થઈ. આ સમયગાળો 2 વર્ષથી 12 વર્ષની વચ્ચેનો હતો. ડ્યૂઈ દ્વારા તેમના જીવન દરમ્યાન આ પદ્ધતિ 14 મી આવૃતિ સુધી એક નીતિ. નિર્દેશ પ્રમાણે સફળતાપૂર્વક ચાલતી રહી. દરેક આવૃતિમાં આ પદ્ધતિનો આકાર વધતો ગયો. પરંતે તેની પછીની કોઈપણ આવૃતિમાં તેના મૂળ માળખામાં કોઈ ફેરફાર ન થાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું.

10.3.1 15મી અધિકૃત આવૃતિ (15th Standard Edition)

.ઈન્ટીગ્રીટી ઓફ નંબરર્સની નીતિના અનુસરણથી 15મી આવૃત્તિ અલગ પડે છે તે બાબતનો ખાસ નિર્દેશ કરવો જોઈએ. મિલ્ટન ફરગ્યુસનના સંપાદન હેઠળ 1951માં 15મી આવૃત્તિ આવી. આ પહેલી આવૃત્તિ એવી હતી કે જેના પર ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશન અને રિલેટીવ ઈન્ડેક્ષ' મથાળું છપાયેલું હતું. કોઈપણ સંશોધન વગર આ આવૃત્તિએ એક્સટેન્સીવ એક્સપાન્સમને અટકાવ્યું. કારણ કે સંશોધન વિચાર્યા વગરનું હતું અને તેનો વિસ્તાર સંતુલિત ન હતો. સૂચિના કાર્યનો વિસ્તાર સાહિત્ય સમાદેશ પર આધારિત ન હતો.

આ આવૃતિના પ્રકાશન પછી સ્પષ્ટ થયું કે કરવામાં આવેલા ફેરફાર મુજબ વિષયોનું પુનઃ સ્થાન નિર્ધારણ ગ્રંથાલય અધ્યક્ષો માટે ખૂબ જ મહેનત માગી લે તેવું હતું. તેમાંના મોટા ભાગમાં નવી આવૃત્તિનો સ્વીકાર કરવા તૈયાર ન હતા. તેમણે 14મી આવૃત્તિનો સ્વીકાર કરવા તૈયાર ન હતા. તેમણે 14મી આવૃત્તિનો ઉપયોગ ચાલુ રાખ્યો. 15મી આવૃત્તિની ખૂબ જ ટીકા થઈ. તેમજ તેનો ખૂબ જ વિરોધ પણ કરવામાં આવ્યો. ઘણા ટીકાકારોએ આ પદ્ધતિને મૃત જાહેર કરી.

10.3.2 16મી અને પછીની આવૃત્તિઓ (16th & Later Editionss)

16મી આવૃત્તિ 1958માં બેન્જામીન કસ્ટરના સંપાદન હેઠળ પ્રકાશિત થઈ. આ પદ્ધતિની સુધારેલી આવૃતિ માટે સમયગાળાનું ચક્ર સાત વર્ષ ચાલ્યું. 14મી ગણનાપૂર્ણ વિગતોવાળી આવૃતિ પાછી ગઈ અને કેટલાંક વિષયાંગોને તેના મૂળ સ્થાને પ્રસ્થાપિત કર્યા. પણ 15મી

આવૃતિને સારું પુનઃસ્થાપન કરી સારું સ્થાન જાળવી રાખ્યું. 15મી આવૃતિમાં કેટલુંક નવીનીકરણ લક્ષણો જેવાં કે અધિકૃત જોડણી, સાંપ્રથ પરિભાષા અને સારી રીતે આંખને ગમે તેવા મુદ્રણમાં પ્રકાશિત થઈ તેની સૂચિ અલગ ખંડમાં પ્રકાશિત થઈ. જે 14મી આવૃતિ કરતાં વધુ વિગતપૂર્ણ હતી. 16મી આવૃતિમાં સૌ પ્રથમવાર ફોનિક્સ અનુસૂચિઓ મૂકવામાં આવી.

10.3.3. 20મી આવૃતિ (20th Edition)

આ આવૃતિ 1989માં પ્રકાશિત થઈ, જેનું સંપાદન જે.પી. કોમારોમી (J.p Comaromi) એ કર્યું. આ આવૃતિ ચાર ખંડોમાં છે

ખંડ 1 પ્રસ્તાવના અને સારણીઓ

ખંડ 2 અનુસૂચિઓ (000-500)

ખંડ 3 અનુસૂચિઓ (600-900)

ખંડ 4 સાપેક્ષ સૂચિ અને માર્ગદર્શિકા

દરેક ખંડ (Volume) ની પૃષ્ઠ સંખ્યા અલગ અલગ છે. ચારેય ખંડો 3308 પૃષ્ઠમાં સમાયેલા છે. અને તેમાં મુખ્ય આ ભાગો આપેલા છે.

ખંડ.1 આ ખંડમાં નીચેના ત્રણ ભાગ છે

પ્રસ્તાવના (Introduction) વાચકોને ડીડીસીનો પરિચય તેમજ પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો તેની માટેના આદેશ

(b) સારણીઓ (Tables) : સાત સારણીઓ સંજ્ઞાઓ સાથે કે જે અનુસૂચિઓમાં વર્ગાંકોમાં ઉમેરી શકાય.

(c) 19મી અને 20મી આવૃતિની તુલનાત્મક સૂચિ-પુનઃસ્થાપન, સંક્ષિપ્તા

ખંડ 2 અને 3 આ બંને ખંડ આ પદ્ધતિના મુખ્ય ભાગ છે.

ખંડ-2 (000-500)

ખંડ-3 (600-900)

(d) અનુસૂચિઓ (Schedules) :

જ્ઞાન વ્યવસ્થાપન 001-999ની વચ્ચે

ખંડ-4 બે ભાગ ધરાવે છે.

e) સાપેક્ષ સૂચિ (Relative Index) અનુસૂચિઓ સારણીઓમાં આપેલ વિષયોની વર્ણાનુક્રમ સૂચિ

માર્ગદર્શિકા (Manual) વર્ગીકરણકારને મુશ્કેલ (અઘરા) વિષયોનું વર્ગીકરણ કરવામાં મદદ કરે છે.

ડીડસીની 20મી આવૃતિના વિકાસમાં વર્ષ 1988માં બે મહત્વના બનાવો બન્યા જેણે ડીડીસીના ભવિષ્યને પ્રભાવિત કર્યું. જુલાઈ 29 1988માં ડીડીસીની 20મી આવૃતિનો સમગ્ર પાઠ મેશેચ્યુસેટની પેઢી દ્વારા કમ્પ્યૂટર ટેપ રૂપે આવૃતિ બહાર પાડવાની શરૂઆત કરી ઓન લાઈન કમ્પ્યૂટર લાઈબ્રેરી સેન્ટરના ભાગરૂપે ફોરેસ્ટ પ્રેસ અને ડીડીસીએ ઓડિયો સ્થિત બિનનફાકારક સંસ્થાના સહભાગી બન્યા.

10.3.4 ડીડીસી સંક્ષિપ્ત (Abridged DDC)

ઈ.સ. 1984માં નાના અને ધીમે ધીમે વિકસતા ગ્રંથાલયોની જરૂરિયાન ધ્યાનમાં રાખીને એક સંક્ષિપ્ત આવૃતિ તૈયાર કરવામાં આવી. આ આવૃતિ મૂળ આવૃતિના 25 ભાગ જેટલી હતી. અત્યારે સંક્ષિપ્ત આવૃતિ તેની અગિયારમી (11) આવૃતિમાં છે. 19મી મોટી આવૃતિની પછી તરત જ 11મી સંક્ષિપ્ત આવૃતિ પ્રકાશિત થઈ હતી. ડીડીસીની સંક્ષિપ્ત આવૃતિની સમાંતર શ્રેણી નાના ગ્રંથાલયો કે જેને વિશિષ્ટ વિષયોના પુસ્તકોની જરૂર નથી હોતી, તથા તેને 5 અંકોથી વધારે સંજ્ઞા પણ હોતી નથી. યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં શાળા ગ્રંથાલયો અને ઘણા નાના જાહેર ગ્રંથાલયોમાં સંક્ષિપ્ત આવૃતિનો ઉપયોગ થાય છે. બીજા દેશોમાં પણ તેનો વ્યાપક (બહોળા) પ્રમાણમાં ઉપયોગ થાય છે.

તમારી પ્રગતિ ચકાસો

2) ડિસીની 15મી, 16મી અને 20મી આવૃતિ કયા વર્ષોમાં પ્રકાશિત થઈ હતી ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

10.4 ગર્ભિત સિદ્ધાંત (UNDERLYING PRINCIPLES)

ડીડીસીની પ્રથમ આવૃતિની પ્રસ્તાવનામાં આ પદ્ધતિના સિદ્ધાંતોનો ખાસ કરીને વિષયોના ક્રમના સંદર્ભમાં કોઈ ઉલ્લેખ નથી. પરંતુ ડ્યૂઈએ નટાલે બૈટજેટી (Natale Battezzati) જેક્બ સ્વાટર્ઝ (Jakab Schwartz) તથા ડબલ્યુ ટી.હેરિસ (W.T.Harris) નો આભાર વ્યક્ત કર્યો છે. વાસ્તવમાં ડીડીસીનો (Philosophical) આધાર ડબલ્યુ ટી.હેરિસની પદ્ધતિ પર છે.

10.4.1 તાત્વિક આધાર (Philosophical Basis)

ગ્રંથાલય વર્ગીકરણના ક્ષેત્રમાં તત્વજ્ઞાનીઓ તથા તર્કશાસ્ત્રીઓએ મોટું યોગદાન આપ્યું છે. ગ્રંથાલય વર્ગીકરણનું મૂળ તત્વજ્ઞાનમાં જોવા મળે છે. આ ડીડીસી માટે સાચું છે.

ડીડીસીના મુખ્ય વર્ગો હેરિસ દ્વારા 1870માં પ્રતિપાદિત જ્ઞાન વર્ગીકરણ પર આધારિત છે. કે જે ફ્રાન્સિસ બેકનના ચાર્ટ ઓફ લર્નિંગ (Chart of Learing) ના વિરૂદ્ધ ક્રમમાં છે.

10.4.2 વિદ્યાશાખા પ્રમાણે વર્ગીકરણ (Classification by Discipline)

સામાન્ય રીતે એમ કહી શકાય કે ગ્રંથાલય વર્ગીકરણમાં એક સરખા વિષયોને એક જ સમૂહમાં રાખવામાં આવે છે. આ એક સરળ રીત છે. મોટભાગની વર્ગીકરણ પદ્ધતિ (Classification by Discipline) એના પર આધારિત છે. ડીડીસીની મુખ્ય વિશેષ એ છે કે તેમાં ફક્ત વિષ્યોને બદલે તેના મુખ્ય વર્ગો તેમજ પેટાવર્ગોનું વિભાજન શૈક્ષણિક વિદ્યાઓ પર વધારે આધાર રાખે છે. પરિણામે એક વિષયને એકથી વધારે જગ્યા વર્ગીકૃત કરી શકાય છે. ઉદાહરણ તરીકે કોઈ પુસ્તકનો વિષય તાંબું (Copper) છે તો તેને રસાયણશાખા (Chemistry) ધાતુવિદ્યા (Metallurgy), ખાણવિદ્યા (Mineralogy), રાસાયણિક Chemical ટેક્નોલોજી Technology) વગરે વિષયોની અંદર વર્ગીકૃત કરી શકાય છે. જો કે તે લેખકના અભિગમ પર આધાર રાખે છે. આ અભિગમ વિદ્યાનુસાર વર્ગીકરણ તરીકે ઓળખાય છે, કે જે એક સ્થાનીય વર્ગીકરણથી જુદું છે. ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશન એક અભિગમાત્મક વર્ગીકરણ છે કે જે વિષયને તેના પૂર્વાપર સંબંધ અનુસાર વહેંચે છે. ઉદાહરણ તરીકે Copper નું રસાયણશાસ્ત્રનું પુસ્તક રસાયણશાસ્ત્રમાં અને ધાતુનું પુસ્તક ધાતુવિજ્ઞાનમાં મૂકવામાં આવશે. ડીડીસીનો આ અભિગમ સંભવિત શક્ય હતો. કારણ કે ગ્રંથાલયોમાં વાચકો દ્વારા મોટાભાગના પુસ્તકોના વિષયો-વિદ્યાના આધારે માગવામાં આવતા હતા. જોકે. જેમ્સ ડફ બ્રાઉનનું વિષય વર્ગીકરણ આનાથી તદ્દન વિરૂદ્ધ છે. તે વિષયોને એક જ સ્થાન પર મૂકે છે.

ડીડીસીમાં જ્ઞાન વિશ્વને નવ (9) મૂળભૂત વર્ગોમાં વહેચ્યું છે. જેમ કે Philosophy, Religion, Sociology, Philogy, Nature Science, useful Arts, Fine Arts Literature અને History ડ્યૂઈના સમયમાં આ જ શૈક્ષણિક વિદ્યાઓ હતી. હવે આ મુખ્ય વર્ગોમાં Natural Sciences, useful arts અને Socilogy વગેરેમાં ઘણી નવી શૈક્ષણિક વિદ્યાઓનો સમાવેશ થયો છે.

10.4.3 વંશાનુબદ્ધ માળખું (Hierarchical Structure)

ડીડીસી મુખ્યત્વે વંશાનુબદ્ધ પદ્ધતિ છે કે જે વિભાજનના સામાન્ય સિદ્ધાંત પર આધારિત છે. તે જ્ઞાનવિશ્વના વિષયોને સાથે રાખીને વર્ગો તેમજ પેટાવર્ગોમાં દરેક તબક્કે અમુક ચોક્કસ લક્ષણોના આધારે વિભાજીત (વર્ગીકૃત) કરે છે. આમ, તેનો વૃદ્ધિક્રમ સામાન્યથી વિશેષ તરફ છે જે આ પદ્ધતિનું વંશાનુબદ્ધ માળખું બનાવે છે.

વિભાજનના દરેક તબક્કે લેવામાં આવેલી સંજ્ઞાને લીધે ફક્ત દસ પેટાવિભાગો જ શક્ય છે. દરેક વિભાગ તેના ઉપરના વર્ગને આધીન છે. અને સમાન સ્તરના વર્ગને સમકક્ષ વર્ગ છે. આ વંશાનુબદ્ધ માળખું દર્શાવે છે.

10.4.4 વ્યવહારિકતા) (Practicality)

ડ્યૂઈના મતે દરેક જગ્યાએ તાત્વિક સિદ્ધાંત અને ચોકસાઈએ વ્યવહારૂ ઉપયોગિતા માટે ઈચ્છનીય છે. આમ ડીડીસીએ વ્યવહારુ વિચારસરણી અને વચનબદ્ધતાનો વારસો છે. ડ્યૂઈએ અને પછીની સંપાદકોએ ડિડિસીની વિચારસરણી અને વચનબદ્ધતાને મળતી અને પ્રશ્નોને હલ કરતી બનાવવાને વચનબદ્ધ રહેલી જણાય છે. આ ગુણને લીધે ડીડીસી તેની નક્કરતા પ્રદાન કરે છે.

તમારી પ્રગતિ ચકાસો.

3) ડીડીસીના દસ મુખ્યવર્ગોની રૂપરેખાનો આધાર ક્યાં સ્વરૂપનો છે ?

4) ડીડીસી દ્વારા અપનાવવામાં આવેલ મુખ્ય વર્ગોના નામ જણાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

10.5 સુધારવાની પ્રક્રિયા (REVISION PROCESS)

ડીડીસીની ટકાઉપણું જાળવી રાખવાના કાર્યક્રમ સતત પુનરાવર્તન અદ્યતન રાખે છે. પુનરાવર્તનનું સ્વરૂપ સામાન્ય રીતે નીચે પ્રમાણે છે.

- વિસ્તારણ (Expansion)
- ઘટાડવુ (Reducation)
- પુનઃસ્થાન (Relocation)

વિસ્તારણ (Expansion)

નવા વિષયોનું એકત્રીકરણ તેમજ વિષયોના સૂક્ષ્મ વિભાજન માટે આ પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ વિષયમાં જ્ઞાનનો વધુ વિસ્તાર થઈ રહ્યો હોય તો તે નવા વિષયોને પદ્ધતિમાં સમાવવા જોઈએ. આજના વધતા જતા જ્ઞાનના ગ્રંથાલયોની સામગ્રી વિશિષ્ટ થઈ ગઈ છે. એવા વિષયોને નવી વર્ગ સંજ્ઞા આપવામ ટે તેનું વધારેમાં વધારે સૂક્ષ્મ વિભાજન તેમજ પેટા-વિભાજન કરવું પડે છે.

ઘટાડવું. : (Reduction)

ઘટાડવું એટલે જ્ઞાનના પેટા-વિભાજનમાંથી જેનો ખૂબ જ ઓછો ઉપયોગ કરવામાં આવતો હોય તેને કાઢી નાખવું. પછી તેને વધારે સામાન્ય વિષયોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

પુનઃસ્થાપન : (પુનઃસ્થાપન) (Relocation)

દરેક નવી આવૃતિમાં વિષયોને જગ્યા મળી રહે છે.

10.5.1 ફિનિક્સ અનુસૂચિ (Phoenix Schedules)

ડીડીસીને અદ્યતન રાખવા માટેનો આ pie cemeal અભિગમ છે જે અનુસૂચિ જૂની થઈ ગઈ છે અ ને જેમાં સખત સુધારાની જરૂર છે તેના નવા વર્ગીકરણ સાથે પૂરેપૂરુ બદલી નાખવામાં આવે છે. 16મી આવૃતિની કેટલીક અનુસૂચિઓને પૂરેપૂરી નષ્ટ કરીને તેની જગ્યાએ નવી અનુસૂચિ મૂકવામાં આવે છે જે જૂની અનુસૂચિઓને નષ્ટ કરીને તેનાથી નવી અનુસૂચિમાં બનાવવામાં આવી છે તેને ફિનિક્સ અનુસૂચિ કહે છે. પહેલાંની અનુસૂચિઓના વિભાજનને (ધ્યાનમાં લીધા વગર) નવી અનુસૂચિઓ તૈયાર કરવામાં આવે છે. જેનાથી તેની પ્રામાણિકતા જળવાતી નથી. અત્યારની આવૃતિમાં નીચેની અનુસૂચિઓને ફિનિક્સ પદ્ધતિમાં આપવામાં આવી છે.

546 Inorganic chemistry અને 547 Organic Chemistry 16મી આવૃતિ પ્રમાણે

પસંદગી યુક્ત વર્ગીકરણ યોજનાઓનો અભ્યાસ

130 Pseudopsychology, Parapsychology (occultism) અને 150 psychology - 17મી આવૃતિ પ્રમાણે

340 Law અને 510 Mathematies -18મી આવૃતિ પ્રમાણે.

301-307 Sociology, 324 political process અને 41 અને 42 એરિયા નોટેશન- ગ્રેટ બ્રિટન માટે.

10.5.2 વ્યવસ્થાકીય રચના (Organisational Set-up)

ડીડીસીની અધિકૃત જાળવણીની જવાબદારી ફોરેસ્ટ પ્રેસ પર આવી પડી. આ કાર્યને આગળ ધપાવવા માટે મેલ્વિલ ડ્યૂઈએ ઉભી કરેલી સંસ્થા લેક પ્લેસીડ એજ્યુકેશન ફાઉન્ડેશન એનું સહભાગીદાર બન્યું. લાઈબ્રેરી ઓફ કોંગ્રેસે એનું સંપાદન કાર્ય કરાર હેઠળ ચાલુ રાખ્યું તેમ છતાં ફોરેસ્ટ પ્રેસે તેનું વેચાણ ચાલું રાખ્યું. ને ડીડીસી પ્રકાશિત કરી આ બ સંસ્થાઓ વચ્ચેના જૂથને ડીડીસી એડિટેરિયલ કમિટી એ ગ્રંથપાલો અને ગ્રંથાલય શિક્ષણનું જૂથ બનાવવું જે ફોરેસ્ટ પ્રેસને સલાહ આપે અને સુધારણની બાબતે સંપાદક ધ્યાન આપે.

10.5.3 સુધારવાની પ્રક્રિયા (Procedure of Revision)

દરેક નવી આવૃતિ તેની અગાઉની આવૃતિ પર આધારિત હોય છે. અગાઉની આવૃતિના ઉપભોક્તાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેના સંપાદક ડીડીસી એડિટોરિયલ પોલીસી કમિટીની સાથે પરામર્શન કરીને નક્કી કરે છે કે કઈ અનુસૂચિમાં કયા સ્તર સુધી સુધારવાની જરૂર છે. મુખ્ય સુધારા માટે વિશેષજ્ઞોની સલાહ લેવાય છે. જુદા જુદા પ્રકારના ઉપભોક્તાઓ જેમ કે, નાના અને મોટા જાહેર ગ્રંથાલયો, સંશોધન, ગ્રંથાલયો તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓની જરૂરિયાત સંતોષવાનો મુખ્ય હેતુ છે.

ડીડીસીના ઉપભોક્તાઓના ઉપયોગ માટે 'DDC Additions' Notes and decisions' નામની પત્રિકા સમયાંતરે પ્રકાશિત થાય છે. આ બુલેટિન એક ઉપયોગી પત્રિકા છે કે જે ડીડીસી અનુસૂચિઓમાં થતા ફેરફારની જાણકારી આપે છે.

10.5.4 ડીડીસીનો ઉપયોગ (Use of DDC)

ડીડીસીના ઉપયોગનો સર્વે કરતાં તે હકીકત સાબિત થઈ છે કે તેની વારંવાર સમીક્ષા થવા છતાં ભારતમાં અને વિદેશમાં ખૂબ ઝડપથી અપનાવવામાં આવી છે. 1901માં તેનો ઉપયોગ એટલો વધારે હતો કે તે વર્ષે અમેરિકન લાયબ્રેરી એસોસીએશન'સ કેટલોગ સેકશને એવું નક્કી કર્યુ કે લાયબ્રેરી ઓફ કોંગ્રેસના છાપેલા સૂચિકાર્ડમાં (કેટલોગ કાર્ડસ) ડીડીસીના અંક પણ છાપવા.

ગ્રંથાલય વ્યવસાયના દબાણના પરિણામે લાયબ્રેરી ઓફ કોંગ્રેસને 1930માં તે કાર્ડ પર ડીડીસીના નંબર છાપવા માટે નવું કાર્યાલય ખોલવું પડયું. તેને અનુસરીને એચ ડબલ્યુ વિલ્સન કંપની (H.W.Wilson co.) દ્વારા છાપેલા સૂચિકાર્ડ તેમજ માનક કાર્ડ (Catalogue Cards & Standard Catalogues) માં ALA પ્રકાશિત બુક લીસ્ટમાં 'અમેરિકન બુક પબ્લીશીંગ રેકોર્ડમાં અને ત્યાર પછી બ્રિટિશ નેશનલ બિબ્લિયોગ્રાફી (BNB) દ્વારા છાપેલા

સૂચિકાર્ડ તથા વાડ.મયસૂચિઓમાં અમુક વિષયો માટે ડીડીસીની સંખ્યાઓનો ઉપયોગ થવા લાગ્યો.

તમારી પ્રગતિ ચકાસો

1) ડીડીસીની સુધારણાના સ્વરૂપો જણાવો.

2) ફિનિક્સ અનુસુચિ શું છે ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

10.6 ડીડીસી 19મી આવૃતિ (19TH EDITION OF DDC)

ડીડીસી 19મી આવૃતિ સાત વર્ષના સમયગાળા બાદ 1979મા પ્રકાશિત થઈ. આ આવૃત્તી અગાઉની ત્રણ આવૃતિના વિકાસને બતાવે છે. ખાસ કરીને અગાઉની બે આવૃતિમાં કરવામાં આવેલ સંશોધનોમાંથી જેને સામાન્ય સ્વીકૃતિ મળી તથા જેને અપનાવવામાં આવ્યા. તે સંશોધનોને આ આવૃતિમાં સમાવવામાં આવ્યા છે. ડીડીસીની એડિટોરિયલ પોલીસીન કમિટી (Editorial policy committee) ના મતે જ્યાં પરિવર્તનને બદલે સ્થિરતાનું મહત્વ છે. ત્યાં પરિવર્તન કરવામાં નથી આવ્યું અને જ્યાં નવો દષ્ટિકોણ જૂના દષ્ટિકોણ કરતા વધારે ઉપયોગી છે ત્યાં ફેરફાર કરવામાં આવ્યો છે.

આ આવૃતિમાં અગાઉની આવૃતિ કરતાં વધારે નોંધો છે. તેમજ વધારે વિષયોના નંબર આપવાની સગવડ છે. આ પદ્ધતિમાં હવે વિસ્તારપૂર્વક વર્ગીકરણ કરવાની વધારે ક્ષમતા છે. આમાં કુલ 21504 નોંધો છે.

19મી આવૃતિ ત્રણ ખંડોમાં (Volumes) માં પ્રકાશિત થઈ છે.

ખંડ-1 પરિચય સારણીઓ (Tables)

ખંડ-2 અનુસૂચિ (Schedules) અને

ખંડ-3 સાપેક્ષ સૂચિ (Relative Index)

આ આવૃતિ બેન્જામીન કસ્ટર (Benjamin Custer) કે જેમણે 15મી આવૃતિ નિષ્ફળ જતાં કાર્યભાર સંભાળયો હતો. તેમના સંપાદન હેઠળ ચોથી અને છેલ્લી આવૃતિ હતી. જો કે પહેલો અને ત્રીજો ખંડ આ પદ્ધતિના મહત્વના ભાગ છે. તેનો ઉંડો અભ્યાસ ઉપયોગી નીવડશે.

10.6.1 અનુસૂચિઓ (Schedules)

આ પદ્ધતિનો મુખ્યભાગ અનુસૂચિ છે. આમાં 21,504 નોંધો છે જે જ્ઞાનવિશ્વના બધા જ વિષયોને ત્યાં સુધી પેટા વિભાજીત કરે છે. જ્યાં સુધી કોઈ વિષયને તેની ચોક્કસ વર્ગસંખ્યા ન મળે.

મૂળ યોજના/પાયાગત યોજના : (Basic Plan)

19મી આવૃતિમાં પણ અગાઉની આવૃતિની જેમ જ જ્ઞાનવિશ્વના વિષયોને વિદ્યાનુસાર 9 મુખ્ય વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે. દસમો વર્ગ સામાન્ય વર્ગ છે. આ મુખ્ય વર્ગોમં અનેક શૈક્ષણિક વિદ્યાઓ છે. જેમ કે, શુદ્ધ વિજ્ઞાન (Pure Sciences), પ્રૌદ્યોગિકી (Technology) તેમજ સામાજિક વિજ્ઞાન (Social Science).

જુદા જુદા વિષયોને માનવવિદ્યા (Humanities), સામાજિક વિજ્ઞાન (Social Sciences) શુદ્ધ વિજ્ઞાન (Pure Sciences) અને ઉપયુક્ત વિજ્ઞાન (Applied Sciences) જેવા અધ્યપનક્ષેત્રોમાં સમૂહબદ્ધ કરવામા આવે છે. ડીડીસીમાં દર્શનશાસ્ત્ર, ભાષા વિજ્ઞાન તથા સાહિત્ય અને માનવવિદ્યાના પેટાવર્ગો છે. તેને સામાજિક વિજ્ઞાન, શુદ્ધ વિજ્ઞાન તથા વ્યવહારુ વિજ્ઞાનની સમકક્ષ રાખવામાં આવ્યા છે. ડ્યૂઈમાં 9 મુખ્ય વર્ગોમાંથી 6 માનવવિદ્યા સાથે સંબંધિત છે. જે 19મી સદીમાં ઉચ્ચશિક્ષણની સ્થિતી બતાવે છે. ડ્યૂઈને તેને સામાજિક વિજ્ઞાન, શુદ્ધ વિજ્ઞાન, વિજ્ઞાન તથા વ્યવહારુન વિજ્ઞાનની સમકક્ષ વર્ગીકરણ સ્તર પ્રદાન કર્યું.

જ્ઞાનવિશ્વના પ્રથમ વિભાજનક્રમમાં સંપૂર્ણ માનવ જ્ઞાનને 0-9માં મૂકવામાં આવ્યું છે. 0નો ઉપયોગ સર્વે સામાન્ય વિષયો માટે કરવામા આવ્યો છે. ડીડીસીમાં સામન્ય વિષયોને એવા વિષયોને સમાવવામાં આવ્યા છે. જે બાકીના 9 મુખ્ય વર્ગોમાં આવી શકે હોઈ જ આવા વિષયો સામાન્ય સમાચાર પત્ર. વિશ્વકોશ, જ્ઞાનકોશ (Encyclopeadia) તેમજ પત્રકારિતા તેમજ ગ્રંથાલય વિજ્ઞાન જેવા વિષયોને મૂકવામાં આવ્યા છે. મુખ્ય વર્ગ 1-9માં જ્ઞાન વિશ્વના મોટા વિષયોને સ્થાન આપવામાં આવ્યું છે જે નીચે પ્રમાણે છે.

000 Generalities

100 philosophy & related disciplines

200 Religion

300 Social Sciences

400 Languages

500 Pure Sciences

600 Technology (Applied Sciences)

700 The Arts

800 Literature (Belles-lettres)

900 General Geography & History & their auxiliaries

આમ, 10 મુખ્ય વર્ગોને 000થી 900ની અંદર પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ નંબરોમાં પ્રથમ સ્થાન પર રહેલા અંકો 0,1,2, 3,4,...9 વિશેષ મહત્વના છે. છેલ્લા બે અંકોની ભૂમિકા, ખાલી-સ્થાનોને ભરવાની છે. ડીડીસીના નિયમ પ્રમાણે ઓછામાં ઓછા ત્રણ અંકનો ઉપયોગ કરવો જરૂરી છે. ઉ.દા તરીકે 500-599 મુખ્ય વર્ગ Pure Scienc દર્શાવે છે.

વિભાગો/વિભાજનો (Divisions)

દરેક મુખ્ય વર્ગમાં 0-9-10 વિભાગો છે. આ વિભાગોના નંબર સંજ્ઞામાં બીજું સ્થાન ધરાવે છે.

ઉદાહરણ તરીકે

Main Class number

↑

500 = Pure Sciences

↓

Fillers

Main Class number

↑

5 1 0 = Mathematics

Division number Filler

વિભાગ 0 દરેક મુખ્ય વર્ગમાં તેના સામાન્ય વિષયને દર્શાવે છે. અને 1-9ના વિભાગો તેના પેટાવિભાગોને દર્શાવે છે. ઉ.દા. તરીકે, S0 માં Pure Science ના સામાન્ય વિષયોને મૂકવામાં આવ્યા છે. દરેક વિભાગના પેટાવિભાગોને 10 વિભાગમાં અને સામાન્ય વિષયોના 9 વિભાગોમાં વિભાજીત કરવામાં આવ્યા છે. જેમ કે 500 વિજ્ઞાનના પેટાવિભાગો

501 Philosophy

502 Miscelldny

503 Dictionaries and Encyclopedias

504 (Vacanl-)

505 Serial publication

506 organisations

507 study & teaching

508 Travel & Surveys

509 Historical and Geographical treatment

આમ, ત્રીજા સ્થાનના 1-9 અંકો મુખ્ય વર્ગ 5ના બીજા સ્થાન પર આવતા 0 વિભાગના ભાગ છે. બીજા શબ્દોમાં કહીએ તો વિભાગમાં ત્રીજું સ્થાન દર્શાવે છે.

વિભાગો (Sections) :

દરેક વિભાજનમાં 51-Mathematics,52 Astronomy 53 physics. આ રીતે વિભાગ પાડવામાં આવ્યા છે. તે 10 વિભાગોમાં સમાયેલા છે.

જેમ કે 510-519 520-529. 530-539 આ વિભાગમાં 0 પેટા વિભાગમાં છે. જેમ કે 530-physics માટે છે. 531-539 માં Physics ના પેટાવિભાગો છે. આમ, દશાંશ સંજ્ઞામાં આ પદ્ધતિ કોઈ પણ વિભાગના પેટા વિભાગો પાડવાની મંજૂરી આપેલ છે. ત્રીજા અને ચોથા અંકની વચ્ચે દશાંશ બિંદુ મૂકવામાં આવે છે જેમ કે 536 Heat નું વિભાજન જોઈએ તો..

536.1 Theories

536.2 Transmission

536.3 Radiation

536.4 Effects of heat on matter

536.5 Temperature

536.3 Radiation is furhter divided as

536.31 Reflection

536.32 Refraction

536.33 Radiation

536.34 Absorption

અહીં આ ચોક્કસ ઉદાહરણ મુજબ વિભાજન પાંચમાં સ્થાને અટકી જાય છે. પરંતુ હમેંશા આમ બને તે જરૂરી નથી. દરેક વર્ગ સંખ્યાને તે વિષયની વિશિષ્ટતા સુધી પહોંચે ત્યાં સુધી વિભાજન કરવામાં આવે છે. દશાશ બિંદુની પાછળ જોડવામં આવતા અંકોની કોઈ મર્યાદા નથી જેમ કે,

390 Customs etiquette, folklore

394 General customs

394.2 Special occasions

394.26 Holidays

394.268 Specific holidays

394.268.28 christian

394.268.282 christmas

તમે જોયું કે છઠ્ઠા અને સાતમા અંકની વચ્ચે એક ખાલી સ્થાન છોડવામાં આવ્યું છે. તે સંજ્ઞાનો મૂળ ભાગ નથી. વર્ગસંખ્યાઓને સરળતાથી લખી વાંચી શકાય તે માટે દશાંશ સંજ્ઞાની પછી દરેક ત્રણ અંકો પછી એક ખાલી સ્થાન છોડવામાં આવે છે.

જો સંજ્ઞા સામાન્ય કાર્ય માટે રાખવામાં આવતી હોય તો તેનો ઉપયોગ કોઈ ચોક્કસ હેતુ માટે પણ કરી શકાય તેવા અનેક ઉદાહરણ છે. જેમ કે, 301-307 Sociology ની સંજ્ઞાને

તમારી પ્રગતિ ચકાસો.

7) ડીડીસીની સંજ્ઞાઓમાં 0નો ઉપયોગ ટૂંકમાં સમજાવો.

8) ડીડીસીમાં ઓછામાં ઓછા ત્રણ અંકોના સિદ્ધાંતથી તમે શું સમજો છો ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

10.6.2 સંજ્ઞા (Notation)

ડીડીસીમાં સંજ્ઞા તેની વિશેષતા પણ છે અને અવરોધરૂપ પણ ડીડીસીએ શુદ્ધ સંજ્ઞાને જ અપનાવી જે ભારતીય અરેબિક (Indo Arabic) સંખ્યાઓ પર આધારિત છે. ભારતીય અરેબિક સંખ્યાઓએ તેની એક સાર્વભૌમિક પદ્ધતિ અપનાવી છે. પરંતુ ફક્ત 9 અંકો સુધીના જ વિભાજન કરવાથી તેની ક્ષમતા મર્યાદિત થઈ જાય છે. શૂન્યનો ઉપયોગ ફક્ત સામાન્ય કૃતિ માટે જ કરવામાં આવે છે.

સંજ્ઞામાં વંશાનુબદ્ધતા :

આ અંકોની બીજી મુખ્ય વિશેષતા તેનું વંશાનુબદધ્ માળખું છે. ડ્યૂઈએ સંજ્ઞા વર્ગોનો વંશાનુક્રમ બતાવશે તેમ નક્કી કર્યું છે. સંજ્ઞામાં વંશાનુક્રમનો અર્થ એ છે કે દરેક સ્તરે પરસ્પર જોડાયેલા વર્ગ હોય છે. જે એકબીજાના સમકક્ષ હોય છે. દરેક ઉતરતા સ્તરના વિભાજનમાં વર્ગની વિશિષ્ટતામાં વધારો થાય છે. એટલે કે વિભાજનના સ્તરમાં વિશિષ્ટતા વધી જાય છે.

500	Pure Sciences
510	Mathematics
516	Geometry
516.3	Analytic Geometries
516.37	Metric Differenital Geometries
516.372	Euclidean

જેમ જેમ વર્ગીકરણ સામાન્યથી વિશિષ્ટ તરફ જોશે તેમ તેમ દરેક સ્તર પર વર્ગસંખ્યામાં એક અંક વધતો જશે. આ વંશાનુબદ્ધ રચનામાં અપવાદ પણ છે જે આ પ્રમાણે છે.

1) ક્યારેક વર્ગ સંખ્યાનો વિસ્તાર વિષયના ઉંડાણને બતાવે છે તેને અનુસૂચિમાં કેન્દ્રવર્તી નોંધના રૂપમાં દર્શાવાય છે. ઉ.દા તરીકે 541-547 માં વર્ગસંખ્યાનો વિસ્તાર `Chemistry' બતાવે છે.

2) વિષય અથવા શીર્ષક/મથાળાનું પેટા વિભાજન હમેંશા તે વિષયનો પેટાવર્ગ જ હોય તે જરૂરી નથી. વધારાની સંજ્ઞાની (spare-Notation) જરૂરિયાત સંજ્ઞાને ટૂંકાવવાના આશયથી પણ આમ કરવામાં આવે છે. જેમ કે 574મા Biology તથા તેના પેટા-વિષયોનો સમાવેશ છે. Botanical Sciences તેમજ Zoological Sciences ને 574માં મૂકવાને બદલે 590 ના વર્ગમાં મુકવામાં આવ્યા છે.

10.6.3 સારણીઓ (Tables)

ડીડીસીની અદ્યતન આવૃતિ હવે ઓછી પરિગણનાત્મક અને વધુ વિશ્લેષણાત્મક વર્ગીકરણ તરફ જઈ રહી છે. તેમાં ઘણી સંખ્યાઓ એવી છે. જે અનુસૂચિમાં આપેલી નથી એવી સંખ્યાઓને અલગ અલગ જગ્યાએથી લઈને સહાયક સારણીઓની મદદથી ભેગી કરીને બનાવવામાં આવે છે.

આ સારણીઓ ખંડ-1 Introduction Table માં આપવામાં આવેલા છે.

ખંડ-1 ત્રણ ભાગમાં વહેંચાયેલો છે.

i. પ્રસ્તાવના (Introduction)

ii. સારણીઓ (Tables)

ii. સારાંશો (Summaries)

પ્રસ્તાવનામાં સંપાદકે ડીડીસી પદ્ધતિનો પરિચય તથા તેની મુખ્ય વિશેષતાઓનું વર્ણન આપ્યું છે. આ ઉપરાંત નવી આવૃતિમાં ડિડિસીની મૂળ યોજના અને ડીડીસીના પ્રાયોગિક ઉપયોગ માટેના નિયમો આપવામાં આવ્યા છે. 18મી આવૃતિ સુધી મેલ્વિલ ડ્યૂઈ દ્વારા 12મી આવૃતિમાં આપવામાં આવેલી પ્રસ્તાવના જ આપવામાં આવતી હતી. 19મી આવૃતિમાં મેલ્વિલ ડ્યૂઈની પ્રસ્તાવના કાઢીને સંપાદકીય પ્રસ્તાવના આપવામં આવી. 19મી આવૃતિની સંપાદકીય ખૂબ મહત્વની છે અને તેનો ઉપયોગ ખૂબ જ ધ્યાનપૂર્વક કરવો જોઈએ.

19મી આવૃતિમાં 18મી આવૃતિની જેમ જ સાત કોઠાઓ થોડા ફેરફાર અને વધારા સાથે આપવામાં આવ્યા છે. 17મી આવૃતિમાં ફક્ત બે જ તાલિકાઓ/સારણીઓ હતી (1) ભૌગોલીક ક્ષેત્ર સારણી (Area table) (2) માનક પેટા વિભાગો 18મી આવૃતિમાં સંખ્યા વધારીને બે થી સાત કરવામાં આવી. આમ, 5 વધારાની તાલિકાઓનો વિકાસ થયો. આ 7 સારણીઓ આ પ્રમાણે છે.

Table 1 : Standard Subdivisions

Table 2 : Areas

Table 3 : Subdivisions of Individual Languages

Table 4 : Subdivisions of Individual Languages

Table 5 : Racial, Ethnic, National Groups

Table 6 : Languages

Table 7 : Persons

ઉપરની સાત સારણીમં સૌથી મહત્વની ભૌગોલિક ક્ષેત્ર સારણી છે જે આ ખંડમાં સૌથી વધારે પૃષ્ઠોમાં છે. હાલમાં જે ચાર સારણીનો વધારે ઉપયોગ થાય છે તે છે માનક પેટા વિભાગ, ભૌગોલિક પેટાવિભાગ, વૈયક્તિક (સાહિત્ય અને વૈયક્તિક ભાષા વિષયક માનક પેટાવિભાગોમાંથી સંજ્ઞા સીધેસીધી લેવામાં આવતી નથી. પરંતુ તે મુખ્ય નંબરોની તાલિકા સાથે જોડવામા આવે છે.

સારણી 1,2,5 અને 7નો અનુસૂચિમાં આપેલી સંખ્યાઓ સાથે જોડીને ઉપયોગ કરવામાં આવે છે. તેનો ઉપયોગ વર્ગ સંખ્યા 000થી 999 સુધી જ કરવામાં આવે છે. માનક પેટાવિભાગ સારણીનો ઉપયોગ કોઈપણ મુખ્ય વર્ગની સાથે કરવામાં આવે છે. કયારેક એક શૂન્યનો ઉપયોગ કરવામાં આવે છે. તો કયારેક એકથી વધારે શૂન્યનો ઉપયોગ કરવામાં આવે છે. તો કયારેક એકથી વધારે શૂન્યનો ઉપયોગ સૂચના પ્રમાણે કરવામાં આવે છે. જો અનુસૂચિમાં એક શૂન્યનો ઉપયોગ સામાન્ય કૃતિઓ માટે કરવામાં આવ્યો હોય તો માનક પેટાવિભાગોને દર્શાવવા માટે 00 (બે શૂન્ય)નો ઉપયોગ કરવો પડશે. અને જો અનુસૂચિમાં 00 (બે શૂન્ય)નો ઉપયોગ કોઈ વિશિષ્ટ ઉદ્દેશ્ય માટે કરવામાં આવ્યો હોય તો માનક પેટાવિભાગોને દર્શાવવા માટે 000 (ત્રણ શૂન્ય)નો ઉપયોગ કરવામાં આવે છે.

સારણી 2,5,7, નો ઉપયોગ સૂચના પ્રમાણે કરવાનો રહેશે. સૂચના આપેલી ન હોય તો તેને ભૌગોલિક કે મૂળ ટેબલની સંખ્યા-09ની સાથે જોડી શકાય છે. આમ -089ની સાથે જાતીય, રાષ્ટ્રીય સમૂહ, વગેરે તેમજ -088ની સાથે વ્યક્તિઓને જોડી શકાય છે.

સારણી 6 ભાષા સારણીનો ઉપયોગ બધી અનુસૂચિઓ સાથે કરી શકાય છે. પરંતુ જયાં વર્ગીકરણકારને ઉપયોગ માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી હોય ત્યાં જ કરી શકાય છે.

સારણી 3 અને 4નો ઉપયોગ ફક્ત 'સાહિત્ય' તેમ જ 'ભાષા' મુખ્ય વિષય સાથે કરવામાં આવે છે. સારણી-3માં આપેલી સંજ્ઞાનો ઉપયોગ ફક્ત સાહિત્ય વિશેષની ફૂદડી (*) ચિહ્નવાળી સંખ્યાઓ સાથે કરવામાં આવે છે. જે અનુસૂચિમાં 810-890 સુધી આપેલી છે. આ જ રીતે સારણી-4માં આપેલી સંજ્ઞાઓનો ઉપયોગ ભાષાવિશેષની (*) ચિહ્નવાળી સંખ્યાઓ સાથે કરવામાં આવે છે. જે અનુસૂચિમાં 420-490 સુધી આપેલી છે. આ સારણીના ઉપયોગથી ડીડીસીની ક્ષમતામાં વધારો થયો છે.

સારાંશો (Summaries)

પહેલાં ખંડના અંતમાં ત્રણ સારાંશ અનુસૂચિઓ આપવામાં આવી છે, જે ડીડીસીમાં જ્ઞાનવિશ્વને કેવી રીતે વહેંચવામાં આવ્યું છે તે બતાવે છે. સૌપ્રથમ વિષયોને મુખ્ય વર્ગોમાં, ત્યાર બાદ તેના પેટા-વિભાગો કરીને 1000 પેટાવિભાગો આપવામાં આવ્યા છે. આમ, 10 મુખ્ય વર્ગ, 100 વિભાજનો તેમ જ 1000 ઉપ-વિભાજનોને આપવામાં આવ્યા છે. આ સારાંશ સારણી ખંડમાં આપેલા વિભાજનોને સમજવા માટે ખૂબ જ મદદરૂપ બને છે.

તમારી પ્રગતિ ચકાસો :

1) ડીડીસીની સાત સારણીઓના નામ આપો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

10.6.4 સાપેક્ષ સૂચિ (Relative Index)

ડીડીસીની સાપેક્ષ સૂચિ તેનો મહત્ત્વનો ભાગ છે અને શરૂઆતથી જ આ પદ્ધતિનું હાર્દ માનવામાં આવે છે. આ સૂચિ વર્ગીકરણકાર્યમાં અત્યંત મદદરૂપ છે. કારણ કે આના વડે વિદ્યાનુસાર જુદાં જુદાં વિષયોને એક વર્ણાનુક્રમમાં મૂકી છે. સાપેક્ષ સૂચિ અનુસૂચિઓની પૂરક છે અને આ સૂચિમાં જ્ઞાન જગતના બધા જ વિષયોને વિષયાનુસાર વ્યવસ્થિત કરવામાં આવ્યા છે. આ સૂચિ વર્ણાનુક્રમ પ્રમાણે બીજી સામાન્ય સૂચિઓથી જુદી છે.

19મી આવૃત્તિની સૂચિ 18મી આવૃત્તિ જેવી જ છે. 19મી આવૃત્તિના સંપાદકે એવો દાવો કર્યો હતો કે તેમાં આપેલી અનુક્રમણિકા વધારે કાર્યક્ષમ છે. ઘણી બધી જગ્યાએથી સંદર્ભો અને વધારાની નોંધોને કાઢી નાખવામાં આવી છે. વર્ગીકરણ પદ્ધતિને નવીન અને અદ્યતન બનાવવા માટે સંપાદકો આવું દરેક આવૃત્તિ વખતે કર્યા કરે છે. કેટલીક જગ્યાએ સમાનાર્થી શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાપેક્ષ સૂચિ એટલી વિસ્તૃત બનાવવામાં આવી છે કે તે અનુસૂચિઓની પૂરક જેવી લાગે છે.

સાપેક્ષ સૂચિ બહુ જ વિસ્તૃત છે. તેની અંદર કોઈ પણ વિષયની નીચે આપેલા વિષયોથી તેને સાપેક્ષ સંબંધ છે. જુદા જુદા વિષયોમાં અર્થ બતાવવા માટે પ્રકરણોને ખૂબ જ સારી રીતે બતાવવામાં આવ્યા છે. નીચેના ઉદાહરણ પરથી ખ્યાલ આવશે કે સૂચિમાં Copper સાથે સંબંધિત વિષયોને કેવી રીતે મૂકવામાં આવ્યા છે.

ઉદાહરણ :

Copper
Age
archaeology 930.15
Arts
decorative 739.511
other aspects see Metals arts
chemistry
inorganic 546.652
organic 547.056 52
technology 661.065. 2
organic 661.895
soc. & econ. aspects, see Secondary industries
compounds
chemistry see Copper chemistry
plant nutrition see Trace elements
plant nutrition
construction
architecture 72 1.1144 73
s.a..spec. kinds of bldgs. building 693.73
materials
building 691.83
engineering 620.182
foundations 624.153 82
naval design 623.818 22
shipbuilding 623.8207
structures 624.182 2
s.a. other spec. uses
metallography 669.953
metallurgy 669.3
physical & chemical 669.963
soc. & econ. aspects see
Secondary industries
mineral aspects
economic geology 553.43
mineralogy 549.23
mining
technology 622.343
prospecting 622.184.3
s.a. spec. minerals
pharmacology
muss. aspects see Pharmacology 615.265 2
Products
arts see Copper arts
mf. tech. 673.3
other aspects see
Nonferrous metals
products
roofing
bldg. construction 695
soaps
chem. tech. 668.125

તમારી પ્રગતિ ચકાસો :

1) સાપેક્ષ સૂચિ અનુસૂચિમાં આપેલ વર્ગીકરણ અંકોને કઈ રીતે પૂરક છે તે ટૂંકમાં સમજાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

10.6.5 અન્ય વિશિષ્ટતાઓ (Other Features) :

ડીડીસીની 19મી આવૃત્તિની બીજી વિશિષ્ટતાઓ પણ છે. તે છે સમન્વયાત્મક યુક્તિ, વધારાની યુક્તિ, વિશિષ્ટ ઉપવિષયોનો સામાન્ય ઉપયોગ, સ્મૃતિ સહાયક, વૈકલ્પિક વ્યવસ્થા સાથે જ તેની સાર્વભૌમિકતા તેનું મુખ્ય લક્ષણ છે. આ લક્ષણોને લીધે જ ડીડીસી વધારે લચીલી, સ્મૃતિ સહાયક, સાર્વભૌમિક તેમ જ બહુમુખી પ્રતિભા ધરાવતી પદ્ધતિ બની ગઈ છે. આ ખાસિયતો ન હોત તો આપણો ડીડીસીનો અભ્યાસ અધૂરો રહી જાત. આ ખાસિયતોને નીચેના પેટાવિભાગોમાં ચર્ચવામાં / સમજાવવામાં આવી છે.

10.6.6 સમન્વયાત્મક યુક્તિ (Synthetic Devices) :

આ યુક્તિથી ડીડીસી પદ્ધતિમાં ગહન અથવા વિસ્તૃત વર્ગીકરણ કરવાની ક્ષમતામાં વધારો થયો છે. ધીમે ધીમે - ડીડીસીમાં પરિગણનાની સાથે સાથે સમન્વયાત્મક સિદ્ધાંતને પણ વિકસાવવામાં આવ્યો છે. આ સિદ્ધાંતના ઉપયોગ માટે સાત સારણીઓનો વિકાસ કરવામાં આવ્યો છે. બીજી એક યુક્તિનો વિકાસ પણ કરવામાં આવ્યો છે. જેને વર્ગાંકમાં ઉમેરો (Add to) થી નિર્દેશ કરવામાં આવ્યો છે. તેના દ્વારા કરકસરયુક્ત વર્ગસંખ્યા બનાવી શકાય છે.

10.6.7 -----માં ઉમેરોની યુક્તિ (Add to Device) :

(અંક)માં ઉમેરોની યુક્તિએ ઉપયોગને માપવા માટેનું શક્તિશાળી સાધન છે. જે મોટે ભાગે ડીડીસીની અદ્યતન આવૃત્તિમાં વધારવામાં આવેલી છે. '----માં ઉમેરો' યુક્તિ હેઠળ

નોંધ આપે છે. જે આપેલ અંક અથવા શ્રેણીના અંકોને વિસ્તારવાની તરફ આપેલી છે. જેના પેટાવિભાજનમાં એ અનુસૂચિમાંના વર્ગાંક હેઠળ (શ્રેણી હેઠળ) ગણનાક્ષમ રીતે હોતા નથી. Add to Device 'મા ઉમેરો'ની યુક્તિએ નીચે પ્રમાણેની છે :

1) **સારણીમાંથી ઉમેરો (Add from tables) :** સારણી 2 થી 7ની સંજ્ઞાઓ અનુસૂચિને વધુ વિશિષ્ટ બનાવવા માટે ચોક્કસ અંકોમાં ઉમેરી શકીએ છીએ. આ સૂચનાઓ ચોક્કસ અંકો હેઠળ યર્થાથ રીતે સૂચિત કરે છે જે સારણીમાંથી તેના આધારમાંના અંકમાં ઉમેરી શકીએ.

   ઉદાહરણ તરીકે, 325.4-9 International Migration by Specific Continents... etc., આની નીચે સૂચના આપી છે કે ભૌગોલિક વિસ્તાર તાલિકા 2માંથી અંક 4 થી 9માંથી પાયાના અંક 325માં ઉમેરો. આનો અર્થ એ કે, `Migration to India' પુસ્તક માટે, ઉદાહરણ રૂપે - 54 ભારત માટેનો અંક. તાલિકા 2માંથી જે 325 ને જોડાશે. પરિણામે સંયુક્ત અંક 325.54 બને છે.

2) **અનુસૂચિમાંથી ઉમેરો (Add From Schedules) :** આ જ રીતે અનુસૂચિમાંથી ચોક્કસ અંકો વધુ વિશિષ્ટ બનાવી શકાય તે માટે અનુસૂચિઓમાંના અન્ય સ્થાનોમાંથી યોગ્ય નંબર ઉમેરાય છે. ઉ.દા. 632.6 Animal Pests - અહીં સૂચના વાંચો કે પાયાના અંક 632.6માં 59ને અનુસરતા 529/599 ઉમેરો. ઉદાહરણ તરીકે Snails 632.643.

   ક્યારેક અન્ય વર્ગાંકને પૂરેપૂરો વર્ગાંક ઉમેરાય છે. દા.ત., 339.48 Consumption of Specific commodities and groups of commodities.અહીં સૂચના વાંચીએ કે પાયાના અંક 339.48માં 001-999 ઉમેરો. દા.ત., Consumption of Agricultural Products 339.486 3.

   ક્યારેક ઉમેરોની એક સૂચના અન્ય સ્થાને દોરી જાય છે. દા.ત., 581.21 Pathological Physiology. અહીં સૂચના વંચાય છે કે પાયાના અંક 581.21 એ અંકમાં 581.1ને અનુસરતા અંકો 581.11 - 581.19 - ઉમેરો. 581.16 Reproduction ત્યાં બીજીસૂચના છે જે વાંચીએ છીએ કે, 'પાયાના અંક 581.6 અને અંકમાં સૂચના પ્રમાણે 574.16 ને અનુસરતા અંકો 574.162 થી 574.166 ઉમેરો. આમ, જો વર્ગીકરણકાર / વર્ગીકરણ કરનાર Pathological /Physiology of Sexual Reproduction નો અંક રચવા ઇચ્છે તો તેણે સૌથી પહેલાં 582.21 અંક લેવો અને 6 Reproduction નો અંક 581.16 માંથી ઉમેરવો અને નીચે પ્રમાણેની સૂચના 581.16 ને સ્થાને 6નો અંક 574.166માંથી ઉમેરો. પરિણામે Sexual reproduction નો સંયોજનાત્મક અંક 581.216 6 પરિણમે છે.

3. **આપણી અને અનુસૂચિ બંનેમાંથી ઉમેરો :** ક્યારેક પહેલાં સારણીમાંથી અંકો લઈ અને પછી અનુસૂચિમાંથી અથવા ઉલટાક્રમે મેળવીને ઉમેરાય છે.

10.6.8 સામાન્ય અમલીકરણના વિશિષ્ટ વિષયાંગ (Special Topics of General Applicability) :

આ સિદ્ધાંત કોઈ વિષયના જુદા જુદા લક્ષણોના આધાર પર વિભાજિત પેટા વિભાજનની

વચ્ચે એક સામાન્ય લક્ષણના અમલીકરણની સ્થિતિ બતાવે છે. જે જુદા જુદા લક્ષણોના પાયા પર રચાયેલી છે.

આ યુક્તિ કોઈ પરિગણનાત્મક વર્ગીકરણ પદ્ધતિમાં સંયુક્ત વિષયોને જોડવામાં મદદ કરે છે. આ યુક્તિ વંશાનુબદ્ધ રીતે અપરિવર્તનીય જડતાને દૂર કરે છે. ઉદાહરણ તરીકે, Animal husbandary વિષયને તેની વિશિષ્ટ પ્રવૃત્તિ જેમ કે, Selection & acquisition, breeding care & maintenance વગેરેમાં વહેંચી શકાય. તેવી જ રીતે Animal husbandary ના વિષયને ચોક્કસ પ્રાણીઓ જેમ કે horses, cattle, વગેરેમાં વહેંચી શકાય. મુખ્ય પ્રવૃત્તિઓ જેમ કે, breeding વગેરેને મુખ્ય પ્રાણીઓમાં જોડી શકાય છે. આમ, આપણી પાસે 636 - Animal husbandry, 636.08 Generalities, 636.1 to 9 Various Kinds of animals છે. Breeding horses ને આપવામાં આવેલ નંબર 636.1082 માં ઉમેરોની સૂચના પ્રમાણે છે. આ સંયોજનાત્મક યુક્તિ ડીડીસીની સ્મૃતિ સહાયકતામાં વધારો કરે છે. હવે આપણે સ્મૃતિ સહાયકતાના ડીડીસીમાં સામાન્ય લક્ષણો જોઈશું.

10.6.9 સ્મૃતિસહાયક વિશિષ્ટતાઓ (Mnemonic Features) :

ડીડીસીમાં સ્મૃતિસહાયકતાનો ઉપયોગ સંયોજનાત્મક યુક્તિઓ જેવી કે, તાલિકા (સારણી) અને - 'માં ઉમેરો' સૂચનાઓમાં થાય છે. આમ, આપણી પાસે પદ્ધતિસર સ્મૃતિસહાયકોના ઉદાહરણો છે. ડીડીસીમાં સંજ્ઞાની ક્ષમતાનો ખ્યાલ આપણને વિશેષ સંબંધિત વિષયોમાં આંકડાઓનો ઉપયોગ કરવાથી આવે છે. ઉદાહરણ તરીકે, 800માં Literature, સંજ્ઞા 1 Poetry, 2 Drama, 3 Fiction 4 Essays વગેરેનો ઉપયોગ બધી ભાષાઓના સાહિત્યમાં - એકધારી રીતે થાય છે. આમ, આપણી પાસે 811 - American Poetry, 821 English Poetry વગેરે સંજ્ઞાઓ છે.

તમારી પ્રગતિ ચકાસો :

11) ડીડીસીની ''---- માં ઉમેરો'' યુક્તિ ટૂંકમાં સમજાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....


.....

.....


10.6.10 વૈકલ્પિક/કામચલાઉ વ્યવસ્થા (Optional Provisions) :

ગ્રંથાલય વર્ગીકરણ એક પૂર્વ સંકલિત પદ્ધતિ છે કે જેમાં નિશ્ચિત ઉદ્ધરણ ક્રમ વિવિધ સંખ્યાઓમાં જુદા જુદા મુખકોમાં હોય છે. જો કે, ક્રમ નિશ્ચિત હોય છે. સંજોગો અને વાચકોનો રસ જોતા એવું બને કે ઉદ્ધરણ ચોક્કસ વાચકો અને ગ્રંથાલયોમાં અસંતોષકારક બને. ચોક્કસ મથાળા બે કે તેથી વધારે જગ્યાએ આપેલા છે. જ્યારે તેમાંનું એક સંપાદક દ્વારા પસંદ કરાયેલું હોય છે અને બીજું, ગ્રંથાલયોની જરૂરિયાત પ્રમાણે આપવામાં આવેલું હોય છે. પસંદ કરાયેલ બંને વર્ગ માટે એક સૂચના હોય છે. કેટલાક જીવનચરિત (બાયોગ્રાફી)ના અને વિષય વાડ્મય સૂચિ (સબ્જેક્ટ બિલ્લીયોગ્રાફિ)ના ઉદાહરણો કે જેમાં તેના વર્ગીકરણ માટે વિકલ્પ હોય છે કે તેને વિશિષ્ટ વિષયમાં અથવા સામાન્ય વર્ગમાં વર્ગીકૃત કરી શકાય. આમ, Bibliography of Physics ને 016 સર્વસામાન્ય વાડ્મયસૂચિમાં અથવા 530માં Physics માં મૂકી શકાય. (વર્ગીકૃત કરી શકાય) Biography અને Bibliography ઉપરાંત ડીડીસીમાં બીજા ઉદાહરણો છે કે જેમાં મુખકોના માળખાનો સ્વીકારનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, 340 Law કે જેમાં, ત્રણ પાયાના ઘટકો (મુખકો) અંકોથી જુદા છે. 34માં (1) કાયદાની શાખા, (2) કાયદાની શાખાઓના મથાળા વિષયાંગો (3) ભૌગોલિક વિસ્તાર. ડીડીસી ત્રણેય રીત માટે ગોઠવણી આ પ્રમાણે પૂરી પાડે છે :


(a) brnach of Law, area, topic, or



(b) area, branch of Law, topic :



(c) branch of Law, topic, area.



જો આપણે વિશિષ્ટ શીર્ષક જેમ કે, Law of divorce in India - લઈએ તો તેમાં 34 - Law, એ પાયાનો અંક છે. 'લૉ' (Law) ની અંદર Private Law માં Livorce નો અંક આવે છે અને તેમાં India માટે તેની સાથે ભૌગોલિક - વિસ્તાર જોડી શકાય છે. પ્રશ્નમાં આપેલા શીર્ષક માટે નીચેના ત્રણ વૈકલ્પિક અંકો આપેલાં છે :

અહીં ઉદ્ધરણ ક્રમમાં કેવી રીતે પરિવર્તન કરવામાં આવ્યું છે તે ઉપરના ઉદાહરણ પરથી સ્પષ્ટ થાય છે. આ ઉદાહરણને ડીડીસીમાં આપેલ આંતરનિવેશ (Intercalation) સાથે સરખાવો. (એકમ-12ના અનુચ્છેદ 12.4.3)

10.7 મૂલ્યાંકન (EVALUATION)

કોઈ પણ વર્ગીકરણ પદ્ધતિના ઉપયોગના મૂલ્યાંકનના પ્રયત્ન માટે આપણે તે પદ્ધતિમાં આવરી લેવાયેલા કયા ઉદ્દેશો પૂરા પાડે છે તેમ જ તે પદ્ધતિનો વિકાસ કેવા વાતાવરણમાં તેમ જ કેવા સંજોગોમાં થયો છે તે જાણવું જોઈએ.

જ્યારે વર્ગીકરણ પદ્ધતિ અસ્તિત્વમાં ન હતી ત્યારે મેલ્વિલ ડ્યૂઈએ એમની પોતાની પદ્ધતિ વિકસાવી. યુડીસી પદ્ધતિનો વિકાસ સાર્વભૌમિક/સાર્વત્રિક ગ્રંથસૂચિની નોંધોને પત્રકોમાં વ્યવસ્થિત કરવા માટે તેમ જ રંગનાથનની કોલન ક્લાસીફિકેશન પદ્ધતિનો વિકાસ વર્ગીકરણના સિદ્ધાંતના પ્રતિપાદન માટે કરવામાં આવ્યો. ડીડીસીનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે કોઈ પણ રીતે ગ્રંથાલયોને વ્યવસ્થિત કરવા માટે એક યોગ્ય Mark & Park સાધનના રૂપે ઉપયોગ કરવામાં આવે.

ડ્યૂઈએ તેમની પદ્ધતિનો વિકાસ 1870ના દશકામાં કર્યો હતો. તેમનો મુખ્ય ઉદ્દેશ અમેરિકન શૈક્ષણિક તેમ જ સાર્વજનિક ગ્રંથાલયો દ્વારા મેળવેલી વાંચન સામગ્રીને વ્યવસ્થિત કરવાનો હતો. ડીડીસી એક સ્થાનીય પદ્ધતિથી વધીને આજે આંતરરાષ્ટ્રીય પદ્ધતિના રૂપમાં વિકસી ચૂકી છે.

ડીડીસી પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ તેનો વ્યવહારિક રૂપે - ઉપયોગી થવાનો છે. ડ્યૂઈએ વાસ્તવિક વર્ગીકરણ પદ્ધતિ વિકસાવી અને તેના સિદ્ધાંતો અમલમાં મૂક્યા. આ પદ્ધતિમાં ખામીઓ હોવા છતાં આ પદ્ધતિ ખૂબ વખણાઈ છે. ડ્યૂઈને તેમની પદ્ધતિની સૈદ્ધાંતિક ખામીઓની જાણ હતી છતાં પણ તેઓએ તાત્ત્વિક સિદ્ધાંતોમાં, વ્યવહારુ ઉપયોગિતા પર વધુ ધ્યાન આપ્યું.

આથી આ પદ્ધતિના મૂલ્યાંકન માટે આગળ જણાવેલ પૃષ્ઠભૂમિની જાણકારી જરૂરી છે. કોઈ પણ વર્ગીકરણ પદ્ધતિની ખામી કે યોગ્યતા એના ઉપયોગ પર નિર્ભર કરે છે. એ બાબત ડીડીસી પદ્ધતિ માટે પણ સાચી સાબિત થઈ છે.

10.7.1 વર્ગોનો ક્રમ અને સહસ્થાન (Order & Collocation of Classes) :

ડીડીસીની વિચારણા ડ્યૂઈના સમયના જ્ઞાનનો ક્રમ ઉતારેલો છે એમાં મુખ્ય વર્ગોનો ક્રમ તથા એનાં બીજા પેટા-વિભાજનને અતાર્કિક લેખતાં અસંગત ઠરે છે.

અતાર્કિક ક્રમના કેટલાંક ઉદાહરણ આ પ્રમાણે છે. જેમ કે, ભાષા (Languages) 400

ને સાહિત્ય (Literature) 800થી અલગ રાખવી. Social Science (300)ને - Geography & History (900) થી અલગ રાખવું. Political Science (320) ને Public Administration (350) થી - અલગ રાખવું. Commerce (380) ને Economics (330) તથા Business Administration (650) થી અલગ રાખવું. તેમ જ Sociology (301-307) ને Customs (390) અને Social Problems તથા Services (360)થી અલગ રાખવું.

10.7.2 અયોગ્ય સ્થાન (Improper Placement) :

અયોગ્ય સ્થાનના ઉદાહરણ આ પ્રમાણે છે. Psychology (ISO) તે Philosophy (100) ના પેટાવિભાગમાં આવે છે. Sports & amusementને Fine Arts (700) માં, Biography (920)ને General Geography & History (900)માં રાખવા. જો કે પછીથી વિકલ્પ પ્રસ્તુત કરી આ ભૂલ સુધારી લીધી છે. Statistics (310)માં અને Social Science (300)માં.

10.7.3 એંગ્લો અમેરિકન વલણ (Anglo-American View) :

ડીડીસી પદ્ધતિમાં એંગ્લો અમેરિકન વલણ-સંસ્કૃતિ, ભાષા, સાહિત્ય, ધર્મ વગેરેમાં સ્પષ્ટ જોવા મળે છે. આ વલણ તેના મૂળને જોતાં કંઈક અંશે યોગ્ય લાગે છે. આ પદ્ધતિમાં જરૂરી ફેરફાર કરીને તેને કેવી રીતે આંતરરાષ્ટ્રીય બનાવવી તેનો પ્રયત્ન થઈ રહ્યો છે. આ પ્રયત્નમાં ભાષા, સાહિત્ય અને ધર્મમાં ફેરફાર કરવો યોગ્ય નથી. દાખલા તરીકે કોઈ હિંદુ ધર્મને સ્થાનીય મહત્ત્વ આપીને 200-280ના અંકોનો ઉપયોગ કરવા માગે તો તે તેમ કરી શકે છે. કારણ કે વર્તમાન પેટાવિભાગોમાં આપવામાં આવેલી વર્ગ સંખ્યામાં હિંદુ ધર્મ માટે યોગ્ય સ્થાન (અંકો) નથી. આથી પદ્ધતિમાં - સ્થાનિક સ્તરે કાર્ય કરવું પડશે.

10.7.4 ઉદ્ધરણ ક્રમ (Citation Order) :

કોઈ પણ વિષયની અંદર આપેલો ઉદ્ધરણક્રમ હંમેશાં ઉપયોગી સહસ્થાનમાં હોતો નથી. ઉદાહરણ તરીકે, સાહિત્ય (800), ભાષાનો ઉધ્ધરણ ક્રમ સ્વરૂપ, સમય તથા લેખક. કોઈ પણ એક લેખકનું કાર્ય તેના સ્વરૂપના આધારે છૂટુંછવાયું થઈ જશે. જ્યારે વાચકો તેને એક જ જગ્યાએ જોવા માગતા હશે. તેવી જ રીતે Social Science (300) માં Area Facet ના મહત્ત્વને ઓળખી શકાતું નથી. કે જે કોઈ પણ દેશમાં સમાજની વિશેષતા દર્શાવે છે. આનાથી સાહિત્ય સામગ્રી (material) છૂટુંછવાયી થઈ જશે, પરંતુ Law (340) માં ગણનાત્મક સિદ્ધાંત પ્રમાણે જે મુખક જુદા જુદા પક્ષો સાથે સંબંધિત છે. તેને એક સ્થાને રાખવામાં આવતા નથી. પરિણામે એક મુખકના આધારે જ તેની વર્ગસંખ્યા બનાવવામાં આવે છે.

ડીડીસીના ઉદ્ધરણ ક્રમમાં એક વિશેષતા એ છે કે મુખકમાં લચીલાપણું બતાવવામાં આવ્યું છે. જેવી રીતે વૈકલ્પિક પ્રાવધનો (Optional Provision) માં હોય છે. આશા રાખીએ કે ભવિષ્યમાં આવનારી આવૃત્તિઓમાં પણ આવી રીતે સમાવિષ્ટ રહેશે.

10.7.5 સંજ્ઞા (Notation) :

ડીડીસીમાં સંજ્ઞા એ તેનો ગુણ પણ છે અને બોજ પણ. (Liability) એ તેને વૈશ્વિક માન્યતા

અપાવી છે. જ્યારે બીજી બાજુ શુદ્ધ સંજ્ઞાકનને લીધે જ્ઞાનવિશ્વના માળખામાં થતા ફેરફારને લીધે યોગ્ય સ્થાને - સંયોજિત કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ડીડીસીના દશાંશ સંજ્ઞાકનથી તેની ક્ષમતામાં વધારો થયો છે. સંજ્ઞાએ દરેક સ્થાનમાં તેનો અર્થ બતાવ્યો છે. ડીડીસીમાં વંશાનુબદ્ધતાને યોગ્ય રીતે દર્શાવી છે. પરંતુ એક સરખા અંકોના વિભાજનને 9 જગ્યાએ વહેંચવાનું - મર્યાદિત લાગે છે. `Decimal Procrustean Bed' એ તેની બહુ જ ટીકા થઈ છે.

લંબાણ પૂર્વકની સંજ્ઞાના સતત ઉપયોગથી અસંતુષ્ટ થઈને ફોરેસ્ટ પ્રેસે 'લાયબ્રેરી ઑફ કૉંગ્રેસ'ના ડેસિમલ ક્લાસીફિકેશન ડિવિઝન'ને આગ્રહ કરીને કંઈક ઉપાય કરવાનું કહ્યું. પરિણામે, સંજ્ઞાને ખંડોમાં વ્યવસ્થિત કરવાની નીતિ બની. 1967થી ડીડીસી વર્ગસંખ્યાઓને લાયબ્રેરી ઑફ કૉંગ્રેસ કેટલોગ કાર્ડ.સ તથા માર્ક (MARC) ટેપમાં ત્રણ ખંડોમાં પ્રદર્શિત કરવામાં આવે છે. આ વિભાગીકરણને અવતરણ ચિહ્ન દ્વારા બતાવાયું છે. જેથી ગ્રંથાલયમાં માંગ પ્રમાણે તેનો ઉપયોગ કરી શકાય. નીચેના ઉદાહરણ પરથી વિભાગીકરણ જોઈ શકાય છે.

025.4'3

338.4'7'6555730'942

658.8'09'65573

10.7.6 અવ્યવસ્થિત અને બિનસાતત્યપૂર્ણ :

જુદા જુદા વિષયોમાં થયેલ જુદા જુદા વિકાસ દરને લીધે ડીડીસીની રચનામાં અસમાન વૃદ્ધિ થઈ છે. પરિણામે સામાજિક વિજ્ઞાન (300), વિજ્ઞાન (500) તેમ જ ટેક્નોલોજી (600). આ વિષયોમાં વર્ગોનો વધારે વધારો થયો છે.

સંયોજક સિદ્ધાંતોનું પ્રક્ષેપણ ગણનાક્ષમ વર્ગીકરણ ઉપર થતાં બિનસાતત્યપૂર્ણ નિદાન અને સાતત્યતાપૂર્વક માળખાની આગાહીને થઈ શકે તેવું માળખાનું પરિણામ આવ્યું. આ પદ્ધતિમાં આવી બિનસાહિત્યપૂર્ણતાનો ઉદાહરણો છે. જેમ કે,

312.2 Statistics on deaths (mortality)

312.22 Maternal deaths in Childbirth

312.23 Infant deaths

Add `Areas' notation 1-9 from Table 2 to base number 312.23.

312.22 વર્ગાંકની નીચે સૂચના આપેલ નથી. પરિણામે Maternal death Statistics Pertaining to India માટે 312.220 954 વર્ગાંક બનશે. જ્યારે Infant deaths માટે 312.235 4 બનશે.

10.7.7 પુનરાવર્તનને કારણે પુનઃ વર્ગીકરણ :

યુડીસી અને સીસીની સરખામણીએ ડીડીસીમાં પુનરાવર્તન અને પુનઃ સ્થાપન રૂઢિગત રહ્યું છે. હજુય કેટલાંક ઉપભોક્તાની વારંવારના ફેરફારને લઈને ફરિયાદ રહે છે. સંપાદક મંડળ માટે પસંદગી મુશ્કેલીભરી સ્થિતિનો સામનો કરે છે. વારંવારના ફેરફારોથી ઉપભોક્તાની લાગણી દુભાય છે.

પુનરાવર્તન કર્યા વિના ડીડીસી, જ્ઞાનના સાંપ્રત માળખાવી વધુને વધુ દૂર ફંટાશે. ડીડીસી પરિવર્તન અને સ્થિરતા વચ્ચે વધુ સારી રીતે મુશ્કેલીમાં માર્ગ દોરતી જણાય છે.

10.7.8 ડીડીસીનું ટકાઉપણું :

ડીડીસીની ખ્યાતિ અને ઉપયોગના મુખ્ય કારણો માટે તેના વ્યાપક ઉપયોગ અને તેના આંતરિક ગુણો છે અને ઐતિહાસિક અને વહીવટી ઘટકોનો ફાળો છે. તેના આંતરિક ગુણો (આ વિશે આ એકમમાં અન્ય સ્થાને લંબાણપૂર્વકની ચર્ચા કરેલ છે.) સમયસર અને વ્યવસ્થાકીય આધાર, આંતરરાષ્ટ્રીય વાઙ્મયસૂચિ દસ્તાવેજ સાથે માર્ક ટેપ્સ અને અન્ય પરિબળોનું પ્રદાન વગેરેને ડીડીસીની ખ્યાતિ અને સ્થિરતા માટે ગણી શકાય.

10.8 સારાંશ (SUMMARY)

ડીડીસીના મૂલ્યાંકનમાં આપણે જોયું કે આ પદ્ધતિની સફળતામાં નવા ફેરફારો/વિચારો જેવાં કે સંબંધિત સહસ્થાન, દશાંશ સંજ્ઞાકન, સાપેક્ષ સૂચિ અને વિગતવાર/વિસ્તૃત વર્ગીકરણનો ફાળો છે. આ પદ્ધતિ કોઈ ચોક્કસ પદ્ધતિના પાયા પર રચાયેલી ન હોવા છતાં, દૃષ્ટિબિંદુ વર્ગીકરણ અને વંશાનુબદ્ધ માળખું સ્થાપ્યું છે. પરિગણનાત્મક માળખું હોવા છતાં આ પદ્ધતિએ શક્ય હોય ત્યાં સંયોજનાત્મક યુક્તિઓ સમાવી છે. વ્યવહારુ ઉપયોગિતાએ તેના તાત્ત્વિક સિદ્ધાંતોને પાછળ રાખી દીધાં છે. પદ્ધતિએ તેના અસ્તિત્વને ટકાવી રાખવા ઉત્તમ પ્રયત્નો અને સક્ષમ સંગઠનાત્મક ટેકાથી ડીડીસીના વ્યાપક ઉપયોગની ખાતરી થાય છે. ખામીઓ હોવા છતાં કેટલાંક મધ્યમ કક્ષાના એટલાં જ મહત્ત્વના ગુણો પણ છે જેણે આ પદ્ધતિને સફળ અને લોકપ્રિય બનાવી છે.

1979માં પ્રકાશિત ડીડીસીની 19મી આવૃત્તિ તેની અગાઉની ત્રણ - આવૃત્તિના વિકાસને બતાવે છે. ડીડીસી પરિગણનાત્મક વર્ગીકરણ પદ્ધતિ હોવાથી જ્ઞાનવિશ્વને દસ મુખ્ય વર્ગોમાં વહેંચવામાં આવ્યું છે. પછી 100 વિભાગો અને 1000 પેટાવિભાગોમાં વ્યવસ્થિત કર્યા છે. વિભાગીકરણની પ્રક્રિયા ડીડીસીના ઇચ્છિત લેવલ/માપદંડ સુધી ચાલુ જ રહેશે. સાત સારણીઓ બધા વિષયો સાથે સમાન રૂપે લાગુ પડે છે. ડીડીસીમાં અનુસૂચિ અને સારણીમાંથી વર્ગાંક/નંબરનું (જોડાણ) સંયોજન થાય છે. સાત સારણીઓનો ઉપયોગ સ્વતંત્ર રીતે થતો નથી. ડીડીસીમાં બીજી યુક્તિઓ જેવી કે - add to અને Optional Provisions છે. જે તેને વ્યવહારિક રીતે વ્યાપક બનાવે છે. તેની સંજ્ઞા સરળ અને વારંવાર સ્મૃતિ સહાયક હોય છે. એંગ્લો અમેરિકન પૂર્વગ્રહ/વલણ સર્વવ્યાપક છે. ડીડીસી વૈકલ્પિક વ્યવસ્થા (Optional Provisions) દ્વારા સર્વવ્યાપક બનાવવાના પ્રયત્ન થઈ રહ્યા છે.

ડીડીસીના સાપેક્ષ સૂચિ વર્ગીકરણકારને અનુસૂચિમાંથી નંબર શોધવામાં મદદરૂપ છે.

સૂચિમાં વિષયના જુદા જુદા પક્ષોને એક સ્થાને એક સાથે રાખવામાં આવ્યા છે તે વધારે મહત્ત્વનું છે.

19મી આવૃત્તિમાં સંયોજનાત્મક યુક્તિના ઉપયોગથી વર્ગીકરણ ક્ષેત્રમાં તેની સ્થિતિ વધારે સુધરી છે.

10.9 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1. આ વર્ગીકરણ પદ્ધતિની લોકપ્રિયતા અને વ્યાપક ઉપયોગિતાના ઘણાં કારણો છે. ડ્યૂઈ દ્વારા આપવામાં આવેલા લક્ષણોમાંના મુખ્ય ચાર લક્ષણો કે જેણે તેને અદ્‌ભુત સફળતા અપાવી છે. તે આ છે : (1) સંબંધિત સ્થાન (2) દશાંશ સંજ્ઞા (3) વિસ્તૃત વિશિષ્ટીકરણ (4) સાપેક્ષ સૂચિ

2. 1951, 1958 અને 1989

3. ડીડીસીના મુખ્ય વર્ગની રૂપરેખાનો મુખ્ય આધાર બેકન્સનો જ્ઞાનનો નકશો (ચાર્ટ) ઓફ લર્નિંગ છે એમ કહી શકાય. ડ્યૂઈએ ડબલ્યુ.ટી. હેરિસ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો છે. કારણ કે હેરિસની વર્ગીકરણ પદ્ધતિ અને ડીડીસીમાં દેખીતી સમાનતા છે. હેરીસે પોતાની વર્ગીકરણ - પદ્ધતિના નિર્માણ માટે બેકનની વર્ગીકરણ પદ્ધતિની મદદ લીધેલ છે અને તેનો ક્રમ ઉલટાવીને વર્ગીકરણ પદ્ધતિમાં વાપર્યો છે.

4. ડ્યૂઈ વર્ગીકરણના મુખ્ય સિદ્ધાંતો આ પ્રમાણે છે : (i) વિદ્યાશાખા પ્રમાણે વર્ગીકરણ (ii) વંશાનુબદ્ધ માળખું (iii) વ્યવહારુ રીતે ડ્યૂઈએ કોઈ ખુલાસાભર્યું વિધાન તાત્ત્વિક સિદ્ધાંતો વિશે કર્યું નથી. તેમ છતાં તેમનો દાવો હતો કે, દરેક જગ્યાએ તાત્ત્વિક સિદ્ધાંતો અને ચોક્કસાઈ વ્યવહારુ ઉપયોગિતામાં લાભકર્તા નીવડી છે.

5. પુનરાવર્તન કાર્યક્રમ આધારિત, ઉપભોક્તાના સર્વેક્ષણનો ડીડીસીના ટકી રહેવામાં મોટો ફાળો છે. પુનરાવર્તનના સ્વરૂપોને પદ્ધતિઓમાં (1) વિસ્તૃતીકરણ (2) ઘટાડો (3) પુનઃ સ્થાપન (4) ફિનિક્સ અનુસૂચિમાં રૂપમાં અમુક વિદ્યાશાખાના વર્ગીકરણનો પૂર્ણરૂપે વિકાસ/ઉદ્‌ભવ.

6. 16મી આવૃત્તિના પ્રકાશનથી ફેરફાર અને સ્થિરતા વચ્ચેના મતભેદનો નિવેડો લાવવા ફિનિક્સ અનુસૂચિએ ડીડીસીએ અપનાવેલાં સ્વરૂપો છે. અમુક અનુસૂચિ કે જે રદબાતલ થઈ ગઈ છે અને જે સખત સુધારા માગી લે તેવી છે તેને સંપૂર્ણ નવા વર્ગીકરણમાં બદલવામાં આવે છે. પહેલાંની અનુસૂચિનો નાશ કરીને તદ્દન નવી જ અનુસૂચિ માટેની વ્યવસ્થા અમલી બનાવવામાં આવે છે. જૂની નાશ કરાયેલ અનુસૂચિની રાખમાંથી નવી ઉદ્‌ભવેલ અનુસૂચિને ફિનિક્સ અનુસૂચિ કહે છે.

7. ડિજીટ 0 (Zero) સહજ રીતે સામાન્ય રીતે મુખ્ય વર્ગો અને તેના પેટા વિભાગો માટે વપરાય છે. દા.ત., વર્ગ 500માં '0' બીજી હરોળમાં છે અને 5 `Pure

Science' માં સામાન્ય કાર્ય વિભાગના પદ માટે વપરાય છે. એવી જ રીતે વર્ગ 530માં `0' વર્ગ 53નો સામાન્ય કાર્ય વિભાગ દર્શાવે છે.

8. ત્રણ ડિજીટ મિનિમમના સિદ્ધાંત અનુસાર દરેક ડીડીસી વર્ગાંક ઓછામાં ઓછા ત્રણ અંકમાં આપીને અનુસરાય છે. દા.ત., Pure Science 500, Technology 600 વગેરેમાં ફક્ત એક જ સંગીન ડિજીટ રહેલો છે, પ્રાથમિક ડિજીટ. આ અંકોમાં બે શૂન્ય, ત્રણ ડિજીટની પ્રતિપૂર્તિ કરવા ઉમેરવામાં આવ્યા છે.

9. ડીડીસીની સાત તાલિકાઓ આ પ્રમાણે છે :

Table 1 : Standard Subdivisions - (માનક પેટા વિભાગો)

Table 2 : Areas - ભૌગોલિક વિસ્તાર

Table 3 : Subdivisions of Individual Literatures - વૈયક્તિક સાહિત્યના પેટા વિભાગો

Table 4 : Subdivisions of Individual Languages - વૈયક્તિક ભાષાના પેટા વિભાગો

Table 5 : Racial, Ethnic, National Groups - જાતિ, વંશ અને રાષ્ટ્રીય જૂથો

Table 6 : Languages - ભાષાઓ

Table 7 : Persons - વ્યક્તિઓ

10. વિદ્યાશાખા પ્રમાણે વર્ગીકરણને પરિણામે પરસ્પર સંબંધિત સામગ્રી અનુસૂચિમાં વેરવિખેર પડી છે. સાપેક્ષ સૂચિમાં આ વેરવિખેર સંબંધિત સામગ્રીને એક શીર્ષક નીચે ભેગી કરીને મૂકવામાં આવે છે. ઉદાહરણ તરીકે, Chemistry of Copper, Chemical technology of Copper, Metallurgy of Copper વગેરે બધાં જ પદ્ધતિમાં વેરવિખેર પડ્યા છે અને તેના વિષયો Chemistry (540), Chemical technology (660) અને Metallurgy (669) માં પડ્યા છે, પરંતુ ડીડીસીની સાપેક્ષ સૂચિમાં Copper ના જુદા જુદા પક્ષોને એક સ્થાને Copper પદની નીચે મૂકવામાં આવ્યા છે. આમ, સાપેક્ષસૂચિએ વર્ગીકરણમાં અનુસૂચિમાં પુરવણીનું કામ કરે છે.

11. '----માં ઉમેરો'એ સંયોજનાત્મક યુક્તિ ડીડીસીમાં છે. આ યુક્તિ પુરવઠાની ક્ષમતામાં વધારો કરીને વિસ્તૃત વર્ગીકરણ પૂરું પાડે છે. આ યુક્તિ દ્વારા આપેલી વર્ગ સંખ્યાઓને વધારી શકાય છે. તે બીજી સંખ્યાના પેટાવિભાજન પર આધારિત છે. આ યુક્તિ ડીડીસીની સંજ્ઞામાં સ્મૃતિસહાયકતાનો ગુણ ઉમેરે છે.

10.10 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

અંકોની પૂર્ણતા
(Integrity of Numbers) : વર્ગીકરણ પદ્ધતિમાં અંકોનું સ્થાન નિશ્ચિત કરવાનો સિદ્ધાંત એકવારનો બધા માટે હોય છે. વિભાવનાઓનું કાયમી પ્રતિનિધિત્વ હોઈ તેઓને મૂળભૂત રીતે નક્કી કરેલાં હોય છે.

આસંગ પદ્ધતિ (Open Access) : ખુલ્લાં ઘોડામાં ઉપભોક્તા સીધા જ પહોંચીને પુસ્તકો શોધી શકે.

આંતર ગોઠવણી (Interfile) : કોઈ વસ્તુની તેની વિશિષ્ટતાના ક્રમમાં ગોઠવણી, જ્યાં વર્ગીકરણ અનુસાર તેની સાથે જોડાયેલું હોય.

ગણનાક્ષમ વર્ગીકરણ
(Enumerative Classification) : વર્ગીકરણ, જેમાં પદ્ધતિસર યાદી અથવા બધા જ વિષયોનો વિશાળકીય વર્ગીકૃત નકશો બનાવવાના પ્રયત્નો થાય છે.

દૃષ્ટિબિંદુ વર્ગીકરણ
(Aspect Classification) : વર્ગીકરણ એ વર્ગોનો વિષય તેના દૃષ્ટિબિંદુ અનુસાર પાડે છે. દા.ત., કોલસાની ખાણમાં ખોદકામ કરવું એ miningની નીચે અને કેમિસ્ટ્રી ઓફ કોલ (કોલસાનું રસાયણ શાસ્ત્ર) એ રસાયણશાસ્ત્રમાં મૂકી શકાય.

પૂર્વ સંયોજિત પદ્ધતિ
(Pre-Coordinate System) : હાથ ઉપરની આગોતરી માંગ પૂર્વે વિષયમથાળા અથવા મુખકોના અંકો રચવા માટે પદો સંયોજિત કરવા અથવા જોડવાની પદ્ધતિ. આથી કરીને બધી જ વર્ગીકરણ પદ્ધતિઓ પૂર્વ સંયોજિત પદ્ધતિઓ છે.

પ્રયોગશીલતા (Practicality) : ઉપયોગીપણું, તાર્કિકતા સાથે ઉપયોગિતા.

પ્રોક્રુસ્ટેન પથારી (Procrustean Bed) : એકાત્મકતાને (એકરૂપતાને) ઉત્તેજન આપવાનું વલણ

ફલક ચિહ્ન (Shelf Mark) : પુસ્તક દ્વારા ઉત્પન્ન થયેલ ચિહ્ન કે ફલક ઉપર બરાબર અથવા નિશ્ચિત સ્થાન સૂચક હોય છે.

ફિનિક્સ અનુસૂચિ
(Phoenix Schedule) : જ્યાં નવી અનુસૂચિ રચવામાં આવી તે સ્થળ, જ્યાં પહેલાં અસ્તિત્વ ધરાવતી હતી અને પછી નાશ કરવામાં આવી હતી. ફિનિક્સ એ પુરાકલ્પન : પક્ષી છે. જે બળીને ખાખ થઈને પોતાની જ રાખમાંથી સંજીવન થાય છે.

વંશાનુબદ્ધ માળખું (Hierarchical Structure) : વર્ગીકરણને લગતું માળખું એ વર્ગોની વંશાનુબદ્ધતા પ્રદર્શિત કરે છે. જેમાં વર્ગની કોઈ પણ કક્ષાએ ઉપરના વર્ગ નીચેના સાથે ગૌણ સ્થાને હોય છે. વંશાનુબદ્ધતામાં કોઈ પણ કક્ષાએ વર્ગો સામાન્ય ખાસિયતોને આધારે ખંડ અને અન્યોન્ય અદ્વિતીય રહે છે.

વિગતવાર વર્ણન / ચોકસાઈ (Specification / Specificity) : પુસ્તક/પ્રલેખના વિષયવસ્તુનું વર્ગીકરણ અને નિર્દેશીકરણના માળખાનું બરાબરનું પ્રતિનિધિત્વ ધરાવવું. જે સામાન્યપણે સંયોજન અથવા સહનિર્દેશ દ્વારા મેળવાય છે.

વિદ્યાશાખા (Discipline) : અભ્યાસનું વિષયક્ષેત્ર, શીખવવાની શાખા.

સાપેક્ષ સૂચિ (Relative Index) : સૂચિમાં બધા જ સંબંધિત પાસાંઓ (અભિગમ) એક વર્ગ અથવા વર્ગોને લાગુ પડતા લક્ષણોવાળા પદોની નીચે સ્થાન મળે છે.

10.11 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Chan, Luis Mai (1985). Cataloguing and Classification: An Introduction. New York: McGrawHill

Custer, Benjamin A. (1972). Dewey Decimal Classification. In: Kent, Allen [et al.] (eds). Encyclopedia of Library and Information Science. Vol. 7. New York: Marcel Dekker.

Custer, Benjamin A. (1979). Dewey Decimal Classification and Relative Index. 19th ed. 3 Vol. New York: Forest Press.

Foskett, A.C. (1977). The Subject Approach to Information. 3rd ed. London: Clive Bingley.

Maltby, Arthur (1975). Savers' Manual of Classification for Librarians. 5th ed. London: AndreDeutsch.

Raju, A.A.N. (1984). Decimal, Universal Decimal and Colon Classification: A Study in Comparison. Delhi: Ajanta Publications.

એકમ-11 ડ્યૂઇ ડેસિમલ ક્લાસીફિકેશનની 19મી આવૃત્તિ (1979), 20થી (1989) અને 21મી (1996) આવૃત્તિઓનો તુલનાત્મક અભ્યાસ

રૂપરેખા

11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.1.1 પુનરાવર્તનની પ્રક્રિયા

11.1.2 પ્રત્યાયન અને સમાવેશ કરવાના ફેરફારો

11.2 ડીડીસી 19મી (1979)ના મુખ્ય લક્ષણો

11.2.1 તાલિકાઓમાં ફેરફારો

11.2.2 ડીડીસી મેન્યુઅલ (હસ્તપોથી)

11.2.3 કમ્પ્યૂટરીકરણ

11.2.4 સંબંધિત સૂચિ / સાપેક્ષ સૂચિ

11.3 ડીડીસી-20 (1989)

11.3.1 સંપાદકીય આધાર પદ્ધતિ

11.3.2 અનુસૂચિઓમાં નવા ફેરફારો

11.3.3 તાલિકાઓમાં ફેરફારો

11.3.4 વિજ્ઞાણુકીય આવૃત્તિ

11.3.5 સરળીકરણની ચળવળ

11.3.6 સાપેક્ષ સૂચિ

11.4 ડીડીસી - 21 (1996)

11.4.1 ડીડીસીની 21મી આવૃત્તિનું માળખું

11.4.2 ઉપભોક્તાઓની અનુકૂળતા

11.4.3 અનુસૂચિઓમાં ફેરફારો

11.4.4 તાલિકાઓમાં ફેરફારો

11.4.5 પારદર્શક મુખક આપેલું

11.4.6 સાપેક્ષ સૂચિ

11.4.7 ડ્યૂઇ વિન્ડોઝ માટે (DW)

11.5 ભવિષ્યના વલણો

11.6 સારાંશ

11.7 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

11.8 ચાવીરૂપ શબ્દો

11.9 સંદર્ભો અને વિશેષ વાંચન

11.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમ વાંચ્યા પછી, તમે સમજી શકશો કે :

- ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિની જરૂરિયાત અને સેવા આપવા માટે આવશ્યક જણાશે.
- ડીડીસીની પુનરાવર્તન માટેની યોજના અને પુનરાવર્તનની નીતિથી પરિચીત બનો છો.
- ડીડીસી-19 અને ડીડીસી-21માંના ફેરફારો ઓળખી શકશો.
- ડીડીસીની અદ્યતન વીજાણુકીય આવૃત્તિ જે ડ્યૂઇ ફોર વિન્ડોઝ તરીકે જાણીતી છે તેના વિશિષ્ટ લક્ષણો જાણશો.
- ડ્યૂઇની પદ્ધતિના ભાવે વલણો વિષે તેમને જાણવા મળશે.

11.1 પ્રસ્તાવના (INTRODUCTION)

ડ્યૂઇ ડેસિમલ ક્લાસીફિકેશન 1876માં સૌથી પ્રથમવાર પ્રકાશિત થઈ. ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓમાં સૌથી વધુ એવી પ્રચલિત પદ્ધતિ છે. સમગ્ર વિશ્વના 135 દેશોમાં થઈને બે લાખ ગ્રંથાલયો એનો ઉપયોગ કરી રહ્યા છે. આ પદ સુરક્ષિત અને જાળવી રાખવાનું આંશિક કારણ તેની સારી રીતે વિચારેલી પુનરાવર્તન સુધારો કરવાની નીતિ અને નક્કર પુનરાવર્તન કરવાનું તંત્ર ગોઠવાયેલ છે. 1885માં પ્રથમ આવૃત્તિ પુનરાવર્તન પામી ત્યારથી તે સાતત્યપૂર્ણ અને નિયમિતપણે પુનરાવર્તિત થાય છે. પુનરાવર્તન એ બેધારી તલવાર જેવું છે જે બેઉ બાજુ કાપી શકે છે. તેને જીવંત રાખવા માટે જરૂરી છે, તેમ છતાં તે તેની ઉપભોક્તા માટે તેની પ્રચલિતતા અને પ્રણાલીતાને વધુ ખતરનાક અને મારી નાખવાનું બની શકે. તેથી કરીને તેની પુનરાવર્તનની નીતિ સાવચેતીપૂર્વકની વિચારીને રચાયેલ છે, તેના ફેરફારો અને સ્થિરતા વચ્ચે નાજીક સમતોલવાનું જાળવી રાખે છે. નવી આવૃત્તિઓમાં વિષયાંગો દાખલ જ કરે છે, જે અગાઉની આવૃત્તિ સુધીમાં ઉદ્‌ભવેલા હોય તેને યોગ્ય

સ્થાનો ઉપર મૂકે છે. પણ તે બરાબરનું મહત્ત્વનું કાર્ય કેટલાંક વિષયાંગોને પુનઃ સ્થાને વધુ સારું સ્થાને મૂકવા અને મૃતપ્રાય થયેલા કેટલાક વિષયોને રદ પણ કર્યા છે. ઘણા વિષયોનો વિસ્તાર કર્યો છે. વધારામાં ફાયદો એ છે કે નવીન પ્રકારની વર્ગીકરણની પ્રક્રિયા લાગુ પાડીને પદ્ધતિમાં સુધારણા હાથ ઉપર લીધેલ છે. આવૃત્તિ આવૃત્તિએ પદ્ધતિ વધુને વધુ મુખકીય અને ઉપભોક્તા સાથે મિત્રતાપૂર્ણ રહે છે.

11.1.1 પુનરાવર્તનની પ્રક્રિયા (Revision Procedures)

ડીડીસીનું પુનરાવર્તન કોઈ હાથ ધરવાને માટે પૂર્ણ સમયની સંપાદકીય ટુકડીના (વડા) સંપાદક છે. 1953થી જ સંપાદકીય કાર્યાલય 'ધી ડેસિમલ ક્લાસીફિકેશન વિભાગ એ લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ વૉશિંગ્ટન, ડીસી, યુએસએમાં આવેલું છે. આ વિભાગ ડીડીસીના અંકો વરસે દહાડે 9 લાખથી વધુ પુસ્તકોને આપે છે અને પ્રતિવર્ષે લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ જે ગ્રંથો પ્રાપ્ય કરે છે તેમાંના પસંદગીના પુસ્તકોનું ડ્યૂઈ પ્રમાણે વર્ગીકરણ કરે છે. ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશન એડિયોરિયલ પૉલિસી કમિટી (ડીસીઈપીસી)ના અધ્યક્ષના વડા પુનરાવર્તન વિસ્તારવાને સંપાદકોને સલાહ આપે છે. અમેરિકન લાઈબ્રેરી એસોસિયેશન (એએલએ) અને ફોરેસ્ટ પ્રેસ એ ડીડીસીના પ્રકાશકોએ વિશાળ ફલક ઉપર પથરાયેલી આંતરરાષ્ટ્રીય સ્તરની સમિતિની રચના કરી છે. આ સમિતિનું પ્રતિનિધિથી કેનેડા, યુ.કે., ઓસ્ટ્રેલિયા અને યુએસના દરેક વિભાગના ગ્રંથાલયો ધરાવે છે. આ સર્વોચ્ચ સમિતિ ઝીણામાં ઝીણી વિગતો અંગે સલાહ અને સંવાદ પદ્ધતિ ઉપર નજર રાખે છે. તેની નવી આવૃત્તિઓ 9 થી 10 વરસોના સમયાંતરે તેના ખાસ પ્રકાશક ફોરેસ્ટ પ્રેસ દ્વારા પ્રકાશિત થાય છે. હાલમાં ફોરેસ્ટ પ્રેસ અલ્બામી, ન્યૂયોર્ક આવેલું હતું જેનું કાર્યાલય ઓસીએલસીના વડામથક ડબલીનમાં ઓહાયો ખાતે છે. તેના વડા નિયામક એ વહીવટી વડા છે.

11.1.2 પ્રત્યાયન અને સમાવેશ કરેલાં ફેરફારો (Communication and Incorporation of Change)

પુનરાવર્તન પ્રક્રિયા અને તેનું અમલીકરણ એ બદલાતું રહે છે. ડીડીસીનું પુનરાવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. કાળજીપૂર્વક વિચારણા અને ચર્ચાઓ પછી જ્યારે ફેરફારો અથવા વધારો DCEPC માન્ય કરે, જે DC& એ ન્યૂઝલેટર જે અનિયમિત છે તેમાં જાહેર કરવામાં આવે છે. એનો અર્થ DC And (એટલે DC વધારો, નોંધો અને નિર્ણયો) જે ડીડીસીની આવૃત્તિના દરેક ગ્રાહકોને ટપાલ દ્વારા મફત મોકલવામાં આવે છે. 1997થી DC& છાપેલી આવૃત્તિ બંધ કરીને અને આ ન્યૂઝ લેટર (મુખપત્ર) ઈન્ટરનેટ ડ્યૂઈના હોમપેજ ઉપર પ્રાપ્ય રહે છે.

htt://www.oclc.org

દરેક મહિને (પહેલાં) હોમપેજને અદ્યતન રખાય છે. આથી DDC ના ઉપભોક્તાઓને માટે DDC અદ્યતન રાખે છે. 1993થી DDC CD-ROM સ્વરૂપે પ્રતિવર્ષે પ્રાપ્ત થાય છે. ગમે તેમ પણ આ ફેરફારો લાગુ પાડવાનું ગ્રંથાલય માટે સરળ નથી. મોટા ભાગના ગ્રંથપાલો તેનાથી ગભરાઈને દૂર ભાગે છે અને કેટલાંકને તે પ્રમાણે કરવું ગમતું નથી અને કેટલાક ગ્રંથપાલો એનો અમલ કોઈ એક અથવા અન્ય કારણસર રાખે. માત્ર કેટલાંક ગ્રંથાલયો નવા ફેરફારોનો અમલ કરે છે. તેમ છતાં, વાઙ્મયસૂચિમાં નવી અદ્યતન આવૃત્તિનો ઉપયોગ કરે છે.

11.2 ડીડીસી 19 આવૃત્તિના મુખ્ય લક્ષણો (SAILENT FEUTURES OF DDC-19 (1979))

ડીડીસી (DDC) ની 19મી આવૃત્તિ 1979માં પ્રકાશિત થઈ હતી, જેને બેન્જામિન ક્સ્ટરે (1912-1997) એના પ્રખ્યાત અને શક્તિશાળી સંપાદક દ્વારા આ છેલ્લી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી, જેમણે ડીડીસી-16 (1958)માં સૌ પ્રથમ સંપાદિત કરી હતી. ડીડીસી-19મી આવૃત્તિ (1979) છેલ્લાં ત્રણ દાયકાના વલણો આધારે બહાર પડી છે. છતાં તેમાં બહુ ફેરફારો જોવા મળતાં નથી, જે આપણે ડીડીસી-18મી આવૃત્તિ (1971) જોડાયેલ મુખ્ય પુનરાવર્તન (ફિનિક્સ અનુસૂચિ) એ 301-307 સમાજશાસ્ત્ર માટેની નવી અનુસૂચિઓ છે, પછી 1982માં 301-307 સમાજશાસ્ત્ર એનું નવું પુનરાવર્તન વધુ વિનતવાળું બહાર પડ્યું - જે અલગ પુસ્તિકારૂપે જોવા મળ્યું. ઘણાં બધા અન્ય ફેરફારો મુખ્ય વર્ગ સામાજિક વિદ્યામાં કરેલા જોવા મળ્યા. 329નો નવો અંક વ્યવહારુ રાજનીતિએ 314 'રાજકીય પ્રક્રિયા' માટેનો નવો અંક કરવો છે.

11.2.1 તાલિકાઓમાં પરિવર્તન (Changes in Table)

માનક પેટાવિભાગો (એસએસ) કેટલુંક પરિવર્તન થયું, વિશેષતઃ (એસએસ)-08 રદ કર્યું અને સૌથી ઉપયોગી તાલિકા તાલિકા 1ના આરંભમાં આપેલ છે. તાલિકની પૂર્વે બે માનક પેટાવિભાજનનો એક જ અંક સાથે ઉપયોગ કરવાનો હોય તે માટે અધિકૃત માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

ભૌગોલિક વિસ્તાર (તાલિકા 2)માં 17% સામાન્ય રીતની વૃદ્ધિ કરેલ છે. મુખ્ય પરિવર્તન યુ.કે. માટે ભૌગોલિક અંક 42માંથી ખસેડીને 41માં મૂકેલ છે. હકીકતે 1974થી આ ફેરફાર અમલમાં હતાં.

તાલિકા 3 માટે વૈયક્તિક સાહિત્ય સંપૂર્ણપણે પુનઃ ઘડેલું અને બે પેટાવિભાગોમાં વહેંચ્યું છે. તાલિક 3 અને તાલિકા 3A એ નામે છે. તાલિકા 3માંનું - 08/04-09 અધુરાં વિસ્તરણને તાલિકા 3A માં બદલેલ છે. તે અંકોનું સંયોજન વર્ગ 800 હેઠળ કંઈક અંશે સરળ બનાવ્યું છે.

11.2.2 ડીડીસી પુસ્તિકા (DDC Manaual)

1982માં ફોરેસ્ટ પ્રેસે, ડ્યૂઈ ડેસિમલ ઉપયોગ માટેની પુસ્તિકા (મેન્યુઅલ) પ્રકાશિત કરીને ડીડીસી પ્રાયોગિક અને અધિકૃતતા માટે સીમાચિહ્નરૂપ બનાવી. 19મી આવૃત્તિ જહોન પી. કોમરોમી અને તેની ટીમ દ્વારા તૈયાર થઈ. જહોન પી. કોમરોમી દ્વારા ઉત્તર અમેરિકામાં (1975) ડીડીસી પદ્ધતિના ઉપયોગના સર્વેક્ષણનું પરિણામરૂપ હતું. લાઈબ્રેરી આઍફ કૉંગ્રેસના ડેસિમલ ક્લાસીફિકેશન ડિવિઝન (વિભાગ)ના કર્મચારીઓને જણાવવાની શક્તિ અને પ્રાયોગિક ડીડીસીનું મેન્યુઅલ (પુસ્તિકા) સમજાવે છે. આ મેન્યુઅલ ડીડીસીના અંકોનો અમલ અને અર્થઘટન કરી કે સમજાવે છે. આ રીતે અનુસરણમાં અધિકૃતતા સાથે ડીડીસીના અમલીકરણને શક્ય બનાવે છે. મુશ્કેલ ક્ષેત્રમાં વર્ગીકરણ માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે, અને એક અંકમાંથી અન્ય અંકને અલગ પાડે

છે. સંક્ષેપમાં કહેવું તેમનો ડીડીસી અંકો અમલ કરવાની નીતિની બ્લુ બુક/અધિકૃત હેવાલ રૂપે છે. તેમાં ઘણાં બધા નકશાઓ, ફ્લો ચાર્ટ અને મુદ્દાસરની વિગતોની ડીડીસીના ઉપભોક્તાઓ માટેનું હાથવગુ માર્ગદર્શન આપતું સાધન છે, જે દ્વારા ડીડીસીના અમલીકરણને માન્યતા આપે છે. આવી ઉપયોગિતાને લઈને ડીડીસી-20 (1989)થી તેનો અંદર જ સમાવેશ કરી દીધો.

11.2.3 કમ્પ્યૂટરીકરણ :

તે જણાવવું મહત્ત્વનું છે કે ડીડીસી-19મી સૌ પ્રથમવાર કમ્પ્યૂટરીકરણ દ્વારા ફોટો કંપોઝ દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી. પછીથી વર્તમાન ટેપ દ્વારા પ્રાયોગિક અભ્યાસો હાથ ધરીને નવા ચીલા પાડ્યા. આ અભ્યાસ વર્ગીકરણના ઉપયોગ (વિશેષતઃ ડીડીસીનાં) ઓનલાઈન માહિતી શોધ અને પુનઃ પ્રાપ્તિ માટેનો હતો. તે પછી 1984થી આ ટેપ્સ એ કમ્પ્યૂટરાઇઝ્ડ એડિટોરીયલ સપોર્ટ સિસ્ટમ (ESS) ફોરેસ્ટ પ્રેસ માટે ઇન્ફોરોનિક્સે વિકસાવી. ત્રણેય વર્ગીકરણને ઉચ્ચ કક્ષાની યાંત્રિકતામાં યુગનો આરંભ કર્યો.

11.2.4 સાપેક્ષસૂચિ (Relative Index)

સાપેક્ષ સૂચિએ જટિલ બનતી રહી. આ માટેનો એક માત્ર વિકલ્પ નોંધોનો ઘાટા ટાઈપમાં મૂકવાનો હતો. અનુસૂચિમાંથી આજે દૂર કરી પેટાવિભાગો કર્યા હતા.

તમારી પ્રગતિ ચકાસો :

1) ડીડીસી-19ના મુખ્ય ફેરફારોના નામ આપો.

2) ડીડીસીના ઉપયોગ માટે મેન્યુઅલ/પુસ્તિકાનું મહત્ત્વ શું છે.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

11.3 ડીડીસી-20 (1989)

20મી આવૃત્તિ 1989માં પ્રકાશિત થઈ, જેમાં ઘણાં બધા ફેરફારો થયા જે નવીન પ્રવાહ સ્થાપિત કરનારા સાબિત થયા. તે નવા સંપાદક ડૉ. જહોન પી. કૉમ. શેખી (1937-1991) તેથી તેજસ્વી / બુદ્ધિશાળી વિદ્યાપુરુષ, જેઓ ડીડીસી સાથે વિવિધ કક્ષાએ લાંબા વખતથી સંકળાયેલા રહ્યા છે. જુલાઈ 1988થી લઈને ફોરેસ્ટ પ્રેસની માલિકી ઓસીએલસીને (ડબલીન ઓહાયો) તબદીલ કરી, જેણે ડીડીસીને માટે બજાર વેચાણ, સંશોધન અને ખ્યાતિને નવા યુગનો આરંભ કર્યો. આ પદ્ધતિ 4 ખંડોમાં પ્રકાશિત કરી, ડીડીસી 19માં 3 ખંડોના 3361 પૃષ્ઠોમાં હતી, તેને બદલે આ નવી આવૃત્તિના 4 ખંડાના 3383 પૃષ્ઠો હતાં.

11.3.1 સંપાદકીય આધાર પદ્ધતિ (Editorial Support System)

લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસના ડેસિમલ ક્લાસીફિકેશન ડિવિઝન વડા ઇન્ફોરોનિક્સ - ઇન્ડલ ખાનગી કંપનીએ 1984માં સ્થાપી. સૌ પ્રથમવાર 20મી આવૃત્તિ ઓનલાઈન એડિટોરિયલ સપોર્ટ સિસ્ટમ (ESS) રૂપે સ્થાપના કરી. તે સંપૂર્ણપણે ડીડીસી પદ્ધતિના વિષયવસ્તુનો ડેટાબેઝ છે અને ભવિષ્યની આવૃત્તિઓ એના ઉપરથી તૈયાર કરવાને ઉપયોગમાં લેવાય અને વિવિધ સ્વરૂપે ઉત્પાદિત થાય. જેને લઈને શારીરિક / લખાપટ્ટીનું ઑફિસ કાર્યમાંથી મુક્ત કરીને અગાઉ બે વર્ષનો સમયગાળો હતો તેને છ મહિના સુધીમાં ઘટાડી નાંખ્યો.

11.3.2 અનુસૂચિઓમાં નવા ફેરફારો (New Changes in the Schedules) :

ડૉ. કોમરોમી નવા સંપાદક તરીકે 1980માં નિમાયા પછી તેમણે ઘણાં નવાં ફેરફારો કર્યા. વિશેષતઃ 20મી આવૃત્તિને સરળ, તાજગીભર્યા દેખાવવાળી અને અદ્યતન બનાવી. તેમાં અગાઉની બે આવૃત્તિઓ કરતાં ઘણાં બધા નવાં ફેરફારો ધરાવે છે, જો કે કોમરોમીની માન્યતા છે કે જ્ઞાનની વૃદ્ધિ સાથે કદમ મિલાવવા જોરદાર ફેરફારો કરવા જોઈએ, તેમણે સ્થિરતા અને પરિવર્તન વચ્ચે રાજદ્વારી કુનેહબાજીને વળગી રહ્યા. મુખ્ય વિકાસની રીતે જોઈએ તો 780 સંગીત (Music) સંપૂર્ણ નવી અનુસૂચિ સામેલ કરી દીધી. બહારના તજ્જ્ઞો, વિદ્વાનો છેલ્લાં કેટલાક દાયકાથી તેનું પુનરાવર્તન કરી રહ્યા હતા. અનુસૂચિ માત્ર આધુનિક જ નથી પણ પારદર્શક મુખક માળખા લખી વધુ મુખકીય છે. આ વૃત્તિ 005-006 ડેટાપ્રોસેસીંગ અને કમ્પ્યૂટર વિજ્ઞાન સામેલ કરીને, જે અગાઉ પ્રકાશિત થયેલ DDC-19 અને DDC-20 વચ્ચે જુદી પડે છે. ખ્રિસ્તીધર્મ, ટેલિવિઝન, પ્રૌઢશિક્ષણ વિજ્ઞાણુકોય, નાગરિક અધિકારો, અંગકસરત અને નાગરિક ઇતિહાસ જેવા વિષયોમાં નજીવા ફેરફારો કર્યા છે.

11.3.3 તાલિકાઓમાં પરિવર્તન (Changes in Tables)

નવી ભૌગોલિક તાલિકા જુદાં જુદાં અને દેશો અને તેના એકમોમાં વહીવટી અને રાજકીય ગોઠવણીના ફેરફારોમાંથી પ્રતિબિંબિત થયું છે. તાલિકા 3ની વધુ શુદ્ધ, હળવી અને ત્રણ પેટા તાલિકામાં અલગ કરી છે : T3A, T3B અને T3C તાલિકા 3C નો ઉપયોગ તાલિકા TB ની સૂચન એ અથવા B08-B09 અનુસૂચિઓની સૂચના પ્રમાણે ઉપયોગ થાય. તેનો સીધો અને સરળીકરણ બનાવેલ છે.

11.3.4 વીજાણુ આવૃત્તિ (Electronic Version) :

DDC-20 ની સૌથી મોટી સિદ્ધિ એ 1993માં CD-ROM ઉપર 'ઇલેક્ટ્રોલિક ડ્યૂઇ' ગ્રંથનામે વીજાણુકીય આવૃત્તિરૂપે બહાર પાડવામાં આવી તે છે. જેમાં ડીડીસી-10 અનુસૂચિઓ, તાલિકા, સૂચિ અને પુસ્તિકા, તે સાથે સુધારાઓ અને 1989થી તેના DDC-20 મી આવૃત્તિના પ્રકાશન સુધીની અદ્યતન બનાવેલ છે. તેની ડિલ્ક માઇક્રો કમ્પ્યુટર સાથે જ ઉપયોગમાં લેવાય છે. ઇલેક્ટ્રોનિક ડ્યૂઇમાં શબ્દ અથવા, વાક્યાંશ, અંકો, ઇન્ડેક્સ ટર્મ્સ (નિર્દેશી પદ) અને બુલિયન પ્રચાલકોથી શોધી શકીએ છીએ. મથાળાઓ ખોલી અને વંશાનુબદ્ધ કરી શકીએ, તેને પ્રદર્શિત કરી શકત વારંવાર વપરાતા એલસી વિષય મથાળાઓને ડ્યૂઇના અંકે સાથે એકત્રિત કરીને વાડ્મયસૂચિગત વિગતો સાથે સરળ કરી દર્શાવે છે. તેથી ઉપભોક્તાઓ વાચનસામગ્રીનું ઝડપી અને કાર્યક્ષમ રીતે વર્ગીકરણ કરી શકે છે.

11.3.5 સરળીકરણ ચળવળ (Simplification Movement)

કોમરોમી તેમના સરળીકરણ કરવાના લાભદાયી પ્રયત્નોને લઈને યાદ રહેશે અને ડીડીસીનો ઉપયોગને સરળ બનાવી છે. ડીડીસીના પાઠનું સ્વરૂપ અને રજૂઆતમાં સુધારણા કરીને સુંદર અને કાર્યશીલ બનાવ્યું.

નામરૂપ :

- ત્રણ મુખ્ય સારાંશો પુનઃ સ્થાન આપીને બીજા ખંડ મૂકેલ છે.
- અનુસૂચિઓ અને તાલિકાઓમાં વધુ એવા બહુસ્તરીય સારાંશ દાખલ કર્યા, વિશેષતઃ 370 શિક્ષણ (Educations), 620 ઇજનેરી (એન્જિનિયરીંગ), 630 કૃષિ વિજ્ઞાન (Agriculture) અને ભૌગોલિક વિસ્તારો યુરોપ અને અમેરિકા પણ બહુવિધ સ્તરની અનુસૂચિઓ આપી છે. ભૌગોલિક વિસ્તારો યુરોપ અને અમેરિકા પણ બહુવિધ સ્તરની અનુસૂચિઓ આપી છે. બહુવિધ સ્તરના સારાંશ એ વર્ગની રૂપરેખા છે અને કેટલાંક નિમ્ન સ્તરે દા.ત., રૂપરેખા રૂપે 631.11.

બહુવિધ સ્તરવાળી સારાંશ સંપૂર્ણ વર્ગ-2 એક જ નજરે દેખી શકીએ એની મંજૂરી આપે છે. એટલે કે તે વર્ગ તીક્ષ્ણ દૃષ્ટિ પૂરી પાડે છે, જે અનુસૂચિઓના ખાતાઓની વધુ બારીકાઈથી અને ફેંદાફેંદી કર્યા વિના અંક શોધી શકીએ છીએ. એથી વર્ગાકારનો સમય બચે છે. તે અનુસૂચિઓ ભૌતિક રીતે ટૂટવા-ફાટવાથી બચાવે છે.

- દરેક નોંધ હેઠળ વિગતપૂર્ણ વ્યાખ્યાંકન અને સૂચનાની નોંધો પૂરી પાડેલ છે.
- મધ્યસ્થ મથાળાઓ > પ્રતિકથી અંકોના સ્થંભમાં સૂચવાય છે.
- વૈકલ્પિકો કૌંસમાં આપ્યા છે. દા.ત., (828, 9935)
- ડીડીસીના ઉપયોગની પુસ્તિકા (ફોરેસ્ટ પ્રેમ, 1982) એ ચોથા ખંડમાં પૃષ્ઠ 731-961માં ઉમેરી દીધેલ છે. તેથી અનુસૂચિઓ પાસે વારંવાર માહિતી મેળવવા જવું,

જેની વધુ સ્પષ્ટતા અને લંબાણ માટે પુસ્તિકા પાસે જવું પડે છે - એ કાર્ય સરળ બનાવ્યું છે.

- અન્ય અર્થસભર નવીનતા, 'સંપાદકની પ્રસ્તાવના'ને સરળ બનાવી હતી અને સાદી અને ટૂંકી બજાવી એવું દર્શાવ્યું હતું : 'પ્રસ્તાવના એ મુખ્યત્વે નવાં શીખાઉ અથવા આરંભ કરનારા વર્ગીકરણ કરનારાઓ માટે જ લખાઈ, તેમ છતાં અનુભવી વર્ગીકરણ કરનારાઓ તેની વિષયવસ્તુથી અવલોકન કરવાનો લાભ મળશે. (ઈન્ટ્રોડક્શન Sec 11.1)

11.3.6 સાપેક્ષસૂચિ (Relative Index)

સૂચિમાં અન્ય સીમાચિહ્નરૂપ પરિવર્તન તેની સરળતા અને સુઘડતામાં જોવા મળે છે. DDC-19 મી આવૃત્તિની સૂચિને 1216 પાનામાંથી 730 પૃષ્ઠોમાં તબક્કાવાર ઘટાડેલ છે. તેની કાર્યક્ષમતાને હાનિ પહોંચાડ્યા વિના આ સહાયક બની રહે છે. બધા જ ''જુઓ'' (See) સંદર્ભો પુનઃસ્થાને મૂકીને સીધી નોંધો અને સંયોજનાત્મક અંકો વડે કેટલાંક અપવાદરૂપ બાકાત કર્યા છે. અનુસૂચિઓના પદો અને તાલિકાઓ માત્ર સૂચિકૃત / નિર્દેશિકામાં લીધેલ છે. ડીડીસી-20ની સિદ્ધિનું મહત્ત્વ બે રીતનું રહ્યું છે. એક ઉપભોક્તાઓની સાનુકૂળતા અને કાર્યક્ષમતા જાળવી રાખવી. તે સ્પષ્ટ રીતે ઉપયોગમાં લેવાતી અને પ્રવાહ સ્થાપિત આવૃત્તિ હતી.

તમારી પ્રગતિ ચકાસો

3) જહોન પી. કોમરોમી ડ્યૂઇ ડેસિમલ ક્લોસીફિકેશન ઉપર કરેલા પ્રદાનો ગણાવો. (ગણના કરો)

4) ડ્યૂઇ સીડી-રોમ આવૃત્તિના ફાયદાઓ દર્શાવો.

5) ડીડીસીના કેટલાક બહુવિધ સ્તરોનો અભ્યાસ કરો અને તેને ફરી લખીને જણાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

11.4 ધી ડીડીસી - 21 (1996) (The DDC - 21 (1996))

21મી આવૃત્તિ જુલાઈ 1996માં સૌ પ્રથમવાર પરંપરાગત મુદ્રિત સ્વરૂપે (4 ખંડોમાં) અને સીડી-રોમ સ્વરૂપે પ્રકાશિત થઈ હતી. પછી તે ડ્યૂઈ ફોર વિન્ડોઝ (ડીએફડબલ્યુ) તરીકે જાણીતી થઈ. ડીડીસીની 20મી આવૃત્તિ પ્રાપ્તિ સીડી-રોમ સુવિધાજનક અને નવી આવૃત્તિના પ્રકાશન (DEW) ને ઝડપી ગતિ પૂરી પાડી.

ત્યાર પછી આઈટી અને ડીડીસી વચ્ચેનો સંબંધે મુશ્કેલીઓ વટાવીને પુષ્ન અને ફળદાયી યુગમાં પ્રવેશ કર્યો. ડીડીસી-21ની માટેનું સંપાદકીય કાર્ય પહેલાંની આવૃત્તિની જેમ - ESS ઉપર કર્યું, હવે તે UNIX આધારિત પદ્ધતિ બની. બીજી નવીનતા ડીસીઈપીસીના સભાસદો હવે વિજ્ઞાણુકીય સભા ભરી શકે છે. તેઓ ડ્યૂઈની સેવા લેનારાઓની યાદી ઈન્ટરનેટ ઉપર જોઈ શકે છે. DC& એ મુદ્રિત સ્વરૂપે પ્રકાશિત કરવાનું રદ કર્યું અને તેની ઈન્ટરનેટ ઉપર http://www.oclc.org પ્રાપ્ય છે. ડ્યૂઈ હોમ પેજ એ OCLC ફોટેસ્ટ પ્રેસ કેટલોગનો સમાવેશ થયેલો છે. 'ડ્યૂઈ ન્યૂઝ' અને 'હોટ' એવા વર્ગીકરણના વિષયાંગો અને ઓનલાઈન સૂચિતને ઉપયોગ કરનારાઓની સરનામાંની યાદી દ્વારા ડ્યૂઈની માહિતી ઈન્ટરનેટ ઉપર મળે છે.

ડીડીસી 21ના ચાર ખંડોનું સંપાદન તેના નવા સંપાદક કુ. જોન એસ. મિચેલ, જેઓ 1993માં મુખ્ય સંપાદક પદે નિમાયા. કુ. મિચેલ જેવો ડ્યૂઈના નવમા સંપાદક, જેઓ 1985થી ડ્યૂઈ સંસ્થા સાથે સંકળાયેલ રહ્યા છે. તેઓ માહિતી પ્રૌદ્યોગિકીના તજ્ઞ છે.

11.4.1 ડીડીસી-21નું માળખું (Structure of the DDC-21)

ડીડીસી-21ની નીચે પ્રમાણેની વાઙમય સૂચિગત વિગતો :

ડ્યૂઈ, મેલ્વિલ. ડ્યૂઈ ડેસમિલ ક્લાસીફિકેશન એન્ડ રિલેટિવ ઈન્ડેસ / ડીવાઈઝ્ડ બાય મેલ્વિલ ડ્યૂઈ. એડીસન 21 / એડિટેડ બાય જોન એસ. મિચેલ, જુલિયાને બિલ., વિન્ટોન ઈ. મેથ્યુઝ, જુનિ. એન્ડ, ગ્રેગોરી આક ન્યૂ. અલ્બાની, એન. વાક : ફોરેસ્ટ પ્રેસ, એ ડિવિઝન ઑફ ઓલીએલસી ઓનલાઈન કમ્પ્યુટર લાઈબ્રેરી સેન્ટર ઈન્ક., 1996.

4 ખંડો ISBN 0-910608-50-4

ચાર ખંડોનું વર્ણન નીચે પ્રમાણે છે :

ખંડ-1 પ્રારંભિક સામગ્રી, સંપાદકીય પ્રસ્તાવના, પરિભાષા, તાલિકાઓ 1-7 - અને નવી આવૃત્તિઓ કરેલા ફેરફારો વિષેની માહિતી.

ખંડ-2 અનુસૂચિઓ 000-599

ખંડ-3 અનુસૂચિઓ 600-999

ખંડ-4 સાપેક્ષ સૂચિ, હસ્તપોથી પુસ્તિકા

આ ચારેય ખંડો 4126 પૃષ્ઠોમાં પથરાયેલ જેને નવ વિભાગો A/I થી અંકિત કરેલ છે.

11.4.2 ઉપભોક્તાઓની અનુકૂળતા (Users' Conventions)

ડીડીસી-21ને બધી રીતે અગાઉની આવૃત્તિઓની જેમ જ ઉપભોક્તાઓની સાનુકૂળતા અને આધુનિકીકરણ ઉપર ભાર મૂકેલ છે. નોંધ સ્પષ્ટ રીતે સમજૂતી નોંધ સાથે દર્શાવી છે. સંપાદકીય પ્રસ્તાવના સુધારેલ મથાળાઓ સાથે સ્પષ્ટ અને ટૂંકા છે. અનુસૂચિઓમાંની નોંધ પણ ઘણી ટૂંકી સમજૂતી સાથે નોંધ રૂપે છે. કેટલીક નવા પ્રકારની નોંધો અને સૈદ્ધાંતિક વિભાવનાઓ પણ દાખલ કરેલી છે.

11.4.3 અનુસૂચિઓમાં ફેરફારો (Changes in the Schedules)

ડીડીસી-21માં અસંખ્ય ફેરફારો અને વધારાના સ્વરૂપને પહોંચવા, વિસ્તરણો, પુનઃ સ્થાનો, અટકાવવા અને મથાળામાં પરિવર્તન કરવા અને નવી નોંધ ઉમેરેલી છે. નીચે દર્શાવેલ નવીન સૂચિઓ માટે છે :

296 યહૂદી અને ઇસ્લામ (ધર્મ)

350, 354 જાહેર વહીવટ

368 વીમો

370 શિક્ષણ

560-590 જૈવિક વિજ્ઞાન

કેટલાંક પસંદગીયુક્ત પુનરાવર્તનો 004-006 ડેટા પ્રોસેસિંગમાં, 342-349 કાયદાની શાખાઓ, 355 લશ્કરી વિદ્યા, 362-363 સામાજિક સમસ્યાઓ, 420-490 વિશિષ્ટ ભાષાઓ, 940-990 આધુનિક વિશ્વનો સામાન્ય ઇતિહાસ 790 રંગભૂમિ - મહત્ત્વના ફેરફારો 370 શિક્ષણમાં, 376 સ્ત્રી-શિક્ષણ અને 377માં ધર્મોની વિચારસરણીઓને 371 શિક્ષણના પેટાવિભાજન બનાવ્યા છે, દૂરવર્તી શિક્ષણને વિસ્તાર્યું છે. ખ્રિસ્તી ધર્મને 200માંથી 220/289માં ખસેડીને ખ્રિસ્તીધર્મ પ્રત્યેને પૂર્વગ્રહ દૂર કરવાનો પ્રશંસનીય પ્રયત્ન કરેલ છે. તે જ રીતે યુએસ પ્રત્યેનો પૂર્વગ્રહને ઓછો કરવાને લઈને 350-354 જાહેર વહીવટમાં શબ્દો અને માળખામાં બદલેલ છે. આ રીતે પશ્ચિમી અને ખ્રિસ્તી ધર્મોને લગતો પૂર્વગ્રહ - દૂર કરવાનું પ્રથમ પગલું લઈને અને તેને વધુ આંતરરાષ્ટ્રીયતા તરફ આપેલ છે.

11.4.4 તાલિકામાં ફેરફારો (Changes In Tables)

તાલિકાઓમાં કરેલ પસંદગી યુક્ત ફેરફારો કંઈ ઓછાં નથી. માનક પેટાવિભાગોને નિયમિત કરવાને વધુ થોડું કામ હાથ ઉપર લીધું. દાખલારૂપે, 370 શિક્ષણમાં માનક પેટાવિભાગોનો અનિમિયતને નિયમસર કરવાને તાલિક 1-07 ઉપયોગ કરવાનો ફેરફાર કર્યો. આથી 370.7નો ઉપયોગ માનક પેટાવિભાગ અંક હેઠળ નિયમબદ્ધ કરી અને અનુસૂચિઓમાં અન્ય સ્થાનો અને સંબંધિત ગોઠવણી T1-071 માં કરી. આથી એકસૂત્રતા લાવી અને સંજ્ઞાને સ્મૃતિસહાયક બનાવી છે. તેમ છતાં હજુ ઘણું કરવાનું બાકી રહે છે. દા.ત., નીચે દર્શાવેલ બિનસાતત્યતા ધ્યાનમાં લો.

340 કાયદાના સિદ્ધાંતો (Theory of Laws)

342-02-09 કાયદા માટેના અન્ય માનક પેટાવિભાજનો (other standard subdivision)

ભૌગોલિક વિસ્તારની તાલિકામાં મહત્ત્વના ફેરફારો કરેલ છે, વિશેષત: 47 રશિયા, 499 બલ્ગેરિયા, નવા રાષ્ટ્રો અને રાજકીય ભૌગોલિક વિસ્તારોમાં કરેલાં પરિવર્તનોનો સમાવેશ કર્યો છે. અન્ય તાલિકાઓમાં ગૌણ ફેરફારો કરેલ છે.

11.4.5 પારદર્શક મુખક માળખું (Transparant Facet Structure)

સંપૂર્ણપણે પુનરાવર્તન કરેલ અનુસૂચિમાં (નવી આવૃત્તિ ફોતિલા અનુસૂચિ જે. ડીડીસી-16/19મી આવૃત્તિએ સ્વીકારેલ તેને નકારે) નવા વિષયોને સામેલ કરે એટલું નહિ પણ વર્ગક્રમ સ્પષ્ટ કરવાની તક આપે અને મુખક માળખાનું પ્રતિબિંબ વ્યવસાયમાં આધુનિક વિચારણા તક પૂરી પાડેલ છે એનો અર્થ એ કે ડીડીસી વધુને વધુ મુખકીય. સારા માટે કે ખરાબ માટે ડીડીસી-21 સ્થાનિક ભાર મૂકવા માટે મુખક સૂત્રમાંની વિકલ્પને સમૃદ્ધ કરે છે. ઉદાહરણ રૂપે 360-590 જૈવિક વિજ્ઞાનોમાં મુખ્ય વિષશાસ્ત્રના પેટાવિભાગો એક સરખા જ રહે છે. મુખકોનો ક્રમ વસ્તુ-પ્રક્રિયાથી પ્રક્રિયા-વસ્તુ એ બદલાતો રહે છે. 514.19 એ બાયોકેમિસ્ટ્રી (જૈવિક રસાયણને) 572ના વિભાગમાં મૂકીને પૂરતી વિગતો અને ઘણા બધા મુખકો તેનો મોભો ઊંચો કર્યો છે. વિષયના સાંપ્રત 12મીની દૃષ્ટિએ તેને ધ્યાનમાં રાખવામાં આવે છે.

350-354 જાહેર વહીવટના મુખકોનો ક્રમ કાર્યવિસ્તાર - વિષયાંગ અને વિષયાંગ - કાર્યવિસ્તાર એ પ્રમાણે ફેરફાર કર્યો છે. અહીં જાહેર વહીવટ હેઠળના બધા જ વિભાગોના ભૌગોલિક વિસ્તાર હેઠળ એક સાથે મૂક્યા છે. ત્યાં ઘણા બધા મુખકોમાં સૂચકદર્શકનો ઉપયોગ માટે ઘણી આંતરિક તાલિકાઓનો ઉપયોગ કર્યો છે. અંકોની રચના સરળ કરી છે, ઉદાહરણ રૂપે

(Public) Administration of Justice in India

353.4 + 09 (T1) + 54 (T2) = 353.40954

(Option A, Vol. 2, P. 601)

or

351 + 54 (T2) + 0 (Facet indicator) + 34 (from 353.4) = 351.5403

એનો સરળ અર્થ એ છે કે જાહેર વહીવટનો વિષયાંગ દેશ/સ્થળ અથવા વિષયાંગ સામે સંયોજી શકાય છે. જાહેર વહીવટનો નંબરે અંકો માત્ર ટૂંકા જ નથી પણ તે બધા DDC - 20 ના બેવડી વ્યવસ્થા સાથે કહી શકીએ. દા.ત.,

Topic	Ed 20	Ed 2
Abuse of power	351.991	353.46
	352.002	
Decentralization	351.0073	352.283
	352.00472	

14.4.6 સાપેક્ષ સૂચિ (Relative Index)

સાપેક્ષ સૂચિ હવે 545 પાના, તેમાં વધારાના વધુ પદો અને મથાળાને લઈને 150 પૃષ્ઠો ઉમેરો થયો છે. સૂચિમાં પદો અને મથાળાંઓ સામેલ કર્યા છે. મોટા ભાગના પદોની નોંધો અનુસૂચિઓમાંથી નોંધ સાથે ઉમેરેલ છે. એ સાતેય તાલિકામાંના પદોને શબ્દ પછી શબ્દના ક્રમે ગોઠવી છે. હસ્તપોથી પુસ્તિકામાંની નોંધોનું નિર્દેશી પદ તરીકે નોંધ્યો છે, જેને વિષેની ચર્ચા કરવાનો વર્ગીકરણ કરનારાએ દોરવાય છે. 'વળી જુઓ' (See also) નો વ્યાપક અને સંબંધિત પદો ધ્યાન દોરવા માટે ઉપયોગમાં લીધાં છે. આંતર વિદ્યાકીય વિષયો ઉપરની રચનામાં તે સ્થાન સૂચવે છે. DDC-20 માં 'જુઓ' સંદર્ભ સમાનાર્થી/ પર્યાયવાચી પદોનો ઉપયોગ કર્યો નથી. તેમ છતાં એવા પદોનો સમાવેશ સૂચિમાં તેના સમાનાર્થી પદો સાથે ઉલ્લેખ કરેલ છે. દા.ત., Birds અને Aves બંને પદો `Aver' હેઠળ નિર્દેશ/સૂચિકૃત કરેલ છે. 'વળી જુઓ' સંદર્ભ `Birds' અને તેને સંબંધિત બધા દૃષ્ટિબિંદુ તરફ દોરી જાય છે.

DDC-21 માં અન્ય વિષય નિર્દેશીકરણના સાધનો જેવા કે સિયર્સ લીસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ અને લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ સબ્જેક્ટ હેડિંગ્સ બિનઉલટાવેલ પદો અનુસાર. એટલે કે સીધાં અને કુદરતી સ્વરૂપના શબ્દસમૂહોને ઉપયોગમાં લીધેલ છે. વૈયક્તિક અને ભૌગોલિક નામો એએસીઆર-2આર અનુસાર નિર્દેશીકરણમાં પ્રયોજાયા છે. ઉદાહરણ રૂપે, સિવિલ એન્જિનિયરીંગ, એન્જિનિયરીંગ સિવિલ સ્વરૂપે નહિ, કોમર્શિયલ આર્ટ એ આર્ટ, કોમર્શિયલ રૂપે નથી.

કેટલાંક સંયોજનાત્મક અંકોને સૂચિમાં સાહિત્યાર્દેશાઓ જાળવી રાખવામાં આવેલા છે. બિન-યુએસના ઉપભોક્તાઓ માટે વધુ પદોનો સમાવેશ કરીને તેને વધુ સ્વાગતશીલ બનાવ્યા છે.

કેટલીક વિભાવનાઓ અને પદો સૂચવ્યા અને કેટલાંક પદો અંક રચના દ્વારા મેળવ્યો પણ સૂચિમાં પૂરતાં પ્રમાણમાં સાહિત્યાદેશ હોય તો જ સામેલ કર્યા છે. અલગથી શારીરિક અંગોના નામો અને લક્ષણો / ખાસિયતો, દેશો અને તેના પ્રાંતો સૂચિમાં સમાવ્યા છે. યુએસની ભૌગોલિક વિગતો (કાઉન્ટી) રાજકીય વિભાગ સ્તરની સુધીના લીધેલ છે. કેટલીક ઐતિહાસિક ઘટનાઓ, પ્રખ્યાત વ્યક્તિઓ, રાજાઓ, રાણીઓ, યુગો, ચળવળ (સાહિત્યિક/સામાજિક/રાજકીય)ના નામો - એ બધાં જ સૂચિમાં સામેલ કરેલાં છે. DDC 21 મી આવૃત્તિની સાપેક્ષ સૂચિ અગાઉની બે આવૃત્તિઓ ઉત્તમ સૂચિ છે, એટલે કે તેમાં ડીડીસી-20 આવૃત્તિની સરળતા છે અને ડીડીસી-19મી આવૃત્તિની જેમ વ્યાપક છે. તે સુઘડ રચના છે.

11.4.7 વિન્ડોઝ માટેની ડ્યૂઈ (Dewey for Windows (DFW))

ડીડીસી-21ની વિજાણુકીય આવૃત્તિ, ડ્યૂઈ ફોર વિન્ડોઝ (DFW) ના નામે ઓળખાય છે, જે 1996માં મુદ્રિત આવૃત્તિના પ્રકાશનની સાથે જ તે પ્રકાશિત થઈ. જે માઈક્રોસૉફ્ટ વિન્ડોઝ આધારિત LAW (લોકલ એરિયા નેટવર્ક) DDC-21 ના વર્ઝન (આવૃત્તિ) સાથેના ઇલેક્ટ્રોનિક ડ્યૂઈનું વર્ઝન સંકળાયેલ છે. જે વિન્ડોઝની સાથે પ્રયોજી શકાય જે ડીડીસી-20 (ઇલેક્ટ્રોનિક ડ્યૂઈ (1993))ના ડોસ (DOS) આવૃત્તિથી ભિન્ન પ્રકારનું છે. બેઉ કિસ્સામાં શોધની રચના એક સરખી છે. ડીએફ્ડબલ્યુ ડેટાબેઝ (માહિતીપાદ)નો આરંભ 'લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ'ના એડિટોરિયલ સપોર્ટ સિસ્ટમ / સંપાદકીય મંડળની બળ/ટેકો આપનારી પદ્ધતિ) (ઇએસએસ)નો ડેટાબેઝ છે. ESS ની રચના માળખું એ માર્ક માળખાથી અલગ પ્રકારનું છે. તેમ છતાં તેમાં ઘણું સરખાપણું રહેલું છે. ઇએસએસની ટેપમાંથી ડેટાબેઝ સર્જવામાં આવ્યો છે. આ ડેટાબેઝના ઉપયોગથી જ એની મુદ્રિત અને સી.ડી.એમ. અને સંક્ષિપ્ત ડીડીસી પણ સારી રીતે ઉત્પાદિત કરવામાં આવેલ છે. DFW (ડીએફ્ડબલ્યુ) એ દર વર્ષે નવા સુધારા કરીને સીડી રૂપે બહાર પાડવામાં આવે છે, એમાં સામેલ કરેલાં સુધારાઓ DC&, હવે માત્ર ઇન્ટરનેટમાં પ્રકાશિત કરવામાં આવે છે.

એલસીના મથાળા સાથે દરેક વર્ગઅંક સાથે મળતો આંકડાકીય અંકો છે. આ મથાળાં શોધ માટેના વધારાના પદો છે. જેઓ વિષયમથાળાં માટે એલસીએસએચનો ઉપયોગ કરે છે તેવા ગ્રંથાલયો માટે વધારાની મદદ મળે છે અને અન્ય ડીએફ્ડબલ્યુ માટે વધારાના પદોના સ્રોત છે. કેટલાંક તૈયાર અંકો હોય છે. ચાવીરૂપ પદોથી શોધવા માટે શોધ કરવા માટે રચેલા તૈયાર અંકોથી શોધી શકીએ. ભવિષ્યની આવૃત્તિઓ પરથી વધુ રચેલાં તૈયાર અંકો મળવાની સંભાવના છે. ડીએફ્ડબલ્યુની ગતિ ઉર્ધ્વ અને નિમ્ન વંશાનુબદ્ધ રીતે પ્રકાશિત અને ક્લીંગ કરી શકાય છે. એની સાથે સાંકળવા માટે વિન્ડઝ એ એક વાર ઉપયોગ કરે છે. જો શોધ વિન્ડોઝમાંથી અંક અથવા પદને ખેંચવામાં કે છોડી દેવાય છે. પૂર્ણ પ્રલેખના દસ્તાવેજનો અંક પ્રદર્શિત કરે છે. જેમાં નોંધના મથાળાં, સૂચિ સંલેખો, એલએસસીએચના મથાળા સાથે ડ્યૂઈના અંકોને જે ખેંચના હેઠળ અને મૂકી દીધા હોય તે પ્રદર્શિત કરે છે. જો પદોને ઇન્ડેક્સ વિન્ડોમાંથી ખેંચી દેવાય કે છોડી દેવાયા તે સાપેક્ષસૂચિના જૂથ માટે, સાપેક્ષ સૂચિ તેનો પ્રસ્તુત ભાગ પ્રદર્શિત કરશે, જે મુદ્રિત સાપેક્ષ સૂચિ જેવો દેખાશે.

વિન્ડોઝની ગોઠવણી ખેંચેલ અને છોડી દીધેલ પદોની ગોઠવણી ખાસ જેવી હોય છે. તેને માટેના ધોરણો પરંપરાગત રીતભાતવાળા દૃષ્ટિબિંદુનું જૂથ ઉપભોક્તાઓ માટેનું હોય છે. અધિકૃત દેખાવો શોધના દેખાવો છે. ફેંદાફેંદી કરીના શોધનું દૃશ્ય એ બારીકીઓ તપાસનું સ્થળ છે.

તે બુદ્ધિ પામતી સૂચિ છે. તેમાં કુદરતી/સ્વાભાવિક શબ્દભંડોળમાંથી શોધ સુધી પહોંચવાને પદો પૂરાં પાડેલ છે. ચાવીરૂપ શબ્દ શોધ એ ડીડીસી-21 મુદ્રિત, શોધ માટેના વધારાના પદો, વંશાનુબદ્ધ પ્રદર્શન, અધિકૃત અને સ્પષ્ટતાપૂર્વક દેખાવ, ખેંચી કાઢેલ અને પડતર મૂકેલ અંકો, પરંપરાગત મુદ્રિત આવૃત્તિના કરતા DFW ના મહત્ત્વના લાભો / ફાયદા રહેલાં છે. તે વધારાના માનવશ્રમથી વધારવાને બદલે DC& નવી આવૃત્તિ જે વાર્ષિક સ્વરૂપે પ્રકાશિત થાય છે તેથી તે નિત્ય નૂતન બની રહે છે. ગમે તેમ, પાયાના સિદ્ધાંતો અને અંક રચનાની પદ્ધતિ એકસરખી જ રહે છે. ભવિષ્યનો વિજાણુકીય આવૃત્તિમાં

એક્સપર્ટ સિસ્ટમ (તજ્ઞ્જતાભરી પદ્ધતિ)માં તૈયાર અંકો સ્વયંભૂ રીતે અંકો સંયોજિત થઈ જ્યારે જરૂર પડે પૂરા પાડવામાં આવે છે. નજીકની ભવિષ્યમાં ઘણાં આશ્ચર્યકારક લક્ષણો તેમાં સંગ્રહિત રહે છે.

11.5 ભાવિ વલણો (FUTURE TRENDS)

ડીડીસીની છેલ્લી બે આવૃત્તિઓ પુરાવો છે કે, 'વ્હાઇટ એંગ્લો સેક્શન એન્ડ પ્રોટેસ્ટન્ટ (WSAP) પૂર્વગ્રહથી ધીમે ધીમે મુક્ત થઈને આંતરરાષ્ટ્રીયતા તરફ ગતિ કરી છે. મુશ્કેલ પરિસ્થિતિમાં વર્ગીકરણ કરવાને શક્તિશાળી બનવાને તેને કાર્યાન્વિત (વર્ગીકૃત) કરવાનું સરળ છે. મુખક માળખું પારદર્શક બની રહે છે, એક વર્ગ અંકમાં ઘણાં મુખકોને સાથે બાંધી રાખવાને શક્તિમાન બનાવે છે.

ફોરેસ્ટ પ્રેસને ઓસીએલસીને ખરીદી લીધું, ત્યારથી ઓનલાઈન કમ્પ્યુટર લાઈબ્રેરી સેન્ટર, ડબ્લીન, ઓકીયો એ નવીનીકરણના પ્રત્યેનો આદરીને ડ્યૂઈના ઘણાં પ્રકારના સર્જનો તૈયાર કર્યા, જેવા કે ગ્રંથાંક, ડ્યૂઈએ ઘાત સંગીત એવી (દૃશ્ય-શ્રાવ્ય) શિક્ષણ, ડીડીસીના સંક્ષિપ્ત, સંપૂર્ણ અને વિજાણુકીય આવૃત્તિઓ અને ડ્યૂઈ પોસ્ટર્સ અને ત્રણ મુખ્ય સારાંશનું વિશિષ્ટ પ્રકાશનને ઓસીએલસીએ પહેલ કરનાર અને સંશોધન અભ્યાસ કરીને વર્ગીકરણમાં ઓનલાઈન ડેટાબેઝના ઉપયોગને પ્રોત્સાહન આપેલ છે. આ બધામાં સૌથી મહત્ત્વનું એ છે કે ડીડીસીમાં સાહિત્ય સંચાલનના બધાં જ પાસાં એનું વ્યાપક ફલક ઉપર અમલીકરણ વિષેના ચાલુ સંશોધનનું સૌથી વધારે મહત્ત્વ રહેલું છે. ઈન્ટરનેટ ઉપર ડીડીસીના ત્રણેય સારાંશો ઉપયોગી માહિતી વ્યવસ્થા રચવાને માટે કરેલ છે. ડીડીસીને સંબંધીને કેટલાંક સાંપ્રત પ્રશ્નો આ પ્રમાણે છે :

- વર્ગીકરણ કરનારને માટે વર્ગીકરણ પદ્ધતિને કેટલે અંશે કાર્યક્ષમ બનાવી શકીએ ?
- કેવી રીતે અધિકૃત અંગ્રેજી ભાષાનું વર્ગીકરણ રચવું કે જેથી આંતરરાષ્ટ્રીય ઉપભોક્તાઓની આવશ્યકતા પૂર્ણ થાય ?
- છેવટના ઉપયોગીકર્તા (આયાકને) વધુ ઉપયોગી નીવડે એવું વર્ગીકરણ કેવી રીતે બનાવી શકીએ !
- ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશન ભવિષ્યમાં પ્રસ્તુત રહે તે માટે શું શું કરી શકાય ?

21મી સદીમાં વિષય શોધ માટેની પદ્ધતિ શક્તિશાળી અને વિશ્વાસનીય બનાવવાને ડીડીસીએ ગતિશીલ છે.

તમારી પ્રગતિ ચકાસો.

6) ડીડીસી-21ના મુખ્ય પુનરાવર્તનોના નામ આપો.

7) DFW (ડીએફડબલ્યુ)માં શોધ અને પુનઃપ્રાપ્તિની સુવિધા વિષે ચર્ચા કરો.

8) ડીડીસીના સંશોધનમાં એક બજાર વ્યવસ્થામાં કયા સાંપ્રત પ્રવાહો છે.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

11.6 સારાંશ (SUMMARY)

ડીડીસીએ વિશ્વમાંના 135 દેશોમાં બે લાખ ગ્રંથાલયમાં પ્રયોજાતી સૌથી વધારે પ્રખ્યાત પદ્ધતિ છે. હિંદી સહિત (ગુજરાતીમાં પણ) વિશ્વની 35 ભાષાઓમાં આ પદ્ધતિના અનુવાદો થયા છે. એની ખ્યાતિને જાળવી રાખવાનું કારણ એ છે કે તેની નક્કર અને સારી રીતે વિચારેલી પુનરાવર્તનની નીતિ અને ઉચ્ચ કક્ષાનું વ્યવસ્થાતંત્ર છે. 1876માં સૌથી પહેલીવાર પ્રકાશિત થઈ, તે પછી એ સતત પુનરાવર્તન પામતી રહી. તે જ્ઞાન વૃદ્ધિના તોફાની પ્રવાહનો સામનો કરી સાંપ્રત સમયમાં અને ઉપયોગી રહી છે અને નવી વર્ગીકરણ કરવાની કાર્યપદ્ધતિની રચનામાં લાગુ પડે છે. નવી આવૃત્તિમાં જૂના મૃતપ્રાય વિષયોને રદ કરવાની તક ઝડપીને આવૃત્તિને લાભ આપે છે અને અયોગ્ય સ્થાને મૂકાયેલા વર્ગોને સાંપ્રત વિચારધારાને અનુરૂપ યોગ્ય સ્થાને મૂકે છે. મોટાં ભાગના પુનરાવર્તન ગૌણ અને ચીલાચાલુ બાબતોના છે. કેટલાંક પુનરાવર્તન વર્ગમાં પૂરેપૂરાં કર્યા છે. જે પહેલાં ફોનિક્સ અનુસૂચિ તરીકે ઓળખતાં હતાં. ફોનિક્સ અથવા પૂરેપૂરા સંવર્ધિત કરેલ બાબતો ધીરે ધીરે અને થોડા ભાગમાં આપી છે.

ડીડીસી 19 1979માં પ્રકાશિત થઈ, તેના સંપાદક બેન્જામિન એ. કસ્ટરના હાથે છેલ્લી આવૃત્તિ સંપાદિત થઈ હતી. તેઓ ડીડીસી-16 (1958), ડીડીસી 19 (1979)માં 301-307ની સમાજશામન અનુસૂચિઓ પુનરાવર્તન કરી / સંવર્ધિત કરી, 314 રાજકીય પ્રક્રિયાનું સંપૂર્ણ પુનરાવર્તન કર્યું, જ્યારે 319 વ્યવહારુ રાજકારણનો અંક રદ કર્યો. ભૌગોલિક વિસ્તારોમાં 17% વૃદ્ધિ થઈ.

વ્યક્તિગત સાહિત્યની તાલિકા 3ને તાલિક T3 અને તાલિકા T3A એ ભાગમાં વહેંચી દીધી છે. પછી 1982માં તેની પુસ્તિકા ફોરેસ્ટ પ્રેસે અલગથી પ્રકાશિત કરી; તેના અર્થઘટન અને અમલીકરણમાં એકસૂત્રતા લાવી શકાઈ. તેની પછીની ડીડીસી આવૃત્તિ તેનો સમાવેશ કર્યો. ડીડીસી-20 (1989) પ્રકાશિત થઈ, જેને ESS એ ઓનલાઈન સંપાદિત કરી, જેને જહોન કોમરોમી-રસ લઈને કાર્ય પ્રક્રિયામાં સરળ બનાવી. મુખ્ય ફેરફાર 780 સંગીતની

સંપૂર્ણ અનુસૂચિને પુનરાવર્તન કરી, જે ઘણાં લાંબા સમયથી ચર્ચામાંથી તેને પદ્ધતિમાં સામેલ કર્યા. તાલિકા ત્રણ ભાગમાં છૂટી પાડીને ત્રણ પેટા તાલિકાઓ નામે T3A, T3B અને TBC કરો. પછીથી 1993માં ડીડીસી-20 સીડી-રોમ સ્વરૂપે ઇલેક્ટ્રોનિક ડ્યૂઇ, જે DOS આધારિત કરી.

ડીડીસી-21 કુમારી જોન એસ. પિચેલ સંપાદિત કરી હતી, જેઓ આઇટી તજ્જ્ઞ અને જેમણે સૌ પ્રથમવાર પરંપરાગત મુદ્રિત સ્વરૂપે (ચાર ખંડમાં) અને સીડી-રોમ ડ્યૂઇ ફોર વિન્ડોઝ નામે, જે માઇક્રોસોફ્ટ યુનિક્સ - આધારિત LAW સાથે સુસંગત કોઈને ડીડીસી-21ને વિન્ડોમાં ક્રિયા-પ્રતિક્રિયાનું સ્થાન મળે છે. આંતરરાષ્ટ્રીયતા પ્રત્યેના જોરદાર જુસ્સાને લઈને અને ઉપયોગમાં સરળતા અને WASPish પ્રત્યેનો પૂર્વગ્રહને ઘટાડ્યો છે. 296 યહૂદી ધર્મ (Judaism), 297 ઇસ્લામ (Islam) 200 ધર્મ (Religion) ને ખ્રિસ્તી ધર્મ પ્રત્યેના પૂર્વગ્રહને ઘટાડ્યો છે. 350-354 જાહેર વહીવટ માટેની અનુસૂચિઓ સંપૂર્ણપણે પુનરાવર્તન કરીને તેને નવું અને પારદર્શક મુખક માળખું વિકલ્પ સાથે પૂરું પાડ્યું છે, જ્યારે 560-590 જીવવિજ્ઞાન એ પ્રક્રિયા - વસ્તુએ મુખક ક્રમ ઉલ્ટાવ્યો છે. જીવ રસાયણ એ સાંપ્રત સુસંગત અનુસરવા તેને મોભો આપ્યો છે અને સાહિત્યાદેશ 572ના વિભાગના સંપૂર્ણતાએ પહોંચાડ્યું છે. DDC-21 એ સ્પષ્ટ મુખક માળખાવાળું વધુ મુખકીય બનાવ્યું છે. ડીએફડબલ્યુ એ ડીડીસી-21ના ડેટાબેઝ વૃદ્ધિ શોધીને આગળ ધરે છે. તે શોધીને વર્ગ અંક, ચાવીરૂપ પદો, વિષયમથાળા શોધ કરવાની મંજૂરી આપે છે. વિન્ડોઝ (બારી) એ અધિકૃત અને રિવાજ મુજબ અવલોકનો હોય છે. વિન્ડોઝની ગોઠવણી દૂરસંબંધી રીતની હોઈને એક વિન્ડોમાંથી પછીનામાં અંકો અથવા ચાવીરૂપ પદોને ખેંચવામાં અને છોડી દેવાની સુવિધા આપે છે. દરેક સંલેખ પૂરેપૂરી નોંધ તેની સાથે એલસીને મળતાં વિષય મથાળાંઓ અને સરળ માહિતી નોંધ પૂરી પાડે છે. સ્વયંસંચાલિત અંક રચના એ ડ્યૂઈની સીડી ઉપરનું પછીના નવીન ઉપક્રમ હોઈ શકે, જેની નવીન સ્વરૂપે આવૃત્તિ પ્રતિ વર્ષે બહાર પાડવામાં આવે છે. સુધારા વધારા અને નવાં ફેરફારો વેબ ઉપર ડ્યૂઇ હોમપેજ દ્વારા શોધી શકીએ.

http://www.oclc.org

હાલમાં ડીડીસીના નિયમોના ઉત્પાદનોનું સર્જન અને બજાર કાર્ય માટેના પ્રયત્નો ચાલે છે. ડ્યૂઇનો વધુ ઉપયોગ ડ્યૂઇની અંદર અને ગ્રંથાલયોની બહાર ઘણું શોધી શકીએ છીએ.

11.7 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) a) 301-307 સમાજશાસ્ત્રની સંપૂર્ણ નવી અનુસૂચિ.

   b) યુકે માટે તાલિકા-2માં અંક-41 ભૌગોલિક તાલિકા સંપૂર્ણપણે પુનરાવર્તન કર્યું.

2) લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસના ડેસિમલ/ક્લાસિફીકેશન ડિવિઝનની નીતિઓનું પ્રતિબિંબ પુસ્તિકામાં પ્રતિબિંબ પાડે છે, જે ડીડીસીનો અમલ સાતત્ય રીતે કરવાને મદદરૂપ બને છે. તે મુશ્કેલ વિષય ક્ષેત્રમાં વર્ગીકરણના કાર્યમાં માર્ગદર્શન પૂરું પાડે છે.

3) ડૉ. જહોન પી. કોમરોમીએ ડીડીસી-20 સંપાદિત કરી છે, તેઓ ડીડીસી સાથે ઘણાં લાંબા કાળથી સંકળાયેલાં હતાં. ઉત્તર અમેરિકામાં ડીડીસીના અમલનો વ્યાપક સ્તર ઉપરને સર્વેક્ષણ કાર્ય કર્યું. ડીડીસી-20મી આવૃત્તિ તેમના દ્વારા સંપાદિત થઈ હતી, જે સરળતા અને સ્પષ્ટતા માટે અનુસૂચિઓને વધુ માહિતીપૂર્ણ બનાવી અને સાપેક્ષસૂચિ ઉપયોગ માટે તદ્દન સરળ બનાવી.

4) ડ્યૂઈ CD-ROM માં ઓનલાઈન પ્રાપ્ય છે અને લેનમાં અથવા કોમ્પ્યુટર દ્વારા એનો ઉપયોગ કરી શકાય છે. શોધ માટે વર્ગઅંકો અથવા ચાવીરૂપ પદોથી પણ શોધી શકાય. દરેક વર્ગઅંક પાંચ અંકો સુધી લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસ વિષયમથાળા (LCSH) સાથે જોડાયેલ છે. તે સરળતાથી નવીનીકરણ થઈ શકે છે. દરેક વરસે બે આવૃત્તિઓ વચ્ચે નવું વૃત્તાંત પ્રગટ કરવામાં આવે છે.

5) (આ એક ગૌણ પ્રકલ્પ છે. આ તમે અનુસૂચિઓ ચકાસીને તમારી જાતે કરવાનું છે.)

6) ડીડીસી-21 એ સંપૂર્ણપણે પુનરાવર્તન પામેલી અનુસૂચિઓ છે, જેમાં જાહેર વહીવટ 350-354, જીવવિજ્ઞાન 560-590 યહૂદી ધર્મ 296 અને ઈસ્લામ 297નો સમાવેશ થયેલ છે.

7) ડીએફડબલ્યુ વર્ગઅંક પૂરો પાડે છે અને જે સૂચિ પાંચ શોધ કાર્યને લઈને તેનું મૂલ્ય વધે છે. વિન્ડોઝ સાથે ઈન્ટરફેસને લઈને વર્ગઅંક અથવા ચાવીરૂપ-પદોને વિન્ડોઝમાં નકસીબદ્ધ ફરસની જેમ ગોઠવવાને ખેંચવા અને છોડી દેવાના કાર્યને માન્ય કરે છે. વિન્ડીઝ અધિકૃત અને રીતભાતવાળો દેખાવ પૂરો પાડે છે. નોંધોનું પૂરણ અંક રચનાના કાર્યમાં મદદ કરે છે અને સ્થાનિક વિવિધતાઓને પ્રલેખ દસ્તાવેજમાં સગવડો પૂરી પાડે છે.

8) ડીડીસીના વર્તમાન વલણો જોઈએ તો તે ખ્રિસ્તીધર્મ અને પાશ્ચાત્ય વલણના પૂર્વગ્રહને ઘટાડે છે. આવૃત્તિઓ પછીની આવૃત્તિઓ દ્વારા એ આંતરરાષ્ટ્રીય આવૃત્તિ બને છે અને સાંપ્રત અને આંતરરાષ્ટ્રીય પરિભાષાનો ઉપયોગ કરે છે. ડીસીઈપીસી વ્યાપક સ્તરની બની રહી છે. 1988થી ડ્યૂઈએ ઘણાં બધા ઉત્પાદનો તૈયાર કરીને જાહેરમાં મૂક્યા જેવાં કે ડીડીસીના વિવિધ વૃત્તાંતો માટેની માર્ગદર્શિકાઓ. ડ્યૂઈની અધ્યાયન કીટ, ડ્યૂઈ પોસ્ટર્સ, બુકમાર્કસ, ડ્યૂઈ ઘાત સંગીતની ટેપ તેણે માર્કેટિંગ માટે વ્યવસાયિક કાર્યપદ્ધતિ અપનાવી. તાંત્રિકી રીતે ડીડીસીનો ઉપયોગ ઓપેકમાં અને ઈન્ટરનેટનો અભ્યાસ કર્યો. પરિણામે લાભ લઈ નીવડ્યા. આમ આઇ-ટી ડીડીસીનું લગ્ન પૂર્ણ થયું. ડીડીસીનો ઉપયોગ ગ્રંથાલયોની બહાર થવા લાગ્યો છે. ભવિષ્યમાં તજજ્ઞ પદ્ધતિ દ્વારા સ્વયંસંચાલિત અંક રચના માટેની કાર્યપદ્ધતિ રચી શકાય.

11.8 ચાવીરૂપ પદો (KEY WORDS)

ઇએસએસ (ESS) : એડિટોરિયલ સપોર્ટ સિસ્ટમ અને હવે ડીડીસી વિશિષ્ટ ક્ષેત્રો સાથેની યુનિક્સ (UNIX) આધારિત પદ્ધતિ છે. ડેસિમલ ક્લાસિફીકેશન સિસ્ટમમાં 1986માં સ્થાપિત કરેલી, તે (કમ્પ્યૂટરના) પૂરાં પડદા (પટલ) ઉપર સંપાદિત કરવાની શક્તિ ધરાવે છે. વર્ગીકરણ સરળતાથી અને કાર્યક્ષમ રીતે થઈ શકે તે માટેના સુધારાઓ/નવીનીકરણ અને સંપાદન કાર્યને તેથી સંપાદકીય કર્મચારીઓને સમર્થ બનાવે છે. 1988થી તેની નવી આવૃત્તિઓ પૂરેપૂરી સંક્ષિપ્ત અને વીજાણુકીય વૃત્તાંતે તેના ડેટાબેઝ (માહિતીવાર)માંથી સર્જી શકીએ છીએ.

DC& : ડેસિમલ ક્લાસિફીકેશન એડિસન્સ (ડેસિમલ-ક્લાસિફીકેશન વધારો) એ સંક્ષિપ્ત 'નોંધો અને નિર્ણયો' એટલે કે DC AND (Additions, Notes Dicision) એ અનિયમિત બુલેટિન ફોરેસ્ટ પ્રેસ ડીડીસીની આવૃત્તિઓ પ્રકાશિત થાય તેની વચ્ચેના સમયગાળામાં પ્રકાશિત કરે છે, જેમાં ડીડીસી માટેના ફેરફારો અંગેની જાહેરાતો, પુનરાવર્તનો અને અન્ય સમાચારો પ્રકાશિત કરે છે. 1997થી તેની મુદ્રિત આવૃત્તિનું પ્રકાશન બંધ કર્યું છે અને હશે તે વીજાણુકીય પ્રકાશન ડ્યૂઇ હોમ પેજ ઉપરની સાઇટ http://www.oclc.org ઉપર મળે છે.

ડીસીઇપીસી (DCEPC) : ડેસિમલ ક્લાસિફીકેશન એડિટોરિયલ પોલિસી કમિટી એ આંતરરાષ્ટ્રીય મંડળ છે, જેની નિમણૂંક એએલએ અને ફોરેસ્ટ પ્રેસ સંયુક્તપણે કરી છે, જે સંપાદકોને પુનરાવર્તનને બાબતે અંગો સલાહ આપે છે. આ ઉચ્ચકક્ષાની વિશાળ આધારવાળી સમિતિ નિયમિત મળે છે. શું પુનરાવર્તન કરવું અને કેટલી કક્ષાએ પુનરાવર્તન કરવું એ અંગેની સલાહ આપે છે. તે પેટા કમિટીઓના કાર્યનું અથવા વ્યક્તિ તજ્ઞોના કાર્યનું અવલોકન કરે છે. દરેક પુનરાવર્તન નાનું હોય કે મોટું હોય ડીડીસીમાં સામેલ કરતાં પહેલાં એને માન્ય કરે છે.

પુનરાવર્તન (Revision) : એટલે સુધારાઓને તપાસીને સુધારેલી આવૃત્તિ. ડીડીસીને અદ્યતન અને પ્રચલિત રાખવા માટેની આ પ્રક્રિયા છે. ડીડીસીમાં કોઈ પણ ફેરફાર છેવટે તો ડીસીઇપીસી દ્વારા જ માન્ય થાય અને તે પછી લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસના ડેસિમલ ક્લાસિફિકેશન ડિવિઝનના સંપાદકો એમાં સમાવેશ કરે. ડીડીસીનું પુનરાવર્તન એ સતત અને નિયમિત થતી પ્રક્રિયા છે. તેમાં ત્રણ પ્રકારના પુનરાવર્તનો થાય છે : સંપૂર્ણ પુનરાવર્તન, પૂર્વે તેને ફિનિક્સ અનુસૂચિ તરીકે ઓળખાતી હતી. પૂરેપૂરાં વર્ગનો નાશ કરીને, મુખ્ય વર્ગના અંકોને રાખીને વિષયનું સંપૂર્ણ નવું માળખું ઊભું કરવું. ડીડીસી-21 એ સંપૂર્ણ પુનરાવર્તિત અંકો 350-354 જાહેર વહીવટ અને 560-590 જીવવિજ્ઞાન માટે કર્યું, ડીડીસી-20માં 780 સંગીત વિષયમાં કરેલ છે. DDC-18 માં 340 કાયદા અને 510 ગણિત માટેના ફેરફારો કર્યા છે. આ વાલણનો આરંભ DDC-16 થી શરૂ થયો હતો. વ્યાપક પુનરાવર્તનો એ છે કે મુખ્ય લક્ષણો જાળવી રાખીને મુખ્ય ફેરફારો અને ઉમેરાઓ કરવા તેને વ્યાપક પુનરાવર્તન કરે છે. દાખલા તરીકે DDC-21 માં 297 ઇસ્લામ, 200 ધર્મ અને 370 શિરાણમાં વ્યાપક સ્તરના ફેરફારો કર્યા છે. નિત્યક્રમના પુનરાવર્તન એટલે નિર્ણયો, પુનઃસ્થાનો, અનુસૂચિઓમાં થોડો ઘણું વિસ્તરણ કરવું, તાલિકાઓ અને સૂચિમાં અહીં કે ત્યાં સુધારા કરવા એ નિત્યક્રમના પુનરાવર્તન છે. તેમાં પરિભાષાઓમાં પરિવર્તનનો પણ સમાવેશ થાય છે, જૂના વિષયો જાળવીને નવા પદો આપવા અને તે જ વર્ગ અંકમાં જાળવી રાખવામાં આવે છે. પુનરાવર્તન એ વિકસતાં જ્ઞાનની સાથે કદમ મિલાવવાની તક પૂરી પાડે છે અને સ્થિરતા લાવે છે. વ્યાપક અને વિશાળ સ્તરના પુનરાવર્તન એ ગ્રંથપાલો માટે આફત નોંતરે છે. ડીડીસીએ સ્થિરતા અને ચલણી ફેરફારોની વચ્ચે ચતુરાઈભર્યું સમતોલપણું જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. તેની સ્વીકૃતિ અને જીવંતતા એ જ એનું રહસ્ય છે.

ફોરેસ્ટ પ્રેસ (Forest Press) : 1911થી ડીડીસીના પ્રકાશક છે, જે પેલ્વિલ ડ્યૂઇએ પોતે સ્થાપેલ લેઇક પેલ્સીફ

એજ્યુકેશનલ ફાઉન્ડેશન એ સહાયભૂત સંસ્થા હતી. જુલાઈ 1988થી ફોરેસ્ટ પ્રેસ એ ઓસીએલસીનો એક ભાગ બન્યો, જે ઓનલાઈન કમ્પ્યુટર લાઈબ્રેરી સેન્ટર્સ એન્ડ. ઈન્કલ. ડબલિનમાં ઓહાયા સ્ટેટ, યુએસએ ખાતે આવેલું છે. તેને હસ્તક સમગ્રપણે ડીડીસીનો હવાલો રહ્યો છે તેની મુખ્ય જવાબદારીઓમાં ડીડીસીની વ્યવસ્થા સંભળાવી પ્રકાશન કરવું, પ્રોત્સાહન આપવું, અને બજાર વ્યવસ્થા સંભાળવું એ રહેલી છે. તે વિદેશી ભાષાના અનુવાદોના પ્રકલ્પ હાથ ધરે છે. 1999 પછી જ જાન્યુઆરી 1999 પછીથી તેનું વડું મથક અલ્બની, ન્યૂયોર્કથી ઓસીએલસી (OCLS) નું વડુમથક ડબ્લીન, ઓહાયો ખાતે ખસેડેલું છે.

વીજાણુ ડ્યૂઈ (Electronic Dewey) : ડીડીસી-20 1993માં સીડી-રોમ સ્વરૂપે પ્રગટ કરવામાં આવી જે DOS આધારિત છે, જેમાં અનુસૂચિઓ, તાલિકાઓ અને સાપેક્ષ સૂચિ ધરાવે છે. વર્ગઅંકો, અથવા સૂચિપદો અને બુલિયન સંયોજન દ્વારા વર્ગઅંકો અથવા નિર્દેશીપદો અને બુલિયન સંયોજકથી શોધોને માન્ય કહે છે. પાંચ વારંવાર ઉપયોગમાં લેવાયેલ એલસીના વિષય મથાળાઓને ડીડીસીના દરેક એક સાથે સાંકળી લે છે. મહદ્ અંશે (એલસી)ની વારંવાર જોવા મળતાં વિષયમથાળાથી વાઙ્મય સૂચિગત રેકર્ડનો નમૂનો દર્શાવે છે.

ડ્યૂઈ માટે વિન્ડોઝ (Dewey for Windows) (1996) : ડીડીસી-21 સીડી-રોમ ઉપર યુનિકલ આધારિત માઈક્રોસોફ્ટ LAN સાથે સુસંગત ખેડાયેલી છે, જે ડીડીસી ડેટાબેઝ (માહિતીપાદને પ્રત્યક્ષ જોવા માટે વિન્ડોઝ (બારી) પૂરી પાડે છે. તે વર્ગઅંક આપે છે અને જે ડીડીસી-21 સંપૂર્ણ ચાવીરૂપ પદોની શોધોમાં વૃદ્ધિ કરે છે. દરેક વર્ગ અંકને LCSH ના વધુમાં વધુ પાંચ વિષય મથાળાઓની સાથે સાંકળવામાં આવે છે. તે વીજાણુકીય ડ્યૂઈનું સુધારેલ વૃત્તાંત છે, અને તે પ્રતિવર્ષે બહાર પાડવામાં આવે છે.

11.9 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Chan, Lois Mai (et al.) (1996). Dewey Decimal Classification : A Practical Guide. 2nd ed. revision for DDC-21. Albany, New York : Forest Press / OCLS. pp. 1-24.

Chan, Lois, Mai and Mitchell, Joan S. (eds). (1997). Dewey Decimal Classification Edition 21 and International Perspectives. Albany, New York : Forest Press / OCLC. pp. 3-42.

Comaromi, John P. and Satija, M.P. (1990). Exercises in the 20th Edition of the Dewey Decimal Classification. New Delhi : Sterling.

Mitchell, Joan S. (1994). Dewey Behind the Scenes. DC&. 5(5), 7-11.

Satija, M.P. and Comaromi, John P. (1998). Exercises in the 21st Edition of the Decimal Classification. New Delhi : Sterling.

એકમ-12 : યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફીકેશન (યુડીસી)

રૂપરેખા

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 ઐતિહાસિક પશ્ચાત્ ભૂમિકા

12.3 સ્વરૂપ અને માળખું

- 12.3.1 મુખ્ય સારણીઓ
- 12.3.2 સહાયક સારણીઓ
- 12.3.3 સામાન્ય સહાયકો
- 12.3.4 વિશિષ્ટ સહાયકો
- 12.3.5 સમાંતર વિભાજન

12.4 સંજ્ઞા

- 12.4.1 સ્વાગતશીલતા
- 12.4.2 મુખકીય અને સંયોજન
- 12.4.3 આંતર પ્રક્ષેપ
- 12.4.4 સ્મરણ સહાયકો
- 12.4.5 ગોઠવણીનો ક્રમ
- 12.4.6 મૂલ્યાંકન

12.5 વર્ણાનુક્રમ વિષય નિર્દેશિકા

12.6 ભાવિ વિસ્તરણ માટેની જોગવાઈ

12.7 યુડીસી જાળવણી

12.8 યુડીસીના ગુણો અને ખામીઓ

12.9 યુડીસીમાં પ્રાયોગિક કાર્ય

12.10 સારાંશ

12.11 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

12.12 ચાવીરૂપ શબ્દો

12.13 સંદર્ભો અને વિશેષ વાંચન

12.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમમાં તમને યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફીકેશનનો પરિચય આપેલો છે, પ્રચલિતતામાં ડ્યૂઇ ડેસિમલ ક્લાસિફીકેશન પછી બીજા સ્થાને છે.

આ એકમના અધ્યયન પછી તમે આ બાબતથી સક્ષમ બનશો :

- ગ્રંથોની ગોઠવણી માટે યુડીસીને એક વર્ગીકરણ પદ્ધતિ તરીકે અને સૂચિઓ અને વાઙ્મય સૂચિઓ જેવા વાઙ્મયસૂચિગત સાધનોને વિકસાવવામાં યોગ્ય રીતે મૂલવવામાં; અને
- અંક રચના માટે તેનો ઉપયોગ કરવામાં.

12.1 પ્રસ્તાવના (INTRODUCTION)

તમારે જે ત્રણ ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓએ અભ્યાસ કરવો જરૂરી છે તેમાં યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફીકેશન (યુડીસી) બીજી પદ્ધતિ છે. આ એકમમાં યુડીસીનું માળખું, સંજ્ઞા, સહાયકો, સંયોજન યુક્તિઓ અને વર્ણાનુક્રમ નિર્દેશિકાના સંદર્ભમાં તેની સમજ આપી છે. આ એકમ ટૂંકમાં તેનાં મૂળ અને વિકાસ, તેની શક્તિ અને નબળાઈઓ વિશે વર્ણન કરે છે. તમારે માટે તમે પોતે અંકરચના કરી શકો તેને વિષે માર્ગદર્શક પણ પૂરું પાડે છે. એકમને અંતે યુડીસીમાં અંક રચવાના કેટલાંક ઉદાહરણો હલ કરવામાં માર્ગદર્શન પૂરું પાડે છે.

અંકોની રચના કરવા માટે, તમને સલાહ છે કે યુડીસીની અનુસૂચિની નકલ ઉપયોગમાં લો, જે બ્રિટીશ સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા 'UDC : Internationa, Medium Edition' અંગ્રેજી પાઠરૂપે (BS 100M : 1985) નામે પ્રકાશિત થયેલ છે. તેમાં બે ભાગો સંકળાયેલા છે. ભાગ-1 : પદ્ધતિસરની સારણીઓ (Systematic Tables) 1985 માં પ્રકાશિત થઈ હતી અને ભાગ-2 : વર્ણાનુક્રમ વિષય નિર્દેશિકા (Alphabetical Subject Index) 1988માં પ્રકાશિત થઈ હતી.

12.2 ઐતિહાસિક પાર્શ્વ ભૂમિકા (HISTORICAL BACK-GROUND)

યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફીકેશનનો ઉદ્‌ગમ ડ્યૂઇ ડેસિમલ ક્લાસિફીકેશનને આભારી છે, UDC International Medium Edition ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે, ડીડીસીએ 19મી સદીના ગ્રંથાલયોમાંનું સાહિત્ય પુનઃ પ્રાપ્ત કરવા અને ગોઠવણી માટેનું મુખ્ય સાધન હોવાથી જે વિષયને પદ્ધતિસરના ચિહ્નો આપવાની મહત્ત્વની હોવાથી કામગીરી સ્થાપિત કરવા માટે ભાગ ભજવે છે. ડીડીસીના આ ગુણોને પ્રખ્યાત બેલ્જિયમ વાઙ્મયસૂચિકાર પોલ ઓટલેટનું આ સ્વાભાવિક પદ્ધતિ અંગે ધ્યાન ખેંચાયું. 1895માં ઓસ્લેટ બ્રુસેલ્સમાં હેનરી લા ફોનટેન સાથે, બહુ જાણીતી એવી 'ઇન્સ્ટિટ્યૂટ ઇન્ટરનેશનલ ડી બિબ્લિયોગ્રાફી'માં સાર્વભૌમિક વાઙ્મયસૂચિ (Universal Bibliography) ઉપર કાર્ય કરતા હતા. આ પ્રકલ્પનાના સંકલન માટે (Universal Biblographic Repertory નામથી બેલ્જિયમ આ બે વાઙ્મય સૂચિકારો કાર્યરત હતા. જે પ્રકાશિત માહિતીની વ્યાપક એવી વર્ગીકૃત સૂચિ હતી.

ઓટલેટ વૈશ્વિક વાઙ્મયસૂચિ યુનિવર્સલ બિબ્લીયોગ્રાફીની યોજનામાં નોંધોની ગોઠવણીને સાર્થક કરવાની શોધમાં હતાં અને તેમને આ હેતુ માટે DDC સૌથી ઉત્તમ અને ઉપયોગી જણાઈ. આથી મેબ્યિલ ડ્યૂઇની વર્ગીકરણ પદ્ધતિને ફ્રેંચ ભાષામાં અનુવાદ કરવાની મંજૂરી મેળવી લીધી. ડીડીસીના નીચે દર્શાવેલા ગુણોને લીધે ઓટલેટ અને ફોન્ટેન પ્રભાવિત થયા હતા.

1) તે માનવ જ્ઞાનનું વર્ગીકરણ હતું.

2) તે અંકોની આંતરરાષ્ટ્રીય ભાષા હતી.

3) ડીડીસી (DDC) ની ભાષામાં દશાંશ અંકોનો સમાવેશ થતો હોઈને તેને સરળતાથી વિસ્તારી શકાય, એટલું જ નહિ પણ નવા વિષયોને પણ આંતરરાષ્ટ્રીય વાઙ્મયસૂચિ માટે જરૂરી એવી વિગતો સામે યોગ્ય ક્રમમાં મૂકી શકાય. ગમે તેમ પણ ઓટલેટને ડીડીસીનો પાટ અને તેને ફ્રેંચ ભાષામાં માત્ર અનુવાદ કરવાના ઉછીના કાર્યથી સંતોષ નહોતો. ડેસિમલ ક્લાસિફીકેશન વિકસાવવાના માનને તેઓ લાયક બન્યા, સાહિત્યની ગોઠવણી અને પુનઃ પ્રાપ્તિના બહુશ્રુત સાધન વિકસાવવાને લઈને માનને પાત્ર બન્યા. મૂળયોજનામાં ઘણું નવીનીકરણ દાખલ કર્યું હતું, જેમકે,

1) યુડીસી એ ઉચ્ચ કક્ષાની સંયોજનાત્મક યોજના બની.

2) વિષયોની વચ્ચેના ઘણાં બધા સંબંધોની ઓળખ આપીને તેને રજૂ કરતાં પ્રતીકો આપ્યા.

3) ઘણાં બધાં વિષયોની સમાન ખાસિયતોની અલગથી યાદી બનાવીને, અંકોની વધારાની સારણી દ્વારા જ્યાં જરૂર પડે તેમાં ઉમેરી શકાય તેવી બનાવી.

સહાયકો અને સંયોજનની ખાસિયતો રજૂ કરીને યુડીસીને અંકોની રજૂઆતમાં ઉચ્ચ સ્તરીય

વિગતો અને કરકસરતા સિદ્ધ કરેલ છે. ઓટકોટે વિગતોના સ્તરની અભ્યાસ કર્યો અને કોન્ટેને તેના હેતુ અને સેવાને અનુરૂપ ડીડીસીના ફ્રેંચ આવૃત્તિના નવિનીકરણનો હેવાલ માટે તૈયાર કર્યો.

યુડીસીની પહેલી આવૃત્તિ 'Handbook to the Universal Bibliographic Reportory' નામથી ઓળખાતી હતી, જે ફ્રેંચ ભાષામાં 1904 થી 1907 સુધીમાં Institute International de Bibliography (IIB) એ પ્રકાશિત કરી હતી. બીજી આવૃત્તિ 1927 થી 1933ના સમયગાળામાં બહાર પડી. પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાંના સમયમાં યુડીસી સુધારણાનું અને વિસ્તરણનું કાર્ય હાથ ધરાયું હતું, તે વિશેષતઃ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગમાં સંદર્ભમાં હતું.

આ વિભાગોના વિસ્તરણનું કાર્ય નેધરલેન્ડમાંથી Donker Duyuis એ 21 કર્યું હતું, જેઓ યુડીસીના સંપાદકોમાંના એક હતા. મૂળ વર્ગીકરણનું વિસ્તરણ એટલું બધું વિસ્તૃત અને વ્યાપક હતું કે પહેલી આવૃત્તિના 33000 પેટાવિભાગો 2જી આવૃત્તિમાં 70000 અને ત્રીજી આવૃત્તિમાં 1,40,000 સુધી વિસ્તાર્યા, જે 1934 અને 1951ની વચ્ચે પ્રકાશિત થયાં હતાં.

યુનાઈટેડ કિંગ્ડમ્ (બ્રિટન)માં અને ત્યાંથી કોમનવેલ્થ સુધી યુડીસીની ખ્યાતિ માટે અને પ્રથમવાર રજૂ કરવાનું યશ પ્રલેખનવિદ્યાના ક્ષેત્રમાં પહેલ કરનારા એસ.સી. બ્રેડફોર્ડને ફાળે જાય છે. યુડીસીમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના સાહિત્યનું મહત્તમ સંતોષકારક વર્ગીકરણ યોજનાની બાબતમાં કદાચ બ્રેડફોર્ડનું નામ આવે. યુડીસીની અંગ્રેજી સંપૂર્ણ આવૃત્તિના પ્રકાશનની પ્રારંભિક જવાબદારી Biritsh Society for International Bibliography અને ASLIB ને ફાળે જાય છે. તેના કેટલાક ભાગો 1939માં પ્રકાશિત થયા હતા. તેમ છતાં પછીથી Biritish Standard Institute (BSI) એ જવાબદારી ઉપાડી લીધી. ત્યાર પછી હંમેશાં યુડીસી અને તેના ભાગ્યે બ્રિટીશ સ્ટાન્ડર્સ તરીકે પ્રકાશિત થાય છે. યુડીસી 'ઈન્ટરનેશન મીડિયમ એડિશન (BS 1000 M : 1945) 1985 માં બે ભાગોમાં પ્રકાશિત થઈ હતી - ભાગ-1 : Systematic Tables (1985) અને ભાગ-2 Alphabetical Subject Index (1988). તેની અદ્યતન આવૃત્તિ IME (આઈએમઈ) અંગ્રેજી પાઠ, આવૃત્તિ 2 : (BS 1000M) : ભાગ-1 Systematic Tables અને ભાગ-2 Alphabetical Subject Index (BSI, 1993) માં પ્રકાશિત થઈ.

યુડીસીની જાળવણી માટે અધિકૃત ભાષાઓ છે. મૂળ 'ઈન્સ્ટિટ્યૂટ ઈન્ટરનેશનલ ડી બિબ્લિયોગ્રાફી' 1961માં The Institute International de Documentation બની. 1939માં ફરી બીજું નામ ધારણ કર્યું. તે Federation International de Documentation (FID) બની, જેનું વડુમથક નેધરલેન્ડમાં હેગ ખાતે આવેલું છે. એફઆઈડીએ તેના નામમાં Infermation શબ્દ ઉમેર્યો છે. હવે તે Federation International d' Infermation et de Documentation / International Federation for Information and Documentation નામથી ઓળખાય છે. યુડીબીને લગતાં અધિકૃત સુધારા અને વધારા વાર્ષિક સ્વરૂપ 'Extensions and Corrections to the UDC' માં જોવા મળે છે. શરૂમાં, આ અર્ધવાર્ષિક પ્રકાશન હતું.

તમારી પ્રગતિ ચકાસો

1) યુડીસીને વાસ્તવમાં વિશ્વવ્યાપક કેમ કહેવાય છે ? ઓછામાં ઓછાં પાંચ કારણો જણાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

12.3 સ્વરૂપ અને માળખું (NATURE AND STRUCTURE)

હવે તમે જાણકારી છે કે યુડીસીએ ડીડીસી ઉપર આધારિત છે અને તે મૂળ ડીડીસી પદ્ધતિ ઉપર સુધારા કર્યા છે. અનેક સુધારણાના પુરાવા યુડીસીમાં સારાંશરૂપે નીચે પ્રમાણે છે :

1) ડીડીસી અને યુડીસી બેઉ સામાન્ય વર્ગીકરણો છે. તેમ છતાં યુડીસીની વિશિષ્ટ વિષયની આવૃત્તિઓ પ્રાપ્ય છે અને આ બધી સ્પેશિયલ ક્લાસિફીકેશનની કક્ષા હેઠળ મૂકી શકાય છે.

2) યુડીસીએ વિગતનું પ્રમાણ સિદ્ધિ કરેલ, જે સામાન્ય અને વિશિષ્ટ એવા સહાયકો અને અન્ય કેટલીક યુક્તિઓ જે વાઙ્મય સૂચિથી ઉપયોગ માટે તેને યોગ્ય બનાવે છે. આ કારણને લઈને યુડીસીના સંપાદકો ડીડીસીને સ્થાને તેને બબ્લિયોગ્રાફીક ક્લાસિફીકેશન (વાઙ્મયસૂચિય વર્ગીકરણ) તરીકે ઓળખાવે છે, જેને ગ્રંથાલય વર્ગીકરણ તરીકે જોવામાં આવે છે.

3) મૂળભૂત રીતે ડીડીસી અને યુડીસી બંને ગણનાક્ષમ વર્ગીકરણો (તેઓ તેનો પાદામાં સંયુક્ત વર્ગો વ્યાપકપણે સમાવેલ છે), યુડીસી તેમ છતાં મુખકીય પદ્ધતિ છે, કારણ કે સામાન્ય ખાસિયતોને ઓળખી કાઢીને ઘણી કક્ષાઓ અને ગોઠવણીની તાલિકાઓ/કોઠાઓનો વ્યવહારુ ઉપયોગ કર્યો છે. આ દરેક મુખક છે.

ગમે તેમ એક દૃષ્ટિએ ડીડીસી અને યુડીસી બેઉ પદ્ધતિઓ હજુ એકસરખી જણાય છે, જેમ કે, વર્ગીકરણોની બાબતોમાં પદ્ધતિમાં વિવિધ પાસાં ધરાવતા વિષય વિવિધ સ્થાનોએ તેના સંદર્ભમાં જોવા મળે તે અર્થમાં તેની સૂચિ માત્રમાં એક સ્થાને સંગ્રહ કરેલ છે અન્યથા વિષયો તેના પાસાંની દૃષ્ટિએ વેરવિખેર પડેલા જોવા મળે છે.

1961માં પ્રકાશિત સંક્ષિપ્ત આવૃત્તિની (BS : 1000A : 1962) સૂચિના ઉદાહરણ નીચે દર્શાવેલ છે :

Marine

biology	57(26)
craft	629.12
denudation	551.35.054
engineering	629.12:621
insurance	368.23
products	639
etc.	

ઉપરના ઉદાહરણમાં, Marine એ વિભાવનાત્મક પદ અને સંદર્ભ અનુસાર તેને ઉપયોગ થાય છે, આ પદ્ધતિમાં છ જુદાં જુદાં સ્થાનોએ વહેંચાયેલ હોય છે. મુખ્ય તાલિકાઓને અનુસૂચિઓ કહેવાય છે અને યુડીસી ગણનાક્ષમ પાસાંને અભિવ્યક્ત કરે છે. સહાયક તાલિકાઓ પદ્ધતિની પૃથક્કરણીય-સંયોજિત ખાસિયત આપે છે. હવે આપણે યુડીસીની મુખ્ય તાલિકા જોઈએ.

12.3.1 મુખ્ય તાલિકાઓ (Main Tables)

ડીડીસીની જેમ, યુડીસી સંપૂર્ણ માનવજ્ઞાનનું ક્ષેત્રની એક ઐક્યરૂપ તરીકે, એટલે કે દસ વ્યાપક વર્ગોને દશાંશ અપૂર્ણાંકો વિભાજિત કરેલ છે. આ દસ વ્યાપક વર્ગો આ પ્રમાણે છે :

0 સર્વસામાન્ય વિષયો, વિજ્ઞાન અને જ્ઞાન, સંસ્થાઓ, માહિતી વગેરે.

1 તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન

2 ધર્મ, ઈશ્વર ધર્મશાસ્ત્ર

3 સામાજિક વિજ્ઞાનો, અર્થશાસ્ત્રો, કાયદો, સરકાર વગેરે

4 ખાલી

5 ગણિતશાસ્ત્રો અને પ્રાકૃતિક વિજ્ઞાનો

6 પ્રાયોજિત વિજ્ઞાનો, વૈદક, પ્રૌદ્યોગિકી

7 કલાઓ, આનંદપ્રમોદ, મનોરંજન, રમતો

8 ભાષા, ભાષાવિજ્ઞાન, સાહિત્ય

9 ભૂગોળ, જીવનચરિત્ર, ઇતિહાસ

સરળતાને ખાતર આરંભનું દશાંશ ચિહ્ન રદ કરવામાં આવ્યું છે. આથી 0 એ માત્ર 0 અને 1 એ 1 માત્ર છે. આમ, આગળ વધે. 1963માં વર્ગ 4 રદ કર્યો અને ભવિષ્યના વિકાસ માટે જગ્યા કરી મૂળ વિષય ભાષાવિજ્ઞાનને (વર્ગ-4)ને વર્ગ 8 સાહિત્યમાં ભેગો કર્યો. આરંભ કરવા સાથે આપણે વર્ગ સાર્વવૈષયિક છે તેને વિષે જોઈશું.

સાર્વવૈષયિક (Generalities) યુડીસીએ 001થી 09 એ સાર્વવૈયક્તિક વર્ગને વ્યાપકપણે વિસ્તારેલ છે. સાર્વવૈયક્તિકો સામાન્ય રીતે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીને સ્પર્શે, મંડળો, માહિતી, પ્રલેખન, ગ્રંથાલયીત્વ, સંસ્થાઓ, પ્રકાશનો વગેરે, તે પોતે જ સ્વાતંત્ર્ય એવી વિદ્યાશાખા નથી, પણ જ્ઞાનના સમગ્રના સંગ્રહનો પ્રસ્તુત કરે છે. આ સાર્વવૈયક્તિકો આ પ્રમાણે છે :

001 Science and Knowledge in General..., etc. . -

002 Documentation. Books. Writing. Authorship

003 Semiotics. Syntactics. Semantics in General. Writing. Scripts. Notations. Signs. Symbols

004 Vacant

005 Study of Organisation. Methodology. Analysis. Synthesis. Classification and Taxonomy. Theory. Principles. Systematisat on in General.

006 Stan,dardisation and Standards; etc.

007 Activity and Organising. Information. Communication and control theory..., etc.

008 Civilisation. Culture. Progress ;

009 Humanities. Acts. Subjects in General.

સાર્વવૈષયિક વર્ગનું અન્ય જૂથ 01 થી 09માંથી આ પ્રમાણે છે :

001 Bibliography and 'Bibliographies. Catalogues

002 Librarianship

003 Encyclopaedias. General Reference Works

004 Collections... Pamphlets. Lectures. Papers

005 Serial Publications. Periodicals

006 Organisations... Associations. Congresses. Exhibitions. Museums

007 Newspapers. Journalism. The Press

008 Polygraphies. Collective Works

009 Manuscripts. Rare and Remarkable Works... etc.

સાર્વવૈષયિકોમાં 01 થી 09 એ સામાન્ય સહાયક સ્વરૂપ સાથે ગૂંચવી નાખે એવાં છે એની ચર્ચા આ પછીના પેટા-વિભાગ વધુ 01 વાઙ્મયસૂચિઓ 03 જ્ઞાનકોશો અને 05 ક્રમિક પ્રકાશનોના સંદર્ભ કરીશું. શું યાદ રાખવું એ જરૂરી છે કે જ્યારે સાર્વવૈષયિક સ્વતંત્ર નંબર તરીકે ઉપયોગમાં લેવાય, સામાન્ય સહાયકો સ્વરૂપ તરીકે પ્રયોજાય ત્યારે કોઈ વર્ગ અંકને જોડાય છે અને કૌંસમાં જ મૂકાય છે. આમ,

030.1 એનસાયક્લોપીડિયા બ્રિટાનિકા (સરળ અંક)

02(031) એનસાયક્લોપીડિયા ઑફ લાઇબ્રેરિયનશીપ (સામાન્ય સમક્ષક)

આ સાર્વવૈષયિક વર્ગ - તેઓ એ પછી આપણે સૈદ્ધાંતિક વર્ગો તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ.

સૈદ્ધાંતિક વર્ગો : આપણે જોયું છે કે યુડીસીએ સમગ્ર માનવજ્ઞાનને દસ વ્યાપક વર્ગોમાં 1-9 વિભાજિત કરેલ છે. આ વર્ગો એ સૈદ્ધાંતિક વર્ગો છે. આ દરેક સૈદ્ધાંતિક વર્ગોનું વધુ વિભાજન-દસ સ્વરૂપ સૂક્ષ્મ સ્વરૂપો રૂપે વર્ગોનું વિભાજન આ પ્રમાણે છે.

ઉદાહરણ રૂપે 5 મેથેમેટિક્સ એન્ડ નેચરલ સાયન્સીસ અને એ કેવી રીતે વિભાજ્ય છે તે જોઈએ.

50 Generalities about the Pure Sciences

51 Mathematics

52 Astronomy. Astrophysics. Space Research Geodesy

53 Physics

54 Chemistry, Mineralogical Sciences

55 Earth Science. Geology. Mineralogy, etc.

56 Palaeontology

57 Biological Sciences in General

58 Botany

59 Zoology

વ્યાપક વર્ગ-5ના તાર્કિક વિભાજનો છે, તેઓ આરંભનો 5નો અંક જાળવી રાખેલ છે. યુડીસીની સંજ્ઞા અહીં ડીડીસીના ત્રણ અંકોના સિદ્ધાંતથી ફંટાઈ જાય છે. યાદીઓમાંની પહેલી યાદીમાં (0-9) માત્ર એક અંકની સંખ્યાઓ છે, જ્યારે બીજી પણ દરેક (50-

59) બે અંકોના હોય છે. આમ તમે જોવો કે, ધ્યાનમાં આવશે કે ઘટતી જતી વ્યાપકતા અને આથી કરીને વધતી જતી ગહનતા, સાથે અંકો લાંબાતા જાય છે. ઉપરના બે અંકોની સંખ્યાઓ વધુ દસ વર્ગોના પેટા-વિભાગોના, દરેકના ત્રણ અંકેની સંખ્યા ફાળવેલ છે. યુડીસી ઇન્ટરનેશનલ મીડિયમ એડિસનના સંપાદકો 'અંકોના વંશાનુબદ્ધતા એ વિભાવનાત્મક વંશાનુબદ્ધતામાં પ્રતિબિંબિતા' તરીકે કહે છે. ટૂંકમાં અંકોની લંબાઈની વિગતોને માત્ર સૂચિત કરે છે. 53 Physics નું વિભાગીકરણ જોઈ શકીએ છીએ.

531 General Mechanics. Mechanics of Solid and Rigid Bodies

532 Fluid Mechanics in General Mechanics of Liquids

533 Mechanics of Gases.. Aeromechanics. Plasma Physics

534 Vibrations. Acoustics

535 Optics

535.1 Theory of light

.2 Propagation and energetics of radiation. Photometry

.3 Propagation. Reflection. Refraction. Absorption. Emission,

.4 Interference. Diffraction. Scattering by diffraction

.5 Polarisation. Double refraction. Dispersion in anistropic bodies

.6 Colours and their properties. Colour theory

535.62 Composition of colours..., etc.

.64 Colour systems..., etc.

.643 Trichromatic systems

.1 Physiological chromaticity systems

.2 Standard chromaticity systems

536 Heat. Thermodynamics

537 Electricity. Magnetism. Electromagnetism

538.9 Physics of Condensed Matter

539 Physical Nature of Matter

આપણે પોતે જ કેવી રીતે, ઉપરના દાખલામાં આંકડાકીય વંશાનુબદ્ધતા વિભાવનાત્મક વંશાનુબદ્ધ કેવું છે તે જોઈ શકીએ છીએ. દરેક બહોળો વર્ગના દસ વર્ગોમાં વિભાજિત

કરીને મર્યાદિત વર્ગોમાં અંકો ઉમેરતા અનેએ જ રીતે દરેક મર્યાદિત થતો વર્ગ વધુ દસ વર્ગોમાં મર્યાદિત થતાં થતાં એ જ રીતે વધુ આગળ વિભાજિત ન થાય ત્યાં સુધી વિભાજન પાડવામાં આવે છે. આ ઉદાહરણને ટૂંકાવી બે આંકડાકીય અને વિભાવનાત્મક વંશાનુબદ્ધતા એ પોતે જ સ્વયં-પુરાવો છે. આ રીતે :

5	Natural Sciences
53	Physics
535	Optics
535.6	Colours and their properties. Colour theory
535.64	Colour systems..., etc.
535.643	Trichromatic systems
535.643.2	Standard chromaticity systems

5 વ્યાપકવર્ગમાંથી આંકડાકીય વંશાનુબદ્ધથી 535.643.2 (ગહન વર્ગમાં) દરેક વખતે એક અંક ઉમેરતા જઈએ, કુલ છ વાર અંકો ઉમેરાય છે. આ જ રીતે દરેક વિભાજન, આપણે નીચેની તરફ નિભાવનાત્મક રીતે 5 નેચરલ સાયન્સીસથી સ્ટાન્ડર્ડ ટ્રીકોમેટિક સિસ્ટમ્સનો અભ્યાસમાં ઓપ્ટિકલ એ ફિઝિક્સ, નેચરલ સાયન્સ, આમ વ્યાપક વિષયગહન વિભાવના તરફ આગળ વધીએ છીએ. આમ, યુડીસીના વિભાજનમાં સામાન્યથી વિશિષ્ટનો સિદ્ધાંતને અનુસરીએ છીએ. વધુમાં વધુ વ્યાપકતાથી સૌથી ઊંચી ગહનતા પ્રાપ્ત થાય છે. અહીં આપણે એ યાદ રાખવાનું છે કે વર્ગમાં અંક ઉમેરતા દસ વર્ગ જ પ્રાપ્ત થાય છે અથવા કેટલાક કિસ્સામાં પેટા-વિભાવના ખાસિયતને રજૂ કરે છે જે વિભાજનનો પાયો હોય છે.

વંશાનુબદ્ધતામાં દરેક વર્ગ જે વિભાજિત થાય છે તેને આધારિત કહેવાય છે. આ પેટાવિભાજનો તેઓ જાતે જ સરખા દરજ્જાના છે. તે જે વર્ગમાંથી મેળવાય એ વર્ગને આધારિત જ હોય છે.

યુડીસીની મુખ્ય તાલિકાઓ, અગાઉ દર્શાવ્યા પ્રમાણે, કોઠાગત ખાસિયતોવાળી છે. હવે આપણે તેના સહાયક તાલિકામાંથી અભિવ્યક્ત થતી સંયોજનાત્મક ખાસિયતોનો અભ્યાસ કરીશું.

તમારી પ્રગતિ ચકાસો

2) યુડીસી એ ડીડીસીથી કઈ રીતે ભિન્ન પદ્ધતિ છે તે દર્શાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

12.3.2 સહાયક તાલિકાઓ (Auxiliary Tables)

યુડીસીએ બે પ્રકારના સહાયકો સામાન્ય અને વિશિષ્ટ વિકસાવ્યા છે. આ સહાયકો યુડીસીની સૌથી વધુ નવીનતા અને પ્રભાવક લક્ષણ માનવામાં આવે છે. આ સહાયકોની મદદ વડે સંજ્ઞા દ્વારા સંયુક્ત અંકો રચાય છે. સંયુક્ત અંકોએ હંમેશાં તાલિકામાં એકથી વધુ વાર સંયોજિત કરીને રચી શકાય છે. દા.ત., આપણે બે બે અંકોને વિષે આપણી ચર્ચા કરી છે, જે આ મુજબ છે.

030.1 Encyolopaedia Britanica

02(031) Encyclopaedia of librainship

030.1 એ સરળ અંક સાર્વવૈષયિક તાલિકામાંથી લેવાયો છે, જ્યારે 01(031) એ સંયુક્ત અંક, બે ઘટકોનો 02 Librarianship અને (031) Encyclopaedia બે અલગ તાલિકામાંથી લીધો છે, એટલે કે, સાર્વવૈષયિક અને સામાન્ય સહાયકો. આ બીજો અંક સંયોજન દ્વારા રજૂ કરે છે.

સંપાદકોના શબ્દોમાં સામાન્ય સહાયકો સામાન્ય રીતે પુનઃ પ્રચલિત ખાસિયતો છે, એનો અર્થ એટલે તે બધા વિષયોને માટેની તે સામાન્ય એવી ખાસિયતો સૂચિત કરે છે. વિશિષ્ટ સહાયકો સ્થાનીય પુનરાવર્તિત ખાસિયતો સૂચિત કરે છે. આપણે પહેલાં સામાન્ય સહાયકો અને પછી વિશિષ્ટ સહાયકો જોઈએ.

12.3.3 સામાન્ય સહાયકો (Common Auxilliaries)

સામાન્ય સહાયકો માટે બે પ્રકારના પ્રતીકો છે : ચિહ્ન અને પેટા-વિભાજનો.

ચિહ્નો (Signs) : ચિહ્નો એ બે અંકો વચ્ચેનાં સંબંધ દર્શાવતા ચિહ્નો એ સંયુક્ત વિભાવનાને સ્વરૂપનો દર્શકો છે. આ ચિહ્નો આ પ્રમાણેના છે.

\+ Plus meaning and 622+669 Mining and metallurgy

/ Stroke meaning from ... to ... (7/8) North and Central America and South America .

: Colon meaning reversible relation -

17:7 Ethics in relation to art

or 7:17 Art in relation to ethics

: : Double Colon meaning irreversible relation 77.044::355 War photography. Since it is irreversible, it cannot be 355::77.044

[ ] Square brackets meaning subgrouping as understood in algebra ,[622+669] (4851 Mining and metallurgy in Sweden

\+ વત્તાનો અર્થ અને 622 + 669 ખાણકામ અને ધાતુવિદ્યા

સ્લેશ/ત્રાંસી રેખા થી ... તે તરફ (7/8) નોર્થ એન્ડ સેન્ટ્રલ અમેરિકા અને સાઉથ અમેરિકા

વિસર્ગ ચિહ્ન ઉલટો સંબંધ/પાછળ ખસવાનો સંબંધ

17:7 તૃતિશાસ્ત્રના સંબંધમાં કલા

7:17 કલાના સંબંધમાં નીતિશાસ્ત્ર

:: બેવડા વિસર્ગ ચિહ્નો ઉલટાવી ના શકાય તેવા સંબંધો

77.044::355 યુદ્ધની ફોટોગ્રાફી. તે ઉલટાવી ન શકાય, તેવી

355::77.044 રચી ન શકાય.

[ ] ચોરસ કૌંસો અર્થ પેટાજૂથ બીજગણિતમાં સમજાવે છે તે રીતે [622 + 669] (485) સ્વીડનમાં ખાણકામ અને ધાતુવિજ્ઞાન.

આ ચિહ્નો સંબંધદર્શકો છે જે યુડીસીના અંકને જોડવાની કડી છે. તેમાં પોતાની જાતે કોઈ અંકો નથી. આથી કરીને તેઓ વિભાજિત થઈ શકતા નથી. વત્તાનું ચિહ્ન સંબંધને જોડી આપે છે પણ બીજા અનુક્રમ અંકો. ઉદાહરણમાં પ્રમાણે 622 (Mining) અને 669 (Metallurgy) - પરંતુ / ત્રાંસી રેખા (Stroke) અનુક્રમ અંકોને જોડે છે, દા.ત., (7) અને (8) (નોર્થ એન્ડ સેન્ટ્રલ અમેરિકા અને સાઉથ અમેરિકા : ઉત્તર અને મધ્ય અમેરિકા અને દક્ષિણ અમેરિકા). આથી 643/645 એનો અર્થ 643 + 644 + 645. વિસર્ગ ચિહ્ન બે સુસંગત વર્ગો વચ્ચે સંબંધ સૂચિત કરે છે. જેમ કે 17:7 જેમાં તેઓ તેમ ઉલટો કરવા છતાં અર્થ બદલાતો નથી. ચોરસ કૌંસ બીજ ગણિતના સૂત્રની યુક્તિ સૂચવે છે. ગહન વિષયની રચના બે અથવા વધુ અંકો સાથે વત્તા અથવા વિસર્ગ ચિહ્ન મૂકીને અંકોની રચના કરી શકાય છે. સંપૂર્ણતઃ આ : (વિસર્ગ) ચિહ્ન દ્વારા અન્ય વિષય સાથે જોડી શકીએ છીએ, અથવા સામાન્ય અથવા વિશિષ્ટ સહાયકો દ્વારા ફેરફાર કરી શકાય.

[622+669] (485)	Mining and metallurgy in Sweden. (mining and metallurgy taken as a whole and mofied by a common auxiliary of place - Sweden)
[622+669] (485):31	Statistics of mining and metallurgy in Sweden.
31:[622+669] (485)	(mining of metallurgy taken as a whole and related to another subject - statistics)

બેવડા વિસર્ગ ચિહ્નો સંયુક્ત વિષયમાંના અંગોનો ક્રમ નિશ્ચિત કરી આપે છે. એટલે કે 77.044ॐ:355 War photography (યુદ્ધની ફોટોગ્રાફી), જેમાં 77.044 એ સમાચાર ફોટોગ્રાફી અને 355 એ યુદ્ધ, તેને પાત્ર સમાચાર ફોટોગ્રાફી હેઠળ જ સ્થાન અપાય, 'યુદ્ધ' હેઠળ ન અપાય, આ અંક ઉલટો કરી ન થઈ શકે તેવો છે.

સહાયક પેટા-વિભાજનો : સામાન્ય સહાયક પેટાવિભાજનો આંકડાકીય તાલિકા રૂપે આપવામાં આવ્યાં છે. તે વંશાનુબદ્ધ રીતે ગણનાપૂર્ણ છે. જો કે તે મુખ્ય તાલિકાઓની જોડે ભળતાં છે, તેઓ પોતાના વિશિષ્ટ પ્રતિકો (ચિહ્નો) ભિન્ન પડે છે. આ પ્રતિકો અંકોની પૂર્વે જોડવામાં આવે છે, અથવા તો તે અંકો કૌંસમાં મૂકાય છે. આ બધા સામાન્ય સહાયકો બધા અથવા મોટા ભાગના વિષયો વારંવાર જોવા મળતી ખાસિયતો છે. પદ્ધતિમાં તેના ક્રમ માત્ર એક જ વાર યાદીરૂપે રજૂકરેલ હોઈને જ્યારે જરૂર પડે ત્યારે તેમાંથી લઈને જોડવામાં આવે છે. આમ, સામાન્ય સહાયક પેટાવિભાજનો, સંયોજનની સુવિધા પૂરી પાડે અને સ્મૃતિસહાયક (અંકો) સર્જે છે. આ પ્રતિકો તેની સાથે સંકળાયેલ હોઈને તેને મુખક સૂચકો તરીકે લઈ શકાય છે. દા.ત., કૌંસ એ 'સ્થળમૂલક' સૂચિત કરે છે અને અવતરણ ચિહ્નો એ કાળમુખક સૂચવે છે.

આ સામાન્ય સહાયક પેટા-વિભાજનો સ્વતંત્ર અને આધારિત સહાયક તાલિકાઓ રૂપે બે જૂથમાં વહેંચાય છે. કોઈ પણ યુડીસીના અંકોની સાથે જ્યાં યોગ્ય જણાય ત્યાં જોડી શકીએ છીએ. ગમે તેમ, સ્વતંત્ર સહાયક પેટા વિભાજનો વધારામાં પોતાના સ્વરૂપને દર્શાવવા માટે પ્રલેખના પૂરાં વર્ગાંકમાં ઉપયોગમાં લેવાય છે. આ સ્વતંત્ર સામાન્ય સહાયકો પેટા વિભાગો આ પ્રમાણે છે :

as independent (સ્વતંત્ર તરીકે)		**as dependent** (આધારિત તરીકે)	
language =	=30 German language	622=30	documents in German about mining.
form (0...)	(043.2)54 Theses in chemistry with other theses.	54(032.2)	Theses in chemistry kept along with other chemistry books
place (1/9)	(73)339.5.053 USA, trade balance (area studies)	339.5.053(73)	economics
race (=...)	(=97)39 North American folkolre (under race).	39(=97)	folklore
time "..."	"18"785.7 19th Century chamber music (under century).	785.7``18"	music

આધારિત સામાન્ય સહાયક પેટા વિભાજનો આ છે :

point of view .00	622 mining and .002.5 production, plant, machinery equipment. Hence, 622.002.5 is plant machinery equipment in mining.
material-03	applicable through most of the main lables, e.g., 62.03 is materials in engineering.
persons-05	294.3 is Buddhism. Hence, 294.3-05 is Buddhists.

12.3.4 વિશિષ્ટ સહાયકો

યુડીસીમાં સામાન્ય સહાયકોથી ભિન્ન રીતે, વિશિષ્ટ સહાયકો એક સ્થાને યાદીરૂપ આપ્યા નથી, તેઓ સ્થાનીય વારંવારની ખાસિયતો જેવા છે, એનો અર્થ એ થાય કે તેઓ વ્યાપક રીતે પ્રયોજાતા નથી. વિશિષ્ય સહાયકો તાલિકાઓમાં વિશિષ્ટ સ્થળોએ આપેલ છે અને તે વિષમની અંદર જ લાગુ પાડવામાં આવે ત્યાં જ એ વિભાવનાની યાદી છે. પ્રસ્તુત કરે છે. મોટા ભાગના વિશિષ્ટ સહાયકો ગણનાક્ષમ (કોઠામાં) છે. તેને સંયોજિત કરવા માટેની એક માત્ર ચિહ્ન (') ઉલટાવેલું અલ્પવિરામ છે. જ્યાં તેઓ સૂચિત કરેલ છે ત્યારથી માત્ર વિશિષ્ય સહાયકોનો લાગુ પાડી શકાય, એ જ સંજ્ઞા અન્ય જગ્યાએ પ્રયોજાયેલી હોઈ શકે છે, જ્યાં તેનો ભિન્ન / અલગ અર્થ જોડાયેલ હોય છે. આ વિશિષ્ટ સહાયકો મુખ્ય અંકોને છેડે જોડવાનો હોય છે. આ સ્વતંત્ર અંકો તરીકે ઉપયોગમાં લેવાતા નથી.

વિશિષ્ટ સહાયકો તાલિકામાં જ્યાં આવ્યા હોય ત્યાં એના ઉપયોગ કરવા વિષેની સૂચના આપેલી હોય છે. ઉદાહરણ તરીકે, 62 ઇજનેરી; નીચે પ્રમાણેની સૂચનાના સંપર્કમાં આવીએ છીએ.

'62 નીચે -1/-9 યાદીમાં આપેલા વિશિષ્ટ સહાયકો 61/69 માંના અન્યથા સૂચિત કરેલ હોય ત્યાં દરેક ભાગમાં તેઓનો અમલ કરી શકીએ છીએ.

વિશિષ્ટ સહાયકોમાં ત્રણ પ્રકારની સંજ્ઞાઓનો ઉપયોગમાં લેવાયેલ છે તેઓ આ પ્રમાણે :

હાઈફન શ્રેણીઓ : -1/-9 એ ઘટકો, ભાગો, વસ્તુઓના ગુણો, અને અન્ય જે કોઈમાં મુખ્ય અંકો સાથે સૂચિત કરેલ હોય, જેનો લાગુ પાડવામાં આવે છે. ઉદાહરણ માટે :62/69 ઇજનેરી અને યાંત્રિકી શ્રેણીના દરેક ભાગ લાગુ પાડી શકાય.

પોઈન્ટ-નોટ સિરીઝ : .01/.09 અભ્યાસ પ્રવૃત્તિઓ, પ્રક્રિયા, કાર્ય, પ્લાન્ટ અને સાધન અર્થ સૂચિત કરે છે. ઉદાહરણ માટે 3.07/8 એટલે સંસ્થામાં અધિકાર અને કર્મચારીઓ.

ઉલટાવેલ અલ્પવિરામ (', ચિહ્ન શ્રેણીઓ : '1/.'9. હાઇફન અને પોઈન્ટ - નોફ શ્રેણીના જેવું નહિ, આ કાર્યમાં કૃત્રિમ અને પૂર્ણ અને સંયુક્ત વિષયો સૂચિત કરે છે. તે બધા એ સ્થળે પૂરેપૂરી યાદી રૂપે હોય છે, પણ પણ બીજે ક્યાંક યુડીસીની સમાંતર વિભાજનની યુક્તિઓ દ્વારા મેળવાય છે. દા.ત.,

329.17 `23' 12 Nationalist - Republican - Liberal Parties
[(319.17, 329.23 અને 329.12 એ બધાનું સંયોજન છે)

વિશિષ્ટ સહાયકો એકલા જ અથવા અન્ય સહાયકો જોડે એકત્રિત જૂથમાં વપરાય છે.

329.052 Opposition Parties (વિરોધ પક્ષો)

320.053.52 Opposition Spinter Parties

વિરોધી જૂથના પક્ષો.

તમારી પ્રગતિ ચકાસો

3) મુખ્ય તાલિકાઓ અને સહાયક તાલિકા વચ્ચે અને સામાન્ય સહાયકો અને વિશિષ્ટ સહાયકો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી દર્શાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

12.3.5 સમાંતર વિભાજન

યુડીસીમાં અન્ય યુક્તિ છે, જે વિશિષ્ટ સહાયકોની બરાબર છે, જે ડીડીસીમાં 'માં ઉમેરો'ની વિશિષ્ટ સૂચના જેવાં છો. એ જ રીતનો ઉપયોગ સંજ્ઞાને સૂચિત કરે કે એકથી વધુ સ્થળની વિભાવના આપી હોય છે. તેને સમાંતર વિભાજન તરીકે ઓળખાય છે. તાલિકાઓમાં પેટા-વિભાજન દ્વારા ચિહ્ન .... દ્વારા માહિતી સૂચિત કરે છે. આ ચિહ્ન એ સૂચિત કરે છે અંકની પૂર્વેની સંખ્યાને અનુસરતા સંબંધ વિભાજિત કરી શકાય. આ પરિણામ મળતી આવતી પંક્તિથી એ જ વિભાવનાઓ સરખા ચોરસ કૌંસના અંકોની સારીતા દ્વારા અભિવ્યક્ત થાય છે. ઉદાહરણ માટે

611.21/26 Respiratory system under anatomy	≡	616.21/.26 Respiratory system under pathology
611.21 Nose, sinus		616.21 Nose, sinus
.22 Larynx (voice box)		.22 Larynx (voice box)
.23 Trachea (wind pipe)		.23 Trachea (wind pipe)
.24 Lungs		.24 Lungs
.25 Pleurae		.25 Pleurae
.26 Diaphragm		.26 Diaphragm

આ કિસ્સામાં, 616ના પેટાવિભાજનોના સ્રોત અંકો જે લેવાયા છે અને લક્ષ્ય અંકો 611 હેઠળ એકસરખી વિભાવના અભિવ્યક્ત કરે છે. સમાંતર વિભાજનની યુક્તિ એ યુડીસીનું સ્મૃતિસહાયક લક્ષણ દર્શાવે છે.

12.4 સંજ્ઞા (NOTATION)

તમે જાણો છો કે સંજ્ઞાએ વર્ગીકરણ પદ્ધતિની વિભાવનાની સાંકેતિક લિપિ અને સામાન્ય રીતે ક્રમને અભિવ્યક્ત કરે છે.

યુડીસીની સંજ્ઞા નીચેના પ્રતીકોનું જૂથ ધરાવે છે :

i) દસ ભારતીય - અરબી અંકો : 0, 1 થી 9

ii) મોટાં કદના અને નાના કદના રોમન મૂળાક્ષરો

iii) વિરામચિહ્ન પૂર્ણવિરામ્, અર્ધવિરામ્, વિસર્ગ ચિહ્ન અને ઉલટાવેલ અલ્પવિરામ્

iv) ગાણિતિક ચિહ્નો : વત્તા અને બરાબરના ચિહ્નો

v) આ ઉપરાંત કૌંસ, ચોરસ કૌંસો, ત્રાંસી રેખા અને પલ્ટીના પ્રત્યયનું ચિહ્ન.

યુડીસીની સંજ્ઞાઓમાં વપરાયેલ પ્રતિકોની પદ્ધતિ પૂર્ણતઃ આ છે. અંકોનો ઉપયોગ માનવજ્ઞાનને વ્યાપક દસ ભાગમાં વિભાગે છે જેના સૈદ્ધાંતિક વર્ગો પડે છે જે વિભાગ 12.3માં તેનું સ્વરૂપ અને માળખું જોવા મળે છે. રોમન મૂળાક્ષર આ જગ્યાએ પ્રયોજાયા છે. તેઓના વિષયના ઉપયોગને સારી રીતે શોધી કાઢી શકીએ, ઉદાહરણરૂપે વર્ગ 'સાહિત્ય'એ લઈ શકાય. વિરામચિહ્નો અને ગાણિતિક ચિહ્નો ઉપયોગ સંયોજક પ્રતિકોએ સંયુક્ત અંકોમાંના પાયાના અંકોમાં સહાયક તાલિકાઓમાંથી ઉમેરાય છે. આ અંકો ક્રમવાચક મૂલ્ય છે અને ગાણિતિક મૂલ્યવાળી નથી. એનો અર્થ તેઓ દશાંશ વિભાજનો છે પણ પૂર્ણાંક નથી. વર્ગના વિભાજનોને કોઈ પણ બાબતના ક્રમનો ભંગ કર્યા વિના સુવિધાજનક છે. યુડીસી સંજ્ઞાની અન્ય ગુણો નીચેના પેટા-વિભાગોમાં સમજાવેલ છે.

12.4.1 સ્વાગતશીલ (Hospitability)

યુડીસી સંજ્ઞાની ધરાવતા અંકો, જે દશાંશ વિભાજનો છે, જેમાં નવા ઉદ્ભવના વિચારોને સમાવાય. જેને અનંત કાળ યોગ્ય રીતે સચવાય. આ માત્ર મુખ્ય અંકો માટે જ નહિ

પણ સહાયકો માટે સારું છે. સંજ્ઞા સ્વાગતશીલ છે અને જરૂરી એવી વિગતોના સ્તર સુધી પહોંચવાને શક્તિમાન છે. તે વંશાનુબદ્ધ છે, ત્યાં સુધી, સામાન્યથી વિશિષ્ટ ગતિ પકડી શકે છે, તે વર્ગોનો ક્રમ અભિવ્યક્ત કરે છે. નીચેનું ઉદાહરણ લો.

6	Technology
62	Engineering
621	Mechanical Engineering...Electrical Engineering, Machinery
621.3	Electrical Engineering
621.39	Telecommunication. Telecontrol
621.396	Radiocommunication apparatus and methods (Radio).
621.396.7	Radio stations

કોઈ પણ સ્થાને સાંકળની વંશાનુબદ્ધતા ગમે તે નવી વિભાવનાને અસ્તિત્વ ધરાવતી વિભાવનાઓના તેમને ખલેલ પાડ્યા વિના સમાવી શકાય છે. આ વિભાજન ઘટતી જતી વ્યાપકતા વંશાનુબધ વર્ગો ક્રમમાં સ્પષ્ટ રીતે અભિવ્યક્ત થાય છે.

12.4.2 મુખકીકરણ અને સંયોજન

યુડીસીના સંપાદકોનો દાવો છે કે આ પદ્ધતિ મુખકીય પદ્ધતિ છે. દરેક પુનરાવર્તિત કક્ષા એ મુખક છે અને એનું ઉત્તમ ઉદાહરણ સામાન્ય સહાયક તાલિકાઓએ મુખકીય રીતે રજૂ થાય છે. યુડીસીનો ઉદ્ધતાંશ ક્રમ મુખકો માટે લવીચકતા તેના સામાન્ય સહાયક તાલિકાઓમાં અભિવ્યક્ત થાય છે, આ માટેના પુરાવારૂપ ઉદાહરણે પેટા વિભાગ 12.3.3 (પેટા વિભાજનો)માં સામાન્ય સહાયકોમાં ચર્ચા કરેલ છે. તે આંતરપ્રક્ષેપ કહેવાતી યુક્તિનો ઉપયોગ કરીને જ્યારે જ્યાં જરૂર પડે ફેરફાર કરે, પુસ્તકોનો ક્રમ વધુ સહાયક ક્રમની દૃષ્ટિએ ગોઠવી શકીએ છીએ (જુઓ 12.4.3). આથી કરીને યુડીસી એ મુખકીય વર્ગીકરણ છે.

તે ઉચ્ચ પ્રકારની સંયોજનાત્મક યોજના છે. સામાન્ય રીતે દરેક મુખકીય પદ્ધતિ સંયોજનાત્મક માળખાવાળી યોજના હોય છે. વધારામાં ગમે તેમ પણ સામાન્ય સહાયક વિભાજનો સ્વરૂપે મુખકીય છે.

યુડીસી પોતેજ અન્ય સંયોજના યુક્તિઓ ધરાવે છે, જેવી કે,

1) પેટાવિભાજન 12:3:3માં સૂચવેલ ચિહ્નોનો ઉપયોગ (+, /, :, [ ], ::) બે અથવા વધુ અંકોને જોડવા માટે ઉપયોગમાં લે છે.

2) વિશિષ્ટ સહાયકો (12.34માં જુઓ (') ષષ્ઠીના સહાયકનું ચિહ્નનો ઉપયોગ

3) એક જ અંકમાં સાથે જોડવાની સુવિધા, બે વિશિષ્ટ સહાયકો, પેટા-વિભાગ 12.3.4માં દેખાય છે તે પ્રમાણે

ટૂંકમાં, યુડીસીની મુખ્ય નલિકાઓ વંશાનુબદ્ધ ગણનાત્મક ખાસિયત પ્રદર્શિત કરે છે, વધારાના સહાયકોની તાલિકાઓ મુખકીય અને સંયોજનાત્મક માળખું અભિવ્યક્ત કરે છે.

12.4.3 આંતર પ્રક્ષેપ

યુડીસીમાં મુખકો માટેનો ઉદધૃતાંશ ક્રમ એ લવચિકતા ભર્યો છે. આંતરપ્રક્ષેપનો ઉપયોગ સહાયકોના સ્થાને નિશ્ચિત કરે છે. સામાન્ય રીતે મુખ્ય અંકો માટેના સહાયકો પૂર્વગ અથવા અનુગ હોય છે. યુડીસીમાં મુખ્ય અંકને ખલેલ કરવાને સ્થાયી/નિશ્ચિત કરી શકાય. તે જ વખતે આ વૈકલ્પિક અભિગમ પૂરો પાડવો જરૂરી છે. ઉદાહરણ માટે :

622	Mining
622(410)	Mining in Britain
633.333	Mining of coal i
622.333(410)	Mining of coal in Britain
622.34	Mining of metal ores
622.34(410)	Mining of metal ores Britain

ઉપરોકત ગોઠવણીમાં બ્રિટનમાં ખાણકામ 'વિશેના પુસ્તકો ખાણકામ (Minins) વર્ગમાં અલગ પડી ગયેલ મળે. આદર્શ એ છે કે જો જરૂર પડે બ્રિટીશ માઈનીંગ ઉપરના પુસ્તકો એક સાથે જ લાવી શકાય. તેને એક સાથે લાવવા ત્યારે જ શક્ય બને છે કે, સ્થળ માટેનો સહાયક અંક ઉપરના દાખલામાં નિશ્ચિત સ્થાને ઉપયોગ કર્યો છે અને મુખ્ય વર્ગ ખલેલ પહોંચાડીને આ રીતે અંક રચાય છે.

622
622(410)
622.333(410)
622.34(410)

12.4.4 સ્મૃતિ સહાયકો (Mnemonic)

સામાન્ય સહાયક પેટા-વિભાજનો અને સમાંતર વિભાગ એ બે મુખ્ય સ્મૃતિસહાયક યુક્તિઓ યુડીસીમાં વાપરેલ છે. આ બન્ને યુક્તિઓ વિષેની ચર્ચાઓ વિગતે પેટા-વિભાગ 12.3.3 અને 12.3.5 માં કરવામા આવેલ છે. સ્મૃતિ સહાયકોને પરિણાપોથી સરખી સંજ્ઞાનો ઉપયોગ આપેલ વિભાવના ને પ્રતિબિંબિત રજુ કર્યેછે, આ વિભાવના પદ્ધતિમાં જોવા મળે છે.

12.4.5 ગોઠવણીનો ક્રમ (Filing Order)

યુડીસીના પ્રતિકોના ગોઠવણીનો ક્રમ સામાન્યમાંથી વિશિષ્ટ તરફ પ્રગતિના આધાર ઉપર રહેલ છે. આમ, સામાન્ય સહાયકો સ્વતંત્ર અંક ઉપયોગ થયો ત્યારે મુખ્ય અંકની પહેલાં ગોઠવાય. આ સંયુકત અંકોને અનુસરને છે કે જેમા વત્તા અથવા ત્રાંસી રેખા મૂકાય છે.

જે સરળ અંક કરતાં વ્યાપક અર્થ ધરાવે છે. પછી સરળ અંકો વધતી જતી લંબાઈના ક્રમે ગોઠવાય છે. અંકોની લંબાઈ વિશિષ્ટ વર્ગ સહાયકોને કારણે અથવા વિશેષત (વંશાનાબદ્ધ વિભાજન ને લઈને) સૂચિત કરે છે. યુડીસીમાં વર્ગાંક ગોઠવણીનો ક્રમ ઈન્ટરનેશનલ મિડીયમ એડીસન-અંગ્રેજી ટેક્સ (બીએસ 1000M : 1985) ના પ્રારંભના પૃષ્ઠ XI આપેલ છે. જેને અહીં ફરી રજૂ કરેલ છે :

Table: Filling Order

	Symbol	Example
Independent Auxiliaries	=	= 30.German language,
	(0..)	(0.035.22)' Microfilmed documents
	(1/9)	(430) Germany
	(=...)	(=1.410) British nationals
	"..."	"18" Nineteenth century
	+	622.341.1+669.1 Iron-ore mining and ferrous metallurgy
	/	622.341-.1/ 2 Mining of iron ores and manganese ores
Auxiliaries as Suffixes	simple numbers.	622.341.1 Iron-ore mining
	:	622:341.1:338.1.24.4 Economic crises in iron-ore mining
		(may be reversed to form 338.124.4:622.341.1)
	::	622.341:1::338.124.4 Economic crises in iron-ore mining
		(may not be reversed)
	=	622.341.1=30 Documents in German about iron-ore mining ,
	(0...)	621.341.1(0.035.22) Microfilmed documents about iron-ore mining ,
	(1/9)	622.341.1(430) Iron-ore mining, in Germany
	(=...)	622.341.1(=1.366) Iron-ore mining among the ancient British
	"..."	622.341.1"18" Iron-ore mining in the nineteenth century
	*	622.341.1 *Fe_2O_3 Mining of red haematite (Fe_2O_3)
	A/Z	622.341 IGOE Named iron ores: Goethite
	.00	622.341.1.002.67 By-products of iron-ore mining
	-0	622.341.1-057.2 Manual workers in iron-ore mining
	-1/-9	622.341.1-78 Protective devices and measures in ironore mining
	.0	622.341.1.03 Geological character of iron-ore deposits
	,	622.341.1'17 Waste, residues from iron-ore mining
	Next; simple number	622.341.11 Magnetite---haematite ores

12.4.6 મૂલ્યાંકન (Euqlution)

યુડીસીની સંજ્ઞા સ્વાગતશીલ અને અર્થપૂર્ણ છે. મૂળભૂત રીતે ગણનાક્ષમ સામાન્યથી વિશિષ્ટ અને સંયોજન યુક્તિઓ ધરાવે છે. આથી પરિણામે, અંકો તે સમયે ઘણાં યુક્તિઓ ધરાવે છે. આથી પરિણામે, અંકો તે સમર્થ ઘણાં લાબા હોય છે. આ પદ્ધતિનો પ્રયત્નો વાડ.મય હેતુની જરૂરિયાત માટેનું ઊંડાણ સિદ્ધ કરવા અને કમ્પ્યૂટીકરણને લઈને યજમાન પ્રતિકો સાથે લાંબા અંકે રજૂ કરે છે. સંજ્ઞાએ જરૂરી વિશિષ્ટતા અને ચોકસાઈ સિદ્ધ કરી છે, પણ પ્રક્રિયામાં તે કઢંગી છે. સામાન્ય સહાયકોના પેટા-વિભાગો અને સમાંતર વિભાજન સંજ્ઞાને સ્મૃતિસહાય તરફ દોરી જાય છે, અને તેથી વિશેષ, આંતરપ્રક્ષેપ યુક્તિ મુખ્યકોના કમમાં લવચિકતા લાવે છે.

જે તેને પ્રતિભાવંત બનાવે છે.

તમારી પ્રગતિ ચકાસો

5) યુડીસી સંજ્ઞામાંના પૂરાવારૂપે ગુણો વિષે એક ફકરો લખો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

12.5 વર્ણાનુક્રમ વિષયસૂચિ (ALPHABETICAL SUBJECT INDEX)

આઈએમઈનો ભાગ 2 અને વર્ણાનુક્રમ વિષયસૂચિ છે જે 1988માં પ્રકાશિત થઈ હતી. આ સૂચિમાંની નોંધો અનુસૂચિમાં પ્રયોજાયેલ પરિભાષાનું પ્રતિબિંબ પાડે છે. મોટાભાગની પરિસ્થિતિમાં દરેક પદની સાથે ઉપયોગમાં લીધેલ હોય તેનો સંદર્ભ દર્શાવતા ઓળખસૂચક પદો ઉમરેલ નથી. આ સમસ્યાને પહોંચી વળવા કેટલીક સૂચિ નોંધોના કેટલાંક વર્ગ અંકોને અનુસરતા પદો સતત રાખ્યા છે. ઉદાહરણ તરીકે AXE એ સૂચિનોંધમાં અને ઓળખસૂચિ વિનાના પાંચ અંકો 581.44, 621.231 631.32, 672.719 આપેલા છે. આ પાંચ વર્ગ

અંકોને સમજવાં માટેનો સંદર્ભ જાણવા માટે અનુસૂચિના જે તે અંકો હેઠળ જોવા પડે.

સૂચિ (index) એ યાદીમાંના પદોનો પૂરેપૂરો સંદર્ભ સૂચિત કરતા નથી. પણ ખાસ વિભાવના માટેનું શક્ય એવું સ્થાન જ દર્શાવે છે. સૂચિમાંના પદોની ગોઠવણી શબ્દ સહ શબ્દ છે. સૂચિનો ઉપયોગ કરનારને એવી સલાહ આપેલ છે ક કોઈપણ પ્રલેખનું વર્ગીકરણ સૂચિને ન કરવું. પણ અનુસૂચિમાં ચકાસવા મટે જ ઉપયોગ કરવો. અહીં નૂમના નોંધ સૂચિમાંથી રજૂ કરી છે.

Ligters	629.123.15,662.58
cigar and cigarette	662.592
electric	662.593
flint	662.592
pocket	662.59
usingsolar heat	662.591

12.6 ભાવિ વિસ્તરણની જોગવાઈ (PROVISION FOR FUTURE EXPANSION)

આપણે જોયું તે પ્રમાણે યુડીસીની સંજ્ઞા દશાંશ છે. અને જયાં જરૂરિયાત પડે ત્યાં નવી વિભાવના ઉમેરી શકીએ છીએ. આ રચેલી જોગવાઈ અનુસાર યુડીસી જેને ખાલીયુક્તિ (Gap device) કહે છે તેને જાળવી રાખેલ છે. સંજ્ઞામાંના ખાલી (ફિક્સ સ્થાન) અંકોના સ્થાને પેટાવિભાજનના વધુ મોટા અંકોનો સમાવેશ કરી શકીએ છીએ અને છોડી દીધેલ છે તેને ભવિષ્યમાં વિસ્તારણનું ચિત્ર દોરી શકાય છે. આપણે સંજ્ઞામાં ખાલી રાખેલ અંકોમાં એ શોધી શકીએ.

142-159.8	in philosophy and psychology
365-367	in social welfare
375	in Education
4	the class philology transferred to & Literature
538.1-538.8	in physics
544-545	in Chemistry

યુડીસીએ ભવિષ્યના વિસ્તરણની જોગવાઈ આ રીતે કરેલ છે.

12.7 યુડીસીની સારસંભાળ (MAIMTENANCE OF UDC

યુડીસી સારસંભાળ અને અદ્યતન માટેની જવાબદારી ઈન્ટરનેશનલ ફેડરેશન એન્ડ ડોક્યુમેન્ટેશન (FID) ને માથે છે. FID રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે ગંભીરપણે આ પદ્ધતિના ઉપયોગ કર્તાઓ સાથે સલાહસૂચનો મેળવવાની ગોઠવણી કરેલ છે. FID નો વર્ગીકરણ વિભાગ યુડીસીન અધિકૃત આવૃત્તિ (Master Version) ની સારસંભાળ રાખે છે, તે બધાજ માન્ય સુધારાઓને સામેલ રાખે છે. આ પદ્ધતિ સમયાતરે સંશોધિત અને સંવર્ધન થાય છે. ઉપભોક્તાઓ દ્વારા પ્રસ્તાવિત કરેલ સુધારાઓ તેઓ તેમનો રાષ્ટ્રીય સંસ્થા/મંડળો/ રાષ્ટ્રીય એજન્સી અને P-Notes રૂપે તેના ગ્રાહકોને પહોંચાડે છે. પછી તે બધું સ્વીકાર્ય

બને. તેને સારી રીતે વિસ્તરિત, સંક્ષેપ અથવા કમી કરે-પછી તે બધુ યુડીસીના વાર્ષિકી સામયિક Extension and Correction to UDc (યુડીસીનું વિસ્તરણ અને સુધારાઓ) પ્રકાશિત કરે છે. ઉપભોક્તા ગ્રંથાલયોની એ જવાબદારી બને છે કે, જે સુધારાવધારા અને ફેરફારો આ સામયિકમાં પ્રગટ થાય છે તેને જોતા રહેવું. યુડીસીના બધા જ ઉપભોક્તાઓ પાસેથી સુધારા માટેના પ્રસ્તાવોને આવકારે છે.

12.8 યુડીસીના ગુણો અને ખામીઓ (MERITS AND DEMERTS OF UDC)

જો કે યુડીસીને કેટલીક ચોક્કસ ખામીઓ ડીડીસી દ્વારા વારસામાં મળેલ હતી, તેમ છતાં ચોક્કસ રીતે તેને ફાળે વધુ ગુણોનો યશ મળે જ છે. તેના આરંભથી જ વૈશ્વિક જરૂરીયાતો માટે વૈશ્યિક વાડ.મયસૂચિના પ્રારંભિક ઉદેશ ને અનુસરીને સ્થાપિત કરીને અને જાળવી રાખે છે. યુડીસીના ગુણો સમજવામાં ઉપયોગી થશે.

- યુડીસી એ સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ છે. તે સંપૂર્ણ માનવ જ્ઞાનના ક્ષેત્રને આવરી લે છે. વિભાજનની પ્રક્રિયામાં વર્ગોને દસ પેટાવિભાગો પાડીને તેને જરૂરી એવી વિશિષ્ટતા સુધી લઈ જાય છે. જરૂરી પ્રમાણની વિગતો-સિદ્ધ કરવાને સામાન્ય અને વિશિષ્ટ સહાયકોની મદદ લે છે. પરિણામે વિષય વર્ણન મહદ્અંશે ચોકસાઈ ભર્યું શક્ય છે.

- તેની સંજ્ઞા અંકો અને ચિહ્નોવાળી છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે સમજાય એવી છે. દશાંશ સંજ્ઞાકનને લઈને નવા પદો માટેના પ્રવેશ મહત્તમ સ્વાગતશીલ રહે છે.

- યુડીસી અને પૃથક્કરણીય-સંયોજન વર્ગીકરણ પદ્ધતિ હોવાને કારણે તેમાં વધારાના ઉપકરણો જોડાયેલ હોય છે.

- તે અત્યંત લવાચિક છે, સ્થાનિક આવશ્યક જરૂરિયાતોને લઈને સંબધિત કિસ્સામાં સાનુકૂળ બનાવી શકાય છે.

  આથી આવેલ વર્ગમાં કોઈપણ ઉત્કૃત કમને કેટલાંક વૈકલ્પિક નિદાનો (આંતરપ્રક્ષેપ અને ઉલટાકમ સંબંધ) આવે છ`.

- વિશિષ્ટ ગ્રંથાલયો માટે આદર્શ સાનુકૂળ રહે છે. તેની પૂર્ણ આવૃતિની વિગતપૂર્ણ અનુસૂચિ ધરાવે છે. વિશિષ્ટ વિષય આવૃતિઓ અલગથી પ્રાપ્ય છે. મધ્યમકક્ષાની આવૃતિમાં બધાજ વિષયોની કાળજી લેવાઈ છે.

- કોઈપણ ભાષાના શબ્દોના પદો વ્યાપકપણે સુવ્યવસ્થિત સ્વરૂપે ગોઠવેલા છે માટે નિર્દેશીકરણ અને પુનઃપ્રાપ્તિ સારી રીતે થાય છે. તે શબ્દભંડોળ (થિસોરસ) તરીકે વાપરી શકાય.

- કમ્પ્યૂટીકરણ માટે સહેલાઈથી કાબૂમાં રાખી શકે છે.

- ઉપભોક્તાઓ એમઃ પુનઃસંવર્ધન કાર્યમાં જોડાઈ શકે છે.

ઉપરના મુદ્દાઓની સામે, તેની ચોક્કસ ઉણપો આ પ્રમાણે છે :

- તેની સંજ્ઞા વારંવાર લાબી થતી જાય છે અને વધુ ક્લિષ્ટ બને છે. તેની ફલક ગોઠવણી અને ઉપયોગ મુશ્કેલી ભર્યો રહે છે.

- ઉપભોક્તાની તેના સંવર્ધન કાર્યમાં ભાગીદારીને લઈ કેટલાંક સ્થળે પદ્ધતિને અસમતોલ બનાવે છે. સુધારણાનું કાર્ય વિલંબમાં પડે અનુસૂચિઓ નવી તૈયાર થાય તે પૂર્વ પ્રસ્તુત બની શકે છે.

- સુધારણાનું કાર્યમાં કેટલીક જુદી જુદી ભાષાની આવૃતિઓના પ્રકાશન લીધે સંકળાયેલું હોઈને FID એને માટેનું ભંડોળ અપૂરતું જણાય છે.

ગમે તેમ પણ યુડીસીના ગુણોનું મહત્વ તેના દોષોને ભૂલાવી દે છે.

તમારી પ્રગતિ ચકાસો

5) તમારા ગ્રંથાલયના ઉપયોગ માટે તમે યુડીસીના ઉપયોગની ભલામણ કરો છો. ક્યાં કારણોને લઈને તમારી ભલામણને વ્યાજબી ઠરાવવા તમે કયા કારણો આપશો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

12.9 યુડીસીમાં પ્રાયોગિક કાર્ય (PRACTICAL WORK IN UDC)

આ એકમમાં તમે યુડીસીમાં કેટલાંક સરળ અને કેટલાંક ગુફિત અંક રચનાઓ વિષે કેટલુંક તમે જાણ્યું તમારા અનુભવમાં આવ્યું છે. અહીં કેટલાંક વધુ ગુંફેત ઉદાહરણો આપેલ છે :

1 Importance of weather forecasting for agricultural farming in arid zones.

Weather forecasting	551.509
Agriculture/farming	631
Arid zones	(213.52)
Synthesised number	551.509:631(213.52)

2 A directory of research libraries in India.

Research libraries	027.021
Directory	(058)
India	(540)
Synthesised number	027.021(058)(540)

3 Machine readable cataloguing in the USA.

Cataloguing	025:3
Machine readable	(0.034)
The USA	(73)
Synthesised number	025.3(0.03473)

4 Canning of fruit jams in Arunachal Pradesh

Fruit jams	664.83.858
Canning	.036.52
Arunachal Pradesh	(541 ARV)
Synthesised number	664.83.858.036.52 (541 ARU)

5 Sale of milk powder in the deve" countries.

Milk powder	637.143
Sale	658.81
Developing countries	(1-773)
Synthesised number	637.143.658.81(1-773)

6 Production of colour television in India

Colour television	621.397.132
Production	.002.2
India	(540)
Synthesised number	621.397.132.002.2(540)

7 Soviet economic aid to India, an analysis and evaluation.

Law	3,4

International law	341
Economic aid	341.232.3
Russia	(47)
Economic development	330.34
India	(540)
Evaluation	001.818
Synthesised number	341. 232. 3(47): 330. 34(540): 001. 818

8 Vigyan Pragati (a popular science magazine in Hindi)

Science	5
Hindi	=914.3
Magazine	(051)
India	(540)
Synthesised number	5 (051) (540) = 914.3

9 UDC` International medium edition - English text.

Librarianship	02
Administrative procedure	025
Decimal Classification	025.45
UDC	025.45UDC
English text	=20
Synthesised number	025.45UDC=20

10 World armament and disarmament : Facts and figures - SIPRI Yearbook 1986

International law	341
Peaceful settlement of international disputes	341.6
Disarmament	341.67
Armament	623.4
Yearbook	(058)
World	(100)
1986	"1986"
Synthesised number	341.67:623.4(058)(100)"1986" or 623.4:341.67(058)(100)" 1986"

19.10 સારાંશ (SUMMARY)

યુડીસીના સંપાદકોને દાવો છે કે યુડીસીએ પૃથક્કરણીય સંયોજિત વર્ગીકરણ છે. જેમાં વધારાનો લાભ એ મુખકો માટેન ઉદધૃત ક્રમમાંની લાવચિકતા રહેલી છે. આ લવચિકતા એ આંતરપ્રક્ષેપ અને ઉલટાવી શકાય તેવી યુક્તિઓની વ્યવસ્થાને લઈને છે. યુડીસીમાં બે પ્રકારની તાલિકાઓ છે : મુખ્ય અને સહાયક વધારાની જયારે પહેલી એ કોઠાગત ખાસિયતને પછીની પૃથક્કરણીય સંયોજિત ખાસિયત ધરાવે છે. યુડીસી એ વિગતનું પ્રમાણ મુખ્ય વર્ગો તાલિકાઓ કોઠાગત વાડ્મયી વર્ગીકરણ રૂપે રજૂ કરે છે.

તેની સંજ્ઞાઓ સ્વાગતશીલ અર્થબોધક અને ઊંચી સંયોજન ક્ષમતા વાળી છે. તે કેટલીક ચોક્કસ સ્મૃતિસહાયક યુક્તિઓ પણ ધરાવે છે. યુડીસીએ આંતરરાષ્ટ્રીય પ્રયત્નો અને વૈશ્વિક જરૂરિયાતોને પોષે છે. આ પદ્ધતિએ સામાન્ય અને વિશિષ્ટ સમૂહોને માટે સાનુકૂળ છે.

યદ્યપિ યુડીસીના મૂળ ડીડીસીમાં છે અને તેની વારસાઈને લઈને કેટલીક ખામીઓ તેમા આવેલી છે. તેના ગુણો સરળતાની તેનું મૂલ્ય વધારી દે છે. આખા વિશ્વભરના વિજ્ઞાન ગ્રંથાલય સાથે પ્રખ્યાત બનેલ છે.

12.11 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

(1) યુડીસીએ એ મૂળભૂત રીતે ધી યુનિવર્સલ બિબ્લયોગ્રાફીક રિર્પોટરી, એ આંતરાષ્ટ્રીય વાડ.મયસૂચી સ્વીકારીએ પ્રાસ્થપિત અને સારસંભાળ રાખેલ છે. યુડીસી અને આંતરરાષ્ટ્રીય નહિ કે રાષ્ટ્રિય, બનાવનારને માટેના પ્રયત્નો વૈશ્વિક સ્તરે કરેલ છે. આ પદ્ધતિ વિશ્વભરના 1 એક લાખ ગ્રંથાલયોથી વધુ ગ્રંથાલયમાં પ્રયોજાયેલ છે. વિશ્વની 23 ભાષાઓમાં આ પદ્ધતિ પ્રાપ્ય છે અને સાત રાષ્ટ્રીય વાડ્મયસૂચીઓ માટે ઉપયોગમાં લેવાય છે

(2) યુડીસી અને ડીડીસી ઉપરથી મળેલ છે. અને ઘણી બધી બાબતે બેઉ પદ્ધતિઓ સરખી જણાય છે, ઉદા.વંશાનુબદ્ધ ગણનાક્ષમ કોઠાઓ. તેમ છતા યુડીસઓ ડીડીસીથી ઘણી બધી રીતે ભિન્ન પદ્ધતિ છે. સામાન્ય સહાયકનોી સરખામણીમાં યુડીસીએ વિશિષ્ટ સહાયકો વિસ્તારેલ છે. ઘણીબધી સંયોજન યુક્તિઓને કારણે ઘણો મોટાક્ષેત્રને સંયોજનાત્મક બને છે. યુડીસી કેટલાંક વિષયો વચ્ચેના સંબંધો ઓળખી કાઢયા છે. તેણે વિવિધક્રમના મુખકોની યંત્રવત રચના પ્રસ્થાપિત કરેલ છે, દા.ત. સ્વતંત્ર સહાયકો ઉલ્ટાવેલ સંબંધ અને આંતરપ્રક્ષેપ યુડીસી પાસે ઉચ્ચ કક્ષાની ક્ષમતા રહેલી છે. કારણકે મુખકીય કરણને લઈને વિશિષ્ટતા દર્શાવે છે. આ રીતે યુડીસી એ ડીડીસીથી ભિન્ન પદ્ધતિ છે.

(3) યુડીસીની મુખ્યતાલિકાઓ વિષય વર્ગીકરણ ધરાવે છે. દરેક મુખ્ય તાલિકના સૈદ્ધાંતિક વર્ગનું વંશાનુબદ્ધ પેટાવિભાજન વિભાજિત થાય છે. આ વંશાનુબદ્ધ તાલિકાઓ સામાન્યથી વિશિષ્ટતાના ક્રમે આપેલ છે. મુખ્ય તાલિકાઓ યુડીસીના ગણનાક્ષમ પાસાંની રજૂઆત કરે છે. આની સામે વધારાની સહાયક તાલિકાઓ યુડીસીની સંયોજનાત્મક ખાસિયત દર્શાવે છે. તેઓ વિષયનું વર્ગીકરણ ધરાવતા નથી. બીજી રીતે જોઈએતો, તેઓ પ્રલેખોમાં પુનઃ વિષયની માવજતની ખાસિયતો રજૂ કરે છે. આમાંની કેટલીક વારંવારની ખાસિયતો સામાન્ય છે અને તે બધા વિષયોની સાથે અમલી બને છે. તે બધા સામાન્ય સહાયકો તરીકે છે જ્યારે અન્ય ફરી ફરી થનારી છે. ખાસિયતો વિશિષ્ટ છે, એનો અર્થ એ છે કે માત્ર ચોક્કસ વિષયોને જ લાગુ પાડી શકીએ આ વિશિષ્ટ સહાયકો છે સામાન્ય સહાયકો સામાન્ય રીતે વારંવાર પ્રયોજી શકાય, જ્યારે વિશિષ્ટ સહાયકો સ્થાનિક કક્ષાએ વારંવાર વપરાય છે.

(4) યુડીસી સંજ્ઞા એ દશાંશ છે અને આથી કરીને ઉચ્ચકક્ષાની સ્વાગતશીલતા છે. મુખ્ય તાલિકાઓ વિષયવસ્તકરણનું પ્રતિનિધિત્વ કરતી દશાંશ અંકો ધરાવે છે તે કોઈપણ ખાસ સ્થાને વિસ્તારી શકીએ. કારણ વર્ગોના વિભાજનનો પાયો એ વંશાનુબદ્ધ ગણનાક્ષમ, સંજ્ઞાએ અર્થબોધ વાળી છે. અંકીય વંશાનુબદ્ધ પ્રદર્શન

કરવાની ક્ષમતા તેનામાં છે. સંજ્ઞા અને અંકોના સંયોજનાત્મક યુક્તિઓ ધરાવે છે. અને વૈકલ્પિક અભિગમને માન્ય કરવાની ક્ષમતા તેનામાં છે. આ ઉપરાંત તે વધુ ઈચ્છનીય સ્મૃતિસહાયક લક્ષણ ધરાવે છે. યુડીસીની સંજ્ઞા એ સરળ છે, પણ તેમાં લાઘવ/ટૂંકાણ નથી. ગમે તે પણ કમ્પ્યૂટરીકરણને સહેલાઈથી વશમાં રાખી શકે છે.

(5) યુડીસીને અપનાવવા માટેના નીચે દર્શાવેલ કારણોથી એને માટે વ્યાજબી લેખી શકાય.

(a) યુડીસી એ માત્ર ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિ નથી. એના નામને સાર્થક કરતી તેં વાઙ્મયસૂચિ વર્ગીકરણ પદ્ધતિ છે.

(b) ઉપભોક્તાની ભાગીદારી વ્યવસ્થાને લઈને યુડીસી એ ખરેખર વૈશ્વિક પદ્ધતિ છે.

(c) તેની સંજ્ઞાઓ સરળતાથી સમજી શકાય, સ્વાગતશીલ અને ઘણી જ સંયોજનક્ષમ છે. તે વૈકલ્પિક અભિગમ પૂરો પાડે છે. તેના વડે ખાસ અને વિશિષ્ટ બેઉ તે કમ્પ્યૂટરીકરણના કાર્યને સહેલાઈથી વશમાં રાખે છે.

(d) જ્યાંથી યુડીસીની મધ્યમ કદની આવૃતિ બધાજ વિષયોની સારસંભાળ લે છે, તેની વિષય આવૃતિઓ વિશિષ્ટ સંગ્રહની આવશ્યકતા પૂર્ણ કરે છે.

(e) નિર્દેશીકરણ અને માહિતી પુનઃપ્રાપ્તિ માટેના શબ્દભંડોળ (થિસોરસ) તરીકે તેની સૂચિ ઉપયોગમાં લેવાય છે.

12.12 લક્ષ પદો (KEY WORDS)

અવિપરિતસંબંધ
(Irreversible Relation) : સંબંધમાં કશું ઉલટું હોતું નથી. સંયુકત અંકોમાંથી વિભાજનાઓમાં વિરામચિહ્નને મંજૂરી આપતા નથી. (જુઓ વિપરિત સંબંધ)

અંકીય વંશાનુબદ્ધતા
(Numeric Hierarehy) : વંશાનુબદ્ધ સંખ્યાની રીતે અર્થપૂર્ણ હોય છે. અર્થપૂર્ણ સંજ્ઞાઓ ખાસિયત ધરાવતી હોય છે. 21.0 6,62, 621 વગેરે પ્રૌદ્યોગિકીથી ઈજનેરીની યાંત્રિકીથી વિદ્યુત ઈજનેરી (વળી જુઓ વિભાવનાત્મક વંશાનુબદ્ધતા)

આધારિત સહાયકો
(Dependent Anxiliary) : યુડીસીના સામાન્ય સહાયકો વિષે કહેવાય છે કે, એ મુખ્ય અંકોની સાથે સહયોજનામાં દેખાય છે. દા.ત.સામગ્રી વિષેનું દૃષ્ટિબિંદુ, વ્યક્તિઓ (વળી જુઓ સ્વતંત્ર સહાયકો)

આંતર પ્રક્ષેપ (Intercalation) : આ યુક્તિ અંકોની વચ્ચે બેસાડી (જડીદેવાની) સુવિધાને નીચે સમજાવેલ છે.

ઉદાહરણ ક્રમ (Citation order) : આ ક્રમમાં એના મુખક્રમમાં ઉદદત કરેલ છે.

ચોકસાઈભર્યું (Particularity) : વર્ગીકરણની કાર્યક્ષમતાને એ ખાસ અવિભાજય વિભાજન સુધી પહોંચાડવા ચોકસાઈભર્યું હોય જે વંશાનુબદ્ધ ગણનાપૂર્ણ તરીકે ઓળખાય છે.

પુરવણી વર્ગીકરણ (Supperimentary Classfication) : વર્ગીકરણનું સ્વરૂપ (દા.ત. ડીડીસી, યુડીસી) વિષયોના આધારે વિતરણ કરે તેનું સ્વરૂપ દર્શાવે છે. તેની વર્ણાનુક્રમસૂચિ વિષયપદોના બધા પાસાંઓને વિષયપદની હેઠળ એકસાથે લાવે છે. આ ઘટના પુરવણીરૂપ વર્ગીકરણ તરીકે ઓળખાય છે.

બીજગણિત ઉપગણ (Algebraic In Subgeouping) : બીજગણિતમાં ઉપગણો વધારે હોય જયારે વર્ગીકરણમાં ઉપગણોનું સ્થાન કેટલાંક ચિહ્નોની મદદ વડે, બે અથવા વધુ ઘટકોને ગુંફિત અંકોને કૌંસ (ચોરસ)માં દર્શાવીને એક સંયુકત ઘટક રહે છે. જેમ કે, [622+699]

માં જડી દેવું (infix) : ઘટક અથવા અંક જે અન્ય અંકને રોકે અટકાવે છે. દા.ત. 622 એટલે ખાણકામ (Mining) અને 333 કોલસો (coal) આથી કોલસાની ખાણકામ 622:333 અંક રચાય. આ અંકની વચ્ચે (410) અંક બેસાડી દેવામાં આવે. આમ 622 (410) 333માં (410) એ જડી દીધેલ અંક છે.

વિપરિત સંબંધ (Reversible Relation) : સંબંધ એ વિપરિત હોઈ શકે. વર્ગીકરણમાંના વિપરિત સંબંધ હોય તો જૂથમાં અથવા વારાફરતી ગોઠવી શકીએ તેને વિપરિત સંબંધ કહે છે.

વિભાવનાત્મક સંબંધ (Conceptual Hierarchy) : શૃંખલામાં ના આધારિત વિભાવનાઓ સામાન્ય વિભાજનમાં વહેંચે છે. દા.ત ડેસિકલ ક્લાસિફિકેશનથી યુડીસી વર્ગીકરણ (જુઓ અંકીય વંશાનુબદ્ધત)

વિશિષ્ટતા (Specificity) : વિશિષ્ટતાને માન: જે વિશિષ્ટતા ગણનાક્ષમ દ્વારા સિદ્ધ થાય છે, એ સંયોજન વડે સિદ્ધ થાય છે, વિષયમાંના બધા જ ઘટકોને વર્ગીકરણ દ્વારા અભિવ્યક્ત કરવાની ક્ષમતા હોય છે.

શબ્દભંડોળ (Thesaures) : પદોની માળખાબદ્ધ યાદીને વિષયના ક્ષેત્ર સાથે સીધો સંબંધ છે, આ યાદી આંતર સંબંધ પદોની પસંદગી સાથે પ્રદર્શિત થાય છે. દરેક શબ્દભંડોળનો નિર્દેશીકરણ ભાષાના સ્વરૂપે આપેલ ક્ષેત્રને સંબંધિત હોય છે.

શબ્દભંડોળ નિયમન (Vocabulary Control) : એ શબ્દભંડોળનું કાર્ય બજાવે છે. શબ્દભંડોળ ભાષામાંની વિવિધતો નિયમનમાં રાખવા અનેક યુક્તિઓ ધરાવે છે. ભાષા શબ્દભંડોળ નિયમનમાં પરિણામે છે.

સમાંતરવિભાજન (Parrellal Division) : જ્યારે વર્ગીકરણમાં બે વર્ગો અથવા બે સ્થાનો એ કેટલીક વિભાવનાઓ એક સરખી જોવા મળે. આ વિભાવનાત્મક માત્ર એકવાર જ યાદી બનાવાય અને અન્ય સ્થાનોના સંદર્ભ આપવા કે જ્યાં એક સરખી રીતે રજૂ કરેલ હોય, અને બે વિભાજનો નીચે બે વર્ગો એ એકબીજાને સમાંતર હોય છે.

સામાન્ય વારંવારિતા (General Recurrents) : લક્ષણો, દા.ત. સ્વરૂપ, ભાષા વગેરે સામાન્ય સહાયકોની યાદી માત્ર એકવાર બને. (વળી જુઓ સ્થાનિક વારંવારિતા)

સ્વતંત્ર સહાયકો (Independent Auxiliary) : યુડીસીના સામાન્ય સહાયકો વર્ગ અંક માટે ઉપયોગમાં લઈ શકાય છે. ઉદાહરણ રૂપે ક્ષેત્રીય અભ્યાસોમાં સંગ્રહની રચના માટે, જેમાં આરંભનો અંક સ્થળ અંક સાથે જ તે શક્ય બની શકે છે અહીં સ્થળમુખક એ સ્વતંત્ર સહાયક છે. (બીજાઓ આધારિત સહાયકો)

સ્થાનિક વારંવારિત (Locally Recurrent) : ચોક્કસ વિષયોની માત્ર વિશિષ્ટ ખાસિયાતો/ લક્ષણો જે બધાને લાગુ પડતી નથી. દા.ત. ઉદ્યોગમાં કર્મચારીઓ અને એના જેવું. જ્યાં આ બધાને લાગુ પડે છે ત્યાં યાદી અપાય છે. (વળી જુઓ) સામાન્ય વારંવારિતા)

12.13 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

UDE International Medium Edition-English (Bs100m : 1985) Part I : Systematic tables 1985. Part II Alphabetical Subject Index (1988). Britisxh Standards Institution.

Raju A.A.N.(1991). UDC (IME. 1985): A Partical and Self Instructional Manual Madras: T.R. Publications.

એકમ 13 કોલન ક્લાસિફિકેશન

રૂપરેખા

13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 કોલન ક્લાસિફિકેશનના પ્રકારો

13.2.1 પ્રથમ આવૃત્તિ

13.2.2 સિદ્ધાંત માટેની શોધ

13.3.3 પછીની આવૃત્તિઓ

13.3 કોલન ક્લાસિફિકેશનમાં પશ્ચાગત સિદ્ધાંતો

13.3.1 પાયાગત મુખકની ધારણાઓ

13.3.2 કાર્ય સ્તરો

13.3.3 વર્તુળો અને સ્તરો

13.3.4 મુખક ક્રમની ધારણાઓ

13.4 સંજ્ઞા

13.4.1 મિશ્રસંજ્ઞા-સંયોજક ચિહ્નો

13.4.2 ખાલી અંક

15.5 યુક્તિઓ

15.5.1 કાળક્રમ યુક્તિ

15.5.2 ભૌગોલિક યુક્તિ

15.5.3 વિષય યુક્તિ

15.5.4 વર્ણાનુક્રમ યુક્તિ

13.6 પાર્શ્વ સંબંધો

13.7 પદ્ધતિઓ અને વિશિષ્ટ વર્ગો

13.8 કોલન ક્લાસિફિકેશન ગુણો અને ખામીઓ

13.9 કોલન ક્લાસિફિકેશનમાં પ્રાયોગિક કાર્ય

13.10 સારાંશ

13.11 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

13.12 ચાવીરૂપ શબ્દો

13.13 સંદર્ભો અને વિશેષ વાંચન

13.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમ તમને કોલન ક્લાસિફિકેશન (સીસી)નો પરિચય કરાવે છે. આ એકમના અધ્યયન પછી તમે નીચેની બાબતોથી સક્ષમ બનશો.

- કોલન ક્લાસિફિકેસનના ઉદ્‌ભવ અને કાર્યને જાણવામાં;
- પદ્ધતિના મૂળમાં રહેલા સિદ્ધાંતોને સમજવામાં; અને
- સીસી મુજબ પ્રલેખોને વર્ગીકૃત કરવામાં.

13.1 પ્રસ્તાવના (INDTRODUCTION)

હમણાં તમે ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન અને યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન પદ્ધતિઓનો ઊંડાણથી અભ્યાસ કર્યો. આ એકમ તમને કોલન ક્લાસિફિકેશનના મૂળમાં રહેલાં સિદ્ધાંતોથી પરિચિત થવાને માટેનો પ્રયત્ન છે. અન્ય બે પદ્ધતિઓથી સીસી ઘણીખરી બાબતે ભિન્ન છે, જે વિશે તમારે આ વિષયમાં અભ્યાસ કરવાનો છે.

સીસીના રચયિતા એસ.આર. રંગનાથન, નિરંતર વૃદ્ધિ પામતા જ્ઞાન વિશ્વની સમસ્યાઓને પૂર્ણ કરે એવી વર્ગીકરણની પદ્ધતિ વિષે અને નવા વિષયને પૂર્વે રચાયેલી પંક્તિઓને ખલેલ કર્યા વિના યોગ્ય સ્થાને સમાવવાને સમર્થ હોવી જોઈએ. તે વિષે સારી રીતે જાગૃત/સચેત હતા.

મહદ્‌અંશે આ ઉદ્દેશને પરિપૂર્ણ કરે છે. સીસીમાં વર્ગરચનાની વ્યૂહરચના બે આધારો છે. 1) વિષય વિશ્લેષણ/પૃથક્કરણ એ 2) સંયોજન. આપેલ વિષયનું પૃથક્કરણ અને વિષયના મુખકીકરણમાં પરિણામે છે. જે પ્રલેખ ઉપરની પ્રક્રિયા, પાંચ મૂળભૂત શ્રેણીઓ અને તેમાં રહેલ પ્રગટીકરણ પર આધારિત છે. શક્ય હોય ત્યાં સુધીનું વિષય પ્રતિનિધિત્વ મુખકોમાં એક સાથે લાવીને સંયોજન કરવાથી જે તે વિષયનું વર્ણન સંપૂર્ણપણે શક્ય બને છે.

સંયોજન અન્ય અર્થ ધરાવે છે. તે વિષયના ગર્ભરૂપ પાસાંઓની સાથે સંબંધ જોડનાર શબ્દ છે, જે અન્ય વિષયોની સાથેના સંકળાયેલ હોય છે. પૃથક્કરણ અને સંયોજનની કાર્યક્ષમતાને કારણે સીસીએ પૃથક્કરણીય - સંયોજિત પદ્ધતિ તરીકે ઓળખાય છે.

તેને મુક્ત મુખકીય પદ્ધતિ (Freely Faceted Scheme) તરીકે પણ વર્ણવવામાં આવે છે. ચુસ્ત મુખકીય પદ્ધતિ હેઠળ દરેક મુખ્ય વિષયને મુખક સૂત્ર આપેલું હોય છે. જેની મદદથી : કોલન (દ્વિબિંદુ)થી સંયોજિત કરીને વર્ગાંક રચવામાં આવે છે. ચુસ્ત મુખકીય પદ્ધતિની ખામીએ હતી કે, એક માત્ર સંયોજક પ્રતિક ચિહ્ન જોડવાને પરિણામે, મુખક હાજર હોય કે ન હોય તેમ છતાં તેને કોલન (:) દ્વારા જ દર્શાવવામાં આવતું. સીસીની ચોથી આવૃત્તિથી વ્યક્તિત્વ, વસ્તુ અને વેગએ મુખકો માટે અલગથી સંયોજનક ચિહ્નો પ્રયોજવામાં આવ્યા, તેથી પ્રલેખમાં વર્ણાવામાં આવેલા વિષયને દર્શાવતા મુખકો સ્પષ્ટ બન્યા. આ સુવિધાને કારણે, ત્યાર પછી સીસી મુક્ત મુખકીય તરીકે ઓળખાય છે.

13.2 કોલન ક્લાસિફિકેશનના પ્રકારો (GENESIS OF COLON CLASSIFICATION)

રંગનાથન ગણિતના વ્યાખ્યાતા હતા. એ માત્ર અકસ્માત હતો કે 1924માં મુદ્રાસ યુનિવર્સિટી લાઈબ્રેરીના ગ્રંથપાલ તરીકે નિમાયા. તરત જ તેમને બ્રિટન ખાતે બ્રિટિશ ગ્રંથાલયોનું નિરીક્ષણ પ્રવાસનું કાર્ય સોંપાયું. જ્યારે તેઓ બ્રિટનમાં હતાં ત્યારે લંડન યુનિવર્સિટીની સ્કુલ ઓફ લાઈબ્રેરીયનશિપ હેઠળ ચાલતાં વર્ગોમાં હાજરી આપતા હતાં. આ વિદ્યાશાળાના શિક્ષકોમાંના એક બર્વિક સેયર્સ. કે જે ગ્રંથાલય વર્ગીકરણના / વૈયાકરણી (Grammarian) તરીકે જાણીતા હતા. બ્રિટનના પ્રવાસ દરમિયાન, રંગનાથને અનેક ગ્રંથાલયોની મુલાકાત લીધી અને તે સમયે ઉયપોગમાં લેવાતી વર્ગીકરણ પદ્ધતિઓની ખામીઓ ઝડપથી તેમના ધ્યાનમાં આવી.

રંગનાથને લંડનમાંના ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાંથી આકસ્મિક મુલાકાત દરમ્યાન વર્ગીકરણ પદ્ધતિનો સંકેત આપતી ચાવી પ્રાપ્ત થઈ. તેમણે મેકાનોસેટના રમકડાંનું નિદર્શન જોયું. મેકાનો સેટમાં કાણાંવાળી પટ્ટીઓ, સળીયા, પૈંડા, સ્ક્રૂ, ચાકીઓ અને ખીલા વડે તેના જુદાં જુદાં ભાગોને જોડીને વિભિન્ન આકારના નમૂનાઓ બનાવી શકાય. આ જોઈને તેમને વિચાર આવ્યો કે વર્ગીકરણ પદ્ધતિમાં પ્રમાણભૂત એકમોને સંયોજક ચિહ્નોદ્વારા જોડી શકાય. રંગનાથનના પ્રમાણભૂત એકમો તે મેકાનો સેટલ કાણાવાળી પટ્ટીઓ તેના સંયોજક ચિહ્નો તે ચાકી અને ખીલા બન્યા. આ પ્રમાણભૂત એકમો દ્વારા અનુસૂચિઓ બની. અનુસૂચિઓ (કોઠામાંના વિવિધ ગણનાક્ષમ ઘટકોને સંયોજક ચિહ્નો વડે જોડીને વર્ગાંકની રચનાઓ કરી શકાય. રંગનાથનની કોલન વર્ગીકરણની આ વિભાવના હતી.

કોલન ક્લાસિફિકેશનનો પાયો 1924ના વર્ષમાં બ્રિટનમાં રોપાયો હતો. 1925માં પ્રવાસેથી ભારત પાછાં આવતા રંગનાથનને અનુસૂચિઓ (કોઠા) તૈયાર કરવાનો પૂરતો સમય મળ્યો. મુસાફરી દરમ્યાન વહાણનું ગ્રંથાલય અને મદ્રાસ યુનિવર્સિટી ગ્રંથાલયના પુસ્તકોની સૂચિ, જે તેમની સાથે લાવ્યા હતા, તે કાર્ય કરવાના સાધના તરીકે કામ લાગ્યા.

13.2.1 પહેલી આવૃત્તિ (First Edition)

મદ્રાસ પહોંચતા જ મદ્રાસ યુનિવર્સિટી લાઈબ્રેરીના સંગ્રહનું વર્ગીકરણનું કાર્ય તેમણે હાથ પર લીધું. 1925 અને 1932ના વારસોની વચ્ચેના ગાળામાં મધ્યત્વે સીસીની અનુસૂચિઓની રચનાનું કાર્ય ખંતપૂર્વક કર્યું. 1929માં યુનિવર્સિટી ખાતે ગ્રંથાલય શાળા પ્રસ્થાપિત કરી. યુનિવર્સિટી ખાતે અધ્યાપન અને ગ્રંથાલયનું કાર્ય આ બંનેમાં ખંતપૂર્વક પ્રદાન કર્યું. તેને પરિણામે કોલન ક્લાસિફિકેશનની પ્રથમ આવૃત્તિ 1933માં પ્રકાશન પામી. તે ત્રણ ભાગોમાં હતી, 127 પૃષ્ઠમાં આ પદ્ધતિમાં રહેલાં સિદ્ધાંતોનાં નિયમો. 135 પૃષ્ઠોમાં અનુસૂચિઓ અને 106 પૃષ્ઠમાં સૂચિ (ઈન્ડેક્ષ)નો સમાવેશ થયો હતો. કેપિટલ મૂળાક્ષરો મુખ્યવર્ગો માટે પ્રયોજયા, ઉપરાંત ભારતીય-અરબી અંકો અને રોમન નાના કદના મૂળાક્ષરો પણ ઉપયોગમાં લીધા. મુખકોને જોડવા/સંયોજવા માટે વિસર્ગ ચિહ્ન (Colon) (:) નો ઉપયોગ કર્યો. દરેક મુખ્ય વર્ગને મુખક સૂત્ર (Facet Formula) પૂરૂં પાડ્યું.

13.2.2 સિદ્ધાંત માટેની શોધ (Search for Theory)

રંગનાથન તેમની પદ્ધતિમાં રહેલી વિસંગતિઓ વિષે જાણતા હતા, દરેક વિદ્યાના ક્ષેત્રને જાણવાને માટે વિષય નિષ્ણાતોની સલાહ લેવાથી શરમાતા નહોતાં. એજ સમયગાળામાં ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંત વિકસિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. વર્ગીકરણના સિદ્ધાંતો ઉપર તેમને 1933થી 1939ના વર્ષો ખર્ચ્યા. આ વર્ષો દરમિયાન વર્ગીકરણના શાસ્ત્રસૂત્રો (Conons) સ્પષ્ટપણે રજૂ કર્યા હતા. પરિણામે 1937માં 'પ્રોલેગોમેના ટુ લાઈબ્રેરી ક્લાસિફિકેશન (Prolegomena to Library Classification)' નું પ્રકાશન થયું. આ સિદ્ધાંતને આધારે કોલન ક્લાસિફિકેશનની બીજી આવૃત્તિ 1929માં પ્રકાશિત થઈ. પહેલેથી બીજી આવૃત્તિમાં કરેલા સુધારાઓ પૂરતાં નક્કર નહોતાં. બે નવી વિભાવનાઓ.

સિદ્ધાંતો (Octave Principles) અને સ્વ પૂર્વગ્રહ મુક્તિ (Auto-bias device) નવો મુખ્ય વર્ગ 'આધ્યાત્મિક અનુભવ અને ગૂઢવિદ્યા (Spiritual Experience and Mysticism) માટે અસ્તિત્વમાં આવ્યો. અગાઉ કહેવાયું છે કે પહેલી આવૃત્તિ ત્રણ ભાગમાં હતી. બીજી આવૃત્તિમાં ચોથો ભાગ ઉમેર્યો. આ વધારાના ભાગમાં 3000 (ત્રણ હજાર) ઉદાહરણો આપ્યા હતા. જે પહેલાં ભાગમાં આપેલા નિયમોના ઉદાહરણરૂપે સમાવ્યા હતા.'

તમારી પ્રગતિ ચકાસો.

1) સીસી વર્ગીકરણ પદ્ધતિને શા માટે પૃથક્કરણીય સંયોજિત કહેવામાં આવે છે ?

2) `Prolegomena to Library Classification' પ્રકાશનનું શું મહત્ત્વ છે ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

13.2.3 પછીની આવૃત્તિઓ (Subsequent Editions)

1945માં રંગનાથન બનારસ સ્થળાંતર થયા. બનારસમાં 1945થી 1947 સુધીના બે વર્ષ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં વીતાવ્યા. તેઓ વહીવટી કાર્યમાં ગળાડૂબ રહ્યાં હતાં અને તેમનું બધું સંશોધન કાર્ય સ્થગિત થઈ ગયું હતું.

તે વખતે દિલ્હી યુનિવર્સિટીના ઉપ-કુલપતિ સરમોરિશ ગ્વાયર (SirMaurice Gwyer) હતા. જેમણે રંગનાથનને દિલ્હી નિમંત્ર્યા, અને ગંભીર સંશોધન કાર્ય માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડી. 1947થી 1955ના આઠ વરસો દિલ્હી યુનિવર્સિટીમાં ઘણાં ફળદાયી નીવડ્યા. જૂથ સંશોધન શક્ય બન્યું. અબ્ગિલા (Abgila) નૈમાસિક (સામાજિક) સંશોધન પરિણામો પ્રસિદ્ધ કરવા માટેનું માધ્યમ બન્યું.

અગિયાર વરસોના લાંબાગાળા બાદ 1950માં કોલન ક્લાસિફિકેશનની ત્રીજી આવૃત્તિ કોઈપણ પ્રકારના વિશેષ સુધારવધારા વગર બહાર પડી. આમ છતાં, પરિભાષામાં કેટલુંક પરિવર્તન જોવા મળ્યું. દિલ્હી ખાતે તયેલ સંશોધનના પરિણામે ગ્રંથાલય વર્ગીકરણના ગત્યાત્મક (dynamic) સિદ્ધાંતો એની પરાકાષ્ઠાએ પહોંચ્યા. કોઈપણ વિષયમાં પાંચ મૂળ ઘટકો રહેલાં હોય છે. એ પ્રમુખ પરિણામ પ્રાપ્ત થયા. આથી પાંચ મૂળભૂત શ્રેણીઓની ધારણાઓ (Postulate of five Fundametal Categories) નો પાદુર્ભાવ થયો. જે વ્યક્તિત્વ (Personality) વસ્તુ (Matter), વેગ (Energy), સ્થળ (Space) અને કાળ (Time) / (PMEST) રૂપે રજુ થયા. આગળ વધીને આ ધારણાઓ એ સ્પષ્ટ કર્યું કે પાંચ મૂળભૂત આ શ્રેણીઓ P M E S T ના ક્રમમાં પરિણમે છે. આ દરેક શ્રેણીઓ મૂળભૂત ખાસિયત (શ્રેણી) માટે એક સૂચક અંક (સંયોજક ચિહ્ન) આપવામાં આવ્યું. જે નીચે મુજબ છે :

મૂળભૂત ખાસિયત (શ્રેણી)	: સૂચકસંજ્ઞા
વ્યક્તિત્વ (Personality)	, અલ્પવિરામ (Comma)
વસ્તુ (Matter)	; અર્ધવિરામ (Semi-Colon)
વેગ (Energy)	: વિસર્ગ દ્વિબિંદુ (Colon)
સ્થળ (Space)	. પૂર્ણ વિરામ (Dot)
કાળ (Time)	. પૂર્ણ વિરામ (Dot)

કાળ માટેનું સંયોજક ચિહ્ન પછી ઉલ્ટાવેલા અલ્પવિરામ (‘) રૂપે બલદાયું. આ સંયોજક

ચિહ્નોની ક્રમિક મૂલ્યતા નિશ્ચિત કરી. આ શોધને 'કોલન ક્લાસિફિકેશન (1952)' ચોથી આવૃત્તિમાં સામેલ કરવામાં આવી. અને 'પ્રોલેગોમેના ટુ લાઈબ્રેરી ક્લાસિફિકેશન'ની બીજી આવૃત્તિ, 1957માં પ્રકાશિત થઈ.

પાંચમી આવૃત્તિ 1957માં બહાર પાડી. આ પાંચમી આવૃત્તિમાં નિયમો અને અનુસૂચિઓ (કોઠાઓ)માં પણ કેટલાંક સુધારાઓ કરવામાં આવ્યાં હતાં. ચોથી આવૃત્તિમાંના મુખ્ય વર્ગોના પાયાને વિસ્તારવા માટે ઘણાં ગ્રીક મૂળાક્ષરોને અંદર આખલ કર્યા. આ બધું ઘણું જ કઠંગુ જણાતું હતું. જોકે છઠ્ઠી આવૃત્તિમાં ખાલી (Empty) અને ખાલી કરતાં અંકો વડોને બદલવામાં આવ્યા. (આ એકમમાં આપણે ખાલી કરતાં અંકો વિષે આગળ ચર્ચા કરીશું.) આથી કેટલાંક મુખ્યવર્ગોમાં ફેરફાર પ્રભાવિત થયા. વધારામાં, 'સ્થળ' અને 'કાળ' મુખકોમાં દ્વિતીય સ્તર દાખલ કર્યા. આ સમયગાળા દરમિયાન 1960માં 'કોલન ક્લાસિફિકેશન'ની છઠ્ઠી આવૃત્તિ પ્રકાશિત થઈ. આ સમયગાળામાં રંગનાથન બેંગ્લોર ખાતે રહેવા ગયા. નવું કેન્દ્ર 'ડૉક્યુમેન્ટેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ સેન્ટર DRTC' ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટીટ્યુ સ્થાપવામાં આવ્યું. રંગનાથનને માનદ્ પ્રાધ્યાપક બનાવ્યા. ડિઆરીટીસી ખાતે રંગનાને જૂથ સંશોધનોનું જૂથ ઊભુ કર્યું. આ નવા સંશોધનોના પરિણામોને આધારે વર્ગીકરણની કેટલીક વિશિષ્ટ અનુસૂચિઓ પ્રગટ કરી.

1963માં, છઠ્ઠી આવૃત્તિનું પુનઃમુદ્રણ કેટલાંક સુધારા વધારા સાથે પ્રકાશિત કરવામાં આવ્યું. તે જ સમયે નવાં સંશોધન પરિણામો સાથેની સાતમી આવૃત્તિ પ્રગટ કરવામાં આવશે એની જાહેરાત કરવામાં આવી. 1972માં રંગનાથનનાં દેહવિલય થયો અને એ કાર્ય મોડું થયું. કોલન ક્લાસિફિકેશનની સાતવી આવૃત્તિ જેની ઘણાં વખતથી રાહ જોવાતી હતી તે અગાઉની આવૃત્તિઓ કરતાં નક્કર ફેરફારો સાથેની (સૂચિ વિનાની) પ્રસિદ્ધ થઈ.

તમારી પ્રગતિ ચકાસો.

3) કોલન ક્લાસિફિકેશનની ચોથી આવૃત્તિનું મહત્ત્વ કઈ રીતે છે ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

13.3 કોલન કલાસિફિકેશનમાં પાયાગત સિદ્ધાંતો (Basic Principles In Colon Clasification)

સીસી, અન્ય વર્ગીકરણ પદ્ધતિઓની જેમ, આરંભમાં મુખ્ય વર્ગોથી શરૂ થાય છે, જે વર્ગોની પ્રથમ પંક્તિનો ક્રમ રચે છે. દરેક મુખ્ય વર્ગ મુખકોમાં વિભાજીત થાય છે. આ બધા મુખકો પાંચ મૂળભૂત શ્રેણીઓનું સ્પષ્ટીકરણ છે. આપણે આગળ વધીએ તે પહેલાં, ઉપર આપેલ ફકરાંમાંના પદોની ઓળખ કરીએ. આ પદોમાં i) મુખ્ય વર્ગો ii) પંક્તિ iii) મુખક અને iv) પાંચ મૂળભૂત શ્રેણીઓ છે :

મુખ્ય વર્ગો (Main Classes) : સીસીના મુખ્ય વર્ગોએ ડીડીસીની જેમ વિદ્યાશાખાઓ અને યુડિસીના સૈદ્ધાંતિક વિષયો જેવા છે. તે બધા પરંપરાગત વિષયો છે, જેનાથી તમે સારી રીતે પરિચિત છો જેવાં કે, ગણિત, ભૌતિકશાસ્ત્ર, ઈતિહાસ, રાજનીતિશાસ્ત્ર અને તેના જેવા બીજા. ડીડીસી અને યુડીસી પદ્ધતિ કરતાં સીસી મુખ્ય વર્ગોની સંખ્યા વધારે છે.

પંક્તિ (Array) : શબ્દકોશમાં પંક્તિનો અર્થ 'અંકો અથવા પ્રતિકોની પદ્ધતિસરની ગોઠવણીની રીત થાય છે. સીસીમાં પણ શબ્દકોશ પ્રમાણેનો અર્થ દર્શાવ્યો છે. જોકે ગોઠવણી એટલે પસંદ કરેલ નિર્દિષ્ટ ક્રમ. વર્ગીકરણમાંના અંકો એક જ ખાસિયતને આધારે વિષયના વિભાજનનો નિર્દેશ કરે છે. ઉદાહરણ રૂપે, વૈદકમાં માનવશરીરના અંગોથી અંગોની પંક્તિ રચાય છે.'

મુખક (Facet) : વર્ગના વિભાજન / જૂથ પાડવા માટેની ખાસિયત એ મુખક છે. દરેક મુખ્યવર્ગ એ મુખકોમાં વિભાજીત થાય છે; પંક્તિઓની સંપૂર્ણ શ્રેણીઓ, વિભાજનની ખાસિયતો સાથે સંબંધિત સંપૂર્ણ રીતે અથવા આધારિત છે. મુખ્યવર્ગ સાહિત્યમાં બધી ગણનાપૂર્ણ (એક પછી એક ગણી શકાય છે) છે; જેના પછી રાષ્ટ્રીય સાહિત્ય જાણીતું છે, ડીડીસીની જેમ, તે વર્ગનું મુખક ભાષાથી રચાય છે. તે જ વર્ગમાં બધા સાહિત્યિક સ્વરૂપો (કવિતા, નાટક, નવલકથા વગેરે) બીજું મુખક રચે છે. તે મુખકની અંદરના વ્યક્તિગત અંકને પાસું (Focus) કહે છે. ઉદાહરણ રૂપે હિંદી સાહિત્યએ સાહિત્ય વર્ગનું ભાષામુખકનું પાસું છે.

મૂળભૂત શ્રેણીઓ (Fundamental Categories) સીસીના પાયાના સિદ્ધાંતો સમજવા માટે રંગનાથને રચેલાં કેટલાંક નિયમો પહેલાં સમજવા જોઈએ. તેઓ તેને સ્વયંસિદ્ધ સત્યો કહે છે. એક સ્વયંસિદ્ધ એમ નિવેદિત કરે છે કે મૂળભૂત શ્રેણીઓ (Fundamental Catagories) (FC) પાંચ છે, જેવી કે વ્યક્તિત્વ (Personality) [P] વસ્તુ (Matter) [M], વેગ (Entry) [E], સ્થળ (Space) [S] અને કાળ (Time) [T], ટૂંકમાં તે PMEST તરીકે ઓળખાય છે.

ધારણાઓ અથવા સ્વયં સિદ્ધ સત્યો એ અનુમાન અને માન્યતા છે, જેની ચકાસણી કરવાની ન હોય. તે એક પાયાની દલીલ છે અને આ માન્યતાની ચકાસણી સામે કોઈ પ્રશ્ન કરવાની શક્યતા રહેતી નથી. આ ધારણાનો અર્થ છે. રંગનાથનના અને, કોઈપણ વિષયમાં મહત્તમ એવી પાંચ મૂળભૂત શ્રેણીઓ રહેલી છે. કોઈ સંજોગોમાં પાંચ કરતાં ઓછી ખાસિયતો હોઈ શકે છે. તેનો ક્રમ PMEST ની ઘટતી જતી સંકિર્ણતાનો રહે છે.

પસંદગી યુક્ત વર્ગીકરણ યોજનાઓનો અભ્યાસ

જો તમે આપેલ વિષયમાં પાંચ મૂળભૂત ખાસિયતો શોધી શકો, તો તમે કોઈપણ વિષયનું વર્ગીકરણ કરી શકશો, આ માટે તમારામાં પાંચ મૂળભૂત ખાસિયતો વિષેની (શ્રેણીઓ) સ્પષ્ટ સમજ હોવી જોઈએ. આપણે એક પછી એક ઉલ્ટાક્રમે આ પાંચ મૂળભૂત શ્રેણીઓને સમજીશું.

કાળ અને સ્થળ (Time and Space) : સામાન્યપણે તમે આ બંનેના અર્થથી પરિચિત છો. સદી, દાયકો, વર્ષ, મહિનો, દિવસ, કલાક એ બધા શબ્દો કાળસૂચકો છે. જો વિષયોએવી રીતે નિર્દેશ કર્યો હોય કે 19મી સદીમાં ભારતની આર્થિક સ્થિતિ (Economic Conditions If India in 19th Century) તમે એમાંથી કાળ ઘટકને શોધી શકો. કેટલાંક વિષયોમાં, તે સ્પષ્ટતઃ દર્શાવવામાં આવ્યો ન હોય, દા.ત. અકબરના રાજયકાળ દરમ્યાનની આર્થિક સ્થિતિ (Economic Conditions During the reign of Akbar). આ ઉદાહરણમાં મૂળભૂત ખાસિયત કાળ એ ઢંકાયેલી પણ તે શોધી શકાય એવી છે.

વિષયમાં રહેલ સ્થળ ઘટકની ખાસિયતને વધુ સારી રીતે શોધી શકો છો. ઉપરના ગ્રંથાનામ/આખ્યાનામ Economic Conditions of India in the 19th Century (19મી સદીમાં ભારતની આર્થિક સ્થિતિ) તેમાં તમે `India' એ સ્થળમુખકને શોધી શકો છો. ખંડ, દેશ, રાજય, શહેર, ગામ વગેરે પદોથી સ્થળ સૂચવાય છે. આ બધા સ્થળ મુખક હેઠળ આવે છે.

વેગ (Energy) : પછી મૂળભૂત ખાસિયત વેગ છે. વેગ એ કોઈ પ્રકારની ક્રિયા નિર્દેશ છે. 'વૈદક' વિષયમાં રોગનિદાન અથવા ઉપચાર એ વેગમુખક હેઠળ આવે છે. તે ક્રિયા દર્શાવે છે. કૃષિશાસ્ત્રમાં ખેડવું એ ક્રિયા/વેગ શિક્ષણમાં શીખવવું વેગ છે, અને સમાજશાસ્ત્રમાં સહાયતાકાર્ય એ વેગ છે અને આ રીતે અન્ય વિષયોમાં પણ.

વસ્તુ (Matter) : સીસીની સાતમી આવૃત્તિમાં મૂળભૂત ખાસિયત વસ્તુમાં મહત્ત્વનો ફેરફાર જોવા મળે છે. છઠ્ઠી આવૃત્તિ સુધી, વસ્તુ માત્ર કેટલાંક મુખ્યવર્ગોમાં જ હાજર હતું. પણ સાતમી આવૃત્તિમાં સંપૂર્ણ ઉલટસુલટ છે. કેટલાંક કિસ્સાઓમાં, જે તે વેગ તરીકે માન્યું હતું હવે એ વસ્તુ મુખકનો ભાગ રચે છે. આથી કરીને મૂળભૂત ખાસિયત વસ્તુમાં કેટલાંક અન્ય પરિવર્તનો જણાયા છે. તેને વસ્તુગુણ (Matter Property) [MP], વસ્તુ પદાર્થ (Matter Material) [MMt] અને વસ્તુ પદ્ધતિ (Matter Method) [MM] એ રીતે જુદાં પાડ્યા છે.

માત્ર મૂળભૂત ખાસિયત વેગને વસ્તુગુણ (Matter Property) માં પુનઃ સ્થાપિત કરી છે. આ બાબતને સમજવા માટે નક્કર ઉદાહરણ વૈદક વર્ગમાં રહેલ છે, શરીરરચના, શરીરપ્રક્રિયા અને રોગ એ સ્પષ્ટપણે વસ્તુગુણના પ્રાગટ્ય રૂપે જોવાય છે. એ જ રીતે મુખ્ય વિષય કૃષિશાસ્ત્ર, જમીન, ખાતર, રોપણી વગેરેને વસ્તુગુણ (Matter Property) તરીકે સ્પષ્ટતઃ સમજાય છે. મુખ્યવર્ગ લલિતકાળાઓમાં ચિત્રકળા વર્ગમાં પેન્સિલ (ડ્રોઇંગ) ચિત્ર અને કાર્ટૂન ચિત્ર એ વસ્તુ પદ્ધતિ (Matter Method) ને સ્પષ્ટ કરે છે. પ્રૌદ્યોગિકીમાં ઉત્પાદન અને જીવન વિજ્ઞાનમાં સજીવોના ઘટકો વસ્તુપદાર્થ દર્શાવે છે.

તેથી, આપેલ વિષયમાં કાળ, સ્થળ, વેગ અને વસ્તુ એ મૂળભૂત ખાસિયતોને ઓળખવામાં કશી જ મુશ્કેલી પડતી નથી.

વ્યક્તિત્વ (Personality) : મૂળભૂત ખાસિયત વ્યક્તિત્વ એ વ્યાખ્યા દ્વારા સમજી શકાય.

રંગનાથને વ્યક્તિત્વ ઓળખવા માટે ક્રમી કરવાની રીત દ્વારા રસ્તો શોધી કાઢ્યો છે; અને એ રીતે જ્યારે કોઈ અન્ય મૂળભૂત ખાસિયત ન હોય ત્યારે જે શેષ રહેતું હોય તે વ્યક્તિત્વ દર્શાવે છે. જોકે, ગહન અનુસૂચિઓની રચના કરતી વખતે પાયાના વિષય સાથે સંયુક્ત વિષયો સંકળાયેલા હોય તોખાસ / ગર્ભરૂપ વિષય તરીકે તેને ઓળખી શકવાની શક્યતા રહેલી હોય છે; જેમકે, વૈદકમાં 'માનવ શરીર' આ પ્રકારની ગર્ભિત વિભાવના એ વ્યક્તિત્વ (Personalitis) ને સ્પષ્ટ કરે છે એમ માનવામાં આવે છે.

(જુઓ વિભાગ-3 એકમ-7)

તમારી પ્રગતિ ચકાસો

4) નીચે આપેલ આખ્યાનોમાંથી મુખ્ય વિષય અને મૂળભૂત ખાસિયતો ઓળખી બતાવો.

a) Geography of India.

b) Physiology of Flowering Plants.

c) Assessment of the aptitude of college students in India in the 1980.

d) Landscape Water Colour Paintings in 7th Century France.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

13.3.1 પાયાગત મુખકની ધારણાઓ (Postulates of Basic Facets)

એકવાર તમે જૂદી મૂળભૂત ખાસિયતો નિશ્ચિત કરો, તે પાયાના વર્ગની સાથે P M E S T ના ક્રમમાં જોડાયેલી હોય છે. પાયાનું મુખક એ મુખ્ય વર્ગની સાથે પરંપરાગત રીતે સંકળાયેલું હોય છે, જેમકે, તત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, રજૂઆતશાસ્ત્ર, સાહિત્ય, ઈતિહાસ

વગેરે. સીસીમાં મૂળમાં લગભગ 30 મુખ્ય વર્ગો સમાવ્યા હતા. છઠ્ઠી આવૃત્તિમાં તે વધીને 47 થયા. સાતમી આવૃત્તિની મુખ્ય વર્ગોની યાદીમાંથી ઘણાં મુખ્યવર્ગો એમાં શોધી શકશો, તે તમે જેને પાયાના વર્ગ તરીકે જાણો છો એ રીતના નથી. ઉદાહરણ રૂપે લઈએ તો, B Mathematics (ગણિત) એ મુખ્યવર્ગની યાદીમાં જુદાં જુદાં વિષયો સમાવેલ છે જે તેનું વિસ્તરણ દર્શાવે છે. એ જ રીતે પદાર્થની વસ્તુ, ધ્વનિ, ઉષ્મા, વિદ્યુત, ચુંબકત્વ વગેરે C ભૌતિકશાસ્ત્ર (Physics) ની હેઠળ મુખ્ય વર્ગ C ની સાથે જ આનુસંગિક વસ્તુ તરીકે મૂકેલ છે. પણ વર્ગીકૃત કરવામાં તે અલગ પડે છે. (6 Electricity) (વિદ્યુત)માં, 6 એ મૂળભૂત ખાસિયત નથી, પણ એ પાયાના વર્ગનો ભાગ છે, તેમ છતાં તેને માટેનું અલગ મુખસૂત્ર આપેલું છે.

13.3.2 કાર્યની સ્તરો (Planes of Work)

રંગનાથનના મતે, ગ્રંથાલય વર્ગીકરણનું કાર્ય એ ત્રણ સ્તરોમાંથી પ્રસાર થાય છે આ ત્રણ સ્તરો આ પ્રમાણે છે : વિચાર સ્તર Idea Plane) શાબ્દિક સ્તર (Varbal Plane) અને સંજ્ઞાત્મક સ્તર (Notational Plane)

ગ્રંથાલય વર્ગીકરણની યોજનાઓ પ્રથમ વિષય-વિશ્વમાંના વિષયોની ગણના કરે છે, તેઓના સંબંધોનો નિર્દેશ કરે છે, અને પછી તેનો ક્રમ નિશ્ચિત કરે છે. આ વૈચારિક સ્તરે બનતું હોય છે. વિચાર સ્તરના પરિણામોને પદોમાં રજૂ કરવામાં આવે છે. આ શાબ્દિક સ્તરનું કાર્ય છે. છેવટે, આ પદોને સંજ્ઞામાં રૂપાંતરીત કરવામાં આવે છે. આ અંતિમ કક્ષાનું કાર્ય એ સંજ્ઞાત્મક સ્તર તરીકે જાણીતું છે. આમ, ત્રણ સ્તરે કાર્ય થાય છે : વૈચારિક, શાબ્દિક અને સંજ્ઞાત્મક સ્તરે.

13.3.3 વર્તુળો અને સ્તરો (Rounds and Levels)

પાંચ મૂળભૂત ખાસિયતો શોધ્યા પછી, એમ જણાયું હતું કે, વ્યક્તિ, વસ્તુ અને વેગ એ પોતે જ કેટલાંક વિષયોમાં એકથી વધારે વખત જોવા મળે છે. આ ઘટનાને વર્તુળો એ સ્તરોની ધારણાઓ રૂપે હાથ ધરવામાં આવી હતી. ઉદાહરણરૂપે Treatment of Brain Tumour by radium Therapy અહીં મૂળભૂત શ્રેણીઓ Brain [P] Tumour [M], treatment [E], અને Redium Therapy. [E] છે. અહીંયા વેગ [E] જાતે જ ફરીવાર આવે છે. આ રીતનું પુનરાવર્તન (બેવડાવવું) ત્રણ આની કોઈપણ મૂળભૂત શ્રેણીમાં (P, M ૨૮. E) થાય છે. મૂળભૂત શ્રેણીના વર્તુળથી ઓળખાય છે. આ વર્તુળો [1P1], [2P1],[1E], [2E], [1M1] [2M1] એમ દર્શાવાય છે.

બીજું દૃષ્ટાંત લઈએ : શેક્સપિયર લિખિત King Lear સૌ પ્રથમ આ વિષયમાં કઈ કઈ મૂળભૂત ખાસિયતો રહેલી છે. તે શોધવી જોઈએ. સાહિત્ય એ પાયાનો વર્ગ છે. ભાષા, સાહિત્યનું સ્વરૂપ, કર્તા અને કૃતિ એન્ટી પૃથકો છે. આ બધા પૃથકો મૂળભૂત શ્રેણી વ્યક્તિની મુખકના છે. તેથી તે બધા, વ્યક્તિત્વ મુખક જોડે સંકળાયેલા/સંબંધ ધરાવતા છે. આ બધી ઘટનાઓને વ્યક્તિત્વના સ્તરો તરીકે સંબોધાય છે. અને તે બધા જ પ્રથમ વર્તુળમાં મૂકાય છે. આથી [1P1], [1P2], [1P3], [1P4] એ રીતે સૂચિત કરવામાં આવે છે. તેને પ્રથમ વર્તુળનું તૃતીય સ્તર અને પ્રથમ વર્તુળનું ચતુર્થ સ્તર વાંચવામાં આવે છે.


13.3.4 મુખકક્રમની ધારણાઓ (Postulates of Facet Sequence)

અહીં આપણે પાંચ મૂળભૂત શ્રેણીઓ તેઓના વર્તુળો અને સ્તરો વિષે ચર્ચા કરી રહ્યા છીએ, તો પછી પ્રશ્ન એ ઊભો થાય છે કે એની ગોઠવણી ક્યા ક્રમમાં કરવી. આનો ઉત્તર રંગનાથને મુખકક્રમની ધારણાઓ દ્વારા આપેલ છે. તેમણે પાંચ ધારણાઓને અનુસરનારા કેટલાંક સિદ્ધાંતો આપ્યા છે. આ સિદ્ધાંતો વિષેની ચર્ચા વિભાગ-3માં કરેલી છે; આથી માત્ર, ધારણાઓ વિશેની જ ચર્ચા અહીં કરી છે.

i) પ્રથમ મુખકની ધારણા : કોઈપણ સંયુક્ત વિષયમાં પ્રથમ મુખક એ પાયાનું મુખક હોય શકે છે. તેનો સાદો અર્થ એ છે કે પાયાનો વર્ગ અથવા મુખ્યવર્ગ એ પ્રલેખની આખ્યાઓ સ્પષ્ટ રીતે દર્શાવ્યો ન હોય તો પણ હોઈ શકે છે. ઉદાહરણ જો કેન્સરનો ઉપચાર (Treatment of Cancer) એ આપણે વિષય હોય. તો તેમાં પાયાનું મુખક દર્શાવવામાં આવેલ છે. પરંતુ, ગર્ભિતાર્થ એ છે કે ઉદાહરણમાં પાયાનું મુખક વૈદક છે.

ii) સંકીર્ણતા મૂર્તતાનોની ધારણા (Postulate of Concreteness)

પાંચ મૂળભૂત શ્રેણીઓ માત્ર P M E S T ના ક્રમમાં દર્શાવાય છે. આનો અર્થ એ છે તે ઘટતી જતી મૂર્તતા/સંકીર્ણતાના ક્રમમાં દેખાય છે. આની સમજ માટે આ ઉદાહરણ જોઈએ. Prevention of Fungus diseases in Oranges Nagpur. અહીં આ સિવાયનું પણ પાયાનું મુખક છે. અને આપણે તેમાંથી અન્ય મૂળભૂત ખાસિયતો શોધીને PMEST ના ક્રમમાં ગોઠવવાનું રહે છે. સ્પષ્ટતઃ કૃષિશાસ્ત્ર એ પાયાનું મુખક છે અને અન્ય મૂળભૂત ખાસિયતો નારંગી (Oranges) [P] સંસ્થા [Prevention] [E] ફુગના રોગ Fungus Diseases [M] અને નાગપુર [S], આ પદો તે ધારણાઓના ક્રમમાં ગોઠવીએ તો આ પ્રમાણે ગોઠવાશે.



iii) વર્તુળની અંદર મુખકક્રમની ધારણા (Postulate of facet sequence within a round): સંયુક્ત વિષયમાં જો P, M, અને E કોઈપણ વર્તુળમાં આવે, તો પણ એને P, M અને E ના ક્રમમાં જ ગોઠવવા જોઈએ. દાખલા રૂપે Preparation of Soil for Growing Grapes માં કૃષિશાસ્ત્ર એ પાયાનું મુખક, Preparation ખેડની તૈયારી, એ વેગ મુખક છે અને Soil (જમીન) એ વસ્તુ મુખક અને Grapes (દ્રાક્ષ) એ વ્યક્તિત્વ મુખક છે. ધારણાઓને આધારે મુખક ક્રમ આ પ્રમાણે હશે :

Agriculture (BF), Grapes [P], Soil [M] અને Preparation [E]. આ ધારણાઓ વર્તુળની અંદર મુખક ક્રમની ધારણા તરીકે જાણીતી છે.

iv) અંતિમ વર્તુળની અંદર મુખકક્રમની ધારણા : (Postulate of facet sequence within the last round) આથી ધારણા એમ દર્શાવે છે કે સંયુક્ત વિષયના મુખકોના અંતિમ વર્તુળમાં વેગમુખક સિવાયના મુખકો હોઈ શકે. અને એક જ વાર હોય, તો એ બધા મુખકોનો ક્રમ P, M, S અને T પ્રમાણે જ રહેશે, આ માટેનું ઉદાહરણ આ આખ્યાનામ જેવું છે :

A Study of the emotions of adults 20th Centrury USA. અહીં પાયાનું મુખક Psychology (મનોવિજ્ઞાન) અને અન્ય મુખકોમાં emotions (લાગણીઓ) વસ્તુ (matter), પુખ્ત (adults) વ્યક્તિત્વ (Personality) 20મી સદી (20th Century) કાળ (Time) અને યુએસએ (USA) સ્થળ (Space) છે. આમાં વેગ વિષે નિર્દેશ નથી, ધારણાઓના નિર્દેશ પ્રમાણેનો ક્રમ આ પ્રમાણે હશે :

Psychology (BF), Adults [P], Emotion [M], USA [S], 20th Century [T].

v) સ્તર ગુચ્છની ધારણા (Postulate of level cluster) : મુખકોના ક્રમ માટે આ અંતિમ સિદ્ધાંત એમ દર્શાવે છે કે એક જ મૂળભૂત ખાસિયતની અંદરના વર્તુળની અંદર જુદાં જુદાં સ્તરોને એક સાથે જ રાખવા જોઈએ. આ માટેનું ઉદાહરણ લઈએ તો : Succession rights of Minors in Hindu Law. આમાં મુખકો વારસાઈ હક (Succession), સગીર (minor) અને હિંદુ કાયદો (Hindu Law) આ બધી જ મુખકો વ્યક્તિત્વ મુખકને દર્શાવે છે./સ્પષ્ટ કરે છે. જ્યારે તે ગોઠવાય ત્યારે તેઓનો ક્રમ આ પ્રમાણે હશે, Law (BF), Hindu Law [1P1], Minor [1P2], અને Succession [1P3].

આ ધારણા સ્તરના ગુચ્છની ધારણા તરીકે જાણીતી છે. આ એકમમાં આપણે તેનો અભ્યાસ કાર્યો, તેનો નિચોડ આ પ્રમાણે દર્શાવી શકીએ :

- મુખકીયકરણને કારણે સીસી ઘણી બધી માત્રામાં અન્ય પદ્ધતિઓથી અલગ જણાય છે.
- સીસીની એક પછી એક આવૃત્તિ, અગાઉની આવૃત્તિનું વિશ્લેષણ કરતાં સુધારણાવાળી જણાય છે.
- સીસી પાયાના સિદ્ધાંતો ઉપર કાર્ય કરે છે, તે આ પ્રકારના છે :

i) ત્રણ સ્તરનું કાર્ય

ii) પાંચ મૂળભૂત શ્રેણીઓ

iii) વર્તુળો અને સ્તરો

iv) મુખક ક્રમ

5) મૂળભૂત શ્રેણીઓની કઈ વિશેષતા છે ?

6) જુદી જુદી મૂળભૂત શ્રેણીઓ માટેના ક્યાં સંયોજક ચિહ્નો છે હ?હ

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

13.4 સંજ્ઞા (Notation)

રંગનાથને ગ્રંથાલય વર્ગીકરણના તેમના સિદ્ધાંતોમાં, ત્રણ સ્તરોની વિભાવના જણાવી છે, જેનાથી તમે પરિચિત છો. આ બધાની સંજ્ઞા સ્તર એ ઘણીબધી મુશ્કેલીઓથી ઘેરાયેલું છે. આ ક્ષેત્રમાં ઘણું બધુ સંશોધન હાથ ધરાયું છે અને ઘણું બધું નવીનીકરણ કરવામાં આવ્યું છે. તમે સંજ્ઞાનો અર્થ, તેનાં કાર્યો અને પ્રકારો વિષે પરિચિત છો જ. તેવી અમે સીસીની સંજ્ઞા વિષે આપતું ધ્યાન કેન્દ્રિત કરીશું.

13.4.1 મિશ્ર સંજ્ઞા - સંયોજક ચિહ્નો (Mixed Notation-Indicator Digits)

સીસી મિશ્રસંગ્રહનો ઉપયોગ કરે છે. તેમા નીચેની સંજ્ઞાઓ સમાયેલી છે.

1) ભારતીય - અરબી અંકો (Indo-Arabic Numerals)

2) રોમન મૂળાક્ષરો - (Roman Alphabet) મોટા કદના A થી Z અને નાના કદના a to z

3) કૌંસ (Parenthesis) ( )

4) સૂચક ચિહ્નો (Indicator digits)

નીચે આપેલ સારણી સીસીની સાતમી આવૃત્તિમાં ઉપયોગમાં લીધેલ સૂચક અંકોની વિગતો આપેલ છે.

Digit/Symbol	Name of the indicator digit	Role of the indicator digit
•	Asterisk	indicates agglomeration and interpolation
←	Backward Arrow	Indicates Backworld range
"	Double inverted comma	indicates common isolates
(The above three indicator digits have anteriorising value).		
&	Ampersand	indicates phase relation
`	Single inverted comma	indicates time facet
.	Dot	indicates space facet
:	Colon	indicates energy facet
;	Semi-colon	indicates matter facet
,	Comma	indicates personality facet
-	Hyphen	indicates speciator of kind 1
=	Equal sign	indicates speciator of kind 2
+	Plus sign	and, addition
→	Forward arrow	indicates forward range

વર્ગાંકોની ગોઠવણી માટે પદ્ધતિમાં બધી સંજ્ઞાઓ અને સૂચકોનું મૂલ્ય નિશ્ચિત કરેલું છે, અને ચઢતાંક્મે, નીચે દર્શાવ્યા પ્રમાણે ગોઠવાય છે :

) & ' . ; : , - = → a to z 01 to 9 A to Z

- (asterisk), + (plus), " (double inverted comma) and <-- (backward arrow) have antheriorising

13.4.2 ખાલી અંક (Empty Digit)

પંક્તિની ક્ષમતા વધારવા માટે, સીસી જેને ખાલી અંક તરીકે ઓળખાવે છે તે ખાલી અંકનો કોઈ અર્થ બોધ નથી, પરંતુ તે તેનું ક્રમ મૂલ્ય રાખે છે, ઉદાહરણ મદદથી આપણે ખાલી અંક અર્થ સમજીએ. જો તમે ભારતીય - અરબી અંકોનો ઉપયોગ કરતો હોય તો તમે વધુમાં વધુ 1 થી 9 સુધીના જ અંકો વાપરી શકો છો. જો વિષમનું વિભાજન કરવાનું હોય ત્યારે માત્ર નવ સુધી જ ભાગ પાડી શકીએ છીએ અને પછી આગળના એટલે કે દસ અને તેની પછીના વિભાજનોનો સમાવેશ કરી શકતા નથી. આ મુશ્કેલીમાંથી બહાર નીકળવા માટે સીસીમાં માત્ર 1 થી 8 ના અંકોનો ઉપયોગ થયો છે, અને 9 અંકને ખાલી અંક તરીકે છોડી દેવાયો છે. તેનું કશું જ મૂલ્ય નથી પણ જ્યારે 91, 92, 93....98 અથવા 991, 993 એમ એમ આગળ જૂથકરણ માટે ઉપયોગમાં લેવાય તો એનું સંપૂર્ણ મૂલ્ય પુનઃ મેળવે છે. (જુઓ એકમ 9) આ કાર્ય પદ્ધતિને લઈને કોઈપણ મુખકોમાંથી પંક્તિઓની કાર્ય ક્ષમતામાં અસાધારણ વૃદ્ધિ થાય છે. આ જ સિદ્ધાંતને a થી g અથવા A થી Z માટે ઉપયોગમાં લઈ શકીએ છીએ. નાના કદના રોમન મૂળાક્ષર રૂને ખાલી અંક

બનાવવામાં આવે અને I, V, X એ અંકો ધારણા તરીકે ખાલી કરતાં અંક તરીકે અને Z મૂળાક્ષરને ખાલી અંક તરીકે પ્રયોજી શકાય. વિભાગ 3ના એકમ-9માં સીસીની સંજ્ઞા વિષેની ચર્ચા પ્રસ્તુત કરેલ છે.) એજ રીતે, સીસી, યુક્તિઓનો ઉપયોગ કરે છે. આ યુક્તિઓ વિષે હવે આપણે જોઈશું.

13.5 યુક્તિઓ (DEVICES)

નવાં નવાં વિષયો હંમેશા ઉદ્‌ભવતા હોય છે એ આપણે જોઈએ છીએ અને વર્ગીકરણ પદ્ધતિ એ નવાં વિષયોને યોગ્ય સ્થાને દર્શાવવા માટે સક્ષમ હોવી જોઈએ. આ હેતુ માટે રંગનાથને ઘણી બધી યુક્તિઓ પૂરી પાડી છે. આવી યુક્તિઓને હેતુ નવાં પૃથકો રચવાનો અથવા પંક્તિઓમાં અસ્તિત્વ ધરાવતા પૃથકોને વધુ ધારદાર બનાવવાનો (ઊંડાણ લાવવાનો) હોય છે. આ પદ્ધતિથી અનુસૂચિનું કદ યોગ્ય પ્રમાણમાં ઘટાડી શકાય છે.

સીસીમાં ચાર પ્રમુખ યુક્તિઓ ઉપયોગમાં લેવાય છે :

1) કાળક્રમ યુક્તિ

2) ભૌગોલિક યુક્તિ

3) વિષય યુક્તિ

4) વર્ણાનુક્રમ યુક્તિ

આપણે આ દરેક યુક્તિઓ વિષે ટૂંકમાં ચર્ચા કરીશું.

આ યુક્તિનો હેતુ મુખક અંકને ધારદાર બનાવવાનો છે. તેનાથી પૃથક અથવા નવાં પૃથકને ધારદાર બનાવી શકીએ છીએ. આ કરવાને માટે કાળક્રમનો અંક કાળપૃથકમાંથી ઉપયોગમાં લેવાય છે. સાહિત્ય (Literature) વર્ગમાં કર્તાઓના અંકો આ યુક્તિ દ્વારા મેળવાય છે. આથી બધા જ કર્તાઓના અંકોને ગણાવવા એ વ્યવહારું છે. કાળક્રમ યુક્તિમાં આવી આકસ્મિક ઘટના વખતે ખાસ કાળજી લેવાય છે. આનો દાખલો આપીએ તો રવીન્દ્રનાથ ટાગોર માટેનો અંક 0157, 3M61 છે. અહીં M61 એ 1861 માટે પ્રયોજેલ છે, જે રવીન્દ્રનાથ ટાગોરના જન્મનું વર્ષ દર્શાવે છે. આ યુક્તિ જેવી કે ગ્રંથાલયશાસ્ત્ર, ગણિત, વૈદક, લલિતકલાઓ, મનોવિજ્ઞાન, શિક્ષણ, અર્થશાસ્ત્ર વગેરે ઘણાં બધા વર્ગમાં ઉપયોગમાં લેવાય છે. જ્યાં જરૂર પડે ત્યાં આ યુક્તિનો ઉપયોગ કરી શકીએ છીએ. પદ્ધતિઓ (Systems) માં પાયાના પાયાગત વર્ગ કાળયુક્તિ મેળવેલ છે.

13.5.2 ભૌગોલિક યુક્તિ (Geogrophical Device)

આ બધી યુક્તિઓનો હેતુ અગાઉ દર્શાવ્યા પ્રમાણે અનુસૂચિ (કોઠા)માં પૃથક અંકોને ધારદાર અથવા આકાર આપવાનો છે. સ્થળ પૃથકોની અનુસૂચિમાંથી કોઈપણ ભૌગોલિક અંકનો ઉપયોગ કરવાની આ રીત પ્રયોજી શકીએ છીએ. તેનો ઉપયોગ ગ્રંથાલયશાસ્ત્ર, લલિતકલા, ધર્મ, ભાષાશાસ્ત્ર, ઈતિહાસ તેમજ અન્ય વર્ગોમાં થાય છે. આ યુક્તિના ઉપયોગથી પૃથકોની રચના નીચે પ્રમાણે કરાય છે.

152 = d 4437 એટલે રાજસ્થાની હિંદી, અહીં

152 હિન્દી માટેનો અંક છે.

= સંયોજક ચિહ્ન

d એ બઠેલી (direct) માટે

4437 સ્થળ પૃથકમાંથી રાજસ્થાનનો અંક છે. ભૌગોલિક યુક્તિનું બીજું ઉદાહરણ છે :

Early Egyptian religion માટેનો અંક Q,8677 છે.

અહીં Q 8 એટલે અન્ય ધર્મો, અને

677 એ સ્થળ પૃથકના કોઠામાં ઈજીપ્ત માટેનો અંક છે.

13.5.3 વિષય યુક્તિ (Subject device)

વિષય યુક્તિનો ઉપયોગ મુખકને ધારદાર બનાવવા માટે થાય છે. મુખકની સાથે પદ્ધતિના અન્ય કોઈપણ મુખકને જોડીને વર્ગાંક બનાવી શકાય છે. આ યુક્તિ ઘણાખરા મુખ્ય વર્ગોમાં ઉપયોગમાં લેવાય છે. વિષયયુક્તિથી મેળવેલ અંકને કૌંસ ()માં દર્શાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે :

Medical College Library 2,J3 (L)

આ ઉદાહરણ 2,J3 એ કોલેજ લાઈબ્રેરી (મહાવિદ્યાલય ગ્રંથાલય)નો અંક છે. જેની સાથે L Medicine (વૈદક) મુખ્ય વિલયનો અંક વિષયયુક્તિ દ્વારા જોડીને Medical College Library નો વર્ગાંક રચી શકીએ છીએ.

આપણે વિષયયુક્તિનું બીજું ઉદાહરણ જોઈએ. Hindu Law (હિંદુકાયદા Z(Q,2) જેમાં Z Law નો અંક છે અને (Q, 2) એ હિંદુધર્મનો અંક Q Religions (ધર્મ) મુખ્ય વિષયમાંથી મેળવેલ છે.

13.5.4 વર્ણાનુક્રમ યુક્તિ (Alphabetical Divice)

વર્ણાનુક્રમ યુક્તિનો ઉપયોગ પૃથક અંકોને વધુ ધારદાર બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે. આ યુક્તિનો ઉપયોગ કરતી વખતે વ્યક્તિઓ, અથવા વસ્તુઓ, અથવા ઉત્પાદનોના નામનો પહેલો અથવા પહેલાં બે અથવા ત્રણ અક્ષરો વાપરી શકીએ છીએ. જ્યારે જરૂર પડે ત્યારે આ યુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં નીચે દર્શાવેલ ઉદાહરણોમાં આ યુક્તિનો ઉપયોગ કરેલ છે.

0157, 3M61, G ગોરા રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા છે. જેમાં G ગોરા (Gora) માટે પ્રયોજેલ છે.

0157, 3M61, H+W હોમ એન્ડ ધી વર્લ્ડ (Home and the World) રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા છે. અહીં ગ્રંથનામના આરંભના બે શબ્દોના પ્રથમ અક્ષરોને + વત્તાની ..... દ્વારા જોડવામાં આવે છે. જેમાં H હોમ (Home) અને W વર્લ્ડ (World) માટે પ્રયોજેલ છે.

D93CM મારૂતી મોટર કાર. D93C મોટરકાર માટે અને M અક્ષર મારૂતી માટે છે.

કેટલીક J,381B બાસમતી ચોખા (Rice), જેમાં J,381 એ ચોખા માટે A અને B બાસમતી માટે છે.

સીસીમાં અન્ય યુક્તિઓનો ઉપયોગ કરેલ છે, જેને વિષેની ચર્ચા વિભાગ-3ના એકમ 9 અગાઉ કરેલ છે.

તમારી પ્રગતિ ચકાસો

7) કાળયુક્તિ, ભૌગોલિક યુક્તિ અને વિષય યુક્તિ એ દરેકનું ઉદાહરણ આપો અને સમજાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

13.6 પાર્શ્વ સંબંધો (PHASE RELATIONS)

આજે આપણે આંતરવિદ્યાકીય વિષયોના સંપર્કમાં આવીએ છીએ. આ બે અથવા વધુ વિષયોની આંતરક્રિયાનું પરિણામ છે. આ હેતુ માટે, સીસીએ પાર્શ્વ સંબંધ યુક્તિ પુરી પાડી છે. પાર્શ્વસંબંધો બે અથવા વધારે મુખ્ય વિષયો વચ્ચે, એક જ મુખ્ય વર્ગના એક જ મુખકની અંદર અને મુખ્ય વર્ગના એક સરખા મુખકમાં અથવા એક અને એક સરખી પંક્તિના પૃથકો વચ્ચે હોઈ શકે છે. આ ત્રણેય પ્રકારના પાર્શ્વ સંબંધો આંતરવિષયો, આંતર મુખક અને આંતરપંક્તિના નામથી ક્રમશઃ ઓળખાય છે. (જુઓ વિભાગ-3ના એકમ 8માં)

સીસીમાં છ પ્રકારના પાર્શ્વ સંબંધો સૂચવ્યાં છે. આ છ પ્રકારો આ છે :

1) સામાન્ય પાર્શ્વ સંબંધ (General relation phase)

2) દૃષ્ટિબિંદુ પાર્શ્વ સંબંધ (Bias Phase)

3) તુલના પાર્શ્વ સંબંધ (Comparison Phase)

4) તફાવત પાર્શ્વ સંબંધ (difference Phase)

5) સાધન પાર્શ્વ સંબંધ (Tool Phase)

6) પ્રભાવક (અસર) પાર્શ્વસંબંધ (Influencing Phase)

પાર્શ્વસંબંધ દર્શાવવા માટેનું સંયોજક ચિહ્ન & (અને)નું ચિહ્ન વપરાય છે. અને આ માટેના સંબંધ દર્શાવતા સૂચકોની અનુસૂચિ નીચે આપેલ છે.

સૂચક અંકોની અનુસૂચિ (સીસી 7મી આવૃત્તિ પ્રમાણે)

Kind of phase relation	Inter-Subect	Infra-facet	Intra-array
General	a	j	t
Bias	b	k	u
Comparison	c	m	v
Difference	d	n	w
Tool	e	p	x
Influencing	g	r	y

સીસીમાં જુદાં જુદાં પ્રકારના પાર્શ્વ સંબંધો દર્શાવતા કેટલાં ઉદાહરણો નીચે દર્શાવેલ છે.

1) A General study of special and university libraries - Type : intra-facet, Kind: General, No. 2,J4&JK

2) Psychology for teachers - Type: Inter-Subject, Kind: bias, No. S&bT

3) Comparison of Jainism and Buddhism - Type : intra-cacet, Kind : comparison, No.Q,3&m4

4) Difference between undergraduate and postgraduate education - Type : intra - array, Kind : difference, No. T, 181&w2

5) Statistical analysis in Library management - Type : inter-subject, Kind: tool, No.2:8&eBT

6) Influence of Music on literature - Type: inter - subject, kind : influencing, No.O&gNR.

13.7 પદ્ધતિઓ અને વિશિષ્ટ વર્ગો (SYSTEMS AND SPECIALS)

સીસીની છઠ્ઠી આવૃત્તિ સુધી પદ્ધતિઓ અને વિશિષ્ટ વિષયો મુખ્ય વર્ગો સાથે સંકળાયેલ હતા. સાતમી આવૃત્તિમાં, પાયાના વિષયોની અનુસૂચિમાં યાદી રૂપે રજૂ કર્યા છે. જોકે તેને અલગથી સમજવા જોઈએ.

પદ્ધતિઓ (Systems) : પદ્ધતિના પાયાના વિષય પદને સ્પષ્ટ રીતે સમજવું હોય તો વિચારસરણીઓ છે. વિચાર સરણી એ જૂથ છે, અથવા વ્યક્તનો વારસો એ કોઈક કારણ અથવા તત્ત્વજ્ઞાનમાંથી આકાર લે છે. પદ્ધતિના વર્ગાંક માટે કાળયુક્તિ પ્રયોજાય છે. પદ્ધતિ મુખકોના કેટલાંક ઉદાહરણ આ પ્રમાણે છે :

B6-M8 Hyperbolic geometry, where .B6 is geometry and M8 means the 1880s. The number stands for a system of geometry expounded in the 1880s.

L-B Ayurveda. B is 999 to 1000 BC - a system of medicine that came into being prior to 1000 BC.

S-N14 Individualistic psychology. It means a school of psychology that came into being in 1914.

X-NI Communism. The Number stands for a system of economics that came into being in the 1910s.

વિશિષ્ટ વર્ગો (Specials) : વિશિષ્ટ પાયાના વિષયો એ પદ મુખ્યવર્ગનો વિભાગ સૂચવે છે, જેમાં વિષયનો અભ્યાસ કેટલીક વિશિષ્ટ રીતે મર્યાદિત કર્યો હોય છે. વિશિષ્ટ વર્ગોના વર્ગાંકો ગણનાક્ષમ રીતે દર્શાવેલા હોય છે. વિશિષ્ટ વર્ગના પાયાના વિષયોના કેટલાંક ઉદાહરણરૂપે અહી દર્શાવ્યા છે :

G-9Up - Marine Biology

J-9B - Dry Farming

L-9C - Child Medicine

S-9XX - Industrial psychology.

13.8 કોલન ક્લાસિફિકેશનના ગુણો અને ખામીઓ (MERITS AND DEMERITS OF COLON CLASSIFICATION)

નક્કર સિદ્ધાંતો અને સંજ્ઞાની સ્વાગતશીલતાને કારણે, સીસી દ્વારા લગભગ દરેક વિષયનો અદ્વિતીય અંક આપવા માટે શક્તિમાન બને છે. સીસીની બે વિશેષતા (ગુણો) એ છે કે પદ્ધતિસર ક્રમ અને ઊંડાણપૂર્વકની વિગતો સાથે પૃથક્કરણ અને સંયોજન થઈ શકે છે. પરિણામે એ બે ઉદ્દેશો સિદ્ધ કરે છે 1) દરેક વર્ગમાં સહાયકક્રમ પૂરો પાડે છે અને ii) આપેલ વિષય સરળ, સંયુક્ત અને જટિલ હોય તો પણ એને માટે સ્થાન આપવાની સુવિધા રહેલી છે. એવો દાવો કરવામાં આવે છે કે સીસી કમ્પ્યૂટર સહાય દ્વારા પ્રલેખ શોધ માટેની અસરકારક પદ્ધતિ બની શકે છે.

એની સૌથી મોટી ખામી એ છે કે ડીડીસી અને યુડીસી ના જેવું સંશોધન સુધારણા માટેનું કોઈ વ્યવસ્થા તંત્ર નથી હાલમાં સાતમી આવૃત્તિ પ્રગટ થઈ છે. તેમાંથી પૂરતું માર્ગદર્શન મળતું નથી. અને ઘણી જગ્યાએ સ્પષ્ટતાની ખામી જણાવે છે. વિવિધ નિયમોના ઉપયોગને સમજાવે તેવા ઉદાહરણ સાથેની માહિતી આપનારી પુસ્તિકા (Mannual) પ્રગટ થનાર છે એમ કહેવાય છે. અને આ બધાથી વિશેષ તે સરળતાથી વેગળી છે કે ઉપભોક્તાઓ એના ગુણોને સહૃદયમાં સંઘરી રાખે નહીં.

13.9 કોલન ક્લાસિફિકેશનનું પ્રાયોગિક કાર્ય (PRACTICAL WORK IN COLON CLASSIFICATION)

સીસીની 7મી આવૃત્તિના BB અને BC પ્રકરણોને આધારે કેટલાંક અંક બનાવ્યા છે. તમને સલાહ આપવામાં આવે છે કે આ ઉદાહરણો જોઈ જશો, એક પછી એક સોપાન દ્વારા કાર્ય કરો. તમારા માર્ગદર્શન માટે ત્રણ ઉદાહરણો આપવામાં આવ્યા છે, તેમાંથી મૂળભૂત ખાસિયતો ઓળખી બતાવો અને તેને યોગ્ય મુખકો આપો.

Transplanting rice seedlings in India in the monsoon

Agriculture	-	J (main class BS/BF)
Rice	-	Plant [1P1] - 381
Seedling	-	Organ [1P2] - 91
Transplanting	-	Action or energy [E] - D
India	-	Space [S]-44
Monsoon	-	Time [T] - v

દરેક મૂળભૂત ખાસિયતોના પ્રતીકો વિષે પણ તમે જાણો છો. અંતિમ વર્ગાંક J,381,91:D.44'G બને છે.

Treatment for headaches

Medicine	-	L(BS/BF)
Head	-	Organ [1P1] - 18
Disease	-	Property [MP] - 4

Ache	-	Pain (part of the disease) - 17
Treatment	-	Action [E] - 6

આથી અંતિમ વર્ગાંક L,18;417:6 બને છે.

William Shakespeare : Merchant of Venice

Literature	-	O(BS/BF)
Language	-	English [1P1] - 111 (from the language schedule)
Form	-	Drama [1P2] - 2
Author	-	Shakespeare, 1564 [1P3] - J64 (chronological device)
Work	-	Merchant of Venice [1P4] - M+V (alphabetical device)

આથી અંતિમ વર્ગાંક O,111, 2J64, M+V બને છે. દરેક મુખ્ય વર્ગના આરંભે મુખકસૂત્ર આપેલું છે, જેથી તમે ખોટા પડશો નહીં.

13.10 સારાંશ (SUMMARY)

કોલન ક્લાસિફિકેશન એ મુક્ત મુખકીય સંયોજિત વર્ગીકરણ પદ્ધતિ છે. સૈદ્ધાંતિક પાયા ઉપર સારી રીતે વિચારીને વિકસાવેલી પદ્ધતિ છે. ધારણાઓ અને સિદ્ધાંતોના પાયા ઉપર ઘણું બધુ સંશોધન કાર્ય થયું છે. સીસીના પૃથક્કરણ માટે પાંચ મૂળભૂત શ્રેણીઓ (P M E S T) એ મુખ્ય આધાર છે. એ જ રીતે, સીસીમાં સંયોજન માટેનો આધાર મુખકીય માળખું છે.

મુખક ક્રમ માટે કેટલાક સિદ્ધાંતો દર્શાવ્યા છે. સીસીમાં નવા પૃથકો રચવા માટે તેમજ પ્રવર્તમાન પૃથકોને વધારે ઊંડાણ આપવા માટે કેટલીક યુક્તિઓ - જેવી કે કાર્યક્રમ, ભૌગોલિક, વિષય અને વર્ણાનુક્રમનો ઉપયોગ કરવાની જોગવાઈ છે. તેથી જ સીસીની સંજ્ઞા સ્વાગતશીલતા માટે ઘણી સમૃદ્ધ છે.

ઉપર આપેલી ઘણી ખાસિયતોના વિશિષ્ટ લક્ષણો વિષે આ એકમમાં ચર્ચા કરેલ છે.

13.11 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERICISES)

1) સીસીમાં અંક રચના માટેના બે પાયાના કાર્યો સંકળાયેલ છે. જેમાં (1) પાંચ

મૂળભૂત ખાસિયતોને આધારે વિષય પૃથક્કરણ, અને (2) સંયોજન. પહેલાં મુખકીય રીતે વિષયનું પૃથક્કરણ કરવું પડે છે. વિષયને સ્પષ્ટ કરતાં મુખકે એક સાથે લાવીને વિષયના વર્ણનને પૂરેપૂરા મળતાં મુખકોને જોડવાના હોય છે. સંયોજન સાથે સંકળાયેલ, પાસાંને વિષયના અન્ય પાસાંઓ સાથે ઉમેરવામાં આવે છે, જે અન્ય વિષય સાથે હિસ્સો ધરાવે છે. પૃથક્કરણ અને સંયોજનની ક્રિયાને લઈને સીસી પૃથક્કરણીય - સંયોજિત પદ્ધતિ કહેવાય છે.

2) જ્યારે સીસી પ્રથમવાર રજુ થઈ ત્યારે તે કોઈ સિદ્ધાંતો ઉપર આધારિત નહોતી. કહેવાય કે રંગનાથને લંડનમાં પ્રદર્શનમાં મેકજીસેફ જોવાથી વિચાર્યું હતુ. વિચાર્યુ હતું. આ પદ્ધતિને આગળ વધારવા કોઈ સિદ્ધાંતો નહોતા. આથી રંગનાથને આ ક્ષેત્રમાં સંશોધન કરવા દોરાય અને 1966 અને 1937ના વર્ષોમાં વર્ગીકરણના સિદ્ધાંત શોધવા સમય ગાળ્યો. પરિણામે આ સંશોધન સૌ પ્રથમવાર તેમના ગ્રંથ `Prolegomena to Library Classification' 1937માં પ્રકાશિત થયું. આ તેમનું મહત્ત્વપૂર્ણ પ્રકાશન છે. પ્રલેગોમેના એ પ્રથમ પ્રકાશન છે. જેમાં રંગનાથ વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતો આપ્યા છે.

3) ત્રીસી અને ચાલીસીના ચાવીરૂપ દાયકાઓમાં મોટા પાયે ખૂબ જ ગતિથી સંશોધન કાર્ય હાથ ધર્યું. પાંચ મૂળભૂત શ્રેણીઓની ધારણાઓ શોધી. સામાન્ય સંયોજક પ્રતીક : (કોલન)થી વર્ગાંકની રચના કરવામાં મુશ્કેલરૂપ જણાયું. પછી સીસીની ચોથી આવૃત્તિમાં દરેક મૂળભૂત શ્રેણીઓ માટેના અલગ સંયોજક ચિહ્નો (સ્થળ અને કાળ સિવાય) પૂરાં પાડ્યા. આ મુખકોના અંકોને અભિવ્યક્ત (રજૂ કરવા) કરવા માટે બહુ મોટી આવશ્યકતા નહોતી. જે પ્રલેખમાં બહુ સ્પષ્ટ નહોતા. આમ યુક્ત મુખકીય પદ્ધતિ રચાઈ. અહીં ચોથી આકૃતિનું મહત્ત્વ રહેલું છે. તે ગત્યાત્મકતા (વર્ગીકરણના સિદ્ધાંતો)ની છડીદાર છે. જે સીસીમાં આ પહેલાં સ્પષ્ટ નહોતું.

4)

a)	Geography	-	main class
	India	-	space
b)	Botany	-	main class
	Physiology	-	matter (property)
	Flowering	-	
	Plants	-	Personality
c)	Education	-	main class
	Assessment	-	energy
	Aptitude	-	matter (property)
	College student	-	personality

	India	-	space
	1980s	-	time
d)	Painting	-	main class
	Landscape	-	Personality
	Water colour	-	matter (property)
	17th Century	-	time
	France	-	space

5) રંગનાથનને ખાતરી થઈ કે વિષયમાં પાંચ પાસાંઓ હોઈ શકે છે. આને પાંચ મૂળભૂત શ્રેણીઓ તરીકે ઓળખવામાં આવે છે. આ શ્રેણીઓને આધારે જો વિષયનું પૃથક્કરણ કરવામાં આવે તો, વિષયનાં જુદા જુદા મુખકો પ્રગટ થઈ શકે, જેદ્વારા સંયોજિત કરીને વિષયને રજૂ કરતી સંજ્ઞાના પરિવર્તિત કરી શકીએ છીએ. વિશિષ્ટ નિયમો દ્વારા અનુસૂચિની ગણનાત્મક રીતને જરૂર પડે દૂર કરી શકીએ છીએ એ અનુસૂચિઓમાં કદમાં ઘટાડો કરવાથી ..... પ્રાપ્ત થાય છે. મૂળભૂત ખાસિયતોમાંથી મુખકો મળે છે. અને આ પદ્ધતિનો ઉપયોગ કરીને આ પદ્ધતિ પૃથક્કરણીય મહત્ત્વપૂર્ણ બની રહે છે.

6)

મૂળભૂત શ્રેણીઓ (Fundamental Categories)	**સંયોજક ચિહ્નો (Connecting Symbols)**
વ્યક્તિત્વ (Personality)	, અલ્પવિરામ (Comma)
વસ્તુ (Matter)	; અલ્પવિરામ (Semicoma)
વેગ (Energy)	: નિસર્ગ ચિહ્ન (Colon)
સ્થળ (Space)	.પૂર્ણવિરામ (dot)
કાળ (Time)	'ઉલ્ટાવેલું અલ્પવિરામ (apostrophe)

7) a) કાળક્રમ યુક્તિનું ઉદાહરણ - કોલન ક્લાસિફિકેશન

વર્ગાંક = 2:5N3 - જેમાં N3 (Q930 નો દાયકો) એ કાળયુક્તિ છે તે કોલન ક્લાસિફિકેશન શોધાવાનું વર્ષ સૂચિત કરે છે.

b) ભૌગોલિક યુક્તિનું ઉદાહરણ (The Indian Immigrants in the USA.

વર્ગાંક = Y, 6J73A44

જેમાં 73 અને 44 ભૌગોલિક યુક્તિ દર્શાવે છે.

Y,6J	-	Immigrants
73	-	USA (ભૌગોલિક યુક્તિ)
A	-	added as per the rule (નિયમ પ્રમાણે ઉમેરેલ મૂળાક્ષર)
44	-	India (geographical device) (ભૌગોલિક યુક્તિ)

c) વિષય યુક્તિ (Subject Divice) Cement Production

વર્ગાંક = XX,(F,923)

જેમાં XX - ઔદ્યોગિક અર્થશાસ્ત્ર (Industrial economics)

(F,923) - સિમેન્ટ (વિષય યુક્તિ)

13.12 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

અગ્રગામી મૂલ્ય (Anteriorising Value) : આ એક ધરાવતો હોય તે અન્ય તેનું મૂલ્ય નહીં ધરાવતા અંકની પૂર્વે ગોઠવાય છે.

અર્થબોધ મૂલ્ય (Semastic Value) : ચિહ્નો, પ્રતીકો અને તેઓ શું અભિવ્યકત કરે છે તે વચ્ચેનો સંબંધ

અષ્ટક સિદ્ધાંત (Octave Principle) : અષ્ટક એટલે આઠ; આ સિદ્ધાંત પ્રમાણે માત્ર આઠ જ અંકોમાં ઉપયોગ થાય છે. નવમો અંક વિષયના વિભાજન માટે ઉપયોગમાં લેવાતો નથી. તેને બદલે અષ્ટક અંક તરીકે ઉપયોગ થાય છે. તેવી અન્ય પંક્તિઓ 91, 92, 93.... 98, 991, 992, 993... 998, 9991, 9992, 9993..... 999 ની જેમ શરૂ કરી શકીએ છીએ આ પદ્ધતિ પંક્તિમાંથી કોને અનંત ક્રમવાચક સંખ્યાઓ પૂરી પાડે છે.

આનુષંગિક ગુણ (Adjunet) : કશુંક આકસ્મિક અથવા અનિવાર્યપણે કે જરૂરી હોય તેનો ઉમેરો કર્યો હોય તે ગર્ભ.

આંતરપ્રક્ષેપરક (Interpolation) : બે અસ્તિત્વ ધરાવતા પદો અથવા અંકો વચ્ચે અંદર દાખલ કરવી પદ અથવા અંક. આ કાર્યરીતિથી નવા વિચારને સમાવી શકીએ છીએ.

ક્રમવાચક મૂલ્ય (Ordinate Value) : અંકોના ક્રમમાં સંખ્યાનું સ્થાન સૂચિત કરતું મૂલ્ય, જેમકે પ્રથમ, દ્વિતીય, તૃતીય વગેરે.

ખાલી અંક / દ્વિક્ત અંક (Entry Digit) : ખાલી અંક એટલે તેઓનું ક્રમ મૂલ્ય જાળવે છે, છતાં તેનું કોઈ અર્થમૂલ્ય હોતું નથી. (ખાલી અંક એટલે અર્થમૂલ્ય વિના પણ તેનું ક્રમ મૂલ્ય જળવાય છે.)

દર્શક અંક (Speciator) : આ પદનો ઉપયોગ પૃથકોના વ્યક્તિકરણ માટે અંગ, ગુણ, વસ્તુ/પદાર્થ, ભૌગોલિકિય વિભાગો અથવા કાળવિભાગો સૂચિત કરે છે.

પંક્તિ (Array) : કોઈ એક જ આલિયતના અમલીકરણથી અંકો છે હરોળ અથવા સ્થંભમાં પ્રદર્શિત કરાય છે.

પાયાગત મુખક (Basic facet) : મુખ્ય વર્ગ અથવા પાયાગત વર્ગ

પૃથક (Isolate) : કોઈપણ પાયાગત વિષય સાથે ગોઠવી શકાય તેવો વિચાર.

પૃથક્કરણ સંયોજિત (Analytico-Synthetis) : વિષયને જુદાં જુદાં મુખકોમાં પૃથક્કરણ કરીને તેના આધારે રચાયેલી વર્ગકરણ પદ્ધતિના મુખકો સૂચિ કરેલ ધારણાઓ પ્રમાણે ગોઠવાય અને મુખક પદો એ મુખક અંકો દ્વારા પુનઃસ્થાન પામે. મુખક અંકોને છેવટે વર્ગાંકોને યોગ્ય સંયોજક ચિહ્નો વડે સંયોજિત કરાય છે.

મુખક (Facet) : એક જ મૂળભૂત ખાસિયતને આધારે ઓળખી શકાય તેવાં પૃથકોનું જૂથ

સૂચક અંક (Indicator digit) : મુખકની આગળ મૂકવામાં આવતું ચિહ્ન (પ્રતીક)

સ્પષ્ટીકરણ (Menifection) : પ્રગટ થયું પ્રદર્શન થવું (હાજર હોવું)

ધારણા (Posfulate) : સ્વયં પૂરાવારૂપ અથવા દલીલ/ચર્ચાના આધારરૂપે માની લેવાય; એને જ માન્ય રાખવામાં આવે.

13.13 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Encyclopaedia of Library and Information Science. (1971). Vol.5. New York : Marcel Dekker. pp.316-340.

Foskett, A.C. (1982). The Subject Approach to Information. 4th ed. Clive Bingley : London.

Raju, A.A.N. (1984). Decimal, Universal Decimal and Colon Classification : A Study in Comparison. Delhi : Ajanta Publications.

Ranganathan, S.R. (1987). Colon Classification. 7th ed. Edited by M.A. Gopinath. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science.

એકમ-14 કોલન ક્લાસિફિકેશનની વિવિધ આવૃત્તિઓનો વૃત્તાંત

રૂપરેખા

14.0 ઉદ્દેશો

14.1 પ્રસ્તાવના

14.2 કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 1. સિદ્ધાંતના આધાર વિનાના વૃત્તાંત

14.3 કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 2. સિદ્ધાંત આધારિત વૃત્તાંત

14.3.1 આવૃત્તિ 4

14.3.2 આવૃત્તિ 5

14.3.3 આવૃત્તિ 6

14.4 કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 3

14.4.1 સિદ્ધાંતના નવાં પરિણામો

14.5 7મી આવૃત્તિમાં કરેલ પરિવર્તનો

14.6 સારાંશ

14.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

14.8 સંદર્ભો અને વિશેષ વાંચન

14.0 ઉદ્દેશો (OBJECTIVES)

કોલન ક્લાસિફિકેશનના વિકાસ અને શૈલીની સૈદ્ધાંતિક પાશ્ચાદ્ ભૂમિકા આ એકમમાં પ્રસ્તુત કરી છે.

આ એકમ વાંચ્યા પછી તમે સમસ્યા માટે શક્તિશાળી બનશો :

- કોલન ક્લાસિફિકેશન ચુસ્ત મુખકીય પદ્ધતિથી મુક્ત મુખકીય વર્ગીકરણની યોજનાના વિકાસ બાબતે તેના સિદ્ધાંત વિષે તમે સ્પષ્ટ ખ્યાલ મેળવશો.
- સીસીના ત્રણેય પ્રકારના વૃત્તાંતોનો પરિચય મેળવશો.
- સીસીની 7મી આવૃત્તિમાંના ફેરફારો ઓળખશો.

14.1 પ્રસ્તાવના (INTRODUCTION)

કોઈપણના જીવનકાળમાં સિદ્ધાંત કરતાં વ્યવહાર આગળ રહે છે. તેવું વર્ગીકરણ માટે પણ બનતું હોય છે. ડ્યૂઈ ડેસિમલ વર્ગીકરણ પદ્ધતિની રચના કર્યા પછીના પચાસ વર્ષની અંદર રિચાર્ડસન અન સેયર્સ તે વખતની પ્રચલિત વર્ગીકરણ માટેનો તુલનાત્મક અભ્યાસ કર્યો. અને તેના ઉપરથી ગ્રંથવર્ગીકરણના સિદ્ધાંતો રચ્યા; જે મહદ્અંશે "વર્ણનાત્મક સૂત્રરૂપે" અને "અર્થઘટનાત્મક સમજૂતિ" હતી. એ સ્થિર અને ગતિ વિનાની હતી. 1949 પછી, રંગનાથને વર્ગીકરણના ગતિશીલ સિદ્ધાંતો રચ્યા. કોલન ક્લાસિફિકેશનના વૃત્તાંત 2 હેઠળ (આવૃત્તિ 4,1952) 6ઠ્ઠી આવૃત્તિ જે પુરવણી (Annexure) (1963) સાથે પુનઃમુદ્રિત થઈ અને પછીનું વૃત્તાંત 3 (આવૃત્તિ 7, 1987) ને આધારે કોલન ક્લાસિફિકેશન પ્રગટ થઈ. સીસી વૃત્તાંત 2ને રંગનાથને સીસી વૃત્તાંત 1માંની (આવૃત્તિ 1 થી 3)માં પ્રદર્શિત થયેલ ચુસ્ત મુખકોને દૂર કર્યા. વિવિધ દર્શક અંકો વિવિધ પ્રકારના મુખકો માટે ઉપયોગમાં લીધા અને વર્તુળ અને સ્તરોની વિભાવના દ્વારા અંકોની ભારે ચુસ્તતા (કઠોરતા) દૂર કરી અને સંયુક્ત વિષયમાં મુખકોનો ક્રમ નક્કી કર્યો. તેમ છતાં મુખકના સ્તરોની અંદર સંતાયેલ રહેલ વર્તુળમાં ચુસ્તતા (કઠોરતા) રહેલી છે. આ હિસાબે પૂર્ણપણે મુક્ત મુખકીય નહોતી.

આ સંજોગો એ કોલન ક્લાસિફિકેશનની બધી આવૃત્તિઓ એમ દર્શાવે છે કે / એમ ઉલ્લેખાય કે તે પૂર્ણ રીતે પૃથક્કરણીય સંયોજિત સ્વરૂપમાં છે. "પૃથક્કરણી સંયોજિત પદ્ધતિ" એ સામાન્ય વર્ગને લાગુ પડતું પદ કોઈપણ યોજના માટે સૂચવાય છે. જેમાં સંયુક્ત વિષયને પહેલાં વૈચારિક મુખકોમાં પૃથક્કત કરવામાં આવે, પછી શાબ્દિક સ્તરે અને સંલગ્ન કક્ષાએ સંયોજિત થાય. તેમ છતાં વ્યવહારમાં બધી જ. મુખકીય પદ્ધતિઓને પૃથક્કરણીય - સંયોજિત એ અર્થમાં લાગુ પાડી શકીએ.

14.2 કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત-1 : સિદ્ધાંત વિહિન - વૃત્તાંત 1 (COTON CLASSIFICATION VERSION 1 : A NON THEORY - BASED VERSON)

વિષયોના વિશ્વની નવી માંગને પૂરી કરવા 1924માં કોલન ક્લાસિફિકેશનની રચનાનો આરંભ થયો અને તેની પહેલી આવૃત્તિ 1933માં પ્રકાશિત થઈ હતી. એ સમય દરમ્યાન, વિષયોના ઘણી બધી વિપુલતા આગળ ધરીને, વ્યવહારુ રીતે સંયુક્તા વિષયના પાયાના મુખક અને મુખકના દરેક પૃથકને અંતે રજૂ કરવાની શરૂઆત થયેલ. 1924 સુધીમાં આ વિપુલતા એ ઘણાં બધી રીતે સાહિત્યાદેશ (Literary Warrant) આકર્ષિત કર્યું હતું.

સંયુક્ત વિષયોની ગણના કરવાનું કાયમને માટે છોડી દેવાનું કારણરૂપ આ વાત જરૂરિયાતભરી હતી. આથી કોલન ક્લાસિફિકેશનમાં માત્ર પાયાના વિષયોમાં ટૂંકા કોઠાઓ (અનુસૂચિઓ) આપી અને જુદાં જુદાં સામાન્ય પૃથકો જેવા કે કાળ, સ્થળ, ભાષા, અને અગ્રગામીઓ અને વધારામાં વિશિષ્ટ પૃથકોના ટૂંકા કોઠાઓનો ઉપયોગ પાયાના વિષયો સાથે જતાં સંયુક્ત વિષયો માટે કરવાનો હતો. આનો ગર્ભિતાર્થ એ હતો કે પાયાના વિષયો માટે જ વર્ગસમંક આપવો અને સંયુક્ત વિષયો માટે નહી. દરેક સંયુક્ત વિષય માટે

વર્ગસમંકની રચના વર્ગીકરણકારે નિયમ મુજબ ન કરવાની હોય છે. પહેલાંની પદ્ધતિઓ શું ચાલી હતી તેનાથી સ્પષ્ટ છૂટા પડવાનું હતું. આ નવું લક્ષણ હતું. જેનું એચ.ઈ. બિલર્સ કોલન ક્લાસિફિકેશનને "સંયોજિત વર્ગીકરણ" તરીકે વર્ણવવા દોરાયા. ઘણું કરીને આ વૈચારિકતા સાથે જાય છે.

સંજ્ઞા કક્ષાએ, કોલન ક્લાસિફિકેશનના વૃત્તાંત 1માં : (વિસર્ગચિહ્ન) સૂચક (દર્શક) અંકરૂપે દરેક પ્રકારના મુખક માટે ઉપયોગમાં લેવાયો હતો.

કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 1ની રચનામાં વર્ગીકરણના સિદ્ધાંત હેતુપૂર્ણ રીતે આધારિત નહોતા, તથાપિ કેટલાંક પ્રકારનો સિદ્ધાંત અર્થની વ્રત કક્ષાએ રચનામાં માર્ગદર્શન રૂપ બન્યા હોય.

કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 1 (આવૃત્તિ 1 થી 3) 1950 સુધીની પેઢીએ તેનાથી સંતોષકારક કામ લીધું હતું. આ સમય ગાળામાં અસ્પષ્ટપણે અનુભવાતું હતું કે કામચલાઉ પદ્ધતિ કે જે વર્ગીકરણના નક્કર સિદ્ધાંત પર આધારિત નથી તે વિષય વિશ્વમાનાં પરિવર્તન સાથે કદમ મિલાવી શકે તેમ નથી. તેથી ખાતરી થઈ કે વર્ગીકરણની પદ્ધતિ નક્કર ગતિશીલ સિદ્ધાંતને આધારે જ રચવી જોઈએ. સિદ્ધાંત ગતિશીલ હોવા જોઈએ કે જે વિષયોના વિશ્વ સાથે વધતા જતા પરિવર્તનથી અને વિપુલતા સાથે તાલ મિલાવી શકે.

(નોંધ : 1 થી 3 આવૃત્તિઓનું ટૂંકું વર્ણન એકમ 13ના આ ભાગમાં આવેલ છે.

તમારી પ્રગતિ ચકાસો.

1) કોલન ક્લાસિફિકેશનના વૃત્તાંત 1ના લક્ષણોની ટૂંકમાં ચર્ચા કરો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

14.3 કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 2 : સિદ્ધાંત આધારિત વૃત્તાંત (COLON CLASSIFICATION VERSION 2 : THEORY BASED VERSION)

આ ગતિશીલ સિદ્ધાંતનું એક પાયાનું પ્રદાન લીલી વૃત્તાંત 2 દોરવાયુ, જેને વર્ગીકરણનું કાર્ય ત્રણ કક્ષામાં - વૈચારિક, શાબ્દિક અને સંજ્ઞા કક્ષાએ જૂદું પાડ્યું. આ થયા પૂર્વે સંજ્ઞા સ્તરની ક્ષમતામાં ઊણપ હતી.

સંજ્ઞા સભરને જ માત્ર ખીલવ્યુ નહોતું, બીજી તરફ, એને ખીલવવાની અનિચ્છા પણ હતી. ખરેખર, તેની તરફ ધ્યાન આપવાનો વિરોધ પણ હતો. પ્રચલિત પદે શાબ્દિક સ્તરે તેમાં બધા સમાનઅર્થવાળા અને સમાનાર્થી પદો જે વિચાર કક્ષાએ ગૂંચવાડો પેદા કરે છે.

ત્રણ સ્તરના કાર્યોમાં અલગતા છે. વિચાર સ્તર ખુલ્લી સર્વેત્રીય શિખરે દોરાય, પોતાની જાતે જ વણ રુકાવટ ભર્યો વિકાસની આવશ્યકતા તે માન્ય કરે છે. સંહત્ર સ્તરના વિકાસ ઉપર ખાસ ભાર મૂક્યો છે. જે દ્વારા ધીમે ધીમે આગળ વધતા જતા ક્રમને વિચારકક્ષાએ તેના અમલ શોધી શકાય.

દરેક વિદ્યાશાળામાં એક સરખાં અર્થોવાળા અને સમાનાર્થી પર્ચાઓથી મુક્ત એવી પરિભાષાની આવશ્યકતાનો ખ્યાલ આવ્યો તે ગમે તે રીતે તૈયાર થાય એ બાબત નથી એક જ અને સરખી તાંત્રિકી પદો જુદી જુદી વિદ્યાશાખાઓમાં પ્રયોજાય તો તેનો અર્થ પણ ભિન્ન હોય, ત્યારે આદર્શ રાખવો કે આ સમાનાર્થી પદો દૂર કરવા જોઈએ.

સંજ્ઞા કક્ષાએ સર્વતોમુખી પ્રતિભા સુધારવાનો સંજ્ઞા સ્તરે ગ્રંથાલય વ્યાવસાયિકોએ વિસ્તારમાં સંપૂર્ણપણે ખરી જવું જોઈએ. પણ શાબ્દિક સ્તરને સુધારણા માટે વિષયનિષ્ણાત અને ભાષાવિદ્ વચ્ચે સહકારની જરૂર રહે જ છે. સંતોષકારક પરિણામ સિદ્ધ થાય ત્યાં સુધી, કેનન ઓફ કોન્ટેક્સ (પૂર્વાપર સંબંધનું શાસ્ત્રસૂત્ર) અને કેનન ઓફ એજ્યુકેશન (ગણનાક્ષમ શાસ્ત્રસૂત્ર) એની સેવાનો ભાર સહન કરીને સમાનાર્થી ભૂલોને બાજુ પર રાખીને કાર્ય આગળ ધપાવવું જોઈએ.

કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 2 એ વૃત્તાંત 1નો આધાર 1950 થી 1963 સુધીમાં વર્ગીકરણના સિદ્ધાંતો વિકસ્યા તેને આધારે સુધાર્યા. વૃત્તાંત 2 પ્રમાણે 1952માં 4થી આવૃત્તિ સૌ પહેલાં પ્રકાશિત કરવામાં આવી હતી. કેટલાંક વધુ સુધારાઓ આગળની શોધને લઈને સિદ્ધાંતો સુધાર્યા. વૃત્તાંત 2ની છેલ્લી આવૃત્તિ કોલન ક્લાસિફિકેશન આવૃત્તિ 6 એનેકસચર સહિત 1963માં પ્રકાશિત થઈ હતી. આ વૃત્તાંત નવું આવશ્યક/જરૂરી લક્ષણ એ વિચારકક્ષાએ પાંચ મૂળભૂત ખાસિયતોના સ્વયંસિદ્ધ સત્યો જે વર્તુળો અને સ્તરોમાં શોધાયા તેને અમલમાં મૂક્યા. સંહત્ર કક્ષાએ એને અમલ કર્યો. વૃત્તાંત 1માં એકમાત્ર સૂચક અંક વપરાયું હતું તેને સ્થાને પાંચ જુદાં જુદાં દર્શક ચિહ્નો પ્રયોજવામાં આવ્યા. આ જુદાં જુદાં પાંચ દર્શક અંકો (સૂચક અંકો) પાંચ મૂળભૂત ખાસિયતોને ક્રમશઃ મળતાં છે : વ્યક્તિત્વ [P], વસ્તુ [M], વેગ [E], સ્થળ [S], કાળ [T] ટૂંકમાં - PMEST છે.

અન્ય નવું લક્ષણ (વિશેષતા) વિચાર સ્તરે કરીને નવા મુખ્યવર્ગો અને નવા અંશતઃ બહુ

વ્યાપ્ત મુખ્ય વિષયોની પંક્તિમાં આંતરપ્રક્ષેપ દ્વારા સ્વીકાર પામ્યા. સંજ્ઞા કક્ષાએ આનો અમલ કરીને 6ઠ્ઠી આવૃત્તિ (1960) સુધી ગ્રીક મૂળાક્ષરો એને માટે કામચલાઉ રીતે પ્રયોજાયા હતા, તે કેટલાંક વધુ મોટા કાર્યને લઈને સંજ્ઞા કક્ષાએ આ ફેરફાર કરવાનું ચાલુ રાખ્યુ ન હોતું. કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 2 એ 14 વર્ષ સુધી સંતોષકારક સેવા આપી છે.

તમારી પ્રગતિ ચકાસો.

2) કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 2ની કોઈ નવી જરૂરી વિશેષતાઓ હતી ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

14.3.1 આવૃત્તિ 4 (Edition 4)

આ આવૃત્તિ અગાઉની આવૃત્તિમાંથી તદ્દન મૌલિક આવૃત્તિ હતી. દરેક મૂળભૂત ખાસિયતો, સ્થળ અને કાળને બાકાત રાખીને, નીચે દર્શાવ્યા પ્રમાણેના ભિન્ન ભિન્ન સંયોજક ચિહ્નો આપવામાં આવ્યા છે.

તાલિકા/સારણી : મૂળભૂત ખાસિયતો અને સંયોજક ચિહ્નો

મૂળભૂત ખાસિયતો	સંયોજક ચિહ્નો
વ્યક્તિત્વ	, (અલ્પવિરામ)
વસ્તુ	; (અર્ધવિરામ)
વેગ	: (વિસર્ગચિહ્ન (કોલન))
સ્થળ	. (પૂર્ણવિરામ (ડોટ))
કાળ	. (પૂર્ણવિરામ (ડોટ))

ઉપર દર્શાવેલા સંયોજક ચિહ્નો, એ ઉપરાંત વધારામાં, કેટલાંક ગ્રીક મૂળાક્ષરો, જેવા કે :

β	(બીટા)	ગાણિતિક વિજ્ઞાન માટે
Y	(ગામા)	ભૌતિકવિજ્ઞાનો માટે
ν	(ઈટાહ)	ઉત્ખનન (માઈનીંગ) માટે
λ	(લમ્બડા)	પશુપાલન માટે
μ	(મૂ)	માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાન
γ	(નૂ)	માનવવિદ્યા માટે
Σ	(સિગ્મા)	સામાજિક વિજ્ઞાનો માટે
Δ	(ડેલ્ટા)	આધાત્મિક અનુભવ અને ગૂઢવિદ્યા માટે

14.3.2 આવૃત્તિ 5 (Edition 5)

વર્ગીકરણના સિદ્ધાંતમાં સતત સંશોધન કાર્ય ચાલ્યું, જેને લઈને 1957માં 5મી આવૃત્તિનું પ્રકાશન થયું. આ આવૃત્તિમાં નીચે પ્રમાણેના સારા પ્રમાણમાં સુધારાઓ દાખલ કર્યા હતા :

1) ભારતમાંના બંધારણીય માન્ય રાજયોને માટેનું વિભાગોનો ટૂંકી વૈકલ્પિક અનુસૂચિ (કોઠો) પ્રકરણ જેવી અનુસૂચિમાં આપ્યો. નવો ટૂંકો કોઠો (Schedule) જૂનાને અંતે આપવામાં આવ્યો.

2) પ્રકરણ 7માં પાર્શ્વ (સંલેખ) અને આંતર-મુખક સંબંધોનો વિગતપૂર્ણ કોઠો આવ્યો. આંતર-મુખકોના સંબોધોની વિભાવનાએ ચોક્કસ પ્રકારના વર્ગસંમકોની લંબાઈમાં કેટલીક કરકસર કરી.

3) "N લલિતકલા" ના રૂઢિગત વિભાજનો સંશોધિત કર્યા. આ વર્ગમાં અંકોને બદલે મોટાકદના (કેપીટલ) રોમન મૂળાક્ષરો ઉપયોગ માટે લેવાયા હતા.

4) અર્થશાસ્ત્રના કોઠામાં વ્યવસ્થાપન અને મજૂર/શ્રમ માટેના કોઠાઓ સુધાર્યા હતા.

5) "N કાયદો" માટેના કોઠામાં કેટલાંક નક્કર વધારો કર્યો.

6) "J કૃષિશાસ્ત્ર" માટેનું વિગતપૂર્ણ કોઠો છોડી દીધા.

7) પૃષ્ઠો 1.7 થી 1.18 ઉપર વર્ગીકરણના શાસ્ત્રસૂત્રો આવ્યા.

8) "ખાણશાસ્ત્ર" (Mining) માટેનો નવો મુખ્યવર્ગ ગ્રીક મૂળાક્ષર V (etah) નો ઉપયોગ કર્યો.

14.3.3 આવૃત્તિ 6ઠ્ઠી (Edition 6)

1960માં છઠ્ઠી આવૃત્તિ પ્રકાશિત કરી હતી તેમાં ઘણાં બધા ઉમેરો નહોતો કરવામાં આવ્યો. જે ફેરફારો કર્યા તે નીચે મુજબના છે :

i) કેટલાંક અપવાદો સાથે ગ્રીક મૂળાક્ષરો દૂર કરવાના પ્રયત્નો કર્યા. મુખ્યવર્ગોના સંદર્ભમાં ખાલી ખાલી કર્તા અને ખાલી - ખાલી કર્તા અંકોની વિભાવના દાખલ કરીને તેઓને બદલવામાં આવ્યા.

ii) પુર્નમુદ્રણ અનુસૂચિ (1963)માં કાળ મુખક માટેનું સંયોજક ચિહ્ન (.) પૂર્ણવિરામને સ્થાને (') ઉલ્ટાવેલું અલ્પવિરામ બદલાયું.

iii) બીજા સ્તરનું સ્થળ [52] પૃથકો અને કાળ પૃથકો [T2] પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

iv] શિક્ષણ, નાભિકીય ભૌતિક વિજ્ઞાન અને નાભિકીય ઈજનેરીની નવી અનુસૂચિઓ સ્થાપક ફેરફારો સાથે સામેલ કર્યા.

v) પદ્ધતિના નિયમોવાળો ભાગ પુનઃગઠિત કાર્યો અને અંશતઃ ફરી લખ્યો/પુનઃલેખન કરવામાં આવ્યું.

vi) ગ્રંથાંક માટેનો કોઠો પદ્ધતિના ભાગ-2માં સૌ પ્રથમવાર અનુસૂચિ રૂપે આપ્યો.

vii) કેટલાંક અન્ય ફેરફારો CC ની 6 આવૃત્તિમાંના એનેકલચર પુનઃ મુદ્રિત (1961, 1970) તરીકે રજૂ કરવામાં આવ્યા. આમાં નોંધવાલાયક બાબત એ અષ્ટકને વૃત્તખંડોમાં બદલ્યા.

તમારી પ્રગતિ ચકાસો.

3) સીસીની 6ઠ્ઠી આવૃત્તિમાંના ફેરફારો ગણાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

14.4 કોલન ક્લાસિફિકેશન વૃત્તાંત 3 (COLON CLASSIFICATION VERSION 3)

એકંદરે 25 વર્ષો સુધી CC વૃત્તાંત 1 ઘણું જ સારી રીતે સંતોષકારક હતું; CC વૃત્તાંત આ સંદર્ભ આ સમયગાળો અડધો ઘટી ગયો. કારણકે એ સિદ્ધાંત આધારિત હતું. આ ઘરના વિષયોના વિશ્વમાં ઓળખી શકાય હતી. વિષયોની પ્રતિષ્ઠા લેખ. સ્તરેથી ગ્રંથ-સ્તરે સ્થળાંતર થવાની શરૂઆત થવાનો આરંભ હતો. લેખ સ્તરેથી પુસ્તક સ્તરે વિષયોનું વારંવાર સ્થળાંતર એ સૂચિત કરે છે કે આ ફેરફારોને પહોંચી વળવા માટે અને ટૂંકા સમયગાળામાં વર્ગીકરણના સિદ્ધાંત ક્ષેત્ર વધુ ગહન અને વધુ ગતિશીલ જરૂરિયાતને પહોંચીવાળાની આવશ્યકતા રહે છે. આ એ સૂચિત કરે છે કે ગ્રંથ વર્ગીકરણ માટે ગહન અને ગતિશીલ સિદ્ધાંત ગહન વર્ગીકરણ લેખોના વર્ગીકરણ માટે શોધવું જરૂરી ગણાયું.

14.4.1 સિદ્ધાંતોના નવા પરિણામો (New Resulty in Theory)

1) ગુણ પૃથકોને માન્યતા આપી એ વસ્તુમાં સ્પષ્ટ જોવા મળી શકે છે. આમ વસ્તુના સ્પષ્ટીકરણને લઈને "વસ્તુ-ગુણ" (Matter-Property) તરીકે ઓવખાવ્યા. વિચારસ્તરે આ વિભાવના બે કેટલાંક પૃથકોને બળપૂર્વક પ્રગટ કર્યા, જેમ પૂર્વેના વરસોમાં સમસ્ત/પ્રશ્ન અનુસૂચિઓ (Problecm Schedule) સામેલ હતી. પણ પછી એને વેગમુખકની અનુસૂચિઓમાં સમાવ્યા. પણ પછી એને "વેગ અનુસૂચિઓ"માં વાસ્તવ એ [MP] પૃથકો હતાં.

   આ શોધમાં સંજ્ઞા કક્ષાએ અપીલ કરવા માટે આવાં પૃખકો માટે સૂચક ચિહ્નો (indicutor digits) માં પણ પરિવર્તન કર્યું, જેમકે (;) વિસર્ગચિહ્ન (Colon) ને (;) અર્ધવિરામમાં પરિવર્તન કર્યું.

2) પાયાના વર્ગસમંક પછી [P] પૃથકનો અંક સાથે સૂચકચિહ્ન [,] અલ્પવિરામ જોડાતું નથી. અથવા [E] પૃથકના અંક બે શોધવો એ મોટી કરકસર, તેને છોડી દીધી હતી.

3) સંજ્ઞા સ્તરે પંક્તિઓની ક્ષમતા વધારવા રોમન નાના કદના મૂળાક્ષરોને અગ્રતાક્રમનો ગુણ આરોપીત કર્યો એ "0" (શૂન્ય) અંકને એનું સ્વાભાવિક ભાવકનું મૂલ્ય પાછું વાળી જે, તેને "1" અને "1" ના અંકોની વચ્ચે મૂકી આવ્યું :

4) મુખ્ય વિષયની પંક્તિમાં ગમે તે છેડે અને અન્ય કોઈપણ પંક્તિના અંકોમાં T થી Z ને આંતરક્ષેપ કરી શકાય. એ ખાલી, ખાલી-ખાલી કરતી અથવા ખાલી અંક તરીકે ગૃહિત સિદ્ધાંત તરીકે માન્ય કર્યા જેને ગ્રીક મૂળાક્ષરોનાં ઉપયોગને બાજુએ મૂકી દીધા.

5) પૃથકોને અધ્યારોપણને સંયુક્ત મુખક પદ આપવામાં આવેથી મુખકને સાનુકૂળ સૂચિત કરી શક્યો છીએ ત્રણ અથવા વધુ સંયુક્ત મુખકોને જોડવાની શકતાથી

પેટા-મુખકોને માત્ર પૃથક મુખકો જ નહિ પણ પાયાના મુખકમાં એક સંયુક્ત મુખક શોધવાનું જરૂરી હતું.

6) વિચારકક્ષાના સિદ્ધાંતોએ 18 સિદ્ધાંતો ઘડી કાઢ્યા જે દ્વારા પૃથકોનો ક્રમને સહાયક ક્રમમાં મેળવી શક્યા અને એટલું મુખકો અને તેના પૃથકોને શક્તિશાળી ભીંતચિત્રના સિદ્ધાંત દ્વારા સહાયક ક્રમમાં ગોઠવી શકાય છે,

7) વિચારકક્ષાની શોધોનો અમલમાં સંજ્ઞ સ્તર (કક્ષા)ના સિદ્ધાંતોથી સુધારાઓ કરવા જરૂરી હતા. એના પરિણામ રૂપ ફાયદાઓ/લાભોથી પંક્તિ ભાગોના અંકોમાં વૃદ્ધિ માટેની સગવડોમાં વધારો થયો. સંજ્ઞા સ્તરે સ્મૃતિ સહાયક યુક્તિ ઘણી સારી પેઠે સુધારા કરવામાં આવ્યો છે.

14.5 સીસી આવૃત્તિ 7માં કરેલાં ફેરફારો (CHANGES MADE IN CC EDITION 7)

વિભાગ 14.4માં ચર્ચા કર્યા પ્રમાણે સિદ્ધાંતોના પરિણામોના પ્રકાશમાં સીસ આવૃત્તિ 7 (1987)માં પ્રગટ કરી. આ વિભાગમાં કેટલોક ફેરફારો અહીં પ્રસ્તુત કર્યા છે.

a) 7મી આવૃત્તિમાં મુખ્ય વર્ગો/પાયાના વર્ગોની સંખ્યા વધેલી જોવા મળે છે. આ બાબત ઘણી બધી રીતે કરવામાં આવેલી છે.

   i) કેટલાંક મુખ્ય વિષયો અને કેટલાંક નવા મુખ્ય વિષયોને રૂઢિગત વિભાગમાં વહેંચી દીધાં. દા.ત.

      3 ગ્રંથવિજ્ઞાન Book Sceince

      4 સંશોધન પદ્ધતિ Research Techinique

   ii) કેટલાંક વિષયમાં [1P1] પૃથકોને રૂઢિગત અર્થ તરીકે વિભાજન કર્યું. દા.ત. ઈજનેરી, પ્રૌદ્યોગિકી, ભૂગોળ અર્થશાસ્ત્ર.

   iii) X અર્થશાસ્ત્ર મુખ્યવિષયમાં કેટલાંક [E] પૃથકોને રૂઢિગત વિભાજનમાં પરિવર્તન કર્યા.

   iv) વિષમાંની નવા પ્રકારની રચના - - અવ્યવસ્થિત સ્વરૂપનું ઝુંમખું (વિષય ઝૂમખું) - - (બેવડી લઘુરેખા રૂઢિગત વિભાગોમાં ઉમેરીને બનાવ્યું.

   v) પદ્ધતિઓને પાયાના વિષયમાં પરિવર્તિત કર્યા.

vi) વિશિષ્ટવર્ગના વિષયોને પાયાના વર્ગમાં પરિવર્તિત કર્યા.

vii) વિશિષ્ટ પ્રકાર રૂપે પર્યાવરણ નિદાન પાયાના વિષયમાં દર્શાવવા માટે પર્યાવરણ યુક્તિ (Envionment Device) પૂરી પાડી.

viii) સંયુક્ત પાયાના વિષયો - પદ્ધતિ ભાવ, વિશિષ્ટ ભાગ અને રૂઢિગત ભાવના તેમાં અંગભૂત તરફ ઉપયોગ કર્યો.

b) દર્શકસૂચક "(બેવડા ઉલ્ટાવેલા અલ્પવિરામ)નો ઉપયોગ "અગ્રગામી પૃથકો" (Anteriorsing isolates) તરીકે ઉપયોગમાં લીધા. જે 6ઠ્ઠી આવૃત્તિમાં નાના કદના રોમન મૂળાક્ષરો દ્વારા સૂચવાતું હતું.

c) સાતમી આવૃત્તિમાં સામાન્ય મૂળભૂત ખાસિયતોના પૃથકો - - માટે [E], [MP], અને [P] સામેલ કર્યા (ઉમેર્યા)

d) (એમ્પરસ્ટેન્ડ) એ નવું દર્શકસૂચક અંકનો ઉપયોગ 0 (શૂન્ય)ને બદલે પાર્શ્વ સંબંધ માટે ઉપયોગમાં લીધો.

e) કેટલાંક [E] પૃથકોને [MP] પૃથકોમાં બદલ્યા. દા.ત. B23 Theory of Equation (સૂત્રનો સિદ્ધાંત C7 Magnitism, (ચુંબક), J Agriculture (કૃષિ), JX Forestry (જંગલ), XX Animal Hsbandry (પશુપાલન) આ બધા [E] પૃથકો હતા.

f) [E] cum [2P] ને MP પૃથકોમાં ફેરવ્યા, દા.ત. Library Science (ગ્રંથાલય વિજ્ઞાન), L Medicine (વૈદક) P Linguistics (ભાષાવિજ્ઞાન), Y Sociology (સમાજશાસ્ત્ર), etc.

g) [2E] પૃથકોને [1E] પૃથકોમાં ફેરવવા દા.ત.] Agriculture (કૃષિવિજ્ઞાન)

h) [2E] cum [BP] પૃથકોને [E] પૃથકો અને [2P] પૃથકોમાં ફેરવ્યા (હાલમાં [P] પૃથકને દર્શક તરીકે ગણવામાં આવે છે.

i) મુખક માળખાકીય પરિવર્તન - મુખત સૂત્ર - અર્થહીન - જણાય છે, તે કાળ સાથે મેળ ખાતી નથી.

j) સૂચિત અંક "," (અલ્પ વિરામ) [P] મુખકના સ્તર 1 પહેલાં મૂકાય છે અને વિષયના કોઈપણ વર્તુળમાં મુકી શકાય.

આ ફેરફારોને લઈને થોડા પ્રમાણમાં સુધારાનું કાર્ય માટે જે પ્રલેખો 6ઠ્ઠી આવૃત્તિ પ્રમાણે કહેલાં છે તેને નવસંસ્કારના સિદ્ધાંત લાગુ પાડીને પુનઃ વર્ગીકરણ કાર્ય કરી શકાશે.

દૃષ્ટાંતરૂપ ઉદાહરણો

CC આવૃત્તિ 7 વિરુદ્ધ આવૃત્તિ 6ના ઉદાહરણો

ક્રમ	થયેલા ફેરફાર	સીસી આવૃત્તિ 6	CC આવૃત્તિ 7
a	MC/BC (મુખ્યવર્ગ/પાયાના વિષયમાં		
i)	જૂના મુખ્ય વિષયો અને કેટલાંક નવા મુખ્ય વિષયોને રૂઢિગત વિભાજનમાં ભાગ પાડ્યા.	3 ગ્રંથવિજ્ઞાન 9 સંશોધન પદ્ધતિ	3 ગ્રંથવિજ્ઞાન 21 કર્તૃત્વ પદ્ધતિ 34 વાચન પદ્ધતિ 9f સંશોધન કાર્યપદ્ધતિ of સર્વેક્ષણ કાર્યપદ્ધતિ 9f8 આયોજન કાર્યપદ્ધતિ
ii)	[1P1] પૃથકોને રૂઢિગત વિભાજન તરીકે ગણનામાં લીધાં.	1328 આંકડાકીય કલન ગણિત D1 સિવિલ ઈજનેરી [P] D3 મકાન બાંધકામ [P] G955 સમુદ્રકીય જીવશાસ્ત્ર [P] U1 ગાણિતિક ભૂગોળ [P] U2 ભૌતિક ભૂગોળ [P]	BT આંકડાશાસ્ત્ર D1 સિવિલ ઈજનેરી D2 મકાન ઈજનેરી G-9UP સમુદ્રકીય જીવશાસ્ત્ર U1 ગાણિતિક ભૂગોળ U2 ભૌતિક ભૂગોળ
iii)	કેટલાંક [E] પૃથકોને રૂઢિગત વિભાજનમાં ફેરવ્યા.	X:2 વપરાશ X:3 વિતરણ	X2 વપરાશ X3 વિતરણ
iiv)	નવા પ્રકારના વિષય... અવ્યવસ્થિત વિષય ઝૂમખા (વિષય ઝૂમખા)ઓને રૂઢિગત વિભાજનમાં ઉમેરવામાં આવ્યા.		AC ભૂપૃષ્ઠ વિજ્ઞાન (Surface Sciences) AD જમીન વિજ્ઞાન (Soil Sciences)
v)	પદ્ધતિઓને પાયાના વિષયમાં ફેરવ્યા (BS)	JB જંગલવિદ્યા LB આયુર્વેદ LC Homeopathy (હોમિયોપેથી) SM પ્રયોગાત્મક મનોવિજ્ઞાન SN3 ક્ષેત્રીય મનોવિજ્ઞાન XN સામ્યવાદ XNI9 તંત્રજ્ઞવિદ્યા	JX જંગલવિદ્યા L-B આયુર્વેદ L-C હોમિયોપેથી S-M પ્રયોગાત્મક મનોવિજ્ઞાન S-N3 ક્ષેત્રીય મનોવિજ્ઞાન X-N1 સામ્યવાદ X-N19 તંત્રજ્ઞવિદ્યા
vi)	વિશિષ્ટ વર્ગોને પાયાગત (BS) વર્ગના ફેરવ્યા	J9D સૂકી ખેતી L9C બાળવૈદક	J-9D સૂકી ખેતી L-9C બાળવૈદક

vii)	પર્યાવરણ યુક્તિ પૂરી પાડીને પર્યાવરણ ટ્રીટમેન્ટ સારવાર આપીને ખાસ પ્રકારના (BS) વિશિષ્ટ આપ્યા	L9V યુદ્ધ વૈદક	L-9V યુદ્ધ વૈદક
viii)	સંયુક્ત BS - ઉપયોગ પદ્ધતિ ભાગ, વિશિષ્ટ ભાગ અને રૂઢિગત વિભાજનના ભાગરૂપે કર્યો.	LB.9C બાળવૈદકમાં આયુર્વેદ	L-B-9C બાળવૈદકમાં આયુર્વેદ
b)	દર્શકસૂચક અંક "(બેવડા ઉલ્ટાવેલા અલ્પવિરામ)નો ઉપયોગ અગ્રગામી સામાન્ય પૃથકો એ નાના કદના રોમન મૂળાક્ષરની પહેલા મુકાય	Am 56, K Philosophical Transation of Royal Society of London LK Encyclopaedia of Medicine	A"m56, K Philosophical Transaction, Royal Soceity of London L"K Encyclopa-edia of Medicine
c)	સામાન્ય મૂળભૂત કક્ષાના પૃથકો માટે [P], [MP] અને [E].	અગ્રગામી અને અનુગામી વ્યક્તિ મુખકના પૃથકો	સામાન્ય અગ્રગામી પૃથકો સામાન્ય વસ્તુગુણ પૃથકો સામાન્ય વેગ પૃથકો
d)	& એ નવો દર્શક સૂચક અંક (એમપરસેન્ડ)ના ઉપયોગ જૂના સંયોજક ચિહ્ન "0" શૂન્યને સ્થાને કર્યો.	General Study of College and University Libraries 2330J4 Psychology for teacher SObT Statistical analysis in Library management. 2 : 80eB28	General Study of College and University Libraries 2,J3 & jK Psychology for Teachers S&bT Statistical analysis in Library management 2;8&eBT
e)	કેટલાંક [E] પૃથકોને [MP] પૃથકોમાં ફેરવ્યા	Quadric equation B23;2	Quadric equation B2,3;2
f)	[E] cum [2P] પૃથકોને [MP] પૃથકો ફેરવ્યા	Human Physilology L:3	Human Physiology L;3
g)	[2E] પૃથકોને [1E] પૃથકમાં ફેરવ્યા.	Treatment of diseases of Diseases affectiong Price J381:4:6	Treatment of disease affecting Rice J,381;4:6

h)	[2E] cum [3P] પૃથકોને [E] પૃથકોમાં અને [2P] પૃથકોમાં તોડી પાડ્યા હાલમાં [P] પૃથકોને સ્પેશીએટર્લ્સ ગણ્યા છે.	Drug Theraphy for Lung tuberculosis L45:421:63	Drug therapy for lung tuberculosis I,45;421:6,3 or L,45;421:6-3
i)	[P] મુખકના સ્તર 1 માં કોઈપણ વિષયના વર્તુળમાં પ્રથમ સ્તરે દર્શકસૂચક, (અલ્પવિરામ) મૂકવું જોઈશે.	Diagmosis of Lung Cancer L45:4725:3	Diagnosis of Lung Cancer I,45;4725:3

તમારી પ્રગતિ ચકાસો.

3) ક્યાં ક્યાં ફેરફારો સીસી 7મી આવૃત્તિમાં કરવામાં આવ્યા ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

14.6 સારાંશ (SUMMARY)

સીસીએ આવશ્યકપણે પૃથક્કરણીય સંયોજિત પદ્ધતિ છે અને તે બે પ્રકારની વ્યૂહરચનાનો ઉપયોગ કરે છે. વિષયોને તેના મુખકોમાં વિચારકક્ષાએ અને પછી શાબ્દિક અને સંજ્ઞા કક્ષાએ ક્રમશઃ સંયોજિત કરતી પદ્ધતિ છે. વૃત્તાંત 1ની પદ્ધતિ (સીસી આવૃત્તિમાં 1 થી 3) એ ચુસ્ત મુખકીય પદ્ધતિ હતી અને પછી વૃત્તાંત 2 (સીસી આવૃત્તિમાં 4 થી 6) અંશતઃ મુખકીય પદ્ધતિમાંથી સીસી 7 એ મુક્ત મુખકીય પદ્ધતિ રૂપે વિક્સી હતી. આ એ રીતે શક્ય બન્યુ કે વર્ગીકરણના સિદ્ધાંતોમાં રંગનાથન અને તેમના સહયોગીઓ સતત સંશોધન કાર્ય કરતાં રહ્યાં છે.

સીસીના વૃત્તાંત 1,2 અને 3 વિષેની ખાસિયતો આ એકમના પ્રસ્તુત કરેલી છે.

14.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો (ANSWERS TO SELF CHECK EXERCIESES)

1) સીસી વૃત્તાંત 1 (આવૃતિ 1 થી 3) એ ચુસ્ત મુખકીય પદ્ધતિ છે. તેમાં પાયાના વિષયોની વ્યક્તિગત અનુસૂચિઓ/કોઠાઓ આપેલ છે, કેટલાંક સામાન્ય પૃથકો - કાળ, સ્થળ, ભાષા, અગ્રગામી અને મોટી સંખ્યામાં વિશિષ્ટ જે જુદાં જુદાં વિષયો સાથે સંકળાયેલ વિશિષ્ટ પૃથકો આપેલ છે. તે "ચુસ્ત મુખકીય" પદ્ધતિ તરીકે વર્ણાવવામાં આવ્યાં છે. તેઓને ક્રમ પૂર્વ નિર્ધારિત, કરેલ છે. પાયાના વિષયો સાથે સંકળાયેલ સંયુક્ત વિષયો વિવિધ સંદર્ભ વિના આપેલ છે. આ વૈચારિક કક્ષાએ આદર્શ છે. સંજ્ઞા સ્તરે, તેમાં, (વિસર્ગચિહ્ન) એ દરેક પૃથકો માટેનું દર્શક સૂચક ચિહ્ન છે. આમ સીસી વૃત્તાંત 1ની શૈલી નાં કોઈ ઉદ્દેશ વગરની વર્ગીકરણના સિદ્ધાંત વનસ્ત પદ્ધતિ હતી.

2) સીસી વૃત્તાંત - 2ની આવશ્યક વિશેષતાઓ : a) પાંચ મૂળભૂત સ્વયંસિદ્ધ સભ્યોનું વર્તુળો અને સ્તરોમાં અમલીકરણ - જે વિચારકક્ષાએ રચાયું. b) નવા મુખ્ય વિષયોમાં વિચાર કક્ષાએ અને નવા અંશતઃ વ્યાપક વિષયોની મુખ્ય વિષયોની પંક્તિઓમાં સ્વીકાર થયો.

3) છઠ્ઠી આવૃત્તિમાં નીચે પ્રમાણે સુધારાઓ કરવામાં આવ્યા છે :

   i) કેટલાંક અપવાદોને બાદ કરતાં ગ્રીક મૂળાક્ષરોનો ઉપયોગથી દૂર રાખ્યા. તેઓને ખાલી કરતાં અને ખાલી ખાલી કરતાં અંકોની વિભાવના દાખલ કરીન પુનસ્થાપિત કરેલ છે.

   ii) પુનઃમુદ્રણ કોઠા (1963) (પૂર્ણવિરામ) અને કાળ મુખક એ સ્થાને (') ઉલ્ટાવેલ અલ્પવિરામને બદલવામાં આવ્યું.

   iii) સ્થળ [S2] અને કાળ [T2] પૃથકોને દાખલ કર્યા.

   iv) શિક્ષણ, નાભિકીય ભૌતિકશાસ્ત્ર, અને નાભિકીય ઈજનેરી વિષયના કોઠાઓમાં. સારા પ્રમાણમાં ફેરફારો કરવામાં આવ્યા છે.

   v) આ પદ્ધતિના નિયમો પુનઃવ્યવસ્થિત કક્ષા અને અંશતઃ ફરી લખાયા છે.

   vi) ગ્રંથાકનો કોઠો સૌ પ્રથમ આ યોજનાના પ્રથમ કોઠા તરીકે પ્રસ્તુત કર્યો છે.

   vii) સીસીની 6ઠ્ઠી આવૃત્તિમાં પુનઃમુદ્રિત કરેલાં ચોક્કસ ફેરફારોને પુરવણી (Annextare) (1961, 1969, 1970) પ્રગટ કર્યા છે. તેમાંય નોંધવા લાયક પરિવર્તનમાં અષ્ટકોને ભાગમાં ફેરવ્યા.

4) સાતમી આવૃત્તિમાં કરેલાં ફેરફારો આ પ્રમાણે છે : મુખ્ય વર્ગાંક પાયાના વિષયોની સંખ્યામાં સાદા પ્રમાણમાં વધારો કર્યો છે :

a) દર્શકસૂચક (") બેવડા અવતરણ ચિહ્નોનો ઉપયોગ અગ્રગામી સામાન્ય પૃથકો તરીકે ઉપયોગમાં લીધા જે 6ઠ્ઠી આવૃત્તિમાં નાના કદના રોમન મૂળાક્ષરો દ્વારા સૂચિત થતા હતા.'

b) સામાન્ય મૂળભૂત ખાસિયતોના પૃથકો માટેના આવૃત્તિમાં [E], [EP] અને [P] ને સામેલ કર્યા.

c) પાર્શ્વ સંબંધ માટે જૂના સંયોજક ચિહ્ન "0" (શૂન્ય) ને સ્થાને નવું સંયોજક ચિહ્ન (એન્ફરસ્ટેન્ડ) નો ઉપયોગ કર્યો છે.

d) કેટલાંક [E] પૃથકોને [MP] પૃથકોમાં ફેરવ્યા. દા.ત. B23 Theory Equation, (સમીકરણનો સિદ્ધાંત), C7 ચુંબક, J, કૃષિવિજ્ઞાન, JX જંગલવિદ્યા, KX પશુપાલન વગેરે (આ બધાં [E] પૃથકો)

g) [E] cum [2P] પૃથકોને [MP] પૃથકોમાં ફેરવ્યા. દા.ત. 2 ગ્રંથાલયવિજ્ઞાન C3 ધ્વનિ, G જીવવિજ્ઞાન L વૈદકશાસ્ત્ર, P ભાષાવિજ્ઞાન, Y સમાજશાસ્ત્ર વગેરે

f) [2E] પૃથકોને [1E] પૃથકોમાં ફેરવ્યા. દા.ત. J કૃષિવિજ્ઞાન

g) [2E] cum (સહ) [3P] પૃથકોને [E] પૃથકો અને [2P] પૃથકોમાં છૂટા પાડી દીધા. (હાલમાં [P] પૃથકો દર્શકો તરીકે સરભર કરેલ છે.

n) મુખક માળખામાં પરિવર્તન - મુખકસૂત્રને અર્થહીન બનાવી, તે અવ્યવસ્થિત કરી દીધી છે.

i) સંયોજક ચિહ્ન (,) અલ્પવિરામ [P] મુખકના સ્તર 1ની પહેલાં ગમે તે વિષયના વર્તુળમાં આવી શકે છે.

14.8 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Documentation Reseach and Training Centre. Annual Seminars. 1971-1977. Papers and Proceedings.

Gopinath, M.A. (1974). classification Research (India) : 1968-73. FIDCR Report Series. 14.

Library Science with a Slant to Documentation. (1973). 10,2.

Ranganathan, S.R. (1987). Colon Classification. 7th ed. Edited by M.A. Gopinath, Bangalore : Sarada Ranganathan Endowment for Library Science.

Ranganathan, S.R. (1969). Colon Classification Edition. 7: A Preview. Lib. Sci. 6; Paper M.

એકમ-15 ગ્રંથાલય વર્ગીકરણમાં સાંપ્રત પ્રવાહો

રૂપરેખા

15.0 ઉદ્દેશો

15.1 પ્રસ્તાના

15.2 ત્રણ જુદાં જુદાં સમયકાળ

15.3 ડીડીસીમાં વિકાસ

15.3.1 18મી અને 19મી આવૃત્તિમાં

15.3.2 20મી અને 21મી આવૃત્તિમાં

15.3.3 ડીડીસીનો કમ્પ્યૂટરીકરણ આવૃત્તિ

15.4 યુડિસીમાં વિકાસ

15.4.1 આઈએમઈ 1985 અને 1993

15.4.2 કમ્પ્યૂટર આધારિત યુડીસીમાં માહિતી પુનઃપ્રાપ્તિ પદ્ધતિઓ

15.4.3 યુડિસી અને યુનિસિસ્ટ

15.4.4 યુડિસીનું કમ્પ્યુટીકરણ

15.5 સીસીમાંના વિકાસ

15.5.1 7મી આવૃત્તિનું પ્રકાશન

15.5.2 સીસીનું કમ્પ્યૂટરીકરણ

15.6 આંતરરાષ્ટ્રીય પરિષદો

15.6.1 એફઆઈડી/સીઆર-ઈન્ટરનેશનલ સ્ટડી કોન્ફરંસીઝઓની ક્લાસીફિકેશન રીસર્ચ (આઈએસસીસીઆર)

15.6.2 આઈએસકેઓ ઈન્ટરનેશનલ કોન્ફરરંસીઝ

15.7 વ્યવસ્થાતંત્ર, મંડળીઓ અને સંશોધન જૂથો (Organisation Societies And Research Group)

15.7.1 લાઈબ્રેરી રિસર્ચ સર્કલ (LRC)

15.7.2 એફઆઈડી/સીઆર

15.7.3 ક્લાસિફિકેન રિસર્ચ ગ્રુપ (સીઆરજી)

15.7.4 ડૉક્યુમેન્ટેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ સેન્ટર (ડી.આર.ટી.સી)

15.7.5 ઈન્ટરનેશનલ સોસાયટી ફોર નોલેજ ઓર્ગેનાઈઝેશન.

15.8 વર્ગીકરણ પદ્ધતિઓની ચકાસણી

15.9 યુનિસિસ્ટર એન્ડ બ્રોડસિસ્ટમ ઓર્ડિટીંગ (બી.એસ.ઓ)

15.10 સ્ટાન્ડર્ડ રેફરન્સ કોડ (SRC) અને બીએસલઓ માટે FID નો પ્રસ્તાવ

15.11 ગ્રંથલાય વર્ગીકરણની વિશિષ્ટ પદ્ધતિઓ

15.12 ગ્રંથાલય વર્ગીકરણ અને કમ્પ્યૂટર

15.13 ઈન્ટરનેટ : ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિ

15.14 સમાપન (Conclusion)

15.15 સારાંશ (Summary)

15.16 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

15.17 સારાંશ (Abbveration)

15.18 સંદર્ભો અને વિશેષ વાંચન

15.0 ઉદ્દેશો (OBJECTIVES)

એકમ 10-14 સુધીના એકમોમાં તમને ડીડીસી, યુડિસી અને સીસી વિષેનો પરિચય કરાવ્યો છે. આ એકમમાં ગ્રંથાલય વર્ગીકરણના વિકાસમાં સાંપ્રત પ્રમાહો વિષે રજૂઆત કરવામાં આવશે.

આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો વિષે જાણી શકશો.

- ગ્રંથાલય વર્ગીકરણમાં દૃષ્ટિ અને પરિચય સાથે તેનો ઈતિહાસ મેળવશો.
- ડીડીસી, યુડિસી અને સીસીમાં થયેલ મુખ્ય વિકાસોને સમજી શકશો.

- FID/CR અને ISKO દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસંબંધોમાં વર્ગીકરણ અને જ્ઞાનના વ્યવસ્થાપન વિષે થયેલી ચર્ચાઓ અને તેના ક્ષેત્રોને સમજી શકશો.
- ગ્રંથાલય વર્ગીકરણના વિકાસમાં પ્રદાન કરનારી સંસ્થાઓ, મંડળો અને સંશોધન જૂથોના કાર્યનું મૂલ્યાંકન કરી શકશો.
- CRG અને DRTC જેવી સંસ્થાઓ દ્વારા ગ્રંથાલય વર્ગીકરણ વિષેની વિશિષ્ટ પદ્ધતિઓ વિષેના પ્રકાશન કાર્યને જાણી શકશો.

15.1 પ્રસ્તાવના (INTRODUCTION)

ગ્રંથાલય વર્ગીકરણના ઈતિહાસ, પ્રવાહઅને વિકાસમાં સીમા ચિહ્નરૂપ વર્ષ 1876નું છે જ્યારે મેલ્વિલ ડ્યૂઈએ ડેસિમલ ક્લાસિફિકેશન શોધી. પાછલા 22 દાયકાઓ (1876-1996) ગ્રંથાલય વર્ગીકરણનો વિકાસ હાથ ધરાવો હતો. આ વરસો દરમિયાન ઘણી સામાન્ય અને વિશિષ્ટ પદ્ધતિઓ પ્રકાશિત થઈ હતી. આમાંની પ્રમુખ એવી સામાન્ય પદ્ધતિ એ જેમકે, ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન, યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશનું અને કોલન ક્લાસિફિકેશન યોજના આ મુખ્ય વિકાસની સાક્ષીઓ હતી. વિભાગ 4ના એકમો 10-14માં આ ત્રણ યોજનાઓ વિષેનો સામાન્ય પરિચય પ્રસ્તુત કર્યો હતો.

ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને પ્રસિદ્ધ વર્ગીકરણ શાસ્ત્રીઓએ, ગ્રંથાલય વર્ગીકરણને કારણોએ હાથ ધર્યો. વર્ગીકરણના વિવિધ પાસાંઓ વિષે ચર્ચા હાથ ધરવીને લઈને ઘણી આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાષ્ટ્રીય પરિસંવાદોમાં ચર્ચા હાથ ધરાઈ હતી. આના પરિણામ રૂપે સાહિત્ય પ્રગટ થયું તેમાં ગ્રંથાલય વર્ગીકરણના ક્ષેત્રમાં સામાન્ય અને સૂક્ષ્મ પ્રલેખો ઘણાં જ પ્રભાવિત કરે તેવા હતાં. આ છેલ્લાં પાંચ દાયકાજ દરમ્યાન વિશેષતઃ થયેલ વિકાસ અને પ્રવાહો આવરી લેતી વાત સંક્ષેપમાં હાથ ધરી છે.

15.2 ત્રણ વિશિષ્ટ દાયકાઓ (THREE DISTINCT PERIODS)

વર્ગીકરણનો પ્રવાહ અને વિકાસ છેલ્લાં સો વરસોમાં થયો તેને રંગનાથને ત્રણ જુદાં કાળમાં ઓળખાવ્યા છે, જેમકે 1) પૂર્વ મુખક કાળ (1876-1896); 2) મુખકાળમાં પરિવર્તનને કાળ (1897-1932); અને 3 મુખકકાળ (1933-1972). પૂર્વ મુખક કાળમાં મેલ્વિલ ડ્યૂઈની ડેસિમલ ક્લાસિફિકેશન (1876) અને સી.એ. કટરની એકસ્પાનસીવ ક્લાસિફિકેશન (1879) પ્રકાશિત થઈ હતી. સંક્રમણ કાળનાં મુખક કાળમાં યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (1897-1905) અને લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ ક્લાસિફિકેશન (1902) પ્રકાશિત થઈ. રંગનાથનની કોલન ક્લાસિફિકેશન (1933) પ્રકાશિત થઈએ મુખકકાળનું સાક્ષી બન્યું. જેમાં એચ.ઈ.બ્લિસની બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન (1960) અને ફર્મોન્ટ રાઈડર્સ ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન (1961) જેનો સમાવેશ થાય છે. આમાંની કેટલીક વર્ગીકરણ પદ્ધતિઓની જવાબદારી સંસ્થાઓ અથવા તંત્રને હસ્તક હતી. તેઓની જવાબદારીમાં પુનઃસંવર્ધન વિકાસ, જાળવણી અને અમલની બાબતની જવાબદારી નીભાવવાની હતી.

નીચે દર્શાવેલ વિભાગોમાં DDC, 4DC અને સીસીના પ્રવાહો અને વિકાસ વિષે ટૂંકી રજૂઆત કરવામાં આવી છે.

તમારી પ્રગતિ ચકાસો.

1) S. R. રંગનાથને માન્ય કરેલ ત્રણ વિભિન્ન કાળના નામ આપો.

2) સીસી ક્યા સમયગાળામાં પ્રકાશિત થઈ.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

15.3 ડિડિસીમાં વિકાસ (DEVELOPMENTS IN DDC)

ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન ડીડીસીની 16મી આવૃત્તિ 1958 સુધીમાં પ્રકાશિત થઈ. થોડાં સમયના અંતે વિવિધ આવૃત્તિમાં પ્રકાશિત થઈ. 16મી આવૃત્તિ બેન્જામિન કસ્ટરે સંપાદિત કરેલી અને તેમણે સાત વર્ષનું ચક્ર સ્થાપિત કર્યું. આ આવૃત્તિમાં તેમનો પ્રયત્ન સંજ્ઞાની એક વાક્યમાં રહેલાં સંઘર્ષોનું પુનઃવિચારણા કરીને અને નવા વિષયાંગો આપવાનો ઉદ્દેશ રહ્યો હતો. 17મી આવૃત્તિ બે ભાગોમાં પ્રકાશિત થઈ, જેમાં ગ્રંથ 1 તાલિકાઓ, ગ્રંથ 2માં ભૌગોલિક તાલિકા અને સાપેક્ષસૂચિ રજૂ કરી હતી. પહેલાંની આવૃત્તિઓ કરતાં 17મી આવૃત્તિએ પદ્ધતિમાં રહેલી વિલક્ષણતાઓને દૂર કરી. સ્વરૂપ વિભાજનો, સાથે શૂન્ય અને વિષયના વિભાજનોને માટે શૂન્યના ઉપચારોની વિસંગતા ધીમે ધીમે બદલાવી.

15.3.1 18મી અને 19મી આવૃત્તિઓ (18th And 19th Editions)

18મી આવૃત્તિ 1976માં ત્રણ ખંડોમાં પ્રકાશિત થઈ. જેમાં ખંડ 1 તાલિકા, ખંડ 2 કોઠાઓ અને ખંડ 3 સૂચિ. સૌ પ્રથમવાર પાંચ વધારાની તાલિકાઓ આપવામાં આવી હતી, જેમાં TT3 વૈયક્તિક સાહિત્યના પેટાવિભાગો, T4 વૈયક્તિક ભાષાઓના પેટા વિભાગો, T5 વંશ, માનવજાતિ/કુળ અને રાષ્ટ્રીય જૂથો T6 ભાષાઓ T7 વ્યક્તિઓ એ પાંચ વધારાની તાલિકાઓ ઉમેરી. વધારામાં T1 માં વધારો કર્યો હતો. માનક પેટાવિભાજનો અને T2 ભૌગોલિક વિસ્તારો. 19મી આવૃત્તિ 1979માં ત્રણ ખંડોમાં પ્રકાશિત થઈ. 17મી આવૃત્તિમાં

મહત્ત્વના લક્ષણો આપણે ધ્યાનમાં લેવા હોય તો : 1 DDC માં વિશિષ્ટથી સામાન્ય તરફ વર્ગીકરણની શૃંખલાબદ્ધ શ્રેણીનો આલેખ રજૂ કર્યો છે; 1 વર્ગીકરણ કરવા માટેનું વહેવારુ માર્ગદર્શન આપ્યું છે. અને 3 મુખ્ય વર્ગ 800 સાહિત્યમાં વર્ગાંક રચના માટેના ક્રમશઃ પગથિયા વિગતપૂર્ણ રીતે પ્રસ્તુત કરેલ છે.

15.3.2 20મી અને 21મી આવૃત્તિઓ (20th and 21st Edition)

20મી આવૃત્તિ 1989મા 4 ખંડોમાં અને જોહન પી. કોમારોમી વગેરે સંપાદિત કરી હતી : ખંડ 1 પ્રસ્તાવના અને તાલિકાઓ, ખંડ 2 માં કોઠાઓ (000-500). ખંડ 3 માં (600-900) અને ખંડ 4 સંબંધાનુરાગી સૂચિ અને માર્ગદર્શિકા. આ આવૃત્તિના મુખ્ય ઉદ્દેશો : ઉપયોગ કર્તા માટે સરળતા, સ્પષ્ટ સૂચનાઓ : જેવી કે, વ્યૂહાત્મક રીતે વર્ગીકૃત કરનારાઓને વધુ માહિતી દર્શાવવી, 2 પુનઃલેખન કરીને અસ્પષ્ટ મથાળાના શિર્ષકો દૂર કર્યા, 3 ઉદાહરણો અને સમાવિષ્ટ નોંધને પુનઃસ્થાપિત કરવા ... સમાવેશ કરેલી નોંધ ઉમેરી છે. 20મી આવૃત્તિ કરતાં આ આવૃત્તિમાં સંબંધાનુસમી સૂચિમાં નોંધોનું પ્રમાણ વધારે આપ્યું 5) માર્ગદર્શિકાને વિસ્તારેલી અને 6 યુ.એસ. અને ખ્રિસ્તી પૂર્વગ્રહને ઓછો કરવા તરફ વિશેષ ધ્યાન આપેલું છે.

15.3.3 ડીડીસીનું કમ્પ્યૂટરીકરણ (Computerisation of DDC)

જૂલાઈ 1988થી ફોરેસ્ટ પ્રેસ, અત્યાસ સુધીના ડીડીસીના પ્રકાશકો એ ઓનલાઈ કમ્પ્યૂટર લાઈબ્રેરી સેન્ટર (OCLC) ના વિભાગો બન્યા. આ પરિવર્તનથી DDC કમ્પ્યૂટર વંશ/કુળમાં જોડાયું. 1911થી ફોરેસ્ટ પ્રેસ DOC ના પ્રકાશક રહ્યા હતા, જયારે મેલ્વિલ ટ્યૂઈએ સૌ પ્રથમ પુનઃમુદ્રણ કર્યું હતું. 1988 સુધી ફોરેસ્ટ પ્રેસ એ લંક પ્લસિડ એજ્યુકેશનલ ફાઉન્ડેશનનો ભાગ હતો. જેની સ્થાપના ડ્યૂઈએ કરી હતી. DDC ની 19મી આવૃત્તિ 1979 કમ્પ્યૂટર ટેપ ઉપરથી પ્રકાશિત કરવામાં આવી હતી. આ પછીના વરસોમાં ખૂબ વિકસિત કમ્પ્યૂટર આધારિત સંપાદકીય આધાર આપતી પદ્ધતિ મળી અને ડેટાબેઝ ઉપયોગમાં લઈને DDC 20 અને 21 આવૃત્તિઓ રચી. DDC 21 બે સ્વરૂપે જોવા મળે છે : મુદ્રિત રૂપે અને ડ્યૂઈ ફોર વિન્ડોઝ - એ માઈક્રોસોફ્ટ વિન્ડોઝ ટ્રેડમાર્ક (TM) આધારિત વૃત્તાંત (જે 1996માં પ્રકાશન થયું) (CD વૃત્તાંતરૂપે). ડ્યૂઈ હોય પેજમાં ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશનની સાંપ્રત માહિતી મળે છે. તે વર્લ્ડ વાઈડ વેબ (WWW) એ URL:http://www.oclc.org/fp.

તમારી પ્રગતિ ચકાસો.

3) DDC 21 મી આવૃત્તિનું નામ આપો.

4) કઈ એજન્સી ફોરેસ્ટ પ્રેસનો વિભાગ બન્યુ ?

5) DDC 21મી આવૃત્તિના બે સ્વરૂપોના નામો આપો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

15.4 યુડિસીમાં વિકાસ (DEVELOPMENT IN UDC)

અગાઉના એકમોમાં યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (UDC) નો વિકાસ ડેસિમલ ક્લાસિફિકેશનના આધારે થયો હતો. અને 1905માં ક્લાસિફિકેશન ડેસિમલ યુનિવર્સલ નામે પ્રથમ વાર પ્રકાશિત થઈ હતી. આ પદ્ધતિ ઈન્ટરનેશનલ ફેડરેશન ફોર ઈન્ફોર્મેશન એન્ડ ડોક્યુમેન્ટેશ (FID) દ્વારા સમયે સમયે અદ્યતન અને સુધારા થતાં રહે છે.

કેટલાંક લોકો તરફથી માંગના પ્રતિભાવરૂપે વ્યાપક બહુ ટૂંકી અંગ્રેજી આવૃત્તિ, સંક્ષિપ્ત આવૃત્તિઓ. અધિકૃત એજન્સી બ્રિટિશ સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટ્યુટ (BSI) બહાર પાડતી રહી. 1948માં સંક્ષિપ્ત આવૃત્તિ BSI 1000 A પ્રકાશિત થઈ હતી. બીજી સંક્ષિપ્ત આવૃત્તિ 1957માં મૌલિક સુધારેલી આવૃત્તિ પ્રગટ થઈ હતી. 1961માં તેની ત્રીજી સંક્ષિપ્ત આવૃત્તિ બહાર પાડી.

15.4.1 આઈએમઈ 1985 અને 1997 (IME 1985 and 1993)

સંક્ષિપ્ત અંગ્રેજી આવૃત્તિઓને સ્થાને વ્યાપક વિભાજનો ધી ઈન્ટરનેશનલ મિડીયમ એડિસન (IME) પ્રકાશિત થઈ હતી. આ આઈએમઈ, અંગ્રેજી પાઠ બે ભાગ ધરાવે છે, ભાગ-1 1985માં પ્રકાશિત પદ્ધતિસરની તાલિકાઓ અને ભાગ-2 1988માં પ્રકાશિત થયેલ વર્ણાનુક્રમ વિષયસૂચિનો હતો. આ આવૃત્તિમાં સંપૂર્ણ આવૃત્તિઓની ત્રીજા ભાગની સામગ્રી ધરાવતી હતી. જે અંગ્રેજી, ફ્રેંચ અને જર્મન ભાષામાં પ્રગટ થઈ હતી. વધારામાં અંગ્રેજી સંક્ષિપ્ત આવૃત્તિઓ (AEE) વિવિધ ચિહ્નો અને પ્રતિકો પૂરા પાડવામાં આવ્યા, બે નવા પ્રતિકો : —> (તીર)નો અર્થ "વળી જુઓ" દા.ત. 159.9 Psychology —> 301.151; 591.51; 621.821; 616.89 and = (સમાંતર વિભાજનો)નો અર્થ "પેટા વિભાજનોની જેમ"

દા.ત. 611.3 Digestive System. Alimentary Canal

611.3 = (616.3, e.g 611.31 Oral cavity

1993માં અન્ય IME અંગ્રેજીમાં પ્રકાશિત થઈ હતી. અંક 5નો ઉપયોગ ભાષાવિજ્ઞાન માટે કર્યો હતો તેને બાતલ કરીને ભાષાવિજ્ઞાનના વિભાજનોને 8 વર્ગમાં ખસેડ્યા.

15.4.2 કમ્પ્યૂટર આધારિત માહિતી પુનઃપ્રાપ્તિ પદ્ધતિઓમાં યુડિસી (UDC in Computer Based Information Retrieval Systems)

1934 આસપાસ એવું સૂચવાયું હતું કે યુડિસી એ યાંત્રિક વ્યવસ્થા ઊભી કરવાને વધુ યોગ્ય હતી. રોયલ સોસાયટીના નેજા હેઠળ 1948માં વૈજ્ઞાનિક માહિતી પરિષદ (Sceintific Information Conference) ભરાઈ હતી. તે સમયે તેઓએ નોંધ્યુ કે યુડિસી પદ્ધતિની યાંત્રિક પુનઃપ્રાપ્તિની કાર્યક્ષમતાની તપાસ કરવાની આવશ્યકતા જણાઈ. 1960ના દાયકામાં યુએસએ, બ્રિટન, જર્મન, ડેનમાર્ક અને સ્વીટ્ઝર્લેન્ડ યુડિસી એ કમ્પ્યુટરીય નિયંત્રણ અને માહિતી પ્રક્રિયા જ્ઞાનના ક્ષેત્રમાં અને નિર્દેશીભાષા ઉપયોગમાં લઈ શકાય. એના વિષેનો સંશોધન કાર્યક્રમ હાથ ધર્યો હતો. આ બાબતે સૌથી સીપાવિહન સંશોધન કાર્ય અમેરિકન ઈનસ્ટીટ્યુટ ઓફ ફિઝિકલ યુએસએના માહિતીવિદ ફ્રિમેન અને એર્થટને હાથ ધર્યું. 1960 દાયકાના ઉત્તરાર્ધ દરમિયાન યુડિસી વિશિષ્ટ યાંત્રિક અમલીકરણમાં, જીઓસાયન્સ એબ્સ્ટ્રેક્ટ્સ અને મેટર્લજીકના ક્ષેત્રમાં ઉપભોક્તાઓના રેખાચિત્રોની જાળવણીનું કાર્ય હાથ ધર્યું.

15.4.3 યુડિસી અને યુનિસિસ્ટ (UDC and Unisist)

FID યુડિસીને 'છત્ર પદ્ધતિ' (Roof Scheme) બનાવવા વિચાર્યું, જેની છત્રછાયા નીચે વિશિષ્ટ વર્ગીકરણોની પ્રસ્તુતતા, થિસોટી અથવા વર્ણક યાદીઓ અને યુડિસીના વિભાગે પોતે જ યુડિસી આધારિત ..... પદ્ધતિ માટે તેઓએ પસંદ કર્યા. આ વિભાવનાને કારણે યુડિસીનો સ્વીકાર યુનિસિસ્ટ (યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ સાયન્સ ઈન્ફોર્મેશન સિસ્ટમ) આઈસીએસયુ / ..... પ્રોડેક્ટ સ્વીચીંગ લેંગ્વેજ < > તરીકે સ્વીકાર કરવાને પ્રોત્સાહન મળ્યું. યુનિસિસ્ટ માટે એસ્લિબના અભ્યાસે એવું દર્શાવ્યું કે યુડિસીએ પ્રમુખ અસ્તિત્વ ધરાવતી પદ્ધતિઓમાં 'ઓછી અસંતોષકારક' છે.

15.4.4 યુડિસીનું કમ્પ્યૂટીકરણ (Computerisation UDC)

ત્રણ દાયકાઓ કરતાં વધુ સમય યુડિસી કમ્પ્યૂટીકરણ વાક્યસૂચિગત વર્ણન અને સારસેવા એ માટે ફળદાયી રીતે ઉપયોગમાં લેવાતી હતી, વિષયનિર્દેશીકા તૈયાર કરવા માટે જ નહિ પણ માહિતી પુનઃ પ્રાપ્તિ અને એસડીઆઈ હોવા માટે ઉપયોગમાં લેવાતી હતી. રિગ્બીએ યુડિસીના યાંત્રિકના વિષે એલસીનોયની 1964ના પરિસંવાદમાં મિટ્રોલોજીકલ અને જિયોઅસ્ટ્રોફિઝીકલ ટાઈટલ્સ ઉપયોગમાં લઈને કમ્પ્યૂટર દ્વારા કર્તા અને વિષયસૂચિ તૈયાર કરી બતાવી હતી.

રિગ્બીએ યુડિસી સાથે કમ્પ્યૂટરના ઉપયોગ અંગેના સર્વેક્ષણમાં 60થી વધુ પ્રયોગો અથવા કાર્યાન્વિત પદ્ધતિનો અહેવાલમાં 15 દેશો અને પાંચ આંતરરાષ્ટ્રીય પ્રકલ્પ અંગેનું વર્ણન વિસ્તારપૂર્વક પ્રસ્તુત કર્યું છે.

તમારી પ્રગતિ ચકાસો.

6) યુડિસી આઈએમએ (1985) બે ભાગોના નામ આપો.

7) આઈએમઈ (1985)માં ક્યાં બે વધુ પ્રતીકો ઉમેર્યા ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

15.5 સીસીમાં પ્રગતિ/વિકાસ (DEVELOPMENT IN CC)

કોલન ક્લાસિફિકેશન એસ.આર.રંગનાથન રચિત (CC) ની પ્રથમ આવૃત્તિ 1933માં પ્રકાશિત થઈ હતી. તે 1952 સુધી ચુસ્ત મુખકીય પદ્ધતિ હતી. 1950માં ચુસ્તતાને તોડીને પૂર્વ-નિશ્ચિત મુખસૂત્ર આધારિત પદ્ધતિ બનાવી હતી. ત્યારબાદ, સીસી 4થી આવૃત્તિ મુક્ત મુખકીય પદ્ધતિ વર્ગીકરણ જોવા મળી હતી. 1950ના દાયકામાં સીસીનો વિકાસ વધુને વધુ વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે વિકસાવી હતી. ચોથી આવૃત્તિ પછી વિશેષતઃ પૃથક્કરણીય સંયોજિત તરીકે દરેક આવૃત્તિ વિકસતી રહી હતી. સીસીની મહત્ત્વની રચના માળખું પાયાના વિષયના કોઠાઓ અને પૃથકોના કોઠાઓ (અનુસૂચિએ) છે. અનુસૂચિની વધુ એવી વિશેષતા તેના પાયાના વિષયના કોઠાઓ (અનુસૂચિ) વ્યક્તિત્વ મુખક છે.

15.5.1 સાતમી આવૃત્તિનું પ્રકાશન (7th Edition of Publication)

1987માં સીસીની સાતમી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી. એ ત્રણ ખંડોમાં પ્રકાશિત કરવાનો પ્રસ્તાવ હતો. ખંડ 1 વર્ગીકરણના કોઠાઓ, ખંડ 2 અને 3 સૂચિ અને તૈયાર કરેલા ઉદાહરણો. પણ 1987 સુધી ખંડ 1 વર્ગીકરણ માટેના કોઠાઓ જ તૈયાર થયા હતા. આ આવૃત્તિમાં 6ઠ્ઠી આવૃત્તિ (1960)ના સંયોજક ચિહ્નોમાં વધુ કેટલાંક ઉમેરાયા. જેવાં કે; & (એમ્પરસ્ટેન્ડ), + (વત્તા), * (ફૂદડી) અને " (બેવડા ઉલટાવેલ અલ્પવિરામ) એ ઉમેરવામાં આવ્યા. મૂળભૂતકક્ષાના વસ્તુ [M] ને વસ્તુ પદ્ધતિ (Matter Method) [MM] માં ફેરવ્યા. આ આવૃત્તિમાં પર્યાવરણ વિભાગો પૂરાં પાડવામાં આવ્યા. પાયાના વિષયોના કોઠાઓ (અનુસૂચિઓ) વિસ્તારવામાં આવ્યા છે. તેમાં સામાન્ય વસ્તુગુણ (Common Matter Property) પૃથકો પૂરા પાડ્યા. ભાષા, કાળ અને સ્થળના કોઠાઓ વિસ્તારવમાં આવ્યા.

15.5.2 સીસીનું કમ્પ્યૂટરીકરણ (Computerisation of DDC)

કેસ વેસ્ટર્ન રિઝર્વ યુનિવર્સિટી (ઓહેહીયો) ના વિકાસમાં મુખક પૃથક્કરણનો પ્રભાવ સૂચિત થાય છે. ડૉ. ફુગમેન (ISKO, જર્મની) તેમના રાસાયણિક પૃથક્કરણ પદ્ધતિઓ

માટે મુખક પૃથક્કરણનો ઉપયોગ કર્યો. ઓનલાઈન માહિતી પદ્ધતિમાં ફલક ગોઠવણીના હેતુઓ માટે ઉપયોગમાં લીધેલ સિરેક્સ યુનિવર્સિટી, ન્યૂયોર્ક દ્વારા PMEST નો ઉપયોગ, કમ્પ્યૂટર નિર્મિત નિર્દેશિકા માટે કર્યો.

ભારતમાં, 1967માં DRTC એ મુખક પૃથક્કરણને આધારે કમ્પ્યૂટર પ્રોગ્રામ લખ્યો અને કમ્પ્યૂટર દ્વારા સીસીનો ઉપયોગ કરીને સીસી વર્ગાંક રચવા માટે એસડીઆઈ સેવાઓ અને શૃંખલા નિર્દેશીકરણ અને નિર્દેશીકરણ (Cyclic) માટે કમ્પ્યૂટર પ્રોગ્રામનો ઉપયોગ કર્યો. વેસ્ટર્ન ઓન્ટેરિયો (કેનેડા)ની સ્કુલ ઓફ લાઈબ્રેરી સાયન્સે સીસીના કોઠાઓનો ઉપયોગ કરીને શબ્દભંડોળ કોશ (થિસોરસ) વિકસાવ્યો. 1968માં DRTC એ સામાન્ય કમ્પ્યૂટરોનો ઉપયોગ કરીને એ વર્ગીકૃત સૂચિ પદ્ધતિમાં સીસીની મુક્ત મુખકીય વર્ગાંક પ્રલેખ શોધવા માટેની કાર્યપદ્ધતિના પગરણ શરૂ કર્યા.

તમારી પ્રગતિ ચકાસો.

8) સીસીની 9મી આવૃત્તિમાં ઉમેરવામાં આવેલા સંયોજક ચિહ્નોની યાદી આપો.

9) મુખક પૃથક્કરણને આધારે કઈ એજન્સીએ 1967માં કમ્પ્યૂટર પ્રોગ્રામ લખ્યો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

15.6 આંતરરાષ્ટ્રિય પરિસંવાદો (INTERNATIONAL CONFERENCES)

અગાઉ દર્શાવ્યું છે તે પ્રમાણે ગ્રંથાલય વિજ્ઞાનની પરંપરાગત શાખાઓ જેવી કે સૂચિકરણ, નિર્દેશિકરણ અને સારકરણની તુલનામાં છેલ્લાં 12 દાયકા ગ્રંથાલય વર્ગીકરણ ક્ષેત્રે પ્રમુખ વિકાસ અને નવીન પ્રવાહો એ સારું એવું સ્થાન મેળવ્યું છે. છેલ્લાં ચાર દાયકાઓમાં વિશેષતઃ 1957થી અનેક આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ગ્રંથાલય વર્ગીકરણ/જ્ઞાન વ્યવસ્થાપન ક્ષેત્રે FID/CR અને ઈન્ટરનેશનલ સોસાયટી ફોન નોલેજ ઓર્ગેનિઝેશન (ISKO) જેવી

સંસ્થાઓ પરિસંવાદો યોજતી રહી છે. આ વિષેની ટૂંકી રજૂઆત હવે પછીના પેટા વિભાગોમાં રજૂ કરેલ છે.

15.6.1 એફડીઆર - ઈન્ટરનેશનલ સ્ટડી કોન્ફરન્સીસ ઓન ક્લાસિફિકેશન રિસર્ચ (આઈએમસીસીઆર) (FID/CR-International Study Conferences on Classification Research (ISCCR)

1957થી FID/CR એ વર્ગીકરણ સંશોધન ઉપર છ પરિષદો ઈન્ટરનેશનલ સ્ટીડી કોન્ફરન્સીસ ઓન ક્લાસિફિકેશન રિસર્ચ (ISCCR) વિષય ઉપર યોજી હતી. ISCCR ની પ્રથમ પરિષંવાદ ઈંગ્લેન્ડ હોર્કીંગ ખાતે 13 થી 17 1957માં યોજાઈ હતી. રંગનાથને એમના ઉદ્‌ઘાટન પ્રવચનમાં ગ્રંથાલય વર્ગીકરણ એ વૈદ્યશાખા" એ બાબતે લંબાણપૂર્વક ચર્ચા કરી હતી. આ પરિસંવાદની મુખ્ય ભલામણો આ પ્રમાણે હતી : 1) વર્ગીકરણનો વ્યાપ, 2) વર્ગીકરણની પદ્ધતિઓ, 3) સંશોધનની જરૂરિયાતો, 4) વર્ગીકરણ પદ્ધતિઓનો ઉપયોગ, 5) પદ્ધતિઓ વચ્ચેના તફાવતો, 6) પદ્ધતિઓની રચના અને અમલ, 7) પત્રકસૂચિમાં સંજ્ઞા દશ્યાત્મક રીતે છૂટાં પાડવા, 8) યંત્ર પદ્ધતિઓ, 9) સંશોધન પ્રકલ્પો, 10) વર્ગીકરણની સામાન્ય પદ્ધતિઓ, 11) વર્ગીકરણ પદ્ધતિઓના વિકાસ વિષે, 12) સંશોધનને પ્રોત્સાહન.

1964 સપ્ટેમ્બર 14-18 એલસિનોર ડેનમાર્ક ખાતે / SCCR ની બીજો પરિસંવાદ ભરાયો હતો. રંગનાથને આ પરિસંવાદમાં "ગ્રંથાલય વર્ગીકરણ - સદીઓથી" એ વિષય ઉપર પ્રમુખકીય વક્તવ્ય આપ્યું હતું. આ પરિસંવાદમાં પાંચ જૂથોમાં અભ્યાસ લેખો રજૂ થયા. 1) વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતો, 2) યાંત્રિક વર્ગીકરણમાં સંશોધન; 3) પસંદગી યુક્ત અને વિશિષ્ટ પદ્ધતિઓ, 4) કાર્યપદ્ધતિનું મૂલ્યાંકન અને 5) ભાવિકાર્યો માટેની દોરવણી.

1975 જાન્યુઆરી 6-11 દરમ્યાન ISCCR ની બીજી પરિષદ મુંબઈ ખાતે યોજાઈ હતી. આ પરિસંવાદની ભલામણો આ બાબતે કેન્દ્રિત થઈ હતી : 1 વૈશ્વિક માહિતી નેટવર્ક માટે પદ્ધતિઓની ક્રમ રચના અંગેના સામાન્ય પાસાંઓ, 2) વૈશ્વિક માહિતી નેટવર્ક માટેની ક્રમ યોજનાઓ માટેના અનુભવજન્ય રીતો અને સૈદ્ધાંતિક નમૂનાંની રચના કરવી, 3) પદ્ધતિઓનું મૂલ્યાંકન, 4) આંતરવિદ્યાશાખાકીય વિષયવસ્તુ, 5) શિક્ષણ, 6) વિકસતા દેશોની આવશ્યકતા અને પ્રશ્નો.

ISCCR નો ચોથો પરિસંવાદ જર્મની ખાતે, અગસબર્ગમાં જૂન 28, - જુલાઈ 2 1982માં યોજાયો હતો. આ પરિસંવાદનો વિષય "યુનિવર્સલ ક્લાસિફિકેશન, સબ્જેક્ટ એનાલીસીસ એન્ડ ઓર્ડિટીંગ સિસ્ટમ" હતો.

ISCCR નો પાંચમો પરિસંવાદ કેનેડા ટોરેન્ટો ખાતે જૂન 24-28, 1991માં યોજાયો હતો. આ પરિસંવાદનો વિષય "જ્ઞાનના પ્રતિનિધિત્વ અને વ્યવસ્થાપન માટે વર્ગીકરણ સંશોધન (Classification Research For Knowledge Representation and Organigation) હતો. આ પરિસંવાદમાં શોધપત્રો ત્રણ એવી વ્યાપક કક્ષામાં રજૂ થયા હતા : 1 સામાન્ય સિદ્ધાંતો અને નીતિઓ; 2 માળખું અને વર્ગીકરણનું તર્કશાસ્ત્ર, અને 3 પ્રયોગમૂલક શોધ કરવી.

ISCCR નો 6ઠ્ઠો પરિસંવાદ લંડન, યુનિવર્સિટી કોલેજ ખાતે જૂન 16-19, 1997 દરમિયાન

યોજાયો, જેમાં વિષય "માહિતી પુનઃ પ્રાપ્તિ માટે જ્ઞાન વ્યવસ્થાપન" (Knowledge Organisation for Information Retrieval) હતો. આ પરિસંવાદના પુરસ્કર્તાઓ યુનિવર્સિટી કોલેજ, લંડન, એસ્લિબ, વર્ગીકરણ સંશોધન જૂથ (ક્લાસિફિકેશન રિસર્ચ ગ્રુપ) (CRG) અને ઈન્ટરનેશનલ સોસાયટી ફોર નોલેજ ઓર્ગેનાઈઝેશન (ISKO) હતાં. આ પરિસંવાદમાં ચર્ચાતા વિષયો હતા. 1) માહિતી વ્યવસ્થાપનમાં વર્ગીકરણની ભૂમિકા, 2) વર્ગીકરણ સંશોધન માહિતી પુનઃપ્રાપ્તિ વિજ્ઞાણુકીય પ્રકાશન, 3) વર્ગીકરણ માટેની સ્વયં સંચાલિત કાર્ય પદ્ધતિ 4) સંશોધકો અને વાસ્તવિક વિશ્વ 5) વર્ગીકરણ માટેના ઓજારો અને વર્ગીકરણ એક ઓજાર, અને 6 ડેટા નમૂનાઓ.

તમારી પ્રગતિ ચકાસો.

10) ચોથી આઈસીએસએસઆર પરિષદના વિષયનું નામ આપો.

11) પાંચમી આઈસીએસએસઆર પરિષદ ક્યાં સ્થળે ભરાઈ હતી.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

15.6.2 ISKO ઈન્ટરનેશનલ કોન્ફરન્સ (ISKO International Conferance)

ધી ઈન્ટરનેશનલ સોસાયટી ફોર નોલેજ ઓર્ગેનિઝેશન (ISKO) ની સ્થાપના 1989માં થઈ હતી, તેણે જ્ઞાન વ્યવસ્થાપન ઉપર ચાર આંતરરાષ્ટ્રીય પરિસંવાદો યોજ્યા હતા. આ પરિસંવાદો ભારરૂપ ચર્ચાવિચારણા નીચેના ફકરાઓમાં પ્રસ્તુત કરેલ છે.

પ્રથમ ISKO (ઈસ્કો) ની આંતરરાષ્ટ્રીય પરિષદ ઑગસ્ટ 15-17 1990માં જર્મની ખાતેની ટેક્નિકલ યુનિવર્સિટી ડર્મસ્ટેડેટ ખાતે ભરાઈ હતી. "જ્ઞાન વ્યવસ્થાપન માટેનું ઓજાર (સાધન) અને માનવ ક્રિયા-પ્રતિક્રિયા" એ વિષય પસંદ કર્યો. આ પરિસંવાદમાં રજૂ થયેલ શોધપત્રો આ પરિસંવાદને આવરી લેતાં, આ પ્રમાણેના ક્ષેત્રોના હતા. 1) જ્ઞાન વ્યવસ્થાપન સંબંધી સામાન્ય સવાલો, 2) પાઠ્યપૃથક્કરણની યાંત્રિક ગણતરી, 3) પરિભાષા, 4) વૈશ્વિક પદ્ધતિઓમાં જ્ઞાનવ્યવસ્થાપન 5) શબ્દભંડોળ (Thesaurus) ના સવાલો, 6) ઓનલાઈન પુનઃપ્રાપ્તિ 7) વિશિષ્ટ પદ્ધતિઓમાં જ્ઞાન વ્યવસ્થાપન 8) વૈશ્વિક પદ્ધતિઓમાંથી પુનઃપ્રાપ્તિ, 9) પુનઃપ્રાપ્તિ યાંત્રિકી અને નિર્દેશીકરણ.

મદ્રાસ ખાતે ઓગસ્ટ 26-28 1992માં ઈસ્કો (ISKO) નો બીજો પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદનો વિષય જ્ઞાન વ્યવસ્થાપનમાં પ્રત્યક્ષ જ્ઞાનના નમૂનાઓ હતો. આ પરિસંવાદના શોધપત્રો નિમ્નલિખિત ક્ષેત્રોમાં જૂથોમાં વહેંચી શકાય : 1) જ્ઞાન અને જ્ઞાન વ્યવસ્થાપન, 2) ગ્રંથાલયોમાં જ્ઞાનની શોધ 3) માહિતી પુનઃપ્રાપ્તિમાં જ્ઞાનની શોધ, 4) સમસ્યાના ઉકેલ માટે જ્ઞાનની શોધ 5) જ્ઞાનવ્યવસ્થાપન પ્રત્યે વર્ગીકરણ વિદ્યાકીય અભિગમ, 6) જ્ઞાન વ્યવસ્થાપન પ્રત્યે પૃથક્કરણીય સંયોજિત અભિગમ, 7) જ્ઞાનલેખન ઉદાહરણના નમૂનાઓ અને તેનો અમલ, 8) જ્ઞાન આધારિત જ્ઞાનબોધન નમૂનાઓ.

ત્રીજો આંતરરાષ્ટ્રીય ઈસ્કો (ISKO) પરિસંવાદ જૂન 21-24, 1994માં કોપનહેગન, ડેનમાર્ક ખાતે ધી રોયલ સ્કુલ ઓફ લાઈબ્રેરિયનશીપ પદ યોજાયો હતો. આ પરિસંવાદનો વિષય 'જ્ઞાન વ્યવસ્થાપન અને ગુણવત્તા સંચાલન' હતો. આ પરિસંવાદમાં રજૂ થયેલાં શોધપત્રો નીચેના જૂથમાં વહેંચાયા હતા : 1) જ્ઞાન વ્યવસ્થાપનમાં ગુણવત્તા 2) જ્ઞાન વ્યવસ્થાપનના સિદ્ધાંતો 3) વર્ગીકરણ પદ્ધતિઓ અને શબ્દભંડોળ (થિસોરી) ની અપેક્ષાઓ, 4) જ્ઞાન વ્યવસ્થાપના ક્ષેત્રમાં જ્ઞાનનું ક્ષેત્ર, 5) પદ્ધતિઓની રચના માટે પ્રતિનિધિરૂપ વિભાવના 6) જ્ઞાન વ્યવસ્થાપનમાં ભાષાવિજ્ઞાન, 7) પ્રત્યાયન અને જ્ઞાન વ્યવસ્થાપન, 8) નવી પ્રૌદ્યોગિકીઓ અને જ્ઞાન વ્યવસ્થાપન.

ચોથી આંતરરાષ્ટ્રીય ઈસ્કો (ISKO) પરિષદ, લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસના જેમ્સ મેડિસન મેમોરિયલ બિલ્ડીંગ વોશિંગ્ટન ખાતે જૂન 15-19, 1996માં યોજાઈ હતી. આ પરિસંવાદનો ચર્ચાનો વિષય 'જ્ઞાન વ્યવસ્થાપન અને પરિવર્તનો.' જે શોધપત્રો રજૂ થયા તેના પેટા-વિષયો આ હતા : 1) લાયબ્રેરી ઓફ કૉંગ્રેસ ક્લાસિફિકેશન, 2) જ્ઞાન વ્યવસ્થાપનમાં પરિવર્તનનું સંચાલન 3) જ્ઞાન વ્યવસ્થાપન ઓનલાઈન પર્યાવરણમાં, 4) વાઙ્મયસૂચિગત ઘટકોમાં પ્રૌદ્યોગિકીનો પ્રભાવ, 5) જ્ઞાન વ્યવસ્થાપન ઉપભોક્તાનું પ્રતિબિંબ, 6) જ્ઞાન વ્યવસ્થાપનમાં પ્રત્યે આંતર-વિદ્યાશાખાકીય અભિગમો, 7) સ્વાભાવિક/કુદરતી ભાષાની પ્રક્રિયા, 8) ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન.

તમારી પ્રગતિ ચકાસો.

12) પહેલી ISKO (ઈસ્કો) પરિસંવાદના વિષયનું નામ આપો.

13) જ્ઞાન વ્યવસ્થાપન અને ગુણવત્તા સંચાલન એ વિષય ક્યા પરિસંવાદ માટે હતો ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

15.7 વ્યવસ્થાતંત્ર, મંડળીઓ અને સંશોધન જૂથો (ORGANISATIONS, SOCIETIES AND RESEARCH GROUPS)

છેલ્લાં પાંચ દાયકાઓ દરમિયાન વ્યક્તિઓ જ નહિ પરંતુ વ્યવસ્થા તંત્રો, મંડળીઓ સંશોધનો જૂથો એ ગ્રંથાલય વર્ગીકરણ ઉદ્દેશો હાથ ધર્યા હતા. ગ્રંથાલય વર્ગીકરણને નવી દિશા આપવા માટે આ સંશોધન જૂથોએ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી અને માત્ર ફલક ગોઠવણીનો સાધનરૂપે નહિ પરંતુ જ્ઞાન વ્યવસ્થા માટેનું અસરકારક સાધનરૂપે રૂપાંતર કરવાનો પ્રયત્ન કર્યા. આ સંસ્થાઓની આ પ્રવૃત્તિઓ વિષે નીચેના પેટા-વિભાગોમાં સંક્ષેપમાં કરેલ છે.

15.7.1 લાઈબ્રેરી રિસર્ચ સર્કલ (Library Reasearch Cercle (LRC)

1951માં એસ.આર. રંગનાથને દિલ્હીમાં એ સ્થાપિત કર્યું હતું. આ અભ્યાસ વર્તુળ રવિવારે રંગનાથનના નિવાસસ્થાને મળતા. વર્ગીકરણ વિવિધ પાસાંઓની વિશેષતઃ કૉલન ક્લાસિફિકેશન તપાસતા રહેતા હતાં. તેના સભ્યો ગહનવર્ગીકરણ માટે જરૂરી મૂળભૂત ખાસિયતો, સંયોજક ચિહ્નો, વર્તુળો અને સ્તરોના સ્પષ્ટીકરણો, ઝોન એનાલિસીસ વિષે ધ્યાન કેન્દ્રિત કરતાં. ડેપ્થ ક્લાસિફિકશન નામે કૃતિ, ઈન્ડિયન લાઈબ્રેરી એસોસિએશન 1953માં પ્રકાશિત કરી. જેમાં તેના સભ્યોના પૂરતાં પૂરાવાનું પ્રદાન એલઆરસીના સભ્યોએ રચ્યું હતું. 1954 પછી આ પ્રવૃત્તિ વિખરાઈ ગઈ.

15.7.2 એફઆઈડી/સીઆર (FID/CR)

રંગનાથની દોરવણીને લઈને, એફઆઈડી/સીઆર 1950માં અને પછી 1961માં વર્ગીકરણ સૈદ્ધાંતિક ઉપરની સમિતિ રચી, આ સમિતિએ FID/CR એ કમિટિ ઓન ક્લાસિફિકેશન રિસર્ચ એવું નામ આપ્યું. આ સમિતિએ વર્ગીકરણ સંશોધનમાં પ્રાણ પૂર્યો. FID/CR પ્રવૃત્તિઓ FID/CR Newsletter નામે સામયિક વર્ષમાં ચારવાર પ્રકાશિત કરતું જેમાં વર્ગીકરણ પ્રકલ્પોની પ્રગતિની યાદીઓ પ્રસારિત કરવામાં આવતી. FID/CR દ્વારા ચાર આંતરરાષ્ટ્રીય પરિસંવાદો આયોજિત થયા હતા, જે વિષે વિભાગ 15.6.1 અગાઉ ઉલ્લેખ કર્યો છે. FID/CR ના વર્તમાન અધ્યક્ષ ડૉ. એલ.સી. મેકઈલવેઈન છે.

15.7.3 ક્લાસિફિકેશન રીસર્ચ ગ્રુપ (સીઆરજી) વર્ગીકરણ સંશોધન જૂથ (Classification Reseach Group (CRG)

આ જૂથની રચના 1952માં લંડન ખાતે થઈ હતી. સીઆરજીના સભ્યોનું પહેલાનું કાર્ય 'સેયર્સ મેમોરિઅલ વોલ્યુમ (લંડન, લાઈબ્રેરી એસોસિએશન, 1961) માં પ્રતિબિંબ જોવા મળે છે. 1953માં CRG એ મુખકીય વર્ગીકરણ વિવિધ દૃષ્ટિકોણોની રૂપરેખા આપતું સંપૂર્ણ પ્રકાશિત કર્યું હતું. 'માહિતી પદ્ધતિઓની બધી કાર્યરીતિઓના આધાર માટે મુખકીય વર્ગીકરણની જરૂરિયાત' એ વિષયની નોંધ 1955માં બહાર પાડી. અને એ પછી 'ધી નીડ ફોર ફેસેટેડ ક્લાસિફિકેશન એઝ ધ બેઝીઝ ઑફ ધી ઑલ મેથર્ડઝ ઑફ ઈન્ફોર્મેશન રિટ્રાઈવલ' એ ગ્રંથનામ હેઠળ નોંધ 1955માં બહાર પાડી. 1952 થી 1960ના ગાળામાં

સીઆરજીના સભ્યોએ ગ્રંથાલય વર્ગીકરણની વિશિષ્ટ પદ્ધતિઓ રચવા. તેઓએ ધ્યા : કેન્દ્રિત કર્યું. CRG એવો અભિપ્રાય ધરાવતું હતું કે અસ્તિત્વ ધરાવતી એવી સામાન્ય વર્ગીકરણ કમ્પ્યૂટર પુનઃપ્રાપ્તિ માટે સાનુકૂળ નથી. તેથી આ જૂથે MARC Project (માર્ક પ્રોજેક્ટ)ના સહયોગ હેઠળ સ્વયં સંચાલિત પુનઃપ્રાપ્તિની પદ્ધતિ માટે સામાન્ય વર્ગીકરણ પદ્ધિતિનો વિકાસ કરવાનું નક્કી કર્યું હતું. 1970 થી CRG સક્રિય રીતે નીચેના ક્ષેત્રોમાં રોકાયેલ છે : 1) જે મિલ્સ દ્વારા H.E.Blis (એચ.ઈ.બ્લિસ)ની બિબ્લિયોગ્રાફિક્સ ક્લાસિફિકેશનનું પુનઃસંશોધિત કાર્ય ઉપાડ્યું, 2) બોર્ડ સિસ્ટમ ઓર્ડરીંગ (BSO)ની સ્પષ્ટપણે રજૂ કરી. 3) એલ આઈ એસ માટે વર્ગીકરણ પદ્ધતિ અને 4) પ્રિસિસ.

15.7.4 ડૉક્યુમેન્ટેશન રિસર્ચ એન્ડ ટ્રેઈનીંગ સેન્ટર ડીઆરટીસી (Documention Reasearch And Training Centre DRTC)

એસ.આર. રંગનાથન દ્વારા બૅંગ્લોરમાં 1962માં, DRTC (ડીઆરટીસી) સ્થાપવામાં આવી. ગ્રંથાલય વર્ગીકરણના વિવિધ સ્તરોના સંશોધનને સક્રિયપણે પુરસ્કૃત કરતું હતું. આમાં : 1) ગહન અનુસૂચિઓ (કોઠાઓ)ને વિકાસને લઈને સંશોધન વિકાસ 2) સ્વયંસિદ્ધ સત્યો અને સિદ્ધાંતનો વિકાસ કરવા મૂળભૂત સંશોધન 3) ડીઆરટીસીના પ્રાધ્યાપકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગહન કોઠાઓ વિકસાવ્યા અને તેની ચકાસણી કરવી. તે (સંસ્થા) ગ્રંથાલય વર્ગીકરણ અને માહિતીવિજ્ઞાન ના ખાસ ક્ષેત્રોમાં વાર્ષિક પરિસંવાદો, ટૂંકાગાળાના અભ્યાસક્રમો અને કાર્યશિબિરો યોજે છે. આ સંસ્થા શારદા રંગનાથન એનાડાઉમેન્ટ ફોર લાઈબ્રેરી સાયન્સના સહયોગથી ત્રૈમાસિક સામયિક લાઈબ્રેરી સાયન્સ વીથ સ્લેન્ટ ટુ ડૉક્યુમેન્ટેશન એન્ડ ઈન્ફોર્મેશન સ્ટડીઝ (1964)થી બહાર પાડી રહ્યું છે.

15.7.5 ઈન્ટરનેશનલ સોસાયટી ફોર નોલેજ ઓર્ગેનાઈઝેશન (International Society for Knowledge Organisation ISKO)

1989માં આ મંડળી ફ્રેન્કફર્ટ, જર્મની ખાતે સ્થપાઈ હતી. એના સ્થાપક, પ્રમુખ ડૉ. ઈન્ગ્રેદ્રોટ ડાહલબર્ગ છે. આ મંડળીનો પ્રમુખ હેતુ "સંશોધન, સામાન્ય અને વિશિષ્ટ ક્ષેત્રોમાં જ્ઞાન વ્યવસ્થાની કાર્યરીતિમાં અમલ અને વિકાસ ક્લાસિફિકેશન સંશોધન અને કૃત્રિમ યુદ્ધ વચ્ચેની વિભાવનાને સંયોજિત કરવાને પ્રોત્સાહન આપે છે." આ સોસાયટી વિભાવનાની વસ્તુઓને તાત્વિકો મનોવૈજ્ઞાનિક અને પદ્ધતિસરના બાબતો ઉપર વધુ ભાર આપે છે. આ સોસાયટી વૈશ્વિક સમુદાયના સાથીઓ કે જેઓ જ્ઞાન વ્યવસ્થાપન માટે રચના વિસ્તાર પુનઃસંશોધન, અને અમલીકરણના ઓજાર માટે થઈને જેઓ પોતાનું યોગદાન વ્યક્તિગત રીતે અને સામુદાયિક રીતે સંપર્ક સાધી આપે છે. આ સોસાયટીએ ચાર આંતરરાષ્ટ્રીય ઈસ્કો પરિસંવાદો યોજયા હતા. આ પરિસંવાદોનો સારાંશ અને ચર્ચાવિચારણા વિષેની રજૂઆત વિભાગ 15.6.2માં રજૂ કરેલ છે. આ સોસાયટી "નોલેજ ઓર્ગેનિઝેશન" નામનું સામયિક ત્રૈમાસિકરૂપે બહાર પડી રહ્યું થે, જે (સામયિક) પહેલાં "ઈન્ટરનેશલ ક્લાસિફિકેશન" નામે જાણીતુ હતું. જે પૂરેપૂરું સિદ્ધાંત, વર્ગીકરણ, નિર્દેશીકરણ એ જ્ઞાનના પ્રતિનિધિત્વને સમર્પિત છે

તમારી પ્રગતિ ચકાસો.

14) લાઈબ્રેરી રિસર્ચ સર્કલના સ્થાપકનું નામ આપો.

15) FID/CR ના વર્તમાન અધ્યક્ષ કોણ છે ?

16) એચ.ઈ. બ્લિસની બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશના સુધારો કરનાર કોણ છે ?

17) DRTC જુદી જુદી કક્ષાના સંશોધન કાર્યને પ્રોત્સાહન આપેલ છે તેના નામ લખો.

18) ISKO ની સ્થાપના ક્યાં વર્ષમાં થઈ ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

15.8 વર્ગીકરણ પદ્ધતિઓની ચકાસણી (REASEARCH OF CLASSIFICATION SYSTEMS)

વર્ગીકૃત કરવામાં અને નિર્દેશી કાર્ય પદ્ધતિઓમાંથી કઈ ઉત્તમ અને અસરકારક છે એ નિશ્ચિત કરવાને માટેના અસંખ્ય અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે. આમાંના મોટાભાગના અભ્યાસો વર્ગીકરણ પદ્ધતિઓ તરીકે નહિ પણ માહિતી પદ્ધતિઓમાં તેમાં તેઓ અમલીકરણ અંગેના ચકાસણી માટે થયાં હતા. 1960ના પહેલાં દાયકામાં સી. ક્લેવરનના નિર્દેશન હેઠળ ડેનફિલ્ડ (ઈંગ્લેન્ડ) ખાતે હાથ ધરાયેલ અભ્યાસ એ ઉત્તમ અભ્યાસોમાં એક તરીકે જાણીતો બન્યો.

15.9 યુનિસિસ્ટ અને બ્રોડ સિસ્ટમ ઓર્ડરીંગ (બીએસઓ) (UNISIST AND BROAD SYSTEM OF ORDERING (BSO)

યુનિસિસ્ટ (યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ સાયન્સ ઈન્ફોર્મેશન સિસ્ટમ) પ્રોગ્રામ યુનેસ્કો દ્વારા આંતર સરકારી કાર્યક્રમો હેઠળ હાથ ધરવામાં આવ્યો હતો. 1971માં આંતર સરકારોની પરિષદ ભરાઈ હતી તેની ભલામણો હેઠળ આ કાર્યક્રમનો આરંભ થયો હતો. આ અહેવાલના કેટલાક ભાગોમાંનું એક પ્રકરણ તાંત્રિકી વિકાસ ઉપરનું હતું, જેમાં એવું સૂચવ્યું હતું કે વ્યાપક વિષય મથાળાઓની એક અધિકૃત યાદી બનાવવી, જે દ્વારા વિશિષ્ટ પ્રલેખનો

ડેટા કરતાં માહિતીનો મોટા ભાગના વિભાગનું સ્થાન અને બદલી કરવાને ઉપયોગી નીવડે.

ASLIB (એસ્લીબ)ને અસ્તિત્વ ધરાવતી વર્ગીકરણ પદ્ધતિઓ આ હેતુ સિદ્ધ કરી શકે છે કે નહિ એની તપાસ કરવાને વિનંતી કરી હતી. એસ્લિબની સમિતિ અનુભવ્યું કે કોઈપણ વર્ગીકરણ આ કાર્ય માટે સાનુકૂળ નથી. આથી કરીને યુનિસિસ્ટ એવું તારણ કાઢ્યું કે સ્ટાન્ર્ડડ રેફરન્સ કોડ (SRS) જેવું સંપૂર્ણ નવી પદ્ધતિ વિકસાવવી જોઈએ. પછીથી એનું નામ બ્રોડ સિસ્ટમ તરીકે જાણીતું બન્યું.

15.10 FIDની સ્ટાન્ડર્ડ રેફરન્સ કોડ અને બીએસઓ માટેની ભલામણ (FID Proposal For Standard Reference Code (SRC) and BSO)

એફઆઈડી/સીસીસી (ઈન્ટરનેશનલ ફેડરેશન ફોર ઈન્ફોર્મેશન ડોક્યુમેન્ટેશન/સેન્ટ્રલ ક્લાસિફિકેશન સમિતિ) યુડીસીને અન્ય વર્ગીકરણ પદ્ધતિ અને આશ્રય યોજના (Roof Scheme) તરીકે રૂપાંતરિત કરવાની ભલામણ હેઠળ 1971-72ના ગાળામાં બીએસઓના વિકાસ માટે યુનેસ્કો સાથે કરાર કર્યો. પણ એફઆઈડીની 1972ની પરિષદ બુડાપેસ્ટ / હંગેરી ભરાઈ તેણે એફઆઈડી/સીસીની પેનલ કાર્યકારીણી જૂથ 1971માં રહ્યું જેને વિસ્તાર્યું, જે FID/SRC તરીકે ઓળખાયું. આ જૂથનો ઉદ્દેશ સ્ટાન્ડર્ડ રેફરન્સ કોડ (SRC) તૈયાર કરવાનો હતો જે યુનેસ્કોની ઈચ્છા પ્રમાણે BSO તરીકે કાર્ય કરે.

એક નાની સમિતિ જે FID/BSO રચાઈ હતી તેણે સૂચિત નવી પદ્ધતિ વિકસાવી. અઢી વર્ષના અભ્યાસ દરમ્યાન કમિટિએ BSO ઓળખાતી યોજનાનો મુસદ્દો રજૂ કર્યો. જેણે બે હજાર વિષય ક્ષેત્રો સંક્ષેપમાં વંશાનુ બદ્ધ ક્રમે સંજ્ઞા વિના પ્રસ્તુત કર્યા. FID એ 1978માં બીએસઓ-બ્રોડ સિસ્ટમ ઓફ ઓર્ડરીંગ શિડયુલ્ડ એન્ડ ઈન્ડેક્સ' પ્રકાશિત કર્યું.

તમારી પ્રગતિ ચકાસો.

19) BSO (બીએસઓ) ને કઈ એજન્સીએ પ્રોત્સાહિત કરી ?

20) BSO (બીએસઓ) ક્યા વર્ષમાં પ્રકાશિત થઈ હતી ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

15.11 ગ્રંથાલય વર્ગીકરણની વિશિષ્ટ યોજનાઓ (SPECIAL SCHEMES OF LIBRARY CLASSIFICATION)

છેલ્લા પાંચ દાયકો સાક્ષી રહ્યો છે કે વિશિષ્ટ ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોની આવશ્યકતા પૂરી કરવાને અનેકો એવી વિશિષ્ટ ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓ ઉદ્‌ભવેલ. આ વિશિષ્ટ પદ્ધતિ રચવાની સમસ્યાઓ માટે ઉત્કટ તપાસ કરવામાં સીઆરજી અને ડીઆરટીસી સભ્યો ઉદ્દેશો ધરાવતા હતા.

વિશિષ્ટ પદ્ધતિઓની રચના કરવાની મુખ્ય સમસ્યાઓ મુખકીય કોઠાઓનો વિકસાવીને હલ કર્યો. ગહન વર્ગીકરણના કોઠાઓની રચના ધોરણો અને પ્રક્રિયા વર્ગીકરણશાસ્ત્રી એસ. આર. રંગનાથને તેમના 'ડિઝાઈન ઑફ ડેપ્થ ક્લાસિફિકેશન મેથડોલોજી' (1964) દ્વારા રજૂ કર્યો. સીઆરજીના સભ્યો અનેકો એવી વિશિષ્ટ યોજનાઓ પ્રગટ કરી. ડિઆરટીસીએ 1963 અને 1975માં 50 ગહન કોઠાઓ વૈવિધ્ય વિષય ક્ષેત્રો વર્ગીકૃત કરવાના કોઠાઓ બહાર પાડ્યા. 1967થી 1971 સુધીમાં, અન્ય 71 ગહન કોઠાઓની રચના કરવામાં આવી હતી. એમાંની કેટલીક મહત્ત્વપૂર્ણ વિશિષ્ટ યોજનાઓની યાદી નીચે પ્રસ્તુત કરેલ છે :

1) સોઈલ અર્થ સાયન્સ કૃત બી. સી. વિકરી.

2) ક્લાસિફિકેશન ઑફ સોશિયલ સાયન્સ, 1961 કૃત બી.એફ, ક્યલે

3) બ્રિટીશ કેટલોગ ઑફ મ્યુઝિક ક્લાસિફિકેશન, કૃત ઈ. જે. કોટેસ

4) ડાયમન્ડ ટૅક્નોલોજી, કૃત. જે. ઈ. એલ. ફેરીડને

5) ઑર્ગેનાઈસીંગ ધી આર્ટ્સ, 1968 કૃત પીટર ઑફ બ્રોક્સી

6) ક્લાસિફિકેશન ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ. 1968, કૃત એન્થોની

7) એ ક્લાસિફિકેશન ઑફ લિટરેચર ઓફજઝ 1970, ડી ડબલ્યુ લેગરિઝ

15.12 ગ્રંથાલય વર્ગીકરણ અને કમ્પ્યૂટર (Library classification And Computer)

બીજા વિશ્વયુદ્ધ ઈલેક્ટ્રોનિક્સ એજ (વિજાણુકીય યુગનો) પ્રવેશ થયો. કમ્પ્યૂટર એ સર્વતોમુખી સાધન છે, જેણે પુનરાવર્તિત કાર્યમાંથી આપણને મુક્ત કર્યા અને કંઈક સર્જનાત્મક કાર્ય કરવાને પ્રેર્યા. શું આપણે કમ્પ્યૂટર ઉપર પ્રલેખોને વર્ગીકૃત કરવાને માટે આધાર રાખી શકીએ ?

રંગનાથન એવું મંતવ્ય ધરાવતા હતા. પ્રલેખોના વિષયના નિર્ણયમાં તેના બધા મુખકો અને પંક્તિઓમાં વર્ગીકરણ સ્પષ્ટપણે સંકળાયેલું હોય છે. આ કાર્ય આપણે પ્રલેખોના શબ્દોના આંકડાકીય પૃથક્કરણીય કરી ન શકીએ, જે યંત્ર માત્ર કરી શકે છે. અત્યારના કમ્પ્યૂટરો તાર્કિક નિર્ણયો લેવાને શક્તિમાન છે. પણ વર્ગીકરણ એ માનવ દ્વારા થતું હોય છે, જ્યાં સુધી કમ્પ્યૂટર માટે વિચારીને યોગ્ય નિર્ણય લેવાની શક્તિ આપશે ત્યારે એ વર્ગીકરણનું કાર્ય કરી શકશે. પણ 1950ના દાયકાથી કે.પી. પેન્સ, રિગ્બી, આર. ક્વિએન એ અન્ય લોકો સ્વયં સંચાલિત વર્ગીકરણ ઉપર સંશોધન કરી રહ્યા છે. જોન્સનને મતે, "વર્ગીકરણ એ વિભાગાત્મક અભિગમ કરતા આંકડાકીય બાબતને વધુ પ્રોત્સાહન આપે છે. માનવશ્રમ દ્વારા થતું વર્ગીકરણ કાર્ય કમ્પ્યૂટર દ્વારા વધુ વ્યાપક રીતે થઈ શકે છે." જોન્સે વધુ નિરીક્ષણ કરતાં જણાયુ કે ગ્રંથાલયના હેતુઓ માટે સ્વયં સંચાલિત વર્ગીકરણનું ભાવિ ઊજળું નથી. હજુ સુધી વર્ગીકરણ કરવાને માટેની યોગ્ય પદ્ધતિઓ અને અમલીકરણ હજુ સ્થાપિત થયેલ નથી.

તમારી પ્રગતિ ચકાસો.

21) સ્વયં સંચાલિત વર્ગીકરણ ઉપર સંશોધન કોણે હાથ હાથ ધર્યું હતું ?

22) વર્ગીકરણ નિર્ણય લેવાની સાથે સંકળાયેલું છે એવું વિધાન કોણે કર્યું હતું ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.....

.....

.....

.....

.....

.....

.....

15.13 ઈન્ટરનેટ : લાઈબ્રેરી ક્લાસિફિકેશન સ્કીમ્સ (ગ્રંથાલય વર્ગીકરણની પદ્ધતિઓ) (INTERNET : LIBRARY CLASSIFICATION SCHEMES)

ઈન્ટરનેટ એ મહત્તમ માહિતીનો ભંડાર છે, જેમાં સો લાખ માહિતી પૃષ્ઠો છે. ઈન્ટરનેટ ઉપર જરૂરી માહિતી શોધમાં માટેનું કાર્ય વિલક્ષણ ગહન છે, ગ્રંથાલય વર્ગીકરણ વિષેની પદ્ધતિઓ શોધવા પ્રયત્ન કરીએ તો માહિતી પુનઃપ્રાપ્તિ માટેના નેટવર્કનો ઉપયોગ દ્વારા પ્રગટ થાય છે. ગ્રંથાલય વર્ગીકરણની યોજનાઓ સ્વીકારવા માટેના લાભો આ પ્રમાણે છે.

a) વિષય શોધની સુવિધા ઉત્કૃષ્ટ બનાવી શકાય.

b) બહુભાષાકીય શોધને પૂરી પાડવાની શક્યતા.

c) અન્ય સેવાઓ સાથે એને સંલગ્ન કરી શકાય છે.

d) બૃહદ ડેટાબેઝીઝ સાથે ભાગીદારી કરવા માટેની સુવિધા.

વિશેષમાં, જો ઈન્ટરનેટ સેવા પૂરી પાડનાર પ્રચલિત વર્ગીકરણ યોજના અને અસ્તિત્વ ધરાવતી પદ્ધતિ માટે ઉપયોગ કરે છે, તેવી અદ્યતન રાખવા માટેની તક પ્રાપ્ત થાય, એ જે સમયાંતરે નિયમિત પુનઃસંવર્ધન થતી હોઈને અને તે તેના ઉપયોગ કરનારાઓમાં પ્રચલિત છે. ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓ અથવા વિષય મથાળાઓ વિષેની યાદી ઈન્ટરનેટની સ્થાન (Sites) યાદી ઉપરથી શોધી શકીએ છીએ. <URL : htttp://www.instate.edu/cyberstacks/ctw.html

કેટલીક ઈન્ટરનેટ સાઈટ્સ જે પ્રલેખો/સ્રોતોને વ્યવસ્થિત કરવા માટેની ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિઓની યાદી નીચે આપેલી છે.

ડીડીસી સાઈટ્સનો ઉપયોગ

Sites Using DDC

Cyber Dewey : A Catalogue for the World Wide Web. Devid A. Mundie (Pittsburgh, Penn).

<URL : http://ivory.im.com/~mundie/DDHC/CyberDewey.html>

Canadian Information by Subject. Ottawa : Library of Canada. <URL :http://www.nlcbnc.ca/caninfo/esub.html>

PICK : Quanlity Internet Resources in Librarey and Information Science. Aberystwyth: University of Wales Aberystwyth, Thomas Parry Library <URL : http://www.aber.ac.uk/~tpwww/e/pick.html>

NetFirst. Dublin, Ohio : OCLC.

યુડીસીનો ઉપયોગ કરતી સાઈટ્સ (Sites Using UDC BUBL સબ્જેક્ટ ટ્રી (બબ્બલ વિષયવૃક્ષ)નો હેતુઓ દરેક વિષય ક્ષેત્રમાં યુકે ઈન્ટરનેટના સ્રોતો વિષેની વ્યાપક ક્ષેત્રને આવરી બેની માહિતી પૂરી પાડે છે. બલ્બ માહિતી સેવા એ સંયુક્ત માહિતી પદ્ધતિઓની સમિતિની નાણાકીય સહાયથી યુકેના ઉચ્ચ શિક્ષણ સમુદાયને રાષ્ટ્રીય સ્તરે સેવા પૂરી પાડે છે.

ધી એન.આઈએસએસ ડિરેક્ટરી ઑફ નેટવર્કેડ હિસોસીંગ નામે પસંદગી મુક્ત એવી વૈદક સંબંધી માહિતી સ્રોત સૂચિઓ અંગેની સેવા પૂરી પાડે છે. સામાન્યપણે યુડીસીનો ઉપયોગ કરે છે, ફેંદાફેંદી સર્જીને સેવા પૂરી પાડે છે. ગમે તેમ પણ વિષય આધારિત વર્ગીકરણ પદ્ધતિઓનો ઉપયોગ કરીને અલગ ખોળાઓ માટેનો વિભાગ રચી આપે છે.

ઓમની (ઓર્ગેનાઈસીંગ મેડિકલ નેટવર્કડ ઈન્ફોર્મેશન) OMNI (Organising Medical Networked Information) એ વૈદક સંબંધિત સૂચિસ્રોતોમાંથી પસંદગીયુક્ત વિષય સેવા આપે છે. શોધખોળ વાચન સર્જવા માટે સામાન્યપણે યુડીસીનો ઉપયોગ કરે છે. ગમેતેમ, તેઓ વિષય આધારિત વર્ગીકરણ પદ્ધતિ રચીને અલગ ઓળખોની/શોધખોળ વિભાગ રચે છે.

ઈન્ટરનેટ ઉપર લાખો પ્રલેખોને વર્ગીકૃત કરવાનું કાર્ય બહુ ખર્ચાળ અને સમય લાગે તેવું મોટું કાર્ય છે. ઈન્ટરનેટ સ્રોતોનું સ્વયંસંચાલિત વર્ગીકરણ શરૂ કરવાના સંશોધન પ્રકલ્પો પ્રાપ્ય છે. આ પ્રકલ્પોની પ્રક્રિયા તપાસવામાં આવ્યા પછી વિષય પદોને બદલવા માટે (શોધ ડેટાબેઝ સંગ્રહિત) વર્ગીકૃત સંજ્ઞાને સ્વીકારવી પડે. દા.ત. જ્યારે નોર્ડિક WAIS/ WWW Project (Luna) અને Project Gerhard (ઓલ્ડનવર્ગ) રૂપાંતર કરવાને યુડીસીનો ઉપયોગ કરે છે. OCLC નો પ્રોજેક્ટ સ્કોર્પીયન DDC સ્વીકાર કર્યો, અનેકો પ્રકલ્પો માનસિક નેટવર્કો એક સ્વયંસંચાલિત રૂપાંતર, જે વર્ગીકરણ પદ્ધતિઓની પ્રગતિઓને તપાસવાનું કાર્ય કરે છે.

15.14 નિષ્કર્ષ (CONCLUSION)

આ પૂર્વેના વિભાગોમાં આપણને એવું સૂચિત થાય છે કે ગ્રંથાલય વર્ગીકરણ/જ્ઞાન વ્યવસ્થા એ 29મી સદીમાં માહિતી સમાજના સંદર્ભમાં એની મહત્તમ પ્રસ્તુતા અને આગવી ભૂમિકા અદા કરવાની રહેશે.

એફઆઈડી/સીઆર અને ઈસ્કોને ..... પાત્ર છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્રંથાલય વર્ગીકરણ અને જ્ઞાન વ્યવસ્થાઓ એ મુખ્ય લક્ષ્ય અને ચર્ચાનું કેન્દ્ર બની રહેશે. એવું કહેવાની આવશ્યકતા નથી કે, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનની અન્ય કોઈ પણ શાખા કરતાં ગ્રંથાલય વર્ગીકરણ / જ્ઞાન વ્યવસ્થા એ સર્વોચ્ચ શિખરે પહોંચી છે. આપણે આભાર માનવો જોઈએ કે રંગનાથન અને આ જૂથ પ્રખ્યાત વર્ગીકરણ શાસ્ત્રીઓ, એમાંના કેટલાંક ઉલ્લેખીય છે જેવા કે, સેયર્સ, વિકરી, ફોસ્કેટ, લેંગ્વેજ અને મિલ્સ જેઓએ આ વિષયના વિકાસ અને વૃદ્ધિ કરવાનો મજબૂત પાયો નાંખ્યો છે. એ પછી ડાઈલબર્ગ, નેન્સી વિલિમ્સન, અને આઈ.સી. મેકઈલવેઈન જેવી પ્રખ્યાત વ્યક્તિઓએ ગ્રંથાલય વર્ગીકરણને નવી દિશા આપીને, આંતરરાષ્ટ્રીય સ્તરે જ્ઞાન વ્યવસ્થા પદે રૂપાંતરિત કરીને તેના બધા પાસાંઓની ચર્ચા આંતરરાષ્ટ્રીય સ્તરે સાકાર થઈ.

15.15 સારાંશ (SUMMARY)

ગ્રંથાલય વર્ગીકરણના ઈતિહાસ, પ્રવાહો અને વિકાસોમાં મેલ્વિલ ડ્યૂઈએ ડેસિમલ ક્લાસિફિકેશન 1876ના વર્ષમાં તૈયાર કરી તેથી એનો યુગારંભ થયો. રંગનાથને વર્ગીકરણનો ઈતિહાસ સદીઓથી સ્પષ્ટ રીતે શોધી કાઢ્યો અને ત્રણ ભિન્ન તબક્કામાં, જેમાં કે પૂર્વ મુખક કાળ (1876-1896), મુખકકાળમાં રૂપાંતર (1897-1932), અને મુખકકાળ (1933-1972).

છેલ્લાં પાંચ દાયકાઓ દરમ્યાન ત્રણ પ્રમુખ વર્ગીકરણ પદ્ધતિઓમાં વિકાસ થયો, જેવાં કે ડીડીસી, યુડિસી, સીસી. DDC ની 18મી આવૃત્તિ પ્રકાશિત (1976) માં થઈ એ પછી 19મી આવૃત્તિ (1979), 20મી આવૃત્તિ (1989) 21મી આવૃત્તિ (1996) અને 22મી આવૃત્તિ (2003)માં નિયમિત રીતે એની આવૃત્તિઓ પ્રકાશિત થતી રહી છ એના સાક્ષી છીએ. 1988 જુલાઈથી ફોરેસ્ટ પ્રેસ - જે ડીડીસીના પ્રકાશક એ ઓસીએલનાં એક ભાગ બન્યો. DDC ની 21મી આવૃત્તિ (1996)માં એ સ્વરૂપમાં પ્રકાશિત થઈ : 1 મુદ્રિત 2 ડ્યૂઈ ફોર વિન્ડોઝ (સીડીરૂપે). ગ્રંથાલયના ઉપભોક્તાઓની આવશ્યકતાને લઈને યુડિસીની સંક્ષિપ્ત અંગ્રેજી આવૃત્તિ બહાર પાડવામાં આવી (AEE = એબ્રીજ ઈંગ્લીશ એડિશન) આઈએમઈએ 1985 અને 1988માં બે ભાગોમાં પ્રકાશિત કરી હતી. ફરી 1993માં IME એ પ્રકાશિત કરી. આ આવૃત્તિઓમાં બે વધુ નવા પ્રતિકો ઉમેર્યા, દા.ત. —> (વળી જુઓ એ અર્થમાં) અને = (સમાંતર વિભાગ એ અર્થમાં) 4નો અંક ભાષાવિજ્ઞાન માટે ઉપયોગમાં હતો, તેને સ્થગિત કર્યો. આ 4ના ભાષાવિજ્ઞાનના અંકોને 8 સાહિત્યમાં રૂપાંતરિત કર્યા. કમ્પ્યૂટર આધારિત માહિતી પ્રત્યાયનમાં યુડિસી અસરકારક રીતે પ્રયોજાય છે.

સીસીની 7મી આવૃત્તિ સૂચિ વિના 1987માં પ્રકાશિત થઈ હતી. તેમાં કેટલાંક ફેરફારો સામેલ કર્યા. તે સાથે પાંચ વધુ સંયોજક ચિહ્નો ઉમેર્યા, જેમકે, & (એમ્પરસેન્ડ), + (વત્તા) = (બરોબર), * (ફૂદડી) અને ' (ઉલ્ટાવેલું અલ્પવિરામ) કમ્પ્યૂટર નિર્મિત નિર્દેશીકરણ સેવાઓમાં સીસીની ચકાસણી થયેલ છે.

વર્ગીકરણના વિવિધ પાસા અને જ્ઞાન વ્યવસ્થા વિષેની ચર્ચાઓ કેટલાંક આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં હાથ ધરાઈ હતી. FID/CR 1997 સુધીમાં 6 આંતરરાષ્ટ્રીય પરિસંવાદો આયોજિત કર્યા હતા. ISKO (આઈએસકેઓ) એ 1996 સુધીમાં ચાર આંતરરાષ્ટ્રીય પરિસંવાદો જ્ઞાન વ્યવસ્થા કાયમ આયોજિત કર્યા હતા.

છેલ્લાં પાંચ દાયકાઓમાં, 1950ના દાયકાથી સંસ્થાઓ, મંડળીઓ અને સંશોધન જૂથો ગ્રંથાલય વર્ગીકરણ/જ્ઞાન વ્યવસ્થાના ઉદ્દેશો માટે અસ્તિત્વમાં આવ્યા હતા. ધી લાઈબ્રેરી રિસર્ચ સર્કલ 1951માં સીઆરજી (1952)ની તરીકે ઓળખાયું જેને અનુસરીને એફઆઈડી/સીઆર (1961), ડિઆરટીસી (1962) અને આઈસકેઓ (1989) સ્થપાયા હતા. આ સંસ્થાઓ સંશોધન પ્રવૃત્તિઓ હાથ ધરે છે અને ગ્રંથાલય વર્ગીકરણ/જ્ઞાન વ્યવસ્થાના વિકાસ અર્થે પ્રદાન કરે છે.

ઉત્તમ અને વધુ પ્રભાવશાળી/અસરકારક વર્ગીકરણ અને નિર્દેશીકરણ પદ્ધતિમાં નક્કી કરવા માટેના અસંખ્યા અભ્યાસો હાથ ધરવામાં આવ્યા હતા. યુનેસ્કો દ્વારા 1971માં યુનિસિસ્ટ

કાર્યક્રમ માટે સહકાર લઈને FID, ASLIB અને CRG સાહસ કરવાને લઈને બ્રોડ સિસ્ટમ ઓફ ઓર્ડરીંગનો બહાર પાડી. વધારામાં પ્રમુખ પદ્ધતિઓ વિકાસ કર્યો, વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ છેલ્લાં પાંચ દાયકામાં બહાર પડી અને પ્રકાશિત થઈએ. એક નોંધપાત્ર બાબત હોઈ શકે. સીઆરજીના સભ્યો અને ડીઆરટીસીના વિદ્યાશાખા વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિ અને સીસી આધારિત વિવિધ વિશિષ્ટ વિષયક્ષેત્રોમાં ગહન કોઠાઓ તૈયાર કર્યા. 1950ના દાયકામાં કમ્પ્યૂટર દ્વારા પ્રલેખો વર્ગીકૃત કરવાના કાર્ય અંગેના અભ્યાસો કે.પી.એસ. જોન્સ, આર. ફ્રિમેન અને રિગ્બી સ્વયં સંચાલિત વર્ગીકરણના ક્ષેત્રમાંના પ્રયત્નોએ પાયાનું કાર્ય કર્યું છે. જોન્સે તારણ કાઢ્યુ હતું કે ગ્રંથાલયના ઉદ્દેશો માટે સ્વયંસંચાલિત વર્ગીકરણનું ભાવિ બહુ ઉજળું નથી.

એ ટૂંકમાં જણાવવાનું કે ગ્રંથાલય વર્ગીકરણ/જ્ઞાન વ્યવસ્થા 21મી સદીમાં ઉદ્‌ભવતા માહિતી સમાજના સંદર્ભમાં વધુ પ્રસ્તુત અને મહત્ત્વપૂર્ણ અને આગવી ભૂમિકા નીભાવવાની રહેશે. આ બે પાસાંઓ હકીકતની દૃષ્ટિએ કે કેન્દ્રબિંદુએ રહેશે, જેનો પ્રયત્નોનો યશ એફઆઈડી/સીઆર અને આઈએસકેઓને ફાળે જાય છે.

15.16 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો. (ANSWERS TO SELF CHECK EXERCISES)

1) 1) પૂર્વ-મૂખકકાળ (1876-1896), 2) મુખકાળમાં પરિવર્તન (1897-1932), અને 3) મુખકકાળ (1933-1972)

2) મુખકકાળ (1933-1972)

3) જોઅન એસ. મિટ્‌ચેલ

4) ઓસીએલસી

5) a) મુદ્રિત રૂપે b) ડ્યૂઈ ફોર વિન્ડોઝ

6) ભાગ 1 પદ્ધતિસરની તાલિકાઓ/સારણીમાં, ભાગ 2 સૂચિ.

7) —>, =

8) &, +, =, *,"

9) ડીઆરટીસી

10) યુનિવર્સલ ક્લાસિફિકેશન, વિષય પૃથક્કરણ અને ઓર્ડરિંગ સિસ્ટમ્સ.

11) ટોરેન્ટો, કેનેડા

12) જ્ઞાન વ્યવસ્થા અને માનવ ક્રિયાપ્રતિ ક્રિયા

13) ત્રીજી આંતરરાષ્ટ્રીય (EMftu) ISKO પરિસંવાદ

14) એસ.આર.રંગનાથન

15) ડૉ. આઈ.સી. મેકોલવીન

16) જે. મિલ્સ

17) 1. વિકાસાત્મક સંશોધન 2. મૂળભૂત સંશોધન 3. પદ્ધતિસરની ચકાસણી

18) 1989

19) યુનેસ્કો / યુનિસિસ્ટ

20) 1978

21) કે.પી. જોન્સ, આર. ફ્રિમેન અને રિગ્બી

22) એસ.આર.રંગનાથન

15.17 સંક્ષિપ્ત પદો (ABBREVIATIONS)

એઈઈ	: એબ્રીજડ ઈંગ્લીશ એડિસન (સંક્ષિપ્ત અંગ્રેજી આવૃત્તિ)
એસ્લીબ	: એસોસિએશન ફોર ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ
બીએસઆઈ	: બ્રિટીશ સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટ્યુટ
બીએસઓ	: બ્રોર્ડ સિસ્ટમ ઓર્ડિરંગ
સીસી	: કોલન ક્લાસિફિકેશન
સીઆરજી	: ક્લાસિફિકેશન રિસર્ચ ગ્રુપ
ડીડીસી	: ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન
ડીઆરટીસી	: ડૉક્યુમેન્ટેશન રિસર્ચ એન્ડ ટ્રેઈનીંગ સેન્ટર
એફઆઈડી/સીઆર	: ઈન્ટરનેશનલ ફેડરશન ફોર ઈન્ફોર્મેશન એન્ડ ડૉક્યુમેન્ટેશન કમિટિ ઑન ક્લાસિફિકેશન કમિટિ
એફઆઈએલ/સીસીસી	: ઈન્ટરનેશનલ ફેડરેશન ફોર ઈન્ફોર્મેશન એન્ડ ડેવલપમેન્ટ / સેન્ટ્રલ ક્લાસિફિકેશનનું કમિટિ.

આઈસીએસયુ	: ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક યુનિયન
આઈએમઈ	: ઈન્ટરનેશનલ મિડીયમ એડિશન
આઈએસસીસીઆર	: ઈન્ટરનેશનલ સ્ટડી કોન્ફરન્સ ઓન ક્લાસિફિકેશન રિસર્ચ
આઈએસકેઓ	: ઈન્ટરનેશનલ સોસાયટી ફોર નોલેજ ઓર્ગેનાઈઝેશન
એલઆરસી	: લાઈબ્રેરી રિસર્ચ સર્કલ
ઓસીએલસી	: ઓન લાઈન કમ્પ્યૂટર લાઈબ્રેરી
યુડીસી	: યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન
યુનેસ્કો	: યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન
યુનિસિસ્ટ	: યુનાઈટેડ નેસન્સ વર્લ્ડ સાયન્સ ઈન્ફર્મેશન સિસ્ટમ

15.18 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCES AND FURTHER READING)

Dahlber, I, (1977). Major Development in Classification. In : Advances in Librarianship. Vol. 7. New York : Academic Press. pp. 42-92.

Krishan Kumar (1979). Theory of Classification. Delhi. Vikas. pp. 463.500.

Maltby, A., (ed.). (1976). Classification in the 1970s. A Second Look. London: Clive Bingley.

Maltby, A. (1978). Sayers Manual of Classification for Librarians 5th ed. London. Andre Deutsche. pp.122-140.

Raju, A.A.N. (1984). DC. UDC and CC: A Study in Comparison. Delhi : Ajanta. pp.257-270

Ranganathan, S. R. (1965). Library Classification Through a Century. Library Science With Slant to Documentation. 2(1), 1-30.

Knowledge Organisation (Quarterly issues).